# સ્ત્રીબોધ.

"દેશની હાલત શુધારવાની શરવેથી શરશ રીત એકે માતોઓ ગનાની થાએ હેવું કરવુ".

(નેં૦ બોનાપારટનુ કુરતાત)

પુસતક ૨ જું

જાનેવારીથી—ડીસેમબર ૧૮૫૮ શુધી.


પરગટ કરનાર સ્ત્રી બોધની સભા.

મુંબઈના

કોટમો બજારગેટ ઇશટરીટ નાં૦ ૬ તથા ૧૧ વાલા ઘર મધે

દફતર આશકારા છાપખાંનાંમાં છપાઈલીછે.

૧૮૫૮.

# શાંકલીઊ સ્ત્રીબોધના પુસતક ૨ જાનું.


## આંક ૧ લો—જાંનેવારી ૧૮૫૮

| | સફે. |
|---|---|
| વખણાએલી ઓરત—ચાંદ બીબી.. ... ........ | ૧ |
| નહી બલી શકે એવું કપડું ( ચીતરશાથે )........ | ૨ |
| લાલ તપાવેલું લોહોડું હાતમાં લેવા વીશે.. ..... | ૩ |
| બદન ઉપર અતીશે ગરમી પમી શકવાના દાખલા.. | ૪ |
| ચીન દેશનું મુખીઅ શેહેર પીકીંગ.. . .. ..... | ૬ |
| એધી અથવા અતીશએ ખાનાર.. . ......... | ૬ |
| આરટીક શમુદરમાં બેહદ જીણા પરાણીઓની વશતી | ૭ |
| શુવાના ઓરડામાં શાફ અને ખોલી હવાની જરૂર.. | ૭ |
| શરકારી ચાકરીમાં રેહેવાને શોખીઓ.. . .. | ૮ |
| વધારીએતો વધે, ઘટાડીએતો ઘટે.. ........ | ૯ |
| ચીન દેશ માહેલી ઓરતો . . . ... . ... | ૧૦ |
| ડાકટરોનાં દુખ .. . ... ................. | ૧૦ |
| ઈનશાફ ચુકવવાની એક અજાએબ જેવી રીત.. .. | ૧૧ |
| ખોલલી હવા.. ..................., ..... | ૧૨ |
| જુવાન પુરૂશોને શીખામણ.. . ...... ...... | ૧૨ |
| ઓહોટા બાવા ઉંદર.. .. .. . .. . . | ૧૩ |
| એક અજાએબ જેવો દીવો . . .. .. . .. . | ૧૪ |
| રાધણ શાલા . .. .. . .. .. .. .. .. .. | ૧૫ |
| ચુધારો.. .. .. .. .. .. .. .. .. .. . . | ૧૫ |
| જમીનની અંદરની ગરમી . .. .. .. .. .. .. | ૧૬ |
| દરીઆના મોજાનુ કઉઆત.. .. .. . .. .. . | ૧૬ |
| નાણાનીવારતા.. .. . .. .. .. . .. . .. | ૧૭ |
| જાંણવા જોગ બીના .. .. .. .. . .. ૧૭ થી | ૨૦ |
| ભરપાર વશ કરવાની ગરબી .. .. .. .. .. . | ૨૦ |

## આંક ૨ જો—ફેબરવારી ૧૮૫૮

| | |
|---|---|
| વખાણાએલી ઓરત—હરસીલીઆ અને તેના શાથીઓ | ૨૧ |
| મા જારી પી રીને ધાડું દુધ નથી મલતું તેનો શો ઉપાએ | ૨૨ |
| માણસોના છત્ર બંધાવવાની ખરી ખાતુરી . .... .. | ૨૩ |
| ખરી માં જેવી એક દાઈ .. .. . .. .. .. .. | ૨૪ |
| દુનીઆમાં ચાલુ થએલો વીજલીનો તાર.... .. . | ૨૪ |
| લખનઓ (ચીતર શાથે).. .. . .. .. .. .. | ૨૫ |
| દોલત . . .. .. .. . . . .. .. .. | ૨૮ |
| નારી પકડવાનો એક ઉપાએ .. .. .. .. .. .. | ૨૮ |
| આગ રેલનવનાર ૮૦ વરશનો છોકરો ( ચીતર શાથે ) | ૩૦ |
| બાએરીઓની બકબક .. .. . .. .. . .. | ૩૨ |
| ગુનવણ ભરેલી બોલી . .. .. .. .. .. .. .. | ૩૩ |
| ચાવાનની બએઅંકર અશર . .. .. .. .. . | ૩૩ |
| દુનીઆમા બોલાતી બાશા .. .. .. .. .. .. .. | ૩૩ |
| પરવારતો વખત.... . .. .. .. .. .. . ... | ૩૪ |
| હવા અને કસરત .. .. .. .. .. .. .. . .. | ૩૫ |
| એક બીલાડીની કીમત . .. .. .. .. .. .. | ૩૬ |
| કાફરી લોકમાં ખુબશુરતીનો વીચાર.. .. .. .. .. | ૩૬ |
| પટેટો,—પપૈરો—અકુખરાં . . .. .. .. .. .. | ૩૭ |
| જાણવા જોગ બીનાંઓ .. . .... .. .. ૩૭ થી | ૩૯ |
| વીહીવાના ગીત. .. .. . .. .. .. .. .. .. | ૪૦ |

## આંક ૩ જો—મારચ ૧૮૫૮

| | |
|---|---|
| વખણાએલી ઓરત—બોઆદીસીઆ .. . .. .. | ૪૧ |
| ડાકટર લીવીંગસટન ( ચીતર શાથે ) .. .. .. .... | ૪૨ |
| નીરો શાહાંનશાહના મોહતનો વખત .. .. .. .. | ૪૫ |
| શંખીઆ જાદુઈ . .. .. .. .. .. .. .. .. | ૪૬ |
| લાડ.... . .. .. .. .. .. .. .. .. .. .. | ૪૭ |
| બઈરી કેવી પસંદ કરવી.... .. .. . .. .. .. | ૪૮ |
| એક બીલાડીની લુચાઈ.. .. .. .. .. .. .. .. | ૪૯ |
| મીશર દેશમાંનાં અલેકજાનડરીઆ સેહેરનું બએઆન | ૫૦ |
| બીલુબતી એ સું ચીનછે? .. .. .. .. .. .. .. | ૫૩ |
| કેવી ટોપી પેહેરીને સુઈએ કે ખુશાલ ઉંગ આવે.. .. | ૫૪ |
| બનારશ ( ચીતર શાથે ) .... .. .. .. .. .. .. | ૫૭ |
| જાંણવા જોગ બીનાઓ.. .. .. .... .. .. | ૫૯ |
| પરમેશવરના રસતાની ગરબી .. .. .. .. .. .. | ૬૦ |
| વેહેમ તજવાની ગરબી.. .. .. .. .. . .. .. | ૬૦ |

## આંક ૪ થો—એપરેલ ૧૮૫૮

| | |
|---|---|
| વખણાએલી ઓરત—પરતમખરગની રાણી કાયેરાઈન. | ૬૧ |
| સગણ—આરસીના સગણ.. .. .. .. .. .. .. | ૬૨ |
| ડાકટર લીવીંગસટન.. .. .. .. .. .. .. .. | ૬૩ |
| જલવાસી માણસો.. .. .. .. .. .. .. .. | ૬૬ |
| તાજુબી ઉપજાવનાર જાહાડ.. . .. .. .. . | ૬૮ |
| સીખ લોકોનો અડાઈ (ચીતર શાથે) .. .. .. .. | ૬૯ |
| અલેકજાનડરીઆનુ બન્દર.. .. .. .. .. .. .. | ૬૯ |
| દુખીઓને આસરો આપવાનો એક ધડો ... .. .. | ૭૧ |
| હીરો (ચીતરો શાથે) .. .. .. . . .. .. .. | ૭૨ |
| અજગર (ચીતર શાથે) .. .. .. .. .. .. | ૭૪ |
| સુબબાઈનું માણબાણું .. .. .. . .. .. .. | ૭૬ |

અવલોકન ... ૭૬
કુતરૂં અને ગધેડું ... ૭૭
જાંણુવાજોગ બીનાઓ ... ૭૭
પાપની માફી માગવાની ગરબી ... ૮૦
અજવાલી રાતે કુદડી ફરીને ગાવાની ગરબી ... ૮૦

આંક ૫ મો—મેએ ૧૮૫૮

વખાણુએલી ઓરત—આદમ દી સતેલ ... ૮૧
ઓ ઇઆરો ગરીબોને ઇમ્દાદ કરતા રેહેજો ... ૮૨
જાનવરો સમજી શકેછે કે નહી? ... ૮૩
અસતરી જાતને લાએકના સંસારી ધંધા ... ૮૪
પાણી મેલવવાનો ઉપાએ ... ૮૮
પેલીકન અથવા માહીખર (ચીતર શાથે) ... ૮૯
પનીરના કીડા ... ૯૦
ધુલ ઉપરથી ધડો ... ૯૨
બેસુધ થએલાંઓને સુધમાં કેમ લાવીએ? ... ૯૨
નાગ (ચીતર શાથે) ... ૯૩
નાહાની વારતા ... ૯૪
દલવાની ઘટી—હઇઆંની ઘટી ... ૯૫
જાણુવા જોગ બીનાઓ ... ૯૬ થી ૯૯
શાદીની શીખાંમણુ ... ૧૦૦
બાલકોને નીશાલે પેહેલવેલા ધામ ધુમથી બેશાડેછે તે વખતે ગાવાનું ગીત ... ૧૦૦

આંક ૬ ઠો—જુન ૧૮૫૮

વખાણુએલી ઓરત—રોજાલી ... ૧૦૧
હું મારા ધણીને ગમતી થવા શું કરૂં ... ૧૦૨
ઓરતોની ખુબસુરતી ... ૧૦૫
દીવાનાઓની બરદાશત લેવા વીશે ડાક્ટર કાનોલીનું મત ૧૦૬
આગ લાગે તારે શું કરવું ... ૧૧૧
પુછડી વગરના વાંદરા (ચીતર શાથે) ... ૧૧૨
લડાએક ઓરતો ... ૧૧૪
અમેરીકાના જંગલમાં લાકડાંનુ ઘર (ચીતર શાથે) ... ૧૧૭
જાંણુવા જોગ બાબરો ... ૧૧૮ થી ૧૧૯
ગરબી ... ૧૨૦

આંક ૭ મો—જુલાઈ ૧૮૫૮

વખણુએલી ઓરત—શુલતાંના રીઝીઆ બેગમ ... ૧૨૧
દાનચોરીના દાખલા ... ૧૨૨
દુખ ... ૧૨૩
ખરતા તારા ... ૧૨૪
લગન અને તલાક ... ૧૨૫
પુછડીવાલા વાંદરા ... ૧૩૦
જેપાન (ચીતર શાથે) ... ૧૩૧
નારવે દેશના કુનબી (ચીતર શાથે) ... ૧૩૨
આપણે બંદગી પુરતી નથી કરતા ... ૧૩૨
પલ ... ૧૩૩
ખુચ (ચીતર શાથે) ... ૧૩૪
શાઇબીરીઆમાં દેશનીકાલ થએલા ... ૧૩૫
જાણુવા જોગ બાબદો ... ૧૩૬ થી ૧૪૦
ફુશાણું તોડવાની ગરબી ... ૧૪૦

આંક ૮ મો—આગસ્ટ ૧૮૫૮

વખાણુએલી ઓરત—મેરી પાટન ... ૧૪૧
ચીનો પોતાની બાએડીને શી રીતે પગ તલે રાખેછે!! ૧૪૨
દારાં પાદશાહા અને એક ગોલાંમનો (વાંચવાજોગ) અહેવાલ ... ૧૪૪
પોરટસમથના પદરખાનાનો ટુક અહેવાલ ... ૧૪૭
હુલડાઈ ... ૧૪૮
આશટરેલીઆનાં જંગલીઓમાં બાએડી પસંદ કરવાની અજેનકાર રીત (ચીતર શાથે) ... ૧૫૦
અચરતી ઉપજાવનાર પખશી પકડનારા (ચીતર શાથે) ૧૫૨
એને શું કહીએ! ... ૧૫૩
માં બાપો જરા જુઓ ... ૧૫૪
લાંબી અને સુખાકારી ભરેલી જીંદગી કેમ ભોગવાએ? ૧૫૫
હું કહું તેમ કરો, પણ હું કરૂં તેમ ના કરો ... ૧૫૬
જાણુવા જોગ બાબદો ... ૧૫૬ થી ૧૫૯
પરભાતીઉં ... ૧૫૯
ભરત ચીતર શીખવાની ગરબી ... ૧૬૦
ખશુમતે બહરૂપ ... ૧૬૦

આંક ૯ મો—શપટમબર ૧૮૫૮

લાએકીવાલી ઓરત—ફ્રેડરીક ધી ગરેટ પાદશાહાંની રાણી એલીઝબેથ ક્રીશટીઆના ... ૧૬૧
કામ ... ૧૬૩
એક ઓરતની વખાણુવા લાએક ધીરજ ... ૧૬૪
બચાંની બાવજત ... ૧૬૬
પીકીન શેહરમાં રેહેનાર એક માંદરીન (ચીતર શાથે.) ૧૬૮
માણુસની તંદરોસતી ઉપર ચાંદની અસર ... ૧૭૦
ચીનાઓની શીખાંમણુની વાત ... ૧૭૦
મકાઈ ડોસાં ... ૧૭૧
ભલાઈની હાલતનો ખુલાસો ... ૧૭૨
ગાએનની તાજુબી ભરેલી અસર ... ૧૭૫
લોકો કેટલા ટકા ચહડાવેછે ... ૧૭૫
જાણુવા જોગ બાબદો ... ૧૭૭ થી ૧૮૦
ગરબી ... ૧૮૦

આંક ૧૦ મો—અકટોબર ૧૮૫૮

લાએકીવાલી ઓરત—લેડી લુસી ... ૧૮૧
પાપ છુપું રેહેનાર નથી ... ૧૮૪
થામસ કુક નામનો બપ્પીલ ... ૧૮૫
મુશાફરી ... ૧૮૭
નજરબંદી ખરી! ... ૧૮૯
સર ફીલીપ સીડની ... ૧૯૦
દેખાવ ઉપર ભુલવું નહી ... ૧૯૧
બચાં શાથે બચું થવું ... ૧૯૩
પીરૂ દેશની સોનાની ખાંણુ ખોદનારાઓ (ચીતર શાથે) ૧૯૪
નાહની વારતા ... ૧૯૪
જાણુવા જોગ બાબદો ... [illegible] થી ૧૯૯
ભણુવાના ઉપદેશનો ગરબો ... ૧૯૯

આંક ૧૧ મો—નવેમબર ૧૮૫૮

લાએકીવાલી ઓરત—મોહાંના ... ૨૦૧

## શાંકલીઊં


ાતું વજન ... ૨૦૫
દાતી અકલ ... ૨૦૬
ાવરનો ગસો ... ૨૦૭
ખી બહેરી ... ૨૦૮
રંજની રમત ... ૨૦૮
તની વાત ... ૨૧૧
મકેતુ અથવા પુછડીઆ તારા (ચીતર સાથે) ... ૨૧૨
કની અનેક અથવા કીડીનો કુંવર ... ૨૧૩
ચુરણ બાબતો ... ૨૧૫ થી ૨૧૮
બી ... ૨૧૮
મેશ્વરની શેવા વીશેની ગરબી ... ૨૧૯
તકની પોહોંચ ... ૨૨૦

અંક ૧૨ મો—ડીસેમબર ૧૮૫૮

ચોટીવાલી ઓરત—બરીનેટ શાઆન ... ૨૨૧
હારાણી વીક્ટોરીઆનું જાહેર નામું ... ૨૨૩
દુનીઆ પરના જુદા જુદા ધરમ ... ૨૨૪
માણસનું સુખ ... ૨૨૫
ભુગોળ વીદીઆ ... ૨૨૬
મહાગુરૂ ગરાંડ લામા (ચીતર સાથે) ... ૨૨૭
પવનની કહેલી વાતો ... ૨૨૮
તરસ લાગવાનાં કારણો ... ૨૨૯
શેખસાદીની એક હીકાએત ... ૨૩૦
હાથીનું હેત અને નીમકહલાલી ... ૨૩૧
વખત કેમ ગુજારવો ... ૨૩૨
મોતી પરવાળાંનો હાર ... ૨૩૨
પરભાતીઉં ... ૨૩૪
જાણવા જોગ બાબતો ... ૨૩૫ થી ૨૩૮
રાગ હાલરડાંનો ... ૨૩૯
દીકરીના જનમ થઆની ગરબી ... ૨૪૦
પુસતકની પોહોંચ ... ૨૪૦

પુસતક ૨ જું. જાનેવારી ૧૮૫૮ આંક ૧ લો.

# વખણાએલી ઓરત.

## ચાંદ બીબી.

દીલ્લીના પાદશાહ અકબરે હીંદુસથાનમાં પોતાનો દસ્તુર બેશાડી દખણ તરફ વધવાનો એરાદો ઈશવી શને ૧૫૯૬ મા કીધો. પેહલાતો દીલ્લીવાળાઓનુ કાંઈ ચાલીઉં નહી પણ નવ વરશ પછી જારે અમદનગરનો પાદશાહ બરહાન મરણ પામીઓ તારે ચાર જણ દાવો કરવા લાગીઆ કે તખત અમુને ઘટે જે ધણીના હાતમા અમદનગરનુ શેહેર હતું તેને અકબરની મદદ માગી અને અકબરના બે લશકરો બે તરફથી આવીને અમદનગર આગલ એકઠા થાએઆ. એ મદદ આવી પુગે એવામા અમદનગરમા ફેરફાર થાઈ ગીઓ. જે સરદાર તાબે હતો તેને નાહાશી જવાની ફરજ પડી અને શઘો કારભાર ચાંદ બીબી નામની બેગમના હાથમા આવીઓ. એ બેગમની તારીફ દખણમાં ચાલેછે અને ફરીશતા તથા ખાફીખાન નામના ગ્રંથકર્તાઓ એ બેગમની મરદાની તથા હોશીઆરીની બારે તારીફ કરી ગીઆછે. એ બેગમે અમદનગરની ગાદી ઉપર પોતાના ભતરીજા બાહાદુર નીજામશાહને બેશાડેઓ અને શઘો કારભાર પોતાના હાતમા રાખીઓ. ચાંદ બીબીને જેવી ખબર પડી કે અકબરનુ લશકર આવેછ તેવી પોતાના સામણા હરીફોને શાફ જણાવીઉં કે આ વખત જો આપણ પોત પોતામા લડઉં તો શઘો આપણો મુલક દીલ્લીવાલા ખાઈ જાશે અને એકેક પછી શઘા આપણા નાહાના રાજોની આખેરી આવશે. આ વખત આપણી આપશી દુશમની ભુલી જવી જોઈએ, અને શઘા એક દીલી થાઈ સાથે લડવું જોઈએ. આવી ગોઠવણથી શઘાઓની આખ ઊઘડી. બીજાપોરનો રાજા તથા બીજા બે સરદારો ચાંદ બીબીની તરફ થાઈ ગીઆ. એક નીહી સરદાર નામે નેહાંગે પોતાનુ લશકર અમદનગરના કીલ્લામા મોકલી દીધું અને તે એવી રીતે કે દીલ્લીનુ લશકર જે કીલ્લાની આસપાસ હતુ તેની અંદરથી પોતાનો રશતો કીધો. અકબરના સરદાર શાહજાદા મોરાદે જારે આવી હરીફાઈ સામણે જોઈ તારે પુશકલ મેહનત કરવા લાગો. કીલ્લાના કોટની નીચે તરણ ખાણ ખોદી પણ તેમાની બે રદ ગઈ. અંદરના લશકરે ખાણોની નીચે બીજી ખાણો ખોદી. એવા બેલદારના કામમા ચાંદ બીબી પોતે ઊપરીપણુ કરતી હતી. રાતના બલતી મશાલે પોતાનો કોટ તપાશતી હતી કે કાઈબી નુકશાન થાએગ છે કે નહી. તરીજી ખાણ દુશમનોએ ઊડાડી અને કોટનો કેટલોએક ભાગ મોકલો થાએઓ અને દુશમનો હલો કરવા ધશીઆ. આ વખતે કીલ્લામાના લશકરે હીમત છોડી દીધી અને નાહાશી જવાનો એરાદો કરતા હતા પણ ચાંદ બીબી બખતર પેહરેલી અને બુરખો નાખેલી પોતાના હાતમા તલવાર લેઈને તોપ લાગી હતી જીઓ હતો તે તરફ દોડી અને પોતાના લશકરને લડવાની હીમત આપી પેલ્લા દુશમનના લશકરને હરાવીઉં કે તેઓ ફરીથી ચહડી નહી આવે. બંદુક અને તોપનો વરશાદ દુશમન ઊપર વરશાવીઓ. તોપો લાવીને ભાગેલા કોટ આગલથી ફોડાવા લાગી. ઘરની અંદર દુશમનોના ગોલા હતા તેઓ ઊપર બાનો નખાવીઆ તથા બારૂત અને શલગી ઊઠે એવી ચીજો નખાવી. આખો દાહાડો કીલ્લાની અંદરના લશકરે એટલીનો મેહનત કીધી કે શાહજાદા મોરાદે સાંજની પોતાનુ લશકર પાછું

ખેંચીઊં અને આવતી શહવારના હલ્લો કરવાનો ઠેરાવ કીધો પણ કીલલાની અંદરના લશકરને ભારે શૂર છુટું હતું. એક ઓરતે જારે મરદાનગી દેખાડવી તારે મરદો અમથા બેશી નહી રહેઆ અને જારે શહવાર પડી તારે શાહજાદા મોરાદે જોએઊં કે લાગેલો ફેટતો આખો થાઈ ગએલો અને નવી ખાણ ખોદીઆ વગર અથવા સુરંગ મુકીઆ વગર આગલ ચલાશે નહી. એટામા ચાંદબીબીની કુમકે બીજાપોરના રાજાનુ લશકર આવીઊં તેથી શાહજાદો મોરાદ વીચારમા પડીઓ કે નવા લશકર શાથે એકદમ લડું કે નહી. ચાંદ બીબીએ પણ જોએઊં કે અવે ઊપાએ ખુટાચ અને મારી મદદે આવનારાઓનો શંપ થોડા વારમા ટુટી જશે તેથી સુલેહ કરવા રાજી થાઈ અને દીલહીના રાજને બીરારનો મુલુક આપવા કબુલ કીતો. એ સુલેહ થાઈ તે ચાંદ બીબીએ નાચારે કીધી. જારે તોપના ગોલા ખુટા, તારે તરાંબાના શીકકા ભરીને મરાવીઆ અને પછી રૂપાના ગોલા અને છેવે શુનાના. છેરે શરેવાશે જારે શંધું ખુટું તારે પોતાનુ જહવેરાત તોપમાં ભરવા તઈઆર થાઈ. અલબતાં એ કદાચ લોકોએ વધારીઊં હોએ પણ ખાફીખાન નામનો ગરંથકાર કેહેચ કે દીલવીના લશકર ઊપર રૂપાના ગોલા પડીઆ હતા

સુલેહ થાએઆ પછી શાહજાદો મુરાદ બીરાર પોતાને હશનક કરવા ગીઓ અને ચાંદ બીબીએ જે પોતાના હાત તલે સરદારો રાખીઆ હતા તેઓ બલવો કરવા લાગા. તે બલવાખોરોએ શાહજાદાની મદદ માંગી અને તેને પણ બીરારની હદ વીશે કાંઈ વાંધો હતો તેથી પાછી લડાઈ શરૂ થાઈ. બીજાપોર અને અમદનગરના લશકર શાથે શાહજાદો લડીઓ પણ તેનુ કશું વલીઊં નહી અને જારે લડાઈની ખબર અકબરને થાઈ તારે પોતે દખણ તરફ ઊતરવા નીકલીઓ અકબરે પોતાના દીકરા દાનીઅલને અમદનગરનાં કીલલા તરફ મોકલીઓ. ચાંદ બીબી આ વખતે બારી શંકટમા હતી. તેનો વીશવાશુ સીદી સરદાર નેહાંગ તેની સામણે લડતો હતો તેથી ચાંદ બીબીએ દીલલીના લશકર શાથે સુલેહ રાખવાના પેગામ મોકલીઆ. સુલેહ થાએ તેની અગાઉ કેટલાએક શીપાહીઓ ચાંદ બીબીના મેહલ ઊપર ચહડી ગીઆ તેઓ જુલમથી જનાન ખાનામાં પેઠા અને ચાંદ બીબીને મારી નાખી. એ ચંડાલોને જલદીથી શીખામણ થાઈ. જારે દીલલીનુ લશકર અમદ નગરના કીલલામાં પેઠું તારે શાહજાદા દાનીએલે હોકમ આપીઓ કે કીલલામાંના દર એક શીપાહીને મારી નાખે. ચાંદ બીબીની મરદાનગી હજી સુધી અમદ નગરના લોકો એ આદ કરેચ કે જે લડાઈ તથા મશલહતમાં પોતાંની આશપાશના મરદો કરતાં શરશ હતી.

---

## નહી બલી શકે એવું કપડુ.

હાલના વખતમાં "એમીએનથશ" નું કપડુ ઘણાજ ફાએદા ભરેલી રીતે આપણા વાપરવામાં આવી શકેછે. "એમીએનથશ" એ એક જાતનો શફેદ રંગ વાલો જમીનમાંથી નીકલતો પદારથછે એ નરમ અને શુવાલો હોએછે, અને શણ અથવા રેશમંના કાચા દોરા જેવા દેખાએછે. એ દોરાઓને વણી તેનું કપડું બની શકેછે. એ ચીજનું કપડું પેહેરી આગ લાગેછે તે વખતે માણશો આગમાં પડેલા પોતાના ભાઈ બંધોનો જાન અથવા કોઈ અમુલ જીનશ બંચાવા છેક બલતાંની અંદર જઈ શકેછે. એ ચીજનો હાલના વખતમા જેવો ફાએદા ભરેલો ઊપઈઓગ થાએછે તેની સાથે જેવો ઊપઈઓગ આગલા વખતમાં થતો હતો તે શરખાવી જોવો જોઈએછ. "એમીએનથશ" નું કપડું જેની ખવાએશ આગલા લોકો જાણતા હતા તેની પીછાન હમણાના વખતમા થોડા વરશની વાત ઊપર કોઈને નહી હતી. પણ પાછી તે જીનશની શોધ તથા તેને કેમ વાપરવી, એ મીલાન શેહરનાં એક રેહેવાશી નામે "શીવાલીઅર આલડીની" એ આપણને જાહેર કીધુંછે એ શખશે એ કપડાનો ગુણ મશહુર કરવા તમામ ઈઊરોપ ખંડમાં મુશાફરી કીધીછ, અને પોતાના ભાઈબંધોને એક કીમતી જીનશની બખશેશ કરવા પછવાડે બારી રંજ પોને જાતે ખેંચીછ. "શીવાલીઅરે" પોતે આગમા પડી દેખાડવાને અને લોકની એવીધ ખાતરી કરી તેઓના મનમાંથી વેહમો દુર કરવાને જે કપડાં બનાવેઆં હતાં તે બે તરેના હતાં. જેવાંકે જાળથી તે આખું ધડ તથા બાજુ, એ બાજ ઊપર પેહર

વા શારૂ શાદુ જાડુ કપડું ફટકીના † પાણીમાં બોરી તે કપડાંને શારી પેઠે તે પાંણી શોશવા દેતો હતો. માંથુ, હાત, અને પગ એ ભાગોને શારૂ "આમીએનથશ"નું કપડું વાપરતો હતો. માથા ઊપર પેરહવા ને શારૂ એક મોહોટી ટોપી બનાવી હતી અને આંખ, નાખ, તથા હોટ આગલથી, નાકાં પાડેલાં હતાં કે તે વાટેથી જોઈ, દમ લઈ, અને બોલી શકે. ઈજાકીન અને બીજી શઘલુ ટોપી "આમીએનથશ" ના એકવડાં કપડાની બનાવેલી હતી, પણ હાતના મોજાં બેવડાં કપડાનાં બનાવેઆં હતાં, કારણ કે કોઈ વેલા લાલ ગરમ થએલી ચીજો તે પોતાના હાતમાં ઊચકી લઈ દેખાડતો હતો.

એ કપડાંની ઊપર વલી એક બીજો ફાએદા ભરેલો વધારો એ થઓ કે "આમીએનથશ" ના પોશાક ઊપર લોહોડાના તારની જાલીનું બખતર પેહેરીઊં હોએ તો વલી આગલના કરતાં પણ વધારે ગરમી ખમી શકવાની શકતી આવેછે. "શર હંમફરી ડેવીએ" કોએલા ખોદનારાઓના જાન બચાવાને જે ફાનુશ બનાવીઊ તે ઊપરથી લોહોડાના તારનો ગરમી ખેંચી લેવાનો ગુણ જાહેર થઓ, તે આએ બાબદમાં ઘણોજ કામનોગ થઈ પડેઓ. એ બખતર પાંચ જુદા જુદા કટકાનું બનાવેછ. એક મોહોટી ટોપ જેથી શઘલું માંથુ અને મોહોડું છેક ગરદન શુધી ઢંકાએછે, અને તે ટોપ એટલી ઢીલી રાખેછ કે દીલ ઊપર પેહેરેલાં એમીએનથશના કપડાની અને તે ટોપની વચમાં જરા ખોલી જગા રેહે. બીજો ભાગ ગરદનથી તે કમ્મર તલકનો હાતશુધાં, જાંગ ઢાકવા શારૂ એક તરીજો ભાગ જુદો, ગુઠણ શુધી આવતાં બેવડા તારનાં બનાવેલાં બુટની જોડી, અને છેલું ૫ ફુટ લાંબી અને ૨॥ ફુટ પોહોલી એક ઢાલ જે બખતર શાથેજ વાંણી લીધેલી હોએછ. એવો લોહોડાનો પોશાક "આમીએનથશના કપડાં ઊપર પેહેરતા હતા.

---

† ફટકીના પાણીમાં કપડું ડુબાવી તેને પુરતી રીતે તે પાણી શોશવા દીધું તો મસાએઆ પછી તે કપડું બલવાનું નથી કાએક રખોડું પડ તે શેર સુમાએછ, એવો એ ફટકીનો કુદરતી ગુણછે.

## લાલ તપાવેલું લોહોડું હાતમાં લેવા વીશે.

ઊપર લખેલા પોશાકથી કંઈજ ઈજા નથી પોંહોચતી એની શાબેતી આપવા આલ્ડીનીએ પોતાના હાતની આંગલી ઊપર અમીએનથશના કપડાંનો એક કટકો લપેટેઓ અને તેની ઊપર તારની જારી પેહેરી અને તે આંગલીને શલગાવેલા દારૂના બલતાંમાં પકડી, જેથી તેને કંઈ ઈજા પોહોચી નહી હતી. એક વખતે એક માણશે હાતમાં બેવડાં મોજાં પેહેરી એક લાંબી લોહોડાની જાડી પહરાઈ આતશમાં ગરમ લાલ કીધેલી શેહલાઈથી અને વગર હરકતે હાતમાં પકડી, અને તે પકડી ૧૫૦ ફુટ દુર ચાલી ગઓ, અને તે લાલ પહરાઈથી ઘાશ શલગાવીઊ, અને ભટીની આગલ પાછો ચાલી આવેઓ બીજી વેલા તેજ માંણશે પોતાના હાતમાં લાંકડાંનો બલતો ભાગ પકડેઓ હતો, અને લોહોડાની એક મોહોટી ગલેલ જે બલતી આગ ઊપર મુકેલી હતી, અને જે લાલ થઈ હતી તે ઊપર રમતો રમતો ચાલી ગીઓ હતો.

માંથું, આંખ, અને ફેફશાંનો બચાવ શી રીતે થાએછે એ દેખડાવા શારૂં ઊપર જણાવેલા આગી પુરૂશે "આમીએનથશ"ની બતલાવેલી ટોપી પેહરી અને તે ઊપર તારની જાલીની ટોપ મુકી અને પેલી ઢાલ બાંધી એક મોહોટાં ધુપદાનામાં આતશ શલગાવેઓ અને તેમાં લાકડાંની ચીપો નાખી જેથી જોરમાં બલતું બલવા માંડીઊં એ બલતાંમાં પેલા આગી પુરૂશે તરત પોતાનું આખું ડોકું જોંકાવી તે જગા ઊપર ઘણોવાર શુધી રાખી મુકીઊ તેજ હાલતમાં પોતે તે ધુપદાનાની આશપાશ એક મીનીટ કરતાં વધારે ઓલ પોતાનું મોહોડું ચતું અને ઊધું કરી ફરેઓ હતો. (જુઓ નકશ પેહેલો.)

બીજી વખતની અજમાએશ પારીશ શેહરમાં એક આગી માંણશે લાકડાં અને ઘાશ શલગાવી તેની શામણે બેશી બલતામાં માંથુ જોંકાવી છેક ૫) અથવા ૬) મીનીટથી તે દશ મીનીટ શુધી આતશની ગરમી ખમી શકેઓ. (જુઓ નકશ બીજો.)

એજ શેહરમાં વલી એક બીજી એથી શરશ અજમાએશ થઈ હતી. એ તપાશ વીદીઆનો ફેલાવો કરનાર મંડલીની શામણે કીધી હતી તેમાં એ

વી ગોઠવણ કીધી હતી કે લાકડાંનાં કકડાની અને તે ની શાથે વીટાએલા પેનડાની બે હાર શરખી કીધી, અ ને વચમાં તરણ ફુટની જગા મેલી. એવી હાર છેક ૨૦) ફુટ લાબી કીધી હતી, જારે એ ચાહ શલગા વી દીધી તારે તેનો તાપ એટલેતો મારતો હતો કે માંણશોથી આઠ અથવા દશ વારની વેગલાઈએ ઊ ભુ નહી રેહેવાઈ શકાતું હતું. જારે એ બેહુ બાજુ શલગી તારે બલતું છેક ૮) અથવા ૯) ફુટ ઊંચુ ચઢ તીશે હતું. આવા ભએનકાર બલતામાં ૬) માણશ "આમીએનપશ" ના કપડા પેહેરી એક એકની ૫ છવાડે શીપાઈ લોકની મોઆફક કવાએત કરતા પેલી બલતી આગમાથી એણીગમ પેલીગમ ઘણી વાર ફ રી વલેઆ હતા. બલતું વધારવાને અને ઓછું ન હી થઈ જવાને માંણશો દમપર દમ વધારે પેડો તથા લાકડાં તેમા નાખેઆજ કરતા હતા પેલા ૬) આ ગી માણશોમાંથી એક જણે તો પોતાની પીઠ ઊપર એક ૮) વરશનું બાલક લીધેલુ હતુ એ બાળકને એ ક ખાંપુની ટોપલીમાં મુકી તે ઊપર લોહોડાના તાર ની બારીક જાલીનું કવર કીધેલું હતુ અને તે બચા ના માંથા ઊપર ફકત એક "આમીએનથશ" ના કપ ડાંની ટોપી મુકેલી હતી (જુઓ નકશ તરીકે)

ઈ. શ. ૧૮૨૯ ના શાલમાં એજ શેહેરમાં એક વધારે તાજુબી ભરેલી અજમાએશ થઈ હતી. બે મોટા બુરૂજો બે માલ ઊંચા બાંધેઆ હતા. તે ઓની આશપાશ જલદીથી શલગી જાએ હેવી ચી જો જેવી કે પેડો, લાકડાં, તાર, ડામર, ઈતીઆદી ચીજો લપેટી લીધી હતી. એ બુરૂજોને આગ લગા ડી. એ વખતે એક આગી માણસે હેરત ઊપજે એ વી હીમત દેખાડવી હતી. "આલડીની" પોતે તે જગા ઊપર હાજર હતો, અને તેણે પોતે તે આગી માણસને તે બલતામાં જવાને બહુશ થઈ મનાઈ કી ધી હતી તો પણ તે આગી પુરૂષ એક બચાંને ટોપલી મા મુકીને તે ટોપલીને પોતાની પીઠ ઊપર બાધી એક દમ તે બલતામાં કુદી પડેઓ. જેવો અંદર પડેઓ તેવો જલદીથી આગલ દોડી જઈ એક ઘણીજ સાંક ડી જગા, જાંહાં બલતું ઘેરુંજ દેહસત ઊપજાવે એવી રીતે છેક ૮) વાર ઊંચુ શલગેલું હતું તાંહાં તે બચાં શુધાં અંદર દાખલ થએો. તે તેઆર પછી કો ઈની નજરે પડેઓ નહીં ગુમાઈ અને ભાગ પડવાડે થી એટલી તો વધી પડી હતી કે આશપાશ જોનારા લોકથી તેનો તાપ ખમાઈ શકાતો ન હતો. પેલો આગી માણશ તે આગમાં એટલાતો વખત શુધી અં દર ઊભો હતો કે બાહેરના લોક તેના તથા બચાના જાન વીશે ધાશની રાખવા લાગા. ઘણે વારે તે આગી પેલા બચાં શાથે આવા ભએનકાર ગ્યાતશમાં થી બાહેર આવેઓ, અને જે બાહુરી પોતે કીધી હતી તેવી મુશતાક થએલો નજર પડવા લાગો.

## બદન ઊપર અતીશે ગરમી ખમી શકવાના દાખલા.

આ ઊપર લખેલી અજમાએશો ઊપરથી એ ક તાજુબી જેવો બનાવ આપણને માલુંમ પડેઓછ તે એજે આગી માણશો બલતાંની અંદર દમ પણ લઈ શકેછે. એવું શાબેત થઈ શકેછે કે ગરમ હવા તેઓના દમમાં જાએછે તેની આગમછ પેલી તારની જાલીને અથડી અંદર જતા તાર તુરત તેમાની ગર મી ખેંચી લીએછે તેથી તે હવા થંડી પડી જાએછે, માટે આગી નાંણશના દમમાં થંડીજ હવા જાએ છે જેથી તેને આવી ગરમીની જગા ઊપર મોટી, આશાએશ અને શુખતું કારણ થઈ પડતું હોગે તે ઊપરાત વીદીઆના શેહાવા ઊપરથી આપણા બદન માંનો એક બીજો અજાએબ જેવો ગુણ જાહેર થ આછે, તે એજે આપણું બદન એવી ખાશીએત ધ રાવેછે કે બારી ગરમીની અગર તે ખમી શકેછે એ ટલુજ નહી પણ ઊલટો શાલો અટકાવ કરેછે, અને ગ રમ હવા પણ દમમાં લેવાને માણસને શક્તીવાન ક રેછે

ફરાશ દેશમા મી૦ ટીલરે એ બાબદ ઊપર કેટલીએક અજાએબ જેવી તપાશો કીધીછે, તેવીજ તપાશો ઈંગલંડમાં ડાકટર ફરડીએ તથા શર ચાર લશ બ્લાગડને પણ કીધીછે. એ લોક પોતે ૨૧૦) † થી તે ૨૧૧) ડીગરી શુધીની ગરમ હવા એક ઓરડામા દાખલ કરી તાંહાં ઘણા વાર શુધી ઊ

† ૨૧૦—૨૧૧ ડીગરી ગરમી તે એટલી થઈ કે તેમી ૫ ણી ઊકળી બાર થઈ શકી જાએ.

બા રેહા હતા. જો કે આવી ગરમીમા ઊભા રેહા હતા તો પણ તેઓના શરીરની ગરમી જેટલીને તેટલી રેહી હતી. જારે તેઓ પારાની શીશી ઊપર દમ મારતા હતા તારે તે દમ થંડો હતો, અને એની શાબેતીમાં પારો તરત નીચે ઊતરી પડતો હતો. આ અજમાએશ ઊપરથી ખાતરી થાએછે કે આપણી આશપાશ વધારે ગરમી હોઆ છતાં પણ ખોદાએ આપણાં શરીરમાં એવો ગુણ મુકેલોછે કે ઘણી ગરમી તે એક દમ અંદર જવા નહી દે. એક માણશે એ બાબદ વીશે વધારે ખોલાશો કરવાને ૧૩૦ ડીગરી દારૂને ગરમ કરી તેમાં પોતાના હાત બોળીઆ એટલુંજ નહી પણ તે દારૂ તે પી પણ ગએો. ૧૨૯ ડીગરી ગરમ તેલ તેણે પોતાના બદન ઊપર રેડીશે, ૧૨૩ ડીગરી ગરમ પાણીએ તે નાહી શકેઓ; અને ૧૧૭ ડીગરી ગરમ પારો પોતાના નાગાં દીલ ઊપર તેણે ઓતી દેખડાવેઓ. બીજું અજાએબ જેવું એ માલુંમ પડીશે કે જારે આ શઘલી તપાશો પેલા ગરમ ઓરડામાં ચાલતી હતી તે પુરી થઓ પછી જારે તેઓ શઘલા બાહેર આવેઆ તારે તેઓ પાશે જે કઈ ધાતુનો શામાન હતો જેવાં કે ઘડીઆલ, તેની શાંકરી, વીટી, કુંચી, એ ચીજો એટલી તો ગરમ થએલી હતી કે જરાવાર પણ તે હાતમા પકડી નહી શકાતી હતી, જોકે જારે ગરમ ઓરડામા હતા તે આરે તેઓને એ ગરમીની અશર થોડીજ લાગતી હતી.

શર ચારલશ બલાગડને એક વખત ૨૬૨ ડીગરી શુધીના ગરમ ઓરડામા જઈ ઊભો હતો, અને તાંહાં તેણે ઘણીવાર શુધી ઘણીગમે પેલીગમ પગાર કીધા હતા, અને કોઈ કોઈ વાર તે ઓરડાના ઘણાજ ગરમ ભાગ ઊપર જઈ કેટલીએક મીનીટો શુધી ઊભો રહી શકેઓ હતો. તે જારે બાહેર આવેઓ તારે તેની નાડી દરએક મીનીટમાં ૧૪૪ પલકારા મારતી હતી, એટલે શાધારણ માણશની નાડી કરતાં બેવડા જોરથી ચાલતી હતી. તે ગરમ ઓરડામાં, લોહોડાંની શાંકલો—છરી—ચીમટા—ઈંડાં—માંશની જીણી કાપેલી બોટી, મટનચોપ—અને એ વીગરે બીજી ઘણી ચીજો મુકી હતી તે શઘલી ભુજાઈ અને તપી આવી હતી. ઈંડાં ૨૦, મીનીટમાં ભુજાઈ બલવા ઊપર આવી ગઆં હતાં. ચાપ ૪૭ મીનીટમાં ભુજાઈ બલવા ઊપર આવેઆ હતાં અને શુકા ખખ થઈ પડેઆ હતાં.

મી૦ ચાનટર નામના એક ઈંગરેજે એથી પણ વધારે ગરમી પોતે જાતે ખમી હતી. એ ઘણી એક મટેરીના વાશણો બનાવાની એક ભઠી હતી જે ૧૪ ફુટ લાંબી, ૧૨ ફુટ ઊંચી, અને ૧૨ ફુટ પોહોલી હતી. તે ભઠી જારે પોતાના પુરા જોરમાં શલગતી હતી તારે તેની ગરમી ૩૨૦, ડીગરી ઊપર થતી હતી, તથા તેમાં જે લોહોડા પતરાંની જમીન બનાવેલી હતી તે શઘલી લાલ આતશ જેવી તપી આવતી હતી એવી ભઠીમાં માણશો ઘણી વખત ૩૪૦ ડીગરીની ગરમીએ તોઅ દરથી બાહેર આવજાવ કરતાં હતાં, અને તેઓ પોતા પગ ખંચાવા શારૂં જાડા લાકડાના તલીઆના જોડા પેહરતા હતા જે જોડાના તલીઆ તપેલાં લોહોડાએ કરી શઘલા બલી ફોએલો થતાં હતાં. એવી ગરમ ભઠીમાં મી૦ ચાનટર પોતાના ચાર દોશદારો લઈ અંદર ગએો હતો, તેઓ બે મીનીટ શુધી અંદર રેહા હતા, અને જારે બાહેર આવેઆ તારે તેઓને કઈજ લાગુ નહી માતરે નાખની, અને કાનના ચાપકાની આણીઓ ઊપર તથા આંખમાં જરા જમ જમ થતું હતું

એટલા દાખલા ઊપરથી શાબેત થઈ શકેછે કે આપણું બદન વધારે ગરમીની અશર ખમવાને શકતીવાનછે, અને જો તેવી આશરમ પાડી હોએ તો તે હરત ઊપજાવા જોગ ગરમી ખમવાને શકતી વાન થઈ શકેછે. તારે અચે આગલા વખતમાં, અને અમણા પણ કેટલાએક ઢોંગી લોક આતશમાં ચાલી જતા, બેશતા, ઊભતા, શુઈજતા, દીલ ઊપર ગરમ તેલ રેડતા, શીશું ઓતતા, કલાઈ ઓતતા જે શંભલાંઆછે, એ શઘલાઓ માતરે આશરમ અથવા પોતાના બદનને ટેવ પાડી એવા ખેલ કરી બતલાવેલા જાણવા, અને એવા અજાએબ જેવા દાખલો દેખડાવી બીચારા અણજાણ માણશોને ઠગવા, તેઓ ઊપર પોતાનો હોકમ ચલાવા, અને એવી બીજી હજારો પોતાની મતલબો પુરી પાડવાને કોશેશો કીધી હોએ એમાં કઈ નવાઈ જેવું નથી. એ શઘલી કોશેશોને તેઓ એવું કહી શંભલાવતા હતા કે ઈલમ અથવા જાદુને જોરે, અથવા ખોદાની મદદથી તેઓ એવા ભારી કામો કરવાને શકતીવાન થઓ હતા. પણ તેનો ખોલાશો માતરે એટલોજ કે બદનની ખુરદતી ખાશીએત, અને તેને જેટલી ગરમી ખમવાની આશરમ પાડી તેટલી તે થઈ શકેછે, એમાં ઈલમ, જા

દુ, અને ખોદાની મદદ કઈ છેજ નહી એતો એક ખુદરતી કાએદોજછે, જેને અણજાણ્યા પુરૂશો ખોરે નાને ઓલખેછે.

## ચીન દેશનું મુખીઅ શેહર પીકીંગ.

પીચીલી નામના પરાંતમા ઓતર દીશાએ જે મોહોટી ચીના લોકોની બાંધેલી દેવાલછે તેનાથી ૨૬) માઈલ દખશીણ દીશાથી પીકીંગ શેહરની હદ શરૂ થાએછે. એક ઊંચી દેવાલ વચમાં આવીછે જેથી પીકીંગ શેહરના બે મોહોટા ભાગ થઓછે, એક શાહાનશાહને લગનો, બીજો દેશીઓને લગતો, શાહાનશાહને લગતો ભાગ ચોરસ આકારનોછે, અને બેહુ ભાગ મલીને આશપાશ ૧૭ માઈલનો ઘેરો થઓછે. શાહાનશાહા રેહેછે તે ભાગની આશપાશ એક ફરતી દેવાલછે જેની ઊચાઈ ૪૦ ફુટ, અને ઓશાર અથવા પોહોલાઈ ૨૦) ફુટછે એ દેવાલ ઊપર પેદલ અને ઘોડાનું લશકર ચોકી પેહેરો રાખવા ફરતું રેહેછે. એ દેવાલ ઊપર એક કીલો બાંધેલોછે જેને ૯) માલ કરેલાછે, અને દર ૪૦) વારે એકેકો શમચોરશ કીલો બાંધેલોછે, અને જે જે જગા ઊપર દેવાલનો ઢલતો ભાગ આવેલોછે તાંહાં મજબુત અને મોહોટા કીલા બાંધેલાછે. એ ભાગની વશતીનો શુમાર બરોબર નથી માલમ પડેઓ. કોઈ ૩૦ લાખ, કોઈ ૨૦, કોઈ ૧૦ લાખ ગણેછે. રશતા શીધા અને કુશાદ છે, અને જોકે ફરશબંધી નથી કીધેલી તોએપણ ઘણાજ શફાઈ ભરેલા રાખેલા હોએછે ઘેરો નીચાં, અને ઈંતરડીના બાંધેલાછે અને તેઓ ઊપર નરીઆના છાપરાં કીધેલાં હોએછે. દુકાંનો ઘણાજ શુંનદર અને કીમતી માલ મતાથી શીનગોરલાં હોએછે. શાહાનશાહ રેહેછે તે ભાગ તમામ મેહેલો, અને જાહેર ઈમારતો, દારૂખાના, દેવલો, બાગો, અને એવીજ બીજી રોનકદાર બાંધણીઓથી ભરાએલીછે. જો બરોબર બોલીએતો એટલો ભાગ એક નાહાનું જેવું શેહર થઈ પડીઉછે કાંકે તેમાં શાહાનશાહની દરબારને લગતાં એટલાતો લોક વશેછે કે તેમા મોહોટા અમીરથી તે છેક એક શાધારણ સુથાર સુધીની પદવી વાલા માણસોની વશતી થએલીછે. એ સઘલી વસતી શાહાનશાહની દરબારની વસતી ગણાએછે, અને તે સાધારણ ચીનાઓની વસતીથી વેગલી ગણાએછે. પીકીંગ સેહરની આસપાસ રેતીનું મેદાન લાગેલુંછે, અને તેથી કરીને જાહાડ પાનની કંઈ પણ નીશાન જોઆમાં નેથી આવતી. ઊનાલાની મોશમમાં ગરમી અતીશએ પડેછે, તેમ શીઆલામાં ડીસેમબર મહીનાથી તે છેક મારચ મહીના સુધી તમામ બરફ બંધાએલો રેહેછે. સેહરની દેવાલની અંદર ૮૦,૦૦૦ હેંડી હજાર લસકરની ફોજ રાખેલીછે, અને તેમજ બીજી પોલીસના સીપાઈઓની એક ફોજછે જેઓનુ મુખીઅ કામ એટલુંજછે કે સેહરમાં દુકાલ નહી પડે એ વીશે પકો બંદોબસત રાખવો.

## ઓધી અથવા અતીશએ ખાનાર.

આફરીકાના દખશીણ ભાગ ઊપર રેહેનાર "હાટનટાટ" અને બુશમનો ઘણુ કરીને અતીશએ ખાઘરાછે મી૦ બારો નામના મુસાફરે એવું કેહુંછે કે દુનીઆની તપાટી ઊપર એ જેવા ખાધરા લોક બીજા કોઈ નથી. દશ હાટનટાટે મલી એક મોહોટો બલદ તરણ દાહાડામા તેના પછવાડેના બે પગ શીવાએ તઘલો ખાધો. તેઓનુ કાંમ માતરે એટલુંજછે કે ખાવું અથવા સુઈ રેહેવું. બે માંથી એક શીવાએ બીજુ કઈ કરવુંજ.નહી. "બાછુઆનેનશ" નામના કેટલાએક લોક એજ ઠેકાણે વશેછે તેઓપણ ભુખેઆ ગીદ જેવા હોએછે. તરણ જણ વચે એક બકરો દર શાંજના તેઓને મલેતો હતો, પણ બીજે દીવસે બપોર નહી પડે તેની આગમછ તેઓ પાસે એ ખોરાક પુરો થઈ રેહેતો હતો.

શર જાન રાશ નામના મુશાફરના આપેલા અહેવાલ ઊપરથી એવું માલમ પડેછે કે અમેરીકાની ઓતર દીશાએ રેહેનારા હીંગણા "એસકુઈમો" દર રોજ ૨૦ રતલ ગોશ અને તેટલું તેલ ખાઈ શકેછે. શર વુલીઅમ પારી નામના મુશાફરે એક અજમાએશ દાખલ જોઈઉં કે તેઓ વધુમાં વધુ કેટલું ખાઈ શકેછે. ૨૪ કલાકમા એક "એસકુઈમોએ" ૮ા રતલ દરીઆઈ ઘોડાનું કાચુ અને થંડુ બંધા

ઈગએતુ કાચું માશ, વગુર ભુંજેતું તથા તેટલુંજ બીજું ભુંજેતું તથા ૨) રતલ જાડા આશાની રોટલી, તથા તરણ બીરની પાઈટ ભગીને બોશનો ધીમો ગબગલતો રશ, એક ટમલર ભરીને રમ દારૂ, ચાર વાઈન ગલાશ ભગીને, નરદમ જલદ દારૂ, તથા ૯) બીરની પાઈટ ભરીને પાણી એટલો શંધો ખોરાક ખાઈ શકેઓ હતો એક રૂશીઅન આડમીરલ એવો અહેવાલ લખી જાએછેકે તેણે પોતે શાઈબીરીઆ દેશના રેહેવાશીઓની તપાશ કીધીછે તેમા "જાકુટી" નામની જાતના લોક જે વાલ્વવી ખાધરા થોડાજ હશે તેમાના એક જણે જો કે શવારનો નાશતો કીધેલો હતો તોએ પણ તેની શામણે તરણ રતલ માખણમા પકાવેલો ૨૮ રતલ ચાવલ મેલ્યા, જે તેણે ઘણીજ હોંશથી તરત લઈ લીધા, લાગલો જમવાને બેસી ગઓ, અને તે પુરા કીધા તાહા સુધી જરા પણ એણીગમ પેલીગમ તાહાંથી ખીસીઓ નહીં એક જાકુટી "૨૪, કલાકમા એક મોહાટા બળદનો પછ્વાડેનો ભાગ, તથા તેની સાથે ૨૦, રતલ ચરબી, ખાઈ ગઓ, અને ઊપરથી તેટલુંજ માખણ તાવેલું પાણીને-ઠેકાણે પી ગઓ. ૪, અથવા ૫, "જાકુટી" મલીને એક નાસતા ઊપર એક આખો બળદ ૨૦૦ રતલ ગોસ્તવાલો તેઓ પારકરી શકેછે. તરણ જણ મલીને એક મોહોટું "રેનડીઅર" જે શાંબરના જેવડું આવેછે તે એકજ વખતમા ખાઈ સકેછે, અને એક "જાકુટી" તો દરરોજ વખતે વખત ૪૦, રતલ ગોસતો સેહલાઈથી ખાઈ શકેછે

## આરટીક સમુદરમાં બેહદ જીહીણા પરાણીઓની વસતી.

દુનીઆની ઓતર દીશાએ એક નમુદર આવેલોછે જેનુ નામ આરટીક સમુદર કરીને ભુગોલમા જણાએલુ છે. એ સમુદરનો ઘણોખરો ભાગ વરસમા ૮ મહીના અતીશજો થ ડીથી બ ધાઈ બરફ થઈ રેહેલો હાએછે એ જગા ઊપર વણા કાબેલ સાખસોએ મુસાફરી કરીછે, તે ઊપરથી જે અહેવાલ આપણને મલેઓછે તે ઘણોજ તાજુબી અને જાણવા લાએકછે ડાકટર "સકોરસબી" એ બાશાણ કીધું તેમાં એ જગામાજે જીહીણા પરાણીઓની બેહદ વશતીછે તે વીશે એવુ કેહી જણાવીઊ કે એક વેલા એક કલાકના ટુંક વખતમાં તેના વાહાણની બાજુએ ૧૦,૦૦,૦૦૦ દશલાખ "હાક" નામની જીહીણી માછલીઓ પશાર થઈ જતી નજરે પડી હતી દરીઆના પાણીનો રંગ કોઈ ઠેકાણે લીલો, ઘેરોલીલો, તથા જરા રાતો, અને કોઈ કોઈ ઠેકાણે હબદીઆ દેખાએછે તેનું કારણ શુકશમ દરશક ઈનતરથી તપાશ કરતા એવું માલુમ પડીઊછ કે એ કઈ પાણીનો રંગ નથી પણ એવી જાતના રંગીન જીહીણા જાનવરોના ટોલાને ટોલાં પાણીમા વસેછે તેથી એવો રંગ દેખાએછે એક રાઈની કગરશ જેટલા પાણીના ટીપામા તેણે ૨૬૪૫૦ છવીશ હજાર, ચારસો, પચાશ જીવ ગણેઆ હતા. માતરે "ગીરનલાડ," "બાફીનશબે," અને ઈશપીટજબરગની એટલી જગા શીવાએ દુનીઆના કોઈબી બીજા ભાગ ઊપર જીહીણા જનાવરોની આટલી ભારી શ ખેઆ નથી શાભલવામા આવી. પખશીઓ પણ એ જગા ઊપર ઘણાજ જોવા લાએકછે એ ઊપરથી આપણને માલુમ પડેછે કે દરીઆના પાણીમા કેટલો અને કેવો ઊંચો ખોરાક તે માહા કુરૂપાલુ ઈશવરે મેલેઓછે

## સુવાના ઓરડામાં સાફ અને ખોલી હવાની જરૂર.

માણશ જાતની તંદરોશતી, સાફ અને ખોલી હવા તથા રોશની ઊપર કેટલો આધાર રાખેછે એ બાબદ જેવી અમણા પુરતી રીતે ખોલી થઈછે તેવી આગલ કોઈ બરોબર શમજી નહીં શકતા હતા ડાકટર આરનટે એક શેહેલી બીના ઘણું થઈઊ જાહેર કરીછે કે જો એક નાહાના "કેનેરી" ચલીઆને શુવાના ઢોલીઆના માથા ઊપર પીંજરામા રાખીઊ હાએ અને તે ઢોલીઆ ઊપર માણશ શતું હાએતો સહવારના પોહરમા તે ચલીઊં મુએલુ નજર પડવાનું આ દાખલા ઊપરથી શાબેત થાએછેકે એક રાતના વખતમા માંણશના દમમાંથી એટલીતો ખરાબ હવા નીકલેછે કે જેથી પેલાં નાહાના પરાણીનો જાન ગઓ, તેને તે હવા જેહેર જેવી થઈ પડી. તો એ ઊપરથી આપણે વીચાર કરીએ કે આપણા શુવાના ઓરડા

## ચીન દેશ માહેલી ઓરતો.

કેહેછેકે ચીન દેશમાં, ઓરત જાત ઘણી અણગમતી ગણાએછે—તેઓની હાલત ઘણીજ દએઆ ઊપજાવનાર હોએછે—તેઓ ઊપર તરેહવાર દુખો ગુજારેઆમાં આવેછે, અને એ પરમાણે ઓરત જારથી બચું હોએછે તારથીજ તેની ઊપર તરેહવાર દુખ ગુજરતાં આવેછે, તેની તરફ ખુશ નજરથીતો કોઈ જોતુંજ નથી, અને જેને તાંહ છોકરીનો જનમ થાએ તે ખરાંજ કમબખત ગણાએછે, કાંએકે લોકોમા એવો વીચાર પેઠેલો છેકે છોકરી જણી એટલે કુટુંબ કબીલાની બે આબરૂ થઈ, અને ખાનદાનનું નામ બુડું. બીજો વીચાર એવો પેઠેલોછેકે છોકરી જે અવતરેછે તે અવડ દશાનું મુલછે. એવા બેવકુફી ભરેલા વીચારથી કેટલીક વેલાએતો તે પશુ અને નીરદોશ બચાંનો જનમ થતાંજ જીવ લીધામા આવેછે, અને જેઓનો એ પરમાણે પરાણ ઘાત થતો નથી તેઓ ઊપર ધીકાર અને ફીટકાર વગર બીજું કાઈજ નહી. ગોએઆ તે ઓરત માણશ જાત છેજ નહી એમ તે લોકો શમજેછે. ચીન દેશની તવારીખ લખનાર ચીનીઓમાં પરખેઆત થએલી એક ઓરત નામે પનહોનીપન પોતાની જાતીલીઓની માઠી અવશથા વીશે ખુલી રીતે આ પરમાણે લખી ગઈછે કે "જારે કોઈને ઘેરે એક પુતરનો જનમ થાએછે, તારે તેને શુવાને ખાશું નજાનું બીછાનું મલેછે, તેને ખાશા મજેનાં રેશમી લુગડાંનો પોશાક પેહેરાવીઆમાં આવેછે, તથા તેને રમવાને જાત જાતનાં તરેહવાર રમકડાં હોએછે, અને શઘલી પરકારે તે શુખે અમન ચમન તથા મોજ મજાહમા ઊછરેછે, પણ જો એક છોકરીનો જનમ થએઓ, તો તેના હાલ હવાલ, તેને શુવાડવાને વાશને માતરે જમીન, પેહેરાવવાનાં કપડાંમાં નકામાં પડેલા ચીરગ, રમવાને માટે ફાદવનાં રમકડાં અને શઘલી પરકારે તે છોકરી એક નકામી તથા અગુણકારી ચીજ ગણાએછે, જે બચાં ઊપર દએઆ અથવા માએઆ કરેવાનો વખતતો કદી આવેજ નહી. જારે તે ઉમરમાં આવે એટલે તેનું કામ એટલુંજ કે રાંધવું, શીવવું, બીજું ઘરનું કામ કરવું અને શઘલી પરકારે પોતાના મા બાપના તાબામાં રેહેવું, કોઈ રીતે તેઓનું દીલ દુખવવું નહી" ખરેખર ઓરત જેવી નાજુક પંધ ઊપર એ ઘણોજ જુલમ ગુજરેછે! અગર જો એ છોકરી મોહોટી થએઆ બાદ પરણી ગઈતો એક લખનારના જણાવેઆ પરમાણે તેની હાલતમાં કશો ફેર ફાર થતો નથી, ઓરતને પોતાને શાશરે કશી વાતની સતા નહી, કે કશી વાતનું છુટાપણું નહી, માતરે ઘરમા એક કામ કરનાર માણશ તરીકે તે ગણાએ, તેનીથી એક ભોજને પોતાના ભરથારે શાથે ખવાએ નહી, તથા પોતાના છોકરા શાથે બેશીને પણ ખવાએ નહી. જારે પોતાના છોકરા તથા ધણી જમવા બેઠા હોએ તારે એક ચાકરની મુઆફક તે ઓરતને તેઓની આગલ હાજર રેહેવું પડેછે. જારે તેઓ જમી રેહે તારેજ પેલીને એક ખુણે એકલી બેશી જમવાની પરવાર મલેછે. અને તે શાથે તેનુ જમણ પણ ઘણુંજ હલકું હોએછે. પોતાના છોકરાના ભાણામાથી કાંઈ વધીઊં હોએ તે લેવાનો પણ તેણીને અખતીઆર નથી. મરદોને એક કરતાં વધારે બાએડીઓ કરવાની છુટછે, અને જારે એ પરમાણે એક જણ એક કરતા વધારે ઓરતો કરેછે તારે પછી તે ઓરતોમાં માહો માહે કજીઆ અને ઘંટશ બહુ ચાલેછે, અને તેથીજ કેટલીક વાર આપઘાતના માઠા બનાવ બનેછે. આ પરમાણે ચીન દેશ માહેલી ઓરતોની અવશથા વીશે મુખતેશર બએઆન કરેલું છે. હાલ હીદુઓમાં પણ ઓરતાનો ગરતબો ઘણો પડી ભાગેલો જોએઆમાં આવેછે. જો પણ ચીન દેશની ઓરતોના જેટલું દુખ હીદુ અશતરીઓ ઊપર નથી પડતું, તોપણ તેઓની હાલત પણ ખરેખર દએઆ ઊપજાવનારછે. તેઓ ઊપર પણ ભરથારો તરફથી તથા શાશરા તરફથી ઘણો જુલમ ગુજરેછે. કેટલીક પારશી અશતરીઓ પણ એવી હાલતથી ખાલી નહી હશે એવો વીચાર જારે અમારા મનમા આવેછે તારે અમને અતીશએ કમકમાટ છુટેછે.

---

## ડાકતરોનાં દુખ.

અગર જો એક ડાકતર પોતાનાં કોઈ ઘરાક આજારી ન છતા તેને ઘેર અગતએો ફેરો ખાતો હોએતો એમ કેહેવાએછે કે તે પોતાના પઈશા ખરા કરવાને ન[illegible] ત્યાં [illegible] હોય, અગર જો તે ન

હુ જાએતો એમ કેહેવાએછે કે તે પોતાના ધરાગે ઊ
પર પુરતુ ધેઆન આપતો નથી જો તે રાબેતા પ
રમાણે તકતી કરવા જાએછે તો લોક એમ બોલેછે કે
તેને કશુ કામ નથી માટે પોતાનો વખત ખોવા જા
એછે અથવા લોકોમા દીનદાર ખપવા માગેછ
જો તે નહી જતોતો એમ કેહેવાએછે કે તેનુ ધર
મ ઊપર એકીન નથી જોતે એક ગરીબ શાથે વાતે
ઊભો રેહેછે તો એમ કેહેવાએછે કે તેની શગત શારી
નથી, અગર જો તે ગરીબોની દરકાર ન કરતે ચાલ
તો થાએછેતો તેને મગરૂર કેહેછે જો તે એક પાકડી
ગાડીમા ફરતો હોએતો તે ઊડાઊ કેહેવાએછે, જો ક
શર કરી શાદો માદો ફરેછે તો તેનામા કાંઈ દન નથી
એમ કેહેવાએછે અગર જો તે મેજમાની કરેછે તો
લોક એમ બોલેછે કે એતો લોકોના વાહલા થઈ પઈ
શા મેળવવાને કીધીછે, જો તે મેજબાની નથી કરતોતો
તે કંજુશ ગણાએછે જો તેનો ઘોડો ફરબે હોએતો
એમ કેહેવાએછે કે તેને જાજી મેહેનત કરવાની શવા
ગી નથી, અગર જો તે દુબલો જણાએતો એમ કેહે
વાએછે તે તેનો ધણી તેની મુદલ બરદાશત લેતો નથી
અગર જો તે રશતામાથી મારી ગાડીએ જતો હોએતો
એમ બોલાએછે કે એતો લોકોને દેખાડવા માગેછે કે
કોઈ માણશ ઘણુજ માદુ છે ને ડાકટર ઘણા કામમાછે,
જો તે ધીમી ગાડીએ કદમ કદમ ઘોડો હાકતો હોએતો
એમ બોલાએછે કે તેને પોતાના ઘરાકોની કશી કદર
નથી જો તે શારો અને સફાઈદાર પોશાક પેહેરેછે
તો તે ઈતરી ગણાએછે, જો તે તેવો નથી પેહેરતોતો
એમ બોલાએછે કે તેનામા સફાઈ અથવા શનુકાઈ ન
થી જો તે જમીન ઊપર કાંઈ કામ કાજ કરેછે તો લો
કો શાફ બોલેછેકે એ કોઈ ખરોજ ખેડુત થવા લાએક
છે, જો તે તેવુ કાંઈ કરતો નથીતો તે આવશુમા ખપે
છે જો તે પોતાના ઘરાકને ઘરે બે ઘડી બેશી શારી
પેઠે વાત ચીત કરી પોતાના ઘરાકના દીલનુ શમાધા
ન કરેછે તો તેને શાફ જવાબ દીધામા આવેછે તે 'ડા
કતરોએ ઘરાકને ઘરે ઘણો વાર નકામા બેશી જા
જુ ટાએલુ કરવુ નહી, અગર જો તે પોતાના ઘરા
કને ઘેરે જાજુ બોલતો નથી અને કામ જેટલુજ
બોલી નાહશી જાએછેતો એમ કેહેવાએછે કે ડાકત
ર બેશરમ અથવા નીરનશાર નથી જો તે કાંઈ
રાજેશ્વરી અથવા જાહેર નરકીની વાતો કરે
છેતો તુરત તેનો અટકાવ કીધામા આવછે તે બા
ઈ લુલ એ વાત પડતી મેલો, અગર જો તે એવી
કાંઈ વાતો કરતો નથીતો તે વીશે એવુ કેહેવાએછે કે
ડાકતરના જાજી માહીતગારી નથી જો તે ધરમ
શબધી કાંઈ વાત ચીત કરેછે તો તેને ઠગારો કેહેછે,
અને અગર જો તે એવી કાંઈ વાત કાહાડતો નથીતો
નાશતીક ગણાએછે જો તે કાંઈ ઘરનો છાલો પાલો
ફરમાવીને દરદીને આરામ કરવાની કોશેશ કરેછેતો તે
ને વીશે એવુ બોલાએછેકે ડાકતરનો પોતાની મતલબ
શાધવાને માટે લોકોના વેહેમ પરમાણે ચાલી લોકોના
વાહાલા થઈ પઈશા કઢાવવાની તજવીજ કરેછે, અ
ગર જો તે એવા છાલા પાલા નકામા ગણેછે તો એમ
કેહેવાએછેકે એતો પોતાની દવાઈ ખપાવવાને માટે શેહે
લુ ઓશડ પડતુ મેલેછે અગર જો તે વારે ઘડીએ
હરેક બાબદમા પોતાથી હોશીઆર ડાકતરનુ મત લેતો
હોએતો એમ કેહેવાએછે કે ડાકતરને પુરૂ આવડતુ નથી
તેથી પુછી પુછીને કામ કરેછે ફલાણુ હુ શારી પેઠે જા
ણુ છુ, એમા કોઈના મતની દરકાર નથી એમ શમ
જીને જો તે કોઈનુ મત લેતો નથીતો એમ કેહેવાએ
છે કે ડાકતર પોતાનુ બડોલ જણાએ નહી તે શારૂ કો
ઈને પુછતો નથી,

આ પરમાણે ડાકતરોની અવશથાછે જેઓ
ડાકતર થવા માગતા હોએ તેઓએ ડાકતરના ઊપલા
શઘલા દુખ ધેઆનમા લેવા કે તેઓની પણ તેવીજ અ
વશથા થવાની

---

## ઈનશાફ ચુકવવાની એક અજાએબ જેવી રીત.

એક વેલાએ એક શખશ એક બીજા વાણીને
મારેઆ, તેની ખબર એક તરીજા શખશે ઈનશાફ ક
રનારને આપી, તે ઊપરથી તુરત તે નીઆઅધીશે ના
જરને હુકમ કીધોકે જલદીથી તે બધે શખશોને તુરત
હાજર લાવે, પણ તે નાજર થોડાકવાર પછી
ખાલી હાતે પાછો આવેઓ તારે તે નાજર અને ની
આએધીશ વચે આ નીચે પરમાણે વાત ચીત થઈ

**નીઆએધીશ**—કેમ તે બધા કાહાછે?

**નાજર**—શાહેબ મે તેઓને પકડીઆતા

**નીઆ૦**—પકડીને તેમનું શું કીધું?

**નાજર**—વલી ફરેશું, પરતીવાદી (જે ધણીએ મારેઓ હતો તે) ને મેં ૧૫ ફટકા બાધી મરાવેઓ

**નીઆ૦**—વાદી (જે ધણીએ માર ખાધો તે) નું શું કીધું?

**નાજર**—તેને પણ એજ પરમાણે ૧૫ ફટકા મરાવેઆ.

**નીઆ૦**—વારૂં એ વાદી પરતીવાદીનેતો આ પરમાણે બાધી મરાવેઆ પણ જે ધણીએ આપણને એ વીશે પેહેલી ખબર આપી તેને?

**નાજર**—તેનેતો શાહેબ ૨૫ ફટકા મરાવેઆ. એ ધણીને એ પરમાણે વધારે ફટકા મરાવવાની જરૂર હતી નહીંતો નહી મરાવતે, જો એ ખબર આપનારે આવીને તે મારામારીની આપણને કશી ખબર આપી ન હોત અને પોતાની જીભ બંધ રાખતતો કાઈ આપણને આટલી બધી મેહેનત તથા કંટાલો લાગતે નહી, વાસતે તેને જે વધારે શીકશા થઈછે તે વાજબી જ ધારીને કરીછે. શાબાશ, જો એજ પરમાણે શવ વાઈનશાફ થાએતો પછી શું પુછવાનું રહીશે!

---

## ખોલલી હવા.

માણશોને વીશે એક જણ એવું મત આપેછે કે તેઓ ખાએછે ઘણું, અને તેમજ તેઓ ઊપર દવા પણ વધારે થાએછે, પણ તંદુરૂશતીને શાચવવાના તથા તેમાં વધારો કરવાના જે બે મુખીઅ ઊપાએઓછે, કે ખુલી હવાનો દમ લેવો, તથા લગાર કશરત કરવી, તે પરના મુકેછે. થોડાંજ માણશો મલી આવશે, જેઓ કશરત કરતો હોએ, તથા થોડાજ માણશો મલી આવશે, જેઓ ખુલી હવાનો દમ લેવાને શવાર શાંજ ખુલી જગાએ ફરવા નીકલતા હશે. જે પરમાણે તંદુરૂશતી શાચવવાને તથા તેમાં વધારો કરવાને ઊપલી ચીજોની મરદોને જરૂરછે તેટલીજ અને તેવીજ જરૂર ઔરતોને પણછે. પણ અફશોશ કરવા જોગ છેકે આપણી ઔરતોમા એ તરફ રૂજુ નથી પડી. આપણી કેટલીક ઔરતોમાં એક ગુણ મલી આવવાનોજ કે પોતાને અથવા બચાંને લગાર દુખની નીશાન માલમ પડીકે તુરત ઓશડ ઊપર ભરોશો રાખેછે, પણ દુખ ઊપર જેમ દવાઈની અશર થાએછે, તેમજ ખુલી હવા અથવા કશરતથી પણ દુખ ઊપર અશર થાએછે એ વીચાર તેઓમાછેજ નહી. અગર જો શાહેલીઓ એક ભાડુતી ગાડીમાં અથવા પોતાને ઘરની શીગરામમા બેશી કોટમાથી મેંમ, પરેલ અથવા એવીજ બીજી ખુલી હવાની જગો ઊપર જશે, તો તેઓ ગાડીનાં અંદર ઘણા શરમાં શીકરાઈને અથવા જેન બંધવાઓ ગંધાઈને બેશે તેમ વધલું બંદબશ્ત કરીને બેશશે, કે જેથી કરી ખુલી હવાનો દમ લેવાને બદલે ઓર વધારે મુંગરાઈ જાએછે. માટે હવે એવી ચાલનો જલદીથી અટકાવ થવો જોઈએછે. શીગરામના વીનીજર ઊધાડા મુકીને, અથવા બેલની ગાડીના પડદા ઊંચા રાખીને ગાડીમાં બેશવાથી કાઈ અણઘટતું કામ થતું નથી, તારે એવી ચાલ પકડવાને માટે શાને શરમાવું જોઈએ. શરમ એટલી જોઈએ જેટલી જગો હોએ તેના કરતા વધારે આદમી બેશે નહી.

---

## જુવાન પુરૂશોને શીખામણ.

ઈશવી શન ૧૮૫૭ નાં શાલમા ગલાસગોની ઈઊનીવરશીટીની મીજલશમા શર બુલવર લેટને જુવાન પુરૂશોને નશીઅત તરીકે કેટલોક બોધ કરેઓ હતો તે ખચીત ધેઆન પોંહોચાડવા જોગછે, તે બોલીઓનોકે "તમે પોતે જેવા હોવો તેવાજ લોકોને દેખાજો, ઈઆને તમો જુઠો દમામ અથવા ખાલી બપકો કરશોની હરેક ચીજ જે તમો નહી જાણતા હોવો તેને વીશે આ પરમાણે ખુલી રીતે એકરાર કરવાને કદી શરમાતા ના કે હું એ વાત નથી જાણતો હરેક વાતનો કોઈને વાએદો આપતી વેલા શારી પેઠે વીચાર કરજો કોઈ માગણુ તમારીથી નહી કબુલ રાખી શકાએતો કુને બોટો વાએદો આપતા ના પણ તેને શાફ જણાવજો કે ભાઈ માહારાથી એ નહી બનશે. ફલાણી વેલાએ હું તમારી જોડે આવીશ એમ કોઈને કહેવાની આગે પેહેલાં વીચાર કરજો કે માહારાથી જવાશે કે નહી, જો નહી જવાઈ શકાવાનું હોએ તો શાફ ના પાડજો કે ભાઈ મજથી નહી અવાશે. હરેક વાતમાં ના અથવા હા આ બે શબદો બોલવાને તનોસે ક

ઈઆર થઈ રેહેવું જોઈએછે, અગર જો તમારી ઊપર કોઈ એવી વાત આવેકે જે કરવાને તમો અશકત હોવો, તો તે વાત વીશે ના કરીને બોલવાને કદી શરમાતા ના; પણ ઓર વધારે ધીરજ તથા ઠરાવથી બોલજો કે નહી બનશે, તેમજ જો કોઈ વાત બની શકે એવી હોએતો તે વીશે હા કરીને બોલવાની અગાઊ એક વાર ફરીથી વીચાર કરજો, અને શાવચેતીથી કેહજો કે હા હું તે કરીશ એક વાર કંઈ કબુલાત જો આપીતો તે પાલવી જોઈશે, તે પાલીઆ વીના છુટકો નહી." આ દુનીઆની અંદર જે જુવાન પુરૂશોને પેસવું હોએ તેઓએ આ ઊપલી તુક શીખામણ ઊપર અમલ કરવો. આપણે ઘણાં માણશો જોએઆ છે અથવા ઘણાં માણશો વીશે શાંભલીઊંછે જેઓ માતરે ઊપલી રીત પરમાણેજ ચાલેઆથી શુખી થએઆછે, અને આ દુનીઆમાં સોહારે મરતબે પોહોંચેઆછે.

---

## મોહોટા બાવા ઊંદર.

શઘલાં શમજુ માંણશોને લાએકછે કે બુઢા માણશોની મશકરી કરવાની બંધ કરે, અને જેમ બને તેમ તેઓની માંઓજત અને બરદાશત લે. પણ આ જે કેટલાએક નાદાન છોકરા અને છોકરીઓ તેમા ઘણી વખત મોહોટી વએના માંણશો પણ શામેલ થાએ છે, અને કોઈ બીચારો જઈફ નાતવાન બુઢ્ઢુ માણશ તેઓના હાતમાં આવીઊં અને તે જો જરા જમાનાની અશરથી છુતી, અથવા કમ અકલ નજર આવીઊંતો પછી તે બીચારાને એહેકાવા માંડેછે, તેની ઠઠ્ઠા મશકરી કરેછે, અને કોઈતો વલી હેવા નાતરશ હોએ છેકે તે બીચારાની એવી મશકરી કરેછે કે તેના લાગેર બદનને ઈજા પોહોંચેછે, જેથી તે જઈફને ખરેખર ઈજા પોહોંચેછે, અરે મારા પીરીઅ મીતરો તમે કોઈ બી જઈફ અને બુઢાને જરાપણ ઈજા નો પોહોચાડશો: ઈઆદ રાખજો કે કદાચ તમારો પણ એક વખત એવો આવશે કે તમે પણ તેવી લાચાર હાલતમા આવી પડશો. વાશતે બુઢાં માંણશો પછી તે તમારા પોતાના મા બાપ હોએ અને ગમે એવા તમારા વીચારથી ઊલટા અને તમને દુઃખ પોહોચાડતાં હોએ તો એપણ આખેરે તેઓ તમારાં માબાપછે વાશતે શમજુતીથી જેમ બની આવે તેમ તમે દુખ ખમીને પણ તેઓને શંભાલી લેજો, તેઓને મોહોતાજમંદ ના રાખશો, તેઓને હલાક થવા ના દેતા. બની આવે એટલી મદદ કરવાને હંમેશ તમારો ધરમ ગણજો. વાંચો આ નીચે લખેલી બીના. જુઓ પશુ અગનેઆની પરાણીમાં કેટલી ઈશવરે મઆ બખશીછે. અરે! જુઓ તેઓ પોતાના બુઢા, આંધલા, અથવા શરીરે કોઈ પણ રીતે અશકત થએલાંઓની કેવી બરદાશત લેછે. એ દાખલો શરવ કોઈ દીકરા અને દીકરીએ લેવો જોઈએ.

એક ઠેકાંણે ઘણા ઊંદરોની દોડ જોઆમાં આવી, એણીગમથી પેલીગમ અને પેલીગમથી એણીગમ દોડા દોડ ચાલતી હતી, શઘલા જાણે રમત કરતા હોએ એવું દેખાતું હતું. તેવામાં એક બાજુએ એક ઊંદર એક નાહાની લાકડીનો એક છેડો પોતાના મોહોડાંમાં પકડીને તાંહાં આવેઓ તે લાકડીનો બીજો છેડો એક બીજા ઊંદરે પોતાના મોહોડામાં પકડેલો હતો. બેહુ જણ હલુ હલુ ચાલતા હતા, તે ઊપરથી શક ઊતપન થઓ કે એ શું હશે. તે બંધેને પકડેઆ, તપાશ કીધી તે ઊપરથી માલુમ પડીઊં કે એક આંધલો પણ મોહોટી વએના ઊંદરને એક નાહાનો ઊંદર તે રમતમાં રમાડવાને લાવેઓ હતો. ખરેખર તે મોહોટો ઊંદર તેનો બુઢ્ઢો બાપ નહી હશે વારૂ!

૧૭૫૭ ના શાલમાં એક વોહાણમા એક કપતાન તરતનો જમીને પોતાના કોચ ઊપર લેટેલો હતો. તેવામાં એક ઊંદર તેની કેબીનમાં આવેઓ અને જાણે શઘલી તરફ તપાશ કરતો હોએ તેમ આશપાશ જોવા લાગો. કપતાન કંઈ હીલીઓ નહી. તે ઊંદર પાછો ગીઓ અને થોડા વખતમાં એક બુઢા નાતવાન આંધલા ઊંદરને કાનમાંથી પકડીને હલું હલું ખેંચી લાવેઓ. થોડા વખતમાં એક તરીજો નાહાનો ઊંદર તાંહાં આવી લાગો, અને તે બેહુ જણાએ મલીને ટેબલ તલે પડેલી બીશકીટની અને તેવા બીજા ખોરાકની કગરશો ચુંટીને પેલા બુઢા આંધલા પોતાના મોહોટા બાવા ઊંદરના મોહોડા આગલ મેલી અને તેને શારીપેઠે ખવડાવીઊં, અને તાંહાંશુધી પોતે જરા પણ ખાધું નહી!

અહો! જારે આપણ કરતાં અગનેઆની પરા

ણીઓ પોતાના ખુદા માં બાપોની આવી બરદાશત કરેછે તારે આપણે જો નહી કરીએતો આપણે કેટલા નીમક હરામ!

---

## એક અજાએબ જેવો દીવો.

વીદીઆ તથા હુનરના બલથી માણસોએ આ દુનીઆમા ઘણી નવાઈ જેવી શોધો કીધીછે, અને હજી પછી કોણ જાણે બીજી કેટલી શોધો થશે. આગગાડી, ઈલેકટરીક ટેલીગરાફ (તારની મારફતે શંદેશા પોંહચાડવાનું ઈન્અંતર) હવાઈ શનશ ઈતીઆદી ચીજો થી હવે આપણાં લોકો જાજાં અણજાણ નહી હશે. હવે જો કોઈ એક એવો શવાલ પુછેકે એવી માહાભારત શોધો જે થાએછે, તે ઘણી ખરી બલકે શવલી ઈઊરપખંડમાથીજ થાએછે, અને બીજે કેથેથી ઘણું કરીને થતી નથી તેનું શું કારણ? શું બીજાં દેશોનાં લોકો કરતા ઈઊરપખંડનાંજ લોકો વધારે કાબેલછે? તો એ પરશનનો ઊતર શેહેલથી આપી શકાશે, કે તેમ નથી, પણ ઈઊરપખંડના લોકોમા એક જાતનો જુશો છે, જે ઘણું કરીને બીજાં કોઈ લોકોમાં જોએઆમાં આવતો નથી. અગર જો એક ચીજ કરવા માંડી, અને તે કરવા વીશે જો મનપર લીધું તો ઈઆદ રાખજો કે ઈંગરેજ લોક તે કામ પાર પાડીઆ વીના રેહેનાર નથી, પછી ગમે એટલી અડચણો તે કામમા કાં આવતી નથી. તેઓ તે કાંમ પુરૂં કરવાને માટે પોતાથી બનતી શઘલી કોશેશો કરશે, અને છેક શુધી કશી હારી ખાનાર નથી, તેઓ એક ઊપાએ કામમા લઈ જાશે. અગર જો તેમાં તેઓ નીશફલ થએઆતો તુરત તેઓ કાંઈ એવી બીજી ઈઊકતી શોધી કાહાડશે કે તે બંદ બેશતીજ હોએ અગર જો એ ઈઊક્તીમાંપણ તેઓ નાશીપાશ થએઆતો તેઓ પોતાનુ કામ બંધ પાડનાર નથી, પણ વલી શારી પેઠે વીચાર કરીને કાંઈ એવી ટલાવટ લગાડશે કે જે આબાદ લાગુ પડે. અને એમ એક પછી એક કોશેશ જારી રાખે આથીજ ઘણું કરીને એ લોકો પોતાનાં દરએક કઠણ કામોમાં પાર પડેછે એ પરમાણે એક કામના અડચણ આવી પડેઆથી તે મટાડવાને તેઓને નવા નવા ઊપાએઓ શોધી કાહાડવાની જરૂર પડેછે એ ગલા વખતમા ખાણોમા બતી લઈ જવાની ઘણીજ અડચણો પડતી હતી, જો તે ખાણમા બતી લઈ જએ આમાં આવતીતો તે માહે જે શલગી ઊઠે એવા પદારથો હોએ તે તુરત શલગી ઊઠતા અને તેથી કરી બતી લઈ ખાણોમાં જવાને લોકોની હીમત ચાલતી ન હતી. અલબતાં એવી મોહોટી અડચણ આવી નડીઆથી કેટલાક લોકો ને વાત પડતી મુકતે પણ ઈંગરેજનું મન એવું નથી, તુરત તે અડચણ મટાડવાના ઊપાએ લોકોએ શોધવા માંડેઆ અને તે કોશેશમા શર હમફરી ડેવી નામનો એક શખશ પાર પડેઓ. એ ઘણીએ જુગતી લગાડી બતીની આશપાશ ગાજના જેવી તારની બારીક જાલી લાગુ પાડી કે જેથી કરી માતરે તે બતીનું અજવાલુંજ પડે પણ કોઈ પદારથ ઊપર તેની અશર લાગુ પડે નહી. એ દીવો ઘણી કીમતી અને ફાએદા ભરેલી શોધ ગણાએછે, અને તે ડેવીસ શેફટીલાંપ (ડેવીએ બનાવેલો શલામતી ભરેલો દીવો) એવાં નામથી ઓલખાએછે. વલી હાલ એક વધારે નવાઈ જેવા દીવાની શોધ થએલી શંભલાએછે. એ દીવા વીશે એવું જણાવેઆમા આવેછે કે તેને પાણીની અંદર જો ડુબારીઓ હોએ, તો તાંહા પણ તે રોશની આપેછે. એ બતીની તપાશ કરવાને માટે એક મંડલી ઠરાવેઆમા આવી હતી કે તે વીશે તલાશ કરીને જાહેર કરે એ મંડલીની હજુર હડી કલાક શુધી એ દીવાની તપાશ ચાલી, જે તપાશ મન માંગતી ઊતરી, પેહેલાં તે દીવાને એક વાહાણમાંથી તરણ ફુટ પાણીમાં ઊતારીઓ; તે વેલાએ તે દીવાનાં ઊજાશથી, વાહાણને ટલીએ મારેલાં તરાંબાનાં પતરાં જોનારાઓની નજરે પડેઆં હતાં; વધારે તાજુબ શરખુ એ હતું કે ને દરએક પતરાની શાંધ અને તે ઊપર મારેલા ખીલા વરીક દેખાએઆ હતા, તારપછી તે બતીને છેક ૨૪ ફુટ પાણીમા ઊતારી તાંહાંપણ તે તેવાંજ તેજથી બલીઆ કીધી હતી, ખરેખર એ દીવો વાહાણ શમારવાનાં કામમાં ઘણો ઊપઓગી થઈ પડશે. કેટલીક વખતે વાહાણના તલીઆંને જરા લગાર શમારવાને માટે ગોદીમા લેવાં પડેછે, તે અડચણ હવે મટી જશે, અને થોડું ઘણું જે શમારવું હશે તે હવે એ બતીની મારફતેજ કીધામા આવશે. અને એ વગર વાહાણ ખાતાંમા એ બની બીજી ઘણી રીતે ઊપઓગી થઈ પડશે.

## રાંધણ શાલા.

આપણાં લોકોમાં એક રાંધણ શાલાની જરૂર જણાએછે. એવી એક નીશાલ જો હોએતો તેથી ઘણીક તરેહનો ફાએદો થાએ—ગરીબ ગુરબાંનાં બચાંને એ નીશાલોમાં રાંધવા શીખાડઓમાં આવે, તથા થોડો થોડો વાર તેઓને નીતીની કેલવણી આપેઆમાં આવે એવી નીશાલોમાં જે બાવરચીઓ તઈઆર થાએ તે બે રીતે ઊપઓગી ગણાએ, એકતો એકે તેઓએ કાબેલ રાંધણીઆનાં હાત તલે કેલવણી લીધેલી તેથી તે શારી રીને તથા શવાદદાર પકવાનો પકાવી શકે તથા બીજું એકે તેઓમાં નીતીની અશર પેદાથી જેમ હાલ આપણાં લોકોને ચાકરો વીશે વારે વારે ફીઆદ કરવી પડેછે તે મટી જાએ. કુટુંબમા ચાકર પણ અતલગનો શંબંધ ધરાવનાર એક આશામી થઈ પડેછે, કેટલીક બાબદોમાં ચાકર ઊપર બરોશો રાખવો પડેછે, ચાકરના હાતમાં ઘરની ઘણી ખરી શંભાલ રેહેછે, જેમ પોતાના કુટુંબનું એક માણશ તેમજ તે કુટુંબનો ચાકર પણ ગણાએછે; પણ તે ચાકર જો શારા વીચારનો ન હોએ તો પછી તે કુટુંબની શી અવશથા? ઘણીવાર ચાકરોની બેરડાઈ તથા લુચાઈના દાખલા જોએઆમાં આવેઆછે, પણ અજબ જેવું છે કે એ બાબદ ઊપર હજીશુધી કોઈનું ધેઆન પોંહોંચીઊં નથી. અગરજો એક રાંધણ શાલા ઈશથાપેતો તે માહેથી જે માણશો બાહાર પડશે તે-તે ઊપર જાણાવેલી શઘલી બાબદોમાં લાએક જણાશે. ઈંગલંડ જેવાં શુધરેલાં દેશમાં એવી શાલાની અગત માલમ પડીછે. હાલ તાંહાંના એક મોહોલામાં રાધણશાલા ઈશથાપેલીછે, તેશાલા તરણ મતલબ ધરાવેછે—પેહેલું એકે એ નીશાલમાં જે પકાવેઆમાં આવે તે ગરીબ લોકો જેઓ વગર ઘરબારનાં હોએ, તેઓને શશેતી કીમતે અને શાદુ પણ શોજું ખાણુ આપે, તો જેથી કરી તેવાં માણશોને ભઠીઆર ખાને રખડી પઈશા ટકા ખરચીના પશંદ ખોરાક લેવાને ફરજ પડે નહી. ગરીબ ગુરબાંનેજ એ શાલાનો લાભ મલે એટલુંજ નહી, પણ કામદાર માંણશો જેઓનો કેટલોક વખત રાંધવા શીધવાની ખટપટમાં નકામો જાએ તેઓને પણ જો આએવું તઈઆર ભોજન મલેતો ઘણો ફાએદો થાએ—બીજી મતલબ એકે નાહાની છોકરી તથા છોકરાઓને એક કાબેલ બાવરચીના ઊપરી પણા હેઠલ તરેહવાર રીતે રાંધતાં શીખાડઓમાં આવે, જેથી કરી તેઓને આગલ ચાલતાં પોતાનું ગુજરાંન ચલાવવાને ભારી પડે નહી; તે શાથે એ શીખનારાઓને તે નીશાલનો ધણી અથવા વડો અને તેની બાએડી દરરોજ થોડો થોડો વખત નીતી શંબંધી તથા વીદીઆ શંબંધી કેલવણી પણ આપે, જેથી કરી તે ચાકર બધી રીતે ઊપઓગી થઈ પડે—તરીજી મતલબ એ નીશાલની એવીછે કે કેટલીક છોકરીઓનો એક જુદો વરગ કરીને તેઓને એવી રીતની તરબીઅત આપવી કે જેથી કરીને તે છોકરીઓ માદાં અને આજારી માણશોની ખીદમત કરવાને લાએકની થાએ. ખરેખર એ તરીજી મતલબ ઘણી ગુણગારીછે, માદા અને બીમાર માણશો જેઓ દુખ દરદથી કંટાલતાં ખાટલે પડેલાં હોએ તેઓની ખરદાશત કરવાને લાએક ખીદમતગારો હોએતો પછી તેઓનાં દુખમાં હરબો હરઘ ઘટાડો થાએ. માદાં આદમીને શારાં અને થંડા શવભાવની તથા માએઆલુ ખીદમતગારની વધારે અગત પડેછે, એ અગત જો પુરી પાડેઆમાં આવેછેતો તેઓને બીજી બાબદોની જાજી દરકાર રેહેતી નથી. માટે ઊપલી નીશાલમાંથી એ વરગમાં જે છોકરીઓ તઈઆર થશે તે ઘણી ઊપઓગી થઈ પડશે. હમો દીલો જાનથી ચાહીએચ કે આપાણા લોકોમાં પણ એક એવી નીશાલ થાએ.

---

## શુધારો.

જેમ જેમ શુધારો થતો જાએછે તેમ તેમ તરેહવાર બાબદો ઊપર દેશ હીતકારીઓનું દીલ લાગેછે, અને તેથી કરીને લાંબી મુદત શુધી જે અડચણો ચાલતી આવેલી હોએછે તેનો હલુ હલુ નીવેડો આવતો જાએછે. આપણાં લોકોમાં સ્ત્રી કેલવણીનો પશારો થએલો હતો નહી, બાલ લગન કરવાની ટેવ પડી ગઈ હતી, ધુતારાઓના ફંદ ફીતુરોથી લોકો અણજાણ્યાં હતા, અને તેથી તેવા ધુતારાઓની ચુંગાલમાં ફસીકવાર આપણાં કેટલાંક લોકો એવાંતો આવી ફશતા હતાં કે જેમાથી મોકલાં થવાને તેઓને બહુજ અડચણો પ

ડની હતી, તથા તેઓ પોતાની આબરૂ પણ ખોતા હતાં; તેમજ ગઊશીતલા મુકાવવાની બાબદમાં આપણા લોકો ઘણાંજ પછાત પડેલાં હતા, પણ જેમ જેમ શુધારો થતો ગએઓછે, તેમ તેમ હવે આપણને એવી બાબદો વીશે વધારે ફરીઆદ કરવાનાં વધારે કારણો નથી સ્ત્રી કેલવણીનું કામ બે ધડકથી ચાલેછે, અને જાહા અગાઊ નીશાલોમાં બેચાર છોકરીઓ મેલવવાનાં શા શા હતા તાહા હવે બબે ચચારશો છોકરીઓ થઈ પડીછે. બાલ લગનની બુરી તથા અગુણબારી રશમમા ઘણેક દરજજે ઘટાડો થએઓછે, ઠગારા અને ધુતારાઓની ચાલથી આપણાં લોકો શારી પેઠે વાકફગાર થઈ ચુકાછે, હવે એઓની રોજી આગલનાં જેવી ચાલતી નથી, તથા. તેઓના બોલવાં ઊપર લોકો થોડુંજ ધેઆન આપેછે, જાહા અગાઊ શીતલા મુકવાને એક બાલક હાતમા આવી શકતું ન હતું તાહાં હવે દર મહીને શેંકડો બાલકોને વાહીઅડ મુકેઓમા આવેછે, અને એ વગર બીજી ઘણીક બાબદોમા હલુ હલુ શારો શુધારો થએઓછે, એથી કરી શુધારાના ચાહનારાઓને કાંઈ થોડો હરખ નથી ઊપજનાર.

શાહેલીઓ તમો પણ જરા ધીરજથી એકુ વખતે પરવારતાં બેશીને વીચાર કરો, અને જે કેટલીક બાબદો તમારા શંશાર ખટલામા શુધારવા લાએક હોએ તે શુધારવાની તજવીજ કરો. હરેક કામ એકદમ કરવાની કશી જરૂર નથી, ધીરે ધીરે જે થશે તે વધારે ચોકશ બણાશે. કહેવતછે કે "ધીરા કામ શાહેબનાં" તેમ જો ધીરજથી હરેક શુભ કામ કરવાને તમો ઠરાવ કરશોતો બેશક તમો તેમાં પાર પડશો, 'અને તેથી તમોને લોકોથી માન પણ મલશે. આપણા લોકોના શંશાર ખટલામાં ઘણીક બાબદોમાં શુધારો કરવાની જરૂરછે, તે ઊપર તમોએ ધેઆન પોંહોચાડવું જોઈએછે.

## જમીનની અંદરની ગરમી.

જમીનની અંદરના ભાગમા અતીશએ ગરમી છે એની શાબેતી જેમ જેમ આપણે જમીનની ઊંડાનમા ઊતરીએછ તેમ તેમ વધારે વધારે ગરમી માલુમ પડીઆથી થાએછે, ઘણીજ ઊંડી ખાણોમા ઘણીજ ચોકશ તપાશો કીધા ઊપરથી શાબેત કીધુછે કે ૧૦૦ ફુટ ઊંડા ગઓ પછી જમીન ઊપર હવાની જેવી ફેરબદલી નરમ ગરમ લાગેછે તેવી તાંહાં કંઈ લાગતી નથી. તાહા એકજ તરેની રૂત અને તે તમામ ગરમીનીજછે, અને એક ચોકશ કાએદા પરમાણે તે ગરમી વધતી જાએછે તે એવે દર ૬૦) ફુટ ઊંડાઈએ જતાં પારાની શી રીતે એક એક ડીગરી વધતી જાએછે. આ બીનાને ટેકો પારીશ શેહરનો એક ઘણોજ ઊંડો કુઓ જે ૧૭૯૧ ફુટ અથવા નજદીક ૧/૩ માઈલ ઊપર ઊંડાઈમા ગએઓછે તેથી મલેછે; તે એમકે તે કુઆના પાણીની ગરમી તપાશી જોતા ૮૧ ડીગરી ચહડેછે અને તે કુઆની તથા આશપાશની જગાની હવામાની ગરમી ૫૧ ડીગરી તપાશેતા માતરે પારો ચહડેલો રેહેછે તારે ૩૦ ડીગરીનો ફેર જે પાણીમાં માલુમ પડેછે તેનુ કારણ એટલુંજ કે ઘણી ઊંડાનમાંથી પાણી આવેછ તે તે ઊંડાંનની વધારે ગરમી શાથે લેતું આવેછે એ ગણતરી ઊપરથી આપણે શાબેત કરી શકશું કે કેટલી ઊંડાન ઊપર પાણી પોતાની મેલે ઊકલતું રેહેતું હશે. ફકત ઊપર લખેઆ પરમાણે જો ૬૦ ફુટે ૧ ડીગરી જો ગણીએ તો ૭ માઈલની ઊંડાઈએ તમામ ચીજ લાલ તપાવેલા લોહોડા જેવી હાલતમા હશે.

## દરીઆના મોજાનુ કઉઅત.

ઈશકાટલંડની ઊગમણ દીશાએ જરમન શમુદરની તરફથી દરીઆના મોજાનુ જોર દરએક ઈશકેઅર ફુટ ઊપર ૧॥ ટનના બોજાના અફળાવા જેટલુ છે. પણ એથી બમણ જોર અટલાનટીક માહાશાગરના મોજાનુંછે. તારે એ પરમાણે આટલાંનટીક માહાશાગરના કીનારા ઊપર બે ઈશકેઅરવાર જમીન ઊપર મોજાની છોલ ૫૪ ટનના ધકાથી અફળાએછે ૧૮૨૪ ના ઈશવી શાલમા એ માહાશાગરમાં તોફાન થઈઊં હતું તારે મોહોટ ચોહાય પથરોના ચોશલાં ને ચોશલાં પાહાડોમાંથી શો શો ફુટના છીટાં ઊપર જઈ પડેઆ હતાં. એક પથરનો કકડો ૭ ટનના બોજાનો ઊછલાઈ ૧૫૦ ફુટ દુર જઈ પડેઓ હતો. બે ટનનો એક કકડો મોજાના શપાટામાં આવી અચાથી ઊંચે કેટલોક વાર શુધી હવામાં ઊછલાએલો રેહો હતો.

## નાહાની વારતા.

એક સખી ઘરહસ્થ દર રોજ એક ફકીરને ખેરાત કરતો હતો કેટલુ એક શુધી તે ખેરાત ચાલી પણ પાછલથી ફકીરને મલતું હતુ તે બધ પડીઉ ફકીરને ખાલી હાથે પાછુ જવુ પડતું હતુ તેથી તેને ઘણી રીશ ચહડતી હતી અને તે બરબડીને પાછો જતો હતો એક દાહાડે પેલા ગરહસ્થનો એક ચાકર ફકીરને મલીઓ તેવોજ ફકીર તેને તથા તેના શેઠને ગાલો દેવા લીઓ તથા તેને મારવાનો ધસારો કીધો. ચાકરે કહેઉ કે પાધરો રેહેછે કે નહી દાહાડીના બાલ એક પણ રેહવા દેઈશ નહી મારા શેઠ ઊપર તારૂં ઈઆ તારા બાપદાદાનુ કાઈ લેણું હતુ કે? તેની ખુશીથી તુને આપતો હતો અને હાલ તેની મરજી નથી કે વધારે તુને આપે તને રીશે ભરાવવાનુ કસુ કારણ નથી "

ઊપલા બોલવાથી કશી અસર ફકીર ઊપર થાઈ નહી જાણે પોતાનુ માગતુ ડુબીઉં હોએ અથવા પોતાનો વાજબી હક ખોઓઓ હોએ તેમ તે ખેદ પામવાલાગો

**તાતપરીઅ**—માણસ ઊપર પરમેશવર ઘણી નવાજેશ કરેચ પણ જારે તેમાની કાઈ ઓછી થાઈ કે પછી બરબરડવા અને ફરીઆદ કરવા મડી જાએ છે પરમેશવર આપણા વગર માગવે આપણને આપેછે વાશતે અગર વગર પુછવે આપણી પાશેથી તે લીએ તો તે મુખતીઆરછે તે સાહેબે આપણને આપીઉ તેથી આપણો કશો દાવો નહી રહેઓ કે દરરોજ તેમ આપતો જાએ તદરોશતી ઘટી, ઘરમા ઓહોત થાએઉ તો બરબડ અને ફરીઆદનુ કસુ કારણ નથી.

## જાણવા જોગ બીના.

લડન શેહરમા ઘોડાની બાડે ગાડી ફરેછે તેને શારૂ ૬૦૦૦ છે હજાર ઘોડાછે, અને ૩૦૦૦ તરણ હજાર માણશો કામે લાગેલાછે, એ ગાડીઓ રોજની ૩૦૦૦૦ તીશ હજાર માઇલની મુશાફરી કરેછે, અને ૧૦૦૦૦૦૦ દશ લાખ માણસો લઈ જાઈ લાવ કરેછે. આપણી ટાપુમા સઘલી મલીને ૫૦૦ બાડેની ગાડી હશે

જારે કોઇ માણસનુ મોહોત આવીઉ અને તે મરણ પામેઓ, કે **લોક** પુછ પરછ કરેછે કે તેની પાશે **શુ** અને **કેટલી પુંજી** નીકલી, **ફરેશતાઓ** પુછ પરછ કરેછે કે તેની **શુ** અને **કેટલી નેકી** અથવા **ખુબી** એકઠી થઇછે

તપાશ કરેઆ ઉપરથી શાબેત થઇછે કે જો ૬૦ ફુટ જમીનની અદર ઉતરેઆતો એક ડીગરી અશ ગરમી વધેછે, અને એ પરમાણે દર ૬૦) ફુટે એકક ડીગરી ગરમી વધતી જાએછે ફરાસમા પારીસ શેહરમા એક પાતાલ કુઓછે જેની ઉડાઇ ૧૭૯૧ ફુટછે એ ઉડાઇમાથી પાણી આવેછે તે પાણી ૮૨ ડીગરી ગરમછે, અને કુઆની આશપાશની હવાની ગરમી માતરે ૫૧ ડીગરી હોએછે. માટે ૩૦ ડીગરીનો ફેર પડેઓ તે જમીનની અદરખાનેની ગરમીના શબબથી એજ પરમાણે જો ગણતરી કરીએતો જમીનમા ૭ માઇલની ઉંડાઇએ ગરમી એટલીતો વધી પડેલી હોવી જોઇએકે શઘલી ચીજો તે જગાએ તપાવેલા લાલ લોહોડા જેવી હશે

ઈ. શ ૧૮૪૮ ના શાલમા, લડન શેહરમાની વશતીની શુખાકારીને લગતો તપશીલવાર અહેવાલ છપાએ તેમા એવુ જણાવીઉ હતુ કે દર ૧૦૦૦૦ દશ હજાર છોકરાઓનો જનમ થતા, ૬૧ માતાઓ મરણ પામી હતી તેઆરપછી એવી જાતના મોહતમા ઘણો ઘટાડો થઇ પડેઓછે તે એ પરમાણે કે ૬૧ ને ઠેકાણે ૫૮ થઈ—તેઆર પછી ૫૫—૫૩—૫૨ ૫૦ અને ૧૮૫૪ ના શાલમા માતરે ૪૭ મરણ થઆ હતા આ અહેવાલ ખુશ ખબરી ભરેલોછે, અને એ શબેઆમા હજુ પણ ઘટાડો થાશે એવી ઉમેદછે જો તેવી હુશીઆર અને વર્તન ભરેલી ચાલાક કેલવણી પામેલી દાઇઓ શીકી તઇઆર થઇતો બાલકના જનમની વેલા જે સાધારણ રીતે મોહોત થાએછે તેમા ઘણો અટકાવ થઇ પડશે, એમા કઇ શક રેહે નથી

**કાગજ**—ઈ શ ૧૮૩૦ થી ૪૪ શુધીમા ૩૧૪૨૩ એકતીશ હજાર, ચારશો, તેવીશ ટન કાગજ બનાવેઆ હતા પણ તેઆરપછી તેનો ખપ એટલેતો વધી પડેઓ કે ૧૮૪૯ થી ૧૮૫૩ પાછી તેટલીજ મુદતમા ૬૭૫૧૫ સડશટ હજાર, પાહાનશો, પદર ટન, આગલના કરતા બે ઘણો વધારે ખપ થઇ પડેઓ. આટલી વધ થઈ પડી તોએપણ ઇગલડના કે

રતાં બીજા દેશોમાં એથી પણ વધારે ખપ થતો માલુમ પડે છે. અમેરીકામાં વરસ દાહાડે દરએક માણસ પછવાડે ૧૩ રતલ કાગજનો ખપછે; ફરાંસમાં ૯ રતલ; બેલજીઅમ અને હાલંડમાં ૮ રતલ; અને ઈંગલંડમાં ઉપર લખેલા હીશાબ પરમાણે ગણતાં દરએક માણસે કાંઈ થી તે ૭ રતલ સુધી ખપ થાએછે.

---

**શુનામખીનો જુલાબ**—સાહેલીઓ તમો સારી પેઠે જાણોછોકે જુલાબ લેવામાં શુનામખીનાં પાતરાં ઘણાં કામ લાગેછે, તોપણ એ જુલાબ પશંદ પડતો નથી, તેનાં બે કારણો છે એકતો એકે તે પીવાને ઘણો બેશવાદ લાગેછે એટલુંજ નહી, પણ તે કાવામાંથી કોઇ એવો વાશ નીકલેછે જે ઘણેજના પશંદ હોએછે, તથા બીજું કારણ એછેકે એ જુલાબ લીધાથી પેટમાં દુખી દુખીને પછી પેટ આવેછે. એટલા માટે ડાકટર લીનંથરન નામનો એક વઈદ એવી ભલામણ કરેછે કે એક અથવા બે દરામ શુનામખીને એક અથવા બે પેઆલાં થંડા પાણીમાં આખી રાત ભીંજવી રાખવી—પછી બીજે દાહાડે સવારના પોહોરમાં તે પાણીના અંદર **કાફી** બનાવીને પીવી એટલે તે સવારે પણ સારી લાગશે તથા પેટમાં થતો દુખારો પણ બંધ પડશે, અને તેથી વલી પેટ પણ શાફ આવશે.

---

**દરીઆની ઊંડાઈ**—યુનાઈટેડ સ્ટેટ્સના દરીઆવરથી અમલદારોએ દરીઆની ઉંડાઈ વીશે જે તપાશ કીધીછે, તે ઉપરથી અતીઆર સુધી એટલુંજ માતરે જણાઈ ઉછે કે માણસો ૨૦૦૦ વાંભ, એટલે આશરે હડી માઈલ સુધી દરીઆની અંદર જઈ શકેછે.

---

**આફરીકા ખંડ માહેલી ઓરતો**—એક જણ કહેછેકે આફરીકા ખંડના મધીઅ ભાગમાં વશનારા લોકોમાં ઓરતો વધારે સરદારી ભોગવેછે, કેહેછે કે તેઓ મરદોને ખવરાવેછે તથા ઓરતને પોતાની સાથુને લાકડાં લાવી આપવા પડેછે. કોઈ માણસ, જે પાંચ બાએડીઓનો ધણી હોએછે તે જારે ઘેર આવેછે તારે પોતાની એક બાએડીને કંઇ પુછેછે તારે તે બાએડી તુરત બીજી ઉપર હવાલો આપેછે, જારે બીજીને પુછેછે તારે તે તરીજી ઉપર હવાલો આપેછે, અને જારે તરીજીને પુછેછે તારે તે જવાબ દેછે કે "જેના ઉપર તારો વધારે પેઆર હોએ તેને પુછ" અને એ પરમાણે જાંહાંવેર તે છેક ખીજવાઇ જાએછે તાંહાંવેર આંગલીઓથી તેણીગમ ટ-કેલા ખાએછે. તે કંટાલેલો તથા ખીજવાએલો એટલુંજ માતરે કરી શકેછેકે એક મોહોટાં જાડ ઉપર ચહડેછે, અને તાંહાં જઈને મોહોટેથી બુમ પાડેછે કે "હું તો ધારતો હતો કે માહારી પાંચ બાએડીઓછે, પણ હવે મહને જણાએછે કે માહારી પાસે પાંચ બાએડીઓ નથી પણ પાંચ ઓરોછે." અગર જો એક ઓરત પોતાના ધણીને મારેછે તો તેને આ પરમાણે શજા કરેઆમાં આવેછે કે બધે વર બાએડીને ચકલા ઉપર લઈ જઈ ઉભા કરેછે, અને પછી પેલી બાએડીની પીઠ ઉપર જુલમથી તેના વરને બેસાડેછે, અને પેલી તેને પોતાને ઘેર લાવીને ઉતારેછે. એ વેલાએ આશપાશ ઉભેલાં લોકોમાંથી તરેહવાર અવાજો નીકલેછે.

---

**વીજલીનો તાર**—અમેરીકામાં સઘલાં મલીને વીજલીની મારફતથી ખબર પોહોંચાડવાને ૪૧૩૯૨ એકતાલીશ હજાર, તરણસો બાણુ માઈલ સુધી તાર ફરી વલેલોછે.

---

**કશરત**—એક લખનાર જણાવેછે કે જેમ ઘણું ખાધાથી આપણું શરીર પુશટ થતું નથી, પણ ખાધેલું જેરવીઆથી આપણું શરીર માતેલું થાએછે, તેમજ આપણી આવક અથવા પેદાશથી આપણે માતબર થવાનાં નથી, પણ તે આવક અથવા પેદાશમાંથી, મુઆફકશર ખરચ કરી, તે માહેથી કાંઈ બચાવી રાખેઆથી આપણે માતબર થઈ શકીશું.

---

**ખરા નીચ**—ગરીબ પોતાની ગરીબાઇથી શરમાએ, અને જે તવંગરે ગરીબાઇનો ધીકાર કીધો, તો એ બંને જણા ખરાજ નીચ અને નાહાના મનવાલા ગણાવાના.

---

**ઊંદર**—આ જનાવરના નામથી કોઈ અણજાણ્યું નહી હશે. એક વખત જો એ જનાવર વાંહાણમાં લાગુ પડીઉં તો પછી તે તેમાં ઘણા આરામ તથા સુખથી, જાંહાંવેર તેમાં માલ ભરેલો હોએ તાંહાંવેર રેહેછે. વાહાણમાં એ જનાવરને પાણીની માતરે અડચણ પડેછે, તે અડચણ પણ તરેહવાર યુકતીઓ લગાડીને મટાડેછે. વાહાણના સઢમાં વરશાદના દાહાડામાં જે પાણી રહીઉં હોએછે તે ચુશી લેવાને એ જનાવર ખાશે વખત સઢ ઉપર ચહડેછે. અને જારે પાણી નહી જ મલે તારે વાહાણમાં જો કાંઇ દારૂનાં પીપો હોએ તો તે કોતરી તેમાંથી અતીશએ દારૂ પણ એ જનાવર બે પડકથી પીએછે, અને પીને પછી મશત થઈ તાંહાંજ મરેછે. એજ પરમાણે જમીન ઉપરનાં ઉંદરોને પણ દારૂ પશંદ પડેછે. દારૂ

એ જગા ઉપરથી બીજી જગાએ પોહોંચાડવા મારે પીપમા જે નલી મુકેલી હોએછે તે કરડી તે વાટે ઉદરો દારૂ પીએછે એ જાનવરનાં કાન ઘણા શારાછે, જેથી તેને હરેક ચીજ વીશે તુરત ચેતવણી થઈ શકેછે.

**દરીઆમાં થતું નુકશાન**—બીરીટન દેશના કોશતા ઉપર ઇશવી શન ૧૮૫૬ મા શઘલા મલીને ૧૯૫૯ બારકશો ભાગામા આવેઆંછે, એવું જણાવેઆમાં આવીઉ છે

**ખાંણોમાંની દોલત**—ઇશવી શને ૧૮૫૫ ના શાલમાં ગરેટ બીરીટન મધેની જમીનમાથી જે ખણીજ વશતુઓ ખોદી કાહાડેઆમાં આવી હતી તે ૩૨૦૦૦૦૦૦ રૂપીઆની કીમતની હતી, અને જારે તે વશતુઓને શાફ કરી વેચવા લાએક કીધી તારે તેના ૪૦૦૦૦૦૦૦ રૂપીઆ ઉપજેઆ હતા.

**લંડન શેહેરની વશતી**—ઇશવી શન ૧૮૦૧ માં એ શેહેરમા ૯૫૮૮૬૩ માણશોની વશતી હતી, ૧૮૧૧ મા ૧૧૩૮૮૧૫ માણશની, ૧૮૨૧ માં ૧૩૭૮૯૪૭ માણશોની, ૧૮૩૧ માં ૧૬૫૪૯૯૪ માણશોની, ૧૮૪૧ મા ૧૯૧૫૧૦૪ માણશોની; ૧૮૫૧ માં ૨૩૬૨૨૩૬ માંણશોની, અને ૧૮૫૭ મા (એટલે ગએઆં વરશમા) ૨૬૨૫૦૦૦ માણશોની વશતી હતી. ઉપલી ગણતરી ઉપરથી એવું જણાએછે કે ઇશવી શન ૧૮૦૧ થી તે ૧૮૫૭ શુધી ઇઆને ૫૬ વરશની મુદત મા એ શેહેર મધે ૧૬૬૬૧૩૭ માણશોની વધ થઇ હતી.

**શાબુનો ખપ**—એવો અડશટો કાહાડેઆમાં આવેએછે કે ગરેટ બરીટન મધે રેહેનાર દરએક આદમી દર વરશે શાત રતલ શાબુ વાપરેછે. એ ગણતરી ઉપરથી તપાશ કરીને એવું જાહેર કરેઆમાં આવેઉછે કે દર વરશે લંડન શેહેરમા ૯૦૦૦ ટન શાબુ ખપેછે, જેટલો શાબુ બનાવવાને મારે ૫૫૦૦ ટન ચરબી, તથા ૬૫૦ ટન "શોડા" (શાજીખાર) વાપરવો પડેછે. કેહેછે કે જે આટલો. બધો શાબુ વપરાએછે, તે ગટર તથા નાલાંને મારગે થેમશ નદીમાં જાએછે, અને તે માહેલી માછલીઓને એ એક શવાદદાર ખોરાકની મુઆફક થઈ પડેછે.

**મોટા સરોવરો**—ઉતર અમેરીકામા જે પાચ મોહોટા શરોવરોછે, તેઓની તપાશ થઇછે તે ઉપરથી એવું જણાઈઉછે કે તેઓએ ૯૦૦૦૦ ચોરશ માઇલ જગા ઘેરેલીછે. એ પાચે શરોવરોની એકંદર લંબાઈ ૧૫૩૪ માઇલ ગણાએલીછે.

**આરજીઓ**—ઇશવીશન ૧૮૫૧ થી ૧૮૫૬ શુધીના પાંચ વરશમા ગરેટબરીટનની આમની શભા ઉપર દર વરશે ૧૦૨૧૮ અરજીઓ જુદી જુદી તરફથી મોકલેઆમા આવી હતી અને તે અરજીઓ ઉપર દર વરશે શરાશરી ૧૬૮૭૯૩૩ માણશોની શહીઓ થએલી હતી. ૨૪ વરશની મુદતમા એકંદર ૨૯૬૯૪૨ અરજીઓ મોકલેઆમા આવી હતી તથા તે ઉપર ૭૨૧૦૭૩૨૨ શહીઓ થઈ હતી.

**વેહેમી લોહાર**—એક લોહાર જોપણ શરીરે શાજો છતાં તેને એવું લાગતું હતું કે હું આજારીછુ, અને એવા વીચારથી તે પોતાનો એક પડોશી જે વઇદ હતો તેને વારંવાર કંટાલો આપતો હતો કે વઇદરાજ મહને શારૂં કરો વઇદે જાણીઉ કે એ ધણીને કસો રોગ નથી અને કશુ દુખ પણ નથી, તો પણ તેને માઠુ ન લાગે એટલા મારે તેને ભરમમા એમજ કહીઉં કે તમો જરા ખાધા પીધામા શંભાલ રાખજો ભારી અથવા વાએડું પતરૂં ખાતાના એટલે તમને કરાર થશે એ શાભલી તે લોહાર ખુશી થઇ પોતાને ઘેર ગએઓ, પણ ઘર જઈને તે વીચારમા પેડો કે ભારી અને વાએડું ખાવાનું કીઉં અને હલકું ખાવાનું તે કીઉ, પણ તેને કશી શમજ ન પડી તેથી તે પાછો પેલા વઇદ જોડે આવેઓ અને તેને પુછવા લાગો કે વઇદરાજ હલકુ ખાવાનું કીઉ અને ભારી તથા વાએડું ખાવાનુ કીઉ ? એ ઉપરથી તે વઇદને ઘણીજ ચીડ મહુડી કે આ લોહાર અમશથો, આવીને વાર વાર કંટાલો આપેછે, તેથી તેણે ગુશામા આવીને કહીઉ કે "મુરખા તું જાણતો નથી કે ભારી અને વાએડું ખાવાનું કીઉં ?" લોહારે જવાબ દીધોકે "ના માહારાજ હું તેં નથી જાણતો" તારે વઇદે કહીઉં કે "તારી હરણી (એરણ) જે છે તે ભારીછે, અને તારી ધમણ જેછે તે વાએડીછે, મારે એ બંધેને તે ખાવું નહી એટલે તને આપોઆપ કરાર થશે"

**ગનેઆન**—ગમે એટલું ગનેઆન મેલવેઆ છતા એક આલશુ આદમી નકામું ગણાએછે. જેમ બરફના એક મોહોટા કકડાને સુરીઅના તડકામા મુકી રાખીઆથી તે શઘરો કટકો નકામો બરબાદ થાએછે, તેમજ એક આલશુ માણશે મેલવેલું ગનેઆન બરબાદ જાણુવુ જો ગનેઆન મેલવીઉ અને તેને શારી પેઠે કામમા લગાડી, તેનો લાભ બીજાને આપી, તેમા દર રોજ કાઇ નવો વધારો ન કીધોતો તે ગનેઆન નકામું એટલુંજ નહી, પણ તે હલુ હલુ પોતાની મેલે ઓછુ થવાનુ. ગનેઆન એવી ચીજછેકે જેમ જેમ તે બીજાના લા

નેને માટે વાપરીએ તેમ તેમ તે વધારે થતી જાએછે. બી જાં ધન ચોરાયી ચોરવાશે, પણ વીદીઆ ધન ચોરાવાનું ન થી, અને તે કરતાં જો કોઈએ તે ચોરીઉતે તેથી શારૂંજ થવાતું—આપણું બીજું ધન જો ચોરાઈઉતે તેથી આપણને બેહદ નુકશાન થાએછે, પણ વીદીઆ ધન ચોરાએઆથી આ પણને લગાર પણ નુકશાન થનાર નથી. વાશતે જેઓએ ગનેઆન મેલવીઉં હોએ, તેઓને ઘટેછેકે તે પોતાનાં મન માં નકામું રાખી મુકવું નહી પણ તેને પોતાનાં ભાઈબેહેનોનાં કલેઆનને અરથે વાપરવું, એટલુંજ નહી, પણ દરરોજ પોતા થી બનતી કોશેશો કરી તેમાં વધારો કરવો. કેટલાંક મુરખ અને અપઢ લોકો પોતે એકાદ ચીજ જાણતાં છતાં તે બીજાં ને જણાવવાને ચાહાતા નથી—તેઓ એમજ શમજેછેકે શઘ ળું હમેંજ જાણીએ અને કોઈ બીજા ન જાણેતો શારૂં; એવી બેઆનત જેણે રાખી તે કદી શુખી થનાર નથી.

---

**પરગામ જવાનો શોક**—શન ૧૮૪૧ થી ૧૮૫૧ શુધીનાં દશ વરશમાં ૨૮૦૦૦૦૦ લોકો ગરેટબરીટન અને આએરલંડ દેશોમાથી બીજાં દેશાવરો ખાતે ગએઆં હતાં,એવું ગણતરી ઉપરથી શાબેત થાએછે. કેહેછેકે આજ તરણશો વરશ થએઆં કોઈપણ દેશોમાંથી એટલાં માણશો પરગામ ગએઆ નથી.

---

**શારૂં આદમી**—એક જણ કેહેછેકે જીઆરે તમને કોઈ ઘરડું માણશ, ભલું મીલનશાર, ધીરા શવભાવનું, ખુશ મીજાજ નું અને શંતોશી માલમ પડે, તારે તમે એમ ધારજોકે તે તેની જુ વાનીમાં શખત, અદલ અને શબુરીવાલો હતો. હવે તેને પોતા નાં પાછલા વખતમાં પોતાના આગલાં કામો વીશે કશી ધાશ તી નથી, કે નથી તેને કોઈ રીતની પોતાનાં આગલાં કામો વીશે દલગીરી; અને તેમજ તેને હવે પોતાના વખત ને વીશે કશી પરકારે ફીકર નથી, અને [illegible] ખુબીપીજ તે ઘડપણમાં હાવો શુખી જણાય [illegible] પોતાના પાછલા દાહાડા શુખમાં ભોગવવા [illegible] નીમા શચતી, શબુરી, અને નમ્રતાઈ અખતી[illegible] કરવો.

---

**વગર વીચારે બોલવું**, એ વગર નેમે મારેઆ બરોબરછે જેમ નેમ વગરનો ફટકો ખાલી જાએછે, તેમ વીચાર વગરનું બોલવું ફોકટ હવામાં ઉડી જાએછે.

---

## ભરથાર વશ કરવાની ગરબી.

"અલબેલીરે અંબેમાત, જોવાને જઈએ"

એ રાગછે.

લલનાં નહી થાએ લગાર, કામણ મંતર કશે;
આ મંતર કરો ઉચાર, વશ ભરથાર થશે. ટેક.

પરાણ થકી પીઉછો પેઆરા, નેઆરા ન રહો નાથરે
સરવ થકી લાગોછો સારા, હું વેચાઉં તમ હાથ—કામણ૦૧

તનમનમાં રહું સાછ તાછ, રાછ દેખું રાજરે
જો કદી જાણું કાંઈ કુ રાછ, ડુબેઆં દરીએ જહાજ—કામણ૦ ૨

આત પીતાએ મોટી કરીને, હેતે શોંપેઓ હાથરે
સુખ આપો કે દુખ આપો, તમે છો મસતકનાં નાથ—
કામણ૦

ગુણ સાગર ગંભીર છો સવામી, હું અવગુણ ભરી આજરે
પોતાની ગણી પરેમ નીભાવો, બાંહે ગરહેઆની લાજ—
કામણ૦ ૪

સનેહ તમારો જોઈને સવામી, જામી મીલકત જેમરે
ખુબ ખુશી થઈ ન રહી ખામી, પામી પુરણ પરેમ—
કામણ૦ ૫

ભલું કરેઉં ભગવંતે, મારો સુફલ કરેઓ અવતાર રે
મેહેર કરી મન ગમતો આપેઓ, તમ શરખો ભરતાર—
કામણ૦ ૬

સગાં સરવ તમ સારૂં તજીઆં, તજીઆ સઈઅર સંગરે
દોસતી સરવતી દુર કરી, હું રાચી તમારે રંગ—કામણ૦ ૭

આંખ ઉંચેને નીચે અવની, અવર નથી આધાર રે
આશા રાખું એક તમારી, છો સુખના દાતાર—કામણ૦ ૮

જો સુંદરીને રીજે સવામી, તો શોભે શણગારરે
નહીતો તે શણગાર સરવછે, આગ તણા અંગાર—કામણ૦ ૯

દુનીઆમાં નર તમને દેખું, બીજા લાલ ફકીરરે
તુછ ગણુંછું તે સગલાને, હોએ અમીર વજીર—કામણ૦ ૧૦

જલ જંતુને જલ સંગાથે, જેવી પુરણ પરીતરે
પલક પડે જો દુર તરફે, એમ અમારી રીત—કામણ—૧૧

પાર ન લે પરીતી વરણવતાં, સથીર મેથી એક ઠામરે
રાત દીવસે કવીતા રમના જો, રમશે દલપતરામ—
કામણ૦ ૧૨

# સ્ત્રીબોધ.

પુસતક ૨ જુ. ફેબરવારી ૧૮૫૮ આંક ૨ જો.

## વખણાએલી ઓરત.

### હરસીલીઆ અને તેના શાથીઓ.

તાઈબર નદીના કાંઠાં ઊપર એક નામીચું શેહર ઈસવી સનની આશરે આઠશો વરશ અગાઊ વશાવીઊં હતું. એ શેહર આગલ ચાલતા દુનીઆમાં તઊથી નામીચું અને કાણુવાલું ગણાવા લાગું. તવારીખ લખનારાઓ કેહેચકે એ શેહર (રૂમ) નો પાએઓ રેહવાં નાખીઆ તારે આસપાસના લુચા, ભટકનારા અને વાટપાડાઓથી શહર વસાવીઊં પણ વસતી જારી રાખવા શારૂ જારે ઓરતો નહી મલી તારે તેઓના રાજા રામીઊલસે પાશેના લોકો સબાઈનોને કેહેવડાવીઊં કે આપણ એકક શાથે લગનની મારફતે મીતરાચારી રાખીએ. સબાઈનોએ કેહવડાવીગ કે તમો અમો ઘરહશથની છોકરીઓ શાથે પરણવાને લાએક નથી. જેમ તમારૂ શેહર મરદોથી વસીઊંચ તેને લુએકની લંટકુતી અને લુચી રાંડો મેલવો. રામીઊલસ એવો જવાબ શાંભલી મુગો રહેઓ અને પોતાની દરબાર શાથે છુપી મસલત કીધી કે આપણ ગમે તેકરીને સબાઈનોની છોકરીઓ પકડી લાવીએ. રામીઊલસે એ કારણશર એક ઢોંગ કીધો કે ફલાણી જગો એ ખેતર ખોદતાં દેવસથાન નીકલીઊં, જેમ આ દેશના લોકોને ઘણી વખત ભમાવેછે કે ફલાણે ઠેકાણે હનુમાનજી નીકલીઆ અને પછી લોકો તેને જોવા અથવા ઊતાર ચહડાવા જાએછે તેમ રામીઊલસના દેવસથાન પણ જોવા ઘણા લોકો ગીઆ. એ કારણશર રામીઊલસે એક મોટી જાતરા ભરી હતી અને તે જાતરામાં બાહેરના લોકોને ઘણા માનથી મલીઆ અને તેઓને રાજી રાખવાની કોશેશ કીધી. જાતરાને છેલલે દાહાડે રૂમી લોકો હથીઆર પોતાના કપડાંની અંદર શંતાડી આવીઆ અને રામીઊલસે જેવી એક નીશાણી કીધીકે સંધા રૂમીઓએ સબાઈન ઓરતોને ઊંચકી લેઈ જવા માંડીઊં. રૂમીઓએ હથીઆર બાહેર કાહાડીઆં હતા તેથી જે મરદો નાહશ ભાગમાં પડીઆ હતા તેઓને જવા દીધા. જારે રૂમીઓએ સબાઈન ઓરતોને પોતાના શેહરમાં લેઈ આવીઆ તારે તેઓને પટાવવા તથા શમજાવવા મંડી ગીઆ. તેઓ ઘણી બીધેલી હતી પણ જારે થોડી ધાશની નરમ પડી તારે રામીઊલસે તેઓને એકઠી કીધી અને કહીઊં કે "અમો તમુને ઊંચકી લાવીઆ તે કાંઈ તમુને બેઆબરૂ કરવા નહી તમોને જેમ અમો પકડી લાવીઆ ને ચાલ પુરાતમ ઈઊનાનીછે તમુને અમારી ઊપર ચીરડાવાનું જાજું કારણ નથી. ઘણો વાંક તમારા મા બાપનોછે કે જારે તમારી માગણી અમોએ કીધી તારે તે રદ કીધી. તમારી ઊપર જબરદસતી થાઈચ ખરી પણ તેથી તમારી ઊપર પેઆર અને દોશતી થવાની. તમો જલદીથી તમારા વતન તથા માબાપથી છુટા થએઆચ તેનુ દુખ વીશરી જશો કાંએકે તમારા ધણીઓ તમારી શાથે ઘણી સારી રીતે ચાલશે" રામીઊલસે તુરત શંધીઓને પરણાવી દીધી અને સબાઈનની ઓરતો ઊપર પેઆર અને મમતા થવા લાગી તેથી તેઓ પોતાનુ વતન અને મા બાપ વીશરવા લાગી. સબાઈનના લોકો જારે પોતાની છોકરીઓને આ રીતે પકડી લેઈ જતા જોએઊં તારે પેહલાતો માતર રૂમીઓને ધમકી દીધા કીધી અને કેહવડાવીઆ કીધું કે અમારા બચાં અમુને પાછાં આપો. કેટલાએક વરશ રહીને તેઓએ લશકર એકઠું કરીને

રૂમીઓ ઊપર ચહડાઈ કીધી. બંધે બાજુ લડાઈ ચાલીઆ કીધી અને લડાઈનુ કારણ સબાઈનોએ એવું બતલાવીઊં કે અમારી છોકરીઓને રૂમીઓ પકડી લેઈ ગીઆ હતા તેનુ વેર લેઈજીએચ. એ લડાઈની વખને રામીઊલસની ઓરત હરસીલીઆએ એક છુપી મીજલશ ઓરતોની કીધી. તાંહા શંધી જણીઓને શમજાવીઊં કે એ લડાઈથી સબાઈનો મારીઆ જાએચ નેબી આપણા શગા અને આપણા ધણીઓ મારીઆ જાએચ નેથી આપણને બેવડું દુખ વાશતે આપણ વચમાં પડી સુલેહ કરાવીએ.

આવો ઠેરાવ કરી રૂમી ઓરતો આગલ ચાલી, તેઓ કેટલાએક બચાં પોતાની કેડે લીધાં અને સુલેહ માગવા સાબાઈનના લશકર આગલ આવી પોહોચીઆ. સબાઈનનુ લશકર જે તલવાર અથવા તીર કામઠાથી હઠીઊં નહી હતુ તે ઓરતોના જીના આંશુ તથા નાજુક ચેહરાઓથી દબાઈ ગીઊં. લડાઈના મેદાનમા જાહા મરદોની લાશો પડેલી અને ખુનથી જમીન ખરડાએલી તાંહા ઓરતો પોતાના બાલ છુટા મુકેલા અને પોશાક જેવો તેવો બદન ઊપર રહેલો, તેઓની ગોદમાં નાહાના નાજુક બચાં અને તેઓની આંખ હજારો કાલાવાલાના કરતાં શરશ. એ દેખાવ જ માતરે લડાએક મરદો ઊપર અશર કરવાને બશ હતો. ઓરતોની તરફથી હરસીલીઆ બોલી કે "અ અમારી ઊપર તમારો પેઆર હતો તેથી જો આ લડાઈ તમોએ શરૂ કીધીતો તેજ પેઆર તમુને કે હવે કે એ લડાઈ બંધ પડવી જોઈએ. અમારા માબાપથી નાહક અને વગર તકશીરે અમોને પકડી લેઈ ગીઆ ખરાં પણ પકડી લેઈ જનારા હાલ અમારા માટી થાએછે. તમો અમારી ઊપરના જુલમનો વેર લેવાને ઘણો વાર ઢીલ કીધી અને નેટલા વખતમાં અમો જેઓને પેહલે ધીક્કારતા હતા તેઓ શાથે દોશતી અને પેઆરના ઘણા મજબુત ગાંઠમાં બંધાઈ ગીઆ. જારે તઓ લડાઈ કરવા જાએચ તારે અમારા દીલમાં તેઓની ફકર પેદા થાએચ અને, જારે લડાઈમાં મારીઆ જાએચ તારે અમો શોગ કરીએચ. હાલ તમો લડાઈ કરવા આવીઆચ ને કાંઈ અમારી આબરૂનો જવાબ માંગવા નથી આવીઆ પણ ઓરતોને તેઓના પેઆરા ખાવંદથી છુટા પાડવા અને માને બચાથી દુર કરવા આવીઆચ. તમો અમોને બંદમાંથી છોડાવા નથી આવીઆ પણ ઊલટા બંદીવાન કરવા."

હરસીલીઆનુ આવા શખુનોથી સબાઈનોની છાટી ભરાઈ આવી. તેઓએ તુરત રૂમીઓ શાથે સુલેહ કીધી.

---

## મા મારી પીલીને શારૂં દુધ નથી મલતું તેનો શો ઊપાએ.

"કીરચોફ" નામના રૂશીઅન રશાએન શાશતરીએ કાંજીમાંથી શાકર બનાવવાની રીત શોધી કાહાડીછે, તેજ ધણીએ બીજી ઘણી અજમાએશો દુધ અને તેવીજ ચીજો ઊપર કરીછે, તે ઊપરથી એવું માલુંમ પડીઊંછે કે દુધને જો જરૂર પડેતો જેટલા વખત શુધી જોઈએ તેટલા વખત શુધી શંભાલથી રાખી મેલાઈ શકાએછે, અને તે બીગડતું નથી આજે કાહાડેલું દુધ જોઈએતો બે મહીને વાપરો તો તે જેવુને તેવું અને વલી તેજ ગુણ ધરાવતું તમને મલી આવશે: એ ઊપાએ જે કોઈ બાએડીઓને દુધ જરૂરની વખતે અને શારૂ નહી મલી આવતું હોએ તેઓને ઘણોજ ફાએદા ભરેલોછે, અને તે તેઓએ જરૂર કરીને શંશારના કાંમમાં લાગુ પાડવો જોઈએછે. નાહાનાં બચાંને શારૂં ચોખું દુધ અને શારૂ દુધ મલી આવે એ જેવી જરૂરની અને ગુણગારી બીજી કોઈ ચીજ નથી, અને તે મેલવવામાં કઈ ઘણો ખરચ નથી લાગવાનો તારે શોને શારૂં એ રીત જેમ બને તેમ જલદી કાંમમાં નહી લાવી શકાએ? ઘણા બચાં દુધ વગર હેરાન થાએછે, તેઓની માં જો નબલી હોએછે, અથવા તેઓની તંદરોશતીમાં બીગાડ થાએઓ હોએછે તો તેથી તેઓનું દુધ ખરાબ થાએછે અને પછી તેઓને ગાએનું અથવા બકરીનું દુધ તમામ પાણી ભરેલું ઘણું કરીને મલી આવેછે તે બચાંને પાઆથી બચાને પુરતો ખોરાક મલી શકતો નથી. શઘલાં કઈ હેવાં તવંગર નથી કે ગાએ અથવા બકરી પોતે પોતાના ખરચે પાલે, માટે આ નીચે લખેલો શેહલ ઊપાએ તેઓએ જરૂર કરીને કાંમમાં લાવવો જોઈએછે.

ઊપાએ,—તાજું દુધ લેઈ તેને એક વાશનમાં ઈ આરની ઘણીજ ધીમી આંચ ઊપર ઊકલવા દેવું ની

રે શરકું પાણી તેમાંનું બલી જશે એટલે તે દુધ શુકું અને બધાઈ બારીક ભુકા જેવું થઈ જશે. એ ભુકો તુરત વાશણમાથી કાહાડી શુકાને શુકો એક બાટલીમા ભરી લેવો અને તરત તેને શારી પેઠે બુચ મારવો. જો બુચ ટીલો રેહતો હવા અંદર દાખલ થઆથી દુધનો ભુકો પેશરવા માંડશે. વાશતે જેમ બની આવે તેમ તેને શુકો રાખવો જોઈએછે. જારે બચાંને દુધ પાવાની જરૂર પડી હોએ તારે થોડોએક તે ભુકો કાહાડી પાણીમાં પીગલાવવો, જેથી પાછું તાજું દુધ થઈ જશે જે શ્વાદમાં અને ગુણમાં તમને દુધ જેવુંજ લાગશે, અને જે ખરેખરજ ખરૂં દુધ જાણવું.

---

## માણસનો જીવ બંચાવાની ખરી બાધુરી.

ઈ. શ. ૧૭૭૭ ના આગશટ મહીનામાં એક વાહાણ નીમક ભરીને ફરાંસમાં રોશેલથી ડેપીના ડંકા તરફ જતું હતું. તે વાહાનમાં આઠ ખલાશી અને બે ઊતારૂઓ હતા. પવન ઘણો જોરમાં ફુંકતો હતો, અને દરીઓ એટલોતો જોરમાં આવેલો હતો કે તે વાહાણને શલામત બંદરમાં પોંહોંચાડવા શારૂં તે જગા ઊપરના કીનારાના આરકટીએ ચાર ચાર વખત વાહાણ ઊપર જવાને કોશેશ કીધી પણ તે શેકેટ ગઈ "બુશારડ" નામનો એક હીમતવાલો અને બાહાદુર આરકટી તે જગા ઊપર રેહેતો હતો, તેણે જોઈઊં કે જે આફત તે વાહાણ ઊપર થોડા વખતમાં આવી પડવાની હતી તે વીશે તેના નાખોદાને કંઈ પણ ખબર નહી હતી, તેથી બુશારડે રણશીંગડું વગાડીને તથા બીજી ઘણી નીશાનો કરીને તેને બચતી વીશેની ચેતવણી આપી, પણ રાત ઘણી અંધારી હતી, તોફાનનો ગોંટાર અતીઘણો, અને દરીઆનો મોજો ભારી જોરથી ઊઠતો હતો, એટલા શબબોથી વાહાણ વાલાઓથી કંઈ જોવાઈ અથવા શંભલાઈ શકાઊં ન હતું. એવામાં તે વાહાણ ડંકાની આશપાશ જે ખડકની દેવાલ બાંધેલી હતી તેથી ૨૦૦) વારને છેટે એક શખત ખરાબા ઊપર અથડીઊં.

બુશારડે તે વાહાનમાંના કમબખતીમાં આવી પડેલાં લોકની ચીચાડી શાંભલતાજ તેઓની મદદે જવાને ઠરાવ કીધો. તેની બાઈડીએ તથા છોકરાઓએ તેને ઘણો પણ વાલેઓ કે દરીઆના જોર આગલ તેની શઘલી મેહનત કીધેલી ફોકટ જવાની, તોએપણ તે ઊપર ધેઆન ન દેતાં બુશારડ આરકટીએ દરીઆમાં જવાનો ઠરાવ કીધો. તેણે એક દોરડાંનો એક છેડો ડંકાની દેવાલ શાથે બાંધેઓ અને બીજો છેડો પોતાની કંમરે બાંધી તોશની દરીઆમાં તેણે ઝોકાવી દીધું. છેક વાહાણની પાશે જઈ પોંહોંચેઓ, તેવામાં એક મોજો એવોતો જોરથી આવેઓ કે બુશારડને પાછો કીનારે ઘશડી નાખેઓ. ફરીને તે પાણીમાં પડેઓ, પણ વલી ફરીને પાછો કીનારે ઘશડાઈ આવેઓ. એ પરમાણે એ બાધુર આરકટી વીશવાર પાણીમાં પડેઓ અને વીશ વખત છેક વાહાણની નજદીકથી પાછો કીનારા તરફ નીશફલ થઈ ફતરો ઊપર અફડાતો જીકાતો પાછો આવેઓ હતો. એટલું થઆ છતાં પણ તેણે પોતાની કાલજી પેલા બીચારા વાહાણ વાલાઓ વીશે ઓછી કીધી નહી. એકવીશમી વાર પાછો પાણીમા પડેઓ અને એક મોજાના જપાટાથી બુશારડ વાહાણના તલીઆં નીચે ખેંચાઈ ગઓ,—લોકે તેની આશા છોડી કે તે અવે મુઓ, પણ પાછો જલદી પાણી ઊપર નીકલી આવેઓ, અને જોઈએછતો એક ખલાશી જે વાહાણ ઊપરથી ઘશડાઈ દરીઆમાં પડેઓ હતો તેને પોતાની બગલમાં પકડેલો હતો. તે ખલાશી અધમુઓ થએલો હતો અને આચો મરી જાએ એવી હાલતમાં આવેલો હતો તેને બુશારડ કીનારે લાવેઓ વલી ફરીને બાવીશમી વાર દરીઆંમાં ઝોકાવીઊં, અને કેટલીએક જાહાંમરદી કરી તે ભાગેલાં વાહાણ પાશે જઈ પોંહોંચી એક દોરડું તે ઊપર નાખીઊં. જેઓમાં શકતી રેહેલી હતી તેઓ દરએક તે દોરડું પોતાની કંમરે બાંધી દરીઆમાં નખાવી પડતો હતો. તેને બુશારડ એક પછી એક કીનારે લાવેઓ હતો.

બુશારડે આટલી મેહનત કરેઆ પછી વીચારીઊં કે અવે વાંહાણ ઊપરના શઘલા ખલાશીઓ બંચેઆ હતા, તેથી તે થાકી લુશ થઈ ગએલો, અને પોતાના બદન ઊપર જે ઘા થઆ હતા તેમાંથી અતીશએ લોહી જતું હતું અને જેથી ઘણું દરદ થતું હતું તેથી અશકત હાલતમાં દીવા દાડી આંગવગઓ. તાલં તેને જોઈતી. મદદ મલી આવી અને જરા આશાએશ મલેઆથી પાછો હુશીઆર થઓ

પણ તેના કાનમાં ફરીને પેલાં ભાગેલાં વાહાણ ઊપરથી કોઈ એકનો રડવાનો આવાજ આવેઓ, તેથી પોતામાં જેટલું જોર બાકી રેહું હતું તે શઘલું કામે લગાડી જેઓ તેને મદદ કરવાને આશપાશ ઊભેલાં હતાં તેઓને ખશાડી ફરી તે એકવાર પાછો દરીઆમાં જઈ પડેઓ, અને તે વાહાણ ઊપર એક નાકઊેઅત ઊતારૂ જે ડોલ શાથે બંધાઈ રેહેલો હતો, અને જેનામાં કંમરે દોરડું બાધીને જેમ બીજા ઊતરી પડેઆ તેમ કરવાની શકતી નહી હતી, તે બીચારાને શલામત કીનારે લાવેઓ.

આ વાતની જેઆરે શરકારી ખજાના ખાતાના ઊપરીને ખબર પડી તેઆરે તે અધીકારીએ પોતાને હાતે એક પતર બુશારડ ઊપર લખી મોકલેઓ, જે પતર આ પરમાણે લખેઓ હતો.

"**બાહાદુર શખશ,**

તારીખ ૩૧ મી આગશટે તુંએ જે બાહાદુરી ભરેલું કામ બજાવીઊંછે તેની મહને ગઈ પરમ દીવશ શુધી ખબર ન પડી હતી. ગઈ કાલે એ વાત આપણા પાદશાહા આગલ મેં જાહેર કીધીછે, અને પાદશાહા તે શાભલી ઘણોજ મધન થએઓછે, અને તારી બાહાદુરી વીશે તેને જે શંતોશ ઊપજેઓછે તે શંતોશ તને કહી જણાવાને તેણે મહને ફરમાંવીઊં છે. બીજું પાદશાહે તને રૂ ૫૦૦ નું ઈનામ બખશીઊંછે, અને દર વરશે રૂ ૧૨૫ નો તને બેઠો મુશારો મલશે. તાહારામાં જાહાશુધી શકતી હોએ તાંહાંશુધી પારકાઓને એવીજ રીતે મદદ કરતો રેહેજે, અને પાદશાહા જે બાહાદુર માણશોને ચાહેછે તથા તેઓ ઊપર ઘરતી બખશીશો કરેછે તે નેક પાદશાહાના હકમાં દુવા કરતો રેહેજે."

ખરેખર બુશારડ જેવા હીમતવાલા અને ખરાજ ઘરમાનું પેહલવાન થોડાજ મલી આવશે.

---

## ખરી માં જેવી એક દાઈ.

અમેરીકા દેશ તરફ શેંટ ડુમીંગો કરીને એક શેહરછે, જાંહાં ઈંગરેજ લોકની હમણા શારી વશતી થએલીછે. એક ઈંગરેજી માતબર કુટંબે પોતાના બચાંઓની શંભાલ કરવા એક શીધણને દાઈ દાખલ રાખેલી હતી. ૧૭૭૦ ના શાલમાં એટલે ૮૮ વરશની વાત ઊપર તે શેહરમાં એક ભારી ધરતીકંપ થઓ હતો. તે વખતે બનાવ એવો બનેઓ કે, કુટંબના શઘલાં માણશો શેઠ, શેઠાની અને બીજો મોહોટાં બચાં શઘલાં બાહેર ગઆં હતાં, માતરે ઘેરમાં એક નાહાનું બચુ અને પેલી દાઈ હતાં. તે બચાને તે દાઈ ધવડાવતી હતી. ધરતીકંપના આંચકાથી ઘેરને છેક પાઆ શુધી આંચકો લાગો હતો. શઘલા માંણશોની નાહાશા નાહાશ થઈ પડી હતી. પેલી દાઈએ પેલાં બચાંને એખલું જોખમમા મેલી નાહાશી જવાને ના દુરૂશત ધારીઊં. તરત જે ઓરડામાં બચાંને શુવાડેલું હતું તાંહા તે દોડી ગઈ, અને જુએછેતો તે બચું ભર ઉંગમાં પડેલુંછે. તેવામાં તે ઘેરની દેવાલ ભાગીને અંદર તુટી પડી પેલી દાઈએ જોઈઊં કે બચાંની આખેરી આવીછે, તો એપણ પોતાનો જાન જાએ અને તે ફુલ બચાના જીવને હરખત નહી પોંહોંચે એવી ધારણાથી પોતે તે બચાંની ઊપર ગોલ મેહેરાબની કાણી થઈને, ઊધી શુઈ ગઈ, અને દેવાલ જે પડી તે પોતાનાં બરડા ઊપર પડવા દીધી પણ નીચેથી પેલાં બચાંને અલગુ વગર અરખત પોંહોચવે બંચાવી શકી. થોડા વારમાં મદદ આવી પોંહોંચેઆથી પેલાં બચાને શલામત બાહેર કાહાડીઊં પણ પેલી દાઈનો પરાણ તેને ઘણુ વાગાથી આખેર થઓ હતો. એ જીવ તેણે પોતાની ચાકરી નીમક હલાલીથી બજાવતાં ખોઓ હતો.

---

## દુનીઆમાં ચાલુ થાએલો વીજલીનો તાર.

આખા ઈઊરોપખંડમાં શઘલો મલીને ૩૮૭૦૩ આડતીશ હજાર, શાતશો અને તરણ માઈલ તાર ફરી વલેલોછે, તેમાં,

| | |
|---|---|
| ગરેટ બીરીટનમાં . | ૧૦૦૦૦ દશ હજાર માઈલ. |
| ફરાસમા .... .. | ૮૦૦૦ આઠ હજાર માઈલ, |
| બેલજીઅમ, જરમની, આસટીરીઆ } . .. | ૧૦૫૦૦ દશહજાર પાહાનશો માઈલ |
| ઈસપેન, પોરટુગલ } ...... . | ૬૦૦ છશો માઈલ; |



| | | |
|---|---|---|
| ફ્રાંસ | | ૨૫૦૦ બે હજાર પાંચસો માઈલ, |
| સ્વીટ્ઝરલેંડ | | ૧૫૦૩ એક હજાર પાંચસો તરણ, |
| રૂશીઆ | | ૫૦૦૦ પાંચ હજાર માઈલ, |
| અમેરીકા (જમીન ઉપર) | | ૩૩૦૦૦ તેતરીશ હજાર માઈલ; |
| હીંદુસ્થાન (જમીન ઉપર) | | ૫૦૦૦ પાંચ હજાર માઈલ, |
| અમેરીકા } યુરોપ } | (પાણીમાં).. | ૯૫૦ નવશો પચાશ માઈલ; |

એ વગરે બીજી જગાઓ ઉપર ઓછામાં ઓછો ૧૦૦ માઈલ અને વધુમા વધુ ૬૦૦ માઈલ શુધી તાર ફરી વળેઓછે તે આએ જગા ઉપર દેખાડવાની જરૂર નથી આએ શઘલી ગોઠવણ, તેનો શામાન, તેની પછવાડે મેહનત, એ શઘલું માહાભારત કામ ૧૫ વરશની અંદરમા થએલુંછે તેની આગમચ કોઈ જાણતું નહી હતું કે વીજળીનો તાર આટલો ફેલાઈ જશે અને કેટલો ઊપીઓગી થઈ પડવાનો

**આજાએબ જેવો બનાવ**—એક વખત એવો બનાવ બનેઓ કે એક બેંકમાં સાંહાજ પડતાં રોજમેળનું સરવાઈ કાહાડતાં રૂ ૧૦૦૦ એક હજારની ખુટ પડી. વખત છેક પુરો થવા ઊપર આવેલો અને ઘણીવાર ફરી ફરીને ગણતરી કીધી તોબી રૂ ૧૦૦૦ ની ખુટ હીસાબમા પડેઆજ કીધી

આખી બેંકમા ઘબરાટ થઓ, અને બતી સલગાવાનો તથા આખાં કારખાનાને અટકી પડવાનો વખત આવી પોહોંચેઓ. સઘલી ચોપડીઓ અને રોજ મેળ ફેરી ફરીને તપાસેઆ, નાણું તપાસી જોઈઊં, તોપણ કઈ થાગ લાગો નહી માણુસો કંટાલો ખાવા લાગાં; મેહતાઓ એળીગમથી પેલીગમ પોતાની આંખો મોહાડામાં ઘાલી પછાડા મારવા લાગા કે કેહાંરે નીકાલ આવશે તેવામા એક કારભારીને કઈ શુજ પડીઊ તેથી વડા કારભારીને જઈ કહ્યુ કે "શાહેબ આજે આટલા બાક્શ ભરીને નાણું ફલાણા વેપારીને તાંહાં અવેજ દાખેલ મોકલીઊછે, તે બાકશો આપણને તપાસવા જોઈએ. તે બાકશો શહુવારના ૧૧ કલાકે બેંકેમાંથી બાહેર પડેઆ હતા, અને આગની ગાડીની મારફતથી શાજનાં ૪ કલાકની અંદર નજદીક ૩૦૦ માઈલ દુર જઈ પોહોચી તાહાએક વાહાણ અમેરીકા જવા તઈઆર હતું તેમા ચહડેઆ હતા, અને હવણા અથવા પા કલાકમાં તે વાહાણ લંગર ઊચકી હંકારી જવાને તઈઆર થએલું હતું બેંકના વડા કારભારીને એ બાકશો બેંકમાંથી તે દીવશ ગીઆની ખબર પડી કે તરત લાગલો વીજળીના તારની મદદ લેવા ગીઓ. એક શંદેશો મોકલેઓ કે ફલાણું વાહાણ હું કારીઊ કે હજુરછે. તુરત જવાબ વળેઓ કે છે, પણ હમણા હંકારશે. પાછો શંદેશો મોકલેઓ કે તે વાહાણને અટકાવો, અને જુઓ કે નગદીના બાકશો આવેઆ તેનું દર એક એકનું તોલ કેટલુંછે તે ફરીને તપાસી જુએ બાકશાને તોલતાં તેમાંથી એક બાક્શ શપડાઈ આવેઓ, જેનું વજન એક હજાર તોલા અસલ કરતા વધારે માલુમ પડીઊં. પાછો શંદેશો આવેઓ કે ઠીકછે, હંટારી જાઓ બેંકવાલાઓએ પોતાના મેળમાં જે રૂ ૧૦૦૦ ની ખુટ પડતી હતી તેનો હીશાબ નવેઓ, અને રોજના પરમાણે શાજના વખત શરજ હીશાબ બંધ કરી શરવે કારભારીઓ જાણે કઈ હરકત પડી નહી હોએ તેમ પોત પોતાને ઘર ગઆ

---

## લખનઓ.

આ પાશેનુ ચીતર જુઓ; એ ચીતર લખનઓના શેહેરની લાગરના દેખાવનુ છે. ગએઆ વરશથી નાપાક બલવો શરૂ થએઓછે તારથી લખનઓ, આઊદ, દીલી, મીરત, આગરા વગેરે જગાઓના નામ લોકોના મોહોડામાં રમી રહેઆંછે. જો પણ બલવો થએઓ તે પેહેલાં લખનોમાથી ઊતપન નથી થએઓ તોપણ પાછલથી એ શેહેરમાં બલવાખોરોએ કાંઈ થોડી ખરાબી કરી નથી. એ શેહેર ઘણુંજ રોણકદાર તથા રવીઆમનુ છે, તેને વીશે એક તવારીખ લખનાર નીચે પરમાણે વરણન કરેછે એ વરણન વાંચેઆથી ખરેખર આપણા મનમા ઘણી તાજુબી ઊપજેછે. આઊદની રાજધાની લખનઓ, ગુમતી નદીના દખશીન અને પશચીમ દશાના ખુણાની વચેછે. જોપણ એ ગુમતી નદી બહુ મોહોટીછે, અને તેમાં એક નાકેથી તે બીજે નાકે શુધી વાહાણ ખેડી શકાએછે, તોપણ તેના પાણી લોકોના ઊપઓગમા આવે એવાં નથી, કારણકે ચોમાશામાં એ નદીના પાણીની શાથે પુશકલ પીલી માટી મેલાએલી હોએછે, તથા જારે લખનઓમાં અથવા ગુમતી નદીના કાંઠા ઊપરની જગા ઊપર ઘણાં મરતીઊકો નીપજેછે અને જેઓના

લાયને એ નદીમાં હોમીઆમાં આવેછે તે વેલાએ એ નદીનાં પાણી ઊપર એક જાતની પોપરી બંધા એછે, જે ઘણીજ નાશકારક હોએછે; તેથી કરીને એ નદીનાં પાણી નકામાં થઈ પડેછે. લખનઓ શેહેરની વાવીઅ કોણે એક મોહોટો પુલ આવેલોછે, જે પુલ ઘણોજ શારોછે, અને જેની બાંધની કારીગરોની કલાનો એક નમુનો ગણાએછે. એજ પરમાણે એ શેહરના અગની ખુણામાં એક બીજો પુલ છે, પણ તે પુલ શાધારણ રીતે બાંધેલો નથી, પણ હારબંધ મછવાઓ મુંકીને તે પુલ રચેલોછે. ઈશવી શન ૧૮૧૬ ના શાલમા એજગા ઊપર લોહોડાંનો એક ઝલગ પુલ બનાવવાની ગોઠવણ થઈ હતી અને તેને માટે પુલો મંગાવેઆ પણ હતા, પણ માઠા બાબેગે તે મંગાવનારનાં અણચીતાં મરણથી તે કામ ઘણા દાહાડા સુધી ખોલંબાઈણં હતું. તોપણ છેવે શરવાલે તરીશ વરશનો મોહોટો ગાલો ગુજરીઆ બાદ એ લોહોડાનો ઝલગ પુલ મુકવામાં આવેઓછે. અને એ પુલ આજના વખતમાં ઘણોજ શારો અને શોભીતો દેખાએછે; એટલુંજ નહી પણ તેથી કરીને માલ લઈ જવા લાવાને તથા લોકોને જવા આવવાને એક મોહોટો થોરી રશતો હોએ એવો થઈ પડેઓછે. એ શેહરની અંદરની કોઈ ઊંચી જગા ઊપર ઊભા રહીને જોઈઊં હોએતો તેનો દેખાવ ઘણોજ રલીઆમણો તથા દીલપશંદ દેખાએછે. નદીના કીનારા ઊપર હારબંધ ઝલગ લગભગ ચાર માઈલ શુધી જે ઈમારતો બાંધેઆમાં આવીછે તે માહેલો કેટલોક વચલો ભાગ જે જુનો થએલો દેખાએછે તે રામના બાઈ લખદીમણે બંધાવેલો કેહેછે. એ વચલા ભાગ ઊપરની મીલકતો ઘણીજ હલકી બાંધણીનીછે, ઘરોની દેવાલો માતરે કાદવ અથવા મકોડાંની બાંધેલીછે, તથા છાપરાં જાવલીનાંછે, તથા કેટલાંક ઘરોના[illegible] તેની દેવાલોતો વાંકુની તરીનાં બનાવેલાંછે[illegible] ઈ રેરડીની બાંધનીનાં બાંધેલાં ઘરોની શંખીઆ જોઈશુંતો કાંઈ ઘણીજ થોડી મલી આવશે. રશતા પણ ઘણાજ ખરાબછે. કાંઈ શેહેરજ [illegible]ના શારાછે, બાકી બીજા શઘલાનો દુકાન અથવા ઘરોનાં લાંબોતલીઆંની શપાટીથી દશ અથવા પંદર ફુટ બેશી ગએલાછે. કોણ જાણે છવીશ વરશ પણ એક વાર ખરી પુદીઆમાં અથવા રશતા શમારેઆમાં આવતા ન હશે. રશતા એવા કઢંગાછે એટલુંજ નહી પણ તે શાથે તે ઘણાં શાંકડાં પણછે, તે એટલાતો શાંકડાછે કે એક હાથીને તે રશતે જવું ઘણુંજ મુશકેલ પડેછે. રાજા અથવા તેના બીજા પરધાનો અને દરબારીઓ જેઓના અશતકમાંથી કેટલાક હાથીઓ હોએછે, તેઓ જારે એવે રશતેથી જાએછે તેવારે લોકોને, રાહાદારીઓને તથા રશતા ઊપરના દુકાનદારોને અતીશએ ઈજા ખમવી પડેછે."

જે અહેવાલો શાંભલેઆમાં આવેઆછે તે ઊપરથી જણાએછે કે લખનઓનો ટીલો એક ઘણોજ ઊમદા હતો, પણ અશીરંગ જેએ તેનો નાશ કરીને તે જગા ઊપર એક મસજીદ બંધાવી હતી. એજ મસજીદની બીજી બાજુએ શાહાદત અલીએ એક બીજી નવી મસજીદ બંધાવીછે. એ શાહાદત અલીએ ઈશવી શન ૧૭૯૮ થી ૧૮૧૪ સુધી આઊદમાં રાજ કીધું હતું. એ મસજીદ આગલથી ચાલતાં અગની ખુણાં તરફથી આશરે એક માઈલ જેટલો રશતો આવેલોછે, જે ઘણોજ શોભીતો દીશેછે. હીબર નામનો એક લખનાર એ રશતા વીશે એવું કેહેછે કે આ કલકતાના પોહોલા રશતા કરતાં પણ આ રશતો ઘણો પોહોલોછે, તથા તે રશતાની બાંધણી પણ ઘણી શારી રીતની કીધેલીછે. એ રશતાને "ચીનકા બજાર" અથવા ચીનાઈ બજાર કરી કેહેછે, અને તેને બંને છેડે એકકી ઊમદા બાગરો આવેલીછે, તેથી તેનો દેખાવ, જોનારને ઘણો અજબ જેવો લાગેછે. એ રશતો અને ગુમતી નદીના કીનારાની વચે બાદશાહને રેહેવાનું મકાંન આવેલુંછે. ફરહતબક્ષ નામની જે જગાછે તે છેક નદીની પડોશમાં આવેલીછે. એ જગા ઘણી તારીફ લાએક રીતે બનાવીછે, તેની ઊપર ઘણાક આરસાં તથા માડવા કરી લીધેલાછે અને તાંહાં નાહાના નાહાના ઓરડા કરેલાછે જે ઘણા શોભીતા દેખાએછે એટલુંજ નહી પણ તે શાથે કુશાદે અને રોણક દારછે, અને તે ઠેકાણે એવીતો જુકતીઓ લગાડેલીછે કે તડકેથી તપેલાં માણશોને ઘણોજ કરાર વલેછે. તાંહાં મજેના બાગો બનાવેલાછે, અને તેઓની અછી નગેબાની કીધામાં આવેછે. પડોશમાં તલાવોછે તેની અંદરની બાજુએ રંગે મરમર જડી લીધેલાછે, અને તે જગા ઊપર એવોતો પંખો પવન વાએછે કે જેથી કરીને માણશોના જીવને બેવડી કરાર થાએછે, પાણીના ફવારા ઊડેછે તેથી વનસ્પતી

ને ઊગવામાં અછી મદદ થાએછે તથા આશપાશની હવા તાજી રેહેછે. એટલું શઘલું છતાં પણ લખનઓના મેહેલનો એક ભાગ વાન આરલીચના જોએઆમાં આવેઓછે તે કેહેછે કે એક ઓરડામાં એક કાલું કફન બાંધેલું હતું જેની ઊપર માણશના હાડકાંનાં પાંજરાંનાં ચીતર પાડેલાં હતાં, તથા તે ઓરડામાં કેટલાંક ઘાતકી તથા રીબાવી મારવાનાં હથીઆરો ટાંગેલાં હતાં. એ જગા વીશે એવું શાંભલવામાં આવીઊછે કે હકીલાં અને બે અદબ લોકોને એ ઠેકાણે કેદ કીધામાં આવતાં હતાં, તથા એવું પણ શાંભલવામાં આવીઊંછે કે એ અધારા ગારમાં આગલા વખતમાં કેટલાક બંધવાઓનો પરાણ પણ ગેએઓછે.

એ શેહેરનો બીજો એક ભાગ જે પારકાં માણશોને ઘણો પશંદ પડતોછે તે બાદશાહી મકાનથી દુરછે. જેવારે ઈશવી શન ૧૭૭૫ માં નવાબ વજીર અશુફઊદદોલા રાજ કરતો હતો તેવારે તેણે, શેહેરનો એ બાગ બંધાવેઓ હતો. એ જગા ઊપર ઘણી સોભા આપનાર ઈમામવારાછે, જેને વીશે એ લખનારે એવું જણાવીઊંછે કે એ ઈમામવારાની બાંધણીના કરતાં શરશ બાંધણી કદાચ મલી આવશે લારડ વેલનશીઆ એ જગા વીશે આ પરમાણે પોતાનું મત આપેછે કે ઈમામવારા, તેની પાશે જે મશજીદછે તે, અને તાંહાંની બાગરો, એ તરણ ચીજો અતરેની બાંધણીના ઊંચા નમુના દાખલ બશછે. એઓનાં બાંધકામમા જે કલા અને ચતુરાઈ લગાડેલીછે તે શઘલી રીતે શંપુરણછે. એ બાંધકામમાં જે શોભા દાખલ કરેલીછે, અને તે શાથે બારીક કામ કીધુંછે તે ઊપરથી કોઈ અણજાણો શખશ એમ વીચાર કરશે કે એવું કામ કોઈ માનવીની કારીગરથી થઈ શકે નહી, પણ કોઈ પરીઆઓએ એ કામ કીધુછે એવી બાબદોમા હીબર નામનો શખશ જે ઘણો નુકતેચીનીછે અને જેના બોલવાને લોકો માન આપેછે, તે પણ બેધડક એ જગા વીશે આ રીતે બોલેછે કે "આ જગાના કરતાં મેં એવી બીજી કોઈ જગા જોઈ નથી કે જેના બાંધકામથી મહને વધારે ખુશી ઊપજી હોએ " એ જગા આગલથી ફઇઝાબાદ તરફ જવાનો એક ધોરી રશતોછે, અને તાંહાજ નજદીક રશતા ઊપર એક મશજીદ આવેલીછે—એ મશજીદ બંધાવાનો શાહદત અલીએ આરંભ કરેઓ હતો, પણ તે મરણ પામેઆ પછી પાછલથી તે ઊપર કોઈએ પુરતું ધેઆન પોંહોચાડીઊં નથી તેથી તે મશજીદ અધુરી પડેલીછે. નદીની ડાબી બાજુએ જાનવરો રાખવાનું એક બાદશાહી શંગરહશથાનછે, એ શંગરહશથાનમા ઘણીએક જાતનાં અને તરેહવાર જાનવરો એકઠાં કરેઆંછે તેનીજ પડોશમા ખબુતરોનાં શંગરહને માટે એક જુદી જગા કીધેલીછે. કેહેછે કે એ ખબુતરો ઊપર લખનઓના લોકોનો બહું પેઆર હોએછે,

ઈંગરેજના રેશીડેંટની જગા મેહેલની પડોશમાંજછે. એ જગાની રખેવાલીને માટે શીપાઈઓની માતરે એક કપની હતી તે ઊપર હીબર નામનો તવારીખ લખનાર પોતાની અજાએબી બતલાવેછે કે જે જગા ઊપરનાં તમામ રેહેવાશીઓ હથીઆર બંધ તે જગા ઊપર બરીટીશ રેશીડેનશીની શંભાલને માટે માતરે લશકરની એકજ ટુકડીછે, તે બશ નથી, શબબ કે ઈંગરેજનુ બીજું લશકર નદીને પેલે પાર આશરે તરણ ચાર માઈલ દુરછે. લખનઓના શેહેરના અગની ખુણા તરફ આશરે તરણ ચાર માઈલને છેટે નદીને જમને તીરે કાનશટાંટીઆ નામની ઈમારતછે, એ ઈમારત ઘણીજ અજબ જેવીછે, જેમાં બાંધકામમા કારીગરીના કોઈપણ નમુના ખાલી રાખેઆ નથી. કફલાતની અંદર તરેહવાર જોવા લાએક અને રમણીઆ ચીતરો જેવાકે શીંહ, દેવ, દેવીઓ અને એ વગર બીજાં ઘણાંજ પાડેલાછે. કેહેછે કે એ ઈમારત કલાદ મારટીન નામના એક ફરેનચે બેહદ પઈશા ખરચીને બંધાવી હતી. એ ફરેનચ પેહેલ વેહેલાં હીંદુશથાનમાં એક શાધારણ શીપાઈ તરીકે આવેઓ હતો, પણ પાછલથી મેજર જનરલનો માનવત ઓધો તેને મલેઓ હતો, અને એ ધણી પોતાના મરણ પાછલ ઘણી દોલત મુકી ગએઓ હતો. એની લાશને એ ઈમારતના એક હેઠલના ઓરડામાં ડાટેલીછે. એ મારટીન ફરેનચે પોતાની દોલતનો કેટલોક ભાગ જેમ વેહેમી અને આડીરીતે આવી મીલકતો બંધાવા પાછલ ખરચેલોછે, તેમજ તેણે પોતાનાં વીતનો ઘણોક ભાગ દેશનો શુધારા પાછલ પણ ખરચેલોછે. એ ધણીએ લખનઓમાં એક મદરેશા ઈશથાપીછે જે તેના મરણ પછી તેની ઈઆદગારી કાએમ રાખવાને તેના પોતાના "લા મારટીનેર" નામથી મોજુદછે.

હીંદુશથાન માહેલાં બીજાં કેટલાક શેહેરો કરતા

લખનઓ શુધારામાં વધારે આગેવાન હતું એવું જણાએછે, કારણકે "આબજરવેટરી" એટલે આકાશ ઊપરના તારા અને બીજા ઘરેહોને તપાશવાની જગા લખનઓમાં પેહેલો દરજો ધરાવેછે. "એ આબજરવેટરી" મેજર વીલકાકશ નામના શખશે પેહેલી ઊભી કરાવી હતી, અને તેણે પોતાના ઊપરીપણા એકલ કેટલાંએક ચબરાક માણશોને તે કામને માટે તઈઆર કીધાં હતા, એ માણશોમાં મોહોટો ભાગ આંમદીઓનો હતો એ જગા ઊપરએક બીમારખાનું તથા એક દવાખાનુંછે, જેથી દરદીઓને અછો ફાએદો મલેછે. તે જગા ઊપર એક ઈંગરેજી દેવલ હતું, તે હાલ થોડીએક મુદતની વાત ઊપર બીગીરીશ શરકારને અશતક કરેઆમા આવેલીછે, તથા તેની મરામતને માટે કેટલુંએક નાણું પણ આપેલીંછે. લખનઓની વશતી વીશે કશી ચોકશ ગણતરી હાન લાગી નથી, તોપણ આણીગમ તેણીગમના અટકટા ઊપરથી કેહેવાને બની આવેછે કે તાહાંની વશતી આશરે ૩૦૦૦૦૦ તરણ લાખ માણશોનીછે. તથા તાહાના રેહેવાશીઓમાં મુશલમાન તથા ખીરીશટીઓની શંખીઆ હીંદુ કરતાં વધુછે. લખનઓની રેશીડેનશીમા જે ઘણાંએક માણશોછે તે શીવાએ પાદશાહે પોતાની ચાકરીમાં કેટલાએક ઈઊરોપીઅનો તથા ફીરંગીઓને રાખેલા હતા. તથા તે વગરે એ શઘલી વરણના કેટલાએક વેપારીઓ પણછે. એ જગા ઊપર શઘલા માણશો અથીઆરબંધ ફરતાં ફરેછે, અને એ અથીઆર બાધીને ફરવાની ટેવ તાંહાંના રેહેવાશીઓમાં એટલી તો ફેલાઈ ગએલીછે, કે દુકાનદારો તથા બીજાં કાંમદારો પણ ઢાલ તલવાર બાંધીને આખો દાહાડો પોતાનું કાંમ કરેછે. બનારશ થઈને જવાનપુર અને શલતાનપુરને મારગે જતાં લખનોથી કલકતાનો તશાવત ૬૧૦ માઈલછે. ગુમતીથી ગંગા નદીને મારગે જતાં ૯૨૫ માઈલ જગા કાપવી પડેછે, અથવા શુંદરનંદરને રસને જતાં ૧૧૦૨ માઈલ કાપવા પડેછે.

આએ પરમાણે લખનઓ અને તેની અંદરની જગા વીશે તુક એહેવાલ આપેઓછે. હાલ ચાલેલા બલવાથી કોણ જાણે એ શુંદર જગાની કેટલી ખરાબી થઈ ગઈ હશે આગલા વખતમાં એ જગા જેવી રલીઆમણી અને બાગેબેહેશત જેવી દેખાતી હતી તે કોણે જાણે હવે કેવી ડરામણી અને ભઅંકર થઈ ગઈ હશે, શબબ કે એ જગા ઊપર જેમ નાપાક ખુની બલવાખોરોએ ખરાબી કરીછે, તેમ તેઓને હાંકી કાઢવા કેટલીએક નુકશાંની આપણા બાહાદુર ઈંગરેજ લશકરને હાતે પણ થઈ હશે.

---

## દોલત.

દોલત અથવા ધન મેલવવાને માટે માણશો તરેહવાર રીતે રંજ અને શકતી ખેંચેછે. વલી કેટલાક માણશો દોલત મેલવવાને માટે તરેહવાર દગા ફાતના પણ કરેછે, અને આ ચાર દાહાડાની ફાની દુનીઆની લાલચોમા ફશીને, માણશ પઈશા મેલવવાને માટે લોભી થઈ રેહેછે, પણ તેવાં માણશો લગાર લાંબો વીચાર કરી શકતાં નથી કે જો એક દમ તે શાહેબને ઘરનુ તેડું આવીઊંતો રંજ અને શકતી ભોગવીને, અથવા લુછાઈ દાંગાઈ કરીને મેલવેલી દોલત તેઓને શું કામ આવશે. બશ કેટલાંક માણશોએતો કાંઈ એવો જ ઠરાવ કીધેલો જણાએછે કે તેઓને પરમેશવરે આ દુનીઆમાં જે પેદા કીધાછે તે માતરે કંઈ કરવા નહી પણ ધન, દોલત અને પઈશા એકઠા કરવા મોકલેઆછે. ઘણીવાર એવું જોએઆમાં અને શાંભલવામાં આવીઊંછે કે કેટલાક એવા લોભીઆઓ શુંધી શુંધીને પઈશા એકઠા કરી ગએઆછે, તે બીજાઓએ મોજ મોજમાં ઊડાવી નાંખેઆછે. પઈશા મેલવવાને ખંતમાં રેહેનારની આટલી ખાતરીછે કે તે પોતે કાંઈ કેઆમતના દાહાડા શુધી જીવી, પોતે મેલવેલા પઈસાનું શુખ ભોગવનાર નથી, તારે હવે તેવા ધણીએ શા માટે હાએ અફશોશ કરી પઈશા મેલવવા પાછલ જીંદગાની તોડવી જોઈએ આ બીના લખવાની મતલબ એવી નથી કે માણશે પઈશા મેલવવાને વાજબી કોશેશ નહી કરવી, બલકે એથી ઊલટી જ મતલબછે કે વાજબી રીતે જે થોડુ ઘણું પેદા કરવાની માણશમાં શકતી હોએ તે પરમાણે તેણે મેહેનત કરી પોતાનું અને પોતાનાં કુટુંબનું ગુજરાન કરવું અલબતાં આ દુનીઆમાં પોતાનો નીભાવ કરવાને દરએક માણશની ફરજછે કે તેણે વાજબી મેહેનત કરી એકીનદારીથી પાંચ પઈશા મેલવવા, અને તે મેલવેલા પઈશા શા મારગે ખરચવા; પણ જેઓએ ખરે

રૈશતો અંખતેઆર કરતાં નથી અને ગાતરે શંગરી
મુકવાનેજ દોલત મેલવવા પાછલ જેઓ ખાખા વગ
ખા થાએછે તેઓને જાણવું જોઈએછે કે એ પરમા
ણે મેલવેલું તેઓને પોતાનેતો નકામુંછે. આ એઠ
લ ઠંડેલી એક વાત ઉપરથી એવું જણાએછે કે જે
કેટલાક બીચારાઓ વાજબી મેહેનત કરી પશીને ગ
રકાવ થઈ પાંચ પઈશા મેલવેછે, તેવા કેટલાક શખ
શો કેટલીક વખતે પોતાનું મેલવેલું વાપરી શકતા
નથી, તો પછી જેઓ દગાઈ લુચાઈથી અને બે ઈમા
નીથી દોલત મેલવેછે તેઓના તે શા હાલ.

કેટલાએક ખાણ ખોદનારાઓ એક વેલાએ અ
તીશએ મેહેનત કરી કેટલુંક શોનું એકઠું કરી "શે
ટરલ અમેરીકા" નામે એક વાહાણમાં શવાર થઈ પો
ત પોતાને વતન જતા હતા. કેહેછેકે એ વેલાએ તે
વાહાણ માહેલા દરએક ઉતારૂઓ જોડે ઘણું શોનું હ
તું, તથા તેઓ પાંચ પઈશાના જીવવાલા થએલા હ
તા, તેઓના પઈશા હજારોની રકમના ગણાતા હતા.
એ ઉતારૂઓ માહેલા કેટલાએકો પોતે મેલવેલા પઈ
શાનું શુખ, ભોગવવાની આશા રાખી પોતાને વતન
જવા નીકલેઆ હતા, કે હવે પોતાની જગા પર જઈ
પોતાની જીંદગીના બાકી રહેલા દાહાડા પોતાનાં બ
ચાં કચ્ચાં શાથે શુખમાં કાહાડે. પણ તે બીચારાઓ
ની આશા એકદમ બરબાદ થઈ હતી. દરીઆમાં એ
કાએક તોફાન થઈ આવીઉં, અને તે એટલુંતો જોરે
મંદ હતું કે તે વાહાણ બચશે એવી કાંઈ આશા ર
હીજ નહી. એ વેલાએ તે ઉતારૂઓના જીવ ઉડી
ગએઆ, શઉ કોઈ નાશીપાશ થઈ ગએઆ, અને
સઘલાઓ પોતાની દોલતની કશી દરકાર ન કરતાં
પોતાના જાનની શલામતીને માટે ઈનતેજારીમાં આ
વી પડેઆ—અતીઆર શુધી જે શોનું તથા બીજું
ધન તેના માલેકોએ કબજાનમાં તથા શંભાલમાં રાખે
લું હતું, તે હવે એક દમ ખુલું મુકેઆમાં આવીઉં, પ
ણ તાકાત કોણની કે તેને એક આંગલી લગાડે. એ
વી અવશથામાં તે આશા ભરેલા તથા ઉમેદમાં પુર
શખશો અટવાઈ ગએઆ, અને રંજ શકતી ભોગવી
પેદા કીધેલા પઈશા તથા દોલત દરીઆને હવાલે થ
એઆ.

## ચોરી પકડવાનો એક ઉપાએ.

એક શેહેરમાં રૂ પુશકલ ચોરાતો હતો, તે ઉપ
રથી તે રૂના માલેકે ચોર પકડવાનો શેહેલો ઉપાએ
શોધીને ગામના તમામ માણશોને જમવાનું નોત
રૂં કીધું હતું, અને જારે લોકો જમવાને આવેઆ
હતા તારે તેઓને પાટી ઉપર બેશાડીને તે ધણી આ
રીતે બોલેઓ હતો કે "શું આ ગામનાં લોકો લુછાંછે
કે રૂ ચોરેછેતો ચોરેછે, પણ અતરે જમવા આવેઆછે
તાંહાં પણ તે ચોરેલો રૂ પોતાની દાહાડીઓને વલગા
વીને શાથે લાવેઆછે." એ ઉપરથી, જેઓ રૂ ચો
રતા હતા, તેઓએ વીચાર કીધો કે કોણ જાણે આપ
ણી દાહાડીને રૂ વલગેલો હશે, એમ જાણીને લાગલા
દાહાડી લુછી નાખવા લાગા, તે ઉપરથી તેઓ ચોર
છે એવું સાબેત થઈઉં હતું, એવી એક કાહાણીછે,
પણ આ એઠલ જણાવેલી એક વાત જે ખરેખરી બ
નેલીછે તે ઉપરથી ચંચલ મનના અને હાજર જવા
બી તથા સમએ સુચકતાનો ગુણ ધરાવનાર માણશો,
વીશે કાંઈ આપણા મનમાં અસર થાએછે.


કેહેછે કે મી૦ વેબસતર, જે અમેરીકાનો એક
મોહોટો ગ્રહસ્થ હતો, તે એક વેલાએ મુશાફરી ક
રવાને નીકલેઓ હતો; વાટમાં ચાલતાં રાત પડી ગ
એઆના શબબથી રશતા ઉપરની એક ધરમશાલા
માં તેણે મુકામ કીધો. એજ ધરમશાલામાં બીજા વી
શ માંણશોએ પણ ઉતારો કીધો હતો. એ માણશો
ની મંડલીમાંથી કોઈ એક જણનું ઘડીઆલ ચોરાઈ
ઉં. અલબતાં તે ઘડીઆલ તે મંડલીમાંનાજ એક
શખશે ચોરીઉં હતું, તોપણ વગર પુરાવે તેની ઉપર
ચોરી ચહડવાઈ શકાઈ નહી, તેથી તેઓ પોતાના ન
વા ઉતારૂ મી૦ વેબશતર જોડે આવી નેને અરજ ક
રવા લાગીઆ કે "શેઠ હમારી મંડલીમાના એક જ
ણનું ઘડીઆલ ચોરાઈઉંછે, વાશતે જો તમો તે મે
લવી આપવાને કોઈ ઈકીકતી કરશોતો તમારો મોહો
ટો આભાર થશે." મી૦ વેબસતરે જોઈઉંકે તે ઘડી
આલ વીશ જણ માહેલાજ કોઈ એક શખશે ચોરીઉં
છે, અને તે વીશે જણ અતરે હાજર પણછે; કોઈ
બાહેરતો ગઈઉં નથી કે કયે મુકી આવીઉં હોએ
તેથી કોઈ એવી ઈકીકતી કરવી કે તે ચોર શપડા
ઈ જાએ. એવી વેલાએ શફીથી શેહેલો રશતો એ

જ હતો કે શઘલાનાં જાહાડા લેવા એટલે આપોઆપ ચોર મલી આવતે, પણ મી૦ વેબસટરે ધારીઉં કે એથી નીર અપરાધીઓને મોહોટું અપમાન પુગશે, માટે તેણે પોતાની શુમએ શુચકતાનાં બલથી એક ઊપાએ શોધી કાહાડેઓ. તે બોલેઓ "જલદી આ કોટરીના દરવાજા બંધ કરો, અને એ માહેથી કોઈને બાહાર જવા દેશો નાં" એટલું બોલીને તેણે તે ધરમશાલાના રખેવાલને અરજ કીધી કે મેહેરબાની કરીને તમારી ચાહની મોહોટી કીટલી લાવો. તે ઊપરથી તે ધણીએ એક કીટલી લાવી હાજર કીધી. તે કીટલીને મી૦ વેબસટરે જમીન ઊપર ઊંધી મેલી, ઈઆને મોહોડું જમીન શાથે લગાડીઉં અને તલીઉં જે મેશથી તમામ કાલું થએલું હતું તે ઊપર રાખીઊ. એમ કરેઆ બાદ વલી પાછું મી૦ વેબસતરે તે ધરમશાલાના રખેવાલને કહીઉં કે તમારા જોડે એકાદ ખબુતર અથવા કાંઈ બીજું પખશી હોએનો તે અતરે લાવી હાજર કરો. એ ઊપરથી તે રખેવાલે તુરત તે ઠેકાણે એક પખશી હાજર કીધું, જેને મી૦ વેબસટરે પેલી ઊંધી વાલેલી કીટલીમાં નાંખીઊં, અને તુરત બતી ગુલ કરી નાંખીને બોલીઓ કે "ભાઈઓ હું નહી ધારતોકે પેલો ઘડીઆલ ચોર કોઈ અતરે હોએ, અને તે કરતા જો કોઈ અતરેજ હશે તો તે હમણા પકડાઈ આવવાનો." એટલુ બોલીને તેણે શઘલાઓને જણાવીઊં કે "તમે વારા ફરતી એક એક જણ આવીને આ કીટલીને હાત લગાડીને પાછા જાઓ, અલબતા જારે ચોરનો હાત એ કીટલીને લાગશે તારે અંદરનું પખશી પોતાની મેલે અવાજ કરશે, એટલે તે ચોર પકડાશે" એ બોલવું શાંભલીઆથી તે મંડલીમાં જે ચોર હતો તેને ધાશતી પેઠી અને તેણે વીચાર કીધો કે જો હું જઈને હાત લગાડીશ અને પેલું પખશી અવાજ કરશેતો હું શપડાઈ જવશ અને વલી ઘડીઆલ પણ માહારી પાશેજછે, તેથી બેહેતર એ જકે શઘલા જણા હાત લગાડી. આવે, અને હું છાનોમાનો બેઠો રહું, અંધારામાં કોણ જુએછે કે ફલાણાએ હાત લગાડીઓછે અને ફલાણાએ નથી લગાડીઓ. ' જારે શઘલા જણા વારા ફરતી તે કીટલીને હાત લગાડી રહેઆ તારે તે મંડલીમાંથી અવાજ નીકલીઓ કે "લગો હમે હાતનો લગાડી ચુકા પણ પેલું પખશી કાંઈ વાશીઉં નથી" તે ઊપરથી મી૦ વેબસટરે લાગલો હોકમ કરેઓ કે જલદીથી ઓરડામાં બતી લાવે. બતી લાવેઆ પછી મી૦ વેબસટર, લગાર વીચારમાં પડેઓ હોએ એમ ડોલ ઘાલીને, બોલેઓ કે "એ વાત કેમ બને, જો ચોર અતરે હાજર હોએતો ખચીત જારે તેણે હાત લગાડેઓ તારે પખશીએ અવાજ કરવો જોઈનો હતો, પણ જારે તેમ બનીઊં નથી તારે એમાં કાંઈ ભરમછે, માટે જોઈએ તમો શઘલા મને તમારા હાત દેખાડો એટલે હું પારખી કાહાડીશ." એ ઊપરથી શઘલાઓએ પોત પોતાના હાત બતલાવેઆ, જેઓ ઊપર મેશના ડાઘ પરેલા મી૦ વેબશટરે જોએઆ, પણ એક ધણીએ પોતાનો હાત બતલાવવાની અખારા કીધા ઊપરથી તેને તુરત બાહાર ઘશડી કાહાડેઓ અને તેના હાત જોએઆ તો તે ઊપર કોઈ ડાઘ જણાએઆ નહી, તે ઊપરથી મી૦ વેબસટરે ધારીઊં કે એવણજ ચોર હશે, તેથી બીહીને હાત લગાડીઓ નથી, એમ વીચારીને તુરત તેના જાહાડા લેવડાવવાનો હોકમ કીધો. અલબતા તેણે ઘડીઆલ ચોરીઊં હતું તેથી જાહાડા લેતાં પકડાઈ આવીઊં. આ પરમાણે તે ચોરીનો પટો લાગાથી તે ઘરહશથોએ મી૦ વેબસટરનો ગોહોટો ઊપકાર માનેઓ. કેહેવતછે કે "પાપ બોલે નહી પણ બોરે" તેમ આ ચોરના હાલ થએઆ. તેણે પોતે જે એક છુપો અપરાધ કરેઓ હતો, તેનાં અંત કરણને પશંદ પડેઓ નહી, તે ઊપરથીજ તે પોતાને હાતે શપડાઈ ગએઓ. જેમ બીજાઓએ વગર ધાશતીએ તે કીટલીને હાત લગાડેઆ હતા તેમજ જો એણે પણ હાત લગાડેઓ હોતતો તેથી, પેલી કીટલીમાંનું પખશી કદી વાશતતો નહીજ તોપણ તે પોતે જાતે ચોર હતો તેથી તેને અમશથી ધાશની રહી.

---

## આગ હોલવનાર ૭॥ વરશનો છોકરો.

આ ચીતાર કોણનો પાડેલોછે? શાડા શાત વરશના છોકરાનો; એનું નામ રીચરડ જાકશન નીકોલન. એ ઊભો રહી શું કરેછે? તમે શાંભલીને તાજુબ થઈ જશો. તમારા દેશના ૭॥ વરશના છોકરા



રીચરડ જકરીન નીઉટન,
શાહારશાન પરરોનો, આગની વખતે જુમખો ચાંપેનાર·

રાત પડી કે ઓટલા ઊપર બાહેર નીકળવાને બીહેછે; અને રાતના મોંએ અથવા બાવાની ફેરમાં ભરાઈ શુએછે અરુવાં——લાગીતો માંએને અથવા ચાકરને લઈ શાથે જાએછે. પણ તેવું હીઆં કઈ મુતલક છેજ નહી  આ શુરો છોકરો આગ હોલવવાને હાતમાં ખુંબાની નલી લઈ ઊભોછે. આગથી એ બીહીતો નથી એટલુંજ નહી, પણ આગ હોલવવાને એટલોતો શોખ રાખેછે કે આટલી નાહાની વએમાં એ ધંધામાં પોતાના બાપની શાથે શામેલ થઓછે

જુઓ કેવી હીમતથી એ ખુંબાની નલી પકડીને ઊભોછે. એ ખુંબો દાબવા નથી ઊભો, પણ ખુંબાની નલી પકડીને ઊભોછે જેથી માલુમ પડેછે કે આગની છેક નજદીક જવાને એ વધારે શોખ રાખેછે. જુઓ કેવી ઓહો ચહડાવીછે! ટોપી કેઆ અકડથી મુકીછે! બુટ કેવાં મોટાં પેહેરેઆછે, જે છેક ગુઠન ઊપર ચહડેલાંછે. એ છોકરાના મનમાં ધાશતી કઈ દેખાતી નથી. એને મનશ પોતાની વએના ખેલ પરમાણે જાણે ગીલી દાનડા રમવાને ઊભોછે. ખરેખર આગ હોલવવાનું કાંમ એ એક રમત અથવા મોજ શમજેછે, અને આગ લાગીછે એવું શાંભલતાને વાર આગ હોલવનારાઓની પોતાની ટોલીમાં પેહેલો આવીને ઊભો રેહેછે.

આ છોકરાનુ ચીતાર શઘલાં માં બાપોએ પોતાના નાહાના ૭ થીતે ૧૭ વરશના છોકરાઓને દેખાડવો જોઈએછ, અને એક દાખલા તરીકે આ નાહાના છોકરાની હીમત પરમાણે ચાલવાને તેઓને શીકામણ દેવી જોઈએ.

આગ હોલવવા શારૂં અમેરીકા દેશમાં જેવી ગોઠવણ થઈછે તેવી કોઈ બીજે ઠેકાણે થએલી શાંભલવામાં નથી આવી. તોહાં આગ હોલવવાને શરકારની તરફથી કોઈબી બંદોબશત કરવાની જરૂર પડતીજ નથી. તાંહાંના લોકમાં કુદરતી ઊલટ એટલીછે કે આગ લાગી એટલે હોલવવા શારૂં માંણશો પોતાની ઈછાથી તુટી પડેછે. આશને આશતે એવું બનીઊછે કે કેટલાએક લોકોએ મલી પોત પોતામા ટોલી બનાવીછે, જેનું નામ આગ હોલવનાર ટોલી. એ ટોલીઓમાં શાધારંણ ધંધાવાલા, જેવા કે શુથાર લોહાર, દુકાનદાર, કલારક, એવા એવાઓ શામેલ થએલા હોએછે. તેઓ પોતાનો ધંધો બજાવેઆ પછી રાતના એક ઠેકાણા ઊપર શઘલા શાથે રેહેછે, શાથે ખાએછે, અને તાંહાંજ શુએછે, કે રાતના કાંમ પડતાં શઘલા જણને તુરત શાથે મલી જવાને બની આવે. જો કોઈ પરણેલા અથવા છોકરાં બચા વાલો હોએતો તેને શારૂં તે ઘરમાં જુદા જુદા ઓરડા કરી રાખેલા હોએછે. એ ઘર કાંઈ નાહાનું નથી. અલબત એક મોહોટી "હાટેલ" જેવી "હાટેલ" છે, જેમા દીવા બતી અને બીજો શર શરનજામ શીનગાર કરવાને રાખેલો હોએછે, શેહેરની હવા અને રશતા શાફ રાખનાર "મીઊનીશીપલ" ખાતાંમાથી એવી દરએક ટોલીઓને ખુંબા મલેછે, પણ તે ખુંબાઓ ઊપર પછવાડેથી એ ટોલીવાલા જેમ પોતાની ખુશી અને શોખમાં આવે એવી નકશીઓ અને શીનગાર કરેછે, અને તે કોઈ વાર ઘણોજ કીમતી થઈ પડેછે. દરએક ટોલીવાલા પોતાની ઈછા પરમાણે અને મનગમતો પણ એક શરખો પોશાક પેહેરી નીકલેછે, અને આગ હોલવવા જાણે પોતાની મીલકત બલતી હોએ એ પરમાણે પરોપકારી પણેથી મેહેનત કરેછે.

કહે ઠેકાણે આગ લાગીછે એ વીશે ખબર તુરત આપવા વીજલીના તાર રશતે રશતે અને મોહોલે મોહોલે અને ગલીએ ગલીએ ફરી વલેઆછે. કોઈબી ઠેકાણે આગ લાગી તો એક પલવારમાં આખા સેહેરમાં એકજ વખતે ખબર પડી શકેછે. ટેલીગરાફમા આટલા શબ્દો ફરી વલેછે. "આગ—૩ જો મોહોલો, ૫ મું ઠેકાણું—" નજદીકની જગાના ખુંબા તુરત નીકલી પડેછે, અને પલવારમાં એ આફતનું સેવટ લાવી મેલેછે

આગ હોલવનાર ટોલીઓને કોઈ પગાર મલતો નથી, જે ધણીઓની ઈમારતો, મીલકત, માલ, જોખમમાં આવી પડેઆ હોએ તેઓ તરફથી મોહોટી બખશેશો જાએછે ને તાં શુધીકે કોઈ કોઈવાર કેબલ ઊપર જમવાના રૂપાના વાસણો—દારૂપીવાના શુનાથી મઢેલા ટમલરો અને ગલાશો, અને કેટલાંજ બીજો શીનગારનો શામાન—કોઈ કોઈવાર નગદ નાણું, ઈનીઆદી. એ ટોલીમાં જેઓને શામેલ થવાની ઈછા હોએ તેઓ વીશે ટોલી વાલા પોત પોતાના મત આપેછે, અને વધારે મત પડેઆથીજ તેને શામેલ કરેછે. દરએક ટોલીનો એક શરનશીન ટોલીવાલા પોતેજ પશંદ કરી રાખેછે, અને તેના હુકમ મુજબ શઘલું કાંમ ચાલેછે. ટુકામા જેમ શીપાઈઓ લડાઈ કરવાની ઈછા રાખેછે, તેમ એ ટોલીના માણશો આગ

શાને લડાઈ કરવાને હંમેશ તઈઆર અને હોશ ભરેલા હોએછે. ટોલીમા ઘણું કરીને જુવાન અને નાહાની વએના ઊછલતા છોકરાઓ હોએછે. અને એવી ટોલીમાં શામેલ થવાનું કામ માતરે એક મોજ ભોગવવા શામેલ થતા હોએ એમ શમજેછે.

આપણા ગામડીઓમાં આગ હોલવવાની પરોપકારી ઈચછા મુતલક છે નહી. જો પોતાનું ઘેર બળવાનું હોઅતોજ મેહનત કરવી. પરાઆની દરકાર નથી. ફલાણે ઠેકાણે ભારી આગ લાગીછે, ચાલો તે જોવા જઈએ, પણ તે હોલવવામાં જરાપણ હાત નહી મદદ તરીકે આપવો. ભુંબા ચાપવાની ધાશતી રાખી દુર ઊભુ રેહેવું અથવા એણીગમથી પેલીગમ નાહાશતા ફરવું. માતરે તમાશગીરની મોઆફક ભીડ કરી ઊભું રેહેવું, કામ કરનારાઓને અડચણ કરવી, અને છેલવેહલે, શીપાઈઓને હાતના ધકા મુકી ખાઈ ઘેર આવવુ. જો પરોપકારી પણે મેહનત કરવામા રોકાઆતા એવું કઈ થનાર નથી, અને તમારા દીલમા શંતોશ આવશે કે મારા ભાઈબંધને શારૂં મારૂ જોર, અકલ, અને દીલ કામે લગાડવાને મહને આજે એક તક મલી આવીછે. એમ કોણ કરશે? શેવરો, સોલજરો, જેને લોકો હલકી પદવીના ગણેછે પણ તેઓ ખરાંજ મોહોટા દીલવાલાછે, નહીકે આપણા કેટલાએક ગામઠી શેઠ લોકો મોહોટી પદવીએ ચહડેલા પણ ખરાજ નાહાના દીલવાલા.

## બાએડીઓની બકબક.

જંગલી એક શરદારને "મડીરા" વાઈન વીશે પુછીઊં કે એ દારૂમાં શું ખુબીછે. જવાબ મલેઓ કે "એ-દારૂ મેં પીધા પછી એવું મહને માલુમ પડેછે કે મેં બાએડીઓની જીભમાંથી અને શીંહના દીલમાં નીકલતું મધછે. કાએકે જારે હું એ પીઊછું તારે બધુ જાણે વાત અને ટીકટીકજ કરેઆ કરૂં એવી કે બાએડી જાત શું તેની કિઆગબ બકબક કરી શકવાની, અને મારા દીલના એવુ તો શુર છુટેછે કે જાણે આખી જાહાનને પટકી શકું, અને શીહ શું મારી શાંમણે ટકી શકે. આ જંગલીનું બોલવું ખરૂંજછે, પણ તેનાથી આપણને એક બોધ પાએછે કે જંગલીએ બકબક કરવાની શરખામણી બાએડી જાત શાથે કીધી એ ઊપરથી એવું શાબેત થાએછે કે બાએડી જાત બકબક કરવામા ઘણી જબરીછે! મુગું મોહોડ રાખવું, અને થોડું બોલવુ, અને ઘણું શાંભલવું, એ શીકામણ તેઓએ લેવી જોઈએછ. આપણામાં જો કોઈ ઘણો દારૂ પી બકબકારો કરવા માંડે તો તેને આપણે પોપટ બનેલો બોલીએછે, પણ ઊપર કહેલા જંગલી સરદારે બાએડી શાથે શરખામણી કીધી એ શચાઈથી વેગલુ નથી, કોલી ટોશી શહવારના ઊઠી કે બોલવા માડેછે, તેને તેની પડોશન પટ પટતી પીછી જવાબ આપવા નીકલેછે, તે બેહુની વાતનો છેડો જારે રાતના સુવાનો વખત આવેછે તારે કદાચ આવેછે, અને ઘણી વખતતો વાતને પેટીમાં ઢાંકી રાખી શહવાર પડી કે પાછી ઊઘાડી શુરૂ કરેછે. તેમાં રોજના રોજ નીકલી જાએછે પણ તેનો છેડો નથી આવતો, જબરી બોલનારી. રતન વહડકની વહડવા નીકલેછે તેની જબાન ચાલેછે તે નકરી દરજીની કાતર, બોલ-બોલ-બોલ-ગાલ-ગાલ-ગાલ-છીટાં-છીટા-છીટા-અને તેની શાંમણે જો ચાંદણબાઈ ચટકતી આવી તો પછી બક બકારો શાંભલવાની કોઈની તાકાદ રેહેતી નથી. જારે શંધા શાથે શુનામાશી મલી કે પછી જોઈ લેવો પડોશીઓ બીચારા કંટાલીને બારણા ઢાંકેછે, અને તાબી કાન બેહરા થઈ જાએ એવા ગોહોટથી એક બીજાની વહડા વહડના આવાજો આવેછે તેથી તેઓને કાનમાં વગર પીંજેલો રૂ ખોશવાની ફરજ પડેછે.

અરે એવા જે કોઈ આપણી જાતમા બઈરોઓ હોઅ તો તેઓને આ વાતથી કેટલી શરમ ઊપજવી જોઈએ! જેઓ એવું નથી કરતા તેઓને પોતાની ચાલ એવી ન થાએ તેને શારૂ કેટલી શંભાલ રાખવી જોઈએ!

શેતાનના કજીઆ કંકાશને તમારા ઘેરમાંથી બહેર હાંકી કાહડો, અને ખોદાતાલાની શલાહ અને શપજ, તે પેઆર અને નઆને, તમારા ઘેરમા તેડવાને ઊંબરો ધોઈ, ચોક પુરી, પધરામણી કરવાને ચીતો ગાઓ.

## ગુચવણ ભરેલી બોલી.

કહેછેકે નેપલશ નામનાં શેહરમાં એક માતબર શખશ રેહતો હતો. એ શખશે મરતી વેલાએ જે વશીઅત કીધી તે તેના પોતાના એકપુરા છોકરાના હકમાં નુકશાન કારક હતી, તોપણ તે શેહરના કાઝીકની મેહરબાની તથા ચાલાકીથી જે વાજબી હતુ તે જ પરમાણે થઈશ હતું. પેલા માતબર શખશે પોતાની વસીઅતમા એવુ જણાવીશ હતું કે તેની શઘલી મીલકત જે પચાશ હજાર કરાઊન કીમતનીછે તે, તે શેહરનાં એક મઠના જોગીઓએ લેવી, અને તેની માહેથી જેટલું તેઓને ગમે એટલું દરવીઅ તેના છોકરાને આપવું. એ પરમાણે વસીઅત કરેઆ બાદ તે શખશ ગુજરી ગએઓ અને ધારા પરમાણે પેલા જોગીઓએ તેની સઘલી મીલકત પોતાને તાબે કરી લીધી, અને તે માહેથી ૪૨૦૦૦ કરાઊનનો અવેજ પોતે રાખીને માતરે ૮૦૦૦ કરાઊન પેલા મરનારના છોકરાને આપવા માંડીઆ, પણ તે છોકરાએ તેટલુ લેવાને ના પાડીઆથી તે કજીઓ દરબારમાં ગએઓ. તે વેલાએ ઈનશાફ કરનારે બંધે બાજુ શારી પેઠે શાભલી લીધી, તથા પેલા વશીઅતની નકલ પણ જોઈ, તે ઊપરથી તો શાફ એવોજ અરથ નીકલેઓ કે પેલા જોગીઓને "ગમે" એટલું દરવીઅ મરનારના છોકરાને આપે. પણ તેણે જરા લંબાણ વીચાર પોહોંચાડીઓ કે ધણીના છોકરાને આટલું થોડું મલે, અને પારકાઓ નાહકમાં એ કદમ ખાઈ જાએછે તેથી તેણે શારી પેઠે વીચાર કરે આબાદ "જોગીઓને ગમે એટલુ" એ શબદો ઊપર પોતાનો પાએઓ રચીને તે બોલેઓ કે "તમારી બંધે જણાની વાત શારી પેઠે હું શાંભલી ચુકોછુ, વશીઅત પણ મેં જોઈછે, એ ઊપરથી શાર માતરે એટલોજ નીકલેછે કે પેલા જોગીઓએ પોતે ૮૦૦૦ કરાઊન લેવા અને ૪૨૦૦૦ કરાઊન મરનારના વારશને આપવાં, કાંએકે વશીઅતમાં ખુલ્લી રીતે લખેલુંછે કે જોગીઓને ગમે એટલા કરાઊન છોકરાને આપવા, તો હવે જોગીઓનેતો ૪૨૦૦૦ કરાઊન ગમેછે, માટે તે રકમ મરનારનાં વશીઅત પરમાણે તેના દોકરાને મલવી જોઈએ. એલબતાં આવી એક જુકતી કામે લગાડેઆથીજ પેલા છોકરાનો વાજબી ઈનશાફ થએઓછે, નહીતર તેને માતરે ૮૦૦૦ કરાઊન લઈનેજ ઘેર બેશવું પડત, કારણકે તેના મરનાર બાપે શઘલો આધાર પેલા જોગીઓ ઊપર રાખેલો હતો.

---

## અવાજની ભએઆંકર અશર.

તોપ, બંદુક અથવા ગગરાટના જેવા મોહોટા અવાજોથી કેટલીએક વેલાએ ભઅંકર અશરો પરાણીઓ ઊપર થાએછે. એક લખનાર જણાવેછે કે જઅરે ઈશવીશન ૧૬૯૭ મા લંડન મધે શુલેહ થઈ હતી, તારે બે ઘોડેસવાર શીપાઈઓને ઘોડા ઊપરથી ઊતારી તેઓ જોડે ખુશાલીના અવાજ કહડાવવાને તેઓની બંદુકો ફોડવાને હોકમ કીધો. જે જગા ઊપરે એ શીપાઈઓ ઊભા હતા તેની શામે એક કશાઈની દુકાન હતી, તે દુકાનના બારણાં આગલ એક મોહોટો કુતરો નીરભએ પણે શુતેલો હતો. જેવો એક તરફથી બંદુકનો અવાજો થએઓ કે તુરત બીજી તરફથી પેલો શુતેલો કુતરો ભર ઊંઘમાથી ભડકી ઊઠેઓ અને તેવોજ તાંહાંથી જીવ લઈને નાઠો અને એક ઓરડીમા જઈને કોઈ ગોદરાં હેઠલ ભરાઈ બેઠો. વલી જારે બીજીવાર બંદુક ફોડી તારે તે પાછો ભડકેઓ અને તે આખા ઓરડામાં અહીંથી તહીં અને તહીંથી અહીં અફડાવા લાગો, અને જાણે ઘણોજ દુખમાં પડેઓ હોએ એવો દેખાવા લાગો. પણ તરીજી વારને બંદુક ફુટી તે, તે કુતરાનો જીવ લેનાર માલમ પડી, જેવી તે તરીજીવાર ફુટીકે તે કુતરો ખુબ અફડાવા તથા પછડાવા લાગો અને તુરત મરણ પામી જમીન ઊપર પડેઓ; એ વેલાએ તેના મોહોડા તથા નાકમાથી પુશકલ લોહી વેહેતું હતું. એવી રીતે મોહોટા અવાજની અશર તે કુતરા ઊપર થઈ હતી.

---

## દુનીઆમા બોલાતી ભાશા.

દુનીઆના તમામ ભાગમાં મુસાફરી કરીને એક ઘરસથ થોડું થઈ ઊ નેપલશ સેહરમાં જઈ પોહોચેઓછે. એ ધણીએ પોતાની મુસાફરીમાં ઘણુ કરીને જાદા જાદા દેશોમાં જે જે ભાશાઓ બોલાએછે તે ઊ

પર પેસાંન આપીશુંછે. તે ધણી એવું જાહેર કરવા ને શક્તીવાન થઓછે કે આખા ઈઊરોપખંડમાં ૫૮૭ ભાશા બોલાએછે, એશીઆખંડમાં ૯૨૭ ભાશા, આફ્રીકામાં ૨૨૬, અને અમેરીકામાં ૧૨૬૪, એ સઘલી મલીને ૩૦૦૦, તરણ હજાર જુદી જુદી ભાશા આ દુનીઆની શપાટી ઊપર બોલાએછે. એ મુસાફર એવો પોતાનો વીચાર બતલાવેછે કે સઘલી ભાશામાં એક મોટો મુખે મુલછે. એક પદના શબદો પેહેલો અથવા મુખે અવાજછે. પદોની જે જોડની થાઈછે તે એક જાતના લોક બીજી જાત સાથે ભેલાઆથી અથવા એક બીજાની સાથે વધારે વેપાર સંબંધ રાખેઆથી થઈછે. એ મુસાફરના કેહેવા ઊપરથી એવું સીધ થાએછે કે ચીનાઈ, વેલશ, ગીરીક, હીબરૂ, અને જરમન એ ભાશાઓ એક પદના મુખે આધાર ઊપરથી થએલી માલુમ પડેછે. ચીનાઈ ભાશામાં ૨૧૪, મુલઅખશરો અથવા નીશાનોછે તેની મારફતથી મુખે વીચારો બોલાઈ શકાએછે, પણ બીજી બાબતો બોલવી હોએતો પેલા મુલા શબદોની એક બીજા સાથે જોડની કરીને બોલેછે. એ મુસાફરની ગણતરી પરમાણે ઈંગરેજી ભાશામાં ૨૫૦૦૦ પચીસ હજાર શબદોછે, ઈસપાનીસ ભાશામાં ૨૦૦૦૦ વીસ હજાર, ૨૫૦૦૦ પચીસ હજાર લાટીનમાં, ૩૦૦૦૦ તીસ હજાર ફરેંચમાં, ૪૫૦૦૦ પીસતાલીસ હજાર ઈટાલીઅનમાં, ૫૦૦૦૦ પચાસ હજાર ગીરીક (ઈઊનાની)ભાશામાં અને ૮૦૦૦૦ હેંશી હજાર જરમન ભાશામાંછે. દરએક જુદી જુદી જાતના મુલા અખશરોની ગણતરી નીચે પરમાણે આપીછે.

| | |
|---|---|
| ઈટાલીઅન ભાશામાં મુલ અખશરો ........ | ૨૦ |
| ઈશપાનીશ ભાશામાં મુલ અખશરો ...... | ૨૭ |
| ઈંગલીશ ભાશામાં મુલ અખશરો .. .. | ૨૬ |
| ફરેંચ ભાશામાં મુલ અખશરો. .... | ૨૩ |
| ફ્રેન્મે ...માં મુલ અખશરો...... .. | ૨૬ |
| નીકલતું મથછે, કો ...માં મુલ અખશરો.. . | ૨૭ |
| શુ જાણે વાત અને ટી... મુલ અખશરો .... . | ૪૧ |
| એવી જાત શું તેની ... અખશરો ........ | ૨૨ |
| અને મારા દીલમાં ...ને ... મુલ અખશરો.... | ૨૮ |
| જાહોનને પટકી શકે, અને ...શરો........ | ૨૨ |
| મણે ટકી શકે. આ જંગલીનું ........ | ૨૮ |
| ...માંથી આપણને એક બોધ થ... અખશરો. | ૩૫ |
| .... | ૨૧૪ |

## પરવારતો વખત.

જાંહાં "ચાર મલે ચોટલા તાંહાં ભાગે ઓટલા" એવી એક નઠારી કેહેવત આપણાં લોકોમાં પ્રસરેલીછે. ખરેખર એ કેહેવત ઘણી ખરાબછે, અને તે અસતરી જાતને એબ લગાડનારછે, તથા એ કેહેવત બોલનારને પણ શરમ લાગે એવીછે. એટલું છતાં પણ અફશોસ ભરેલું છે કે આપણી કેટલીક ઓરતો કોઈ એવી ચાલ ચલાવીને ઊપલી દુરગંધ કેહેવતને જનદાર કરેછે. આપણી કેટલીક ઓરતોમાં 'બરઆગોજ એક રસમ દાખલ થએલીછે કે જો જરા પરવારતો વખત મલેઓતો બેસીને બે વાતો કરવી, પણ તે વાતોમા અકલ આવે તથા ગનેઆન વધે કેવી વાતતો કદાચજ થવાની, પણ પીરોજબાઈની પાલી, શુનાવહુનાં શાંકરાં અને અમલાજીનો વેહેવાની વાતો ચાલવાની. એવી વેલાએ જો તે મંડલીમાં એકાદ બુઢી ઓરત હોઈતો તે વલી જુની અખે નવાં કોતક જોતી કંટાલી ગએલી, સુઘરાઈ વલી 'રસમોની તરેહવાર નકલ કાહાડવા મંડી જવાની અને એ પરમાણે પોતાનો પરવારનો વખત કુથલકાથલીમાંજ રોકવાને આપણી કેટલીક ઓરતો વજબી જાણેછે. પણ તેવી ઓરતોને નમનતાઈ ભલી અરજ એજ કરેઆમાં આવેછે કે બેહેનો તમે તમારો પરવારતો વખત કોઈ વધારે ઊપીઓગી ને અગતની બાબદમાં રોકો, કે જેથી તમને કાંઈ ફાએદો પણ થાએ, બાકી આ પરમાણે બેશીને કોના કુથલા કીધાથી તથા ખાનગી કુટુંબોની વાતો (પછી ખરી ઈઆ ખોટી) કાહાડેઆથી તમારાં ગનેઆનમાં કશો વધારો થનાર નથી, બલકે એ પરમાણે કીધાથી ઊલટાં તમો તે કીરતારની નજરમાં હલકાં ગણાવોછો, અગરજો તમોને કાંઈ ફુરશદનો વખત મલેઓ તો તે વખતે તમો કાંઈ કામ સોધી કાહાડો ! એકે જે કોઈ આલશુ બેશી નકામી વાતો કરેચ તેને નાપાક સેતાન ફશાવેચ અને તેના મનમાં ઘણી પાપની વાતો આવેછે. ઘરની પેટી, પેટરા, બારબારણાં, ખુરશી, કોચ એવી ચીજો શાફ કરજો. ; મશથા તારી મારી કરવા બેશો તેને ઠેકાણે પાલીઆના માકડો મારોતો ઘણું શારૂં અથવા માંકાના ઘલ હાગી બોરો દુર કરોનો બેહતર. વાચનેં બાનુએ

તેમાં જરા શારી પેઠે એ બાબદ ઊપર ચીત લગાડો અને તમારા મનને પુછો કે પરવારતે અથવા ફુરશદને વખતે બેશીને કોઈની નીંદા અથવા તારી મારી કીધાથી અથવા કોઈનાં ઘરેણાં, કપડાં ઊપર, કોઈના પેહેરવાશ ઊપર, કોઈની ચાલ ચલણ ઊપર અને કોઈની શંશારી બાબદ ઊપર નકામી ભાજગડ કરી ગુનેહગાર થવુ તે કરતા ઊપર જણાવેઆ પરમાણે કોઈ રૂડો મારગ આખતેઆર કરવો તે કેહેવું? ખરૂં છે કે આ દુનીઆમા જે જે માનવીઓએ જનમ લીધોછે તે શરવો અધુરોછે, કોઈનામા કંઈ નહી અને કઈ પણ ખાપણ હોવીજ જોઈએછે, માણવી શઘલી વાતે પુર તો કદી થવાનોજ નથી એવોતો એક કાએદોજછે તારે હવે તેવી બાબદ ઊપર નકામી ભાજગડ કરવી એ દુરૂશત નથી વાશને શઘલાઓને ઘટેછે કે તેઓએ બનતાં સુધી કોઈની ગીબત કરવામા અથવા કોઈની પાછળ તેની વાતો કરવામા પોતાનો થોડો પણ ફુરસુદનો વખત રોકવો નહી, અગર જો તેઓને કઈ કામ કાજ ન હોએતો હજી વધારે બેહેતર એછે કે ધીરજથી હરેક નવાઇ જેવી બાબદ ઊપર વીચાર કરવો

ચાલો જોઈએ આ એકઠ લખેલા વાકીઓ વાંચો; અલબતા એવી એવી રીતના આકારોમા તરેહવાર વાકીઓ લખીને તે વાચવાં અથવા કોઈ બીજી શાહેલી પાશે વંચાવવા એથી કરીને પરવારતો વખત શારી રીતે ગુજરેલો કેહેવાશે, તથા તેથી જરા લગાર રમુજ શાથે ગનેઆન પણ મલશે

| | |
|---|---|
| શે | શે |
| શેપશે | શેડશે |
| શેપલુપશે | શેડપડશે |
| શેપલુભલુપશે | શેડપતેપડશે |
| શેપલુભરભલુપશે | શેડપતેશેતેપડશે |
| શેપલુભરકરભલુપશે | શેડપતેશેણુશેતેપડશે |
| શેપલુભરકલુકરભલુપશે | શેડપતેશેણુખણુશેતેપડશે |
| શેપલુભરકલુભલુકરભલુપશે | શેડપતેશેણુશેતેપડશે |
| શેપલુભરકલુકરભલુપશે | શેડપતેશેતેપડશે |
| શેપલુભરકરભલુપશે | શેડપતેપડશે |
| શેપલુભરભલુપશે | શેડપડશે |
| શેપલુભલુપશે | શેડશે |
| શેપલુપશે | શે |
| શેપશે | |
| શે | |

## હવા અને કસરત.

દરએક જુવાન પુરૂશને દરરોજ ઓછામા ઓછા ૬ માઈલ જેટલુ ચાલવું જરૂરછે, જુવાન બાઓડીને તરણ અથવા ચાર માઈલ બશછે આપણા લોકમા ગરીબ પુરૂશતો વારૂ જાણે ધંધા ઊપર જાએછે તેથી તેઓને ચાલવાનો પુશકલ માહાવરો પડેલો હોએછે, પણ આપણા કેટલાએક શેઠ લોકો આખા દાહાડામા અલબતાં વધુમાં વધુ ૪૦૦ અથવા ૯૦૦ ફુટની ભારી મંજલ કરતા હશે. તેબી ઘેરમાથી દાદર ઊપરથી ઊતરી ઘેરણા બારણા આગલ ગાડી અથવા પાલકી ઊભી હોએ તેમા બેશી જતી વખતે, અને પાછાં તેમાથી ઊતરી ઘેરમા પાછા જઈ નરમ કોચ અને બીછાના ઊપર લેટ મારતી વખતે. અલબતા એવી ભારી કશરત કીધાથી એ શેઠીઆઓના શરીરની આબાદી અને ચરબીની દોલતની વધી પુશકલ થાએછે, તે કોઈ વાર હા શુધી કે તેઓનું પોતાનુ બદન પોતાથી ઊચકાઈ નથી શકાતુ.

તેમજ આપણી બાએડીઓનો હાલછે તેમા ગરીબ બાએડીઓતો ચાલવાનો ઘણો માહાવરો રાખેછે, પણ આ ચોપાનીઊ વાચનાર કેટલીએક ગોહોટા લોકની બાએડીઓ તો આખા દીવશમા અલબતાં ૨૦૦ અથવા ૨૫૦ ફુટની કઠણ મુશાફરી પોતાના ઘેરમા ખડકીમાથી રાહાણીમા, અને રાહાણીમાથી ખડકીમા પેલી એશકી બે આગલ પોહોલા ૫ જાની શપાટ પેહેરી ફેરા ખાતા ફરતા હશે.

હવાનો ખપ આપણા દમમા જેમ આપણે વધારે ચાલીએછ તેમ થાએછે જો આમશથા બેશીજ રેહેલા હોઈએતો એક મીનીટમા ૫૦૦ કીઊબીક ઈંચ હવા આપણા દમમા જાએછે જો એક કલાકમા એક માઈલ ચાલેઆ હોઈએતો ૮૦૦ કીઊબીક ઈંચ હવાનો ખપ થાએછે, એક કલાકમા બે માઈલ ગાલેઆ હોઈએનો ૧૦૦૦ કીઊબીક ઈંચ હવાનો ખપ પડેછે, જો તરણ માઈલને હીશાબે ચાલેઆતો ૧૬૦૦ કીઊબીક ઈંચનો ખપ લાગેછે, અને જો કલાકનાં ૬ માઈલને હીશાબે દોડીએતો ૩૦૦૦ તરણ હજાર કીઊબીક ઈંચ હવા દમમા જાએછે, જો ઘોડા ઊપર બેશી રવાલ ચાલથી ઘોડાને ચલાવેઆ હોએનો ૧૭૫૦ કીઊબીક ઈંચ હવાનો ખપ દમમા થાએછે

## એક બીલાડીની કીમત.

શર વીલીઅમ ગોર આશીશલીએ પોતાની મુશાફરીના અહેવાલમા એક ઠેકાણે એક કાહાણી દાખલ આ પરમાણે લખેલીછેકે "શીરાજ મધેની એક ગરીબ વીધવાનો એક છોકરો ઈશવી શનના દશમા શઈકામાં હીંદુશથાન ખાતે આવવા માટે શીરાજથી નીકલેઓ હતો, એ વેલાએ તે જુવાન છોકરા જોડે તેની શઘલી પુંજીમાં માતરે તેની એક પાલેલી બીલાડી હતી અતેફાક એવો બનેઓ કે હીંદુશથાન માહેલી જે જગા ઊપર પુશકલ ઊંદરો ઊભાઈ ગએઆ હતા, અને જેથી તે જગા ઊપરના તમામ લોક ખાખા વરખાં થઈને ઊંદરોથી કંટલી ગએઆ હતા, તેવી જગા ઊપર એ જુવાન શખશ પોતાની બીલાડી શુધાં આવી પુગો. કેહેછેકે એ વેલાએ ઊંદરો એટલાતો વધી પરેલા હતા કે બાદશાહના ખાનાના શુફરા ઊપર કેટલાક ચોકીદારો હોએઆ છતાં પણ શોખ ઊદરો તે શુફરા ઊપરથી શારાં શારા પકવાંનો ઊંચકી જતા હતા એવી વેલાએ પેલી બીલાડી ઘણી કામ લાગી, જેવી તેને છુટી મુકીકે ઊંદરોનો દોર ઓછો થવા લાગો તે છેક એટલે શુધી કે થોડેજ દાહાડામાં ફરીથી ઊંદરો નજરે પડેઆજ નહી. એ ઊપરથી તે જગા ઊપરનાં તમામ લોકો પેલા જુવાન શખશના ઘણાજ ઊપકારી થએઆં હતા, અને ચો તરફથી તે જુવાનને માટે ભેટ આવવા લાગી. કેહેછે કે એ ભેટ શોગાત તે જુવાનને જે મલી હતી ને એટલી હતી કે જેથી તેને વધારે દાહાડા હીંદુશથાન શરજમીન રેહેવા ગમીઊં નહી, પણ તે વેહેલોજ પોતાને વતન પાછો ગએઓ, અને પોતાનાં કુટુંબ શાથે પોતાની જંદેગાનીનાં બાકી દાહાડા શુખમાં કાહાડેઆ

---

## કાફરી લોકમાં ખુબશુરતીનો વીચાર.

મી૦ શુટર ન નવો મુશાફર જે કાફરી લોકના "નેટલ" નાનના મુલકમા ફરી આવેલોછે તે એવું કહેછે, કે કોઈબી કાફરીને આપણે એમ કેહીએકે "તું ગોરોછે, અથવા તારી ચામડીનો રંગ કાલો નથી" તો એવું કેહેવાથી તેને કઈબી આબરૂ ભરેલું નથી લાગતું, બલકે અપમાન ભરેલું તે ગણેછે. મી૦ શુટર કેહેછે કે મેં એક કાફરીને જોઓ કે જે ઘણોજ ખુબશુરત ચેહરાનો હતો અને તેની ચામડીનો રંગ ઘઉંના રંગ જેવો હતો, પણ તે બીચારો તે દેશમાં એ ઊપરથી કમનશીબ ગણાતો હતો, તે હાં સુધી કે તે જગા ઊપરની કોઈબી અશતરી તેને પરણતી નહી હતી, અને તેનું નામ દેવાને ખુશી પણ નહી હતી. એકવાર એક જણને જારે એવું કેહેવામાં આવીઊં કે "તું ઈઊરોપીઆન જેવો ખુબશુરતીમા ગોરોછે" તે શાભલી તે અતીશે ગુશે થએઓ અને એવું શમજેઓકે તેની ઊપર એ શબદોથી એક મોટી બદ દુવા અથવા આફત ગુજરી હતી. એક જણને પુછીઊં કે તમારામાં શઊથી પશંદ પડતો કેવો રંગ ખુબશુરતીમાવ ણોછો. જવાબ દીધો કે "મારા જેવો કાલો શીશઈ જેવો અને તેમાં જરા લાલ રંગની છાટ હોએ" 'જુલુ" પરાતના બાદશાહને જે આબરૂ ભરેલા ખેતાબોથી બોલેછે તેમાં એમ કેહેછે "ઓ પાદશાહ તું જેવા અંતીશે કાલા ચેશ જેવાની બુજરગી કોણનીછે"

મુંબઈ શેહેરમાં ઊપર લખેલા વીચારોથી તન ઊલટોજ વીચાર ચાલેછે, ઘણા જુવાન છોકરાઓને ગોરી બાએડીઓ પશંદ પડેછે. જો મારાં બાએરુ તેઓના લગન બચપણમાં થઆં હોએતો તેઓ મોહોટા થઈ પોતાની બાએડી જરા ઘહુંલા રંગની હુએછે તો તેને નાપશંદ કરેછે, રાહાટતા નથી, અને બીજી ગોરી સોધવા અને પરણુવા શારૂ ઘેરમા ફીતને અને કજીઆ કંકાશ પેદા કરેછે, પણ તેઓ પોતાનો ચેહેરો આરશીમાં જોતા નથી કે પોતે જુલુ બાદશાહના ખેતાબને લાએકનાછે, અથવા તો, આપણા લોકોની બાએડીઓની કેહેવાત પરમાણે બોલીએતો તેઓ પોતે કેવા કાગડાની પાખ જેવાછે કે વલી ખુબ શુરત ગોરી બઈરી માગેછે. હમુને શાંભલવા પડે ઈઆદછે કે એક જુવાન ઈશકી પારશી જુલુના બાદશાહ જેવો ખુબશુરત, કાજ કરનાર એક મોબેદ વારે ઘડીએ કેહેતો હતો કે "મોબેદ ફલાણી ફલાણ છોકરીનું તમે કાજ લાગેઆ હતા, પણ તે છોકરી ઈ ઘણી ખુબ શુરત નથી એવી છોકરીનું કાજ વો કે જેનો રંગ દુધ જેવો શફેદ હોએ." હમે ધારીએછે કે એ જુવાન પારશીની મરજી કોઈ કાહીંક ત કસેલી શફેદ દુધ જેવી છોકરી શાથે પરણવાની હશે

અને પોતે કાગોમેશ અને ખઈરી શફેદ દુધ જેવી શાં ધે બેઠાથી એ બે રંગનો શમાગમ ઘણોજ શારી રીતે થઈ શકે હતુંછે!

---

## પટેટો,—પપેટો,—અડુખરાં.

આ ચીજને શઘલા જણ ઓલખેછે. કોઈ પટેટ બોલેછે. કોઈ લોક પપેટો બોલેછે. ગામડાના લોક એને અડુખરાંને નામે ઓલખેછે. એ તરકારીનો ઊપઓગ જેવો અને જેટલો ઈઊરોપખંડમાં થાએછે તેનો પા ભાગ પણ આપણા દેશમાં નથી થતો. આપણેતો માતરે તલીને, અથવા બાફીને, અથવા ગોશ શાથે એને ખોરાકમાં વાપરીએછે. પણ જુઓ તે માંથી શું શું ચીજો ઈઊરોપ ખંડમાં બનાવેછે.

ફરાંસમાં પટેટાનો આટો તરેહવાર સાસ, શેરવા, અને રશ બનાવામાં વાપરેછે, તેની રોટલી અને મીઠાઈતો ફરાંસમાં એક ઊકમાઈ ગણાએછે. "કોનાક" નામનો બરાંડી દારૂ પટેટામાંથીજ બનાવેછે. ઈંગલંડમાં "ઈશકેટીન" નામના બરાંડીનો અતીશએ વેપાર ચાલેછે અને મોહટ મોહોટા માંણશાની ટેબલ ઊપર ચો દારૂ પીવાને ભારી ઊલટ ભરેલી શલામતીઓ લેવાએછે, તે પણ પટેટામાંથીજ કાહાડેલો, ફરાંશ, જરમની, પોલાંડ એ દેશોમાં બનેછે. નાજુક અશતરીઓને શુંગંધા, તથા પોતાના ખુબશુરત ચેહરા ઊપર લગાડવા, ચામડી નરમ રાખવા જે ખુશબોદાર પાણી નાહાની નાહાની શીશીઓમાં "હંગરીવાટર" જેને આપણા લોક (હીંગરી વાટર) બોલેછે તે પણ પટેટામાંથીજ બનેલા દારૂને તરેહવાર ફુલો શાથે ગાળી કાહાડેઆથી બનેછે. એ શીવાએ પટેટાના આટાનો બારીક મેદો છુટો પાડેઆ પછી જે જાડો ભાગ રેહેછે, તેના નાહાના નાહાના રમકડાં, તપકીરની દાબડી, આરશીઓની ફરેમો બનાવેછે, એ બનાવતી વેલા આટામાંથી જે પાણી ધોવાઈ બાહેર પડેછે તે ઊનના કપડાં ઊપરના ડાઘ અથવા તેવીજ બીજી ચીજો ધોવાને ઘણીજ કામ જોગ દવાઈ જેવું પાણી થઈ પડેછે, અને કપડાં ધોતાં સરદીથી જો ધોબણનું ધારું પડીઊ હાઓતો તે સાફ કરવાને એ પાણી ચોકશ દવા થઈ પડેછે એ રેહા સંધા ગુણ ઓ ધારેણું ચીજ પટેટામાંછે.

---

## જાણવા જોગ બીનાંઓ.

બેવકુફોને જે ઉપાએ શઉથી છેવે શુઝ પડેછે, તેજ ઉપાએ ડાહેઆં માણશોને શુરૂઆતમાંથીજ શુઝેછે.

---

આખી પુરૂથવી ઉપર સઘલી મલીને ૫૧૨૬૬ માઈલ લોહોડાંની શડક તઇયાર થઇ ચુકીછે.

---

રેલવેની ગાડીમાં શઉથી છેલી ગાડી મુકીને તેની પાશેની ગાડીના વચલા ભાગ ઉપર બેશવાનું વધારે શલામતી ભરેલું તથા શારૂં ગણાએછે.

---

આ દુનીઆમા ઘણી બુરી તથા નાશકારક બીજી ઘણી ચીજો મલી આવશે તો પણ લુચાઈ દોગાઇથી મેલવેલી દોલતના જેવી બુરી તથા નાશકારક બીજી કોઈ ચીજ મલી નથી આવનાર.

---

તા૦ ૧૪ મી જુન ૧૮૫૭ ને દીને બગદાદમા એક જબરો વરશાદ પડેઓ હતો, કેહેછે કે તે વરશાદનાં પાણીનો રંગ લગાર લાલ હતો, તેથી ગોઆએઆ તે શેહેરની આશપાશ લોહીનાં મેદાનના જેવો દેખાવ થઇ પડેઓ હતો.

---

ચોરી કીધાથી માણશ માતબર થતું નથી. તેમજ દાન કરીઆથી માણશ ગરીબ થઇ જતું નથી, અથવા બંદગી કરવામાં વખત રોકેઆથી માણશોને પોતાના કામ કાજોમાં તથા વેપાર ધંધામાં ખલલ નડતી નથી.

---

દુનીઆંમાની શઘલી વશતુઓ ઉપર કાટ ચહડશે, પણ પરોપકારી માણશોના ધન ઉપર, નીંદા તથા ગીબત ખોરની જીભ ઉપર અને ભાડુતી ઘોડાની નાલ ઉપર કશી કાટ ચહડનાર નથી.

---

એક દાનાવ શખશ એવી નશીહત કરેછે કે ઘરડાઓની મશકરી કરવી અથવા તેઓને હશવું, એ ગોઆએઆ જે બીછાનાં ઉપર રાતનાં શુનાર હોઇએ તે બીછાના ઉપર શવારના પોહોરમાં થંડું પાણી શીપવા બરાબરછે.

---

**આગની ગાડી**—ઇઉનાઇટેડ ઇશટેટશોમા ૯૦૦૦૦ કરતાં વધારે વરાલ (આગ ગાડી ચલાવનાર) ઇઞ્જંતરો હાલ કામે લાગેલાંછે. એ આકડશા ઉપરથી એવું માલમ પડેછે કે

લોહોડાની શડકના રશતા ઉપર દર તરણ માઇલે એવું એક રૂં ઇચ્યંતરછે.

---

## અમેરીકામાં વનશપતીની ઉપજ અને કીમત.

| | | |
|---|---|---|
| ઘઉં ...... | ૧૬૫૦૦૦૦૦૦ | ૨૪૭૫૦૦૦૦૦ |
| અડદ ....... | ૧૭૦૦૦૦૦૦૦ | ૬૮૦૦૦૦૦૦ |
| પટેટા ..... | ૧૧૦૦૦૦૦૦૦ | ૪૧૨૫૦૦૦૦ |
| ચોખા ..... | ૨૦૦૦૦૦૦૦૦ | ૧૦૧૦૦૦૦૦૦ |
| શાકર ..... | ૫૮૯૦૦૦૦૦૦ રતલ | ૩૭૫૦૦૦૦૦ |
| રૂ ....... | ૧૭૦૦૦૦૦૦૦ | ૧૨૬૦૦૦૦૦૦ |
| ઘાશ અને ચારો | ૧૬૦૦૦૦૦૦ ટન | ૧૬૦૦૦૦૦૦૦ |

---

હાલ એક લોહોડાંની નાહાની શરખી એક આગબોટ બાધવાનું કાંમ ચાલેછે, કેહેછે કે એ આગબોટ એક જુદાજ પાએઆ ઉપર અને એક તદન જુદીજ ધપથી બાધેઆમા આવેછે, અને જારે તે તઇઆર થશે, તારે દર કલાકે તે આગબોટ ૨૫ થી ૩૦ માઇલની મંજલ કરશે.

---

ધરમ કરવાની અથવા ગરીબોને ભીખશા આપવાની બાબદમા એક વેલાએ એક ઘણી શારી વાહાજ કરેઆમા આવી હતી, તે વેલાએ તાહા એક બખીલ હાજર હતો, તેણે જેવી તે વાહાજ શાબલીકે તુરત તે બોલેઓકે "આ વાહાજ ઉપરથી ચોકશ શાબિત થાએછે કે ભીખશા ખરેખર જરૂરનીછે, એ ઉપરથી માહારા મનમા એટલીતો અશર થઇછે કે જાણે જઇને ભીખ માગું"

---

**કાગલની ખપ**—ઈઉનાઇટેડશ ઇશટેટશ ખાતે જેટલા કાગલ ખપેછે, એટલા બીજાં કોઇ દેશોમા ખપતા નથી ફરાનસ દેશમા ૩૫૦૦૦૦૦૦ લોકની વશતીછે તાહા દર વરશે ૭૦૦૦૦ ટન કાગલ બનાવેઆમા આવેછે, તેમાનો શાતમો ભાગ બીજાં દેશો ખાતે મોકલેઆમા આવેછે. ઇંગલંડ દેશમા ૨૮૦૦૦૦૦૦ લોકની વશતીછે તાહાં ૬૬૦૦ ટન બનાવેઆમા આવેછે, પણ ઈઉનાઇટેડ ઇશટેટશ ખાતે દર વરશે ઘણાજ કાગલો બનાવેઆમા આવેછે, કેહેછે કે ઇંગલંડ તથા ફરાનસ મલીને જેટલા કાગલો બનેછે તેટલા ઈઉનાઇટેડ ઇશટેટશમાં બનેછે. આ પરમાણે એ જગા ઉપર બહુ કાગલો બનેછે, અને તેમજ તાહા બહુ ખપેછે

---

જે જે વશતુઓ આહાર ખાએછે તેથી તેઓ નજબુત થાએછે એવું નથી, પણ જે વશતુ ખાઇને તેઓ જેરવેછે તેથી શકતીવાન થાએછે. માણશને નશો થાએછે તેથી તેઓ તવંગર નથી થતા, પણ જે કાંઈ તેઓ એકઠું કરી રાખેછે તેથી,—માણશો જે કઇ વાચેછે તેથી હુશીઆર નથી થતા, પણ વાચીને જે કઇ ઇઆદ રાખેછે તેથી. તેમજ તેઓ જે કઇ શાચ વાણી મોહોડેથી બોલેછે તેથી તેઓ પવીતર નથી ગણાતા પણ જે શાચ કરણીથી ચાલેછે તેથી તેઓ ખરા પવીતર ગણાવાના. આ ઉપર લખેલી શાદી શચાઇઓ ઘણી જરૂરનીછે પણ તે વીશે પુથીઆ, ઉડાઉ, મકરબાજો, અને ચોપડીના કીડા બીશનીઓ મુતલક દરકાર નથી કરતા.

---

જુનીઅશ નાને પરખેઆત થએલો એક લખનાર એવું કહી ગએછે કે દુનીઆમા શારી પેઠે અને લાબી તપાશ કરીને હુ શચાઇથી ખોદાતાલાની હજુરમા ઉભો રહી આટલું ખાતરીથી બોલવા માગુ છું કે આ દુનીઆમાં એવો કોઇબી લુચો નથી મલી આવવાનો કે તે સુખી હોએ. દર એક લુચો તે ખરેખર દુખીછે, પછી ગમે એવી લુચાઇથી તેણે નાણુ મેલવીઉ હોએ, મોજ ભોગવી હોએ, અને બીજા તેવા કરમો કીધા હોએ

---

**ખડકો ફોડવાની નવી રીત**—આજ શુધી પાહાડો અથવા ખડકો બાલવામા બારૂતનો દારૂ વાપરેઆમા આવેછે. પાહાડો અથવા ખડકોમા શુરંગ મુકી બારૂતની મારફતે તે બાલેઆનો આવેછે, પણ હાલ કેટલાએક ફરેનચોએ ખડકો ફોડવાની એક નવી જુકતી શોધી કાહાડીછે, અને તેન વીશે તેઓએ શનદ મેલવીછે તેઓ બારૂતને ઠેકાણે એક બીજી વશતુ વાપરેછે, જે વશતુ બનાવવામા શો ભાગ ગંધક, શો ભાગ શુરાખારના, પચાશ ભાગ બેહેર, પચાશ ભાગ ઘોડાના ખાતરના, અને દશ ભાગ શાધારણ નીમકના, કામે લગાડેછે. એ પરમાણેની મેલવણીથી બનેલા પદારથને બારૂતને ઠેકાણે કામે લગાડેછે શુરંગ મુકીને તેમા એ વશતુ મુકેછે, અને પછી તેને શલગાવેછે. તેથી તે પાહાડ અથવા ખડક ભાગી જાએછે, પણ દારૂની મારફતે ભાગતી વેલાએ જેમ ધડાકો કરેછે તેમ આ રીતે ધડાકો પડતો નથી પણ હલુ રહીને પાહાડમાં એક મોહોટો ચીરો પડી આવેછે.

---

અનુભવ મેલવીને વીદવાનોએ શાબેત કીધુછે કે માણશનાં શરીરનો ખાતરે દશમો ભાગ ભટ અથવા નક્કર

છે એક મુરદાને પેહેલા જોખી જોઈઉ તારે તેનુ વજન ૧૨૦ રતલ થઈઉ હતુ, પણ તેજ મુરદાને ભઠી આગલ મુકી ચારી પૂરે મુકવવા દીધુ તે એટલે શુધી કે તેમા જેખી કાંઈ ભીણાશ (પાણી) હતી તે તદન જતી રહી, અને પછી તેને જોખી જોઉં તા ૧૨૦ રતલને ઠેકાણે તે મુરદુ આતરે ૧૨ રતલ થઈ ગઈઉ તુ મીશર દેશના આગલા લોકોના મુરદાને, મશાલો તથા શુગધી વશતુઓ ભરી રાખીને, જાલવી રાખેલાછે, જેઓન "ઈજીપશીઅન મમી" કરીને કેહેછે, અને જેઓ શુકાઇને છોડા જેવા થએલાછે, તેઓનુ વજન આતરે આશરે આઠ રતલ થાએછે

---

**ઈંગલંડની ઉઆફત**—ઈંગલંડમા આજ શુધી જે ઉઆફતો અથવા મેજવાનીઓ આપેઆમા આવીછે તે માહેલી એક મેજવાની જે તા૦ ૧ લી આગશટ ઇશવી શને ૧૭૭૯ મા લારડ રોમનીએ ઈંગરેજી શીપાઈઓને આપી હતી, તે વીશે એવુ કેહેવાએલુછે કે તે મેજવાની ઘણીજ ઉમદા અને ગણી મોહોટી હતી મેજવાનોને માટે જે ટેબલો બીછાવેઆમા આવી હતી તે ગણતરીમા ૯૧ હતી, તથા તે ટેબલો જારે હારેહાર માડી હતી તારે તેની લબાઈ ૭ા મઈલ થઈ હતી, તથા એ ટેબલોના ફકત પાટીઆને માથે ૧૫૦૦૦ રૂપીઆ ખરચ બેઠા હતા એ વેલાએ ૬૫૦૦ મેજવાનો બીરાજેઆ હતા, અને તેઓની ટેબલ ઉપર ૬૦ મેટાની લટાગરીઓ, રોસ્ટ કીધેલા ગાએના ગોશની ૨૦૦ રકાબીઓ, ૭૦૦ મરઘી, (દરએક મોહોટી રકાબીમા તરણ તરણ મરઘીઓ મુકેલી હતી) માશના ૨૨૦ શમોશા (જેને ઈંગરેજીમા પાઈ મી કેહેછે, એ પાઈ એક જાતનુ પકવાનછે, જે ગોશનુ બનાવેઆમા આવેછે, અને જે ઘણુજ જેહેજતદાર હેએછે) ૩૦૦ કટકા ડુકરની રાનના, ગાએની ૩૦૦ જીભ, ૨૨૦ મેવાના શમુશા, બાફેલા ગોશની ૨૨૦ રકાબીઓ, રોશ કીધેલા કીરના ૨૨૦ કટકા, ૮૪૦ ગેલ્આન પોરટવાઈન, તથા ૭૦૧૬ ગેલ્આન એલ દારૂ હતા, અને એ વગરે કેટલોક બીર દારૂ પણ મોહટે મોહોટા પીપોમા ભરી તાહા હાજર કરેલો હતો ખરેખરે એ મેજવાની ઘણીજ મોહોટી હતી

---

**જુવાન કેમ દેખાવું**—એક જણને કોઈએ પુછીઉ કે કેટલાએક લોક બુઢા થએલા છે તોપણ જુવાન દેખાએછે, પણ મેંઢા પરેજુ જુવાન બુઢા ખખ્ખં જેવા દેખાએછે તેનુ શું કારણ [illegible] ખ મલેઓકે ભાઈ હુ બુઢો થએો છઉ પણ હજુર જુવાન દેખાઉછુ તે એટલા કારણ ઉપરથી કે આગલા વખતમા જાહાશુધી મારા ગુડામાં શકતી હતી તાહા શુધી ગાડી ઘોડે બેઠો નથી, જમતી વખતે એક વાનીથી વધારે નથી ખાધી, દારૂ પી છાકટો નથી થએો ચાલેઆથી મારૂ લોહી સાફ અને ફરતુ રેહુ, એક વાની ખાધાથી બદહજમી કોઈ દાહાડે થઈ નથી, અને દારૂ ઘણો નહી પીધાથી મારૂ કલેજુ છવતા જીવત બલી નથી ગઉ પણ જેવુંને તેવુ જછે પણ એ કરતા એક કારણ શઉથી શરશછે તે એજે તારામા જાગેઆ અને પારકાનુ શારૂ થાહાતુ એ ગુણો લગેલાછે, કાએકે "અદેખાઈ" જેટલી માણશની જુવાનીને બાલી ભગમ કરી નાખેછે તેવો બીજો દુશટ ગુણ કોઈ નથી અદેખાઈથી ભર નોજુવાન તવાઈ દીવાશલી જેવો થઈ જાઈ આખરે બલી ખાખ થઈ મરેછે

---

**લંડન શેહરમાં ચોરોની વશતી અને ચોરી**—લંડન શેહરમા હાલના વખતમા ચોરોની એક નાહાની જેવી વશતી થઈ પડીછે એટલી તેઓની શખેઆ વધી પડીછે તાહાના પોલીશના કમીશનરની તરફથી જે ઘણા ભરેલો અહેવાલ છપાઈ બાહેર પડેછે તેમા કમીશનરે એક ટીપ લખી છે જેમા વીગતવાર હીશાબ આપેઓછે ૧૧૦ ઘેર ફાડીને ચોરી કરનારાછે—૩૮ ચોરી રશતા ઉપર લોકને લુટનારા—૭૭૩ ગજવા કાતરૂ—૩૧૫૭ તરણ હજાર, છશો, શતાવન છીનચપટની ચોરી કરનારા—૧૧ ઘોડા ચોરી જનારા—૧૪૧ કુતરા ચોરી જનાર—અને બીજી શાધારણ નાહાની તકશીર કરનારાઓનીતો એક મોહોટી ટોલી ભલી લંડન શેહેરમા એવા કામ કરનારા મશહુર થએલા ૧૬૯૦૦ શોલ હજાર નવશો માણશ પોલીશને જાહેર થઈ ચુકાછે તેની શાથે આ વાત પણ જાહેર થઈછે કે ઉપર લખેલા લોગે એવાતો હરકતા ચોરોછે કે જેમ ખાટકી અને દરજી બીજો ધંધો મધી કરતા, તેમ તેઓ પણ ચોરી શીવાએ બીજો ધંધો મુતલક નથી કરતા, અને જે દીવશે તેઓ ચોરી નથી કરતા તે દીવશે ચોરી કરવાની તેઓની મરજી થઈ નહી હતી એમ નહી શમજવુ પણ તેઓની ચોરી કરવાની ફુરશદ નહી મલી હતી તેથી તેઓએ એ કરમ કીધુ નહી આ જાતના ધધા વાલાઓથી દર વરશે લંડન શેહરમા રેહનારા ઘરધણી લોકના ફાએદામા ૭૦૦,૦૦૦ સાત લાખ રૂપીઆ લીંતે ૫૦૦,૦૦૦ પાચ લાખ રૂપીઆ શુધીનો ખરો પડેછે

**ચીનની છપાઈ**—શારી શતા ઉપરથી માલુમ પડીઉ છે કે ચીનમા છાપવાનો હુનર આજ ૮૦૦ વરશ થઆ જ ણુએઓછે ક્રાઈશટના જનમની ૫૦૦ વરશ અગાઉ એટ ને ૨ બે હજાર તરણુશો અહાવન વરશની વાત ઉપર ચીના લોક ખાબુની ચીપોની ચોપડીઓ બનાવતા હતા, ક્રાઈશટના જનમની ૧૫૦ વરગ પછી તેઓ કાગજ બનાવા લાગા, ૭૪૫ ના શાલમા પાનાની ચોપડીઓ બનાવા માંડી ૯૦૦ ના શાલમા તેઓએ છાપવાનુ કામ શીરૂ કીધુ ચીનાઓનો છાપવાનો શાચો તથા રીત ઘણુીજ શેહલછે લાકડાના છાપા કોતરેલા હોએછે તેને એક પીછીથી શીહાઈ લગાડી તે ઉપર કાગજ મુકી છાપી કાહાડેછે એવી રોતે જોકે વગર સાચાની મદદથી છાપેછે તોએપણ એક દીવશમા એક ચીનો ૨૫૦૦૦ નકલ છાપી કાહાડી શકેછે કાગજ જે ઘણાજ પાતલા આવેછે તેવા કાગળે શધને ઠેકાણેના ભાવ કરતા પા કીમતે ચીનમા વેચાએછે કાનફીઉશીઅસ નામે ચીનાઓમા એક મોહોટો ફીલશુફ થઈ ગએોછે જેની બનાવેલી કીતાબો ૭ વાલમમા મરેછે, જેના ૧૫૦૦ પાનાછે, તો તેવી મોહોટી કીતાબની કીમત ચીનમા રૂ ૧૧ પાએછે

---

## વીહીવાના ગીત.

વીહીવા જેવા હરેક સુભ કારજમો બાએડીઓને ગીત ગાવા માટે સારા ગીતની અગત જાણીને કુવર જનમતી વખતે ગાવાનુ ગીત નીચે પરગટ કરીએ છીએ તેમા જે ઠેકાણે દસરથ રાજાનુ અથવા અવધીઅ પતીનુ નામ આવે તે ઠેકાણે છોકરાના બાપનુ નામ, ને જે ઠેકાણે કૌસલાનુ નામ આવે તે ઠેકાણે તેની માનુ નામ લેઈને ગાવુ

માહા મેરૂ સુધા સુલનુ એ રાગનુછે

અરે આજની ઘડી રૂડી જાણીએ
　રાજા દસરથનો હરખ ન માએ—કુવરજાએઓ રાણીએ
અરે સેર્તા શરસ સી વખાણીએ
　વાહાલા તરફ વધાનણી જાએ—કુવર૦ ૧
અરે તરીઆ તોરણ રોહે બાધીઆ
　ગાએ માનની મ ગલ ગીત—કુ૦
અરે મીઠા ભોજન ભલા રાધીઆ
　તેડીઆ સનેહી સગા રૂડી રીત—કુ૦ ૨
અરે સાકર વેહેચેછે સરવને
　વાજે ઢોલ નગારા નીસાન—કુ૦
અરે રાજા પોતે તજી ગરવને
　પરીતે વેહેચેછે ફોફલ પાન—કુ૦ ૩
અરે માલી લાવીઓ ફુલ છાબડી
　ગુથી હાર તોરા મોટા ગુછ—કુ૦
તાતે દાન દીધા ઘણા તે ઘડી
　ગણીઆ સૈકે નાણા તેતો તુછ—કુ૦ ૪
અરે બર છુટીઆ બ ધીવાનના
　કોઈને ર ચ રહ્યો નહી સોક—કુ૦
અરે રાગ થઆ રૂડા ગાનના
　આવે મલી મલીને ટોળે લોક—કુ૦ ૫
અરે ભાત ચારણને ભલા ભલા
　આપે સેલા પાઘડી સીરપાવ—કુ૦
દીસે મેડી જરૂખા જલામલા
　કીધા કેસરના છટકાવ—કુ૦ ૬
અરે ફોરે કસતુરીને કેવડો
　ચ પા જાએ ચંબેલી ગુલાબ—કુ૦
અરે હરખ વધો વીહીવા જેવડો
　મેલી મડપમા ફુલ છાબ—કુ૦ ૭
અરે સેરી વલાવીને સજ કરી
　રોપીઆ આગણે કેલીઓના થભ—કુ૦
અરે દવારે પતાકા ધજા ધરી
　ધરીઆ ચલકતા કનકના કુભ—કુ૦ ૮
અરે સારી વચે ફુલ વેરીઆ
　સણગારી સોભાવીઉ છે ગામ—કુ૦
સોના છરીએ તે નાલે વધેરીઆ
　દીધા દાઈને મોહો માગીઆ દામ—કુ૦ ૯
આપેઆ સીસ અધીક ઉમ ગથી
　ધરી પરેમદા પરેમ અપાર—કુ૦
ભલે ઉપજો અવધ પતી અગથી
　ઘણુ જીવો કૌસલઆ કુમાર—કુ૦ ૧૦
કરજો માત પીતાની સેવા ઘણી
　કરો પરેમથી પર ઉપકાર—કુ૦
ભજો ભાગીઅ સાલી ભુમીના ધણી
　થાજો લાખો પરજા પાલનાર—કુ૦ ૧૧
કીરતી દેસ વીદેસે વધારજો
　નવ [ ] ખડમા રાખજો નામ—કુ૦
તોરા સ કલપદેવ સુધારજો
　દેછે આસીસ દલપતરામ— કુ૦ ૧૨

---

† અગરાકા ખ ડ દ્વીપ.

# સ્ત્રીબોધ.

પુસતક ૨ જું. માર્ચ ૧૮૫૮ આંક ૩ જો

## વખણાએલી ઓરત.

### બોઆદીસીઆ.

પેહલી સદીમાં જારે ઈગલંડની અંદર ભારે જંગલી પણું હતું, જારે તેઓની ચાલ ચલણ ધીકાર ભરેલી અને તેઓનો ધરમ દુખ ભરેલો, તે વખતના બરીટન લોકો હીમતથી દુર નહી હતા. તેઓ પોતાનુ દેશ પોતાના હાથમાં રાખવાને બારે ઊમેદ રાખતા હતા અને જોકે તેઓ પાસે પુરતાં હથીઆર નહી હતાં અને લડતા આવડતું નહી હતું તોબી તેઓ કસાએલા અને કવાએદ વાલા રૂમી લશકરની સામણે થતા હતાં. રૂમીઓ બરીટનમાં સઊસથાન કરેઆ પછી તેઓનો સરદાર સુઈતાનીઅસ આગલસીનુ ટાપુ ફતેહ કરવામા રોકાએઓ હતો તે વખતે બરીટનમાંનો એક પરગણાની રાણી બોઆદીસીઆ ઊપર એક રૂમી અમલદારે ભારે જુલમ કીધો. એ રાણીનો ભરથાર મરણ પામીઆ પછી તેની મીલકત રૂમી અમલદારે જપત કરવા માગી અને તની સામણે રાણી થએઆથી પેલા કરૂર રૂમી સરદારે રાણીને લોકોની અંદર જાહેર બાધી મારી અને તેની બે છોકરી ઊપર નાલાએક જબરદસતી કીધી. રાણીથી એ જુલમ ખમાએઓ નહી અને તેને બરીટનો આગલ પોતાની ઊપર વીતેલાની ફરીઆદ કીધી, લોકો પણ રૂમીઓના જુલમથી કંટાલીઆ હતા તેથી તેઓ રાણીની તરફ થાએઆ અને એ બાહાદુર ઓરત પોતાના દેશીઓ સાથે રૂમીઓ ઊપર ટુટી પડી. તેઓ રૂમીઓને હાકતા લંડન વેર આવી પુગીઆ અને એ સેહર જે રૂમીઓએ વસાવીઊં હતું તે ઊપર એકદમ ટુટી પડીઆ. સીતેર હજાર આદમી રૂમીઓના મારીઆં ગીઆં અને સુઈતાનીઅસ જેવી લડાઈની ખબર સાંભલતાં પાછો આવીઓ તેને જોએઊ કે લંડન પાછુ હાત કરવું મુશકેલછે તેથી દરીઆ કાંઠે એક મજબુત જગો ઊપર જાઈ લશકર તઈઆર રાખીઊં. બરીટનો જોકે હીમતવાલા તથા લડાએક હતા તોપણ તેઓમાં કવાએદ અથવા તરતીબ નહી હતી. તેઓ એકદમ રૂમીઓની સામણે ગીઆ અને સખત લડાઈ થાઈ. એ લડાઈમા રાણી બોઆદીસીઆ તથા તેની બે દીકરી જોરથી લડી હતી અને મરદોને લડવાને હીમત આપતી હતી. બરીટનો પણ એવા લડીઆ હતા કે તેઓએ પોતાના જાનની દરકાર રાખી નહી હતી. તવારીખ લખનાર કેહેછ કે રૂમીઓ અને દરીઆ વચે બરીટનો આવી પડીઆ હતા. રૂમીઓ દરીઆમા હકી કાહાડતા હતા અને દરીઆ પાછા મોજાએ કરીને તેઓને રૂમીઓ ઊપર નાખતો હતો. એવી લડાઈમા એંસી હજાર બરીટનો મારીઆ ગીઆ અને રૂમીઓનો દસત બરીટન દેશ ઊપર વધારે બેસતો ગીઓ. તાસીતસ કેહેછે કે એ રાણીએ જોએઊં કે અવે મારા દેશને આપઆખ

તીઆર થવાને કશી આશા નથી તથા પોતે રૂમીઓ
ના હાતમા જાઈ પડશે તેથી પોતાને હાતે જેહર ખાઈ
મરણ પામી

---

## ડાક્ટર લીવીંગસટન.

(ભાગ પેહલો)

ઈંગરેજી ધરમના ઊપાધીઆઓની પોતાના
ધરમનો ફેલાવો કરવાની હોસ, તેઓના વેપારીઓ
ની હીમત, તેઓના શેકારીઓનો શોક, તેની સાથે
એ જાત જેવી ઊદીઓગી અને હરદમ કઈને કઈ કા
મમાં રોકાએલીજ, જે કોઈબી કામ પોતાને માથે લેએ તે
હીમતથી પુરૂં કરવાને આસમાન અને જમીનને
એક કરી નાખે એવી જાંહાં મરદી કરનાર, એટલા
માહાભારત ગુણો એ લોકમાં હાએઆથી આ દુની
આની સપાટી ઊપર એવો ખુણો કોઈબી બાકી ન
થી રહીજવાનો જાંહાં એ ખણ ખોદી ટોલાનું પગલું
પડેઆ વગર નથી રેહેવાનું. માણસ જાતની તમામ જુદી
જુદી વશતી તેમા પુર જંગલી હાલતવાલી બોલો અથવા
અરધીજંગલી કહો, અથવા સુધરેલી બોલો તો એ સ
ઘવાની ખબર એ ટોલો લઈ ચુકેછે, અથવા થોડી
મુદતમા લઈ આપણી આંખ આગલ તેઓની હાલત
નો અહેવાલ લાવી મુકશે. આસતે આસતે આખી પુ
રૂથવીનુ માપ અને તેનો હીસાબ એ લોકના હાતમા
આવતો જાએછે, અને જે જગા ઊપર અમણા બી
આબાન જંગલોછે તે ઠેકાણે એ લોકના બચાં જોશે
કે બાગ બગીચા, તથા આગની બાડી અને માણસ
જાતની વનતી ઊભાઈજશે. આ દુનીઆની અંદર આ
ફરીકા ખંડ જેવો જંગલી અને અધુરો જણાએલો
કોઈ બીજો ખંડ નથી, પણ એ લોકના મીશનરીઓની,
વીદવાનોની, અને શેકારીઓની ઊલટ અને મેહનત
આગલ એવા ભએંકાર અને જંગલી ખંડની કંઈબી
દેહેશત રેહી નથી. છેક તેના વચલા ભાગ સુધી એ લો
ક જઈ પોહોચેઆછે, અને તાહાં શું શુંછે, કોણ કો
ણ વશેછે, અને કેવી હાલતમા વશેછે, એની ખબર
એઓએ મેલવીછે. એ લોકની શોધથી અમણા આ
ફરીકા જેવા જંગલી ખંડ સાથે આપણને ફાએદા ભ
રેલા વેપારનો સંબંધ ઊઘડેઓછે એટલુંજ નહી પ
ણ જે જે ચોકસ અને વીગતવાર ખબર માલુંમ પડી
છે તે ઊપરથી એ ખંડના જંગલી સીધીઓની જાત
અને તેઓના ખવાએસ વીશે આજ સુધી આપણા
મનમાં જે જે વીચારો હતા તે છોડી દઈ તે જંગલી
ટોલા વીશે આપણને વધારે સારા વીચાર રાખવાને
માલુમ પડી આવીઊછે. આ સઘલી તાજુબ બીના જા
હેરમાં લાવનાર ધણી કોણછે? જે ડાકટરની સબી ત
મે પાસેના પાનામા જુઓછે તે ધણી મુશકલ મેહનત
અને રંજ ખેંચી એ જગાની આવી તાજુબ ખબર
લાવેઓછે એ શખસ પોતે ધરમનો ઊપાધીઓછે, અને
આવા ભએનકર ખંડમાં પોતાના જાનને પલે પલ
ની ધાસતીમાં નાખી હીમતથી અંદર જઈ આવેઓ
છે. ડાકટર લવીગસટનની હીમત ભરેલી પણ તેની સાથે
નરમાસ ભરેલી ચાલ, તેનું પાક આકીન, પોતાના
ખોદાની દીલો જાનથી ચાકરી બજાવાની અંદરખાને
ની હોસ, તેની સબુરી, અને પરલોકનું કલેઆણ કર
વાની ઈછા, એટલા સદગુણોથી આજના વખતમા એ
શખસ ઈંગરેજના આખા ટોલાને તથા તેના સઘલાં
રાજને ભારી જેબ પોહોચાડનાર ધણી થઈ પડેઓછે.
ધન હોજો એની જીંદગી ઊપર છેતો ગરીબનો છોક
રો, ઈસકાટલંડ દેશના પાહાડી ટોલામા રેહેનારો, બાપ
હતો માતરે એક સાધારણ કારીગર, અને માએ પણ
હતીજ તેવી, એ ડાક્ટર પોતે જાહારે નાહનો છોકરો હ
તો તેઆરે રૂનાં કારખાનામાં મજુર દાખલ કામ કર
વાને જતો હતો, તોએપણ ચપલ અને ચંચલ મજુરો
ની મોઆફક તેણે ઠેરાવ કીધો હતો કે પોતાની જાતી
મેહનતથી પોતાનું ગુજરાણ ચલાવવું. પેહેલા સાત
દીવસનો પગાર વેહેચાઓ તે લેઈ તેમાંથી લાટીન ભા
શાનું એક નહાનું વીઆકરણ તેણે વેચાતું લીધુ.
જુઓ રૂ વણનાર મજુર છોકરાને "લાટીન ભાશા
નો વીઆકરણનું શું કામ? તેના ધંધા સાથે એ ચો
પડીને શો સંબંધ? તોએપણ તે ચોપડીને રૂ વણવા
ના સાંચા ઊપર પોતાની સાથે ઊઘાડી મુકી, હાતે રૂ
નો દોરો ખેંચતો જાએ, અને એણીગમ પેલીગમથી
જરા જરા વારે ચોપડી ઊપર નજર નાખી તેમાથી
લાટીન ભાશા શીકવા માંડી. જેવો કારખાનામાંથી ના
જના ફારેગ પામતો કે તુરત રાતના ૯ વાગા સુધી
ની એકું નીસાલે જઈ તાહાં રેહી છેક દસ દસ વાગા



ડાક્ટર લીવીગસટન (આફરીકાખંડનો નામીચો મુસાફર.)

સુધી શીખવાના મેહેનત કરતો હતો. ગતનાં દશ વાગા પછી કોઈ તેને તેના શીખવામા મદદ કરવામે નહી હોવાથી છેક રાતના બાર વાગા સુધી "ફર હ્યુ" ની મદદથી તે પોતાનો અભેઆશ આગલ ચલાવતો હતો, તેહસુધી કે એ ડાકટર પોતાના અહેવાલમાં પોતે કેહેછે કે "મારીમા કનટાલો ખાઈ એકદમ ગુસાથી કુદકો મારી મારા હાતમાથી પોતે ચોપડી ઝુંટી લઈ મુકતી હતી." આવો ઊદીઓગી છોકરો કઈ લાટીન ભાશા વાંચીને મુગો બેસે એવું તો કધી બનનારજ નહી હતું. એ જુવાનના હાતમા જે કંઈ પડીઊ ખડીઊ આવતું હતું તે લઈ વાંચતો હતો, માતરે એ જાતની ચોપડી નહી વાંચતો હતો, તેમા એક ધરમ વીશેની—બીજી કાહાણી કીસા. કાહાણી કીસા નહીવાચતો હતો, તેનું કારણ કદાચ એવું હશે કે તેમાથી તેને કઈબી ફાએદો થનાર નહી હતો, પણ આએ બીના ઘણીજ તાજુબ સરખીછે કે જે ધણી અવે પછી એક ભારી ખંતી અને રંજ તથા શકતી ખમનાર ધરમનો ઊપાધીઓ થઈ પડવાનો તેને ધરમની ચોપડીઓ વાંચવા નહી ગમે!

જેમ જેમ વખત વધતો ગીઓ તેમ તેમ લીવીંગસ્ટનના વીચારમા જાણવા લાએક ફરક પડવા લાગો. તેને ઠેરાવ કીધો કે મારી જીદગી માણસ જાતનાં દુખ ઓછાં કરવામાં તથા મારા ધરમની ખુબીનો પસારો કરવામાંજ ગુજારૂં. તેના મનમા પેહેલો વીચાર એવો આવેઓ કે એ માહાભારત કામ શુરૂ કરવાને ચીન દેશ જાઊં. એવા વીચારથી વઈદક શાસતર અને ધરમ શાસતર એ બંધે વીદીઆ શીખવાનો આરંભ કીધો માણસ જાતની હાલત સુધારવાના આ કરતાં બીજા કોઈજ ઊપાએ વધારે સરસ નથી. વઈદક શાસતરની જે માહીતગારી તેણે મેલવી તે તેને પોતાના જીવનો બંચાવ કરવાને તથા જે જંગલી દેશમા ગીઓ હતો તાહાના લોકનું દુખ નીવારણ કરવાને અને તેઓમા પોતાનો બોજ બેસાડવાને અતીશએ કામ જોગ થઈ પડી હતી. ઝાહાડ પાનની, જાનવરોની, ભુરચના શાસતરની માહીતકારી તેને તમામ આખા દેશની ખુદરતી રચના જોવા તથા તપાસવાને ગતી ઊપઓગી થઈ પડી હતી.

જારે પોતાની મુસાફરી ઊપર જવાની તઈઆરી કીધી તેવામા ચીન સાથે ઈંગરેજને લડાઈ ચાલી, તેથી તેનો સઘલો વીચાર એ દેશ જવાનો ભાગી પડેઓ. તેનો સસરો જે આફરીકા ખંડનો એક મીશીનરી હતો તેની સોબતના ઊપરથી ડાકટર લીવીંગસ્ટને પોતાની મુસાફરી આફ્રીકા ખંડમા કરવાનો એરાદો કીધો. "લંડન મીશીનરી સોશાઈટી" એવે નામની ખીરીસ્તી ધરમનો ફેલાવો કરનાર મંડલીની ચાકરીમાં તેણે પોતાનું નામ લખાવીઊ, અને લાગલો આફરીકા ખંડમા "કેપ ગુડ હોપ" તરફ નીકલી પડેઓ. તાહાથી "કરૂમાન" સેહર જે છેક અંદરના પરાતમા આવેલુ છે તાહા ગીઓ, અને તાહાથી જંગલી લોકોઓની બોલી બરોબર શીકવાને તથા તેઓની ચાલ ચલણ તથા રવઈઓ સમજવાને "બાકઊએન" દેશમા જઈ રહો, અને છ મહીના સુધી પોતાની જાતવાલાથી તદન વેગલો પડેઓ હતો તાંહાથી શીખીને પાછો "કરૂમાન" આવેઓ, અને "માબોશ" ના ગામડાં આગલ પોતાના "મીશનનું" રેહેઠાણ પસંદ કીધું. ૧૮૪૩ ના વરસમા એણે પેહેલુ મથક તે જગા ઊપર કીધું. આ ઠેકાણે એક બનાવ બનેઓછ જે ડાકટર લીવીંગસ્ટન પોતાના અહેવાલમા કેહેછે કે—

"માબોશ" ના ગામડામા સીંહનું ટોલુ દરરોજ કનટાલો આપતુ હતું, ગતને સમે સીંહો ચાર ચાર અને પાંચ પાચના ટોલા થઈ, છેક વસતીમા આવીને ઢાકેલી વાડમાથી બકરાં તથા ગાએ ટોરને પકડી લઈ જવા લાગા આસતે આસતે દીવસના પણ તેઓની ઊપર તરાપ મારવા માડી ગામડાના રેહેવાસીઓ ખુન ઊપર આવી હીમત કરી વેર લેवાને બાહેર પડેઆ, પણ જેવો સીંહ દેખાઓ કે ઊભી પુછડીએ સઘલા નાહાસી આવેઆ. એવું ઘણી વખત થઈઊ, અને સઘલી વખતે તેઓને પાછું ફરવુ પડીઊ હતું એકવાર તેઓની સાથે હરોલમા હું પોતે ગીઓ, મારી મતલબ તેઓની બીહીક બાજુએ નાખવાની હતી. ગામથી પા માઈલ દુર એક ટેકરી ઊપર સીંહોનું રેહેઠાણ હતું, તે ટેકરીની આસપાસ તમામ ગીચ ઝાડી ફરી વલેલી હતી. એ ટેકરીની નજદીક હુ હલુ હલુ જઈ તેની આસ પાસ હમે સઘલા ફરી વલેઆ અને સીંહોને ઘેરી લીધા. મારી સાથે "મીબાલી" નામનો એક સીધી હતો, હમારા બેહુના હાતમાં બેવડી નલીની બંદુકો, ગોલી ભરેલી અને વો

ડો ચહડાવેલી તઈઆર રાખેલી હતી. હમે બેહુ જણા નીચે એક ટેકરા ઊપર ઊતરેઆ હમારી નજરે એક સીંહ પડેઓ. જેવી મારી નજર તેની ઊપર પડી કે સેતાબ તેજ પલે મારી બંદુકમાની બેઊ ગોલીઓ એકજ વખતે છોડી, અને તે આબાદ સીંહના બદનમા પસાર કીધી. જેવો જખમી થઓ કે તેણે એક મોટી છલાંગ મારી અને ઝાડી કુધવી તાંહાંથી નાઠો તાહાથી હમે સઘલા પાછા ફરેઆ અને ગામ તરફ આવતા હતા, તેવામા મારી નજર પાછી પેલા સીંહ ઊપર પડી, તે એક ઝાડીમાં ભરાએલો હતો, જે ઝાડી હમારેથી ૩૦ વાર દૂર હતી. આગલની મોઆફક ફરીને મારી બંદુકની બેહુ નલી એકદમ છોડી, અને ફરીને ગોલીઓ આબાદ સીંહને લાગી. લગવી તરફથી હમારી સાથના માણસોએ પોકાર ઊઠાવેઓ કે "લાગી—લાગી" "તે મુઓ તે મુઓ" સીંહ મુતલક દેખાતો નહી હતો, માતરે ઝાડીમા તેનું ગુચરાદાર પુછડુ ઊભુ થએલું દેખાતુ હતું. મેં ફરીને મારી બંદુક ભરી, અને ગોલીને ગજથી ગાડતો હતો તેવામાં મારી પછવાડેથી મેં એક પોકાર સાબલેઓ, ચમકીને પાછલ ફરી જોઊછું, તો પેલો ભએનકર સીંહ માહારી ઊપર તરાપ મારવાને ઊછલતો દેખાઓ. હું તે વખતે એક ઊચા ટેકરા ઊપર ઊભો હતો, જેવી તેણે છલાગ મારી કેઆવીને મારૂં ખભું પકડીઊ, અને હું અને તે બેહું જણ સાથે જમીન ઊપર તુટી પડેઆ. મારા કાનની છેક નજદીક તેણે પોતાનો ભએનકાર પોકાર કીધો, અને જેમ શેકારી કુતરો ઊંદરને મોહોડામા પકડીને ખંખેરી નાખે, તેમ મહને તે સીંહે પકડીને હીલવેઓ જારે બીલાડી ઊંદરને પકડી ને પેહેલા હીલવેછે તે વખતે ઊંદર કેવો ઢીલો અને મુરદાલ બેસુધ થઈ જાએછે, તેમ હુ બેસુધ થઈ ગીઓ એક તરેની એવી ગફલતી મારી ઊપર આવી પડી કે જેમા ધાસતી અને દરદ થતું ઊડી ગીઊં. તે વખતે મારી ઊપર સુ આફત આવી પડી હતી, અને કેવો જુલમ ગુજરતો હતો તેની સઘલી મહને ખબર હતી, પણ ધાસતી અને શરીરનું દુખ મુતલક નાબુદ થઈ ગીઊં હતું. જેવો સીંહે મહને મોહોડામા પકડીને ખંખેરી નાખેઓ તેવીજ, મારી ધાસતી જતી રેહી. હું સીંહને નચીતાઈથી તથા વગર બીહીચે જોતો હતો, અને જે કાંઈ તે મહને કરતો હતો તે મહને દેખાતુ હતુ, પણ કઈજ દુખ લાગતુ નહી હતું. આવી મારી હાલત મારા વીચારથી થઈ હોએ એવું હુ નથી ધારતો. એમ નહી સમજવું કે અવે મારો બચવાનો વખત હતોજ નહી જેથી, મેં મારા જીવની આશા મુકી. હું બેફીકરો થઈ ગીઓ હતો નહી હું ધારૂંછ કે સઘલા જાનવરો જેઓ શાડી ખાનારા જનાવરોના શીકાર થઈ પડેછે તેઓ સઘલાની આવી વખતે એવીજ હાલત થઈ પડતી હશે, અને જો એવુ હોએતો ખોદાતાલાની આએ એક મોટી મેહેર સમજવી કે જે વખતે જીવ જવાનો હોએ તે વખતે જીવ ખોનાર જાનવરની ઊપર પડતી જફાનું દુખ તેને મુતલક લાગતુ જ નહી હશે. સીંહે પોતાનો એક પંજો મારા માથાના પછવાડેના બાગ ઊપર મુકી મારૂં માથું દાબી રાખેલું હતું, તે પંજાના ભારમાથી મોકલો થવાને હું એક બાજુએ ફરી ગીઓ, અને સીંહ તરફ જોઊછુ તો તેની આખ મારી સાથના સીધી "મીબાલી" ઊપર હતી, જે ૧૦ અથવા ૧૫ વારને છીતેથી પોતાની બંદુખની નેમ સીંહ ઊપર તાકતો હતો "મીબાલી" ની બંદુખ ચકમકની હતી, જેવું બાર ફુટુ કે પેહેલી ગોલી રદ ગઈ તેની પછવાડે બીજું ફુટું તે નેમ પણ રદ ગીઆથી, તુરત સીંહે મહને છોડી દઈ "મીબાલી" ઊપર છલાગ મારી, અને પછી તેને જંગમાંથી બચકુ ભરીઊ એક બીજો માણસ જેને આગલ એક જંગલી ભેંસે ઊરાડી નાખેઓ હતો, અને તેના જીવનો એ બચાવ કીધો હતો તે જલદીથી આવીને સીંહને ભાલો ભોકવાની તલાવટ જોતો હતો. તે ભાલો સુ ભોકે જેવી નજર પડીકે તુરત "મીબાલી" ને છોડીને મારી જે છલાગ તે જઈ ભાલાવાલાને ખબામાથી પકડેઓ પણ એ વખતે પેલી આગલ લાગેલી ચાર ગોલીઓની અસર સીંહના બદન ઊપર થઈ પોહોચેલી હતી તેથી તુરત જમીન ઊપર તુટી પડી મરણ પામેઓ, આએ સઘલો બનાવ કઈ થોડી મીનીટની અંદર બની ગીઓ હતો. સીંહે જે આવી છલાગો અને તરાપો મારી હતી તે તેના જીવ જવાના વખતના ગુસાની આકવીકર અથવા તફડ હતી તેના બચાવડાનુ જોર અથવા હરખ કોઈને લાગે નહી એ વીચારથી મારી સાથના જંગલી માણસોએ બીજે દીવસે તેના મુએલા બદન ઊપર એક મોટી આગ સલગાવી હતી, તે

લોક એવું કેહેતા હતા કે એવો માહોટો ગીહ તેઓએ આગલ નહી જોઓ હતો. મારા એક હાડકાનો ક ચરો થઈ ગીઓ હતો તથા એ સીવાએ મારી બાજુના ઊપલા ભાગમાં તેણે હાતથી અગીઆર મોટા જખમ કીધા હતા. સીહના એકકા દાતનો જખમ તે બં દુકની એક ગોલીના જખમ જેટલો મોહોટો થાએછે તેમાંથી પછવાડેથી મુશકલ રસી જહરેછે, અને રૂજ આવેઆ પછી દર વરસે વખતે વખત તે જગા ઊપર ભારી કલતલ પેદા થાએછે. મારા બદન ઊપર ઊનનું "જાકીટ" હતું તેથી તેના દાત ઊપરની લ બ બુછાઈ મારા જખમમાં નહી પેવસ થઈ શકી હતી, પણ મારી સાથના બે જણના જખમમાં તે પેવસ થ આથી તેઓને દુખ વધારે થઈઊં હતું; તેમાંથી એક જણેતો બીજે વરસે તેજ મહીનામા આવીને મહને પોતાનો જખમ પાછો પોતાની મેલે શરીને જરતો દેખડાવેઓ હતો."

## નીરો શાહનશાહના મોહતનો વખત.

નીરો એકાએક ટેબલ ઊપરથી ઊઠેઓ, ટે બલને લાત મારી ઊધી વાલી નાખી, કાચના ઘણાજ ઊંચા બે ટમલર જેમાં તે દારૂ પીવાને ઘણોજ શોખ રાખતો હતો તે ભાંજી નાખેઆં, અને એક નાહાની દાબડી જેમાં જેહર ભરી રાખેલું હતું, અને જેદા ખડીમેં તે હાત લગાડવાને આગલ બીહીતો હતો તે મંગાવી. જેવી દાબડી હાતમા લીધી કે ઘેરમાંથી દોડતો બાહેર નીકલી પડેઓ, અને બાગમાં જઈ એક જાહાડ તલે બેઠો, અને વીચાર કરવા લાગો કે હવે શું કરૂં. આગલી રાતના હુંગ નહી આવી હતી, તેથી તે દુખી થઈ ગએલો હતો, તેણે જોઈઊં કે તેની સં ભાલને સારૂં જે સીપાઈઓ ચોકીદાર તરીકે રખેલા હતા તે તેને પડતો મેલી જતા રેહા હતા, તેથી નાઊમેદ થઈ ટાઈબર નદીમાં ડુબી મરવાને તે તરફ દોડી ગીઓ, પણ જેવો પાણી આગળ આવી પોહચેઓ, તેઓજ તે અટકી ગઓ, અને કીનારા તરફથી પાછો બાગમાં આવેઓ:– તે વખતે તેના પગમાં જોડા નહી હતા, અને બદન અરધું ઊધાડું હતું. તેનો એક ખરો દોસત તેને સામો મલેઓ, અને પાદશાહનો આવો હાલ જોઈ તરત તેના બદન ઊપર એક મોટો જભો નાખેઓ, અને ઘોડા ઊપર બેસાડી તેને પોતાને ઘેર લઈ ગીઓ. તેવામાં દુશમેનના લશકરના કેટલાંએક માણસો સામેથી દોડતાં આવતાં નજરે પડેઆં નીરોને તે વખતે એવું કેહેવામાં આવીઊં કે એક નાહાનો ખાડો હતો તેમાં ભરાઈ જાએ, પણ તેવું કરવાને તેણે નાપાડી. અને જવાબ દીધો કે જીવતાં જીવત હું એ ઘેરમાં નથી ભરાવાનો. તે વખતે તે પોતાના પગમાંથી કાંટા અને તેવીજ બીજી ચીજો જે ભરાઈ પગને લોહી લોહીવાન થઈ ગઓ હતો, તે કાહાડતો હતો. છેલે તેને ઘેરમાં લઈ ગઆ, અને તેની આગલ એક કકડો રોટલી તથા થોડું પાણી લાવી મુકીઊં. તે જોઈને તેને કંટાલો છુટેઓ. તેણે જરા પાંણી પીધું, પણ તેનો હાલ બેહાલ થઈ ગએલો હતો. સઘલી વાતથી તેને કંટાલો છુટતો હતો, સઘલા તેની હાવી હાલત જોઈ કંટાલતા હતા. પાદશાહની આસપાસ તરત કેટલાંક માંણસો આવીને એકઠાં થઆં, અને કેહેવાં લાગાં કે તેની હાલત ઘણીજ દુખ ધરવા જોગ થઈ પડી હતી, અને તેટલા સારૂં વધારે દુખ નહી ખમવા જેમ બને તેમ જીવનો છેડો જલદીથી લાવવો જરૂર હતો. અમસથું રીબવું નાંદુરસત હતું, પાદશાહે હોકમ કીધો કે પોતાના શરીરનું માંપ લઈ એક ઘોર તઈઆર કરે. તેને લાકડાની ચીતા તઈઆર કરાવી, આગ સલગાવાને હોકમ કીધો, અને બલી મરવાની સઘલી તઈઆરી કરાવી, એ સઘલી તઈઆરી થઈ, તારે તે પોતે રડી પડેઓ, અને જીવ કેમ જશે, એ વીચારથી તેના મનમાં ભારી દુખ ઊતપન થઈઊં. લોક આસપાસ ઊભેલાં હતાં તેઓને કેહેવા લાગો કે અફસોસ મારા મોહોત ઊપર કે "મારા જેવો હુશીઆર અને કાબેલ નર આ દુનીઆં ખોએછે." એ વીગરે બીજાં બેહુદ કરવા માં ડેઆ, તારે આગલ ઊભેલાં લોક ટપકો આપવા લાગાં કે મરણથી બીહી, અમસથો વેલ ગુજારવાને સારૂં તેણે મોહોડેથી આવા અજીબાની ભરેલા શબદો બોલવાની તાલ સોધી કાહાડી હતી. પાદશાહે જવાબ વાલેઓ કે મારો જીવ હું કેમ કાહાડું એ કોઈ મેહરબાની કરીને મહને પોતે કરી બતલાવેતો તે પરમાણે હું કરવાને તઈઆરછું. એટલું બોલી ખંજર પોતે હાતે પકડીઊં અને ગલા ઊપર અમસથું મુકી

ઊ તે ખંજર ભોકવાની તેનામાં હીમત નહી હતી, એવું જારે આસપાસ ઊભેલા લોકોએ જોઈઊ તારે તેની ઊપર દઆ લાવીને એક જણે જોરથી તેનો હાત પકડી તેજ હાતે જોરથી ભોકાવીઊ. પરાણ ગીઓ, તોએપણ મોહોત પછી નીરોના મોહોડાં ઊપર ભારી ધાસતી અને દેહશતની નીશાનો રહી ગઈ હતી. જુઓ કોઈ કોઈ પાદશાહાની જીંદગીનો છેડો કેવી તરેનો આવેછે' કેવું કમકમાટ ઊપજાવનાર મોહોત નીરોનું આવીઊ હતું 'પણ તેવુંજ કમકમાટ ભરેલું એનુ જીવતર પણ હતું. જીવતાં જીવત તેનાથી એક પણ કામ એવું નથી થઈઊ કે જેમાં ખુનરેજી અને જુલમ નહી ભેલાએલો હોએ. જીવતાં જીવત તેણે પોતાની માએને પોતે કતલ કીધી હતી, પોતાના ઊશતાદને ગરદન મરાવેઓ હતો, અને જે મુલકનો પાંદશાહ હતો તે મુલકને આગ લગડાવી તે આગથી નીકલેલું ભડકું અથવા રોશની જોવાને, તથા લોકનો કકલાટ અને બલી મરવાનો આવાજ સાંભલવાને પોતે પોતાના મેહલની અગાસી ઊપર જઈ બેઠો હતો; અને જે વેલા કે શેહરની ઈમારતો ભારી જોશમાં બલતી હતી તે વખતે પોતે ખુસાલીમાં મગ્ન થઈ હાતમાં સારંગી પકડી ગાએન કરતો અને રાગ વગાડતો હતો. નીરોએ એક વેલા પોતાના મેહલમાં અને બાગમાં એક મોહોટું જમણ કરીઊ હતું ને જમણની વેલા બાગમાં રોશનીને ઠેકાણે ખીરીસતી લોકને પકડી તેઓના બદનની ઊપર ચરબી અને કપડા લપેટી મોહોટ મોહોટી મશાલો બનાવીને બાગમાં હારેહાર એક એક માંણસને એક થાંભલા સાથે બાંધી ઊભું રાખીઊ હતું, અને તેઓને સલગાવી દેવાનો હોકમ આપેઓ હતો, જેથી દરેક માંણસ મશાલની મોઆફક બલીને ખાક થઈ ગીઊ હતું. જારે માંણસો બલતાં હતા તેઓથી ઊતપન થએલી રોશનીની મોજે ભોગવવાને બાગમાં ચોણીગમથી પેલીગમે પાદશાહે સેહેલ જાહ કીધી હતી, અને મોટાર [illegible] તથા દઆ ઊપજાવનાર, જે આવાજ પેલાં બલતાં માંણસો કાહાડતાં હતાં તે ઊપર પાદશાહે પોતે કાન બંધ કીધા હતા. આવા નીરદઆલુ પાદશાહાની ઊપર લખેઆ પરમાંણે જે દુખ ભરેલી આખેર આવી એમાં આપણને કઈ નવાઈ જેવું નથી લાગતું. નીરોપાદશાહની જીંદગી અને તેનું મોહોત બેહુ કમકમાટ ભરેલાં હતાં.

## સંખીઆ જાદુઈ.

સાહેલીઓ તમોને ખબર હશે કે આ ચોપાનીઆંનાં આગલા એક બે અંકોમાં "સંખીઆ જાદુઈ" એવાં મથાલાં એઠલ કોઈ રમુજી બીનાઓ લખેઆમાં આવીછે. એ બીનાઓ એવીછે કે જેથી રમુજ સાથે અનેઆન મલેછે. જાદુ એ શબદતો માતરે કલપણાથીજ ઊતપન થએઓછે, તોપણ આવી અજાએબ જેવી સંખીઆની ગણતરીઓ ખરેખર જાદુ ભરેલીછે. એવી ગણતરીઓથી કેટલીક વેલાએ ઘણાંક માંણસો હેરત થઈ જાએછે.

અગર જો પાંચ સાત માણસોની એક મંડલી મલી હોએ અને તે માહેથી એક માણસ જો એક વીટી પોતે પેહરેતો તે પારખી આપવાની શકતી આ નીચે પરમાણેની ગણતરીમાંછે. જે માણસે વીટી પેહરી હસે તેને ઓલખી કાહાડશે એટલુંજ નહી, પણ તે માણસે પોતાના કહા હાતમાં વીટી પેહરીછે તે, તથા પોતાનાં હાતની કહી આંગલીએ તે વીટી પેહરીછે તથા તે આંગલીના કહા કાપા ઊપર તે વીટી મુકેલીછે એ સઘલું પરખાઈ આવશે. શું આ વાત થોડી અજબ જેવીછે, કે પાંચ સાત માણસો પોત પોતામાં છુપી ગોઠવણ કરી પોતામાના એક માણસને વીટી પેહરાવે અને તે માણસને ઊપર કહેલી સઘલી વીગત પરમાણે એક પારકું અથવા તરાહેત માણસ પકડી કાહાડે' ખરેખર આ બીના પેહલાં ઘણીજ અજાએબ જેવી લાગેછે, પણ એક વાર તેની બનાવટ માલમ પડી એટલે તે ઘણી સેહેલી થઈ પડેછે.

આપણે એક દાખલો લઈએ કે જાણે ૭ સાહેલીઓ ભેગી થએલીછે તે માહેલી ચોથી બાઈએ, પોતાના જમણા હાતની તરીજી આંગલીના બીજા કાપા ઊપર એક વીટી પેહરી રાખીછે. હવે એક તરાહેત માણસ આ નીચે પરમાણેના સેહેજ શવાલો કરીને પારખી આપશે. તે પારખનાર આ પરમાણે બોલવાનુ શરૂ કરશે કે "જેતરમી બાઈએ વીટી પેહરી હોએ તે સંખીઆને ૨) થી ગુણો; (એટલે જો પાંચમી બાઈએ પેહરી હોએતો પાંચને બેએ ગુણો, જો સાતમીએ પેહરી હોએતો સાતને બેએ ગુણો, જો તરીજીએ પેહરી હોએ તો તરણને બેએ ગુણો ઈતીઆદી.) અને એ ગુણાકારમા ૫) ઊંમેરો, વલી પાછા એ સરવાલાને પાંચે

ગુણો; જો જમણે હાતે વીટી પેહેરી હાએતો ઉપલા ગુણાકારમાં એક ઉંમેરો, અને જો ડાબે હાતે પેહેરી હાએતો બે ઉંમેરો; એ સરવાલામા બીજા દસ ઉંમેરો, અને પછી તેને દસે ગુણી કાહાડો. હવે જેતરમે આંગલે વીટી પેહેરી હાએ તે સંખીઆ ઉપલા ગુણાકારમાં ઉંમેરો, (એટલે એમકે જો ચોથે આંગલે વીટી પેહેરી હાએ તો તે ગુણાકારમાં ચાર ઉંમેરો, જો બીજે આંગલે પેહેરી હાએ તો બે ઉંમેરો ઈતીઆદી) વલી એ સરવાલાને દસે ગુણો. હવે આંગલીને જેતરમે કાપે તે વીટી મુકી હાએ તેટલી સંખીઆ એ ગુણાકારમાં ઉંમેરો, (ઈઆને જો આંગલીને બીજે કાપે તે વીટી મુકેલી હાએ તો બે ઉંમેરો, ચોથે કાપે મુકી હાએતો ચાર ઉંમેરો ઈતીઆદી.) હવે જે સંખીઆ તમારા હાતમાં આવી તે મહને કહો." આટલાં પાંચ ચાર સવાલો તમોને પુછીને તે માણસ તુરત પારખી આપસે. હવે આપણે ઉપલી રીતમાં સમજાવેઆ પરમાણે કરી જોઈએ, અને જોઈએકે આપણાથી એ પારખી શકાએછે કે નહી.

ચોથી બાઈએ વીટી પેહેરીતી માટે ઉપલી રીતમાં જણાવેઆ પરમાણે ચારને બેએ ગુણવા, જેમ કે ૪×૨=૮ વલી એ ૮ માં ૫ ઉંમેરીઆતો ૧૩ થએઆં. તે તેરને પાચે ગુણીઆતો ૧૩×૫=૬૫ થએઆ. હવે એ બાઇએ પોતાને જમને હાતે વીટી પેહેરીતી માટે ઉપલી રીતમાં સમજાવેઆ પરમાણે પેલા ગુણાકારમાં એક ઉંમેરવો તો ૬૫+૧=૬૬ થએઆ વલી એ છાસટમાં ઉપર સમજાવેઆ પરમાણેજ બીજા દસ ઉંમેરીઆતો ૬૬+૧૦=૭૬ થએઆ, એ ૭૬ ને દસે ગુણીઆતો ૭૬×૧૦=૭૬૦ થએઆ વલી પેલી બાઈએ પોતાના હાતની તરીજી આગલીએ પેલી વીટી પેહેરીતી, માટે આગલી રીતમા સમજાવેઆ પરમાણે ૭૬૦ માં તરણ ઉંમેરીઆતો ૭૬૦+૩=૭૬૩ થએઆ. વલી એ ૭૬૩ ને દસે ગુણીઆતો ૭૬૩×૧૦=૭૬૩૦ થએઆ પેલી બાઈએ પોતાની આંગલીને બીજે કાપે તે વીટી ગખી મુકી હતી માટે ૭૬૩૦ માં ૨) ઉંમેરીઆતો ૭૬૩૨ થએઆ. હવે પારખનાર ધણી આપણી પાસે જે સંખીઆ માંગેછે તે એ ૭૬૩૨ છે, તે આપણે તેને સુખેથી કહીએ. જારે એ સંખીઆ તે પારખનારને મલી આવેછે તારે તે એ સંખીઆમાંથી ૩૫૦૦ બાદ કરેછે. જેમકે ૭૬૩૨—૩૫૦૦=૪૧૩૨, બાદ કરતાં તેના હાતમાં ૪૧૩૨ આવેછે, તે ઉપરથી તે કહી સકેછે, વીટી પેહેરનાર ચોથું આદમીછે—જમને હાતે વીટી પેહેરીછે—તરીજી આંગલીએ પેહેરીછે—તે આંગલીને બીજે કાપે વીટી મુકીછે. એવું તે જે કહી આપેછે તે માતરે ઉપલી રકમ જે ૪૧૩૨ છે, તેના આંકડા ઉપરથી કહી આપેછે. ૪ એવું બતલાવેછે કે પેહેરનાર ચોથુ આદમીછે— ૧ એવું બતલાવેછે કે જમણે હાતે વીટીછે. (અગર જો એ જગા ઉપર બગરો હાતતો ડાબો હાત ગણાત.) ૩ એવું બતલાવેછે કે તરીજી આગલીએ વીટી પેહેરીછે, અને છેવો ૨ એવું બતલાવેછે કે આંગલીને બીજે કાપે વીટીછે.

સાહેલીઓ આ જાદુઈ શંખીઆ ઘણી સેહેલી છે, તોપણ જો એ એકાએક સમજમાં ન આવીતો કંટાલો ખાઈને એ પડતી મુકશો નાં પણ બે ચાર વાર ધેઆન લગાડીને તપાસશોતો એ સેહેજ તમારાં મનમાં ઉતરશે. હવે એજ પરમાણે જો તમો બીજા દાખલા લઈ લઈને પારખવા માંગશોતો તે સેહેલથી થઈ શકશે. પરવારતો વખત સારી રીતે ગુજારવાની એ પણ એક ઉમદા રીતછે

## લાડ.

આપણા લોકો પોતાંના બચાઓને લાડ લડાવવાની બાબદમાં વધારે આગેવાની કરેછે. ઘણીવાર તેઓને સમજાવેઆમા આવીઊંછે, ઘણીવાર તેઓએ પોતાની નજરે નજર બનેલા દાખલા જોએઆછે કે નાહાનપણમાંથી લાડમા ઉછરેલું બાલક આગલ ચાલતાં પોતાના હકમાં કેટલી ખરાબી કરેછે, તથા પોતાનાં કુટંબનાં કેટલા નાંમને કેટલી હાની પોહોંચાડેછે; તોપણ અફશોસ કરવા જેવું છે કે હજી કેટલાક માબાપોએ એ બાબદ ઉપર પૂરતું ધેઆન પોંહોંચાડીઊં નથી. જો કોઈના પેહેલેથી ચાર બાલકો જનમેઆ પછી થોડા દહાડામાં મરી ગએઆં હાએતો તેઓ પોતાના એકાદ જીવતાં બાલકને એટલુતો લાડ લડાવેછે કે તેનો કાંઈજ વીચાર થઈ શકતો નથી. અગરજો કોઈએ તેઓને સમજા

વીને ચાર સારી વાત કહીતો, પછી જોઈજ લેવો, તે ઓ લાગલાં આવો ઊતર વાલેછે કે " બાવા જીવશે તો સઊ શીખશે, બચાં કોણને બારેછે, જીવવાતો દેઓ, ઓંજીઆના જીવવાનાં આવાઈ સુખડાંછે. " એ વચ નો બોલતી વેલાએ પેલાં માંબાપો આગલો પાછલો ક શો વીચાર કરતાં નથી, પછી તે બાલક જીવીને આ ગલ ચાલતાં જોઈએનો ભીખ માંગે ઈઆ ચોરી કરે તે વીશેની લગાર પણ ચીંતા નહી. વલી કેટલાંક માંબાપો એથી વધારે ખરાબી કરેછે, પોતાની શક્તી કરતાં વધારે ખરચ કરીને પણ પોતાનાં બચાંને લાડ લડાવેછે. આગલ ચાલતાં જારે એવાં બાલકો ઊપ ર કાંઈ આવી પડેછે, તારેજ તેઓને પોતાંનાં માબાપો ની મુરખાઈનું ગનેઆન આવેછે. અગરજો સારાં ભાએગે તે બાલક સમજુ નીકલીઊંતો વલી પોતાની આગલી ફીસીઆરીની વાતો વીસરી જઈ સમારગે ચાલેછે. પણ એવા દાખલા જીજ અને કદાચજ બ નેછે. કેટલાંએકોને બાલપણમાંથી જે સારૂં સારૂં ખા વાની અને સારૂં સારૂં પેહરવાની ટેવ પડેલી તથા મ નગમતી રીતે ચાલવાંની લટ લાગેલી તે એકાએક છુ ટવી મુશકેલ પડેછે, અને તેવાં ઊપર જારે કાંઈ ટંગી આવી પડેછે તારે તેઓને એટલુંતો દુખ થાએછે કે તે નું બઆન થઈ શકતું નથી. અને પછી તે બાલક ની બુધી પણ ફરી જાએછે—આગલી ચાલ પરમાણે મન ગમતું જોઈએ, પણ મા બાપની શક્તી ન હોએ એટલે પછી તે નાહાની નાહાની ચોરીઓ કરવા શી ખે, અને આગલ ચાલતાં એક દુશટ અને દુરાચર ણી તે થઈ જાએછે. અલબતાં જો બરાબર જોઈએ તો એ અપરાધ જે પેલાં બાલકથી થાએ તેનો સઘલો જોખમ તેનાં અવીચારી માં બાપોને સર લાગુ પડેછે, કે જો તેઓએ પોતાની ખરી ફરજો બરાબર અદા ક રી હોતતો,બાલક આવું કરમ કરવા ન શીખત. એ પરમાણે લાડમાં ઊછરેલાં બાલકની અવસથા થાએછે. ચોરી, લુછાઈ, જુગાર ઈતીઆદી માંદાં કરમો કરવાને હવે તે બાલક કશી રીને વીચાર કરનાર નથી; અને એવું કીધાથી તે પોતાની અને પોતાના વડવાઓની સઘલી આબરૂ ધુલ મેલવેછે, માટે સાહેલીઓ તમોને નમ નતાઈ ભરેલી અરજ એજછે કે તમારો બાલકોને લાડમાં ના ઊછારો—એકબારગી ખાધા પીધાનું તેગને મજેનું આપો, સારાં પોતાં લુગડાં પેહરાવો, પણ તે સાથે તે ઓને અણઘટતી છુટ ના આપતાં, તેઓને બાલપણમાં થી કોઈ સારે ઊદીઓગે લગાડવાની કોસેસ કરતાં ર હો, જેથી કરી તેઓ સમારગે ચાલવા શીખે અને પા છલથી તમોને દુવા દીએ. તમારાં બચાંની તરફ ત મારી ઘણી માએઆ તથા ઘટતું હેત જોઈએછે, પણ તે માએઆ અને હેત એવી રીતે ના કરતાં કે જે તમા રાં બચાંનાં હકમાં સુખને બદલે દુ:ખ થઈ પડે—હેત પરીત સઊ વખતસર છાજેછે. બાલકના ઊપર તેની માતાથી જેટલી અસર થાએછે તેટલી તેના પીતાની થા તી નથી, માટે એ ઊપરથી ચોકસ થાએછે કે બાલક નો સુધારો અથવા બગારો તેની મા ઊપર આધાર રાખેછે—જેવી માતાની તરબીઅત તેવું તે બચું. આ શાછે કે આ ટુક પણ વાજબી બીના ઊપર હમારી ને ક સાહેલીઓ ધેઆન પોંહાંચાડવાને ચુકશે નહી. અ ગર જો એ બાબદ ઊપર વાજબી ધેઆન આપેઆ માં આવીઊંતો પછી માં બાપોનાં સુખમાં કેટલો વધા રો થશે તેનો વીચાર કરવો.

---

## બઈરી કેવી પસંદ કરવી.

ઓ જુવાન મરદ, આ વાત તારા કાનમાંજ કે હેવીછ, તે તું ખુબ ઈઆદ રાખજે. જારે બઈરી પં સંદ કરે તારે ખુબસુરતી, સોભા ભરેલી, ગોરી, શીન ગારની શોખી, અને બોલકણી નો પશંદ કરતો. તુ જો એવી બઈરી પરણવા માંગતો હોએતો રૂપ) ની કીમતે સોલઈંતી ચોહોટી ઢીંગલીઓ મલેછે તેવી એકુ વેચાતી લઈ તેને પરણજે. પણ જો ખરીજ બઈરી પરણવી હોએતો થોડુ બોલતી, વીચારવાલી, અને એ ક જારગી બઈરી પશંદ કરજે. સઊથી વધારે ધે આન તેના નરમ મીજાજ તરફ રાખજે. નરમ મીં જાજ, અને સાદાઈ ચાહાનારી જેવો ઘેરનો શીણગારે અને શુખ થઈ પડસે તેવા બીજા કોઈ ગુણોથી નથી થઈ સકવાનું. બઈરી એવી પશંદ કરજે, જે તારા દીવશના થાકેલા જીવને શાંહાંજના તંદરોસતી બખશ વાને શકતીવાન હોએ, અને એવી બાએડી તને ઊપ ર લખેલા બે ગુણવાલીમાં મલી આવશે, પણ ખુબસુર તી, ટાઢ માઢ, અને લવલવારાના ગુણોમાં તું ખચીત પછાડેથી પસતાસે.

---

## એક બલાડીની લુચાઈ.

ઘણીવાર એવુ જોએઆમા આવીઊ છે કે કેટલાક માણસો પોતાને જોઈતી હરેક ચીજ મેલવવાને તરેહવાર ઊપાએઓ કામે લગાડેછે, અને તેમા જે કેટલાક લુચા માણસો હોએછે તેઓ પોતાનું કામ કાહાડી લેવાને લુચાઈ ભરેલી તથા ફરેબી હિગમતો કરેછે મતલબ હાસલ કરવાને માટે માણસોજ આ પરમાણે લુચાઈ ભરેલી કરામતો શોધી કાહાડેછે, એમ નથી, પણ કેટલાક હલકા અને ઊતરતા જાનવરો પણ કેટલીકવાર એવા કામો કરેછે, જેથી પેહલા આપણ લોકોને બહુજ અચરતી ઊતપન થાએછે, પણ પાછલથી જારે તે કરામત તથા લુચાઈ જાહેર પડેછે તારેજ ખુલાસો થાએછે એક મઢમા કેટલાક ફકીરો રેહેતા હતા એક દીવસે ગોશ મગાવીને એક જણાએ ગણીને તેના વાંટા પાડીઆ, અને તે એક વાસણમા મુકીને કાંઈ કામતર બાહેર ગએઓ, પાછો આવીને જુએછે તો ગોશના કકડામા એક કકડો ઘટી પડીઓ, અલબતા એકાએક એક કકડો ઓછો થઈ ગએલો જણાએઆથી તે જરા ઘભગાટમા પડેઓ, પણ વલી તેણે વીચાર કીધો કે કોણ જાણે ભુલમા એકાદ કકડો ઓછો કપાએઓ હશે. વલી બીજે દીવશે પણ એજ પરમાણે એક કકડો ઊડી ગએલો તેને માલમ પડેઓ, તારે તેને લગાર શક પડવા લાગો કે કોઈ ભેદ પડીઊછે, તે ઊપરથી તેણે એવો ઠરાવ કરેઓ કે તરીજે દીને સારી પેઠે તપાસ કરવી. તરીજે દને તેણે ગોશ તઈઆર કરીઊં એટલામા બાહેરના બીજા ઓરડામાથી ઘંટ વાગાનો સાદ આવેઆથી તેણે જાણીઊં કે કોઈ મને બોલાવતું હશે, એમ ધારીને તેને રાધણીમાથી બાહેર જઈને તે પાછો આવેઓ, પાછો આવેઆ પછે તેને જણાઈઊ કે વલી ગોશનો એક કટકો ઓછો થઈ ગએઓ આ પરમાણે દરરોજ એક એક કકડો ઓછો થવા લાગો તેથી પેલા ધણીને એટલીતો ચટપટ થઈ કે તેણે ઠરાવજ કીધો કે જે બનતા બને તે ખરી પણ આવતી કાલદંને એ કરપીણ ચોર કોણછે તેની જુગતે જોઈ કરવી. વલી તે દને સવારના ગોશ લાવી, ગણીને તેના કકડા કીધા એટલામા વલી તુરત ઘંટવાગાનો સાદ આવેઓ, પણ હવે તો તેણે મજબુત ઠરાવ કરેઓ હતો કે ગમે તે થાઓ પણ બાહેર જવું નહી, તેથી તેણે રાધણીના દરવાજા આગલ આવી પુછાઊં કે કોણ હાક મારેછે, પણ તેને કશો ઊતર પાછો મલેઓ નહી, તેથી તે થોડીકવાર બાહેર ઊભો રહેઓ, એટલાવારમા જુએછે તો દીઠતી એક બલાડી રાધણીમાં પેઠી અને માશનો એક કકડો મોહોડાના લઈને તુરત બાહેર નીકલી ગઈ અલબતા પેલો ફખર પાશેજ ઊભેલો હતો તેથી તેણે તે કરામત નજરે જોઈ હતી આ મામલો જોએઆથી પેલા ધણીને લગાર રમુજ પેદા થઈ તે ઊપરથી તેણે એક ઘાડોએ વીશેની વધારે તપાસ કરવાનો ઠરાવ કીધો તે તપાસ કરતા એવુ માલમ પડીઊ કે એજ બીલાડી દરરોજ માસનો કકડો ચોરી જતી હતી એટલુંજ નહી પણ રાધણીમાથી પેલા માણસને બાહેર બોલાવી તેવાની એક ઈઊકતી પણ એ જાનવરે શોધી કાહાડી હતી, તે એવી રીતે કે કુતકો મારીને બારણાની બાહેર એક ઘંટ ટાગેલો હતો તેને તારી પેઠે અફાલતી હતી, અને એ પરમાણે ઘંટ અફલાવેઆથી પેલો ધણી એમ જાણતો કે મહને કોઈ બોલાવેછે, તેવી તે પોતાનુ કામ પડતુ મેલી તુરત બાહેર જતો એટલામા તે બલાડી પોતાનુ કામ કાહાડી જતી હતી એ બનાવ વીશે તે મઢનાહેલા ફકીરોની એકવાર પકી ખાતરી થઈ તારે તેઓએ પોત પોતામા એક છુપી મશલહત કીધી કે એ બલાડીને હવે તેના બાકી રહેવા દીવસો સુધી, એ પરમાણે આ જગા ઊપરથીજ દરરોજ એકક કકડો લઈ જવા દેવો. એક તરફથી એવી ગોઠવણ કીધી અને બીજી તરફથી લોકો આગલ તે બલાડીની લુચાઈ તથા ખવાઈની વાતો કરવા માડી તે ઊપરથી લોકોમા નજરે નજર તે બનાવ જોવાની ઘણી ખાએશ ઊતપન થઈ અને એ ઊપરથી તે મઠ આગલ ઘણા લોકો દરરોજ ટોળે ટોળા એકઠા થઈને આવવા લાગા, અને તેઓ તે ફકીરોને પોતાની ગાહણા પઈશા આપીને તે બલાડીનો લાગ જોતા હતા, અલબતા એથી કરીને તે ફકીરોનુ બજાર પણ તાજુ થઈ ગઈઊ, ઘણા લોકો આવવા લાગા અને દરએકજણ પઈશા આપીને તે જોવાલાગો તેથી થોહેજ મુદતમા તે મઠમાહેના ફકીરોના હાથના પુષ્કલ પઈશા એકઠા થએઆ.

---

## મીસર દેસમાંનાં અલેકજાનડરીઆ સેહેરનું બેઆન.

આપણા પારશી લોકમાથી આસતે આસતે ઈંગલંડ દેશમાં ઘણા જણ જવા લાગાછે. તેઓને રસતામાં તરેવાર સેહેરો મલેછે, તેમાં તેઓને એકુ બે દીવસ રેહેવાની જરૂર થઈ પડેછે, તેથી તેવા દેસોનું બેઆન તેઓએ આગલથી વાંચીઊ હોએતો ખચીત તેઓને ઘણો ફાએદો થઆ વગર નથી રેહેનાર. તેમજ આપણા લોકની અસતરીઓ જેઓના સગા વાહાલા ઈંગલંડ જાએછે તેથી તેઓને જરા દીલગીરી અથવા ઊદાસી ઊતપન થાએછે, તે ઊદાસી મટાડવાને સારૂં જે જે દેશ અને સેહેરોમાંથી તેઓના ધણી, બાપ, અથવા ભાઈઓ જનારછે તેવા દેશોની, તથા સેહેરોની ચાલ ચલણ, તાંહાંના લોકના રવઈઆ, અને ખાવા પીવાની તાંહાં શું શું ચીજો મલેછે તેઓનું ટુક બઆન વાંચીઊ હોએતો તેથી મનમાં ઘણોજ દીલાશો અને રમુંજ ઊતપન થઆ વગર નથી રેહેવાની. આ વખત મીશર દેશમાંના "એલેકજાનડરીઆ" સેહર વીશે, જેમાંથી ટુકે રસતે અને જલદીથી ઈંગલંડ જનારા ધણીને જઆ વગર છુટકોજ નથી તે સેહરનું બઆન આપીએછ. એ બઆંન જાણે કોએકુ સખસ તાંહાં રેહેલો હોએ, અને તેણે નજરે નજર જોઈ લખીઊ હોએ એ પરમાણે નીચે લખીઊછે.

રાતના ગરમી ઘણી પડતી હતી, અને દુરથી વાદલમાં વીજલીના ચમકાર થતા દેખાતા હતા, તેની સાથે દુર ગગરાટ થતો હોએ એવો ઘેહેરાએલો આવાજ સંભલાતો હતો તેની સાથે મોહોલામાંના પાગીઆ કુતરાંઓ અતીશએ ઘોઘાટ કરતા હતા, અને ટોલાંને ટોલા એકદમ એક બીજા ઊપર શેકટ ભોંસાભોસી કરતા હતા, તેથી કોઈ નવા આવી રહેલા મુસાફરને એકુબે રાતતો ઉંઘ મુતલક આવવી કઠણ છે. પણ એ કુતરાંથી જેટલો કનટાલો ઊતપન થનોં હતો તેના કરતાં રાતના સીપાઈથી વધારે દુખ ઊપજતું હતું. એ સીપાઈ મુનો મુવો છેક ઘેરની પાસે આવી, બારીની આગલ મોહોડું કરી એકદમ મોટેથી બુમ પાડેછે, જેથી ઘણી વખત ઊંઘમાંથી જાગીને ઊઠવું પડેછે. જેમ જેમ પાછલી રાત આવતી જાએછે તેમ તેમ એ ધીમા ચુપ થતા જાએછે અને તે વખતે જરા થંડી લેહેકી નીકલેઆથી આખી રાતની છેલએલી ઊંગ જરા આરામથી પાછો ગલબો કરેછે. પણ વલી તેટલાંમાં એક બીજી પીડા આવેછે. મુસલમાનોની પાછલી રાતની બંદગી કરવાનો વખત થઓ, એ કેહેવાને બાંગીઓ હાતમા ફાનુસ લેઈ બારણે બારણે પોકારતો ફરેછે, અને તે હજુર થોડાં ઘેર દુર નહી ગીઓ હોએ એટલાંમાં આખા મોહોલાના મરઘા અને કુકડા "કુકરે કુકના" તરેવાર આવાજો એક પછી એક એવાતો જોરથી કાહાડેછે કે કાનને કંટાલો આવેછે, અને ઉંઘ પાછી ઊડી જાએછે. થોડોવાર પછી સઘલું પાછું ચુપ અને સમાધાન થઈ જાએછે, અને તરીજીવાર જરા નીરાતથી ઉંઘ આવાની ફુરસત મલેછે. તરણ કલાકની એક લાંબી ઉંઘ ખેંચી કાહાડેઆ પછી આંખ ઊઘડતાં જોઈએતો સહવાર પડીછે, અને આસમાન સાફ રોશની ભરેલો દેખાએછે. હજુર સુરજના ઊગવાને ૧ કલાક જોઈએ. જારે એવો મામેલો જોઈએછ તારે વધારે વાર ઉંઘાવાની ઊમેદ બશટ થાએછે, તેથી આંખો ખજવારીને ઊઠવું પડેછે, અને જાણે આપણે ઘણાજ ઊદીઓગી અને સકારા ઊઠનાર હોઈએ એવું આસપાસના લોક સમજેછે. થોડા વારમાં નાહી, તુરત કપડાં પેહેરી નીચે ઊતરવાનો વેલ આવેછે, અને તાંહાંજઈ જોઈએછતો ઘેરની ચાકરડી એક કલાક અગાઊની ઊઠી ઘેરનો તથા ઓટલા ઊપરનો કચરો વારીને, ચાહ અથવા કાફી ચુલા ઊપર ચહડાવી આપણી બીજી કઈ ફરમાશ હોએ તે બજાવાને તઈઆર ઊભી રેહેલી હોએછે. કાફીનું કપ હાતમા લઈ આપણે બારીએ બેસી આસપાસ જોઈએતો કોઈ રસતામાં હીલતું ચાલતું દેખાતું નથી. થોડાવારે પેલો બાંગીજોર જુરતો ફાનસ સાથે, અને હાતમાં નામના કાગજની ટીપ જોતો જોતો મસજીદ તરફ જતો દેખાએછે પેલા પાલીઆ કુતરા આ વખતે સઘલા ચેપ થઈ ગએલા હોએછે, અને રસતામા જે રાતના મોહોટો કલોર થતો હતો તાંહાં અવે સઘલું ચુપા ચુપ અને સમધાન થએલું હોએછે. એ કુતરાઓ ખાટકી અથવા મછી બજારમાં જઈ એણી ગમથી પેલી ગમ ખુણે ખચોરે બગાઈ દુકાન ઊપરથી પડના ચામડાનાં અને છોછરાના તથા હાડકાના કકડા ચાવતા પડી રેહેછે. થોડા વારમાં એક (ગીરીક) પનતાકીઓ જે પોતાના દુકાનની ઊપર રે

કેશાણું ફરીને રેહેલો, તે પોતાના ઓરડાની બારી ઊઘાડી, અધાચી ખોતો, અને આંખમાં આગલાં ખોસી ચોલતો ચોલતો ડોકું બાહેર કાહાડી જુએછે કે સવાર પડી ચુકી. પસતાકીઆના બારીએ દેખાવ્યા પછી થોડાએકવારે એકુબે અસતરીઓ હાતમાં લાંબી સાવણીઓ લઈ રસતા ઊપરનો કચરો કાહાડતી, અને તે કચરાને ગધેડા ઊપર ભરવા સારૂં તેના ખુણે ખુણે ઢગલા કરતી નજરે પડેછે. એ કચરો સેહેરની પાદરે જે બાગો હોએછે તાંહાં લઈ જઈ નાખેછે.

તેઆરપછી ગામડાની એકુ બે છોકરીઓ બલુ રંગનો જભો છેક માંથાથી તે પગ સુધી પોહોચતો પેહેરેલો, અને મોહોડા ઊપર બુરખો નાખેલો, માતર આંખ આગલથીજ જોવાને નાહાના આંધરાં પાડેલાં, એવાં પોશાકમાં તેઓ પોતાની સાથે તેવી સારી દુધવાલી બકરીઓને લઈ દુધ આપવાને આવેછે. તેઓના માંથા ઊપર દુધના વાસણોની ચોડ ચહડાવેલી હોએછે, અને તેઓને એવી સફાઈથી માથે રાખેછે કે વગર હાથ લગાડવે તેઓને માંથે રાખી જલદીથી ચાલી ગએછે, અને પોતાનો માલ વેચવાને લોકને મોહોટેથી પોકારી કહી સંભલાવેછે. બકરીઓ રોજની આશરમથી એવીતો કેલવાઈ રહેલી હોએછે કે ઘરાકોના ઘેર આગલ પોતાની મેલે વગર અટકાવ કરવે ઊભી રેહેછે. અને જે વખતે તેઓને દોહોએછે તે વખતે તે છોકરીઓ અને ઘેરનાં ગોલાંઓ એક બીજા સાથે આમગપાટાની વાત ચીત કરછે તેમાં ઘણું કરીને છોકરીઓ જારે કગવાઈ બોલેછે કે હમારા ઘેરમાંથી રાતની બે બકરી ખોવાઈ ગઈછે, તારે તેઓની સાથે ગોલામો પણ પોતાની દીલગીરી જણાવી સાથે કગવાઈને વાત કરેછે. એ વખતે એક ખરોજ દીલગીરી ભરેલો દેખાવ થઈ લાગેછે. એ સેહેરના લોક સવારનું સીરાનું દુધ અને રોટલી ખાએછે. દુધ મુસકલ મલેછે, અને તે વલી નરતું છે. કોઈવાર એક બકરી એટલુંતો દુધ આપેછે કે તે આપણીથી મનાઈ નહીં શકાએ.

દુધવારીઓ દુધ આપી એક મોહોલામાંથી બીજા મોહોલામાં જાએ એટલામાં લાકડાવાલો હાજી અબદુલા જેની દુકાન જે પેલા પસતાકીઆની પાસેજછે તે બારણા ઊઘાડતો દેખાએછે. હાજી અબદુલા માતરે લાકડા વેચનારજ નથી, એ ઘણી પરચુટન વેપારીછે. લાકડા માંગોતો તો તેનો ધંધોજછે, પણ કોલસા જોઈએતો તે પણ પોંહોંચાડેછે, શાબુ, વેનટીલશ, અને બીજો પરચુટન શામાન. હાજી અબદુલા બુદો છે, પણ ઊદીઓગનો એક અછો નમુનોછે. ઈમાનદાર, અને પોતાના ઘરાકોની સેવામાં જીવ કાહાડી આપેછે, અને એટલોતો નમાણોછે કે ઘરાકને એકાએક પાછો જવા દેતો નથી. વખાર ઊપર મારેલું મશ મોહોટું ટાલું ખુચક દઈ ઊઘાડીશ, કે તુરત અંદર જઈ બારી આગલથી પોતાના પડોશીને નમીને શલામ કરેછે અને ઈશારતથી શમજાવેછે "કે મેહેરબાની કરીને નીચે આવી એકુ ચલમ હુકાની પીશો?" વખારની જગા ઘણીજ શાંકડી પાંચ ફુટ શમચોરશ જેથી માલ મુકવાને તથા તેમાં બેશવાને ઘણીજ અડચણ. પણ હાજી અબદુલાને શગવડ કેમ કરવી એ શીકવવાની કંઈ જરૂર નથી. દુકાન ઊપરથી લાંબાં પાટીઆં એવા ગોઠવીને મુકેછે કે તેમાથી અરધા અરધ રશતા ઊપર બાહેર નીકલેલાં રેહેછે, જે ઊપર પોતાની ફરાગાતી ભરેલી બેઠક અઢીંગવાના તકીઆ સુધાની કરેછે. તેજ પરમાણે કપી અને દોરડાંથી ઊપર ખેંચ મુક કરવાનું એક છજીઊ પણ દુકાનને કીધુંછે, કે વરસાદના દાહાડા ઊપર તેના ઘરાકોને દુકાન ઊપર પાંચ મીનીટ ઊભું રેહેવાને બની આવે, તથા તરપાલીનના કપડાનો એક ફાલતું પરડો પણ કરી રાખેલો કે ગરમી દાહાડા તડકાની રજાવ નહી મારે, અને પોતાની દુકાનમાં જે કઈ શામાન હોએ તેનો દર એકેકનો નમુનો ટોપલીમાં ભરીને શધલાની નજરે પડે એવી રીતથી છેક આગલથી મુકી રાખવાને બની આવે. હાજી અબદુલાની દુકાનનો આકાર આબેહુબ આપણી બજારના કણીઆની દુકાન જેવો જોઈ લેજો. ફરક એટલોજ કે ફકત અનાજને ઠેકાણે તરેવાર ચીજો આગલ મુકેલી. દુકાનની બાહેર અને છેક રશતા ઊપરથી, દુકાનના બારવટીઆ શાથે એક નકઈ કાંટો ટાગેલો હોએછે. આગવથી શારું કરી રાખેઆ પરમાણે એક ઘધેડા બોજ લાકડાં તેની દુકાન આગલ આવી માલ ધણી નાખી જાએછે. જેવો માલ આવીને પડેઆ કે હાજી શાહેબ ઊઠી કંમર તંગ કરી, બાંએ ચહડાવી, હાતમા એક વેહેતી કોહોરાડી લઈ, લાકડાં ફાડવા મંડી જાએછે, અને રૂપીઆ રૂપીઆની નાહાની નાહાની જુદી બંદ લાકડાં બાધી રોજના 'ખપ શારૂં' દુકાન ઊપર ગોઠવેછે ફાડતાં ફાડતાં થાકી ગએલો, વલી ઊ

મરે છુટો, તોબી આવી શકત મેહનત કરતાં તેવામાં કોઈ થોડક ફેલશા લેવા આવીઊતો, તરત પોતાનુ ઠામ મુકી દઈ, આદરમાનથી પોતાની દાહડી ઊપર હાત ફેરવી પેહલાં પઈશા એક પછી એક ટીંગ ટીગ કરી ગણી લેછે, અને તેને પોતાની લાકડાની વકોરીમાં નાખી માલ તોલવા માંડેછે, અને દર માલ તોલેઆ પછી પછવાડેથી એક ખોબો ભરી ઊપર નાખેછે, કે પોતાના ઘરાકની ખાતરી થાએ કે હાજી અબદુલ્લાને તાહ્ન માલ તોલમાં ઓછોતો મલતોજ નથી. હાજી અબદુલ્લાની આવી શાખ અને ઈમાનદારી પરમાણે તેની દુકાન જો કે નાહાનીછે તોએપણ આખો દીવશ ઘરાકોની આવ જાવ થઆ કરેછે, અને થોડોજ વાર તે ખાલી હાતે બેશતો હશે.

મુશાફરોને લાવ લઈ જા કરવા શારૂં શવારી દાખલ જે ઘધેડાં રોજ કામમા લગાડવાના હોએ તેઓને શહવારનાં વગર લગામે અને ઉને નહવાડવા અને પાણી પીવા તેઓના ધણી તેઓ ઊપર ખોલી પીઠે બેશી દરીઆ કીનારે લઈ જાએછે, અને નહવાડી નાહીંજ ખોરાક અને પાણી આપેછે એ બાબદમાં આરબ લોક ખરાં ઈમાનથી પોતાના જાનવરોની બરદાશ કરેછે. શહવારના શાડા છ વાગામાં બીજા દુકાનદારો દુકાનો ઊઘાડી માલ વેચવાને મુકેછે, અને મરદ લોકની ભીર થવાનો વખત નહી થઓ હોઓ તેની આગમચથી શેહરની અશતરીઓ જે કઈ માલ ખરીદ કરવો હોએ તે આવીને ખરીદ કરી જાએછે. પણ ઓરતો બડી કચકુટ ભરેલી હોએછે. લેછે તો ચાર પાંચ આનાનું કપડું અથવા તેવોજ બીજો શાધારણ શામાન પણ તેના ભાવ વીશે ઓછામા ઓછી અરધા કલાકની ટીક ટીક અને રીકઝીક થાએછે, અને એવી કચકુટ ભરેલીઓથી દુકાનદારોને વારે ઘડીએ કંટાલો છુટેછે. આપણા લોકની બાએડીઓ પણ એવી વાતમાં કઈ ઓછી હોએ એવું નથી, તેથી એ બાબદ લંબાણથી શમજાવાની કંઈ જરૂર નથી કે અલેકજાનડરીઆ શેહરમાં અશતરી લોક દુકાનદારો પાશેથી માલ લેવામાં કેટલી રીકઝીક કરેછે.

છેક શાડા શાત વાગે પશતાકીઓ પોતાની દુકાન ઊઘાડેછે અને જેવી દુકાન ઊઘાડી કે તેમાથી છું છું કરતું માંખનું એક મોહોટું ગેલું બાહર નીકલી આવી આસ પાશ ફ પરઈ જાએછે. તેની દુકાનમાં અરબ અને ગીરીક લોકને પશંદ આવતો, પણ બીજા લોકને કંટાલો અથવા સુગ લાગતો શામાન મુકેલો હોએછે. જેવાકે લાકડાની કથરોટમાં તેલમાં ડુબાવેલાં આલીવ ફલો, પેટમાં ચુંક ઊતપન કરે એવાં પનીર, સુકી અને મીઠું દીધેલી માંછલી, એ ચીજોની શાભે વલી જુદી જુદી જાતની ખાટલીઓ, અને ગલાશો, ગોઠવેલાં, બાટલીઓમાં ભરેલો રેજગાન દારૂ, તેમાં શકી, ખાટો વાઈન, અને બીજી જાતનો દારૂ એવાકે કોઈને જોવા નહી ગમે. આવી નજીશ ચીજો ભરેલી કે જે દુકાન ઊપર આપણને પાંચ મીનીટ પણ ઊભું રેહેવાને નહી ગમે તેવી દુકાન ઊઘડતાને વાર ગાંમડી ઘરાકોની ભીડ થવા માંડેછે. તેઓ આવીને તાડીનો દારૂ, પેલાં તેલમાં બોરેલા આલીવ, અને એવો ચીકણો ખોરાક આવતો, અનપંચ બે લેઓ ખોરાક નાશતા દાખલ લેછે. ઈઊરોપીઅન લોકને પણ એવી દુકાન ઊપર જવાની ફરજ થઈ પડેછે, કાંએકે એ પશતાકીઆઓ શીવાએ બીજા કોઈ દુકાનદારો ચાહ, શાકર, કાફી, અને તેવી બીજી ચીજો વેચતાજ નથી.

આઠ વાગા કે બજારના સોદાનો જાહેર વખત થાએછે. થોડક શલર ગજવામાં નાખી આપણે જો બજારમાં ફરવા તથા સોદો કરવાને નીકલેઆતો તે જગા એક જોવા લાએક દેખાવછે. ચાકર લઈ જવાની કઈ જરૂર નથી. હેલકરીઓ જેઓ આરબના જુવાન છોકરાઓ રશતે રશને ફરતા ફરેછે, અને જેવા આપણને બજારમાં જોઆ કે એકદમ દશ બારનું ટોલું આપણી આશ પાશ ટોપલીઓ લઈ ફરી વલેછે અને તેઓ રઘલા ધુમ પાડી બોલેછે "નહી શાહેબ નહી, ચાઓ છોકરાને તમારૂં ઘેર ખબર નથી હું પોતે બરાબર જાણું છું. જે જોઈએ તે શામાન હું ઊચકશ." એવામા જો આપણે ખાટકીની દુકાન ઊપરથી ગોશનો એક કટકો ખરીદ કરી હાતમાં પકડેઆતો કઈ વીશ ટોપલી એકદમ આપણી શાભે ઊચકાએછે, દરેક જણની એવી ઊમેદ કે કેઆરે મારી ટોપલીમાં શામાન પડેતો મારી હેલ લાગુ પડી. આપણી ખુશી પડે તે ટોપલીમા જેવો ગોશનો કટકો નાખેઆ કે બાકીના શઘલા ખીશી જાએછે, અને પેલો છોકરો મોટી ખુશીથી પોતાને બાએઅવાન શમંજી આપણી પાશે આવેછે, અને બધાંની અંદરથી આપણે તેને પશંદ કીધો તેથી

મોટી ખુશીથી આપણું કામ બજાવાને તે તઈઆર રાએછે.

---

## મીણબતી એ સું ચીજછે?

ભાઈઓ, મીણબતી જેવી કામની ચીજ આ તે સરવ લોકને ખબર હશે. ગરીબ માંણસો મીણબની નથી બારતાં, તવંગરોને તાહા એનો વધારે ખપ છે, તેઓપણ મીણબતી વીશે ગરીબ સું કે તવંગર કોઈ અણજાણું નહી હશે. ઈંગલંડમાં મીણબતીનો ખપ ઘણોછે, તેમ આપણા મોહોટે વાંજેનાં લોકમાં એ ચીજનો ખપ વધારેછે. શેઆદી રાસશનીમાતો એ ચીજની ખચીત જેરૂર પડે આ વગર રેહેનારજ નથી. જમે એવો ગરીબ પણ એકુબે રતલ મીણબતી બાલેઆ વગર નથી રેહેવાનો. માણસ આજારી પડેછે તારેતો ડાકટરની ઓગલ ઊજાડ કરવામાં મીણબતીનો કટકો જેવી ગરજ સારેછે તેવી ગરજ એકુ તેલના દીવાથી અથવા જુમરથી નથી શરવાતી. આખેરે તેલનો દીવો તે દીવો, અને સગવડ તથા કસર ભરેલી મીણબતી તે મીણબતી. જેણે એ વાપરી હશે તેજ એની કસર અને સગવડ સમજશે, જેણે વાપરી હશે તેજ તેલના દીવાની કચાકુટ અને અડચણ જાણશે. આવી ઊપકઈઓગી મીણબતી ચરબીમાંથી થાએછે, એ બાબદ કદાચ ઘણા જણ જાણતા હશે. પણ એ ચરબીમાંથી કેવી અજાએબ જેવી ચીજો નીકલીછે તે જાણશો તો તમે તાજુબ થઈ જશો. તેમને વધારે વાર સખ લરેઆં નહી રાખવાને એક દમ કહી દેઈએછ કે ચરબી અથવા તેલ એ એક જાતના ખીસાછે! અને મીણબતી તે એક જાતનો તેજાબછે? અને ચરબી અથવા તેલમાંથી મીઠી સાકર જેવી એક ચીજ નીકલેછે! તમે આ વાત સાંભળી તાજુબ થતા હશો ખરેખર, પણ તમને જાણવું જોઈએ છકે હમણાના વખતમાં રસાએન શાસતરથી કેટલીએક ખરી બાબતો તે તમામ ખોટી અને જોડી કાડેલી જણાએછે. લોક એવાં છેકે ખોટી અથવા જોડી કાહાડેલી વાત ઘણું કરીને માનશે, પણ એકાદી ખરી પણ અજાએબ જેવી વાત કદી નથી માનવાના; તે એ એવી વાતને ગલત, ખોટી, અથવા જોડી કાહાડેલી ગણવાના.

શાબલે તારે ચરબી અથવા તેલ એઓમાં જે જે અજાએબ જેવી ચીજોછે તે વીશે. જારે આપણે ચરબી બોલીએ, તારે તેમાં ઘી જેવી ચીજછે એવો વીચાર આપણા મનમાં લાવીએ. પણ આ એ જમાનાના રસાએણ સાસતર શીકેલાઓ ચરબી વીશે જુદીજ રીતે વીચાર કરેછે. તેઓ કેહેછે કે ચરબી એતો એક એવી ચીજછે જેમાં બે જાતની જુદી જુદી (આસીડો) એટલે તેજાબછે, અને તે બેહુ આસીડોની સાથે એક ચીજ "ગીલીસીરીન" જેનો સવાદ મીઠો સાકર જેવોછે, એની મેલવણીછે. વલી બીજી અજાએબ જેવી વાત કેહેછે કે એ આસીડ અને મીઠી સાકર જેવી ચીજ મલીને એક જાતનું મીઠું થએલુંછે. એ મીઠું આપણે ખાવામાં લાવીએ છે તેવું નહી, પણ તેના જેવી મેલવણી વાલું, તેઓ સાબેતી આપેછે કે જોઈએતો ચરબીમાંથી એ મીઠી ચીજ છુટી પાડી તમને દેખાડવે. આજે ઈ ગરેજી ગાંધીની દુકાંન ઊપર એ પરમાણે છુટી પાડેલી જોઈએ એટલી "ગીલીસીરીન" મલી આવશે. તે ચરબીમાંથી કાહાડેછે એટલુંજ નહી, પણ બધી જાતના તેલોમાંથી પણ કાહાડેછે; કોપરેલ તેલ, મીઠું તેલ, એરંડીઉ તેલ, ઈતીઆદી. એ "ગીલીસીરીન" નો વલી ખપ આટલાવારમા ઘણોજ થઈ પડેઓછ. હજુરતો હમણા થોડું થઈશે જણાઈછે કે એવી ચીજ ચરબી તથા તેલોમાછે, તેટલા વારમા "ગીલીસીરીન" કાંહાં કાંહાં કામે લાગુ પાડીછે એ વાચીને આપણને વધારે તાજુબી ઊપજેછે. ચરબી અથવા તેલમાંથી છુટી પાડેલી "ગીલીસીરીન" નો સવાદ મીઠો સાકર જેવોછે, તેમાં જો ગોસ, અથવા કોઈબી મેવો મુકી રાખેઓ હોએ તો તે વરસના વરસ સુધી તાજો અને તાજો રેહી શકેછે. થ ડીના દાહાડામા હાત પગની ચામડીમાં તથા હોટમાં ચીરા પડેછે, તે અટકાવવા, અથવા રૂજ લાવવા અને ચામડાને નરમ રાખવા વાપરેછે આપણા લોક હોટ અને હાત પગ ઊપર તેલ, ઘી, અથવા માખણ લગાડેછે, તેથી નહવારના અથવા લગાડેઆ પછી, સરીર ઓસરું બોજરૂ વાસ મારેછે. પણ "ગીલીસીરીનમાં" એવો અથવા કોઈબી જાતનો વાસ મુતલક છેજ નહી, અને તેનો

સ્વાદ મીઠો હોઆથી લગાડનારને કંટાલો અથવા સુગ ઊતપન નથી થવાની. સુરજના કીરણોની મદદથી જે ચીતાર પાડેઆમા આવેછે, તેમાં પણ એ ચીજનો ઊપયોગ ઘણીજ કામજોગ રીતે થઈ શકેઓછે. શાબુ બનાવનારાઓ સાબુમાં એ ચીજ સાથે મેલવેછે, અને જેઓને ખઈ થઓ હોએ તેઓને દવા દાખલ પીવાને એક જાતની માછલીનું તેલ ઓક આવે એવા વાસનું પીવું પડતું હતું, તેને ઠેકાણે આ "ગીલીસીરીન" મીઠી સાકર જેવી દવા ગુણ કારક થઈ પડીછે. હમારો એક ચંચલ અને મેહનતુ દોસત જેને ખઈનો મરજછે, તે બીચારો એક બે વરસ થઆં પેહલી વાસ મારતી દવાઈ "કાડલીવર આઈલ" એટલે કાડ જાતની માંછલીના કલેજાનું તેલ એવું પીતાં પીતાં કનટાલી ગઓ હતો, તે આજે હોસે હોસે બે બે ગલાસ મીઠી સાકર જેવી "ગીલીસીરીન" ગટ કરી જાએછે અને ગલાસ ચાટી ચાટીને સાફ કરેછે અને જો ચમચાનો જરા ભાગ ખરડએલો રહી ગઓલો માલુંમ પડેઓતો તે પણ હોસથી ચુંસી જાએછે. પાંચ વરસની વાત ઊપર કોણ જાણતું હતું કે તેલ અને ચરબીમાં આવી ઊમદા ચીજ ખોદા તાલાએ માણસ જાતના સુખને સારૂં મુકીછે. એ "ગીલીસીરીન" માં બીજો ગુણ એવો માલુંમ પડેઓછ કે જો તેને સલગાવી હોએતો તે બલતી નથી. તેલ અને ચરબી એ બે મોટી આગ લગાડનારી ચીજોછે. મકાઈ ડોસી પોતાની દીકરી જીવાઈને રોજ સાઊચેતી રાખવા કેહેછે કે સાંજના લોબાન કરતી વેલા તેલની બરણી આગલ દુરથી લોબાન કરે. પણ એજ તેલમાંથી આવી ચીજ નીકલીછે જેનામાં બલવાની શકતી છેજ નહી એ ખરેખર અજાએબ જેવુંછે. એ વાતની ખબર પડતાંને વાર મીણબતી બનાવનારાઓને તાંહા વધામણી અને ખુસાલીની ખબર જઈ પોહોચી. એથી તેઓને સું ફાએદો થઓ? ફાએદો પુછોછો? જે ને કેહેછે તેવો. મીણબતી બનાવનારા ચરબીમાંથી મીણબતી બનાવતા હતા, અને ચરબીનો બધો ભાગ કાંમમાં લાવતા હતા. "ગીલીસીરીન" ના ગુણની ખબર પડી કે તેઓએ વીચાર કીધો કે બતી બનાવામાં આપણને એવી ચીજ લેવી જોઈએ કે જે બલી શકતી હોએ, પણ જે ચીજમા બલવાની શકતીજ નહી તેને રાખીઆથી આપણને સું ફાએદો ઊલટી એવી અડચણ ભરેલી ચીજ રેહાથી બતી બરોબર બલી નહી શકે, અને આજ સુધી બતી ઝાંખી બલેછે, અને તે ઊપર ઘડી ઘડીએ ગુલ ચહડેછે તે એથીજ હશે. એવો વીચાર કરી તેઓએ "ગીલીસીરીન" ને છુટી પાડી બાકીના ભાગની મીણબતી બનાવા માંડી. જે આગલ વીચાર કીધો હતો તે તમામ ખરોજ હતો. "ગીલીસીરીન" કાહાડી નાખેઆ પછી જે બતી બનાવી, તે, સસતી પડી, વલી બલવામા સાફ અને ભારી રોશનીદાર, દેખાવમાં ખુબ સુરત, અને જેને ઊસકવાની મુતલક જરજ નહી પડેઆથી લોકોએ પોતાના ઘેરમાંથી એક એક મસાલને રખશુદ આપી તેટલા પઈશાનો બચાવ કીધો.

મીણબતી બનાવનારને બીજી ખબર પડી કે તેલમાં પણ એવોજ ગુણછે. ચરબી મોંઘી, તેથી તેણે લઈ તેલમાંથી મીણબતી બનાવાનું સુરૂં કીધું. તેલમાં પણ ચરબીનાજ જેવી ચીજોછે, અને તેમા પણ પેલી મીઠી સાકર જેવી ચીજછે તે છુંટી પાડેઆથી બાકીના ભાગની મીણબતી જેવી જોઈએ એવી બની. ચરબીના કરતા એ મીણબતી સસતી પડી, તેથી ચરબીને રખશુદ આપી તેલ ઊપર મીણબતીવાલાઓએ કાંમ ચલાવીઊં. બજારનું તેલ ખપી ગીઊ, તો બાહેર ગાંમથી મંગાવા લાગા. આખેરે એ ખપ આપણા દેશ ઊપર આવેઓ. આપણા દેશમાંથી આજ કેટલું પઈઊ પુશકલ તેલ ઈંગલંડ જાએછે, અને તે સઘલું મીણબતી અને "ગીલી સીરીન" બનાવામા કામે લગાડેઆમાં આવેછ. આપણી બજારમાંથી તેલ પુશકલ બાહેર ગીઆથી હઈઆં આજે તેલનો ભાવ ઘણો વધી ગીઓછે તેલ ઊપર થીઃ દીવેલનો ભાવ પણ ભારી ચહડેઓછે, જેથી મેકાઈ ડોસી ઘણીજ દલગીર થાએછે, કે મારા ગરીબ ઘેરમાં ખરચ વધેઓછે, અને મારી જીવાઈના કુમાને રોજ તેલ, ઘી, એરંડીઊ, માંખણ, એવી એવી ચીજો લગાડીને મસલતી હતી તે હવે કેમ થશે?

## કેવી ટોપી પેહેરીને સુઈએ કે ખુશાલ હુંગ આવે.

નવલશાહ નામે એક માણસ હતું. એ ઘણીનું એક સારૂં ઘર હતું. બાગ બગીચે સુખી હતો, તે

ને બેશી ફરવાને એક શોભાએમાન ગાડી હતી, તથા તે ગાડીમાં જોડવાને સારા મજેના બે ઘોડા હતા. તેને મોટે જમવાની જે ટેબલ બીછાવેઆમાં આવતી હતી તે એવીતો મજેની હતી કે કદાચજ તેવાં પકવાનોની ટેબલ તેના વખતમાં કોઈના જોગેઆમાં આવી હશે. તેના મીતરો એવાતો મશકેરા અને રમુજ આપનારા હતા કે તેઓની મોગલ બાદશાહોની કચેરીના લશ્કરીઓ પણ એક કોરે રેહે; પણ એટલું શઘલું છતાં નવલશાહ કદી સુખી હતો નહી, અને એટલી નઘલી સારી હાલત છતાં તે હંમેશ બેકરાર અને ફંટએેલો રેહેતો; તે આરામ લેવાને અથવા બે ઘડી જીવ વેરાવાને ઘણાખી ઊપાએ કરતો પણ તે શઘલા વીઅરથ જતા, તેનું મન એટલુંતો બેચેન હતું કે તેને દીવસનાં પેટ ભરીને જમતા નહી ગમતું હતું તથા રાતનાં કેઆરે ઊંગ નહી આવતી હતી. કોઈ વેલા તે વેહેરો સુવા જતો અથવા કોઈ વેલા તે મોડેથી જતો, પણ તેને લગાર કરારની ઊંગ આવતી ન હતી. એવી પોતાની હાલત વીશે નવલશાહે પોતાના કેટલાએક મીતરોની શલાહ માંગી તે મીતરોએ તેને બે ઘડી મેહેનત કરવાની તથા જરા લગાર ફરવા હરવાની ભલામણ કીધી, અને તે ભલામણ પરમાણે બીચારા નવલશાહે કીધું તોપણ તેનું કાંઈ વલીઉં નહી, તારે તેનાં દોસતોએ તેને એક બીજી ઈઊકતી કહી કે રાતનાં સુતી વેલાએ તેણે એકાદ બે ગલાસ વધારે દારૂ પીવો, જેથી તેને ખુશ કેફમાં નીરાંતે ઊંગ આવશે બીચારા નવલશા ઊપર દારૂની અથવા બીજાં કશાંની અસર થઈ નહી. તેની બે કરારીમાં ઘટાડો થવાને ઠેકાણે ઓરે વધારો થતો ચાલેઓ, તેથી તેણે કંટાલીને વઈદોની સલાહ લેવા ધારીઉં, વઈદે લાડનમ, અફીણ વગેરે ભેલીને દવાઈ આપી કે નવલશાહ કેફમાં પડે, તો તેથી તેને તેની બે કરારીની વીસર થાએ, પણ નવલશાહના અંતઃકરણમાં એવોતો ખરાબ સડો પેઠેલો હતો, અને તેનું મન એટલુંતો પાપી થએલું હતું કે તેથી કરીને અફીણ જેવી કઠણ કેફી વસતુની પણ તે ઊપર મુદલ અસર થઈ નહી. છેલે સરવાલે બીચારા નવલશાહે કંટાલીને એ બાબદ પોતાની વાડીના એક માલીને પુછીઉં કે મહને આટલી બધી વાતોનું સુખ છતાં, તથા પઈસે ટકે પુર છતાં આટલી બધી બે કરારી કેમ ભોગવવી પડેછે? માલી ગરીબ હતો, પણ તેનું એકીન તેના પેદા કરનાર ઊપર ઘણું હતું; તથા તે પોતાના પેદા કરનારનો ઘણો ડર રાખતો હતો, અને કોઈબી રીતે ઈશવર ના રાજી થાએ એવું કામ તે કરતો ન હતો, તેની ઊપર જારે પોતાના શેઠની તરફથી આવો સવાલ આવેઓ તારે તે લગાર વીચારમાં પડેઓ, તે સારી પેઠે જાણતો હતો કે તેના શેઠનું એકીન ડગમગાડોલછે, તેનામાં ઈશવર સેવા મુદલ છેજ નહી, અને તે સાથે તેનામાં પરમેશવર વીશે મુદલ ડર નથી. બીજું એ ધણી ઘણો ઘાતકી તથા નીરદઈ હતો, વીધવાઓ અને નાવારેસો ઊપર અતીશએ જુલમ ગુજારતો હતો, તેથી તેનું મન હંમેશાં તેને ડંખતું હતું. પોતાના શેઠની બે કરારી વીશેનો આ વીચાર જે તે માલીને આવેઓ તે ખરો વીચાર હતો, તેથી દીવસની ભુખ અને રાતની ઊંગ જે ઊડી ગઈ હતી તે ઊપલાંજ કારણથી થઈ હતી, લોકો તેને સઘલી વાતે સુખી જાણતા હતા પણ તેનું મન તેને હંમેશાં કરડતું હતું કે ઓ પાપી તું સુખી નથી; તારી નીશટા બુરીછે, તેથી તું કદી સુખી થનાર નથી. પેલા માલીએ અનુભવ ઊપરથી તથા રાત દીવસની માહીતગારી ઊપરથી પોતાના શેઠની બે કરારીનું કારણ જે પીછાની લીધું હતું, તે ખરેખરું ઊઘાડી રીતે પોતાના શેઠને કહેવાને તે અચકીઓ, તેણે જાણીઉં કે જો હું એને એ પરમાણે ઊઘાડું અપમાન કરીશ તો તેથી એ ઊલટો વધારે ચીરડાશે, માંટે તે માલીએ જરા ધીરજથી વીચાર કરીને, પોતાના શેઠને તેની બે કરારીનું ખરેખરું કારણ જણાવવાની એક ઈઊકતી શોધી કાહાડી તે બોલેઓ કે શેઠ તમારી બે કરારીનું કારણ માહારાથી કાંઈ કેહેવાઈ શકાતું નથી પણ માહારો એક પડોશીછે તે ઘણોજ સુખી જણાએછે, જો પણ તેની હાલત તમારા કરતાં કાંઈ હજારો દરજે ગરીબછે, તો પણ હું જાણતો નથી કે તે એવો સુખી શાથી રેહેછે—દીવસની વેલાએ તે તરાણવાર સારી પેઠે પેટ ભરીને ભોજન લીએછે, અને આખી રાત એવીતો મજેની નીંદ કાહાડેછે કે ગોએઆ તે બાગે બેહેસતમાં હોએ. કદાચ મહને એવું લાગેછે કે તે રાતના સુતી વખતે કાંઈ જુદી જાતની ટોપી પેહરીને સુવેછે, અને તે ટોપીનાં સતથી તેને ખાસી મજેની ઊંઘ આવેછે. પોતાના માલીને મોહાડેના એ શબ્દનો શાં

ભલીઆ એટલે તે પુરો અરથ સમજીઆ વગર તુરત નવલશાહ તે માલીના પડોશી પાસે ગએઓ, અને તેને ઘણીજ આજોર ખાઈથી કાલાવાલા કરીને કેહેવા લાગોકે "ભાઈ મેહેરબાની કરીને આ માહારી રાતની પેહેરી સુવાની ટોપી તું લે અને જે ટોપી તું રાતના પેહેરી સુવેછે તે મહને આપ." એ માગણી પડોશીએ ઘણી ખુશીથી કબુલ કીધી કારણ એ કે જે ટોપી પેહેરી સુતો હતો તે એટલીસો મેલી હતી તારે એવી ટોપીને બદલે નવલશાહ જેવા શેઠની ટોપી મલે એ કેહેવી વાત! પડોશી પણ પેહેલાં જરા ઘબરાટમાંતો પડીઓ કે આ તે શું હોગછે કે નવલશાહ આજે માહારી ટોપી લેવા આવેઓછે, તેથી તેણે જરા પેહેલાં આનાકાનીતો કીધી, પણ જારે નવલશાહ ઘણાજ બેદ થએઆ તારે તેણે તે ટોપીઓ અદલા બદલ કીધી. નવલશાહ તે ટોપી લઈને ઘેરે આવેઆ અને તુરત તેને ધોવરાવીને સુકાતી નખાવી. રાત પડી તારે રોજ કરતાં વધારે ખુશીથી નવલશાહ પલંગપર પોહોરવાને ગએઆ, અને તાંહા જઈને પેલી આ ટોપી પેહેરી તે એવી ઊમેદથી કે આજ રાતના ખુશી ભરેલી ઉંગ આવશે. પણ ટોપી શું કરે, તેનું મન જે પાપી હતું તે બદલી નાખવાને સારૂં માલીએ તેને કહેતું, પણ માલીનાં ભેદ ભરેલાં બોલવાનો ખરો અરથ ન સમજવે તે એકદમ ટોપી બદલી લાવેઓ તેથી શું થાએ. તે રાત પણ તે બીચારાની આગલની પેઠેજ બેકરારી ભરેલી ગુજરી. આખી રાત આણીગમથી પેલીગમ અને પેલીગમથી આણીગમ ઘણાં આલોટીઆં ખાલોટીઆં મારીઆં પણ નવલશાહનું કશું વલીઉં નહી. ખરી બામદાદનાં નવલશાહ બીછાના ઊપરથી ઊઠી બાહેર નીકલેઆ તારે તેને વીચાર આવેઓકે વારૂં જઈને તલાસતો કરૂં કે માહારી ટોપી પેહેરીઆથી પડોસી આજ રાતરે કેવી હાલતમાં હતો; એમ વીચારી તે તુરત તેની જુપડી ભણી ગએઓ, અને તાંહાં જઈને તેને પુછીઉં કે "કેમ ભાઈ આજ રાત તારી કેહેવી ગઈ?" ઊતર મલીઓ કે "શાહેબ આજ રાતે મારી જેવી સુખમાં અને ચેનમા ગઈછે તેવીતો માહારા જનમમાં મેં જોઈની નહી. આજ રાતનાં ઉંઘતો એવી મીઠી આવી હતી કે સહવારનાં ઊઠવા પણ મનતું ન હતું." આ હેવાલ સાંભલેઆંથી નવલશાહની છાતીમાં એક જેહેરી તીરના જખમની મીશાલે એક ઘા લાગો કે આ વાત તે કેમ બને; તેથી તે તુરત તાંહાંથી ચાલતો થએઓ અને પોતાના માલી પાસે પાછો ગએઓ. અને તાંહાં જઈને તેને શગલી પોતા ઊપર પડેલી વાત કહી, અને બોલેઆ કે "એ વાત કેમ, અને જે ટોપી પેહેરીને સુતાં મહને કદી કરારે ઉંગ આવી નથી તેજ ટોપી પેહેરીને તારો પડોશી સુતો હતો તે એમ બોલેછે કે તે ટોપી પેહેરીઆથી તેને વધારે શારી અને મીઠી ઉંગ આવી હતી." માલીએ જોઈઊકે માહારાં બોલવાની ખરી મતલબ નવલશાહ શમજીઆ નથી, અને માતરે **ટોપી** એ બોલ ઊપરજ એવણે ધેઆન આપેલુંછે, તેથી તેવણ એકવાર પાછા નીશફલ થએઆછે. માલીએ હવેતો જરા વધારે હીમત પકડી અને એવો વીચાર કીધો કે હવે ગોઠ આગલ મગમમાં બોલવાની જરૂર નથી ખોલાશાથી જ બોલવાની જરૂરછે, એમ વીચારીને તે બોલીઓ કે "નવલશાહ શેઠ હું ધારૂંછું કે પડોશીએ તમોને જે ટોપી આપીછે તે જુદી ટોપીછે, જે ટોપી તે પોતે રોજ રાત અને દીવશ પેહેરી રાખેછે, તે ટોપી તેણે તમોને આપી નથી. વાશતે જો તે ટોપી તેની જોડેથી તમોને મલે તો પછી કશી વાતની અડચણ નથી." તે ટોપી કેહેવીછે એવો નવલશાહે તે માલીને ફરીથી શવાલ કીધો તારે તે માલી ઘંભીરાઈથી આ પરમાણે બોલીઓકે "શાહેબ તે ટોપી **દેઆનતદારીને** નામે ઓલખાએછે. જેની મનશની શારી અને નીશઠા રૂડી હોએ તે ધણીને કશી વાતનું દુખ નથી પડવાનું. નેક મનશની વાલાં માણસો જેવાં ખરાં સુખી માણસો બીજાં મલી નથી આવનાર. જેનું મન નીરમલ અને જેનું હઈડું શાફ તથા જે દઓઆલુ બુધીનો હોએ, તે જેવો કરારથી તથા સુખથી પોતાનો કાલ કાહાડે, તેવો કાલ કોઈ બીજાથી કદી કહડાવાનો નથી, પછી મર ને લાખશાપતી હોઓ. વાશને પેઆરા શેઠ જો તમોને કરારીજ ભોગવવી હોએ તો તમો દીન દએઆલ અને, ગરીબ નવાજશ થાવો, ભુખીઆંને અન, અને તરશીઆને પાંણી આપો, તોજ તમો ખરા શુખી અને બાએગશાહી ગણાશો, બાકી હાત પગ વાદ ચાપલુશીખોર માણશોને રોજ સાથે જમાડીઆથી તથા તેવા ખંધાઓને મદદ કરેઆથી કશી રીતે ત

મોને કરારી હાંસલ થનાર નથી. એવા ટુકડખોરોનાં પેટ ભરવા તનો પડોછો તારે તમો, ગરીબ અને નાવારે સોને એકદમ વીસરી જાવોછે, નીરાશરીતોને આશરો આપવાને પરમેશવરે તમારામાં સામરથીઅ મુકીછે, પણ તમો તે પરમેશવરના હુકમ પરમાણે ચાલતા નથી, તેથી તમારૂં મન જે પવીતરછે તે હંમેશાં તમોને અંદરખાનેથી મારેછે. માટે સાહેબ હવે વખત ખોવોના, અને જે થોડો વખત તમારા હાતમા આવેઓછે, તેટલામાં તમારીથી જે દાન ક્રુતીઓ તથા ધરમનાં કામ થાએ તે કરી લેઓ, અને તમારૂં મન જે નીરદએ અને બેકદરછે તેને દએઆલુ અને કદરવાલું બનાવી નાખો એટલે આપોઆપ તમોને કરાર થશે, અને પછે કોઈ રીતની વધારે ફરીઆદ કરવાનું તમોને હવે કારણ રેહેશે નહી." માલીએ હીમત ધરીને જે આ બે ચાર શબ્દો કહેઆ તે નવલશાહના મનમાં ઘણાજ લાગા અને તેથી તેનું હઈડું એટલું તો ભરાઈ આવીઊં કે તેનાથી એક શબ્દ બોલાઓ નહી, તેથી તે તાંહાથી મુગો મુગો ચાલતો થએઓ.

---

## બનારશ.

બનારસ શેહેર એજ નામનાં એક પરગણાની રાજધાનીછે. એ શેહેર ગંગા નદીના ઊતર કીનારા ઊપર આવેલુંછે. એ શેહેર આગલા વખતમાં બરાહમણોના વીદીઆ અભેઆસને માટે વખણાએલું હતું. મેજર રેનીલ જણાવેછે કે એ બનારસ શેહેરને આગલા વખતના લોકો **કાશીને** નામે ઓલખતાં હતાં; પણ એ વીશે આગલા વખતમાં થઈ ગએલા ભુગોલ વીદીઆ રચનારાઓએ કશું જણાવીઊં નથી. તોપણ આટલી વાતતો ખરીજછે કે કોઈ કાલે એ શેહેર કાસીને નામે ઓલખાઈઊં હશે, કાએકે હજી પણ કેટલાક લોકો એ સેહેરને બનારસ અથવા કાસી કરી બોલેછે. એ શેહેર વીશે બોલતી વેલાએ ડાકતર રાબરટસન એવું જણાવેછે કે "એ શેહેર ઘણુંજ પરાચીનછે, તથા તે શેહેરમા વીદીઆ અને હોનરનો ઘણો ફેલાવો થએવો હતો તથા પંડીત બરાહામણોનું તે રેહેઠાણ હતું." ઈ૦ સ૦ ૧૭૭૨ ના સાલમાં એટલે આજ નજદીક ૯૦ વરસની વાત ઊપર સર રાબરટ બેકર બનારસ ખાતે અએઓ હતો તેણે એવું જણાવીઊંછે કે એ શેહેર ન પે એક "આબજરવેટરી" (તારા અને આસમાન ઊપરના બીજા ગરેહોની ગણતરી કરવાની જગા) તેનાં જોએઆમાં આવીછે, તથા તે "આબજરવેટરી' મા કેટલાંક હથીઆરો તથા ઈઅંતરો પણ હતાં, જે ઘણીજ કારીગરીથી તથા કલા કઊશલથી બનાવેઆ હોએ એવું લાગતું હતું. એ "આબજરવેટરી" વીશે લોકો એમ બોલેછે કે તે પાદશાહ અકબરે પોતે બંધાવી હતી.

એ શેહેરના રસતા ઘણું કરીને સાંકડાછે, તથા તાંહાંનાં ઘરો જે પતથરની બાંધણીનાં બાંધેલાંછે તે એટલાંતો એક બીજાની પડોસમાં અડો અડ બાંધેલાંછે કે ભાગ્યેજ તે ઘરમાં સુરીઅના કીરણો પડતાં હોએ તે સાથે વલી રસતા એટલાતો ખરાબ અને ગલીચ હાલતમાછે કે જેથી તાંહાં રેહેનારાંઓની તંદુરશતી ઘણેક દરજજે બગડેછે, અને તેથી તે જગા ઊપર ઈઊરોપીઅનો રેહેવાને નાપસંદ કરેછે. નદી તીરે આવીને જો એ બનારસ શેહેર જોઈઊં હોએતો તે ઘણુંજ રલીઆમણું તથા રોણકદાર દેખાએછે. શેહેર માહેલાં કેટલાંક ઘરો જે સારી સંભાલથી તથા સારી માહાવજતથી બાંધેલાછે તે બે ઘડી જોએઆથી ખચીત આપણાં મનમાં આનંદ ઊપજેછે. વલી કેટલાક ઘરોને રોણકદાર અગાશીઓ બાંધેલીછે તેથી તો તેઓ ઘણાંજ સોભાએમાન દેખાએછે. હીંદુઓના દેહેરા ઊપર જવાને માટે તથા તેવીજ બીજી જાહેર ઈમારતો ઊપર ચહડવાને માટે નદીને કીનારેથી જુદી જુદી જગાઓ ઊપર પતથરની શીડીઓ કીધેલીછે તે દેખાવથી જોનાર ઊપર ઘણીજ ખુસાલી ભરેલી અસર ઊતપન થાએછે. એ શેહેરમા ઈંટ તથા પતથરની બાંધણીથી બાંધેલા ઘરોની સંખીઆ ૧૨૦૦૦ ની જણાવેઆમાં આવીછે, અને તે ઊપરાંત એ શેહેરમાં મટોડાંની બાંધણીથી બાંધેલાં બીજાં ૧૬૦૦૦ ઘરોછે. એ ઘરો માહેલાં કેટલાક ઘરો ઘણાંજ કુશાદગી ભરેલા તથા મોહોટાંછે, તથા તાહાનાં લોકોનો એવો રવાઈઓછે કે દરએક ઘરનો એકેકો માલ દરએક છુટા છુટા ધણીએ વાપરવો, ઈઆને એક માલ ઊપર માતરે એકજ કુટુંબના માણસોએ રેહેવું, અને તેઓએ પેટાંમા બીજું ભાડુત રાખવું નહી. એવી રીતનાં કેટલાંક ઘરોમાં આશરે ૨૦૦ માણસો રહેલાં ગણીઆમાં આવેઆંછે. વલી કેટલાક પઈશાદાર તથા

મોહોટે વાગેનાં હીંદુઓ દર એકકા ઘરમા પોતે એખ લાજ છુટા રેહેછે, તથા તે ઘરમાં કાંઈ બીજાં ભાડુતોને રાખતા નથી, એ ઘરોની આશપાસ એક મજેનો ચોક બનાવેલો હોએછે.

એ શેહેરના છેક મધીઅ ભાગમાં એક મોહોટી મશીદ જોવામાં આવેછે. કેહેછે કે જે જગા ઊપર હાલ એ મશીદછે તે જગા ઊપર આગલા વખતમાં હીંદુનું એક ઘણુંજ ઊમદા દેહેરૂં હતું, પણ તે દેહેરાનો અઊરંગઝેબ બાદશાહે નાશ કીધો અને તેની જગા ઊપર પોતાની એક મશીદ બંધાવી, જે હજી કાએમ છે એ મશીદ ઊપર બે મોહોટા મીનારાછે, જે ગંગા નદીથી ૨૩૨ ફીટ ઊંચાછે.

એ શેહેરથી આસરે તરણ માઈલ દુર ઈઊરોપીઅન લોકો વશેછે. એ જગા ઊપર ઈસવીસન ૧૭૯૯ ના જાનેવારી મહીનામાં એક ઘણોજ ડરામણો દેખાવ દેખાએઓ હતો. કેહેછેકે એ વેલાએ બીરીટીશ સરકારની તરફથી આઊદના નવાબને એવો હોકમ કરેઆમાં આવેઓ હતો કે તેણે પોતાનુ રેહેઠાણ બદલીને કલકતે જવું. એ ઊપરથી એ નવાબને કાંઈ ચીડ ચહડેઆને લીધે કેટલાક હથીઆરબંધ માણસોને શાથે લઈને તે નવાબ કંપનીના રેશીડેનટ મી૦ ચેરીનાં ઘર તરફ ગએઓ, અને તાંહાં જઈને તેણે તે રેશીડેનટને તથા બીજા ચાર ઈઊરોપીઅન ગર્હહશથોને ઠાર મારેઆ; અને તારબાદ એ વજીર અલી નવાબ પોતાની શાથે ૪૦૦ શવારો લઈને અજીમગડ તરફ નાશી ગએઓ હતો, પણ તેને ડીશેમબર મહીનામાં તાંહાથી પકડીને કલકતા ખાતે કેદ કરાવેઓ હતો.

બનારશ મધે ગામઠીઓની મોહોટી વશતીછે. ઈશવી શન ૧૮૦૩ ના શાલમાં જારે તાંહાનાં રેહેવાશીઓની ગણતરી કાહાડી હતી તારે ૫૮૨૦૦૦ લોકની વશતી ગણવામાં આવી હતી. અલબતાં આજ પચાશ વરશની પેહેલાંની એ ગણતરીછે, તોપણ હાલ કાંઈ તાંહાં થોડી વશતી નથી. તાંહાના લોકોનાં દર રૂપીએ ૧૪ આના હીંદુછે, તથા બાકી બે આના મુશલમાનછે.

એ શેહેર વીશે હીંદુ લોકોના ધરમ શંબંધી વીચાર કાંઈ જુદીજ જાતનોછે, તેઓ એ શેહેરને ઘણુંજ પવીતર માનેછે, અને તેથી કરીને હીંદુશથાનનાં દરએક ભાગમાંથી તથા દરએક જગા ઊપરથી બેહદ લોકો એ શેહેરમાં તીરથ કરવાને જાએછે. અને તે એટલાતો જા આવ કરેછે કે રશતો હંમેશાં ઘેઘાજ થતોને થતોજ. એ શેહેરમાં તીરથ કરવાને બેહદ જોગીઓ હંમેશ આવેઆને લીધે તે ઠેકાણે ભીખારપણાનો તથા કંગાલીઅતનો એટલોતો વધારો થઈ પડેઓ છે કે મી૦ ટેનેનટ જેવો લખનાર આ પરમાણે બોલે છે કે "ભુખમારો, કંગાલીઅત, અને દરદ અથવા રોગ, એ તરણ ચીજો, જાંહાં તમો જોશો તાંહાં તમોને નજરે પડશે. શેહેરના જે જે ભાગમાં ફરશો તે તે શઘલે ભાગે ઊપર જણાવેલાં જેવાં માણસો તમને મલશે." એ શેહેરમાં તુરક, ઈરાની તથા અરમાની લોકો જથુક પડી રહેલા દેખાએછે, કેટલાક લોકો જેઓ પઈસે સુખીછે, અને જેઓ માતબરછે તેઓ નાણાવટીનો ધંધો ચલાવેછે. બીજા કેટલાક લોકો મોતી, માણેક વગેરે જવાહરોનો વેપાર ચલાવેછે. એ જહવેરાત બુંદેલ ખંડમાંથી બનારશ ખાતે આવેછે.

કેલવણીની બાબદમાં એ શેહેરમાં આગલા વખતમાં કાંઈ જુદીજ વીચાર હતો. તાહાનાં તે વખતના લોકો એમ ધારતા હતા કે જો મકતબમાં શીખવા આવનાર છોકરાઓ જોડેથી કાંઈ થોડો ઘણો પગાર લઈને તેઓને શીખવેઆમાં આવેતો તેથી, તે મદરેશા ઈશથાપનારને કશું પુન લાગનાર નથી. અને એવા વીચાર લોકોમા અતીશએ ફેલાએલા હતા તેથી કરીને નીશાશો તથા મકતબોમાં કેલવણી મુફત આપેઆમા આવતી હતી. એટલું છતાં પણ તીરથે આવેલા માતબર હીંદુઓ તથા રાજવંશીઓ જેઓ તે નીશાલ અથવા મકતબના શીકશકોને ઈનામ દાખલ જે કાંઈ આપતા હતા તે લેવાને તેઓ કાંઈ આનાકાની કરતા નહી હતા. કેહેછે કે જે વેલાએ બીરીટીશ રાજનું હીંદુશથાન મધે થરીથામ થઈ ઊં હતું તે વેલાએ એ નીશાલો પડતી અવશથામાં હતી. એ શેહેર મધે જે હીંદુ લોકોની શંશકરત મદરેશાછે તે ઈંગરેજી રેશીડેનટ મી૦ ડંકન જે તારપછી મુંબઈનો ગવરનર થાએઓ હતો તેને ઈશવી ૧૭૯૧ માં ઈશથાપી હતી. એ મદરેશાનો શઘળો ખરચ હજી સુધી કંપની શરકારથી ચાલેછે, તથા તેહના વીદીઆરથીઓ પણ કાંઈ પગાર આપેછે. ઈશવી ૧૮૨૭ માં જારે એ મદરેશામા ૨૫૯ વીદીઆરથીઓ હતા, તારે એ મદરેશાને લગ

તો એક ઈંગરેજી વરગ ઊઘાડેઆમાં આવેઓ હતો. હલુ હલુ વીદીઆરથીઓની શંખીઆમાં વધારો થઈ ને ઈશવી ૧૮૩૦ માં એ મદરેશામાં ૨૮૭ વીદીઆ રથીઓ થએઆ હતા. આ ચાલતી સદીમાં વલી બીજી કેટલીક નીશાલો બનારશ ખાતે ઈસથાપેઆમાં આવીછે, પણ એ નીશાલોનો ઘણો ખરો ખરચ તાહાના રેહવાશીઓ પુરો કરેછે. એ નીશાલો માહેલી એક નીશાલમાં આસરે ૨૦૦ બાલકોનો વીદીઆ અભેઆસ ચાલેછે, કેહછેકે એ નીશાલમાં, ઈંગરેજી હીંદુ ગ્રથોની અને ફારસી જુબાનો શીખાડેઆમાં આવેછે, તથા તે વગેરે, ગણીત, ભુગોલ તથા ખોગોલ વીદ્યાના પણ સબકો આપેઆમાં આવેછે.

બનારસ પરાંત તથા બનારસ શેહેર મધે ઈસવી ૧૭૭૫ થી બીરીટીસ સરકાર હકુમત ચલાવતી આવીછે. બનારસનો રાજાતો નામને ખાતર પડેલો છે. એ રાજાને ઈંગરેજ સરકારની તરફથી કાંઈ મુશારો મલેછે, તે શીવાએ તેને બીજી કશી પરકારની સતા નથી. રામ નગર, જે ગંગા નદીના બીજા કીનારા ઊપર બનારસથી એક મઈલને અંતરેછે, તાંહાં એ રાજા રેહેછે.

અલાહબાદથી બનારસ જવાને ૮૩ મઈલની મુસાફરી કરવી પડેછે, તેમજ કલકતેથી જતાં ૪૫૦ મઈલ કાપવાં પડેછે; આગ્રેથી જતાં ૩૩૦ માઈલ અને લખનોઊથી જતાં ૧૮૯ માઈલ કાપવા પડેછે. પણ જો ચેક મુંબઈથી બનારસ જવા માંડીએ તો ૮૦૦ માઈલ કાપવા જોઈએ તથા મદરાસથી જવા માંડીએ તો ૧૧૦૩ માઈલ મુસાફરી કરવી પડેછે.

---

## જાણવા જોગ બીનાઓ.

**એક ચમતકારીક ઘડીઆલ**—સઘલાંઓને સારી પેઠે ખબર છે કે લોકોને ઘડીઆલ જેવાં એક ઈંતંતરની કેટલી જરૂરછે—એ ઘડીઆલોની મારફતે આપણને રાત અથવા દીવસનો વખત બરાબર મલી આવેછે. બરાબર જોઈએતો એ જંતર, માણસોની જીંદગી સાથે તાલુક રાખનાર ચીજો માહેલી એક અતી ઉપીઓગી અને અતી અગતીઅની વસતછે. એટલું છતાં પણ જુદાં દેશોમાં ઘડીઆલોથી એક સરખો વખત જાણી આવતો નથી. જો આપણી મુંબઈનાં એક ઘડીઆલમાં બાર વાગેલા હશે તો કલકતા અથવા ચીનનાં ઘડીઆલોમાં કાંઈ બારજ વાગેલા નહી હશે; તાંહાંનાં ઘડીઆલો તાહાનો વખત બતલાવશે, પણ હાલ એક ઘણાંજ નવાઈ જેવાં અને ચમતકારીક ઘડીઆલ વીશે સાંભલેઆમાં આવીછે. કેહેછે કે એ ઘડીઆલમાં એવી જુગતી લગાડેલીછે કે જેથી ગમે તે દેશનો વખત માલમ પડી આવેછે. એ ઘડીઆલની ઉપર ગોલ આકારે કેટલાંક જાણવાજોગ દેશોનાં નામ, તેઓની હદ પરમાણે લખેલાંછે, જે ઉપરથી તે દરેક દેશનો વખત બરાબર મલી આવેછે.

---

**નવી જાતનાં ટાલાં** મીં. મારીસન અને લીલી એઓએ હવડાં એક એવી જાતનાં ટાલાં બનાવેઆંછે, કે તેમાં કલ દઈને કુચી બાહેર કાહાડી એટલે કુચીનું મોહોડું ટાલામાં કહી તરફથીછે એ મુતલક નજરે દેખાતુંજ નથી એવી રીતે તે મોહોડું બંધ થઈ જાએછે.

---

**ઈંગલંડમાં દરદીઓને દવા આપવા પછવાડે ખરચ**—ફકત લંડનમા જે ઈશપીતાલોછે તેના સતા બરેલાં એહેવાલ ઉપરથી એવું માલુમ પડીઊછે કે દવા પાછવાડે દર વરસે ૧૦૦૦૦૦૦ દસ લાખ રૂપીઆ લાગેછે; ૭૦૦૦૦૦ સાત લાખ માંણસને મુફત દવા મલેછે; અથવા આખી વસતીમાથી દર દસ માણસે એક માણસને દવાનો અથવા ડાકટરની મસલત લેવાનો ખરચ કાંઈ પડતો નથી.

---

**બીલાડીઓનું ઘેર**—અલેપો સેહરમાં એક ઈમારત છે જેને બીલાડીઓનું ઘેર કરીને નામ આપીઊછે. એ ઘેર એક તવંગર મુસલમાન જે બીલાડીઓનો ઘણો શોખી હતો તેણે બાંધીછે. એક જુની મસીદને એ કામ સારૂ વાપરવામાં લીધીછે, જેમાં સેહરની તથા બાહેરથી આવતી તમામ આજારી બીલાડીઓ, તથા ઘરડી થઈ ગએલી, અથવા જેને રેહેવાને કોઈ ઠેકાણું અથવા ઘેર નહી હોએ એવી લાચાર બીલાડીઓને સારૂં એ ઘેરને એક ઈસપીતાલ બનાવીછે. ઓછામાં ઓછી ૮૦૦૦ આઠ હજાર બીલાડી સે ઘેરમાં વસેછે, અને તે ઘેર જોવા જનારને તેમાંથી ભારી શોરબકોરનો આવાજ છેક દુરથી સંભલાએછે.

---

માણસનો આવાજ જો તેના બદનના વજન પરમાણે હોતેતો એક અજાએબ જેવી તાકતવર થઈ શકેછે. માંસ ઉપ

ર જે તીડ બેસેછે તેનો આવાજ ૩૦૦ ફુટ દુરથી સંભલાઈ શકાએછે. હવે જારે તીડ સાથે માણસ સરખાવી જોઈએતો તેના કરતા માણસ ૧૬૦૦૦ સોલ હજાર ઘણું ભારીછે, તારે તે પરમાણે ગણતા, માણસનો અવાજ ૧૦૦૦ માઇલ સુધી સંભલાવો જોઇએ.

કેટલેએક ઠેકાણે જગા એવી આવેલી હોએછે, તથા માણસો બુમ પાડવાની એવી તબે રાખેછે કે માણસ ઓછામા ઓછો બે માઈલ સુધી પોતાનો આવાજ મોકલી શકેછે. આ વાત સઘલાને સાધારણછે કે મધ રાતના માણસનો આવાજ છેક દુરથી સંભલાઇ શકાએછે અને તેના કારણો પણ સમજવાને ઘણાજ સેહેલછે. પણ છેક બે માઇલ સુધી તેઓ અવાજ સી રીતે મોકલી શકેછે એ એકાએક સેહલાઈથી સમજવી શકાતું નથી. તુરકી દેશમાં પાહાડી જગા ઘણી આવીછે. કદાચ પાહાડના ખડકો ઉપરથી તે અવાજ અથડીને આગલ વધતો હોએ.

## પરમેસવરના રસતાની ગરબી.

"તમને કેઈ વહુ ગોરા ગમશે રાજ, અચકો મચકો કારેલી" એ રાગનીછે.

જો પરભુનો મારગ પુછો રાજ, વસતો રસતો શસતોછે.
નથી આડો અવળો ઉંચો રાજ, વસતો રસતો—૧
છે સુત્ર બરાબર સીધો રાજ, વસતો રસતો શસતોછે.
કરતારે સેહેલો કીધો રાજ, વસતો રસતો શસતોછે—૨
નથી ખેતર ખાડા ખડીઆ રાજ, વસતો રસતો શસતોછે.
નથી પરવત આડા પડીઆ રાજ, વસતો રસતો—૩
નથી કકર ગોખરૂ કાટા રાજ, વસતો રસતો શસતોછે.
નથી આડા અવલા આંટા રાજ, વસતો રસતો—૪
નથી પથરા કાદવ પાણી રાજ, વસંતો રસતો શસતોછે.
તેહાં દાણ નલે કોઈ દાણી રાજ, વસતો રસતો—૫
નથી ઝુટી લઅ કર ઝાડીરાજ, વસતો રસતો શસતોછે.
નહી જોઇએ ઘોડા ગાડી રાજ, વસતો રસતો શસતોછે—૬
નહી તાપ તપે નેહે વરસે રાજ, વસતો રસતો શસતોછે.
નહી ઠંડ પડી તન ઠરશે રાજ, વસતો રસતો શસતોછે—૭
એતો ખુબ બનેઓછે ખાસો રાજ, વસતો રસતો શસતોછે.
નહી વાઘ વરૂનો વાસો રાજ, વસતો રસતો શસતોછે—૮
વીશવાસ વલાવો લેવો રાજ, વસતો રસતો શસતોછે
એક દામ પડે નહી દેવો રાજ, વસતો રસતો શસતોછે—૯
લેઈ સતીઅ દઆને સાથે રાજ, વસતો રસતો શસતોછે.
ધરી ઈશવર આગના માથે રાજ, વસતો રસતો શસતોછે—૧૦
તમે સુપ કરીને ચાલો રાજ, વસતો રસતો શસતોછે.
મનગમતો મારગ ઝાલો રાજ, વસતો રસતો શસતોછે—૧૧
તને સીખાવજો સુભ કામે રાજ, વસતો રસતો શસતોછે
કહી દીધો દલપતરામે રાજ, વસતો રસતો શસતોછે—૧૨

## વેહેમ તજવાની ગરબી.

"જે કોઈ અંબીકાજી માતને આરાધશેરે લોલ" એ રાગનીછે.

સુણો શીખવા વીવેક એક વાતડીરે લોલ.
છુટે મુરખપણુ છેક ખુને છાતડીરે લોલ—૧
ગુંથીઆ ગુણ ભરેલા ગરંથ ભણો ભાવથીરે લોલ.
પામો સી સતીના પંથ તે પરભાવથીરે લોલ—૨
તજો વેહેમ ભરી વાય * વેહેમીએ કહીરે લોલ.
ભુત પરેતને પીશાચ સાચછે નહીરે લોલ—૩
દોરા ચીઠી મંત્ર જંત્ર જુઠ જાણજોરે લોલ.
આશા ડુચકાના તંત્રમા ન આણજોરે લોલ—૪
દેતાં દામ કરે કામ દેવ દેવીઓરે લોલ.
કેલે લોક ઠામ ઠામ વાત એવીઓરે લોલ—૫
કરી મેખ વરખ કુંભ ઠગે જોશીઓરે લોલ.
ઝાડા ઉંજણીને ઢંભ ઠગે દોશીઓરે લોલ—૬
કેક પુત્ર પુત્રી કાજ ખતા ખાએછેરે લોલ.
તજી લાજ જોગી રાજ પાસ જાએછેરે લોલ—૭
વશીકરણ તણી વાતથી લુટાએછેરે લોલ.
ભોલી ભાગીનીની જાત તે ઠગાએછેરે લોલ—૮
ખરૂં માનીને ખચીત ચીત ચેતજોરે લોલ
ધરો ગાવા આવાં ગીત હૈએ હેતજોરે લોલ—૯
જશે ભુલીઅ ભરીઆ ભરમ મરમ જાણશોરે લોલ.
પાલવા પવીત્ર ધરમ ઈછા આણશોરે લોલ—૧૦
બક્ષે રાજા ધીરાજ માહારાજનેરે લોલ
થશે કાજ વલી આજ પામો લાજનેરે લોલ—૧૧
તજો તુચ્છ જેવી દેવ અહંમેવતા † રે લોલ
રીઝે દલપતનો દેવ દેવ દેવતા ‡ રે લોલ—૧૨

* વાના અથવા વાણી
† અહંકારપણુ.
‡ જે રૂપના દેવનો પણ દેવતાછે તે

# સ્ત્રીબોધ.

પુસતક ૨ જું. એપરેલ ૧૮૫૮ આંક ૪ થો.

## વખણાએલી ઓરત.

### વરતમબરગની રાણી કાથેરાઈન.

એ રાણી રૂશીઆના શાહનશાહ પાલની દીકરી હતી અને તેનો જનમ ૧૭૮૮ માં થાએઓ હતો. જારે નાહાની છોકરી હતી તારથી એ ઓરતની ખુબી લોકોમા માલુમ પડવા લાગી અને એક વખત વડા નેપોલીઅને પણ ધારીઊં કે હું એની સાથે પરણું.' એ ઓરતના લગન પેહલાં ઓલદનબરગના શાહજાદા સાથે થાએઆં. એ શાહાજાદો પણ ઘણો ધરમાતુ હતો પણ તે ટુક મુદતમાં મરણ પામીઓ રૂશીઆની હીસપીતાલોમાં એ શાહજાદો દરદીઓની ખબર લેતો હતો એવામાં તેને તાપ ચહડી આવી. એ મરણ પછી તરણ વરશે કાથેરાઈન પોતાના માને વતન ગઈ અને તાંહા ફરીથી વરતેમબરગના રાજા સાથે પરણી. જે વરશમાં એ પરણી તે વરશમાં વરતેમબરગના આખા મુલકમાં દુકાલ પડીઓ ઘણાખરા લોકો ખેતીવાડી કરી ગુજરાણ ચલાવતા હતા તેઓનો પાક સંધો બગડી ગીઓ. લોકો ભુખે મરવા લાગા અને દરદ અને માહાતમ જારી થાએઆં. રાણીને એથી ભારે દલગીરી લાગી. તેણે ઠેહાવ કીધો કે મારી રઈએત આવી આફતમાં આવી પડીચ તેનો કાંઈબી ઊપાએ કરૂં. તેને એક દસતાવેજ પોતાને હાતે લખી કાહાડીઓ. તેની અંદર લોકો ઊપર કેટલું દુખ પડીઊંચ તે દએઆ ઊપજે એવી રીતે લખી કાહાડીઊં તથા તે દુખ મટાડવાને કેવા ઊપાએ કરવા જોઈએ તે બતલાવીઆ. એ દસતાવેજ ઘડીઆ બાદ તેને પોતાના મેહેલમાં એક સભા સવલેવાલેનાઓની તારીખ ૨૯ મી ડીજેમબર ૧૮૧૬ ને દીને ભરી. એ સભામાં રાણીએ લખેલું પોતે વાંચી સંભલાવીઊં અને સભા પાસે મદદ અને સલાહ માંગી. રાણીએ ઊપાઓ જણાવીઆ હતા કે સંધા ગામડામાં વઈદો રાખવા, જેવો ગરીબોની દવા. મુફત કરે અને એક ફંડ ઊભું કરે કે જેમાંથી દવા ગરીબોને મુફત મલે, જેઓને ગરજ હોએ તેઓને લુંગડાં આપે અને જાંહાં અનાજની તંગી હોએ તાંહા પુરતો અનાજ પુરો પાડે. રાણીએ જણાવીઊં જે ગરીબ અને લાચારછે તેઓને મદદ કરવી, જે માબાપ વગરના છોકરાં હોએ તેઓના પાલણનો બંદોબસત કરવો, જે ઘરડા હોએ તેઓને સારૂં ધરમશાલા બાંધવી, તથા ખેડુત અને કીસબીઓને કામે લગાડવા.

એ ભલી રાંણીએ જે કોશેશ કીધી તેમાં તે પાર પડી. દુખનો ઘટાડો થાએઓ અને બીજે વરશે જે પાક ઊતરીઓ તેથી પાછી આબાદાની થાઈ. એ રાણીએ ગરીબોને કાંમે લગાડવા કારખાના ઊંઘાડીઆં એટલુંજ નહી પણ ગરીબોને જે મલતું હતું તેમાંથી તેઓને કર કસર કરી થોડું બચાવા શીખવીઆ. તેઓને સારૂં એક "સેવીંગસ બેંક" કાહાડી જાંહાં ગરીબોનુ નાણુ એકઠું થાએ અને તેઓને જારે ચાકરી નહી હોએ ઈઆ આજારી હોએ તારે ગુજરાણ ચલાવાને બની આવે. એક વરશમાં હેંસી હજાર ફરાંક (બતરીસ હજાર રૂપીઆ) ભરાએઆ અને હાલ તે બેંક (પેહડી) માં એક લાખ કુતુંબનુ નાણુ આસરે ચોવીસ લાખ રૂપીઆ જેટલું એકઠું થાએઊંચ.

વરતેમબરગના પાએતખતમાં સરકારી ચાક

રો તથા વેપારી અને બીજા વચલે વાર્ગનાઓની છોકરીઓને લાએકની નીશાલ નહી હતી તેવી નીશાલ એ રાણીએ ઈસથાપી. પાદશાહે એક હવેલી બખશેશ કીધી અને રાણીએ તેમાં જે શામાન જોઈતો હતો તે પુરો પાડીઓ. લાએક સીખવનારીઓ શોધી કાહાડી અને રાણી પોતે નીશાલ તપાસવા જતી હતી. જારે એ રાણીની માં રૂશીઆના શાહાનશાહની ઓરત તેને મલવા આવી તારે સંધા ધરમખાતાં પોતે જે ઈસથાપીઆતાં તાંહાં લેઈ ગઈ. છોકરીઓની નીશાલની અંદર સીવવા તથા ભરવાનું દેખાડતી વખતે રાણીએ જણાવીઊં કે “ અમો આ ગરીબ છોકરીઓને શોભાની ચીજો પછવાડે મેહનત લેવા નથી શીખવતા પણ જે ચીજો કામ લાગે તેની પછવાડે. પોતાની હાલત.પરમાણેનુ કાંમ કરવાથી જે તેઓને ખુશી ઊપજેચ તે ખુશી અમો કાહાડી નથી નાખતા ” આવા રાણીના સખુનો જેઓ મુંબઈમાં સ્રી કેલવણીના સુભ કાંમમાં શુતાએઆચ તેઓને સારી પેઠે ધેઆનમાં લેવાની જરૂરછે. વરતેમબરગના પાએતખતમાં જે કાંઈ ધરમખાતાં હતાં તે સંધાની હાલત એ રાણીથી સુધરી ગઈ.

સાતમી જાનેવારી ૧૮૧૯ માં એ રાણીનુ માંદું દુખીઊં અને જરા તાવ આવી. ડાકતરોએ તથા પાદશાહે તેની જાએ દરકાર રાખી નહી પણ થોડા વારમાં એ તાપ મગજરે ચહડી ગઈ. અને બે દાહાડાની બીમારી ભોગવીને ૯ મી તારીખે એ રાણી મરણ પામી. મરણની વખતે એ રાણીની ઊમર ૩૧ વરશની હતી. એ મોહોતથી પાદશાહનેજ માતર દુખ નથી ઊપજીઊં. તેની આખી પરજા, મોહોટાથી તે નાહાનાવેર ગમગીનીમાં પડીઆં. હુંજારો લોકોએ પોતાની એસ શોકના કપડા પેહરીઆં. જાણે દર એકની મા ઈઆ બેહન મરણ પામી હોએ. તેનુ વસીહતનામું ઊઘાડી વાંચીઊં તેમાં એક કલમ હેવી હતી કે મારા મરણ પછી શેહરને નાકે એક મોટું ઘેર બાંધે, જાંહા દરદીઓની માવજત પાએ અને જાહાં ચાકરો, ભટકતા મજુરો અને ઘરબાર વગરના આસરો પામે. એ ઘરનુ નામ “ કાથેરાઈનની હીસપીતાલ ” કરી આપીઊં. જે જગો ઊપર એ રાણીને દફન કીધી હતી તાંહા પાદશાહે એક નાહાનું દેવલ બાંધીઊં અને તે જગોથી જે કોઈ ગરીબ સોર

ઓ જાએચ તે એ રાણીના રૂહને આશીરવાદ દેઆ વગર જતો નથી. કાથેરાઈન માતરે તરણ વરશ વરતેમબરગની રાણી રહી પણ એ મુદતની અંદર કેટલાં પરોપકારી કામો કીધાં અને એ સંધા કાંમો કાંઈ નામને વાસતે નહી પણ તે એમજ સમજતી હતી કે હું મારી ફરજ બજા લાવુંચ. તે પોતાના સારા કામને સારૂં મગરૂબ નહી હતી. દરૂદ હોજો તેના રૂહ ઊપર.

## સગણ—આરસીના સગણ.

આપણે જાણીએછઈએ કે આપણાં ગામડી લોકોજ વેહમીછે, પણ એવા વેહમી લોકોનો ઈઊરો પખંડ જેવાં સુધરેલાં દેશોમાં કાંઈ તોટો નથી; તોપણ આટલી વાત ખરીછે કે એ ખંડમાં જેમ જેમ સુધારો થતો જાએછે તેમ તેમ અપટ લોકોની પણ અકલ ઊઘડેછે. આપણા લોકોમાં એવો એક ખોટો વેહમ પસરેલોછે કે જો કોઈ બાલક આજારી પડેતો અથવા તેને સસનીનાં જેવું કાંઈ દરદ થાએતો તુરત તેની દવાદારૂ કરવાનું એક કોરે મેલી તેનાં ઘરનાં માણસો એક નવું કાદવનું કોડીઊં મંગાવી તેને તે બચાં ઊપરથી ઓવાલીને ઘણોક વાર સુધી ચુલામાં નાંખી મુકેછે. જારે તે ઘણુજ તપીને ગરમ થાએછે તારે તેને એકદમ બાહાર કાહાડી એક ખુમચામાં થંડાં પાણીમાં તે નાંખેછે. [illegible] એ કોડીઊં ઘણું જ [illegible] મચામાં જરા ઊંડું [illegible] થંડાં પાણીમાં પડેછે તેવું તે [illegible] પડતું જાછલાએઆ કરેછે. અને જેમ જેમ તે [illegible] પડતું જાએછે તેમ તેમ તેનું ઊછલાવાનું જોર નરમ [illegible] એછે. એ ઊપરથી આપણી કેટલીએક ભોલી [illegible] તો તથા બેવકુફ મરદો એવોજ ખેઆલ બાંધેછે [illegible] કોડીઊં ઊછલીઊં માટે એ બીમારને કોઈની ખેત નજર લાગીછે. વલી આ એક સાધારણ બીના આપણાં લોકો કાંઈ અણજાણ્યાં નથી કે એક [illegible] ન વસતુ ઊપર જો થંડું પાણી નાખીઊંતો તે ઊપરથી જંનજનતો અવાજ નીકલેછે. એ [illegible] ણ બનાવ જાણતાં છતાં પણ જારે પેલું તપેલું ઊંડું થંડાં પાણીમાં પડેઆથી જમજમતો અવાજ કરેછે તારે બેવકુફ લોકો એમ સમજેછે કે [illegible]

ઊતરી. વલી આપણાં લોકોમાં ફાલ અથવા સગણ જોવાની એક બીજી રીત ખાંપણીઆંની ઊખડી ઊપરછે. એ ઊખડીને અલંગ છલંગ ઊભી રાખીને તેને કાંઈ સવાલ કરેછે, અને પછી તે સવાલ કરનાર સઘલા જણાં તે ઊખડી સાંમું એક ચીતે ટંકી ટંકીને જોએઆ કરેછે. અગર જો તે અલંગ છલંગ ઊભી રહેલી ઊખડી હીલીતો તેઓ જાણેછેકે જવાબ મલેઓ, અને જો તે જેમનીતેમ થંભ ઊભી રહી તો જાણેછે કે જવાબ નથી મલતો. હવે જુઓ આ કેહવી હશી કાહાડવાજેવી બેવકુફીછે. લાકડાંના એક કકડાને અલંગ છલંગ ગોઠવીને ઊભો રાખવો અને પછી તેની મારફતે ભવીશ જાણવું એ જેવું મુરખાઈ ભરેલું બીજું સું? વલી કેટલાંક લોકોનો વેહેમ સામન ભાગા ઊપરછે. જો એક દારૂની બાટલી અથવા ગલાસ ટમલર કાંઈ ભાગુતો તુરત અવાજ નીકલેછે "ચાલો ફતેછે" ઈઆને એ ચીજો ભાગી તેથી કોઈનો ઘડો ગએઓ; વલી એજ વેહેમ કેટલીએક વેલાએ ઊલટાવીને કેટલાંક લોકો લીએછે. જો કોઈનું સગુ પરગામ ગઈઊં હોએ અથવા તેના ઘરમાં કોઈ આજારી હોએ અને તેવાંમાં એકાદ કાચનું વાસણ ભાગુંતો તે ઘરનાં ભોલાં લોકો નાહક ઘલરાટમાં પડેછે કે એ વાસણ ભાગું તે ખરા અપસગણ થએઆ. એ પરમાણે આપણા લોકોમાં જુદા જુદા વેહેમો પસરેલાછે. પણ તે સઘલા ખોટા અને કાંઈ નહી પણ ખોટાછે. એ બનાવો ઊપર જો આધાર રાખેઓતો, નહી થતી હશે તે ખરાબી થવાની; તથા આવતી કાલે જે દુખ થવાનું હશે તે આજેજ થવાનું, માટે એવા ખોટા વેહેમો રાખવાથી આપણાં લોકોએ હવે દુર રેહેવું જરૂર છે. એમ જો આ દુનીઆમાં બનતા સાધારણ એવા બનાવો ઊપરથી આપણને ભવીશ માલમ પડતું હતેતો પછી જોઈતુંતું શું? અને તે સાથે જે કાંઈ બનવાનું હોએછે તેતો બનેછે, તારે આગલથી ભવીશ જાણીને જુઠી ધાસતી પકડવી એ પણ દુરસત નથી.

આ આપણા વેહેમોને મલતોજ ઈંગરેજ લોકોમાં એક વેહેમ આરસીના નગણનોછે કે કે કે જારે કોઈ આજારી પડેછે તારે એક આરસીને પાણીમાં ડુબારીને તેની નાહેથી તે બીમારની સબી જોતાં હતાં, અગર જો એ નબી નની જણાઈતો તેઓ જાણતાં કે બીમાર હોસીઆર થવાનો, અને જો તે સબી લગાર નાતવાન તથા સુકાઈ ગએલા ચેહેરાની જણાઈતો તેઓ તે બીમારની આશા છોડતાં હતાં કે હવે એ જીવશે નહી. એ પરમાણે આરશી ઊપર વેહેમ રાખવાનું કારણ એમ કેહેછે કે આગલા વખતના જાદુગરો પોતાના સઘલાં જાદુગરીનાં કામો આરસીની મારફતે કરતા હતા, જો કોઈના ઘરમાં એક આરશી ભાગીતો તુરત તેના ઘરમાં દલગીરી અને ઊદાશી ઊતપન થાએછે કે હવે તે આરશીના ધણીનો કોઈ ઘણોજ વાહાલો અને પેઆરો મીતર મરણ પામશે. વલી એક તવારીખ લખનાર એમ કેહેછે કે જેના ઘરમાં એક આરશી ભાગતી તેના ઘરમા મોહોટા અપસગણ થતા કે હવે તેના ઘરનું કોઈ માણસ અને મુખીઆ કરીને ઘરનો વડો મરણ પામશે. બોનાપારટને એ વેહેમ મજબુત લાગેલો હતો, તેનો દાખલો વેહેમી લોકો વારે ઘડીએ આપેઆ કરતાં હતાં. એમ કેહેછે કે એક વાર બોનાપારટને હાતે ઈટલીમાં પોતાની ઓરત જોસીફાઈનની સબી ઊપર એક આરશી અફલાઈને તે ભાગી, તે આરશી ભાગીઆથી બોનાપારટ એટલોતો અધીરો થએઓ કે તેણે તુરત માણસો દોરાવીઆં કે જઈને જોસીફાઈનની ખબર કાહાડે કે તે સલામતછે કે નહી. કારણ બોનાપારટનીતો ગોએઆ ખાતરીજ થઈ હતી કે આરશી ભાગી, માટે જોસીફાઈન પણ મરણ પામી. આ ખબર કાહાડવાને ગએલો કાસદ પાછો ફરી વલેઓ તાંહાંસુધી બોનાપારટ બેચેન રહેઓ હતો.

## ડાકટર લીવીંગસટન.

(ભાગ બીજો.)

સીધી લોક આપણને ઘણા ખુની લાગેછે પણ તેઓમાં ઘણા લોક આપણ જેવા, અને કેટલાએકનો આપણા કરતાં અતીશએ દયાલુછે. લીવીંગસટન કેહેછેકે,

"બાકીઊનસ" નામનો સીધીઓનો રાજા પોતાના બચાં ઊપર પોતાનો જાન કાહાડી નાખે એવો પરીતી કરેછે. જો થોડાકજણ જમવા બેઠેલા હોએ અને તેઓની પાસે એકું બચું ફસડીઆં મારતું, અથવા હલુ હલુ પડતું ખડતું ચાલીને આવીને હોએતો

ને તેઓ એક મોજેજા તરીકે ગણેલો હતો. પણ આ સીધી લોકની ખવાંયેલ માલુંમ પડેઆથી ડાક્ટર લીવીંગસટેને કેહેછેકે, ઊપર લખેલી ખીના એક રીતે માનવા જોગછે કાંએકે એ ડાક્ટર કેહેછે કે મરદ અને ઓરત એ બંનેના થાનની રચનાં તથા બાંધણી એકજ તરેની ઈશ્વરે કરીછે, અને બાપની અથવા માંની દેઆથી તેમાં ફેર ઊતપન થાએ એમાં કંઈ ઘણી નવાઈ જેવું નથી. વખણાએલો બારણ હુંબોલટ પણ એક દાખલો આપેછે જેમાં તે એવું જણાવેછે કે મરદના થાનમાંથી દુધ નીકલતું તેણે જોઈઊં હતું. આ તેવા દાખલા ઊપરથી સાબેત થઈ શકેછે કે "પાકીઊનસ" ની ઓરતોને મોટી વએ પછી પણ દુધ આવી શકેછે.

**સીધી લોકની બાએડીઓ**—આપણા લોકની બાએડીઓની મોઆફક છોકરાં જણવાને ઘણીજ હોંસ ભરેલી રેહેછે; (આપણા લોકની બાએડીઓ કંઈ એ વાતમાં ઓછી નથી.) ડાક્ટર લીવીંગસટન કેહેછે કે "એક બાએડી ૧૦૦ માઈલની મજલ કરતી મારી પાસે આવી. તેના ગામડાંના અને આસપાસના સઘલા ગાંમડી વઈદોનો ઈલાજ તેના દરદ ઊપર કઈજ ચાલેઓ નહી હતો. તે વાંજણી હતી, અને છોકરૂં જણવાની ઘણીજ હોંસ રાખતી હતી. તે મારી પાસે આવી, તેની મેં તપાસ કરી, દવા આપી, અને જે દરદ હતું તે તમામ સાફ થઈઊ. બાર મહીના પછી મેં તેને પોતાને ગામડે જવા કહ્યું, જાંહાં તે ગઈ, અને પોતાના માટી સાથે રેહા પછી તેને છોકરૂં થઈઊ. તેના માટીએ તેને આગલ ઘણા તાણા મારેઆ હતા, તથા વાંજણીછે એ ઊપરથી તેનો ધીકાર કીધો હતો, પણ જારે તેને છોકરૂં થઈઊ, તારે મારે સારૂ એક મોહોટો હદીઓ મોકલાવેઓ, અને આખા દેશના જુદા જુદા ભાગમાં ખબર આપીકે મારી પાશે એવી દવા છે જેથી વાંજણી અસતરીઓને આરામ થઈ છોકરાં જણી શકેછે. બસો માઈલ દુરથી અસતરીઓ મારી પાશે આવા લાગી, અને કાલાવાલા કરી ઓસડ માંગવા લાગી. મેં તેઓને સમજાવીને કહ્યું કે મારી પાશે એવું કોઈબી ઓસડ નહી હતું, પણ કોઈ એક અસતરી અહીઆં આવી હતી તેને કંઈ દરદ થઈઊ હતું તે દરદનો ઊપાએ મેં માતરે કીધો હતો. પણ મારાં કેહેવાં ઊપર તેઓ મુતલક ભરોસો નહી રાખતા હતા. જેટલો હું ના પાડતો હતો તેટલી તેઓની વધારે ખાતરી થતી હતી કે મારી પાશે ખરેખર એવી દવાઈ છેજ ખરી. તેઓ કેહેવા લાગા કે જે પઈસા પડશે તે અમે આપશું માનરે "છોકરૂં જણવાની" જરાપણ દવાઈ તમે આપો. મારી આગલ તેઓ દીલોજાનથી મીનત અને જારી કરતાં હતાં, તે જોઈ મારૂં દીલ ભરાઈ જતું હતું એટલો તેઓનો શોખ છોકરાં જણવા ઊપર હતો. તેઓ એમ બોલતાં હતાં "જુઓ હું બુઢી થવા આવીછું, મારા માથાના બાલ જે આસતે આસતે સફેદ થાએછે, તે તમે જુઓ, અને અરે! હજુર મને એકુ છોકરૂં નથી થઈઊ! બાકીઊનસના મરદો પોતાની ઘરડી બાએડીઓને જારે છોકરાં નથી થતાં તારે છોડી દેછે, હવે હું શું કરૂં ? મારે પેટે એકુ બચું નથી કે જારે હું આજારી પડુ તારે તે મને પાણી લાવી આપે.."

ડાક્ટર લીવીંગસટન આગલ ચાલેઓ હતો તેને સીધીઓનો એકબીજો ટોલો મલેઓ હતો, તે ટોલાનું નામ "મકોલોલો" છે. ઈંગરેજ લોકને જોઈ મોકોલોલો જાતના સીધીઓ એટલાતો તાજુબ થાએછે કે તેઓને "સુફેદ માનવી રાખશસ" કરીને બોલેછે, અને જુવાન સીધીઓ બોલેછે કે એ સુફેદ માણશો એટલાંતો પુરાણા વખતના માણસોછે કે એવોને આ દુનીઆ ઊપર ગુજરેલા સઘલા જમાનાની વાત ખબરછે, અને તેઓના બાપદાદાઓના કરતાં એ સુફેદ માણસોએ વધારે અજાએબ જેવા બનાવો આ દુનીઆમાં બનેલા જોએઆછે. એ જાતના સીધીઓની બાએડીઓ અને નાહાના બચાં એટલાં બધાં અજાએબ નથી થતાં. ડાક્ટર લીવીંગસટન કેહેછે કે જારે કોઈબી સુફેદ માણસને તેઓ જુએછે તારે તેઓની છાતી બીહીકથી ધડકવા માંડેછે, અને ઘણી વખત તેઓની પાસેથી હું મુગો મુગો ચાલી ગીઓ તેથી તેઓ અજાએબ થએઆછે, તેઓના મનમાનો એવું કે હું તેઓની ઊપર કોઈ પણ હુમલો કરેઆ વીના રેહેનારજ નથી. ગામડાના કુતરાં મને જોઈને પુછડી દાબીને નાહાસી જતાં હતાં જાણે તેઓને મંહી પકડવા આવેઓ હોએ. ઓરતો દરવાજાની પછવાડે સંતાઈને અથવા દેવાલમાંનાં નાકાંઓમાંથી ચોરાઈને હમને જોતાં હતાં, અને જારે નાકાની છેક નજીક હમે આવી પોહોંચેઆકે તુરત તેઓ ઘેરમાં ના

હસી જતાં હતા. તેજ પરમાણે નાહાના બચાં જેઓ ને ધાસતી સું ચીજછે એની કંઈ સમજ નથી તેઓ પણ હમને જોઆકે ચીચાડી પાડીને રડી પડતાં હતા. "એકુઅનસ" લોકની બાએડીઓઓતો પોતાના બચાઓને બીહવડાવવા સારૂં એવું બોલવા માડીશે હતું કે "સુપરે નહીતો હવડાં સુફેદ માંણસને તેડું" એ સબદો સાંભલી બચું તુરત બીહીતું હતું. એ બાઓડીઓને લીવીંગસટને ઘણી વખત સીકામણ તરીકે કેહી સંભલાવીશે હતું કે એપરમાણે તેઓએ બચાને બીહવડાવવું નહી ડાકટર કેહેછે કે મેં ઘણી વખત મારા બાલ દેખડાવી સીધીઓને ખુશી કીધાછે, અને તેને હાન લગાડેલા દીધાથી તેઓ વલી ઘણાજ ખુશી થતા હતા તેઓ મારા બાલ જોઈ એમ બોલતા હતા કે "એ સુ બાલકે, છે, છે, એ કઈ બાલ નથી, એ તો સહીની ગરદન ઊપરની ઈઆલછે." કેટલાએક તો એવું માનતા હતા કે સહીની ઈઆલની ટોપી કરીને પેહેરીછે, કેટલાએક લોકનો એવો વીચાર છે કે હું દરીઆમાં રેહેનાર એક જાનવરછું અને દરીઆના પાણીના જોરથી મારા બાલ સીધા અને લાબા થઆ હતા.

**મકોલોલો સીધીઓનો ટોલો**—પોતાના ગાએ ઢોર તથા તેવા બીજા જાનવરના ટોલાં ઊપર અતીશએ પેઆર ગખેછે, અને જેમ પોતાની નજરમાં સુંદર દેખાએ તે પરમાણે ગાએ ઢોરના બદન ઊપર સીનગાર કરેછે કેટલાંએકોનાં બદન ઊપર ગરમ લોહોડાંથી ડાહામે પાડેલા હોએછે, અને તે એવી રીતે કે જેમ રોહેજ જાનવરના બદન ઊપર ઊભા લાંબા પટા હોએછે તે પરમાણે એ ડાહામના લાંબા પટા દેખાએછે કોઈ વલી પોતાના જનાવરોના બદન ઊપરથી બે અથવા તરણ ઈંચ લાંબી ચામડી ખેંચી કાહાડી તેને લટકતી માથાંની આસપાસ રાખી પછી રૂજ આવા દેએછે. એ ચામડીના કટકા ઘણાજ બીહામણી રીતે બદન ઊપર જુલતા રેહેલા દેખાએછે જે દેખાવ એ લોકની નજરમાં ઘણીજ ખુબસુરતી, અથવા જેવો સીનગાર ગણેછે. કોણ જાણે એ લોક ખુબસુરતી કોને કેહેછે, એ તેઓના વીચાર પરમાણે આપણથી [illegible]વાઈ નથી શકાતું. તેઓની બાએડીઓ જેમ આપણા લોકની બાએડીઓ પોતાના ચેહેરાને [illegible]સુરવા સોખ ભરેલી હોએછે તેમ તેઓ પણ હોએછે. તેઓ દરેક વખત મારી પાસે આવતી હતી અને વારે ઘડીએ મારી પાસે આરસી હતી તે જોવા માંગતી હતી, એક વખતે મેં આરસી આપી અને જાણેખું કર્ક જાણતો નહી હોશે તેમ મારે કાંમે લાગી ગીઓ, અને તેઓ જે કઈ બોલતી હતી તે જાણે હું સાંભલતો નહી હોશે એવી રીતે મેં મારૂં મન મારા કામનાં અમલથું દેખડાવાને લગાડીશે. તેઓએ આરસી હાતમાં લીધી, અને જે કઈ વીચાર એક બીજાને જણાવા લાગી તે ઘણાજ હસવા જોગ હતા. તેમાંથી એક બોલી "અરે આએ હું કે ! ઓ ! મારૂં મોહોડું કેવડું મોહોટું ? મારા કાનતો કોહોરાંના પાતરાં જેટલા મોહોટાછે ! અરે મહને દાહાડી નહી મલે, નહીતો હું કેવી ખુબસુરત દેખાતે, પણ આએ ગાલના બે હાડકાં જે આગલ નીકલી આવેઆંછે તે ઘણાજ બેડોલ દેખાએછે, એથી હુ ઘણીજ બદ સુરત દેખાઊછુ. જો, મારૂં માથું વચમાથી કેવું ઊચુ થઈ ગીઊછે". એવી મશકેરી એક બીજાની કરતાં તેઓ એક બીજામાં પેટ પકડી પકડીને મોહોટેથી હસતા હતાં. તેઓ એક બીજાની ખોડ ખાપણ ઘણીજ જલદીથી સોધી કાહાડતીઓ હતીઓ, અને તે પરમાણે એક બીજાને તરેવાર નામથી હાક મારતાં હતાં. એક વખતે એક મરદ હશુથી આવેઓ તેની મરજી એવી હતી કે તે પોતાનો ચેહેરો આસતે રહી અને તપાસીને બરાબર જુએ. હાતમાં આરસી લીધી અને તે એમ સમજેઓ કે હું કગાઈ ગએલોછુ. પોતાનું મોહાડું આરસીમાં જોઈશે અને નાણીમેદી દેખાવથી સઘલી ગમ વાકું ટીકું કરી અને જેમ મરડાએ તેમ મરડીને આખેરે બોલેઓ કે "અફસોસ લોક કેહેછે કે હુ બદ સુરત છઊં, ખરેખર કેવો ખરોજ બેડોલ હું છું તે મેં આજે અને હવે જાણીશે."

એ લોકમાં વલી એક બીજી અજાએબ જેવી ચાલ ખાવા પીવાનીછે કે તેવી બીજી કોઈ ઠેકાણે જોઆમાં નથી આવી. લીવીંગસટન કેહેછે કે એ લોકે અમને ખોરાક ખાવાનો આપેઓ, પણ અમારે હાથનો પકાવેલો ખોરાક લેવાને તેઓએ ના પાડી એટલુંજ નહી પણ તેઓ પોતાને હાથના પકાવેલો ખોરાક અમારી નજર આગલ ખાતા પણ નહી હતા તેઓ પોતાનો ખોરાક પકાવેઆ બાદ તે અનાનસ લઈને

જાડીઓમાં જઈ તાંહાં સંતાઈને ખાએછે, અને ખાઈ રહ્યા પછી ઊઠી સઘલા જણ એકઠા મલી પોતાના હાનથી તાલી પાડેછે, એ તાલી પાડવાની મતલબ શુકરાના કરવાનીછે. મકોલોલો જેવા ખોલા દીલવાલો ટોળો સીધીઓનો બીજો કોઈ નથી તોએપણ તેઓ પોતે પકાવેલો ખોરાક જુદો લઈને પોતાની આગલ કોઈ "બાકુનડ" જાતના સીધી હોએ તેને આપેછે પણ તેઓને હાનથી પકાવેલો એક ચમટી દાણો તેઓ કબુલ નથી રાખતા દરએક રેહેવાસીના ઘરમાં પોત પોતાનો જુદો આતસ હોએછે. અગર એ આતસ બુજાઈ ગઓતો તેઓ પડોસીનો અથવા બીજે કોઈ બીજે ઠેકાણેનો આતસ લાવતા નથી પણ ચકમક અથવા એવી બીજી રીતથી નવો પોતાને હાતે આતસ પાડી કામ ચલાવેછે.

"મકોલોલો" ને છોડી લીવીંગસટન જારે "બાલુનડા" ટોળાના સીધીઓમાં આવી વસેઓ, તે વખતે તેઓના સરદારની ભેટ થઈ. એ સરદારે લીવીંગસટનની સાથે ઘણી મોહોબત રાખી હતી. તેનું નામ "શીનટી" હતું. શીનટીની ખુશી લીવીંગસટનના કેહ ઊપરથી "મેજીક લાનટર" જોવાની ઘણી થઈ હતી. "મેજીક લાનટરન" એક જાતનું ફાનસછે જેમા દીવો મુકીને ઓરડામાં અંધારૂં કરી, તરેવાર દેશોની, માણસોની, જાનવરોની, અને જાહાડ પાનની સબીઓ સોભઈતા અને રંગીન દેખાવમાં ફાનુસની સામે ચાદર ઊપર પડેલી દેખડાવેઆમાં આવેછે. જારે એ તમાસો દેખડાવાને ડાક્ટરે એક રાતના "શીનટી" ના ઘેરમા સઘલી ગોઠવણ કીધી હતી તે વેળા "શીનટી" અને તેની ઓલખાણવાલી અસતરીઓ અને ઘેરના બીજાં માંણસો હાજર થઆ હતા. અંધારૂં કરેઆ પછી પેહેલો ચીતાર ઈહુદી લોકના બુજરગ મરદ ઈબગાહીમનો દેખડાવેઓ. બુજરગ ઈબરાહીમ બુઢો પએલો, અને સફેદ દાહાડી તથા બાલથી તેનો દેખાવ ઘણોજ ગભીર દેખાતો હતો. તેણે પોતાના નાહાના છોકરાને જમીન ઊપર સુવાડી એક હાત તેની ગરદન ઊપર મુકેલો અને બીજા હાતમાં છરી પકડીને તે હાત ઊંચે કીધેલો એવી મતલબથી કે આએ તે છરીથી તેને જબે કરે જારે ઈબગાહીમની અને તેના છોકરાની વાત કહીકે સુ કારણસર તેનો બાપ તેને જબે કરનો હતો તે વખતે સઘલી અસતરીઓ ચુપ થઈ મુગે મોહોડે ધેઆન રાખીને સાભલેઆ કરતી હતી. જારે મેં તે ચીતારની અંદરની છરીને જરા ખીસાડી તેટલામાં બધી અસતરીઓ બીહીને એક ચીચાડી મુકી અને "ઓ માએ—ઓ માએ" કરતા કરતાં ઓરડાની અંદરથી એકની ઊપર એક પડતા અફડતા બાહેર નીકલી પડેઆ. તેઓના મનમા એવો વીચાર આવેઓકે તે છરી હીલી તે રખેને તેઓના પોતાના દીલમાં ભોકાઈ જાએ. કાંએકે છરીનું હીલવું તેઓ બેઠેલા હતાં તે તરફ થઊં હતું. તેઓ એટલાતો બીધા હતા કે ફકત બાહેર નીકલીનેજ નરમ નહી પડેઆં હતાં, પણ દોડતા જાહાડીઓ ઊપરથી અને તમાખુના ખેતરોમાંથી, તથા વાડો કુદીને અફડાતાં જીખાતા જીવ લઈ નાહાગં હતાં. "શીનટી" પોતે હીમત કરીને બેસી રેહો હતો, અને ધીરજથી તપાસીને તે ફાનુસ જોઊં હતું, અને પેલી છરી કેમ હીલી હતી તેની ખરોબર તપાસ કરીને પોતે ઘણોજ ખુશી થઓ હતો. દરએક ચીતાર દેખડાવેઆ પછી તેની સમજ તથા સાંચાનો ખોલાસો કરેઓ હતો જેથી તેઓના મનમાં એવો નહી વીચાર આવે કે એ સઘલો તમાસો અથવા ખેલ કોઈ જાદુ અથવા મંતરથી થઓ હોએ. એ ખબર જારે બાહેર ફેલાઈ તારે સીધી લોકના ટોળાને ટોળાં એ ફાનુસ જોવાને આવવા લાગાં, અને ચીનારોને વીશે વાત સાંભલવાને તેઓ ઘણી ઈનતેજારી દેખડાવતાં હતા

---

## જલવાસી માણસો.

આપણે સઘલાં સારી પઠે જાણીએ છઈએકે કેટલાંક જનાવરો જેવાકે માછલા હમેશાં પાણીમાજ વસેછે. એ જનાવરો જમીન ઊપર જીવી શકતા નથી. વલી બતકો પણ પાંણીમાં વસનાર જણાવરો ગણાએ છે, જોપણ એ જણાવરોનું રેહેઠાણ માછલાની પેઠે સદા પાણીમા નથી તોપણ એ જનાવરો પોતાનો ઘણો ખરો વખત પાણીમાં ગુજારેછે, અને વરસાદના દાહાડા ઊપરતો એ બતકોને મહજાજ પડેછે વલી જમીન ઊપર વસનાર કેટલાક માણસો પણ પાણીમાજ પોતાનો વખત કાહાડવા માગેછે શીઆમના રેહેવાશીઓને વીશે એવુ સાંભલવામાં આવીઊં છે કે તેઓ પોતાના જન

મારાનો તરીકે ભાગ પાણીમાં વસીને કાહાડેછે. તેઓ આખા દાહાડામાં તરણવારસો સારી પેઠે નાહેછે. એ દેશ માહેલી નાહાણીઓ હંમેશાં નાહાવા આવેલાં માણસોથી રોકાએલી રેહેછે, અને જેમ ટીપણીના દાહાડાઓ ઊપર દરએક કુવે પાણી ભરનારાંઓની ભીડ થાએછે તેમ તાંહાંની દરએક નાહાની ઊપર આખો દાહાડો ભીડ હોએછે. જેમ આપણા છોકરાઓ ઓટલા ઊપર અને રસતા ઊપર રમવાને નીકલેછે તેમ શીઆમ દેશના નાહાના છોકરાઓ નદીમાં રમવાને જાએછે. એકજણ પોતાના ગરંથમાં જણાવેછે કે "જારે એક દાહાડે હું એ દેશમાં ગએઓ હતો, તારે એક શીઆમની ઓરતને પોતાના એક નાહાના કુમલી વએનાં બાલકને કંમરમાંથી પરો બાંધીને નદીમાં હીંચકા ખવરાવતાં મેં મારી નજરે જોઈછે. એ બાલક કાંઈ સેહેજ થોડાક માસનું હતું, પણ તેને પાંણીમાં પડવાથી એટલીતો ખુશી લાગેલી જણાતી હતી કે તે પાંણીમાં પડેલું ખાશી રીતે આણીગમથી તેણીગમ મજાહ મારતું હતું." કેહેછેકે એ દેશનો સમુદર ઘણો તોફાનીછે, અને તે દરીઆના મોજા એવા જોરભર આવેછેકે જેના જોરથી વખતપર કેટલાક મછવા ઊંધા વલી જાએછે. એ ઊપરથી એવું પણ જણાવેઆમાં આવીઊંછેકે એ દેશના લોકો મરદ અને ઓરત એ સઘલા તરવાના હુનરમાં ઘણા કુશલછે, જો એઓને એ હુનરની બરાબર માહીતગારી ન હોતતો કોણ જાણે કેટલાં પરાંણીઓના જીવની દરરોજ ખરાબી થાત. એક અજાએબ બનાવ બનવાની વાત એક જણ લખેછે તેમાં જણાવેછે કે "એક વખતે એવું બનીઊં કે એક ઈંગરેજી મછવો જઈને તે શીઆમના એક હોડકાં સાથે અઠડીઓ અને તેથી હોડકું દુબી ગઈઊં. એ હોડકાંમાં એક ઓરત તથા બે બાલકો બેઠેલાં હતાં. એ બનાવ જોઈને તે મછવામાનાં માણસો ઘાભરાં પડેઆં, અને તેઓમાંથી એક જણે તુરત દરીઆમાં ભુસકો મારી તે દુબેલાંઓને બાહાર કાહાડવાનો વીચાર કીધો, પણ એટલાવારમાં, એ બાએડી તથા બાલકો ઊપર તરી આવેઆં અને હસન લીધો, અને એકદમ પેલા મછવામાનાં માણસોને બોલો દેવા માંડી. જરાવાર પાણીમાં ઊપરની ઊપર તરીને પછી તે ઓરતે ધીમે રહીને પોતાનું હોડકું જે પાણીમાં ઊંધુ તરીઆ કરતું હતું, તે, શીધું કીધું. અને પછી તેમાં તે પાછી બેઠી અને પોતાનાં બે બાલકો, જેઓ પણ અતીઆર સુધી તરીઆ કરતાં હતાં તેઓને પણ માહે લીધાં અને જે પાણી પાછું તે હોડકાંમાં એકઠું થઈઊં હતું તે કાહાડી નાખીઊં." આ વાત ઘણીજ અચરતી ભરેલીછે, પણ કેટલીક વેલાએ એવું બનેલુંછે કે ખરી વાતો એટલીતો અચરતી ઘરાવનાર હોએછે કે તે ઉપરથી કોઈ માને નહી, અને તે વાતને ખોટી જાણીને પડતી મુકે, પણ પાછલથી તેજ વાતો ખરીછે એવું સાબેત થઈઊંછે.

---

## તાજુબી ઉપજાવનાર જાહાડ.

કાલી ફોરનીઆમાં ફરી આવેલા એક શખસે પોતાના એક દોશત આગલ એક વાત કહીછે, અને તે વાત માનવા જોગછે. તે મુશાફર બોલેછેકે "તમો સઘલા સારી પેઠે જાણોછો કે કાલીફોરનીઆમાં જાહાડો ઘણાં લાંબાં વધેછે, એટલાં તો લાંબાં એ જાહાડો વધેછે કે તેઓની લંબાઈ વીશે કોઈ આગલ બોલીએ તો તે કાંઈ માને નહી. એવું બનીઊં કે કાલીફોરનીઆની પડોશમાની એક જગા ઊપર લાકડાંની ખુટ પડી, તે ઊપરથી શતર માણશોની એક તુકડીને મોકલેઆમાં આવી કે તેઓએ જઈને પડોશમાંથી એકાદ ઝાડની ખોલ કરીને તે કાપી લાવવું. એ શતર આદમી જેઓ તપાશ કરવાને ગએઆં હતાં તેઓ બોલવા લાગાં કે એ જાહાડો એટલાંતો ઊંચા હતાં કે તેઓ ઊપર બેઠેલાં પખશીઓ ખુલી આંખેનો દેખાઈ શકાતાંતો જ નહી, પણ કોઈ તેવાં સારાં દુરબીનની મારફતે જ દેખી શકાતાં હતાં, તથા તે પખશીઓ ઊપર બેશીને જે મધુર ગાએન કરતાં હતા તેનો શબદ સંભલાતું પણ હતું નહી. એક જાહાડ તેઓએ કાપવા માંડીઊં, તે કામ સારૂ તરણ દાહાડે પુરૂં થઈઊં, ઈઆને તે જાહાડ એવુંતો હતું કે તે કાપીને જમીન ઊપર પાડતાં સાત તરણ દાહાડા લાગા હતા. એ જાહાડ જેવું જમીન ઊપર પડીઊં કે આસપાસનાં ગામડાંઓમાં ઘરથી કંપના જેવો અવાજ થએઓ. અને તે વીશે નોંધ પણ થઈ કે ફલાણી વેલાએ ધરથીકંપ થએઓ હતો. એ જાહાડ કાપી જમીનપરતો નાખીઊં પણ હવે તેની ડાલીઓ કાપતાં બીજું એક અચરતીઊં શું



શીખલોકોનો સરદાર

જરી ગઈછે. ડાલીઓ કાપી કાહાડેઆ બાદ જે શહેરમાં લાકડાંની ભુક પડી હતી તે શેહેરમાં ખબર આપી કે જેઓને જોઈએ તેઓએ આવીને લાકડાં લઈ જવાં. એ ખબર સાંભલતાંજ તાહાંના રેહેવાશીઓ પોતાની સાથે એક એક બબે તથા તરણ તરણ બલદો લઈને લાકડાં લેવાને ઊતરી પડીઆ. એ સઘલા રેહેવાસીઓ જે બલદ લાવેઆ હતા તે માહેથી ૧૦૫ બલદો તે લાકડાંનાં મોહોટા કકડાને વેહેરવાની જગા ઊપર લઈ આવવાને માટે કામે લાગા હતા. એ બલદો તે લાકડાંને થોડેક સુધીતો સારી પેઠે ઘશડી લાવી શકેઆ પણ એક ગલી આગલ આવી પુગા, એટલે તેઓને અતીશએ પીડા ભોગવવી પડી, કારણકે કાલીફોરનીઆ જેવી કઢંગી જગાછે તેવી કોઈ બીજા દેશોમા નથી. એ જગા ઊપર ચઢતાં અને ઊતરતાં તથા આણીગમથી પેલી ગમ અફલાતાં બલદીઆ છેકજ થાકી ગએઆ. છેવે તે લાકડાંનો કકડો ગલીની અધ વચે જઈને આડો પડેઓ. એ લાકડાંના એક છેડા એકે ૧૦૫ બલદો માહેથી ૭૦ કરતાં વધારે બલદો દબાઈ મએઆ. ઘણી મેહેનતથી એ જનાવરોને છુટાં પાડવામાં આવેઆં હતા."

## સીખ લોકોનો અકાલી.

પંજાબની અંનદર સીખ લોકોની વસતીછે. તેઓ ઘણા બાહાદુર અને લડાએકછે. સીખોનુ રાજ રણજીતસીંગના વખતમાં ઘણુ જોરાવર અને આબાદ હતું. રંણજીતસીગે પોતાના લશકરને કેલવણી આપવા સારૂ ઈઊરપથી કેટલાએક ફરેંચ સરદારો બોલાવીઆ હતા અને તે સરદારોના હાત તલે લડાઈના હુનરો શીખેઆ હતા તેથી જારે ઈંગરેજ સાથે લડાઈ ચાલી તારે બારે બલતવાણીથી લડીઆ હતા. રંણજીતસીંગ કાંઈ બીજા આમકી રાજાઓની માફક કમઅકલ નહી હતો. તેને ઈંગરેજોને બરોબર પીછાનીઆ હતા અને તેઓ સાથે મીતરાચારી રાખવાને ખુશી હતો. એક વખત હીંદુસથાનનો નકશો એ રાજાને દેખાડવામાં આવીઓ. એ નકશા ઊપર કેટલોએક ભાગ લાલ રંગેલો હતો. રાજાએ પુછીઊં કે આ લાલ ભાગ શું બતલાવેચ. તેને જવાબ મલીઓ કે લાલ ભાગછે તે ઈંગરેજની જગો હીંદુસથાનમાછે. એ ઊપરથી રાજાએ કહીઊં કે "સબ લાલ હોજાએગા." આ અગમચેતી ખરી પડી. રાજાના મરણ પછી થોડા વરશની અંદર ઈંગરેજી હદ કાબુલના પાહાડો આગલ ચાલી ગઈ. સીખો જેવા ઈંગરેજની સામણે બાહાદુરીથી લડેઆ તેવાજ હાલ બલવાના વખતમાં ઈંગરેજની તરફથી લડેચ. પંજાબનુ રાજ ઈંગરેજોએ કેમ ચલાવીઊં તે તેઓ હાલ ખુશીથી જુએચ. સીખ લોકોનો ધરમ હીંદુનોછે તોબી તેઓ પારસીની માફક બકરાં, મેંઢાં ખાએચ. ગાએ ખાતા નથી. સીખના ધરમનો પાએઓ નાખનાર ગુરૂ નાનક હતો જે આસરે સવાસો વરશ ઊપર થાઈ ગીઓ. બાજુએ જે ચીતાર આપીઓછે તે સીખના સરદારનો છે. એ સરદારને તેઓ આકાલી કેહેચ. સીખ લોકો કેવા કદાવર તથા જોરેમંદછે તે ચીતાર ઊપરથી માલુમ પડશે. જેમ હીંદુઓની કાશીછે તેમ સીખોની પવીતર જગો અમરીતશેહેર છે.

## અલેકજાનડરીઆનું બજાર.

ખાટકી બજારમાંથી નીકલીને તરકારી બજારમાં ચાલેઆ, તો તાંહાં ભોંએ ઊપર એણીગમ પેલીગમ વીખરાઈ બેઠેલા પટેટા વેચનારા, કાંદવાલા, આદુ વેચનારા, અને તરેહવાર તરકારી વેચનારાઓ મોહોટી મોહોટી ટોપલીઓમાં સામાન ભરીને તે ટોપલીઓ પોતાના પગ વચે મુકી હાનમા તરાજું જોખ લઈ બેઠેલા નજરે પડેછે. • લીબુ—આરેંજ જેટલાં જોઈએ એટલાં મલેછે, જેનો સવાદ ઘણોજ લેહજતદાર, જે ખાએ તેજ જાણે, અને તેનાજ મોહોડામાં સવાદ રહી જાએછે. કાંદા—કોબી—કાકડી—શીંગ—ગુવાર—ગાજર જેવો જોઈએ એવો માલ, અને તેના ઢગને ઢગ પડેલા; અંજીરની તાજેફ પુરની નથી થઈ શકતી, ઘણાજ મીઠાં અને તે સાથે દલ અને માવાદાર, એક આખું મોહોડાંમાં માઈ નહી શકે. આરબનો છોકરો જેના માથા ઊપર ટોપલીમાં-તરકારી ખરીદ કીધેલી એકઠી થાએછે, તે જાંહાં સુધી પોતાની પાઠી ભરાએછે તાંહાં સુધી બીચારો કંઈજ બોલતો નથી પણ ભાર જારે ઘણોજ થઈ પડેછે તારે તેના પગ એ

ણીઅમ પેલીગમ લથડતા આપણી નજરે પડેછે, તેઆરે આપણને તેને જોઈ દઆ આવેઆ વગર નથી રેહેતી. પાંઊ અથવા રોટલી પદરોની દુકાને દુકાન મલી શકેછે, પણ તે પાંઊની તારીફમાં આટલુંજ બોલવું બસછે કે તે ખાટાં બટછે, આરબોને ખમીર ચહડાવતાં આવડતું નથી. એકજ દુકાંન આખાં સેહર વચેછે જાંહાં પાંઊ બનાવનાર એક પદર બરોબર પાંઊ બનાવી જાણેછે, અને જેને હાતના પાંઊ ઘણા ખાટા નથી લાગતાં. બજારમાં ભીડ એટલીતો હોએછે કે ડગે ડગ માંણસો અને તે તરેહવાર જાતના, અને તરેવાર ધંધા વાલા. તેની સાથે ભીખારીઓની ટોલીઓ એટલી કે જેમ મીઠાઈ વાલાની દુકાન ઊપર માંખ બસેછે તેમ દુકાન દુકાને અને ઠેકાણે ઠેકાણે એ ભીખારીઓ ભમતા ફરેછે. એવી ભીડમાંથી આપણને સેહેલાઈથી રસતો મલવો મુશકેલછે, માટે પાંચ પાંચ અને સાત સાત ડગલે ભીડમા ટોપરીઊ મારી આપણે રસતો કાહાડવો પડેછે. બજારમા ખરીદ કરનારા જેટવા આવેછે તેમજ ફકત તમાસગીરો જોનારા પણ આવેછે. તેમાં ફરેંચ લોકનીતો આએક રેવજછે કે બજારમા આવવું તો એક છેડેથી તે બીજા છેડા તલક પેહેલાં અમસથું ફરી જવું, અને દુકાન દુકાંને ડોકીઆં કરી નજર કરવી કે તે ઠેકાણે સું સું માલ વેચવા મુકેલોછે. જારે આખું બજાર ફરી વલેઆ પછી જે જે તરકારી અને ચીજો ખાવાની લેહજત સોહાડાંમાં હોએ અથવા બજારમાં આવેઆ પછી ઊતપન થઈ હોએ તે ચીજો ખરીદ કરવાને ફરીને પાછા બાજારમાં ફરવાનું સુર કરવું. કોઈબી ફરેંચ ઘેરમાંથી વીચાર કરીને નહી નીકલતો હશે કે આજે કોબી ખાઊં. બજારમાં ગીઆ પછી ચીજો જોઈ જે સોખ ઊતપન થઓ તે પુરો પાડવો. તેમજ ફરેચની અસતરીઓ પણ ઊંચો પોશાક પેહેરી હાતમા છત્રી લઈ તરકારીના ઢગલાઓ ઊપરથી નીચે ઊપર અને વચમા ચાલતી નંજરે પડેછે. જરમન લોક—ઈંગરેજ લોક—ઈટલીઅન—અને ઈઊરપખંડની ઘણીખરી જાતના લોક તે બજારમા ફરતા દેખાએછે, અને તેથી એક જોવા લાએક રચના થઈ પડેછે.

તરકારી બજારમાંથી આગલ ચાલેઆતો મરઘાં, બતકાં અને માછલી બજારમા આવી પોહોચીએછઈએ હઈઆં વલી એક દેખાવ અને ઘોઘાટ કઈ અજાએબ તરેહનોછે. બતકોનો બટબટ થતો અવાજ, મરઘી—મરઘા—પીલાં—અને તેવાં જાનવરોનો પચરસો ઘોઘાટ, અને તેમાં, બાએડીઓ અને નાહાના છોકરા જેઓ એ માલ લેઈ વેચવા બેઠેલાં તેઓની કટકટ બકબકના શોહોરથી કાન બેહેરા થઈ જાએછે. જેવા બજારમાં આપણને તેઓએ જોઆ કે બઈરાં અને છોકરાં બુમ પાડતાં આવીને આપણને અટકાવેછે, અને નમનતાઈથી અરજ કરેછે કે સાહેબ "મારી પાસે મરઘીઓ ઘણીજ સારીછે તે તમે લેઓ." પીલાં તથા મરઘીને બાંબુના કંડીઆમાં ભરેલા અને તે એટલા તો ખીચો ખીચ દાબેલાં કે તેમાંથી એકને કાહાડતાં આખા કરંડીઆની મરગી અથવા પીલાં બુમે બુમ પાડેછે. તેમાં સઊથી મોહોટો ઘોઘાટ મરઘો કરેછે, અને આખા કરંડીઆમાની ગરીબરી મરઘીઓને ચાંચ મારીને કંટાલો આપેછે. એ જાનવરોને કરંડીઆમાથી બાહેર નીકલી ખોલી હવામા આવાને ઘણુંજ ગમેછે, પણ જેની વારી કરડીઆમાંથી બાહેર છુટાપણુ ભોગવવા અને હવા ખાવાની આવી તેની કમબખતી જાન જાવાની આવી, કાંઅકે કરંડીઆમાથી નીકલીને હવે તેનો વખત આતશ ઊપર ભુંજાવાનો આવેઓ. ખબુતરો ઘણાજ ખુબ સુરત અને દલદાર કરંડીઆમાં ભરીને વેચવા મુકેલાં હોએછે, અને તેની આસપાસ ઘણું કરીને ઈંગરેજ લોકના જુવાન છોકરા, તથા માલટાના જુવાન સુલબુલીઆ એખટા થઈ ઊભા રેહી ફકત આંખથી સવાદ લેછે, કાંએકે તેઓના ગજવામા એટલી રકતી નથી કે એકુ ખબુતર વેચાતુ લઈ શકે. થોડુએક આગલ ચાલેઆતો પીજરાંમા ગનસા તમામ નાહાની મોહોટી ઊમરના વેચવા મુકેલા, અને એ જાનવરનુ માસ ખાનાર શાખીઓ મોટી કીમત આપી તેઓની ખરીદી કરેછે. વલી આગલ ચાલેઆતો તાંહાં આપણે સારૂ તઈઆર ટુપેલી અને સાફ કીવેલી મરઘીઓ, બતકો, ખબુતરો તઈઆર ટાગી રાખેલાં, ટપાવાની, અને ટુપાવાની મેહનત તમારી એટલી ઓછી કીધેલી તેમ તેની કીમત જરા વધારે કોવેથી તેને જોઈને કોઈનોબી શોખ થઆ વગર રેહે નહી. લટકતી મરઘીનો જાન લેવાને કદાચ કોઈને કનટાલો ઊપજે તેથી તે ખરીદ નહી કરેતો આએ જગા ઊપર તે દ

આનો વીચાર તેના મનમાં કધી ઊતપન નથી થવાનો. તરે એમજ સમજોકે એ એવીજ ખાવાની ચીજછે, અને જીવ તેમાં હતોજ નહી.

આલીકજાનડરીઆની ઈંગરેજી પોસટ આફીસ આગલ જતાં, રસતામાં મેવો વેચનારા, માલીઓ તાજો મેવો વધેડાં ઊપર ભરીને સહવારના પોહોરમાં બજારમાં વેચવા જલદી દોડતા જતા મલેછે, તેઓને જો આપણે પટાવીએતો આપણને આપણા મન ગમનો માલ અંદરથી તાડીને ઊચકી લેવા દેછે. એકુબે પીઆસટર બજારભાવ કરતાં વધારે આપવા પડેછે, પણ માલ નકઈ આપણા હાતમાં આવેછે, અને જોકે તેઓ મનને માગીતિ મુલ મલેછે તોએપણ નાસબર અને અધીરો આરબ માલી પઈસા લઈ બરબડતો અને કલકલતો આગલ ચાલવા માંડેછે, અને એમ બોલેછે કે " મહને અમસયો ખોટી કીધો, અને મારો ઊંચામા ઊંચો મેવો કાહાડી લીધો " પોસટ આફીસની પાસે એક જાહેર પુસતકખાતુંછે, જાંહા સહવારના પોહોરમાં પુછવા જઈએતો આપણને ખબર મલેછે કે પરોઢીઆ પડતાંમાં કહાં કહાં વાહાણો દુરથી આવતાં નજરે પડેઆંછે, અને કહાં કહાં બારામાં આવી પોહોચેઆછે.

સુરજ જરા ઊંચે ચહડેઓ કે ગરમી મજબુત પડવા માંડેછે, અને બજારમાંથી લીધેલો શામાન લઈ આપણે ઘેર જઈએ તેની આગમચ આપણા ઘરની ચાકરડી આપણે સારૂં ટેબલ ઊપર ચાહ, કાફી તઈઆર કરી રાખેચ. માખણ ઘણુજ તાજો મલેછે, અને સહવારના આઠ વાગાના નાસતા ઊપર પાંઊ—માખણ અને થંડા તાજો પેટ ભરીને ખાતા વચે એટયો મેવો આપણને મલી શકેછે, એટલા પુશકલ મેવા સાથનો નાસતો ઈંગલંડમાં ૫) રૂપીએ પણ નહી મલી સકે, અને મુંબઈમા કોહેવાં કેલાં, અને સડેલી દરાખ સાથે સરખાવી જોતાં એલીકજાનડરીઆ સેહરનો સહવારનો નાસતો ઊપર લખેલા અહેવાલ પરમાણે મુંબઈ કરતાં ઘણોજ પસંદ અને મન ગમનો થાએછે એમા શક નથી.

---

## દુખીઓને આસરો આપવાનો એક ઘોડો. *

નગદેહ નામના બદુ આરબના તાએફામાં એક જણ નામે નાબર પાસે એક ઘોડો હતો તેની તારીફ સંધા આરબોમાં ફેલાઈ હતી. એ ઘોડો લેવાને દાહેર નામના આરબને ભારે શોક થાએઓ, તેને ઘોડાના ધણીને પોતાના સઘલા ઊંટો તથા જે પોતાની દોલત હતી તે આપવા માંગી કે એને બદલે મને તારો ઘોડો આપ પણ તેને ઘોડો મલીઓ નહી. છેલે શરવાલે તેને ઘોડો લેવાને એક હીકમત કીધી: તેને પોતાના ચેહરા ઊપર એક જાતનો જાહાડનો રસ લગાડીઓ કે તેથી દાઘ પડે અને પોતે ઓલખાએ નહી, ચીંડાં પેહરીઆં, પોતાના પગ અને ગરદન ઊપર પાટા બાંધીઆ અને જાણે લંગડો ભીખારી હોએ તેમ રસતા ઊપર બેઠો. તે રસતો નાબરનો આવ જાવ કરવાનો હતો. જેહવો નાબરને પોતાના ખુબ સુરત ઘોડા ઊપર આવતાં દાહેરે દીઠો કે તે નબલો આવાજ કાહાડી બોલીઓ. "હું ગરીબ અણજાણેછેઊ, તરણ દહાડા થાએઆ મારાથી આ જગો ઊપરથી ખીસાતું નથી કે ખોરાક મેલવું, હું ભુખે મરૂંચ, મને મદદ કર, ખોદાએ તુને બદલો આપશે." નાબર બોલીઓ, "ચાલ ઊઠ, મારી પછવાડે મારા ઘોડા ઊપર બેશ અને હું તને મારે ઘર લેઈ જાઊ." પેલો લુચો બોલીઓ "મારાથી ઊઠાતું નથી. ઊઠવાની શકતી જરા રહી નથી" નાબરને ભારે દએઆ આવી, તે ઘોડા ઊપરથી ઊતરીઓ, નજદીક આવીઓ અને ઘણી મુશકેલે લંગડા ભીખારીને ઘોડા ઊપર બેસાડીઓ. જેવો દાહેર ઘોડા ઊપર બેઠો, તેથી તેને એડ મારી અને ઘોડો દોડાવી આગલ ચાલીઓ અને બોલતો ગીઓ કે "હું દાહેર પોતેછું. મને ઘોડો મલીઓ અને હું ચાલીઓ" નાબર તેની પછવાડે દોડીઓ અને તેને કેહવા લાગો કે ઊભો રેહ, મારૂ શાંભલતો ખરો. દાહેરે જોએઊં કે એ કાંઈ મારી પુંઠે દોડી શકશે નહી, તેથી થોડે છેટે ઊભો, કારણકે નાબરના હાથમા ભાલો હતો. નાબર બોલીઓ, "તેં મારો ઘોડો લીધો, અને જારે ખોદાએની એવી મરજીજ થાઈ તારે તુને એ ઘોડો મુબારક હોજો. પણ હું તું

---

* ઉપર જણાવેલી વાત લામારટીન નામનો ફ્રેંચ વીદવાને પોતાની મુસાફરીના હેવાલમાં જણાવીછે.

ને સોગંદ આપુંચ કે તુંને ઘોડો કેમ મલીઓ તે કો ઈને કેહતો ના." દાહેરે પુછીઊ કાંએ નહી? નાબરે જવાબ દીધો "કોઈ આદમી ખરેખર આજારી હોએ અને લોકો તેને મદદ કરવાને બીહે. તારી ચાલથી ઘણા જણ સારૂં કાંમ કરતા અટકશે કાંએકે તેઓને ધાસતી લાગશે કે રખેને પેલા નાબરની માફક અમો ઠગાઈએ." આ બોલોથી દાહેરને ભારે શરમ લાગી. કેટલો વાર તે મુગો રહેઓ અને પછી ઘોડા ઊપર થી કુદકો મારી નીચે ઊતરીઓ અને ઘોડો તેના ધ ણીને હવાલે કરીને તેને ભેટી લીધી. નાબર તેને પો તાના તંબુમાં લેઈ ગીઓ અને થોડા દાહાડા પોતાની સાથે રાખીઓ અને તારપછી બંધો જાંહંવેર જીવી આ તાંહાવેર એકકના મજબુત દોસત રહેઆ.

---

## હીરો.

હીરો જવાહેરમાં સરદારી ધરાવેચ. પણ બી જા જવાહેર અને હીરામાં એક જાણવા જેવો ફેરછે. બીજા જવાહેરો પથરની માફકછે. હીરો પથર નથી. દુનીઆમાં સઊથી કઠણ ચીજ હીરોછે. સઘલી ચી જોને હીરાથી કાપી શકાએ પણ હીરાને કાપવા હીરા સીવાએ બીજી ચીજ કોઈ નથી. હીરો પથર નથી તારે તે શું હશે? વીદવાનોએ દેખાડીઊંચ કે હીરો માતરે કોએલોછે અને જેમ કોએલો બલેચ તેમ હીરો પણ બલેચ. હીરો કુદરતી પેદા થાએચ પણ હાલ કે ટલાએકોએ ભારે મેહનત કરી નાહાના હીરા બનાવી આચ. પણ જોકે એ બનાવેલા હીરા ખરા જેવાછે તોબી બનાવવામાં એટલો ખરચ લાગેચ કે કદી હાતના બનેલા ખરા હીરા વેચાવાના નથી. હીરાની ઊપર પાતલી ખોપરીઓ હાએચ અને તેથી હીરો સાફ કર તી વખતે તે ખોપરીઓ કાહાડી નાખેચ અને જારે આસપાસની ખોપરી નીકલી જઈ તારે તે આઠ ખુ ણાનો દેખાએચ. હીરાના પાસા ઊપરથી કેટલાએ કો તેને પારખેચ. પણ હાલ પારીસમાં ખોટા હીરા ના દાગીના બનાવેચ અને તેના પાસા ખરા હીરાના જેવા ઘસીને તઈઆર કરેચ. જવેરીઓ હીરાના આબ (તેજ) ઊપરથીજ તેને પારખેચ.

હીરાની ખાણો હીંદુસથાન અને બરજીલ એ બે દેશોમાંછે. દખણ હેદરાબાદ આગલ ગોલકંદા ના મની જગા ઊપરથી અને બુંદેલખંડમાં પાના નામ ની જગો ઊપરથી હીરા મલી આવેછે.

હીરાનું વજન આ દેશમાં રતી પરમાણે વ ણેચ અને ઈઊરપમાં કારાત પરમાણે. એક કારાત આશરે બે રતી ગણાએ. હીરાનો ભાવ વજન પર માણે નથી પણ જેમ વજન વધતું જાએ તેના કરતા કીમત વધારે થતી જાએ જેમકે,

| રતી. | | રૂપીઆ. |
|---|---|---|
| ૧ | ની કીમત | ૪૦ |
| ૨ | " | ૧૬૦ |
| ૩ | " | ૩૬૦ |
| ૪ | " | ૬૪૦ |
| ૫ | " | ૧૦૦૦ |
| ૬ | " | ૧૪૪૦ |
| ૭ | " | ૧૯૬૦ |
| ૮ | " | ૨૫૬૦ |
| ૯ | " | ૩૦૬૦ |
| ૧૦ | " | ૪૦૦૦ |
| ૨૦ | " | ૧૬૦૦૦ |


વીસ રતીની ઊપરની કીમતનો બરાબર ની અમ નથી. જરા જાંખ હીરામાં હોએતો તેથી તે ની ઘણી ઓછી કીમત થાએચ.

સઊથી મોટો હીરો હાલછે તે માતાનના રાજા પાસેછે. એ રાજાનો મુલક સીંઘાપોરની નીચે જે ટાપુઓનો જુમખોછે તેમાંછે. એ હીરાનુવજન ૩૬૭ કારાત અથવા શાઢા ચાર તોલા ઊપરછે. એ હીરો સો વરશ થાએઆં જડીઓ હતો અને એ હીરાને સારૂ લડાઈઓ ચાલી હતી. બતેવીઆના વલંદા સુ કમે એક વખત એ હીરાને સારૂં રાજાને ૨૭૬૦૦૦ રૂપીઆ, બે લડાઈના વાહાણો, તોપો અને દારૂગોલા સાથે બીજો લડાઈનો સામાન આપવા કીધો પ ણ રાજાએ ના પાડી. રાજાના કુટુમમાં એ હીરો નેવું વરસ વેર રહેઓ હતો અને તે એમ સમજતો કે તો કે મારૂ રાજ હીરાથી ટકીઊંચ, જે દાહાડે હીરો જશે તે દાહાડે રાજ પણ જવાનું.

કોહેનુર હીરાની તારીખ આપણા દેશમાં જારે છે. એ હીરો ગોલકંનડાની ખાણમાંથી જડીઓ હ


ા અને તે દીલ્લીના બાદશાહ શાહા જેહાનના હાથ ા ગીઓ. બાદશાહના ખાનદાનના હાતમાં ઈ૦ સ૦ ૧૭૩૯ સુધી કોહેનુર રહેઓ. આ વરશમાં ઈરાણથી નાદરશાહ દીલી ઊપર ચહડી આવીઓ હતો. તે નુરની અંદર લેઈ ગીઓ. નાદર મરણ પામીઆ પછી અફગાનીઓના હાથમા હીરો આવીઓ અને એક સરદાર પછી બીજો સરદાર જેમ શવતો હતો તેમ તે હીરાનો માલેક થતો હતો. છેલે શરવાલે કાબુલના અમીર શાહ શુજાના હાતમા આવીઓ. એ અમીરની જારે ગાદી જતી રહી તાહારે તેને પંજાબમાં આસરો પકડીઓ અને તેની પાસેથી રંજીતસીંગે લીધો. રંજીતના મરણ પછી જારે ઈંગરેજ અને સીખ લોકોને લડાઈ થાઈ તારે ઈંગરેજના હાથમાં આવંયો અને હાલ કોહેનુરનો માલેક આપણી નામદાર રાણી વીટોરીઆછે. એ હીરો જરા આકારમાં કઢગોઢ પણ હાલ તેને થોડો કપાવીઓ તથા એક બે જાહાખ લાગીચ તે દુર કીધીચ. કેટલાએક ગામઠીઆ એવો વેહમ કરેચ કે એ હીરો નેહસછે. જે રાજમાં કોહેનુર ગીઓચ તે રાજ ટકીઊં નથી. ઈંગરેજો હીરાને અવડ અથવા બખતાવર ગણતા નથી. જેવો કોહેનુરની તારીફછે તેવો એક બીજો હીરો નામે કોહેનુર કેટલાએકો ધારેચ કે દીલ્લીમાં ઠેકે ડાટીઓચ પણ થોડા આદમી સીવાએ તેની ખબર કોઈને નથી.

રૂશીઆના શાહનશાહની પાશે હાલ જે હીરો છે તેનુ વજન ૧૯૩ કારાતછે અને તેનુ કદ ખબુતર નાં ઈંડાં જેટલુંછે, એ હીરો મલબારમાં એક પુતલાંની આખ હતી, તેમાથી એક ફરેંચ શોલજરે ચોરીઓ અને મધરાજ નાહાસી ગીઓ. તાહાં જાઈ વાહાણના એક કપતાનને વીસ હજાર રૂ



પીએ વેચીઓ. કપતાને તે હીરો એક ઈહુદીને એક લાખ વીસ હજારે વેચીઓ. ઈહુદીએ તેને એક ઈરાનાની વેપારીને વેચીઓ અને તેની પાસેથી રૂશીઆની રાણી કાથેરાઈને નવ લાખ રૂપીએ લીધો તથા તે વેપારીને મરણ સુધી ચાલીસ હજાર રૂપીઆનુ વરસાણું આપીઉં

ઓસતરીઆના શાહાનશાહ પાશે જે હીરોછે તેનુ વજન ૧૩૯ કારાટછે. પણ તે સાફ નથી જરા પીરાશ ઊપરછે અને તેની કીમત દસ લાખ રૂપીઆની અંકાઈચ.




ફરાંસના શાહનશાહ પાશે જે હીરોછે તેને "પીટ" અથવા "રીજેનત" હીરો કેહેછે. તેનુ વજન ૧૩૬ કારાટછે પણ તેના ખુબસુરત આકાર તથા આબ જેવા બીજા હીરા કોઈ નથી. હીરાનુ આબ જેમ જહગના પાણીના ટીપા જેવું ખાલેસ હોએ તેમ ચોખો ગણાએ. એ હીરાની કીમત સોલ લાખ રૂપીઆ અંકાઈચ.



મીસરના પાશા પાસે જે હીરોછે તેનુ વજન ૪૯ કારાટછે અને તેની કીમટ ચાર લાખ રૂપીઆછે. એ હીરાને "પીગટ" કેહેછે.




મરાઠાઓની લડાઈમાં લુટની અંદર નાશક હીરો જડીઓ તેનુ વજન ૮૧ કારાટછે તથા તેની કીમત તરણ લાખ રૂપીઆ અંકાઓચ. એ હીરો બેડોલછે પણ તેનુ આબ ચોખુછે.



બરઝીલની ખાણમાથી સઊથી મોટો હીરો નીકલીઓ હતો તે એક નાશંમાથી જડીઓ તેનુ વજન ૧૨૦ કારાટછે અને તે હાલ પોરતુગાલના જુવાન રાજા પાસેછે.

હીરો કાપવાને ઘણી કલા કામે લગાડેચ પણ હાલ સઊથી સારી એછે કે એક ગોલ કરવત તીખાની બનાવેચ અને તેની ધાર ઊપર હીરાનો ભુકો ગખેચ. એથી હીરો ચોખો થાઈ બાહેર નીકલેચ. પાછલના ચીતારની અંદર હીરા કાપનારાઓ કાંમે લાગેલા માલુમ પડશે

હીરાને કાચ કાપવાને માટે તથા જહવાહેરો કાપવા તથા નક્શી કરવા વાપરેચ અને કેટલાએક




ઊંચા ઘડીઆલોમાના ચકરોને હીરાની કણી ઊપર ફરતાં કરેચ કે તેથી ચકરનો "પીવટ" ઘસાઈ જાએ નહી અથવા કાટ ચહડે નહી હાલ હીરાના માઈકરાસકોપ (શુખશમદરશક ઈંઅંતર) કીધાચ જેથી જીની ચીજો જે આંખે દેખાએ નહી તે જોવાને બની આવે અને કાચના કરતાં હીરામાંથી વધારે સાફ અને ખોલતું દેખાએચ

---

## અજગર.

આપણી ટાપુમા જારે બરાકની અંદર જનાવરોનો થોડો સંગરહ કીધો હતો તે વખતે દોહોડ ગજ લાંબો એક સરપના જેવું આખુ જનાવર તાહાં હતું. એ જનાવર અજગરનું બચું હતું. એ બચાંની કેટલીએક અજબ તરેહની ચાલ હતી એ બચાને પંદર દાહાડે એક વખત ખોરાક મલતો હતો અને ખોરાકમાં એક મુરગી આખી ગલી જતો હતો. જેવી મુરગી તેના પીજરાં આગલ લેઈ ગીઆ અને બચાંની નજર પડી કે તેના દીલમાં કોણ જાણે કોઈ આવી ગીઊં અને તે લડાઈ કરવા અથવા કાઈબી પકડવા ધરવા તઈઆર થાએઓ. મુરગી અસતો થી જરાંના દરવાજામાં મુકેચ તેટલા વારમા તેને ઘસડી અંદર લીધી અને તેની આસપાસ વીટલાઈ એક દમ એવીતો ચાંપી કે મુરગીનો જાન નીકલી ગીઓ. બીચારીને બુમ પાડવાની ફરસુદ પણ આપી નહી જારે તેને જાણીઊં કે મુરગી મુઈ તારે જરા ઢીલો થાએઓ કે તપાસે કે મુરગીમાં જરાબી જીવ રહેઓચ કે નહીં, જો જરા હાલતી માલન પડીતો ફરીથી વધારે દાબે જારે મુરગી મરી ગઈ તારે પેલા અજગરના બચાંએ મુરગીનુ બદન ટંતોલવા માંડીઊં અને તેમ કરતું મુરગીના મોહોડાં આગલ જાઈ તેની ચાંચ મોહોડામાં લીધી અને ગલવા માંડીઊં. તંતોનવાનુ કારણ એકે ગલતી વખતે તેના પીછ આડા નડે નહીં એકાં આગલથી મસતા ગલતા આખી મરઘી ટાંગીઆ સુધા પુછડી વેર ચાલી ગઈ અને બચાંનુ મોહોડું જે પેહેલાં નાહાનુ દેખાતું હતુ તે ચીરાઈને મુરગીની મોહોટાઈ જેટલું થાએલી તારે બચું આલાએસે સુમરૂં થાઈ



અજગરની માદા ઈંડા સેવતી



અજગર બળદને કચરી નાંખે છે

બચું. મુરગી ખાધાની અગાઊ તેની આગલ કોઈ હોંસ નહી લેઈ જતું હતું પણ મુરગી ગલીઆ પછી તે ગીદર થાઈ ગીઊં. પછી તેને હાતે ઈઆ લાકડીએ છેડીએ તો તે જનાવરને કસો ગોસો લાગતો નહી હતો.

જેમ એ બચું મુરગીને મારી ગલી જાએચ. તેમ મોહોટા અજગરો બકરાને તથા ગાએને ગલી જાએચ. અજગરો જેહરી નથી. તોબી તેઓના દાંતે તેઓ ઘણા ભએંકાર ઘા કરેચ. અજગરની પુછડી નીચે બે નાહાના નખ હોએછે જેથી તે જાહાડને મજબુત ધરી રેહેચ અને તેના ટેકાવથી જાહાડ આગલથી જનારા ઊપર હોમલો કરેચ

આફ્રીકામાં અજગર તરીસ ફુટ લાંબો હોએ છે અને તાહાંના જંગલી લોકો તેને પોતાના દેવની માફક સમજેચ. દાહોમી નામના દેશમા અજગરને સારૂં એક દેહેડું બાંધીઊંછે અને તે દેહેડામા અજગરો ફરેછે. જો અજગર તે દેહેડામાંથી બાહેર ફેરે ગીઓ તો તેને લોકો તેડી લાવેછે અને રસ્તામાં જેઓ તેને મલેછે તેઓ પગે લાગી જમીનને ચુમી લીએછે. સવાર અને સાંજના ઘણાજણ અજગરના દેહેડાંમાં જાએછે અને લાંબા થાઈ શાશટાંગ નમસકાર કરેછે. અજગરને તેઓ શેહ નામે ભજેછે. જો કોઈએ અજગરને મારી નાખીઓ તો તેને જીવથી મારી નાખેછે.

પાઈદાહામા એક ઈગરેજ નામે જાકસન એક વખત અજગરને મારીઆથી પોતાનો જાન ખોતો હતો પણ બચી ગીઓ. એ ઈગરેજ તેહનો વેપાર કરવા ગીઓ હતો અને તે એક જુપડીમા શેહરથી જરા દુર રેહેતો હતો. તેને ખુબ મરઘાં, બતકા પાલીઆ હતા અને તેઓની બરદાસત રોજ લેતો હતો. કેટલાએક દાહાડા પછી તેને ખુટ માલમ પડવા લાગી. આજે પીતું નહી મલે, કાલે બતક ગેપ થાઈઊ અને તેમાં તરકીઓ ઘણી જતી રહી. તેને ધારીઊંકે કોઈ ચોર લાગુ પડીઓચ તેથી ખુબ તપાસ રાખી તોબી એકક બબે ગેપ થવા લાગા. છેરે એક તરકી બાકી રહી તેની ઊપર ખુબ સંભાવ રાખી. મધીઅ રાતના જાકસનના ચાકરો દોડતા આવીઆ. જાકસન સમજીઓ કે ચોર પકડાએઓ અને જોએચ શુંતો એક અજગર તરકીને લેઈ ગીઓ. જાકસન જાણતો હતો કે જો હું અજગરને મારીશ તો કાલેં મારૂ મોત આવશે પણ તેની તરકી જતી રહી હતી તેથી તેને ઘણો ગોસો હતો. તેને પોતાના ચાકરોને સોગંદ આપીઆ કે તમો કોઈ આગલ બોલતા ના અને પછી ગતના તે અજગરને મારી નાખીઓ અજગર મારીઆ પછી જાકસને જોએઊંકે કદાચ મારા ચાકરો નં ધું જાહેર કરે તારે? એવી ધાસતીથી તેને અજગરને દાટીઓ અને તેની સાથે બે રમ (દારૂ) ની બાટલી પણ દાટી. જાણે અજગર કોઈ પાદશાહ હોએ અને જંગલીઓ પોતાના પાદશાહને દારૂની બાટલી સાથે દાટતા હતા એક નાહાના છોકરાએ સોગંદ ખાધા નહી હતા અને તેને સંધું ફુકી આપીઊ. જાકસનતો રાતનો ઊજાગરો કાહાડવા સુતો હતો એવામાં, તે ઘોંઘાટથી જાગી ઊઠીઓ અને જોએચતો તેની જુપડીની આસપાસ આખા શેહરના લોકો બુમ પાડતા અને ઢોલ વજાડતા આવીઆ અને તેને કહેઊં કે તેં અમારા જુજુ (દેવ) ને મારીઓ તારો જાન અમે લેવાના. જાકસને જોએઊંકે એ જંગલીઓ સાથે તકરાર કીનેવી નકામી. તેથી જણાવીઊંકે મેં તેને મોટા માનથી દાટીઓચ અને રમની બાટલીઓ પણ મુકીચ. જંગલીઓએ તે કાંઈ માનીઊં નહી પણ કહેઊં કે તું આવીને દેખાડ. જાકસન તેઓને દાટવાની જગો આગલ લેઈ ગીઓ અને તેઓને જમીન ખોદવા કહેઊં ખોદતાં રમની બાટલી જારે જંગલીઓએ જોઈ તારે જરા થંડા પડીઆ. તેઓએ જાકસનને મારીઓ નહી તેનુ કારણ એ હતું કે એ જંગલીઓ ગોરા આદમીની હોશીઆરી અને અકલ ઊપરથી તેઓને દેવ જેવા સમજેચ તેથી એમ વીચારીઊંકે જુજુ સાંપને જુજુ માણસે મારીઓ. જો બીજો આદમી હતેતો તેને જીવવા દેતે નહી. તોબી જંગલીઓ એટલાતો ચીરડાએલા હતા કે તેઓએ ઠેરાવ કીધો કે એક વરસ લગી જાકસન સાથે કની વાતચીત અથવા વેહવાર રાખે નહી.

દખણ અમેરીકામા પણ અજગર ઘણો જોવામાં આવેછે, તે નદી કીનારા આગલ ભમતો રેહેચ કોઈ વખત નદીમાં તરેચ, કોઈ વખત તે જાહાડ ઊપર ચડેચ, કોઈ વખત ઝુલ અને પાતરામાં છુપાઈ રેહેચ અને કોઈ વખત તે ડાખલીને પુછડી વલગાવી લટકતો હીંચ ખાએચ. કોઈ જનાવરનો આવાજ અથવા દોડ

રેહેનાર નથી. જે કોઈને ખરી સાધારણ ગનેઆન મેલવવાની હોંશ હોએ તેને અવલોકન કરવાથી જેટલું ગનેઆન મલશે તેટલું ગનેઆન પુસતકો વાંચેઆથી મલનાર નથી. માટે આટલુંતો જરૂરનુંજછે કે રસતે ચાલતાં સારી પેઠે ચોતરફ ધેઆન રાખવું—આસપાસ શી શી વસતુઓછે—તેઓ શી રીતે ઊતપન થઈ છે—શા શા બનાવો બનેછે—અને લોકોમાં કેવી કીસમની વાત ચીતો ચાલેછે એ સઘવાં ઊપર ધેઆન રાખવું જોઈએછે. અવલોકન કરવાની ટેવ રાખેઆથી આપણને અનુભવ મલેછે, અને અનુભવ મેલવેઆથી આપણે ઘણીક બાબતોમાં સરસ ગણાઈએ છઈએ તથા આપણી ઊપર કોઈ પારકું માણસ ફાવી શકતું નથી. અવલોકન કરવાની ટેવ અખતેઆર કરેઆથી આપણને આપણા ઘર ખરચાનાં કામ કાજેમાં મોહોટી મદદ મલેછે, અને એ વગરે બીજા અનેક તરેહના ફાએદા થાએછે. અવલોકન કરવાની ટેવ રાખેઆથી કેટલાંક માણસોએ પોતાની ખોવાએલી જીનસો શોધી કાહાડીછે, તથા તે જીનસના ચોરનાર શખસોને વગર ઓલખવે પારખવે પકડી કાહાડેઆછે. માટે આ અવલોકન કરવાની ટેવ પાડવાને સઘલાંઓએ તજવીજ કરવી જોઈએછે. જેઓએ એ ગુણ અખતીઆર કરેઆછે તેઓને સંકટની વેલાએ કશી રીતે અડચણો થઈ નથી, પણ તેની વીરૂધ તેઓ તે પડેલાં સંકટોનું નીવારણ કરી શકેઆછે.

## કુતરું અને ગધેડું.

આ એઠલ દાખલ કરેલી વાત એક ઈંગરેજી પુસતક ઊપરથી વાંચનાર બાનુંઓને માટે ઊતારી લીધીછે. એ બીના વાંચી તે ઊપર સારી પેઠે ધીઆન પોહોંચાડવાની હમો ભલામણ કરીએ છઈએ. એ બીના ખરી અને બનેલીછે, એ વીશે કશો શક રહેઓ નથી. કહેછેકે એક કુતરો અને એક ગધેડું, એ બંધે જનાવરો એક બીજાં ઊપર હેત અને પરીત રાખીને એક ઠેકાણે રેહેતાં હતાં, એ જાનવરોની એક બીજાં ઊપર એટલોતો મોહ થએઓ હતો કે ઓએઆ તે બંધે ભાઈઓ હોએ એવાં તેઓ જણાતા હતા. એકનાં દુખથી બીજાને દુખ થતું હતું, તથા એકને સુખી જોએઆથી બીજો મગન રેહેતો હતો. એક દીવસે એ બંધે જનાવરો એક ખેતરમાં ઊભાં હતાં, તે વેલાએ એવો બનાવ બનેઓકે એક બીજો કુતરો પોતાના ધણીની સાથે તે જગા ઊપર જઈ પુગો. એકાએક એ બંધે કુતરાઓમાં કાંઈ જગડો થએઓ. અલબતાં પેલો નવો આવેલો કુતરો ઘણો જોરેમંદ હતો, તેથી તેણે પેલા આગલા કુતરાને ઘણોજ હુવાવેઓ હતો. એ બનાવ જોઈ પેલા આગલા કુતરાનો સાથી ગધેડું જે અતીઆર સુધી છાનું માનું ઊભેલું હતું, તે તેઓ વચે પડીઊં, અને તેણે વચે પડીને પેલા નવા કુતરાને એટલોતો હુવાવેઓ કે જેથી તે તદન આજેજ થઈ ગએઓ, અને તુરત તાંહાંથી નીચી પુછડીએ નાશી ગએઓ. જેવો તે કુતરો નાશી ગએઓ કે પેલાં ગધેડાંએ તેના ધણી ઊપર પોતાની નેમ તાંકી, પણ સારાં ભાગે તે ધણી પણ તાંહાંથી છટકી ગએઓ, નહીતો તે બાપડાની પણ કોણ જાણે કેવી અવસથા થઈ હોત. ગધેડાંની આ અચરત સરીખી બાહાદુરી જોઈ આસપાસના લોકોમાં ઘણી તાજુબી ઊતપન થઈ હતી.

## જાણવાજોગ બીનાઓ.

પારલીમેનટની સભાની તરફથી જે અહેવાલ છપાઈ પરસીધ થએઓછે, તે ઉપરથી જણાએછે કે આખી હીંદુસથાનની વસતીનો અડસટો કાહાડતાં ૧૮૦૮૮૪૨૯૭ માણસો છે એવુ ધારેઆમાં આવેઉછે.

જેમ એક આજારી માણસનું દુખ દુર કરવા સારૂં એક વઈદ તેની સાથે વાત ચીત કરેછે, તેમજ એક ડાહેઉં માણસ કોઈ બદ માણસ સાથે વાત ચીત કરેછે. એવા ચંડાલ સાથે વાત ચીત કરવામાં તે ડાહેઆં માણસની એટલીજ મુરાદછે કે જેમ વઈદ માંદાને સાજું કરેછે, તેમ તે બદ માણસને સુધારી નેક રાહા ઉપર લાવે.

**ડુકરની કીમત તથા તેનો ખપ**—અમેરીકા ખંડમાં આખાં ઈઉરપખંડ કરતા વધારે ડુકરનો ખપ થાએછે. વરસ દાહાડે ચાર કરોડ ડુકર ખપેછે, ગરેટ બીરીટનમાં વીસ લાખ, આસતરીઆમાં પંચાવન લાખ, ફરાનસમાં આઠ લાખ. રૂશીઆમાં ડુકરના બાલ અને ચામડાનો એટલોતો

વધારેછે કે પાનમોથીતે એક હજાર ટન બાલ ઈંગલંડમા દર વરસે આવેછે નવ કરોડ, સાઠ લાખ રતલ ચરબી અમેરી કામા દર વરસે બનાવેછે, એ ચરબીઓથી, પોમાટમ અને તે વીના બીજી સુગંદી ચીજો બનાવેછે

---

**સારી જીંદેગાની ગુજારવાનો ટુકો ઉપાએ**—ડાકટર નેટલટને પોતાની જીંદગીના દાહાડા સુખમા ગુજારવાને એક ટુકો ઉપાએ એ શોધી કાહાડેઓ હતો કે " આ દુનીઆમા તારીથી થાએ એટલુ તુ ભલુ કરતો રેહે, અને તે ભલાઈના અથવા રૂડા કામો જે તુ કરે તે વીશે બને તાહાસુધી કોઈ આગલ બોલતોના " ખરેખર ડાકટર નેટલટને જે આ ટુંક ઉપાએ શાધી કાહાડેઓ હતો તે જેવો તેવો નથી કેટલાક માણસો જેઓ કરેછે થોડુ અને બોલેછે ઘણુ તેઓને આ ઉપનો ઉપાએ મનમા રાખવો જોઈએછે

---

એક દીવસે ડાકટર સટને પોતાના એક માગનારને પોતાને ઘેરે તેડાવી મંગાવીને તેને પુછીઉ કે " કેમ ભાઈ તમો હજી તમારો આકડો ચુકવી લઈ જવા આવેઆ નથી ? " માગનારે જવાબ દીધો કે " સાહેબ જે દેવાદારો સારા અને ભલા માણસોછે તેઓ ઉપર હુ કદી ઉઘરાની મોકલતો નથી " તારે ડાકટર સટન પુછેઓ કે " જો તેઓ કદાચ નાણા નહી આપેતો પછી તમારો કારભાર શી રીતે ચાલે ? " જવાબ મલેઓ કે " હુ મોઈ ચોકસ મુદત સુધી તેઓની વાત જોઉ છુ અને તેટલામા જો નાણા પોતાની મેળે નહી આવેઆતો પછી હુ એમ ધારૂ કે એવણ દીવીના થાહુકારછે, અને પછી ચાપતી ઉઘરાની કરૂ "

---

**કોઈની એબ બોલતો ના**—ફારસી ગરંથ લખતા સાએાામા એક લખનારે એવુ કેહુછેકે એક અપસની એવી ટેવ હતી કે અટવાર પડે નહી તેનો આગમચ ઉઠી બંદગી કરવી તથા કુરાન વાચવી એક રાતના સાબેતા પરમાણે ઉઠી નીમાજ કીધી, અને કોરાન વાચવાને બેઠા હતો એટલામા તેના બાપ ઉઠીને તેની પાસે આવેઓ છોકરાએ ઉઠીને બાપને કેહુ બાવા, તમારા બીજા છાકરાઓ જુઓ કેવા ઉઘમા પડેલા રેહેછે, અને જુઓ હુ કેવો ઉઠીને બંદગીમા મશગુલ થાઉ છુ " બાપે તુરત જવાબ દીધો " દીકરા બેહતર કે તુ ઉંઘમા પડી રેહેતુ, નહી કે ઉઠીને પોતાના ભાઈ બંધોની એબ ઉપર ધ્યાન નાખવો અને, કોઈની એબ જોઈને તે ઉપર સખુન બાલવાને તઈઆર થવાને ઠેકાણે તારી પોતાની તેવી અથવા બીજી એબો વીશે વીચાર કરી તારી પોતાની ચાલને સુધારતો ખરી આબેરી તેમાજછે અને આજસુધી દેખાડવાની બંદગીમા નથી "

---

**એક નવી હીકમતની શોધ**—અમેરીકા દેશમા " કીઉબા " નામે એક મોટુ ટાપુછે, તાહાના એક ગ્રંથલ રેહેવાશીએ એક એવી સોધ કરીછે કે વાહાણના તુતક ઉપર ચકરોની ગોઠવણ કરી તે ચકરોને ચલાવા સારૂ બાફનુ જોર કામમા લગાડેછે તેને ઠેકાણે માતરે પવનનુ જોરજ કામે લગાડવુ તે એ પરમાણે કે સઢોની મારફતે એક મોહોટી પવન ચકી ફરતી કરવી, અને તે પવનચકી સાથે ચકરો ગોઠવી તેથી જેમ બાફના સાધાથી વાહાણની એક બાજુએ પાણીમા જે ચકરો ફરેછે તે ફરતા કરવા જો એ ગોઠવણ ફતેહમંદીથી કામે લાગુ પડી શકીતો પવન પછી પુઠનો હોએ અથવા મોહોડા ઉપરનો હોએતો બેહુ શરખીજ રીતે ચકરો ફેરવી શકે એવી ગોઠવણ કરવાને કઈબી કઠણ નથી લાગવાનુ, અને જેવા બાફના જોરથી ચકરો ફરેછે તેવાજ જોરથી પવન ચકીથી પણ ચકરો ફરતા થઈ શકવાના, જેથી ખરેખર હાલ જે કોલસા અને બીજી ચીજોનો મોહોટો ખરચ લાગેછે તેમા ફાએદા ભરેલી કશર થઈ પડશે

---

**જાહેર કરતાં ગોલ સારો**—ઘણી વેલાએ આપણા લોકોને આવી એક સાધારણ કેહેવત બોલતા આપણે સાંભલીએ છીએકે " ગોલે મરે તેને જેહેરે મારવુ નહી " એ કેહેવતની મતલબ એટલીજછે કે જે કઈ કામ ભલાઈથી થઈ શકતુ હોએ તે બુરાઈથી કરવુ નહી, ચાલતા વગત બને તાહાસુધી બુરાઈ કરવી નહી એટલુજ નહી, પણ છેક સુધી ભલાઈજ કરવી ઘણી વેલાએ એવા બનાવ બનેઆછે કે બુરાઈને ઠેકાણે ભલાઈથી ઘણાક કામો થઈ શકેઆછે, જે કે બારગી કોઈ કટો શતરૂ હાતમા જેહેરી ખંજર લઈને મારવા આગ ઉપર આવેલો પણ ભલાઈથી પાછો ફરેછે જોકે દેખાવમા કેટલીક વેલાએ બુરાઈની ફતેહ આપણે જોઈએ છઈએ, તોપણ તેનુ પરીણામ સારૂ નીપજતુ નથી, તેમ ભલાઈ, પેહેલા નબલી માલમ પડેછે, તોપણ તેના પરીણામ ઘણાજ સારા અને મજબુત નીપજેછે દરેક બાબદમા પેહેલા દેખાવ ઉપર જેટલુ ધેઆન આપવુ જરૂરછે તે કરતા તેના પરીણામ ઉપર વધારે ધેઆન પોહોચાડવાની અગતછે

---

નોટસ એંડ કવેરીઝ ઉપરથી એવુ સાબેત કીધામા આવી ગએલુ છે કે દુનીઆની અંદર ૬૦૦૦૦૦૦૦ (સાઠ કરોડ) મ

ણુઓ તંબાકુ વાપરેછે; અને આખી દુનીઆમાંથી દર વરસે ૧૪૮૦૦૦૦૦૦૦ (એક અબજને ઉડતાલીસ કરોડ) રતલ તંબાકુની પેદાસ થાએછે. તેમજ અફીણીઓનો અડસરો કા હાડતા એવું માલમ પડીઉંછેકે ૧૦૦૦૦૦૦૦૦ (દસ કરોડ) આસામી અફીણ પોતાના ઉપયોગમાં લાવેછે.' ગાંજાનો ઉપયોગ કરનાર માણસોની સંખીઆ ૧૫૦૦૦૦ (એક લાખ પચાસ હજાર) ની ગણાઇછે. દર વરસે જે આ કેફી વસતુઓ ખપેછે તેની કીમત ૬૦૦૦૦૦૦૦૦ (સાઠ કરોડ) રૂપીઆની જણાવવામાં આવીછે. અફસોસ! કેટલો જુલમ! દર વરસે સાઠ કરોડ રૂપીઆ કેફી વસતુઓ પાછળ ખરમાએ! હજી દારૂ તાડી વીગેરે બીજાં વીઅસનોનીતો ગણતરી કીધી નથી, જો તેની ગણતરી કરીને તેથી આ રકમમાં ઉમેરીતો તે રકમ અતી મોહોટી થઈ પડવાની, જે રકમ વીશે કશો વીચાર આવવાનો નહી પણ માતરે તેની સંખીઆનાં આંકડાજ બોલી શકાવાના.

---

**ઊપયોગી શીકામણ**—ફરાસના પાદશાહા ૧૨ મા લુઇને "રઇએતનો બાપ" એવો અલકાબ મલેઓ હતો. તેને વીશે એવું કેહેછેકે એક દીવસે તેની દરબારના કોઈ અમલદારે જોસામાં આવી કોઈ ગરીબ મજુરને મારેઓ હતો એ વાત પાદશાહાને ખબર પડતાં, તે અમલદારને પાદશાહે બોલાવી કેહું કે "આજે તારે તાંહાં ખાવાનું કરવાનો હોકમ આપ, પણ તેમાં માતરે દારૂ અને ગોસ સીવાએ બીજી કોઈ ચીજ ટેબલ ઉપર મુકતો ના." બીજે દીવશે પાદશાહે પુછીઉ કે "કેમ ગઈ કાલનું જમણ તમને કેવું લાગું." જવાબ દીધો કે "ઠીક, પણ રોટલી નહી હતી." પાદશાહે જવાબ દીધો કે "કાએ, શું રોટલી વગર તમને નહી ચાલતું?" અમલદારે જવાબ દીધો "નહી સાહેબ રોટલી વગર કેમ ચાલે" પાદશાહે કેહુંકે "રોટલી કઈ ખા મુખા આપણા જીવને પોશાણ આપવા સારૂં અગતનો ખોરાક નથી." અમલદારે જવાબ વાલેઓકે "માફ માગુહું, પણ રોટલી વગર તો એક અગતની ખુટ થઈ પડેલી ગણાવાની" પાદશાહે એ ઉપરથી ગુસામાં આવી કેહુ "કે જારે એવુંછે તારે શા સારૂં પેલા ગરીબ મજુરને તુંએ મારેઓ! રોટલી સારૂં તો આપણે એ મજુર અને તેના જેવા બીજાઓના આભારી થઈએ છઈએ એ ખુબ અવે પછી ઈઆદ રાખજે, અને જો ફરીને એવું થઈઉ તો તે વીશે વધારે કઠણ સજા ખમવી પડશે."

---

**એક ડજનને એક ફાએદો**—૧ દરરોજને માટે કાંઇ નકી ધારો પાડવો જોઇએ કે ફલાનું કામ ફલાને વખતે કરવું. ૨ એવી આસરમ પાડવી જોઇએ કે કામ કરતાં કંટાલો ન આવે. ૩ હરેક કામ પાછળ ખંત રાખવાની ટેવ પાડવી જોઇએ. ૪ હંમેશાં વખતસર ઠરાવેલું કામ કરવાને તઇઆર રેહેવાનો માહાવેરો રાખવો. ૫ સકારે ઉઠવાની ટેવ પાડવી. ૬ જે માણસ સાથે સંબંધ થાએ તેની પાસેથી કંઇ પણ નવી બાબદ જાણવાની આદત રાખવી. ૭ ચોકસ ઠરાવ અને મજબુત વીચાર રાખવા, ડામાડોલ મન રાખવું નહી. ૮ પોશાગ વગેરેમાં સાદાઇ અને સફાઇ રાખવી. ૯ દરએક અને સઘલાં કામો સારી પેઠે કરવાની ટેવ રાખવી. ૧૦ પોતાના સવભાવને પોતાની લગામમા રાખવાને હંમેશાં તજવીજ કરતા રેહેવું. ૧૧ વીચાર પકો કરવાને તથા લાંબા વીચારથી મત આપવાને માહાવેરો પાડવો, નહી કે હરેક બાબદમાં જેમ ગમે તેમ વીચાર આપવો. ૧૨ મા બાપ, પાડ પડોસી, ભાઇબંધ ઇશટ મીતર વગેરે સઘલાંઓને ઘટતું માન આપવાની ટેવ રાખવી. ૧૩ સઉથી પેહેલાં ઇશવર ભકતી.

જે માણસમાં આ ઉપર જણાવેલા એક ડજનને એક ફાએદા હોએઆ તે માણસને કશી વાતની અડચણ પડનાર નથી. એવાં માણસને કોઈ વાતની ફરીઆદ કરવાનું કારણ મલનાર નથી. કાએનહી તારે આપણ સઘલાએ ફાએદા એખતીઆર કરવાની તજવીજ કરીએ?

---

ઇંગલંડની રાજધાની લંડનમાંની ઇસપીટાલોમાં આજારી માણસો હોએછે તેની વીગત.

| | | | |
|---|---|---|---|
| સેંટ બરથાલમીની ઇસપીતાલમાં | | ૬૫૦ | માણસો |
| સેંટ ટોમસની .... | ,, .... | ૫૨૦ | ,, |
| ગાઇસની.... ... | ,, .. | ૫૪૯ | ,, |
| વેસટમીનસટર.. .. | ,, .. | ૧૭૫ | ,, |
| સેંટ જારજ........ | ,, ... | ૩૨૫ | ,, |
| લંડન........ ... | ,, ... | ૪૦૦ | ,, |
| મીડલસેકસ .. .. | ,, .. | ૩૦૦ | ,, |
| યુનીવરસીટી .. . | ,, .... | ૧૨૯ | ,, |
| ચેરીંગ ક્રાસ...... | ,, .... | ૧૦૦ | ,, |
| કીંગસ કાલેજ...... | ,, .... | ૧૨૦ | ,, |
| મેરીલીબોન .. .... | ,, .... | ૧૫૦ | ,, |
| પાદશાઈ મુફત ઇસપીતાલમાં .. | | ૨૦૦ | ,, |
| | | ૩૦૧૮ | |

સઘલા મલીને તારે ૩૦૧૮ તરણ હજાર અને અરાર માંણસો.

---

એક વેલાએ એક શખસ પોતાના બીજા ચાર મીતરોની સાથે પોતાની એક ગાડીમાં બેસીને ફરવા જતો હતો,

તેવામા એકાએક રસતામા એક હુનારત બની, જેથી તેની ગાડાને લગાર જોખમ પુગો તથા ઘોડાનુ હુરતીસ કાપી કાહાડવુ પડીઉ એ બનાવ બનેઆથી તે ધણીને તથા તેના બીજા મીતરોને રસતા ઉપર ખોટી થવુ પડીઉ તેવામા એક ગરીબ ઘરડો આદમી દલગીરી ભરેલા ચેહેરા સાથે હાએ અફસોસ કરતો તે રસતેથી જતો પેલા ધણીની નજરે પડેઓ, તારે તેણે તે દુખી થએલા ઘરડા આદમીને પોતાની પાસે બોલાવીને પુછીઉ કે "ઓ ઘરડા આદમી તુ શાભાટે આટલો દુખી થએલોછે ? " ઘરડાએ જવાબ દીધો કે "ઓ નેક બખત સાહેબ માહારો ઘર ધણી ઘણો નીરદએછે, તેને હુ ઘરડાની તથા મારા લાચાર બાલકોની કુદલ દએઆ આવતી નથી, તેનુ છ મહીનાનુ ભાડુ માહારા ઉપર ચહડી ગએઆથી તે આજ દને પોતાની સાથે બીજા માણુસો લઈને આવેઓછે, અને તેને મહુને તથા માહારા બાલકોને ઘરમાથી હાંકી કાહાડેઆછે, અને હમારો જે કાઈ સરસામાનછે તે સરકાર ના લઈ જાએછે, માટે ક કોઈ દાતારને શોધુ છુ કે જે મહને એક ૨૦ રૂપીઆ આપે " એટલુ સાભલતાજ પેલા ધણીએ તે ઘરડાને ૨૦ રૂપીઆ આપીને કહીઉ કે જા, તેને ભાડુ આપ તે ઘરડો પેલા રૂપીઆ લઈ ખુસી થઈ હજારો દુવા દઈ ચાલતો થએઓ, તારે પેલા શખસે પોતાના મીતરોને કહીઉ કે "જોએઉ ભાઈઓ, આપણુને જે આ અડચણ થઈછે તે પરોપકાર કરવાને સારૂ થઈ, વાસતે શુકરછે તે સાહેબની જનાબમા " ખરા પરોપકારી માણુસો તે એવાને કહીએ

## પાપની માફી માગવાની ગરબી.

" ખેલ ખેલરે ભવાની મા દોશીડા મહહેઠ " એ રાગનીછે

આર પારરે અમને ઉતાર, જે જે જગ કરતાર
અગણીત પાપ થકી ઉધાર રે યાર, જે જે જગ કરતાર—૧
તારૂ દીલ દીસે ઉદાર રે યાર, જે જે જગ
તારો કેમ વીસરે ઉપકાર રે યાર, જે જે જગ—૨
હુ તો છુ તારો ગુનેગાર રે યાર, જે જે જગ
મેતો કીધા પાપ અપાર રે યાર, જે જે જગ—૩
કરીઆ કુકરમના કોઠાર રે યાર, જે જે [illegible] મથ ઉઠા
ભરીયા ભુ ડાઈના [illegible] યાર, જે જે [illegible] રાતના રાબેતા પર [illegible]
મેતો તજી અમરીત [illegible] ત વાખવાને બેઠા હતો તે—૫
મેતો વીખની ભરી [illegible] છોકરાં [illegible]
હુ તુજ આગલ[illegible] જગ
હવે હુ કહુ[illegible] વાર હ[illegible] રે જગ—૬
નાથ તમે માફી કરનાર [illegible] જે જગ
આપે નોધારા આધારરે [illegible] જગ—૭
તારી સરસાઈ બે સુમારરે [illegible] જે જગ
તારો અપરછે આભાર રે [illegible] જે જે જગ—૮
તે આ સરજેઓછે સસાર રે યાર, જે જે જગ
નીરમીઆ નીરમલ નરને નાર રે યાર, જે જે જગ—૯
રચીઆ રમણીક રાશી બાર રે યાર, જે જે જગ
સુદર કીધા સાતે વાર રે યાર, જે જે જગ—૧૦
તારા બનાવને બલીહારે યાર, જે જે જગ
પરણુ તુ ભજનીકનો ભરથાર રે યાર, જે જે જગ—૧૧
દલપતને તુ સુખ દાતાર રે યાર, જે જે જગ
આર પાર રે અમને ઉતાર, જે જે જગ કરતાર—૧૨

## અજવાલી રાત કુદડી ફરીને ગાવાની ગરબી.

" સાભલ સઈઆર વાતડી, ઉત મ આસો માસ "
એ રાગનીછે

આવો સૈયર ભલે આવીઆ, ઘણે હેતે અમઘેર
બેહેનો બીજીને લાવીઆ, મુજપર કીધી નેહેર—૧
રૂડી પુનમની રાતડી, પરગટેઓ પુરણ ચદ
દેખી શીતલ થઈ છાતડી, થએઓ અધીક આનદ—૨
આ જો ઉચે અશમાનમા, તારા મડલના તેજ
સમજાવેછે સાનમા, ઈશ્વર મહીમા એજ—૩
જેવી જમીનછે આપણી, તેવી જમીન તે જાણ
પણ ન ભણેલી પાપણી, એ થકી છેક અજાણ—૪
ચદર જુવો ચતુરાઈથી, માહી કાઈ છે કાલાશ
એ પરવત ઉચાઈથી, છાએઆ પડી તે પાસ—૫
આસસલાનો અ કછે, કેહેતા પુરૂશ પરખીઆત
કાનો કાઈ કલ કછે, વેહેમી મનુશની વાત—૬
દુરબીન લેઈને દેખીએ, જોતા જુગતી જણાએ
પરવત નદીઓ પેખીએ, અદભુત અચરજ થાએ—૭
તારા અનેક આકારના, દુરબીનમા દેખાએ
જોતા જગત કરતારના, મહીમા ખુબ મનાએ—૮
ચારે દીશાએ ચ દની, પડી કીરણ પરખીઆત
આજ ઘડી આનદની, રમવા સરખી રાત—૯
ગાઈએ મલી મેદાનમા, પરીતે રૂડી પેર
તાલી પાડીને તાનમા, ફરીએ કુદડી ફેર—૧૦
ફરો ફરે જેમ ફાલકી, અકડ ન રાખો અગ
એક બજાવે બાલકી, મધુરે રાગ મરદગ—૧૧
મોટો ઉછવ રેહેશે મચી, હકજામી આ ઠામ
ગાવા રસીક દેશે રચી, ગરબી દલપતરામ—૧૨

# સ્ત્રીબોધ.

પુસ્તક ૨ જું. મેએ ૧૮૫૮ આંક ૫ મો.

## વખણાએલી ઓરત.

### માદમ દી સતેલ.

ગઈ સદીની છેડે ફરાનસમાં એક વજીર ઊપર લોકોને ઘણી આશા હતી કે તે બગડેલાં રાજને ઠેકાણે લાવશે એ વજીર ભારે ઈમાનદાર હતો, કામ કાજમાં હુશીઆર હતો અને પાદશાહ તથા રઈઅતના પુરેપુરી આબરૂ હતી, તોબી હાલ એ ધણી જેનું નામ નેકર હતું તેની ઈઆદગારી તેના નામથી નથી રેહી પણ તેની દીકરી ઊપરથી. નેકર વજીરની કોઈ દરકાર કરતું નથી પણ નામીચી માદમ દી સતેલનો બાપ એમ લોકો તેને જાણેછ.

એ ઓરત ભારે હુશીઆર અને હીમતવાન હતી એ ઓરતના વખતમા ફરાંસની અંદર રાજનો અને બીજી સઘલી બાબદનો ફેરફાર થાઈ ગીઓ. તે વખતે મરદ, ઓરત તથા બચાંના જાનની તો કંઈ દરકાર હતીજ નહી. પાદશાહ તથા અમીરો મારીઆ ગીઆ. રાણીની તપાસ ચાલી. એ વખતે આખા ફરાંસમાં ગરીબ નીરઅપરાધી રાણીની તરફથી કોઈ બોલનાર મલે નહી. જે કોઈ તેની કદર ખાએ અને માલુમ પડીઊં તો તેનું ડોકું ઊડી જતું તે વખતે માદમ દી સતેલે એક ચોપાનીઊં રાણીની તરફેમાં કાહાડીઊં. એ ચોપાનીઊં જેવું નીકલીઊં કે તેના લખનારના જાનની સઘલાઓએ આશા છોડી પણ એ ઓરતનો માટી સવીદનનો એલચી હતો તેથી પારકા રાજના આદમીને મારી નખાએ નહી એ સબબથી બચી ગઈ પણ જારે અતીસે ખુન ચાલીઊં તારે તેને પારીસ છોડવું પડીઊં. થોડી ધણી સમાધાની થાઈ તારે પાછી તે પારીસમા આવી. હીઆં એ ઓરતે જોઈઊં કે એક લશકરી અમલદાર સંધાની પછવાડે રહીને પોતાનું કામ કાહાડી લીએ છે અને તે સઊને માથે થવાનો એ અમલદાર નેપોલીઅન બોનાપારટ હતો અને તેની સામણે એ ઓરત થાઈ નપોલીઅન જોકે બીજા પોતાના હરીફોની દરકાર નહી કરતો હતો પણ એ ઓરતથી બીહતો હતો તેને ઘણી તજવીજ કીધી કે ઓરત તેની તરફ થાએ પણ તેનું કાંઈ વલીઊં નહી. એક વખત નપોલીઅને જણાવીઊં કે જો તું મારી તરફ થાએતો તારા બાપના બે કરોડ રૂપીઆ જે નરકારમા ડુબાય તે હું તને અપાઊં પણ તે મોટી રકમને માદમ દી સતેલે તુછ ગણી.

જારે નપોલીઅન પેહલો કાનસલ હતો તે વખતે નેકરે એક ચોપડી બનાવી તેમા એક આપઅખતીઆર ધણીનું સંધા લોકો ઊપર રાજના અવગુણો બતલાવીઆ. એ ચોપડીનાં બનાવનારની દીકરી સામેલછે એવું સમજીને નપોલીઅને હોકમ કીધો કે પારીસની આસપાસ પચાસ કોસ દુર માદમ દી સતેલ જાઈને રેહ. આવી સજા એ ઓરતને ઘણી લાગી અને તેને તે વીશેની ફરીઆદ કીધી. નપોલીઅને જવાબ દીધો કે આખી દુનીઆ માદમ દી સતેલના હાથમાછે મેંતો માતરે મારા હાતમા પારીસ શેહર રાખીઊંચ. દસ વરસ વેર બીચારીને બાહાર રેહવું પડીઊં પણ તે મુદતમા એ ઓરતે કેટલાએક ગરંથો કાહાડીઆ જે તેની ઈઆદગારી ઘણુ સુધી રાખવાની. જરમની દેશ વીશે એક ચોપડી એ ઓરતે લખી હતી તે છાપવા નહી દીધી અને તેની ફરીઆદ થાઈ તારે નપોલીઅનના એક મુસદ્દીએ જવાબ લખીઓ કે "તમુને ફરાનસની હવા

સદની નથી અને તમારી ચોપડી જે કોઈ છાપશે તેને ખોટ જાશે વાસતે તે છાપનારની ખાતરને સારૂ ચોપડી બંદ પાડીચ " જારે એક સંપીરાજોએ નપોલીઅનને હરાવી એલબાના ટાપુમા રાખીઓ તારે એ ઓરત પારીસમા પાછી આવી અને બીજા વરસે ફરાનસમાં પાછો નપોલીઅન નાહસી આવીઓ તારે માદમ દી સ્ટેલને જણાવીઊં કે આ વખતે તું મને મદદ કર અને આપણે સાથે રાજનો બંદોબસત કરીએ પણ એ ઓરતને દસ વરસ દેસ નીકાલનો જખમ લાગેલો હતો તેથી સાફ ના પાડી. નપોલીઅનને જારે સેંટ હેલીનાની ટાપુ ઊપર કેદ રાખીઓ તાર પછી એ ઓરતે રાજપાટમાથી ધેઆન કાહાડી નાખીઊ અને સવીતજરલાડ દેસમા જાઈ રહી અને તાહાં સને ૧૮૧૭ મા મરણ પામી. એ ઓરતની તારીફ ટુકામા માલુમ પડેચ કે જે સરદાર ભારે લશકર તથા રાજાઓ અને શાહનશાહોથી બીહતો નહી હતો તે આ ઓરતની ધાસતી રાખતો હતો. ફરેંચો એ ઓરતને માનથી હાલ એઆદ કરેચ.

---

## ઓ ઈઆરો ગરીબોને ઈઆદ કરતા રેહેજો.

સવાલ, કહી વખતે? જવાબ—સઘલી વખતે. સવાલ, કાહા—જવાબ, સઘલે ઠેકાણે.

૧ જેઆરે તરહતના અને બનાએઈજત જેવા ખાણા ઊપર તમારા હાત ચાલતા હોએ તારે—જેઆરે મણ રૂના નરમ માખણ જેવા બીછાના ઊપર આરામથી લોટ મારતા હોવો તારે—જેઆરે બારીએ બેસી ઠંડ પેટ હવા ધુરતા હોવો તારે—જેઆરે મોજ ભરેલી સેહલગાહ કરતા હોવો તારે—જેઆરે બાગમા ખુશબોદાર ફુલો અને શીરીન મેવાની લેહજત લેતા હોવો તારે—જેઆરે તવંગર દોસતોની સાથે મોજ મજામા પડેલા હોવો તારે—જેઆરે ઘોડે અને ગાડીએ, અથવા પાલખીએ બેઠેલા હોવો તારે—ઓ ઈઆરો ગરીબોના ફાકાની ઈઆદ કરતા રેહેજો—તેઓની હાલત બેહેતર કરવાને તમારી મોજ મજામાથી થોડુ એક કાહાડી તેઓને આપજો.

૨ જેઆરે અનાજ ભરેલી વખારમાં જાઓ, જેઆરે રાધણી અથ ઉ્રાવગરી ખાનામા જાઓ તારે ગરીબોને ઈઆદ કરજો—અને ઓણીગમ પેહેલમથી એકુ તાહાડી સીરી રોટલી અથવા એકુબે મુઠી ભાર ધાન અથવા ખીચડી—અથવા કઈ વધીઊ નીપીઊ, સાખ અથવા તરકારી, અથવા મુઠી બે મુઠી રાધવાના અથવા દલવાના ચોખા ગરીબોને આપવા શરૂજ પાડી ગરીબોની ભુખી આતરડીની દુવા લેવાની તજવીજ કરજો

૩ જેઆરે તમારી કબટ—ખાનુ—પેટી ઊઘાડો તારે ગરીબોને ઈઆદ કરતા રેહેજો—અને તેમાથી કઈ કપડું—એકુ જુની સારી, એકુબે લેંગી વડરો અથવા કમલી—કઈ ગરમ કપડુ કાહાડજો જેથી તાહડમા થરથરતાં અને કાપતા અને વસતર વગર નાગા ગરીબોના બદન ઢંકાઈ શકાએ

૪ જેઆરે બજારના સોદા કરવા જાઓ તારે ગરીબોને ઈઆદ કરજો અને એકુ બે રાધવાના વાસણ—એકુ પાટલો અથવા ચટાઈ—એકુબે કરશીઆ કાશીઆ—અથવા ઘેર સસાર લાએક તેવોજ બીજો સામાન તમને શસતો મલેતો તે વેચાતો લઈ કોઈ લાચાર કુટુમને મદદ કરજો, તથા તેઓની મુફલીસ હાલતથી કદાચ તેઓનું ઘેર ભાગી ગએલું હોએ તો તે સમારવાને જે સાધારણ ચીજો જોઈએ તે વેચાતી અપાવજો

૫ તમારી પાસે એકુ ઘોડો ગાલતુ હોએતો કોઈ બીચારાં લાચાર માં બાપ વગરના છોકરા જેઓ લાંબી મંજલ મારીને પાણીના દીવસમાં ભીનાતા, અને ગરમીના દીવસમાં સખત તડકો ખમતાં જતા હોએતો તેઓને તમારી ગાડીમા બેસાડી મોકલવાની તજવીજ કરજો કોઈ ગરીબ લાચાર દરદી સખત દુખ ખમી દવા કરાવા વારૂં ઈસપીતાલમા લંગડાતો અને દુખ ખમતો પગે ચાલીને જતા હોએતો તેને બેસાડી લઈ જવાને તમારી એકુ ગાડી શરૂજ પાડજો

૬ જારે તમારા બાગ બગીચામાં ભરપુર બહાર આવેલો હોએ તારે ગરીબોને ઈઆદ કરતા રેહેજો, અને તેમાથી તેઓના ગુજરાનને સારૂ એકાદ ટોપલી ભરીને પટેટા અથવા કાંદા—એકુબે દુધી અથવા દશ બાર વેંગણ—એકાદ બે દીવસ ચાલે એટલી સીંગોની જુડીઓ અથવા તેવીજ બીજી તરકારી ગરીબોની તંગી મટાડવાને, અને તેઓની આતરડી ઠર

પત થાએ એવી રીતે તેઓને જમવાને બની આવા સારૂં મોકલી દેજો.

૭ જેઆરે તમારૂ ઘેર સાફ સુફ કરો તારે ગરીબોની ઈઆદ કરજો, અને જુની પુરાણી ચીજો, બા જેવા ભંગારના વાસણો—શડેલી લાગેલી છત્રીઓ, ખાલી તથા ભાગેલી સીસી અથવા બાટલીઓ—ખાલી ચાહેના બાકસો—ભાગી તુટી ખુરસી અથવા પેટીઓ અને એ વગરે બીજો એવોજ સામાન વેચી નાખી તેમાંથી જુજ કમાઈ તમે પોતે લેવાને ઠેકાણે બીચારા ગરીબોને એ ચીજો આપી દેજો કે તેઓ એ વેચી જુજ નાણું એકઠું કરી શકે.

૮ જારે તમને ફુરસત હોએ, અને તમે આમ તથા ઓનીઆમ પેલીગમ ફરવા ભટકવા નીકલો તારે ગરીબોની ઈઆદ કરતા રેહેજો, અને તેઓના ગરીબ ઝુપડામાં જઈ તેઓની તથા તેઓના બચાં છોકરાંની ખબર લેજો કે તેઓ કેવી રીતે તંગી ભોગવી પોતાનો વખત ગુજારેછે, અને તેઓને જરા પણ ફરાગતીથી પોતાનું ગુજરાણ કરવાને બની આવે એવી મદદ તમારેથી થતી હોએતો તે તુરત કરજો. ઈઆરો જો એવું તમે નહી કરશોતો ખચીત ગરીબોને તમે ભુલી જવાના, તેઓની ઈઆદ તમને કધી નથી આવવાની.

૯ વરસ દાહાડે તમારા હીસાબ કીતાબોની તપાસ કરો અને તમને એવું માલુમ પડેકે તમારૂં વરસ જેજે કાલમાં ગઊંછે તો તેની ખુશાલીમાં એકાદ તેવી સારી રકમ ગરીબોમાં ભેગત કરવાને જુદી પાડજો, અને તમને જે ઈસવરે ખજાનો આપેઓછે તેનો સારી પેકે વાજબી ઊપઈઓગ કરવાને તમે લાએક માણસ છેઓ એવું તમે તમારી તરફથી સાબવાને બતાવજો.

૧૦ ઘણું કરીને નવા વરશને દીને—દીવાલી—પતેતી નવરોજને—દીને ગરીબોને ઈઆદ કરજો એ વખત ખરી મોજ એ ગરીબોને દાન કરેઆથી ભોગવવાનીછે. તમને ઈઆદ તે ગરીબોની કરવી જોઈએછે, અને નહીકે તવંગરોની.

---

## જાનવરો સમજી શકેછે કે નહી ?

આ મથાલું જે મુકીઊંછે તે બરાબર વીચારીને જે મુકીઊંછે. ઘણીવાર એવા સવાલો સાંભલવામાં આવેઆછે કે જેમ માણસોમાં સમજણ સકતીછે તેવી ઊતરતાં જનાવરોમાં પણછે કે નહી. અલબતાં એ સવાલનો જવાબ એવો મલેછે કે "હા ઊતરતાં જનાવરોમાં પણ સમજણ શકતીછે." જો એ જનાવરોમાં એક વાર હરેક ચીજ વીશે છીટ પેઠીતો પછે ગમે તેવું દુખ ખમે પણ તેવી ચીજોની કેડે જનાર નથી. માણસોમાં એવી રીત જોએઆમાં આવીછે કે કોઈ માણશમાં હરેક વસતુ ખાધાનો ઘણો શોખ દાખલ થએલો હોએછે, તો તેથી તેને દુર રાખવાને તેની આશપાસનાઓ તરેહવાર ઊપાઓઓ કામે લગાડેછે—તેમાં મુખીઅ કરીનેતો તે વસતુનો કોઈ એવી ખરાબ ચીજ સાથે મુકાબેલો કરેછે કે જેથી તે ખાનાર માણસને સુગ લાગે અને ફરીને તે ખાવા ન માગે—તેમજ બચાંને પણ સમજાવેઆમાં આવેછે, જો એક બાલકનો હરેક કોઈ વસતુ ખાધા ઊપર ઘણોજ ભાવ થએઓ હોએછેતો તેથી દુર રાખવાને તેની મા અથવા બાપ તે બચાંને તે વસતુ વીશે એમ કેહેછેકે "ના, એ ખાતો ના, હો, એતો ચોછે, એ ખાઈએતો પેટમાં દુખે, ઈતીઆદી" એ પરમાણે હરેક ચીજથી દુર રાખવાને માણસો ઊપાઓ કામે લગાડેછે, અને ખરેખર એવા ઊપાઓથી કેટલીક વેલાએ ધારેઆ પરમાણે પેલાં સાંબાં માણસમાં છીટ પેસેછે, તો પછી તેવી વસતુ જોપણ તેને ઘણી ગમેઆ છતાં, તે ઊપર તેનો ભાવ મુદ્દલ થતો નથી. જે પરમાણે માણસોમાં આવી સુગ પેસેછે, તેજ પરમાણે ઊતરતાં જાનવરોમાં પણ થાએછે—ઓરંગાટાંગ નામનું જનાવર જે ઘણું કરીને વાંદરાને મલતું આવેછે, તે જાનવર વીશે એક જણ એમ કેહેછેકે એક ઓરંગાટાંગને ઈડાં ખાવાનો ઘણોજ શોખ હતો, પણ એક વેલાએ જારે તે માંદો પડેઓ હતો તારે ઈડાંમાં ડેવીને કાંઈ ઓસડ તેને ખવડાવીઊં હતું, તે ઊપરથી તેને ઈડાં વીશે એટલી તો સુગ ભરાઈ કે જોપણ તેને ઘણો શોખ છતાં તે કદી ઈડું મોહોડે મુકતો ન હતો—એક પાલેલાં કેહેલાંને મુરગી તથા બેદાં ચોરી ખાવાની આદત પડેલી હતી, જે મુકાવાને ઘણા ઊપાઓઓ કરેઆ છતાં કાંઈ વલીઊંતું નહી તારે એક વાર ગરમ ગરમ (મોહોડું દાઝી જાએ એવી) મરચી તથા કડકતો ઈડાંનો પેરો તેને ખાવા નાંખેઓ. એ ગરમ વસતુઓથી દોહોલાંની એવીતો ખાતર નીશાં થઈ કે ફરીને તેણે મુરગી તથા

બેદાંનું નામ લીધુંજ નહી, અને દર રોજ જે ચોરી થતી હતી તે. આવા ઊપાએથી મટી—એક વાંદરાને બરાંડી પીવાનો ઘણો શોખ હતો, પણ એક વેલાએ તેના ધણીએ બરાંડી દારૂમાં બલતો કાકરો મુકીઓ, જેથી દારૂ બલતો તે વાંદરાની નજરે પડેઓ; એ દેખાવથી તેનાં મન ઊપર એવીનો મજબુત અસર થઈ કે ગમે એટલા ઊપાએ કરેઆ છતાં, તે દાહાડા પછી વાંદરાએ બરાંડી છોડેઓ—ઘોડાની એક જોડીને એવીતો ખરાબ ટેવ પડી હતી કે જેવારે તેઓ કોઈ પાહાડના ચઢાવ આગલ આવે એટલે તુરત અટકે, અને ગાડી વાલો તેઓને પાહાડ ઊપર ચહ્ઢાવવા માટે અતીશએ મેહનત કરે તથા ઊપરથી ધુમ ચાબુકો મારે તો પણ તે ઘોડા જરા હટે નહી, તેવારે એક એવી ઈઊકતી કામે લગાડી કે જેવારે ગાડી ચઢાવ આગલ આવે એટલે ગાડીની પાછલ બીજા ઘોડા જોડીને ગાડીને પાછલી ગમથી ખેંચાવાની તજવીજ કીધી, જેથી કરી પેલા આગલા ઘોડાઓ ખાંસથી ઊપર ચઢી જવા લાગા, અને એ ઊપાએ કીધાથી તે ઘોડાઓના મનમાં એટલીતો અસર થઈ કે જારે તેઓ કોઈ ચઢાવ આવે તારે જરાપણ થાક લીધા વગર અથવા આનાકાની કરેઆ વગર એક દમ તે ચઢાવ ઊપર ચઢી જાએ અને છેક મથાલે જઈને પછી ઊભા રેહે—એક કુતરા વીશે એવું જણાવેઆમાં આવીઊં છે કે તેના નાખ આગલ કસતુરી ધરી રાખીને તેને એક વાર માંરેઆમાં આવેઓ હતો, તે ઊપરથી તે જાનવરમા કસતુરી વીશે એટલો તો ભએ પેઠો હતો કે જેવો કશતુરીનો વાસ તેને આવેઓ કે તે તુરત નાંશ ભાગ કરવા માડે, તેમજ એક બીજા કુતરા વીશે એમ કેહેછે કે એ જનાવર એક વેલાએ એકાએક ગંધકની દીવાસલીથી તે બલી ગએલું હતું, એવું થએઆથી તેનામા એ દીવાસલી વીશે એટલી તો ધાસતી પેઠી હતી કે અમશથા આપણે જાણે તે સલગાવતા હોઈએ એવું કરીએ; એટલે તે ખુબ ચીરડાઈ જાએ તથા ભોંરવા માંડે—પુનુદારક એક ખચ્ચર વીશે આ પરમાણે બોલેછે કે "એક ખચર ઊપર મીઠું લાધેલું હતું, અને તે બોજો ખેંચકીને જતું હતું, એવામાં એકાએક તે નદીમાં પડી ગઈઊં, તે પડી ગઈઊં તેથી અલબતા તેની ઊપર લાધેલું મીઠું થોડું પઘલી ગઈઊં. એ મીઠું ઓછું થએઆથી પોતા ઊપરનો બોજો જરા હલકો થએલો તે ખચરને જણાઓઓ, તેથી તે ખચરે પછે એજ ઊપાએ કામે લગાડવા માંડેઓ કે જેવારે નદી આવે તારે ખા સુખા બેસી જઈ પોતા ઊપરનો બોજો હલકો કરી નાખે. અલબતાં એ જનાવરની એ આદત મુકાવવા માટે તેના ધણીઓને કોઈ બીજોજ ઊપાએ કામે લગાડવાની ફરજ પડી, તેથી તેઓએ મીઠું ભરવાને બદલે વાદરાં ભરેઆં અને જારે ખચર પાણીમાં આદત પરમાણે બેઠું તારે વાદરાઓએ પાણી ચુસી લીધું અને બોજો હલકો થએઆને બદલે ભારી થાએઓ જારે એ ઊપાએ કામે લગાડેઆમાં આવેઓ તારેજ ખચર પણ સમજીઊં, અને પોતાની આગલી ખોડ મુકી. આ પરમાણે ઘણાક દાખલા મલી આવેછે, જેઓ ઊપરથી સાબેત થઈ શકેછે કે એ ઊતરતાં જાણવરોનાં પણ માણસોની પેઠેજ સમજણ શકતીછે.

---

## અસતરી જાતને લાએકના સંસારી ધધા.

રૂશીઆ સાથે લડાઈ ચાલતી હતી તે વખતે વખણાએલી ફલારેંનસ નાઈટીંગેલ નામની માહા ધરમાતમાં અસતરી જે શુભ કામો કરવાને પોતાનો દેશ છોડીને તુરકી દેશમાં ગઈ હતી અને તેણે પોતાનો વખત ઈસપીતાલોમાં દરદીઓની બરદાશત અને માવજત કરવા તથા બીજાઓ પાસે કરાવા જે મેહનત કીધી હતી તેથી એ બાઈનું નામ જાવેદાન તલક રહી જવા લાએક થઈ પડીઊંછે. જાહારથી એ બાઈએ એવી રીતે બઈરી જાતને સારૂં એક નવો લાએક ધંધો સોધી કાહાડેઓછે તે વખતથી ઈંગ્લંડમા એક સવાલ ઊઠી રેહોછે કે તાહાની ઈસપીતાલોમાં તથા બદીખાનાઓમાં, અને જુવાન નાહાના છોકરાઓ જેઓ નઠારી સોબતમાં ફરેઆથી માઠી ચાલ પકડી ચોરી—લુચાઈ—અને તેવાંજ બીજા અનીતી ભરેલા કામો કરેછે તેઓને સુધારવા સારૂં જે જે ઊદીઓગ સાલા અને ખાતાં કાહાડેઆમાં આવેછે ત્યાં તેઓની માવજત અને જતન કરવાને સારી કેલવણી પામેલી તથા સુખીઆની સુખો ધરાવતી અસતરીઓને કામે લગાડી હોએતો તેથી કેટલા ફાએદા હાસલ થાએ. આટલી બીનાતો સાબેત થઈ ચુકીછે કે

સીપાઈ લોકની ઈસપીતાલોનાં એવી અસતરીઓની તજુમલથી દરદીઓના દરદો અરધો અરધ નરમ થએલા લાગતાં હતાં; તેમજ તે બાઈઓની મીઠી જબાનથી અને દેલાસાના બોલોથી દરદીઓને સબુરી અને ખોદાતાલા ઊપર પુર એતેકાદ રાખી પોતાના દુખ ખમવાને હીમત તથા શકતી મલતી હતી. આ જણાએલી બીના ઊપરથી અચે વધારે પુછ પરેછ કરવાનું કઈ નથી રેહું કે એવી જગાઓ ઊપર તેવી હુશીઆર અને તજુમલ ભરેલી લાએક અસતરીઓને રાખી હોએ તો તેઓ મરદોના કરતાં સો ઘણે વધારે શએદા ઊપજાવનાર અને કામ બજાવા જોગ ઊપરીઓ થઈ પડેછે. જો સરકાર અને લોકનું મત એ બાબદ ઊપર એક મલતું થઈ ઊતો એ કાંમને સારૂં જેટલી જોઈએ એટલી લાએક ઓરતો મલી આવશે. ઈંગલંડ સેવાએ જો ઈઊરૂપ ખંડમાં બીજાં દેશોમાં તપાસ કરશું તો માલુંમ પડી આવશે કે તાંહાં એ પરમાણે ઓરત જાતના ઊપરીપણા એઠલ એવા ખાતાં આજ લાંબી મુદત થઈ ચાલેઆ જાએછે, અને તે વલી એવી રીતે કે તેમાં કઈબી વાતની કસુર વગરે એકાદ વેલા મરદના ઊપરીપણા એઠલ કેટલીએક વાતની ગફલતી, અથવા બારેવાટી ચાલતી જણાઈછે, પણ જાંહાં લાએક ઓરતોને ઊંપરી ઠેરવેલી આછે તે ખાતાઓનો વહીવાટ ઘણોજ બંદોબસતથી ચાલેછે એટલુંજ નહી, પણ તેમાં રેહેનારા સખસોની ચાલ ચલણ ઊપર એવીતો શએદા ભરેલી અસરો એ અસતરીઓના ઊપરીપણાથી થાએલી જણાઈછે કે તેનો અહેવાલ વાંચી આપણે તાજુબ થાઆ વગર નથી રેહેનારે. એલબતાં એવી રીતે જે અસતરીઓ પોતાનો વખત ગુજારવા ચાહાતી હોએ તેઓથી આ દુનીઆના કુટુંમ પરીવારના વેહવારમાં સામેલ નથી થઈ સકાવાનું, પણ એ વીશે કોઈ ઊપર જુલમ જાસતી નથી જે કોઈ બાએડીઓ એમ સમજતી હોએ કે અમે અમારો વખત અમારા ભાઈબંધુઓના કલેઆણનેમાટે ગુજારીએ—દુખી અને દરદીઓને મદદ થઈ તેઓની ઊપર પડતી જખ ઓછી કરીએતો આ ઊપર જણાવેલો એક ઘણોજ લાએક અને ધરમાતું ધંધો છે જેમાં કોઈબી અસતરી રોકાવા માંગેતો તેણે ખચીત એક નેક કાંમ કરવાનો ધંધો અખતીઆર કીધેલો કેહેવાવાનો.

આવી તરેથી જીંદગી ગુજારવાને સરવે કોઈથી બની નથી આવવાનું, અથવા એવી ભલામણ સઘલીને કરે આમા નથી આવતી, પણ આપણા ટોલાનાં જેઓ પઈસા ટકાથી સુખીછે તેઓ જો પોતાનો વખત આવા ધરમી કામમાં ગુજારવાનો ઠરાવ કરેતો હીંદુસથાનમાં પારશીના ટોલામા એક નવો સને ઊભો થાએ એમા શક નથી. આ લખેઆથી કોઈ બાઈઓએ એમ નહી સમજવું કે અમે તેઓને ઈસપીતાલમાં દરદીઓની માવજત કરવાને ભલામણ કરીએછ તેથી તેઓના દરજાને કઈબી હલકાઈ અથવા ખેજાલત પોહોચવાની. આટલું ખુબ ઈઆદ રાખવું કે આજારી માણસોની માવજત કરવી, અને દરદીઓના દરદ ઓછા કરવાને તેની બરદાસત લઈ તેને મદદ કરવી એ જેવું ખોદાતાલાને પસંદ પડતું કામ બીજુ થોડુંજ હશે એ ગુણનો ખરોજ ખોદાઈ ગુણછે, અને આપણા ટોલાની બાએડીઓમાં એવી એક ખરીજ ધરમી અસતરી પોતાનો વખત ઈસપીતાલોમાં એવી રીતે ગુજારતી જોવાથી આપણા ટોલાને કેટલું માન થાએ? ઊમેદછે કે કોઈબી એવી નીકલી આવશે જે પોતાની દોલત, અને વખત, પોતાની મેહનત અને અકલ એવાં સુભ કામમાં રોકવાને આગેવાન થઈ પોતાની બીજી બેહનીઓને એક સારો દાખલો બતલાવે.

ઈઊરપખંડની ઈસપીતાલોમાં આબરૂવાલી, હુશીઆર, અને નીતીગુણ ધરાવતી અસતરીઓને ઊપરી રાખેઆથી કેવાં કેવાં જાણવા લાએક પરીણામો ઊતપન થઓંછે તેના કેટલાએક દાખલા નીચે લખી જણાવેઆછે.

મીસતરીસ જેમીસને એ બાબદ વીશે કેટવો એક એહેવાલ આપેઓછે તેમાં તે એમ જણાવેછે કે ટીઊરીન સેહરની ઈસપીતાલના ડરેકટરે તેને એવી ખબર આપીછે કે જે વખતથી ઈસપીતાલોમાં અસતરીઓને દરદીઓની બરદાસત લેવાને ઊપરી ઠેરવી તેઆરથી એ ખાતાંમાં એક અજાએબ જેવો ફાએદો હાંસેલ થઓછે. એવી ધરમાતુ અસતરીઓને રાખેઆમાં આવી હતી તેની આગમછ દરદીઓની બરદાસત લેવા સારૂં કેટલાએક મરદોને સીપાઈઓની પલટનોમાંથી પસંદ કરીને મોકલેઆ હતા, અને તે પસંદ કીધેલા મરદો કેવા, કે જેઓથી બીજું કઈજ કાંમ બરોબર થઈ નહી શકે

એવા નાલાએક ઊપરીઓને લાવી રાખેઆ પછી તેઓ પોતાનું કામ બરોબર બજાવે એટલા સારૂં તેઓને વારતે રાણત કાએદા કરવા પડેઆ હતા; અને તેઓના ઊપરીપણા એ ઈસપીતાલોમા જે નજીસી, તથા ગલીચી, ... ...ની ગફલતીઓ તથા તમામ જાતની અનીતી ... હતી તે એવીતો ભએનકાર થતી હતી કે તેનુ બએન થઈ નથી શકવાનું. એવાં ઊપરીપણામાં ફેરફાર કરવાની જરૂર થઈ પડી હતી તોએપણ તે કરવામા લશકરી સરકારો અને ઈસપીતાલના વઈદો તરફથી તકરાર વાવા અને અટકાવો થઈ પડતા હતા, આખરે કોલેરા મરજે એક વખત એવોતો સખત હુમલો તે ઈસપીતાલમા કીધો કે એવા ઊપરીઓમાંના ઘણા જણ ઘબરાટમા પડેઆ, કેટલાએકતો એટલા બીધા હતા કે પોતાનું કામ બજાવાને તેઓની સુધ પણ ઠેકાણે નહી રહી. આવા ઘબરાટના વખતમા કેટલીએક ધરમાતુ ઓરતોને દરદી માણસોની બરદાસ કરવા સારૂં ઈસપીતાલોમાં દાખલ કીધી, અને તેથી એકદમ એક અજાએબ જેવો ફેરફાર થઈ ગીઓ. જે ઘબરાટ આગળ થતો હતો, તે એકદમ નાબુદ થઈ ગીઓ, નજીસી અને ગલીચીને ઠેકાણે નફાઈ અને સુઘરાઈ ચાલવા લાગી, બેચેની અને ગડબડને ઠેકાણે સુખ અને ફરાગતી થઈ પડી ઈસપીતાલનો વડો ડાકટર બોલવા લાગો, સુંદર ... ... વી ફાએદા ભરેલી એ આવજત ... ... ફેરફાર ... ... ... કીધાથી ઊતપન થઈ હતી, અને ... ... ... ... ... આગળ દુવા કરતા હતો કે આવો ... ... લાએક ઊપાએ તેને સુજ પડેઓ હતો.

... ... એક બીજી ઈસપીતાલમા ૪૦૦) દરદીઓ પડેલા હતા, તેમા મરદ અને ઓરતો સરખે ભાગે હતાં તેનીજ સાથે આજારી બચાથી ભરેલો વળી એક બીજો ઓરડો હતો, અને બીજા બે ઓરડાઓમાં નજદીક ૬૦) તાપ ચાલતામી એવા દરદવાલા હતા કે જેઓનો ઊપાએ થઈ શકેજ નહી. આએ આખી ઈસપીતાલની માવજત ૨૨) ધરમાતુ દીલવાલી અસતરીઓના ઊપરીપણા હેઠલ થતી હતી તેઓની સાથે ૪૫) માણસો મરદો અને ઓરતો મળી બીજાં હતા, તથા ઘણા ડાકટરો અને વઈદક શાશતર શીકનારા વીદીઆરથીઓ પણ સામેલ હતા. ઓરસી 'ઈસપી

તાલ પુરતી સફાઈ ભરેલી અને બરોબર રચનાસર હતી, અને તેમાના દરદીઓ વલી ચેનથી રેહેતા હતા. જે રીતથી દરદી માણસોને ખોરાક આપેઆમા વતો હતો તે એવીતો સુઘરાઈથી અપાતો હતો કે તે જોઈ નરસે કોઈનો જીવ ખુશ થતો ખાણું મોટા ખુમચાઓમાં મરદો ઊચકી લાવતા, અને તેમાથી દરદીઓને પેલી અસતરીઓ પોતે હાથે વેહેચી આપતી હતી. દરદીઓના બીછાના આગળ તેઓના કેટલાએક ખેશ કુટમ અથવા દોસતના બેઠેલા રેહેતા હતા. એક દરદીને મેં જોઈ ને બીચારો પોતાના બીછાના ઊપર હેરાન પરેશાન ભરેલો પડેલો હતો, તેની પાસે તેનો એક ગમગીન દીલથી બેસીને પોતાના ધણીને દયાવી આખથી જોતો બેઠેલો હતો, અને એક છોકરી તે બીછાના પાસે ગુડનમંડીએ બેઠેલી હતી, અને તેને અસતરીઓમાની એક અસતરી નરમાસથી અને આવાજે દીલાસાના સુખનો કરી તેનુ દીલ વતી હતી

મીસતરીસ જેમીસન કેહેછે કે રૂશીઆની લડાઈ ચાલતી હતી તેઆરે તુરકી દેશમા જે ઈંગ્રેજ સીપાઈઓને સારૂં ઊભી કીધામા આવી હતી તે ઈસપીતાલોમા ... ... ઓરત ઊપરી ... ... હતી તેથી ... થી મુતલક થઈ નહીં શકી હતી અને એ વીશે કોઈને પુછીશે હતું તેઓ દર એક એવીજ તરેહનુ જવાબ આપીશે હતું. બીજુ વલી એવું જાણવામા આવીઉં હતું કે ઓરત ઊપરીઓની બરદાસ્ત તલે દરદી માણસો વધારે તાએબેદાર અને ઊપકાર માનતા ઈસપીતાલોમા રેહેલા માલુમ પડેઆ હતા. કેટલાએક દરદી જેઓ તાપની ઘુમરી, અથવા બે સુવીની તાપમા બાવરી ફેસાદ કરતા હતા તે વખતે તેઓને બીછાના ઊપર દાબેલા પકડી રાખવાને મરદોથી કઈ પણ બની શકતું નહી હતું, તે કામ માતરે ઓરતના ... પણા એકઠ એકજ અસતરીથી ફકત તે દરદીના બીછાના આગલ હાજર ઊભી રેહાથી બની શકતું હતું ... ને તે દરદી ફેસાદ કરવાને ઠેકાણે ચુપ, અને ... નચીત ગુંગો પોતાના બીછાના ઊપર પડી રેહેતો સઉથી બારી મસતીખોર, નરમ ... ઈ નીચાનથી ઈસપીતાલમાં પોતાના ... ... ગઈ રેહેતા હતા એવી અસતરીઓના ઊપ

એઠલ ઈસપીતાલોમાંના કેટલાએક નકારા સવભાવના, ગાલ ગલોચીખોર, તથા તોછરાઈ ભરેલા મુખનો બોલનાર દરદીઓ ઊપર એવીતો અસર થઈ હતી કે તેઓની જબાન ચુપ થઈ લાએકી ભરેલી ખાસીએત તેઓએ પકડી હતી; ચોરી બદલે કેટલાએક દરદીઓ બરાંડી અને તેવો બીજો દારૂ મંગાવી પીતા હતા તે બંધ થઈ ગેહતું, અને નાનરસ ખુની દીલવાલા દરદીઓ એ ઈસપીતાલમાંથી પોતાના ગુનાહ વીશે ખરી ભારી દીલગીરી ભરેલા પસતાવો કરી મઆલુ દીલ લઈ સારાં નેક માંણસોની પેઠે ચાલવાનો ઠેરાવ કરી બાહેર નીકલતા હતા. આ બીના કઈ બનાવટથી નથી જોડી કાહાડી, ખરો અહેવાલ નોધાએલોછે, અને આવી ધરમાતુ અસતરીઓના ઊપરી પણાથી માંણસના સવભાવ અને મન ઊપર કેટલી અસર થાએછે તેનો આ ખરેખરો બનેલો અહેવાલ આપેઓછે.

ઈસપીતાલના દરદી માંણસો અને ઊપરી અસતરીઓ વચે કેહવી મોહોબત અને એક દીલી થઈ પડેછે તે વીશે નીચે એક નજરે નજર જોનાર આએ પરમાણે અહેવાલ આપેછે "અમે ઈંગરેજી લસકરના હજારો દરદીઓને ઈસપીતાલમાં ઓરતોના ઊપરીપણા એઠલ પડેલા જોઆછે, તેમાં કેટલાએક એવાતો દરદથી બેજાર થએલા કે એક પલની ચેન તેઓને પડે નહી—હુંક મુતલક ખોએલી, તાપમા સસરી રહેલા, પેટ અથવા સંગરાણીના મરજથી તમામ લુસ થઈ ગએલા—ધનુશ વાઈ ઊના મરજથી તેઓના શરીર તીર કમાન જેવા મરડાઈ ગએલાં,—તેઓની પાસે કોઈ વેલા કોઈ મદદગાર નહી—લડાઈના જખમથી દરદ અને કલતલ પામતા શરીરના ભાગોને આરામથી મુકવાને એકે નરમ ગાદી નહી—કોઈ વખતે દરદથી સુકાઈ જતી જબાનને ભીનવવા ટંડા પાણીનો એક ઘોટ નહી મલે—કોઈ વેલા પોશક્દાર ખોરાક નહી મલવાથી ટલવલતા જીવ વાલા પડેલા—પણ એ સઘલાઓમાંથી એકના મોહોડામાંથી કકવાટ ભરેલો આવાજ—અથવા ફરીઆદનો એક શબદ પણ નહી નીકલેનો હતો સઘલા તમામ સબુરીથી પોતાના બીછાના ઊપર ચુપ અને ખુશ દીલથી પડી રેહલા, અને એ અસતરીઓ જેમ ફરમાવે તે મુજબ ચાલવાને તમામે તાબેએદારી ભરેલા, અને વલી તે સઘલા ઊપકાર સાથે, અને તે બાએડીઓને વધારે તસદી નહી આપવા પોતાથી બની આવતી કોશેશ તેઓ કરતા હતા. દેખઈતી મરણવાએક હાલતમાં આવી પડેલા દરદીઓ આંપણી તરફ હસતે મોહોડે જોતા હતા. સઘલી અસરો પેલી ધરમાતુ દીલવાલી અસતરીઓના ઊપરી પણાથી, દરદી ઊપર તેઓની બેહદ માયા અને માવજતથી ઊતપન થઈ હતી. તેઓની નરમાસ ભરેલી ચાલ—દુખીઓના દુખ સાથે તેઓ મલી જતાં હતાં—અને વગર થાચકવે દરદીઓની રાત ઓ દીન માવજત અને બરદાસત લેતાં હતાં તેથી ભારી દુખ ઊપજાવનાર દરદનું જોર દરદીઓને અરધું પણ નહી લાગતું હતું. તેમાં એક સીપાઈતો સાફ એમ બોલેઓ હતો અને ઘણી વખત બોલતો હતો કે જ્યારે નશ નાઈ ટીંગેલ નામની ધરમાતુ દીલવાલી મારા ઓરડામાંથી ચાલી જાએછે તે વખતે ફકત તેનો ઓરો મારા બીછાના ઊપર પડેઆથી મારું અરધું દુખ કમી થઈ જાએછે.

આવી કેલવાએલી અને ધરમાતુ અસતરીઓ ફકત ઈસપીતાલોમાં કાંમ જોગ થઈ પડીછે એટલુંજ નથી. તેઓનું ઊપરીપણું બંદીખાનામા અને નઠારા લોકને સુધારવાના કારખાનાઓમાં પણ એટલુંજ ઊપઓગી થઈ પડીછે, અને ઘણા તકસીરવાર બંદવા એ બાએડીઓના ઊપરીપણા એઠલ રેહાથી, જારે બંદીખાણું છોડી બાહેર ગીઆછે તારે સુંધરેલા અને ઘરસથ માંણસોની આબરૂ ધરીને બાહેર પડેઆછે.

કપતાન મેકોનોકી કેહછે કે નારફકના ટાપુમા જે તકસીરવાર બંધવા તરીપાર થઈ આવતા હતા તે એવાતો નઠારાં માંણસો હતાં કે આ દુનીઆમાં અથવા પેલી દુનીઆમાં—બેહસતમાં અથવા દોજખમાં કોઈબી ચીજને માન નહી આપે એવા બેશરમ અને અનીતી ભરેલા હતા, તેઓપણ મારી બાએડીના ઊપરીપણા એઠલ એવાતો સારીપેઠે અને આબરૂથી ચાલેઆ હતા કે તેઓ જાણે ખરાજ ઘરસથ હોએ. એ થવાનું કારણ એટલુંજ હતું કે મારી બાએડી તેઓની સાથે દયાથી—નરમાસથી—અને તેઓની સાથે હીમતથી પોતાનો કારભાર ચલાવતી હતી. જેઓ કોઈને માનતા નહી હતા, તે મારી બાએડીને તાબેએદાર થઈ રેહા હતા. એજ પરમાણે બીજી જેલોમાં પણ એ વીશે તપાસ કરી જોઈછે, અને એવું સાબેત થએ



રોઝેટ પેલીકન

## પેલીકન અથવા માહીખર.

આ પાસેનુ ચીતર પેલીકન નામનાં એક પખશીનુંછે. એ પખશીની ચાંચ સીધી હોઈને અણી આગલથી હુક અથવા આંકડીની પેઠે મરડાએલી હોએછે, તથા તેની અણી ઘણીજ ધારદાર હોએછે. એના નસકોરાં જાંણે લાંબી ફાટ પડેલાં હોએ એવાં જણાએછે. ચેહરા ઊપર એ પખશીને મુદલ રૂવાં અથવા બાલ જોએઆમાં આવતા નથી. એનું ગલું ખુલું હોએછે, પણ તેનાંમાં એ ગલાને ખેંચીને પેહોલું-કરવાની શકતીછે, તેથી તે કેટલીએક વેલાએ માછલી વગેરે એકદંમ ગલાંમાં એકઠું કરી શકેછે. એ પખશીને પગે ચાર અંગુથા હોએછે, પણ તે ચારે અંગુથા ચામડીથી એક બીજા સાથે જોડાએલાછે, જેથી કરીને તરવામાં એ પખશીને એ અંગુથાની ઘણી મદદ મલેછે. એ પખશી કાંઈ માતરે એક જાતનું જ નથી, એની જુદી જુદી તીશ જાતોછે, તે માહેલી મુખીઅ જાતોનું બએઆન નીચે પરમાણેછે—

પેહલી જાતનાં પખશી વીશે એમ કેહછે કે તેનું વજન ૨૫ રતલ સુધીનું થાએછે. એ પખશી જો પોતાની બંને પાંખો ઊંઘાડે તો એક પાંખનાં છેડા આગલથી તે બીજી પાંખનાં છેડા સુધી ૧૫ ફુટ પોહોલાઈએ ભરતમાં થાએછે. એ પખશીના ઊપલાં જડબાંની વચેની ચામડી એવીતો છેકે જેને મોહોટી કરવા માંગે એટલી તે થઈ શકેછે, કેહછે કે એ ચામડી છેક ગલાંમાં અરધો ફુટ ઊતરી શકેછે, અને વલી તેમા કેટલું બધું પાણી પણ ભરી રાખી શકાએછે, એ ચાંમડું કામે પણ લાગેછે—ઈંગરેજી ખલાશીઓ એ ચાંમડાંની તમાકુની કોથલીઓ બનાવેછે, તથા ઓરતોના ઊપએગને માટે પણ એ ચામડાંની મજેની રોણકદાર તથા શોભીતી કોથલીઓ બનેછે. કાસપીઅન સમુદર તથા કાલા સમુદર આગલ એ પખશીઓ ઘણા જોએઆમાં આવેછે, અને તેમજ વલી એ પખશીઓ ગરમ દેશોમાં ઘણા મલી આવેછે, તે એટલે સુધી કે આફરીકા ખંડનાં દરએક દેશમાંથી એ જાનવર મલી આવેછે. એઓ પોતાના માલા-બાંધવામાં બીજાં પકશીઓની પેઠે ઘણીજ સંભાલ લીએછે, અને વસતી હોએ તેવી જગા ઊપર પોતાના માલા બનાવતાં નથી. એ માલા જે તેઓ બનાવે છે તેઓનો ઘેરાવો દોઢ ફુટનો હોએછે. અગરજો એ માલા માહેલી માદાને કશી વાતની હરકત માલમ પડી તો તુરત તે પોતાના ઈંડાં લઈને છેક પાણીમાં ઊતરી પડેછે, અને ઘણીએક વાર સુધી તાંહાં પડી રેહેછે, અને જારે તેને કશી વાતની હરકત જણાતી નથી તારે તે પાછી પોતાના માલામા જાએછે એ પખશીઓનો ખોરાક મુખીઅ કરીને માંછલાનોછે, એટલું છતાં પણ દુર જંગલોમાં એઓ વારે ઘડીએ પોતાના માલા બનાવેછે, કે જે જગાઓ ઊપર માછલાં કદી મલી આવતાં નથી. એ પખશી ડુબકી મારવામાં ઘણાંજ ચંચલ હોએછે, અગર જો કોઈ શેકાર દરીઆમાં નજર પડીઓ તો તુરત તેની પાછલ ડુબકી મારી પોતાના મોહોડાં માહેલી કોથલીમાં એક દમ માંછલાં ભરીને પછે તે બાહાર નીકલેછે, અને પછે કોઈ ખડકીની અથવા પાહાડોની કઠણે બેસીને તેનો ભખશ કરેછે. એઓ વીશે એવું કેહછેકે જારે એઓ માછલાંનો શેકાર કરવાને જાએછે તારે તેઓ બે ચાર એકઠાં થઈને જાએછે—છુટાં જતાં નથી. એ પખશીઓ ડુબકી મારીને માછલાંને ઘણા પાણીમાંથી થોડાં પાણીવાલી જગા ઊપર ધસડી લાવેછે, અને પછે તાંહાંથી ધીમે રહીને તેઓ બાહાર કાહાડેછે.

બીજી જાતનું પખશી "અમેરીકાના પેલીકન" ને નામે ઓલખાએછે. એ જાતનું પખશી એક હંસના જેટલાં કદનું હોએછે. એ પખશી વીશે બીજું એવું જણાવેઆમાં આવીઊંછે કે તે પોતાના ભીતરો ભણી ઘણુંજ દઓલુછે, તે એટલે સુધી કે જો કોઈ અશકત હોએ અથવા નાતવાન થએલું હોએ, તો બીજું મેહેનત કરી તેને માટે ખોરાક લઈ જાએછે.

તરીજી જાતનું પખશી "રાતી પીઠવાલા પેલીકન" ને નામે ઓલખાએછે. એઓ માહેનું એક પખશી મી૦ લાથમ નામના શખશ પાસે હતું; એ પખશીની તે શખસે તપાસ કીધી, તે ઊપરથી માલમ પડીઊં કે એ પખશી, દર એક રતલ વજનની દસ માછલીઓને પોતાની કોથલીમાં રાખી શકે એવું હતું, એ માછલીના માથાં, ગલાં આગળ રાખેલા હતાં. એ પરમાને માછલીઓ રાખેલી, જે પાછલથી ખાધાના ઊપઓગમાં આવેછે.

ચોથી જાતનું પખશી - જે "માન આવ વાર" (લડાઈનુ વાહાણ) નાં નામથી મશહુર થએલુ છે, તે પખશી

ઓ ઊપર વેર લેવાની મતલબથી તેઓને પોતાની જયરાગણીમાં મોકલી પછવાડેથી પોતે હેરાન ગતી ભોગવવી કારણ કે એ નાહાના જીવો આપણા પેટમાં જઈ ચુપ નથી બેશી રેહેવાના, પણ એક સપ થઈ ખલવાખોરો કરતા વધારે નાશકારક ખરાબી કરેઆ વગરે આપણો પીછો નથી મુકવાના.

## ધુલ ઊપરથી ધડો.

એક હુનાલાને દીવશ એક શખશ પોતાના બીજા કેટલાએક મીતરોની શંગાથે ફરવાને નીકલેઓ હૈતો. કેટલીક વારસુધી ચાલેઆ પછે, તેના જોવામાં આવીઊં કે તેની સંગાથે જે બીજાં માણશો હતાં તેઓનાં તથા પોતાનાં કપડાંમાં પુશકલ ધુલ ભરાઈ ગઈ હતી. એ ધુલ હવે જો પણ તેઓને ઘણી દેખાતી હતી, તોપણ તે સઘલી ધુલ કાંઈ એકદમ તેઓનાં કપડામા ભરાએલી નહી હતી—એ ધુલ થોડી થોડી ભરાતાં આટલી બધી વધી પડી હતી, અને તે સાથે જે થોડી થોડી ધુલ ભરાઈતી તેતો તેઓને મુદલ જણાઈતી પણ નહી. એવો બનાવ જોએઆથી પેલો શખસ બોલવા લાગીઓ કે " ભાઈઓ આપણને આજ દાખલા ઊપરથી એક નસીઅત પકડવી જોઈએછે કે જેમ આ ધુલ થોડી થોડી પડીને એનો એકદમ જથો થએઓછે, તેમજ માણસોમાં પાપ પણ વધેછે; જેમ ધુલ થોડી પહેલી આપણને જણાઈતી નહી તેમજ થોડુ પાપ આપણને જણાતું નથી પણ આગલ ચાલતાં વધી પડીને પાપનો બોજો આપણે સર એકદમ થઈ પડેછે. જેમ આ ધુલને આપણાં કપડાં ઊપરથી ઝાટકી નાખવાની હવે આપણે મેહેનત કરીએ છઈએ તેમજ હવે આપણને આપણા પાપને દુર કરવાની પણ મેહેનત કરવી જોઈએછે. જેમ કેટલીક વેલાએ ધુલ કપડાં ઊપર મજબુત વલગી રેહેછે અથવા કપડાને ખરાબ કરી નાખેછે, અને પછે તે કપડું આપણને જોવો ગમતું નથી, તેમજ પાપ માણસોને ખરાબ કરી નાખેછે, અને તેને એવુંતો બનાવી દીએછે કે તે પરમેશવરની નજરમા ઘણુંજ ધીકાર લાએક થઈ પડેછે. જે પરમાણે આપણે આ જંગલમા મુસાફરી કરવાને નીકલીઆ છઈએ અને આ જંગલમાંથી ધુલ ખાધા વગર જેમ આપણો છુટકો નથી તેમજ આ દુનીઆમાં પણ આપણે એક મુસાફર તરીકે ફરવા નીકલીઆ છઈએ, માટે આ દુનીઆમાં પણ પાપ કીધા શીવાએ આપણાથી રેહેવાવાનું નથી, માટે જેમ જબલ માહેલી ધુલથી ખરાબ થએલા કપડાં જલદીથી સાફ કરવાની મેહેનત લીધામા આવેછે તે કરતાં વધુ મેહેનત લઈ પાપથી દુર થવાના ઊપાએ તુરત થવા જોઈએછે.

## બેસુધ થએલાંઓને સુધમાં કેમ લાવીએ?

જો કોઈ માણસ એકાએક અણચીતા કોઈ દુખ કારક બનાવથી અથવા કોઈ ધાસતીથી અથવા એકદમ લોહાઈ ગએઆથી બેસુધ થઈ જાએતો તેને ચતું સુવાડવું, તેને ઊંચકવું નહી. લોહી જારે ભેજા આગલ જઈ પુગી શકતું નથી તેથી માણસમાં બેસુધી આવેછે, તેથી જો તેવાં માણસને શીધુંજ રાખીઊં તો બચીત લોહી ભેજાં આગલ જઈ શકનાર નથી, અને તેથી તે વધારે બે સુધ થવાનું, પણ જો તેને ચતું સુવાડી રાખીઊં હોએતો તેથી લોહી ભેજાં આગલ જઈ શકેછે, અને તેથી તે સુધીમાં આવી શકેછે. પણ આ ખોલાસા ઊપર પુરતું ધેઆન પોંહોંચાડવું જોઈએછે કે કેટલીકવેલાએ વલી એથી ઊલટોજ બનાવ બનેછેકે એક દમ લોહીનો જોશ ચહડેઆથી પણ માણસો બેસુધ થાએછે. એક દમ લોહીનો જોશ ચહડેઆથી જે માણસો બેસુધ થાએછે તેઓનાં મોહોડાનો રંગ લાલ અથવા જરા કાલાસ ઊપર આવેલો જણાએછે. માટે જારે હરેક બેસુધ આદમીનું મોહડું ફીકા રંગનું જણાએ તારે જાણવું કે ભેજાં આગલ પુરતું લોહી ન જઈ પોંહોંચીઆથી એ બેસુધ થઈઊંછે, એમ સમજીને તેને ચતુંજ સુવા દેવું કે જેથી જોઈતુ લોહી ભેજાં આગલ ફરી વલે, પણ જો તે બેસુધ આદમીના મોહોડાં ઊપર આગલ કહેઆ પરમાણે લાલ રંગ જણાએઓ તો જાણવું કે ભેજાં આગલ એકદમ લોઈનો જોશ ચહડેઆથી એ બેસુધ થઈઊંછે એવી વેલાએ તે માણસને તુરત શીધું કરવું ઈઆને માથુ ઊંચું કરવું, જેથી કરી લોહી એઠે ઊતરે. બીજું બેસુધ થએલાં માણસોને માટે ધેઆનમાં રાખવું જોઈ



નાગ

એછેકે જારે કોઈનો જીવ ઘભરાએ અથવા તે બેસુધ થાએ તારે તુરત તેનાં મોહોડાં ઊપર થંડાં પાણીના છપકારા મારવા. અલબતાં આપણા લોકોમાં એ રીતતો જાએજછે, ઘણીવાર એવા ઊપાએઓ આપણા લોકો કરેછે, તોપણ એ ઊપાએ કરતી વેલાએ ઘણી સંભાલ રાખવી જોઈએછે—માતરે બે ચાર છપકરા મારેઆ એટલે બસ, જેમ કેટલાએકો એકદમ પાંણી છાટીઆજ કરેછે, તેમ કરવાની કાંઈ જરૂર નથી. પાણી છાટતી વેલાએ બીજી સંભાલ એ રાખવી જોઈએછેકે,અગર જો તે બે સુધ આદમીના હાત, મોહોડું અને છાતી થંડાં પડી ગએઆ હોએતો તેવી વેલાએ થંડાં પાણીના છપકારા કાંઈ કામ લાગનાર નથી એટલુંજ નહી, પણ ઓર તે નુકશાન કારક થઈ પડશે. એવી વેલાએ ગરમ પાણીના અથવા ફલાનીલના કપડાના શેકની મારફતે તેનાં શરીરને ગરમી પુગાડવાના ઊપાએ કરવા જોઈએછે. આટલું પણ ચોકસ ધીઆનમા રાખવું જોઈએછેકે જે તે એકજ ઊપાએ ઘણોવાર સુધી કરવો નહી, પણ અવાર નવાર બંધે ઊપાએ કરી જોવા, કાંએકે કેટલીક વેલાએ હવામાં એકદમ ફેર બદલી થઈ જાએછે. અલબતાં આ ટુક ચેતવણીઊપર જો ધેઆન પોહોંચાડીઆમા આવીઊંતો તેથી કોઈ ઘરતી મદદ મલે તેટલાં જરા સઆર તે દુખનું જોર નરમ રેહેશે.

---

## નાગ.

નાગ એ સાંપની એક જાતછે. એ જાતનાં સાપને કેટલીક વેલાએ ઈઊરપીઅનો ચસમાઈ સાંપ કરીને પણ કેહેછે. આ પરમાણે એને ચસમાઈ કેહેવાનું કારણ એછેકે એ સાંપનાં મસતક આગલ એક મોહોટો ડાઘછે, જે ગોએઆ ચસમો પેહેરીઓ હોએ એ પરમાણે, દેખાએછે. એ જનાવર ૩ અથવા ૪ ફુટ લાબું હોએછે. અને જાડાઈમા બે ઈંચ કરતાં કાંઈ સરસ હોએછે. એ સરપનો ઊપરનો સાધારણ રંગ ભુરાસપર આવેવો પણ જરા ફીકો હોએછે, પેટ આગલનો ભાગ ખુલા બલુ રંગના જેવોછે. જારે એ જાનવરને કોઈએ છંછેરીઊં હોએછે, અથવા એ કોઈને દંખ મારનાર હોએછે તારે, તે પોતાનુ શરીર ઊંચું કરેછે, અને ડોકું વાકું વાલેછે.

નાગ ઘણો લાબો અને ખુબ સુરતછે. પણ જેહેરી સરપોની જાત માહેલો એ ઘણોજ જેહેરી સરપ છે. એના દંખથી એક કલાકની અંદર માણસોના પરાણની આખેરી આવેછે

એ સરપો તાલ પણ લઈ શકેછે. આ દેશોના ગારોંડીઓ તોપલા અથવા છાલકાઓમા લઈને રસ્તે રસતે ફરેછે, અને એ જનાવર ઊપરજ આધાર રાખીને પોતાનુ પોસણ પેદા કરેછે. એ ગારોડીઓ અથવા નાગ વાલાઓ વાસલી વગાડેછે, તે એ નાગોને વધારે પસંદ પડેછે. જે વેલાએ વાસલી વગાડેછે તે વેલાએ એ નાગ પોતાના ડોકાં ઊંચાં કરી, તેને ઊગર એઠે વાકું તીકું કરી તાલ લેછે, જે વેલાએ નાગ તાલ લેછે તે વેલાએ હંસનાં ડોકાની પેઠે તે પોતાની ફેર ઊંચી નીચી કરેછે. જો કોઈ ઘર અથવા વાડીમા એ નાગ પુશકલ થએઆ હોએ, તો તે ઘરમાના મરઘા કુકડાનો ઘાણ કાહાડી નાખેછે. એવી જગાઓ ઊપરથી સાપ અથવા નાગ બાહાર કાહાડવા માટે વાસલી વગાડનારાઓ (ગારોડીઓ) ને બોલાવેઆમાં આવેછે, જેઓ આવીને વાસલી વગાડીને તુરત એ જનાવરોનું રેહેઠાણ શોધી કાહાડેછે. નાગ અથવા સાપોને વજંનતર સાભલવાનો ઘણો શોક હોએછે, તેથી જેઓ તેઓને કાને વજંનતર અથવા વાંસલીનો સાદ પડેછે કે તુરત પોતાની જગા છોડી બાહાર નીકલી આવેછે. એ વામાં તે ગારોડીઓ તેમને પકડી લીએછે.

વજંતરનો સાદ સાભલીને એ જનાવર બાહાર આવેછે, પણ જેવો તે સાદ બંધ પડીઓ કે તુરત તે જનાવર ગતી વગરનું થઈ પડેછે. અને જેવો તે વગર ગતીનો થઈને પડી રેહેછે તેવીજ તરત સંભાલ રાખીને તે ઊપર એક તોપલી અથવા છીપકી ઢાંકી દીધી હોએ તો ઠીક પડેછે, નહીતર તે આશપાશનાં કોઈ ઊભેલાંને દંખ દીએછે, જે દંખનું પરીણામ ઘણીવાર ભએ ભરેલું નીપજેછે., મી૦ ફારબસ કેહેછે કે "એક વેલાએ મેં એ નાગનું ચીતર પાડીઊં હતું, તે ચીતર રંગતી વેલા હું તેને મારી ટેબલ ઊપર એક કલાક સુધી લઈને બેઠો હતો, જે સઘલા વખત સુધી તે ટેબલના ઊપર નાચીઓ હતો. એ નાગ જે હું લઈ બેઠો હતો તેના જેહેરની ફેન અથવા દાંત આગલથી કાહાડી નાખેઆ હતા, એમ સમજીને તેને આણીગમથી પેલીગમથી પકડીને હું વારે વારે જોતો હતો

કે તેના શરીર ઊપર જે છાંટોછે, તે અને હું ચીતર ઊપર પાડુંછું તે સરખીજ છેકે નહીં. એક દાહાડો સવારેના પોહોરમાં માહારો એક ચાકર જે એક મુસલમીન હતો તે દોડતો માહારી પાશે આવેઓ અને ઘણા ઘભરાટ તથા ઊતાવલમાં કેહવા લાગીઓ કે તમો તુરત જઈને બંદગી કરો, સબબ તમારા દાહાડા ઘણા પાધરાછે તે ચાકરે જે મહને કહીઊં તેની મતલબ મહને બરાબર સમજાઈ નહી, તેથી મેં તેને એવો ઊતર દીધો કે હું માહારી ભકતી જે કરવાની હતી તેતો હું કરી ચુકો. તારે પાછો તે ચાકર બોલવા લાગો કે જે મદારી નાગ લઈને ગઈકાલે આવેઓ હતો અને જે નાગ તમોએ હાતમાં લીધો હતો, તે મદારી પોતાના રાબેતા પરમાણે પોતાના નાગને નચાવીને બજારનાં લોકોને ગમત આપતો હતો, તેવામા ઈઆતો વાંસલી વાગતી એક દમ બંધ પડી તેથી કે ઈઆતો કોઈ બીજાં કારણથી તેના નાગને એટલીતો રીશ ચહડી કે તેણે તુરત એક જુવાન અઆતરી ઊપર તરાપ મારી અને પોતાનો ઝેહરી દંખ દીધો; જે દંખથી એક હરધા કલાકમા તે ઓરત મરણ પામી. તમારા દાહાડા પાધરા એટલા માટે કે એજ નાગને તમો તમારાં ચીતરો રંગતી વેલા વારંવાર હાતમાં લેતા હતા પણ તેણે તમોને કશી ઈજા કીધી નથી. એટલું બોલી આ બાદ પણ તે ચાકરે એકવાર ફરીને મહને ઈશવર ભકતી કરવા કહી, અને તે એમજ સમજેઓ કે માહારા જેવો ભાગ્યશાલી બીજો કોઈ નથી."

ડાકટર રસલે તપાસ કરીને એવું જણાવીઊં કે "મેં ૪૩ સાંપોને તપાસી જોએઆછે, તેમાં માતરે ૭ નેજ ઝેહરી ફેન અથવા ઝેહરી દાંત હતા. મેં બીજા પાંચ ઝેહરી સાંપોને દંખની તપાસ જનાવરો ઊપર લીધીછે, તે ઊપરથી એવુંજ નકી થઈઊછે કે ગુંગરીઆ સાંપનાં દંખથી અને ઝેહરી સાંપનાં દંખથી જેવાં પરીણામો નીપજેછે તેવાં હીંદુસથાનના એ સાપોથી વધતા લએ ભરેલાં પરીણામો નીપજેછે. એક ગુંગરીઆ સાંપે ઈંગલંડમાં એક કુતરાંને દંખીઊંતું તેથી બેઅ્ મીનીટના વચમાં તે કુતરૂં મરણ પામીઊંતું. હીંદુસથાનના ઝેહરી સાંપોનાં દંખથી ૨૭ મીનીટ વગર કુતરાં મરતાં નથી."

જેમ કેટલાંક લોકો બીજાં જાનવરોને ભકતીમાં ન ઈઆને પુજા કરવાને ઈઓગનાં શમજીને તેમની જેમ પુજા કરેછે, તેમ કેટલાંક મુરખ અને વેહમી લોક નાગની પણ માનતા કરેછે. બીજાં લોકોની વાતતો, એક કોરે રહી પણ નાગપાચમને અને એવેજ બીજે વખતે આપણા પારસી લોકો તેમાં મુખીઅ કરીને પારશીની બાનુંઓ, નાગને દુધ પવાડવામા અને એવીજ બીજી બેવકુફી ભરેલી કીરીઆઓ કરવાને ઘણી આગેવાની કરેછે. કેટલાએકો એમ સમજેચ કે ઘરમાં નાગ હાએતો તેથી બરકત રેહેછે અને જો ઘરમાંથી કહડાવીએ તો દલદર આવેછે પણ એબી ખોટો વેહમછે. ઘરમાંનો નાગ કોઈને હરકત નહી કરે અથવા આખા દાની રાખે એ કારણસર કેટલીએકો કાતરીઆં ઊપર ખુણાંમાં અથવા મોઘ આગલ ઈંડાં મુકેછે, નાગ એ એક જાતનુ જનાવરછે, તેને વીશે કશી પણ પરકારે વેહમ રાખવો એ જેવી બીજી મુરખાઈ કાઈજ નથી.

## નાહાની વારતા.

એક ઘણોજ શુંદર અને શોભાએમાન ખડીઓ એક વીદવાનની ટેબલ ઊપર હતો, તે એક દીવસે પોતાના મન સાથે આ પરમાણે બોલવા લાગેઓ જે "હું ઘણો સુદરછું, અને હાલ છું એ કરતાં પણ હું વધારે શોભાએમાંન દેખાત પણ મારી અંદર જે પેલી કાલી શીહાઈ પડેછે તેથીજ માહારી શોભા ઓછી થાએછે, હું ખાતરીથી કહુંછું કે આ ઓરડામાં બીજી નાના પરકારની વસતુઓછે તે સઘલાંમાં હુંજ શોભાએમાન છું, જેટ્યો હું આ ઓરડામાં શોભુંછું એટલું બલકે એથી હરધું કાંઈ બીજું શોભતું નથી. માહારી આશપાસ જે ચલકતો સોનાનો વરકછે તેથી તો માહારી ખુબ શુરતીમાં વધારો થાએઓછે. પણ આ કાલી શાહાઈએ મહને એબ લગાડીછે. અગરજો એ શીહાઈ પાછી પોતાની શીશીમાં પડેચ અથવા કોઈ બારીવાટે ફેકી નાખે તો હું ઘણોજ ખુશી થાઊં." ખરીઆમાં જે શીહાઈ હતી તેણે ફીપલું સાંભલી લીધું, અને પછી બોલીજે "ઓ ખરીઆ તને જે કાંઈ જણ-શોભાછે, તે સઘલી મજ થકીછે. લોકો તને જે ઘણું કરીને પાસે રાખેછે તે માહારે લીધે. તું તો એક જડ અને બારી પદારથછે જે એકની એક જગોએ પડી રેહેછે. પણ

હું છું તેથીજ તારૂં જીવતરછે. તારામો એટલી શકતી નથી કે તારી અંદરથી કંઈ પણ ચીજ બાહાર મોકલી શકે. પણ માહારામો એટલી તો શકતીછે કે માહારૂં એક ટીપું હજારો માઈલ દુર દેશોમાં ગનેઆનનો ફેલાવો કરી શકેછે. વીદીઆ હોનર તો સઘલી માહારમાંજ ભરેલીછે, હું વગર, વીદીઆ હુનરનો પણ જે ફેલાવો થએઓછે, તે થાત નહી. માટે મજ શીવાએ તુંને કશી પરકારની શોભા છેજ નહી. હજી જો ન હોતતો હું, કોઈ બીજા ભાગા તુટા પદારથમાં પડીને પણ માહારૂં જે કાંમછે તે કરત, અગરજો કાંઈજ ન મલતતો એક નરીઅલની કાટલીમાં પડીને હું માહારી ગરજ સારત, પણ મજ વીના તું શું કરત." વાશતે ઓ અધુરે ઘડેના ખરીઆ તું એમના શમજ તો કે સઘલું તુંજ કરેછે. અને તારાથીજ થાએછે."

આ ખરીઆ અને શાહી વચે જે બોલા ચાલી થઈ તે સઘલી તેના ધણીએ શાંભલી લીધી અને પછે બોલેઓકે "તમો બંધેઓએ નકામી અને જુઠી ગરૂરી બતલાવીછે. ખરીઓ જે માતરે એ કાદવનો બનેવોછે, તેના ઊપર તેના બનાવનારો પોતાની કારીઅરીથી શોભા દાખલ કરીછે, તે પરાઈ શોભા ઊછીની લઈને તે અભરશો અકડેછે. પણ તે જાંણતો નથી કે તેના ઊપર જે કાંઈ શોભાછે તે તેના બનાવનારની ખુબીછે. તેમજ વલી શીહાઈ શાને અભરશથી પતરાજી મારેછે. તેનો પણ જો ઘટતો ઊપઓગ કરનાર વીદીઆરથી ન મલેઓ તો તે પણ એક ઈશથીર પદારથની સુઆફેક પડી રેહેનાર અને પછી થોડા દાહાડામાં બંધાઈ જનાર અને તે ઊપર ફુગ ચહડનાર. તથા તે માહેથી પછી ખરાબ ગંધ નીકલનાર.

**તાતપરીઅ**—ઘણાં જણાંઓમાં એવી ચાલ જોવામાં આવેછે કે તેઓ હરેક વાતમાં " એતો મેં કીધું, મારા વગર કોઈથી થાએ નહી, સઘલું હુંજ કરૂં. " તેઓએ આ ઉપલી વાત મનમાં રાખવી કે, તેઓ ગમે એટલું કરતા હોએ તો પણ તેઓએ મગરૂરી બતલાવવી નહી. કરનાર તો કોઈ જુદોજ હોએછે, માટે પોતા થકી જે કાંઈ થાએ તે વીશે લોકોમાં નાહાક ગડબડાત કરવો નહી.

## દલવાની ઘટી—હઈઆંની ઘટી.

સઘલાં માણસોને ખબરછે કે ઊપર લખેલી ચીજ કેટલી કાંમનીછે. ગરીબ માંણસને કટકો રોટલી આપનાર એ જેવો જરૂરનો સેહેલો સાંઘો બીજો કોઈ નથી. બાઈઓ તમારામાં કેટલાંએક જણ ખોદા તાલાની મેહરબાનીથી પઈસે ટકે પુરછેઓ, તેથી તમને તો તમારી આગલ ખાવાનું તમારા ચાકરો આણી આપેછે, તે તમે ખુશાલ બેશીને ખાઓછો. તમને ખબર નથી કે જે રોટલી તમે ખાઓછો તે રોટલીના આટા દલનારને કેટલી મેહનત પડીછે. ગરીબ જીલાઈ ડોસી બીચારી પોતાનું ગુજરાણ કરવાને સારૂં લોકે લોકના ઘેરમાં જઈ બસેર ચારસેર ઘહું અથવા ચોખા દલવાના માંગી લાવેછે. તે ચોખાને રાતના બે વાગે અથવા તરણ વાગે ઊઠીને દલવા બેસેછે. તે બીચારી બુઢીછે તેથી તેને મદદ જોઈએછ એટલા સારૂં તે પોતાની સાંથે પોતાની છોકરી અથવા પોતાની કોઈ સગીને બેસાડેછે, અને પસીને ગરકાવ થઈ, મીઠી હુંગ ખોઈ પાએલી, બે પાએલી આટો સહવાર પડતામાં દલી રેહેછે. વલી તે આટો લઈ જેનો હોએ તેને આપવા જાએછે, તારે વલી જેનો આટો હોએ તે બાઈ અથવા બાઈઓને મોહોડેના કોઈ કોઈ વાર કઠણ સબદો તે બીચારી ગરીબડીને સાંભલવા પડેછે. "મર તું, આ આટો કેટલો જાડો પાડેઓ, રાંડ તારાં હાડકાંને જરા વધારે ઘસતાં તુંને દુખતું હતું કે? રાંડ તું સુમફતના પઈસા લેછેકે?" એ પરમાણેના સખુનો સાંભલીને પણ તે બીચારી આંના બે આના લઈ પોતાનો જાડો પાતલો રોટલો બનાવી ગુજરાણ કરેછે. આવી મેહનતનો વીચાર અરે તવંગર બાઈઓ તમે કરો, અને તેવાં બીચારા ગરીબ માણસો ઊપર દઆ લાવી તેઓની ઘટીની મેહનતનું બરોબર આપો, અરે બની આવેતો તેઓ ઊપર દઆ કરી એકુબે દોડીઆં વધારે આપો. ઈઆદ રાખજો કે તમને એ ઘટીની મેહનત વીશે કઈજ નથી લાગવાનું જાંહાં સુધીકે એકવાર તમે પોતે એવી મેહનત તમારે પોતાને હાતે કરી નહી જુઓ તાંહાંસુધી. પણ એ વાતતો એક કોરે રાખો. જીલાઈ ડોસીતો ઘટી ફેરવી પોતાનું ગરીબ રીતે ગુજરાણ કરી થાકેલી પરાગી પોતાના બીછાના ઊપર રાતના ખુશાલ સુએછે. તમે પણ ખાઈ પીને ખુસાલ હુંગ કાહાડોછો, પણ તમને ખબરછે કે તમારા પોતાના દીલમાં એક ખુદરતી ઘંટીછે જેનું ફરવું રાત ઓ દીન ચાલુંનું ચાલુજછે. તે ઘંટીતે તમારૂં પોતાનું હઈઊં. જીલાઈ ડોસીની ઘંટીમાં ચોખા

નાખો, તે દલાએછે, અને બારીક ભુકો થઈ આટો થઈ બાહેર પડેછે. પણ જો ચોખા નહી નાખેઆતો અમસથી ખાલીજ ફરેઆથી ઘંટીના પથરો એક બીજા ઊપર અમસથા ફોરડા ઘસાઆથી તેઓ પાતલા, અને સાંકડા થવાના. તેમજ તમારા હઈઆની ઘંટીમાં કઈ પણ મહ્લું જોઈએ નહીતો તે ઘંટીનો પણ તેવોજ હાલ થવાનો અને એ હઈઆંની ઘંટીમાં જો પવીતર વીચારો, સારાં નેક કાંમોનું વમાસન દખાતું રેહેઉતો ખચીત તેથી બેહદ ફાએદો હાંસેલ થઆ વગર નથી રેહેવાનો. અગર નેક અને પવીતર વીચારોને ઠેકાણે બદ અને નાપાક વીચારો દલેઆ કીધાતો તમારા હઈઆંની ઘંટીના પથરો જલદીથી ઘસાઈ અને નકામાં થઈ જવાના. એક વખત એ ઘંટી બીગડીતો પછી તેમાં ગમે એટલું સારૂં દલવા માંગશોતો તે નથી થઈ શકવાનું. ઘંટીના પથરો એક બીજા ઊપર બરોબર નહી ગોઠવાએલા હાએતો તમારે જોઈએ એટલી મેહનત કરો પણ જાડું દલાવાનું, વાટકો પુશકલ રહી જવાનો, છતાં વટીક પણ સાથે બાહેર નીકલી પડવાના. બારીક આટાનીતો તમને ઊમેદ રાખવીજ નહી. તેમજ તમારાં હઈઆંની ઘંટી બીગડીતો પછી તમારે જોઈએ એટલી મેહનત કરો, જોઈએ એટલી નીતીની ચોપડીઓ વાંચો, અથવા નેક અસલહત સાંભલો, પણ તેથી કઈ અસર નથી થવાની. બધુ જેવું ને તેવું પાછું નીકલી પડવાનું. તમોએ નીતીની બાબદો વાંચીનો તે તમારા મન ઊપર કઈપણ અસર નથી કરનાર,—તમે ખોદા આગલ બંદગી કીધીતો તે અમસથા બોલો હવા ઊપર ઊડી જવાના. આંખ અમસથી એક પાના ઊપરથી બીજા પાના ઊપર માતરે દોડી જશે—હોઠ અમસથા એક ઊપર એક અફડાઈ રેહેશે—જેમ વાંકી અને બરોબર નહી માડેલી ઘંટીનું ફઈ ખોખરો અવાજ કાહાડેછે, તે પરમાણે તમારો કઠોર અવાજ માનર તમને સંભલાશે, પણ તેથી તમારા હઈઆમાં કંઈજ ફાએદા ભરેલો ફેર બદલી નથી થવાની.

ઓ મારા પરવરદેગાર તારી સાલણે બંદગી કરતી વેલા કેટલીવાર હું જાણે ભર હુગમાં ચકચુર પડેઓ હાઉં એવી રીતે હું પકડાઓ છું. ઓ તમને એ મારી અરજતી માંફ કર, મારી હઈઆંની ઘંટી બરોબર ચાલુ રાખવાને તું મને મદદ થા, અને જેવાં ગરીબ માંણસો પોતાની ઘંટીને બરોબર રાખી જેવી રીતે પોતાનો કટકો રોટલી પેદા કરી ગુજરાંણ કરે છે, તેજ પરમાણે મહને પણ મારી હઈઆંની ઘંટીને બરોબર રીતે રાખી તેમાં નેક અને લાએકવીચારોદ ખાતા રાખી અમરત જેવી, અને જીવદાનબખશનારી રોટીનો આટો પડવા દે, જે ખાધાથી હું તારી શેવામાં કાએમ રેહેવાને લાએક થાઉં.

---

## જાણવા જોગ બીનાઓ.

**મુરખ આદમી તે કોણ?** ૧ વગર કારણે ગુસસે થનાર—૨ અણબોલાવીઉં અથવા વગર અરથનું બોલનાર—૩ કોઇની નકામી ભાંજગડ કરનાર—૪ અણજાણીઆ ઉપર વીશવાસ રાખનાર—૫ દોસત કોણ અને દુશમન કોણ એ વીશે જેને કશી ખબર નહી તે—૬ વગર ફોકટે આણીગમથી તેણીગમ ટકેલા ખાનાર—૭ જરા જરામાં પોતાનું મત ફેરવી નાખનાર—૮ થોડું શમજીને ઘણું જાણવાનો ફાંકો રાખનાર.

---

એવો અડસટો કાહાડેઆમા આવેઓછે કે ઇઉનાઇટેડ ઇસટેટસમાં ચાલીસ લાખ ઓરતો તપકીર સુંગેછે—દરએક ઓરત સરેરાસ ગણતાં, દર વરસે બે રતલ તપકીર વાપરે છે. એ હસાબે એક વરસમાં ઇઉનાઇટેડસ ઇસટેટસ ખાતે એંસી લાખ રતલ તપકીર ખપેછે, અને તેને માટે દર વરસે વીસ લાખ ડાલર ખરચવા પડેછે.

---

અતરેની પુલીસના સીપાઈઓ બાએગે આખા દાહાડામાં બે માઈલ જેટલી પણ રખડ કરતા હોએ, પણ લંડનની પુલીસના સીપાઈઓને વીશે એમ કેહેછે કે દર રોજ દર એક સીપાઇ ઓછામાઓછા વીસ માઈલના જેટલી મંજલ કરેછે, અને તે વગરે પુલીસમાં હાજર રેહેવાનુંતો વલી જુદું બીજું તોહોની ગોઠવણો વીશે એવું જણાવેઆમાં આવી છે કે જો અગત પડેતો પુલીસખાતાના શઘલા સીપાઈઓને બે કલાકની વચમાં હરેક જગા ઉપર હાજર કરી શકાએ. જરે એટલી ચાંપ હોએ તાજેજ ચોકસ કામ કેહેવાએ.

---

કેટલીક ચીજો અથવા કેટલીક દવાઇઓ એવી હોએછે કે જે કાગલમાં બાધી રાખેઆથી ટવાઇ જાએછે, અને તેથી કેટલીક વેલાએ ઘણીજ અડચણો પડેછે. એ અડચણો ...

ડવાનો એક ઉપાએ હાત લાગેછે. વરટમબરગનો પરોફેસ
ર મસયંમ એવી બલામણ કરેછેકે, જે કાગલ એવાં કોઈ ઉ
પયોગમાં લાવવાનું હોએ તેને આ એડલ જણાવેલા પરમા
ણે પેહેલાં તઈઆર કરવું, અને પછી તેમાં ગમે એ બાંધીઉં
તો તે કધી હવાનાર નથી. એટલુંજ નહી, પણ તે એક બા
રગી આગમાં એકાએક બલી પણ જશે નહી.

૧॥ સેર ફટકી—૧૦ તોલા સાબુ.

આ બધે જનસોને ૧૨ રતલ પાણીના અંદર સારી પે
ઠે પઘલાવવાં; પછી વલી એક જુદાં વાસણમાં ૫ તોલા બાવ
લનો ગુંદર અને ૧૫ તોલા સરસ એ બંધેને ૧૨ રતલ પા
ણીમાં સારી પેઠે પઘલાવવાં, પછી એ બંધે વાસણ માહેલું પા
ણી એક એક સાથે ભેલી નાખવું. એ પાણીને જરા ગરમ
કરવું, અને પછી જે કાગલ તઈઆર કરવાનું હોએ, તે એ
પાણીમાં બોલી કાહાડીને તેને એક ઓરણના ઉપર ઓલવી
રાખવું, એટલે તે માહેલું પાણી સઘલું ટીપાઈ જશે. અને
એ કાગલ તઈઆર થશે. દેખાઈતુંછે કે ફટકી, સરસ, ગુંદર,
અને સાબુ એ ચારોની મેલવણીથી પેલાં કાગલ ઉપર એક જા
તનું ચામડાંનાં જેવું પડ થાએછે, તેથી અલબતાં, તેવાં કાગ
લમાં બાંધેલી કોઈ ચીજને એકાએક હવા લાગવાની નથી.

---

જો એક નાહાના છોકરાને માતરે એકજ વરસ છુટો
મુકી ગમે તેમ આલસાઈમા તેનો કાલ કાહાડવા દીધેતો પ
છે, ખચીત એમજ જાણવું કે તે છોકરાના આવતા વખત
ને માટે ઇઆને તેના હવે પછેના દાહાડાઓને માટે ખરા
બી તથા નુકશાનનો પાએઓ નખાએઓ.

---

ઈંગલંડ, ફરાનસ અને જરમનીમા આગલા વરસો
ઉપર દર તીસ માણસે એક માણસ મરતું હતું, એવા રોગ કે
લાએલા હતા, પણ પાછલથી એ દેશોમાં એવાતો બંદોબસત
દાખલ કરેલાછે, તથા દરદોનું નીવારણ કરવાને એવાતો ઉ
પાએઓ કામે લગાડીઆંછે કે હવે એ દેશોમાં દર પીસતાલીસ
માણસે એક માણસ મરણ પામેછે. એવા ઉપાઓ આપ
ણા દેશમાં પણ જો દાખલ થાએતો કેવું સારૂં!

---

ગએ વરસે આકટોબર મહીનામાં સેંટ એટીની નામ
ની જગા ઉપર એક વીધવા મરણ પામીછે, તેને વીશે એવું
જણાવેઆમા આવીઉંછે કે તેની વએ ૧૦૭ વરસની હતી,
તોપણ તે ચશમો લેતી ન હતી, તથા પોતાનાં મરણની બે
દાહાડા અગાઉ તેણીએ પોતાને હાતે પોતાના કરેલાં ભોંના
શીવીઆં હતાં, તથા વાડીમાં એક બે લટાર પણ મારી હતી.
જુવાની અથવા ચાલતાં ચલણમાં એ ઓરતે પોતાની તંદરૂ
સતી ઘણીજ સંભાલી હશે એમાં કાંઇ શક નહી.

---

યુનાઇટેડસ ઇસટેટસ મધેની લોહોડાંની સડકની
૧૮૫૭ ના સાલની ઉપજનું એક સરવાઇઉ ઉપજાવેઆમાં
આવીઉંછે તે ઉપરથી એવું જોએઆમાં આવેછેકે એ સડક
બાંધવાને ૩૦૦૦૦૦૦૦૦૦ ત્રણ અબજ રૂપીઆની થાપણ
કીધેલીછે, તે ઉપર ૧૮૫૭ ના સાલમા ૨૪૦૦૦૦૦૦ ચોવી
સ કરોડ રૂપીઆની ઉપજ થઇછે. આ હસાબ ઉપરથી ધાર
વાને બની આવેછેકે એ સડકોનો ઉપઓગ ઘણો થાએછે.
અને એથી કરી એ કામમાં જેઓએ નાણાં રોકેલાંછે તેઓ
ને પણ પઇસાની સારી પેદાસ થાએછે.

---

પુરશીઆ દેશનાં બાદશાહી કુટુંબમાં આગલા વખતથી
એવોજ રેવાજ દાખલ થએલો હતો કે એ દેશમાં જે કોઈ શા
હાજાદો હોએ તેણે કઇપણ હુનર શીખવો જોઇએ. એ રેવા
જ પરમાણે આપણી નામદાર રાણીના જમાઈ શાહાજાદા ફ
રેડરીક ઉલીઅમે દીવાં ગોઠવવાનો હુંનર શીખવાને પસંદ
કરીઉં હતું. પાદશાહ અને શાહાજાદા જેવાઓ આવા ધં
ધા કરવાને અથવા એવા હુંનરો શીખવાને ઉલટ રાખતા
હતા, પણ અફસોસછે કે આપણા લોકોમાં એવા કોઇ નહી
મલે, કેટલાએક પઇસાવાલા હરેક હુનર શીખવાને શ
રમ ભરેલું સમજેછે પણ તેઓ જારે આવા દાખલા સાંભ
લશે તારે તેઓની સુધ ઠેકાણે આવશે.

---

ઈંગલંડ દેશનું લશકર કેવા કેવા ધંધાવાલા શખ્સોથી બ
નેલુંછે. ૧૮૫૫—૫૬ માં ઈંગરેજી લસકર એકંદર થએલું હતું,
તેનો તપસીલવાર સતા ભરેલો અહેવાલ લસકરી સરદારો ત
રફથી મલેઓછે તે ઉપરથી એવું માલુમ પડીઉંછે કે એ મો
હોટા લસકરમાં ૨૭૯૮૯ સતાવીસ હજાર નવસો નેવેઆસી
સીપાઈઓ કુણબી, તથા ચાકર, અને બીજી જાતની મજુરી
નો ધંધો કરનારા માંણસો હતાં; ૨૦૦૭૯ વીસ હજાર અને
ઓગનેઆંસી માંણસો કીસબીઓ હતા, ૪૨૨૩ ચાર હજા
ર બસો તેવીસ માંણસો દુકાનદાર, અને મેહતા મુસદી (કા
રકુ) હતાં, ૭૯ માંણસો ઉચા ધંધાવાલા જેવાકે વીદીઆરથી
ઓ, ઈનસાફના કામેદા ભણેલા, વઇદક શાશતર શીખેલા, ઈ
શવર વીશે ગનેઆન આપવાને પાદરીઓનો ધંધો કરનારા
હતા; અને ૨૧૬૧ બે હજાર એકસો એકસઠ જુવાન છોકરા
ઓ હતા.

---

**જલદી પરણવું હોએતો આ બાહાનું મજેનુંછે**—ડાક્ટર હાલ નામના શખસે પોતાની ઇચ્યાદીની જે નોધ કીધીછે, તેમાં એક ઠેકાંણે લખેછે કે " માણસની જીંદગાની સારી લાંબી, અને સુખમાં ગુજારવાને સઉથી સરસ ઉપાએ પરણવાનોછે. આ પરમાંણે બોલવાનાં બે ખરાં કારણોછે, તેમા પેહેલું એકે કુમારાં આદમી પરણેલાં આદમીના જેટલી લાંમબી હઇઆતી ભોગવી શકતાં નથી—તથા બીજું કારપ એછેકે પેલાઓની ઇસપીટાલમાં જે આદમીઓ આવેછે, તેઓમાં કુમારાં આદમીની સંખીઆ મોહોટી જોએઆમાં આવેછે. " ઠીકછે આ બાહાનું આપણા ભોલા લોકોનાં હાતમાં પણ એક હથીઆર થઇ પડવાનું—માં બાપો પણ આ બીના વાચી વધારે ચીનતામાં પડશે, અને જાંહાં તાંહાંથીવેહેલાં પોતાના બાલકોને પરણાવી દેવાની તજવીજ કરશે કે, રખે છોકરાને પરણતાં વીલમ લાગાથી તે મરણ પાંમે અથવા ઘેલું ગાંડુ થઇ જાએ !!

---

**આનંદથી થએલાં અણચીતાં મરણ**—પારીસ સેહેર માહેલા એક કચરાપટીને સોડતમાં એક દમ ૪૦૦૦૦ (ચાલીસ હજાર) રૂપીઆ મલેઆ. તેની બાએડીએ જારે આ સુભ વરતમાન સાંભલીઉં તારે તેને એટલોતો હરખ થએઓ કે તે હરખમાજ મરણ પામી. લશકરી ખાતાંનાં એક અમલદાર વીશે એવું કેહેછેકે તેના ખાતામાહેલાં બીજા અમલદારોના પગાર સરકારે વધારેઆ હતા, તેની એક ટીપ વાંચી સંભલાવવાને તે અમલદારને હોકમ થએઆ સુજબ તે ટીપ વાચતો હતો. જે વેલાએ તે તે ટીપ વાંચતો હતો તે વેલાએ તેના સપનામાં પણ નહી હતું કે તેનું પોતાનું નામ પણ તે ટીપમાંછે, અને તેનો પોતાનો પગાર પણ વધેઓછે. પણ વાંચતાં વાંચતાં જારે તેની નજરે તેનું પોતાનું નામ પડીઉં, તારે તે તેણે મોહોટેથી રેડું ખડ્ડું, પણ વાચતાંજ તુરત તે જરદ થઇ જમીન ઉપર પડી મરણ પામેઓ.

તંદરોસતી અને દોલત આ બે સુખીઆ બખશેસો હાલ માણસ ગણાએછે—તંદરોસત અથવા નીરોગી માણસ ભાગીઅવાં ગણાએછે, તેમજ તવંગર અથવા પઈસાદાર માણસ ભાએગસાલી ગણાએછે. એ બેઉ બખશીસો એક સરખી સારી ગણાએછે, તોપણ લોકોમાં એ બંનેવીશે એક એકથી ઉલટાં જાતછે.— કોઈ માણસ પાસે પાંચ પઇસાનો સારો જીવ હોએઓતો ચોતરફથી લોકો તેની અદેખાઇ કરેછે—પણ તંદુરૂસત અથવા નીરોગી માણસ વીશે કોઈ કાંઈ બોલતું નથી. આ ઉપરથી જણાએછેકે જો પણ તંદુરૂસત માણસ પઇસાવાલા કરતાં વધારે સુખીછે, તોપણ તેની કશી.દરકાર ન કરશે, પઇસાવાલો, જે કેટલાક દુખોથી દુખી હશે તેની ઉપર સઉ કોઇની નજર ભરાએછે. તંદુરૂસતી એ એવીતો ઉમદા બખશેસછે કે ગમે એવો ફકીર અથવા મીસકીન પણ તે જાલવી રાખવાની પોતાથી બનતી કોશેસ કરશે, પણ તેમજ દોલતવંત તંદુરૂસતી મેલવવાને પોતાની દોલતનો મોહોટો ભાગ આપવાને પણ પછાત પડશે નહી. દોલત એવી ઉતરતી છતાં તેની અદેખાઇ, અને તંદુરૂસતી આવી ઉપીઓગી છતાં તે વીશે કોઇને ખીઆલ પણ નહી એ કેહેવી અજબ જેવી વાતછે.

---

**મુગાં બેહેરાં કારીગરી**—વરટમબરગમાં હાલ થોડીક મુદત થઈ એક છાપાખાનું ઇશથાપવામાં આવીઉછે. કેહેછે કે એ છાપાખાનામાં કેટલાંક મુગાં તથા કેટલાંક બેહેરાં મલીને ૧૬૦ માણસો કામે લાગેલાંછે. એ ઓમાં જેઓ ડીબાં ગોઠવેછે તેમાં અગીઆર ઓરતો સમે લાગેલીછે. એ છાપાખાનું મીસટર થીઓડોર હેલગારડ નામના શખસે ઇસથાપીઉંછે. અને મુંગાં બેહેરાં માણસો જે કામે લગાડીઆંછે, તે સઘલાંને એજ ગરહસથના પઈસાથી એ કામની તરબીઅત પણ આપીછે. એ ધણીનો આવો પરોપકાર તથા ખરાં દુખમાં પડેલાંઓને તરફ દઆનુ સુધીએ તેઓને આ પરમાણે ઠેકાણે લગાડવાની નેક સોચનાને માટે તે શેહેરના હાકમે સોનાનો એક થાન એ ઉદાર પુરૂષને ભેટ કરેઓછે. ખરેખર એ છાપાખાનાનો દેખાવ ઘણોજ જોવા લાએક હશે—જાહાં કાઈ ગડબડ નહી—જાંહા એક એકનું બોલેલું કોઈ સાંભલે નહી—તથા જાંહાં કોઈ કાઈ બોલી પણ શકે નહી, અને જે ઠેકાણે સઘલુ કામ ઈશારતથીજ થાએ, એવી જગાનો દેખાવ જોવા લાએક હોએ, એમા શક નહી.

---

**ચસમા**—હાલ આપણા લોકોમા ચસમાનો દન ઉપર દન વધારે ઉપઓગ થતો જાએછે—કેટલાએકોને એ પેહેરવાની ખરેખર ફરજ પડેછે—કે તેઓ ઘડપણને લીધે અથવા નાતવાનીને લીધ પેહેરેછે, અને કેટલાક જુવાન ટરમટરાઓ નામને ખાતર શોખથી એ ચસમાં પેહેરેછે. પણ એ ચીજ આ જ પાંનસો વરસની પેહેલાં ઇઉરપમાં કોઇતાં ઉપઓગમાં આવી હોએ એવું માનવાને કારણ નથી, સમજકે તેરમી ...

દી સુધી એ ઈંચ્યાંતર વીશે કોઈમાં ગનેઆન હતું નહી, પણ એજ સદીની આખેરીએ મી૦ રાજર બેકન નામના શખસે આ ઉપઓગી ઈંચ્યાંતરની શોધ કીધીછે. સર ડેવીડ બ્રુસ્ટર ચશ્મા વીશે એવું મત આપેછે કે " કેટલાંએકોમાં એવો ખેઆલછે કે ચાલતાં સુધી ચસમાં વાપરવા નહી, તે ખેઆલ ખોટોછે. માણુશોની આંખણી રચના ઘણીજ નાજુક છે, તેથી કરી કાએમ અને ચાલુ મેહેનત આંખ ઉપર પડે આથી તે ઉતાવલી નુકશાન પામેછે, માટે જો એવું જણાએ કે આપણી શાધારણ આખે જેવું દેખાએછે તે કરતાં ચસમાં પેહેરીઆથી લગાર વધારે શારૂં દેખાતું હોએતો તુરત ચસમો પેહેરવાને શરૂ કરવું. "

---

દુનીઆની ભીતરમાં અતીશએ ગરમીછે, એ વાત વીશે હવે કશો શક રહેઆે નથી. બલતા પાહાડો, આઈસલંડ માહેના તથા આ દેશના ઉના પાણીના જરા, અને કીલીફટન માહેલા ગરમ પાણીના કુવાઆે ઉપરથી ચોકસ સાબેત થાએછે કે દુનીઆના પેટામાં પુશકલ ગરમીછે, અને ગરમીથીજ ઉપર જણાવેઆ પરમાણેના બનાવો બનેછે. મેકશીકોમાં ૧૭૧૬ ફુટ, ઈંગલંડમાં ૧૫૮૪ ફુટ અને જરમનીમાં ૧૩૦૦ ફુટ સુધી ઉંડાણ ખોદીને તપાસો કીધામા આવીછે કે જમીનની અંદર ગરમી કેટલીછે. પારાની સીસીથી સાબેત કીધુછેકે જેમ જેમ જમીનમા વધારે ઉંડા જઈએ છીએ તેમ તેમ વધારે ગરમી જણાએછે. એવી તપાસો કીધા ઉપરથી એવું ચોકસ ઠરાવીઉછે કે જમીનની અંદર ૩૧ માઈલ ઉંડાણમા એટલીતો ગરમીછે કે જેથી લોહોડાં અને તીખા જેવી ચીજો પઘલી શકે. અલબતા એ વીચાર જે વીદવાનોએ જણાવીઆેછે તે કાઈ ખોટો નથી. બલતા પાહાડો જેવારે ફાટેછે તેવારે તેઆે માહેથી જે પીઘેલી ચીજો બાહાર પડેછે, તે એજ પરમાણે અંદરની શખત ગરમીથી થઈ હશે.

---

**આઈશ અથવા બરફનો દવા દાખલ ઉપઓગ**—હાલ બરફ દવા તરીકે ઘણો વપરાએછે, આપણા અને તેમજ બીજા દેશોમા એ વશતુનો પીવામા જેટલો ખપ થાએછે તે કરતા દવા દાખલ એનો ખપ ઘણો થાએછે—જો પેટમા જરા વધારે ગરમીની અસર માલમ પડી તો તુરત ડાકટર બરફ વાપરવાની ભલાંમણુ કરેછે, તેમજ માથે ગરમી ચહડી તો માથે બરફ મુકવા અથવા બાંધવાનો હોકમ ડાકટરો કરેછે. સારી તદુરશતી ભોગવનાર શખશે જો બરફના પાણીનું એક ટમલર પીધુ તો તેનો જીવ જરા આસુદો થાએછે. અલબતાં માણુસના સરીરનાં તેમાં ખોરાક પરમાંણે પુશકલ ગરમી હોએછે. તે ગરમી બરફનાં પાંણીથી જરા નરમ પડેછે. એ બરફ પેટમાં ગએઆથી બે રીતે પેટમાની બોખાર નરમ પાડેછે—એકતો એ જાતે થોડી ગરમી ચુસી લીએછે, અને બીજી એમકે પરશેવાના આકારમાં બાહાર ખેંચી કાહાડેછે—એમાં એ ગુણછે, તેથી કરીને તાવ ઉપર પણ એ અકશીર ગણાએછે. ટુકામાં બોલીએ તો બરફ આજને કાલ એક અગતની દવા ગણાએછે. અગાઉ આપણાં લોકો એ વશતુનો ઉપઓગ કરવાને ઘણી ધાસતી ખાતાં હતા, પણ હવે હલુ હલુ તે ધાશતી દુર થવા માંડેછે, અને લોકો એનો ઉપઓગ કરેછે. અલબતાં સઘલી ચીજ બે અંદાજે લીધાથી નુકશાન કરેછે, તેમજ એ પણ ઘણો વાપરેઆથી નુકશાન કરેચ.

---

**ખુલલી અથવા સાફ હવા**—ઘણીવાર લોકોને સમજાવેઆમાં આવીઉછેકે શરીરને સુખમાં રાખવાનો તથા રોગોની અસર આપણા ઉપર લાગુ નહી પડવાનો માતરે આજ એક એલાજછે કે બને તેમ કરી આપણુને આપણાં દમમાં સાફ અને ખુલી હવા લેવી જોઈએ. એક કાબેલ વઈદ કેહેછેકે જો લોહી એકવાર બગડીઉ તો તેથી માણુસને ખઈનો પુરો મરજ થાએછે; તથા ખરાબ હવાથી લોહી બગડેછે. જે હવા માણુસો પોતાના દમમાં લીએછે તે હવાથીજ માણુસોનું લોહી સાફ થાએછે. અગર જો ગંદા અને મેલા પાણીએ કાઈ લુગડા ધોઈએતો તે લુગડાં કધી સાફ થઈ શકવાના નથી તેમજ જે હવા આપણે દમમાં લઈએ છઈએ તે જો સાફ ન હોએતો તેથી કધી પણ આપણું લોહી સુધરનાર નથી. જેમ એક ઠેકાણે પડી રહેલું થમ પાણી ખરાબ થઈ જાએછે તેમજ એક ઠેકાણે ઘેરાઈ રહેલી હવા ખરાબ જાણવી, પણ જો પાણીને બરાબર વેહેવા દીધું હોએતો તે જેવું સાફ અને નીરમલ રેહેછે, તેમજ જે હવા એક ઠેકાણે ઘેરાઈ રહેલી ન હોએ પણ તેને ખુલાસથી જવા આવવાનો રસતો મલતો હોએતો તે હવા પણ સાફ અને નીરમલ જાણવી એ ઉપરથી ચોકસ સાબેત થાએછેકે કેટલાક ઘરોમાં હવાના આવ જાવને માટે ખુલી જગા હોતી નથી તે ઘરોની હવા પણ સાફ નહી. જરૂર કરીને રેહેવાની જગાઆે ઉપર હવાને માટે ખુલી જગા રાખવી જોઈએછે.

## શાદીની શીખાંમણ.

મનુશ વશતુના દીકરા એક બીજાનાં હાડ
કે શરવેની ઓતપંતીનુછે એકજ જાહાડ;
લાગે દુખવા આણુશનુ એક હાડકું જારે
પાંમે દુખ તે શરીરનાં શઘલાં હાડકાં તારે;
મનુશ જાતનાં દુખમાં દલી તું નવ મેલાએ
નામ તારૂં તે મનુશ કરી કદી નવ પેલાએ.

---

લખી ગએઆછે બેહરાંમ ગોરની ગોરપર તાં
શખાવતનો હાથ ભલો જોરાવર બાજુ કરતાં.

---

અરે ભાઈ ખોદાની રજાબંદીને તું ધર
અરે બંદા તું ચાલ ખોદાના મારગપર.
છે ઉંધા ભાગ્યેગનો આ જગતમો તે નર
જે તેની દરઘાહથી ફરાવેં પોતીકું શર.
શુંડશે જે આકાશને પાતાલનો દાદાર
તે એક વીના બીજો તુંને નથી મલનાર.

---

પાહાડનાં ખોહમો વાઘ ભરાઈ બેઠો શું ખાએ
પાછલ પડેલો માંનવી તે કાંથી ભોજંન પાએ.
કરે તું શેકાર જારેકે તુજ ઘરમો ભરાઈ
બની રેહ હાથને પગ તારા કરાલીઆ શાઈ.

(૨૦ મ૦ ની ગુલેશતાન)

---

## બાલકોને નીશાલે પેહેલવેલાં ધામ ધુમથી બેસાડેછે તે વખતે ગાવાનું

### ગીત.

"મા મેરૂં મુંધા મુલનું" એ રાગનુંછે.

કુંવર ચંચલ થઈ ગોટલે ચડેઆ
દેખી માતાનો હરખ નમાએ, નીશાલે કુંવર ચાલેઆ.
દીલમાં દુશમનને ધાસકા પડેઆ,
સરવે વાલાં શગાં હરખાએં. નીશાલે—૧
કુંવર હેતે શ્રીફલ લીધું હાથમાં
ધરીઉં છતર પવા શીરછાંએ, નીશાલે.
કોડે કુંટંબી આવેઆં સહુ સાથમાં
જોતા કસુર રહી નહી કાંએ. નીશાલે—૨
વાજે તરાંસાંને તંબાલુ ગડગડે
માતા મોંડધરી ગીતગાએ, નીશાલે.
હઈડે કુંવરને હરખ ઘણો ચડે
કરવા અભેઆસ આતુર થાએ. નીશાલે—૩
ઓરે હું તને માલીડા વીનવું
મારી શેરીમાં ફુલડા વેરાવ, નીશાલે.
એક છોગલું લાવ ગુંથી નવું
મારા લાડકડાને ધરાવ. નીશાલ—૪
ભલે લાલ ખરાદી તું આવીઓ
લાવીઓ પાટી રચી નવરંગ, નીશાલ.
સોની ખડીઓ બનાવીને લાવીઓ,
લાવીઓ લેખણુ જડીએલાં નંગ, નીશાલે—૫
ઓરે મેતાજી તમને હું વીનવું
રૂડી જાજમો લેઈ પધરાવો, નીશાલે.
બાંધી ચંદરવા જમરૂખ બાંધવું
મોટા કાચના તકતા મંડાવો, નીશાલે—૬
કુંવર બાલક મધે બીરાજશે
જેવો તારા મંડલ મધે ચંદ, નીશાલે.
કુંવર મધુરા મેઘની પેઠે ગાજશે
શુણતાં સરવને થાશે આનંદ, નીશાલે—૭
ભણુશે આંક કુંવર ભલી ભાતથી,
લખશે અખશર મોતી સમાન, નીશાલે.
સઉનાં મન હરશે મીઠી વાતથી,
ઘણાં મલશે મેતાજીનાં માન, નીશાલે—૮
જોડીઆ સાથે મીનરતા જોડશે,
સઉમાં વાખેણી પામશે લાજ, નીશાલે.
કુંવર ભોલપણું ભરમ તોડશે,
સમજાવી સુધારશે આજ, નીશાલે—૯
દીસે ચંચલ ચતુર શીરોમણી,
સરવે નીરખી કહે નરનાર, નીશાલે.
ભણુશે ભાવેથી વીદીઆ અતી ઘણી
એના એવા દીશેછે આચાર, નીશાલે—૧૦
ભણી ગણીને દેશાવર દોવશે,
થાશે પરથવીમાં પુરૂશ પરખીઆત, નીશાલે.
ખરેખાત હુંનર ઘણા ખોલશે,
સુ વીસતારશે વીશવમાં વાત, નીશાલે—૧૧
રૂડા ગરંથ શુધાવશે તે વલી,
મોટા કવીઓ કેરાં થશે કામ, નીશાલે.
એવો પુરૂશ પરાક્રમી સાંભલી
દીલમાં હરખશે દલપતરામ, નીશાલે કુંવર ચાલીઆ—૧૨

# સ્ત્રીબોધ.

પુસતક ૨ જું. જુન ૧૮૫૮ આંક ૬ ઠો.


## વખાણાએલી ઓરત.

### રોજાલી.

ઈઊરપ ખંડના કેટલાએક દેશોમાં ઓરતો દુનીઆનો સંસાર તજીને માણુસનું દુખ નીવારણ કરવાનુ કામ લેઈ બેશેચ એવી ઓરતોને "સીસતરસ આવ મરસી" એટલે દએઆની બેહનો, એવું નામ આપીઊંચ અને તેમાની એક રોજાલી હતી. રોજાલી ઈસવી સને ૧૭૮૭ ના વરશમાં જનમી અને ઊમરમા આવીઆ પછી પારીસ શેહરના એક સઊથી ગરીબ મોહુલામા પોતાનુ રેહઠાણ કીધું. થોડા વારમા એ ઓરત સંધા સાથે મલી ગઈ અને ગરીબો ઊપર તેનુ એટલું તો દીલ લાગી ગીઊં કે દરએક કુટબનુ સગુ હોએ તેમ થાઈ પડી. કોઈ આજારી પડોઊ તો રોજાલી તેની ખરદાસત લીએ અને દવા આપે, કોઈને નુકસાન થાએઊં હોએ ઈઆ સગુવાલુ મરી ગીઊ તો રોજાલીથી તેને દીલાસો મલે; કોઈ અરચણમા આવી પડીઊં હોએ, તેને પેટ ભરવાનુ કાંઈ મલે નહીતો રોજાલીનો આસરો લીએ.

ગરીબોને જે મદદ કરતી હતી તેથી કેટલાએક ધરમાતુ તવગરો તેને કેહતા હતા કે અમારી મદદની જરૂર પડે તો લેવાને ચુકવુ નહી તેથી રોજાલીથી જારે પોતાને મદદ કરવાનુ નહી બનતુ હતું તારે બીજાઓને સુભ કામમાં સામેલ કરતી હતી. એક વખત એક ગરીબ આદમી અતીશે દુખમાં તેની આગલ આવીને બોલીઓ "બસ મારી કમબખતી, મારો ઘોડો મરી ગીઓ અને મારી બાએડી તથા છોકરા ભુખે મરવાના જે ધંધામાં હું છેઊ તાહા ઘોડા વગરે કેમ ચાલે?" રોજાલીએ તેને ઘણો દીલાસો આપીઓ પણ તેથી અસર થાઈ નહી. તે બોલી "ખોદા ઊપર વીસવાસ રાખ અને જાઈને બંદગી કર, હું તારે વીશે કાંઈ કરશ, બે દાહાડા રહી પાછો આવજે" તે જતો રહેઓ અને રોજાલી પોતાના એક તવંગર દોસત પાસે ગઈ અને કહેઊં કે "તમોએ મને જણાવીઊં હતુ કે ગરજને વખતે હું આઊં, હું અવે આવીચ." તેને કહેઊ "શું કરવા આવીઆચ" "મને ઘોડો જોઈએચ" "મારા તબેલામાંથી લેઓ" "તેવો ઘોડો મને નથી જોઈતો મને એવો ઘોડો જોઈએચ જે ઘણો ભાર ખેચે તેવો" "મારે હીસાબે વેચાતો લેવો" રોજાલી તુરત તાહાથી ઊઠી અને ભલા કાંમમાં ઢીલ નહી કરવી એવુ જાણી એક ઘોડો ખરીદ કીધો. બીજે દાહાડે તવગરે તેને પઈસા આપીઆ અને ગરીબ ઘોડો લઈ ગીઓ.

ગરીબોને જારે ઘણી તંગી પડે તારે શાપ એમ કેહ કે અવે બે ઊપાએ રહેઆછે. ચોકતો નદીમા પડી ડુબી મરીએ, નહીતો રોજાલીનો આસરો પકડીએ. અગર જો કોઈ રોજાલી પાસે ઊછીનું વાએદાસર લેઈ જાઈ પાછું નહી આપે અને તે વીશેની કોઈ અઆદ દેવડાવેતો તે કેહતી હતી કે બીચાગઓને પાછુ આપવાનુ બનતુ નહી હશે. તવંગરોની મદદ તેને મલતી હતી તે શારૂં તે તેઓની ખુશામત નહી કરતી હતી. તે કેહતી હતી કે તમો કાંઈ મારી ઊપર ઊપકાર નથી કરતા, તમુને મારો ઊપકાર માનવો જોઈએ કે હજારોમાથી મેં તમુને સારૂં દાન કરવાની તક આપી.

રોજાલીનુ ઘર એક ગરીબ મોહુલામા હતું પણ તે જગાએ તવંગરો અને કાબુવાલા આવતા હતા. એવું બને કે ગાડીએ ફરનારી ઓરતોને ભીખારી અને

## શાદીની શીખાંમણ.

મનુશ વશતુના દીકરા એટ બીજાનાં હાડ
કે શરવેની ઓતપંતીનુછે એકજ જાહાડ;
લાગે દુખવા માણશનુ એક હાડકું જારે
પાંમે દુખ તે શરીરનાં શઘલાં હાડકાં તારે;
મનુશ જાતનાં દુખમાં દુખી તું નવ બેલાએ
નામ તારૂં તે મનુશ કરી કદી નવ પેલાએ.

---

લખી ગએઆછે બેહરાંમ ગોરની ગોરપર તાં
શપાવતનો હાથ ભલો જોરાવર બાજુ કરતાં.

---

અરે ભાઈ ખોદાની રજામંદીને તું ધર
અરે બંદા તું ચાલ ખોદાના ગ્મારગપર.
છે ઉંધા ભાગ્યનો આ જગતમો તે નર
જે તેની દરગાહથી ફરાવે પોતીકું શર.
શુંઢશે જો આકાશને પાતાલનો દાદાર
તે એક વીના બીજો તુને નથી મલનાર.

---

પાહાડનાં ખોહમો વાઘ ભરાઈ બેઠો શું ખાએ
પાછલ પડેલો માંનવી તે કાંથી ખોજન પાએ.
કરે તું ચોકાર જારેકે તુજ ઘરમો ભરાઈ
બની રેહ હાથને પગ તારા કરાલીઆ શાઈ.

(૪૦ મ૦ ની ગુલેશતાન)

---

## બાલકોને નીશાલે પેહેલવેલાં ધામ ધુમથી બેસાડેછે તે વખતે ગાવાનું

### ગીત.

"આ મેરૂં બુંધા મુલનું" એ રાગનુંછે.

કુંવર મંચલ થઈ ગોડલે ચડેઆ
દેખી માતાનો હરખ નમાએ, નીશાલે કુંવર ચાલેઆ.
દીલમાં દુશમનને ધાસકા પડેઆ,
સરવે વાલાં શગાં હરખાએ. નીશાલે—૧
કુંવર હાથે શ્રીફલ લીધું હાથમાં
ઘરીઉં છતર ધવા શીરછાંએ, નીશાલે.
કોડે કુટંબી આવેઆં સહુ સાથમાં
જોતાં કશુર રહી નહી કાંએ. નીશાલે—૨
વાજે તરાંસાંને તરાંબાલુ ગડગડે
માતા મોદશરી ગીતગાએ, નીશાલે.
હઈડે કુંવરને હરખ ઘણો ચડે
કરવા અભેઆસ આતુર થાએ. નીશાલે—૩
જીરે હું તને માલીડા વીનવું
મારી શેરીમાં ફુલડા વેરાવ, નીશાલે.
એક છોગલું લાવ્ય રુથી નવું
મારા લાડકડાને ધરાવ. નીશાલે—૪
ભલે લાલ ખરાદી તું આવીઓ
લાવીઓ પાટી રચી નવરંગ, નીશાલે.
સોની ખડીઓ બનાવીને લાવીઓ,
લાવીઓ લેખણ જડીએલાં નંગ, નીશાલે—૫
જીરે મેતાજી તમને હું વીનવું
રૂડી જાજમો લેઈ પંથરાવો, નીશાલે.
બાંધી ચંદરવા જગરૂપ બાંધવું
મોટા ટાચના તકતા મંડાવો, નીશાલે—૬
કુંવર બાલક મધે બીરાજશે
જેવો તારા મંડલ મધે ચંદ, નીશાલે.
કુંવર મધુરા મેઘની પેઠે ગાજશે
શુણતાં સરવને થાશે આનંદ, નીશાલે—૭
ભણશે આંક કુંવર ભલી ભાતથી,
લખશે અખશર મોતી સમાન, નીશાલે.
સઉનાં મન હરશે મીઠી વાતથી,
ઘણાં મલશે મેતાજીનાં માન, નીશાલે—૮
જોડીઆ સાથે મીતરતા જોડશે,
સઉમાં લાખેણી પામશે લાજ, નીશાલે.
કુંવર ભોલપણું ભરમ તોડશે,
સમજાવી સુધારશે આજ, નીશાલે—૯
દીસે ચંચલ ચતુર શીરોમણી,
સરવે નીરખી કહે નરનાર, નીશાલે.
ભણશે ભાષેથી વીદીઆ અતી ઘણી
એના એવા દીશેછે આચાર, નીશાલે—૧૦
ભણી ગણીને રેશાવર ડોલશે,
થાશે પરથવીમાં પુરૂશ પરખીઆત, નીશાલે.
ખરેખાત હુંનર ઘણા ખોલશે,
સુ વીસતારશે વીશવમાં વાત, નીશાલે—૧૧
રૂડા ગરંથ સુધાવશે તે વલી,
મોટા કવીઓ કેરાં થશે કામ, નીશાલે.
એવો પુરૂશ પરાક્રમી સાંભલી
દીલમાં હરખશે દલપતરામ, નીશાલે કુંવર ચાલીઆ—૧૨

---

ને હાતે; અથવા ખોદાએ તમને એકુ ચાકર આપેઓ હાએતો તેની પાશે તે ચીજોની તઈઆરી કરી રખાવો. હું જો મારા વખતસર નહી ઊઠેઓ તો તેનું કારણ જો મારી આલસાઈ હાએતો મને જેમ બને તેમ સમજાવી, નહીતો પછી વલી ધમકાવીને ઊઠાડો, અને મારા વખતસર બાહેર જવાને સઘલી વાતેની સગવડ કરી આપો. જો તમને છોકરાં હોએતો તેની તજુમલ વીશે તમને જેમ બને તેમ સારી પેઠે ખબરદારી રાખવી જોઈએ, અને એવું નહી થાએ કે તે બચાંઓની અલજાડનું કાંમ તમારા ખાવંદ ઊપર આવી પડે. મહને ખબરછે કે કેટલીએક બાઈઓ પોતે આલશુની મોઆફક એક ઠારે બેસી, અથવા સુઈ રેહી, બચાંની ચાકરી પોતાના માટીની પાશે જુલમ જાબતીથી કરાવેછે. માટી બીચારો નમાનો, દઆલુ અને ભોલો હોએતો તે પોતાની બાએડીનું મન રાખવાને તેવુ વહીતરૂં કરેછે, પણ એ એક વાજબી રીતે જોતા અણઘટતુંછે, કે તે બીચારો બાહારનું વહીતરૂ કરી, આખો દહાડો એણીગમ પેલીગમ ભટકીને થાકી લુસ થઈ આવે, તેને મદદ કરવાને બદલે ઊપરથી તેની બાઈડી ઊલટો તેની ઊપર વધારે બોજો નાખે. "જરા કાઊને લેઓતો—જરા એને હીંચ તાણો—જરા પીવીને પાણી પાઓતો"—એવી એવી બેસીને બાઈ ટેંકરાઈ કરે અને પેલો બીચારો રાતના આશાએશથી હુગાવાને ઠેકાણે પોતાના બચાંને હીંચ તાણતો તાણતો બેજાર થાએ, તેના પાંખરા દુખી આવે તોબી તેની કઈ કદર તેની બાએડીને આવે નહી; તારે અવે વીચાર કરો કે એવી બાએડી પાશેથી સુખ અને આરામ મેલવવાની શું ઊમેદ. એવી બાએડીનો કોઈ ધણી મરદ ગુશે થઈ ઘેરમાંથી નીકલી રોજ બાહેર જાએ એમાં કઈ નવાઈ જેવું નથી. વાસતે બાએડીને લાએકછે કે પોતાના ખાવંદને એવી વાતની ભાજગડમા પડવાથી જેમ બને તેમ મોકલો રાખે. કોઈ દઆલુ બાપ ખામુખા એવી ભાંજગડ ખામુખા પોતે લેવાને ઈનતેજાર હોએછે, પણ તેવા મરદને મીઠા સબદથી તેની બાઈડી એમ કેહે કે એ કામ મારૂંછે, તમે તજદી નો લેઓ, અથવા હું કાંમ કરતાં કઈ બાકી રહી જતું હોએ તોજ તમે હાત નાખો તો બેહતર, એવી લાએક સીકામણથી ખચીત મરદ પોતે એ કામમા વધારે વચમાં નથી પડનાર.

બીજું,—બાએડીઓને લાએકછે કે આખો દીવસ તેઓને જે ફરસુદ મલેછે તે વખત પોતાના ધણીના ઘેરની ખબરદારી—પોતાનો સામાન સુમન સાફ રાખવાની તજુમલ રાખે. માણશો પાસે એ વીશે મેહનત કરાવે એટલુંજ નહી પણ પોતે જાતે કેટલીએક તેવી નાજુક વસતુઓ સાફ કરી ઘેરને તથા તેમાના સર સરનજામને દીવાની જોત જેવા રાખે. એ પરમાણે સફાઈ રાખેઆથી ધણીને જેઆરે કોઈબી ચીજની જરૂર પડેછે તારે તેને તે તુરત મલી આવેછે, એટલુંજ નહી પણ તે સફાઈ ભરેલી હોઆથી તેની ઊપર ખરચેલા પઈશા નકામાં પડેલા નથી ગણાતા. ઈંગરેજોની જે સુઘર વાપરનારી અને ઊદીઓગી બાઈડીઓ છે, તેઓ પોતાના ઘેરની એક ઝીણી ચમચી વગેરેની રોજ તપાશ રાખેછે. આપણો આગલો ગવરનર લારડ ફાકલાંડની બાએડીને વીશે કેહેછે કે તે રોજ સહવારના બબરચીખાનામાં જઈ પોતે નજરે નજર ચોકસાઈ કરતી હતી કે રાંધવાના વાસણો સાફછે કે નહી, ચમચ, તવાથા, કરછી, ચીપીઆ, અને એ વીગરે બીજો સામાન સાફ સફાઈ ભરેલોછે અથવા નહી. તેજ વખતે, રાંધનાર બાવરચીઓ પોતે સફાઈ ભરેલા, સાફ હાતથી કાંમ કરેછે કે નજીશાઈ વાપરેછે, એ વીસેની ચોકશાઈ રાખતી હતી. તેઆર પછી પોતાના ઘેરની અંદરનો સામાન પોતાને હાતે, તથા માંણસો પાશે સાફ કરતી અને રખાવતી હતી, જેથી તે બાઈના ઊદીઓગ વીસે સઘલા ઈંગરેજોમાં તારીફ થઈ રહી હતી. વાસતે ઘેરની જતન, તથા તેમાંના સામાનની જતન, ઓરડા સાફ રાખવાની અથવા રખાવાની જતન, સામાન સઘલો બરોબર ઠેકાણે ગોઠવેલો રાખવાની જતન કરવાની દરએક બાઈડીની ફરજ છે, અને એ પરમાણે કીધાથી તે ખચીત પોતાના ધણીને ગમતી થઈ પડવાની, એ વીસે અમે નચકો લખી આપવાને તઈઆર છઈએ. પણ જુઓ આપણી બાઈડીઓમાં એકુજ એવી મલી આવશે, જેમા એવા ઊદીઓગની કઈ પણ નીશાની દેખાએ આપણા ઘેરમાંના સામાનનો ગોઠવનાર કોણ. નહી, ઘેર ધણીઆની. હમાલો, ચાકરો, અને તે જો નહી હોઆ, અને ધણી બીચારો ગરીબ હોઓતો તે પોતેજ બધું કાંમ કરનાર, કબાટની ઊપર ધુલ ચહડેલી, ખુરશીની નેતર તુટી ગએલી અને તેમા વલી હજા

રો માંકડ, ઓરડામાં એક કાચ હાએતો તેના ગલેફ ની ઊપર પડેલી ખાંડીબંધ ધુલ અને કચરો, અને તેની સાથે સોભામાં પડેલા ખરડેલા પગના આબેહુબ નમુના, ગલેફના આગલથી તથા પછવાડેથી ઊડતા ઊડતા વાવટા. પેટી ઊપર છોકરાંની નજીસી. આખે ઓરડે કરાડીઆઓએ જેટલાં જોઈએ એટલાં પસારેલાં જાલાં, કસારીઓએ પોતાની રેવાની જગા કબટની પછવાડે અથવા ખુણામાં કીધેલી, તે એટલી કે તેઓનુ ખાનદાંન વધી ગએલું. જો ધણી ચોપડી વાચનાર શોખી હાએતો, તેની ચોપડી તથા કાગજોનું કંઈ ઠેકાણું જ નહી. તે બીચારાના કાંમના કાગજોઆને ફાડી છોકરાંઓએ તેના પડા બના વેલા, અથવા પાણીએ કરીને તેના કટકા દેવાલે ચોહારાડેલા. ધણીએ મુકેલો ઘેર ખરચનો આંકડો જે જાલવી રાખવા બાએડીને આપેલો તે આંકડાની ઊપર બાઈએ પોતાની રેસમની દડી વીટારેલી, અને તે આંકડાની ધણીને જરૂર પડતાં બીચારા પાશ આખી પેટી અને ખાના, અને વકીરા સોધાવવા. ખાવા પીવાના વાંસણો જો ચાકર સાફ કરે તોજ, પછી તેમાં ખાવાનું જોઈએ એવા સવાદનું થાએ. કશંનું થઈ ઊતો બેચાર ગાલ ચાકરને દઈ મુગા રેહવું—છેનુ પોતાના બીછાનાની ચાદર ઊપર બચાં છોકરાની ખરાબીના ધાબાં અને કુરતીનમાં માંકડની પાંજરા પોર, ધણીને રાતના નચીતથી હુંગ આવવાને કીધેલી। એવી એવી બે પરવાહી, અને નજીસાઈ વાપરતી ઘણી બાઈડીઓ મલી આવશે. તેની સાથે વલી ઘેરની જતનતો નહીજ પણ પોતાના બદનની અને કપડાની બે પરવાહી એટલી કે તેનું સું બએઆન કરીએ. જો બાઈ તપકીર લેનારી હાએતો, છ ફુટ દુરથી તેવણની ચોંડી તંબાકુના વાસ ભરેલી, જે ચીજ [illegible] તેમએસે, તોહાં પોતાની તપકીરનો વાસ મુકી [illegible] તેમ અ... તો કંઈ [illegible] રાખતાં હશે, [illegible] તેઓના [illegible] ઓ તેને કં[illegible] તેન ગીતે [illegible] : હાણું સાફ [illegible] ણ જોઆ રાખેછે તે જે કપડું ઓ સોપારી—[illegible] રહે. ખડી અથવા [illegible] સુવા—એલચી, બેઆની અથવા [illegible] લી અથવા કાચી જાવનારી એક ચી[illegible] એકુબે અરધી, રંવાર છડાછડ તેમાં [illegible] કંટાલો ઊપ[illegible] ભાગ વા

ગએલો, અથવા તરતનું ખાઈને હાત નુ કે તે રૂમાલમાંથી ગંધાતો વાસ નીકલનો ણામાંથી, તથા બાલમાંથી એવો ખરાબ તોકે તેથી ધણીને એકાદી વેલા ખરોજ કજેઆ વગર નહી રેહે. કેટલીએક બાઈ સાવક લોકની કાણી પોતાના માંથામાં જુખને પાલવા એક નાહાના જેવો માલો સં તે જુ જારે કહે તારે બાલ છુટા મુકી [illegible]ર લઈ ખવડ ચવડ કરવા પડી ગએલા બાએડીઓ શું પોતાના ભરથારને ગમતી. કદી નહી. વાસતે સુગરાઈ જોઈ ર અને સર સરનજામની રાખવી બા તેવીજ ફરજ પોતાના બદનની અને ના બચાના બદનની, અને જરૂર ધણીના બદનની પણ સફાઈ વીશે વારૂ ઘણું પવું જોઈએછ.

છેલું બાએડીએ પોતાના ઘ[illegible] રીતે પોતાની અકલની શકતી [illegible] જેવા ચીકન—પઈશા મુકવાની ન[illegible] રૂમાલ ઊપર તેના નામની નીશા[illegible] પર તેવાં ખુશનુમાં ચીકનો—[illegible] રીગીરી, વાસકુટોના કાપ કાપ[illegible] અને હાતની હુશીઆરી બતલાવી તેવી ઊતપન કરવી જોઈએછ. જો ધણી [illegible] વાનો શોખ રાખતો હાએતો તેવી તેવીઓ પોતાની અકલથી જોડી, અથવા થી વાંચી તે પોતાના ધણી આગલ દીલ એવે રાગે ગાઈ જણાવાની તઈઆરી કરીઈએ, કે જેવો માંટી બાહેરથી ઘેરમા આવે સાથે બેસી અરધો કલાક તેનો જીવ બા કરવાને બની આવે [illegible] ધણીનું બએઆન [illegible] છે. એ વાત સાંભલ[illegible] નથી [illegible] ઊપર જહીં, તે એવી રીતે [illegible] થઈ શકશે [illegible] બાઈઓ ધ્યાન પા હોવાડી [illegible] પરમા[illegible] ઊપર [illegible] પોતાના ધણીની વાહાલી [illegible] પ્રીત તે પોતાના ધણીની તપાસ કરવાનીજ, બાઈ પડશે એ[illegible] કંઈ શક નથી. તપાસ કરી જોશે તેને પ્રતેમ દીઠીછે, અને જે કોઈ તપાસ કરી જોશે તેને [illegible] આ વગર નથી રેહવાની.

## ઓરતોની ખુબ સુરતી.

જુદાં જુદાં લોકોમાં અને જુદાં જુદાં દેશોમાં જેમ બીજી સઘલી બાબદોમાં જુદાં જુદાં મતો હોએછે, તેમજ ખુબસુરતી વીશે પણછે. અરબસથાન માહેલી ઓરતો ખુબ સુરત દેખાવા માટે પોતાનાં આંગલાં અને અંગોઠાને મેંદી લગાડી લાલ રંગેછે, તેઓનાં ભવાં કાલાં કરેછે, અને હોટને બલું રંગ લગાડેછે. ઈરાનેમાં એવી ચાલછે કે ઓરતો પોતાની આંખની આસપાસ કાલા રંગનાં સરેટા પાડેછે, અને મોહોડાં ઊપર તરેહવાર આકારો રંગથી પાડેછે. જેપાનમાહેલી ઓરતો પોતાના દાંત ઊપર સુનાનો ઢોર ચડાવેછે અને હીંદુસથાનમાં કેટલીક ઓરતો દાંતને લાલ કરેછે. ગુજરાતના લોકો દાંતના પાસાને કાલા કરેછે. હટેનટાટ ઓરતો પોતાના આખાં શરીર ઊપર કાલા અને લાલ રંગના પટા ચીતારેછે. ગીરીનલાંડમાહેલી ઓરતો પોતાના મોહોડાંને બલુ અને પીલા રંગથી રંગેછે, તથા દોરા ઊપર મેસ લગાડીને તે દોરો પોતાનાં શરીરની ચામડીની માહેથી આરપાર બાહેર ખેંચી કાહાડેછે, જેથી ચામડીની અંદર પેલી મેસ રહેઆથી ચામડીની ઊપર કાલી રેખા પડેલી દેખાએછે. હીંદુની કેટલીક ઓરતો કેસર, હલદ અને ઘી તરણ પદારથોની એક મેલવણી કરી તે મેલવણ પોતાને શરીરે ચોપડેછે, જેથી તેઓ વધારે ખુબસુરત દેખાવા માગેછે. પાસીફીક તથા હીંદુ માહાસાગરમાં જે જે ટાપુ માહેલા મરદો અને ઓરતો ખુબસુરતી મેલવવાને માટે પોતાના મોહોડાં ઊપર, હોટ ઊપર અને શરીરના દર એક ભાગ ઊપર તરેહવાર રંગો લગાડેછે, તેમાં ઊપર જણાવેઆ પરમાણે શરીરની ચામડીમાં દોરો ભોકીને તે એક ઠેકાણેથી બીજે ઠેકાણે ખેંચી કાહડેછે. નીઊહાલંડના લોકો પોતાનાં શરીર ઊપર સીપથી મોહોટા ઘા કરેછે, અને તે ઘાને અનામત જેમના તેમ કેટલાક દાહાડા સુધી રેહવા દીએછે, એટલે છાગરા અથવા ડાઘ સુકાઈ જાએછે. એવી રીતનાં શરીર ઊપર રહેલા ડાઘમાં ખુબસુરતીછે એવું તેઓ સમજેછે. એ લોકોમા ખુબસુરતી મેલવવાની એક બીજી પણ રીતછે કે બચાંનો જનમ થએઆ પછી ડાબા હાતની છેલી આંગલી બીજા સાધા આગલથી તોડી નાખેછે, અને છેલી આંગલી નાહાની છતાં તેને છેકજ બેટકાં જેટલી કરી નાખેછે. અને જેની આંગલી આ પરમાણે તોડી નાખેલી હોએછે, તથા જેનાં શરીર ઊપર આગલ જણાવીઆ પરમાણે ઘા કીધા હોએ તે ઘણું ખુબસુરત ખપેછે. ઈઊનાની ગરંથકારો કેહેછે કે આગલા વખતના ઈરાંની લોકો (કેઆની) માં એવો વીચાર હતો કે જેનું નાક ગરૂડની ચાંચના જેવું અણી આગલથી વાંકું થએલું હોએ તે રાજા થવાને લાએક, અને તેજ ગાદી ઊપર બેસી શકે. સુમાતરાની ઓરતો બને તેમ પોતાનાં બાલકોનું બાલપણમાંથીજ નાક દાબી દાબીને ચપટું કરવાની કોશેશ કરેછે. ઓરીગન, સુમાતરા અને આરાકાન માહેલાં કેટલાંક જંગલી લોકો બાલકોના માથાની ખોપરીને હંમેશાં દાબતાં રેહેછે, કે જેથી તે ખોપરી દબાઈને ચપટી થાએ, અને એવું થએઆથી તે માણસની ખુબ સુરતીમાં વધારો થાએછે એવું તે જંગલીઓ માનેછે. હાલના ઈરાની રાતા અથવા સોનેરી બાલનો ધીકાર કરેછે, અને જેઓનાં શરીર ઊપર એવા બાલ હોએછે તે બદ સુરત ગણાએછે, પણ તેથી વીરૂધ તુરક લોકો લાલ બાલવાલાં માણસોને ઘણાંજ ખુબસુરત ગણેછે. ચીનમાં ગોલ નાહાની આંખ વધારે પસંદ પડેછે, તાંહાંની નાહાની છોકરીઓ હંમેશાં પોતાનાં ભવાં ચુપી કાહાડેછે કે જેથી આંખ ઊપરનાં ભવાં પાતલાં પણ લાંબાં પટીદાર દેખાએ. ચીનમાં કાંઈ આટલીજ ખુબસુરતી ઊપર આધાર નથી, ચીની ઓરતની મોહોટી ખુબસુરતી તેના પગછે, જે ચીનીના પગ નાહાના અને સાંકડા હોએ તે ચીની ખુબસુરત ગણાએછે, માટે એ ખુબસુરતી આપવાને ચીની ઓરતો પોતાને પેટે અવતરતી છોકરીના નાહાનપણમાંથીજ પગો પાટાએ બાંધીને નાહાનાને નાહાનાજ રાખેછે. બાલકના પગ કુમલા હોએ તારથીજ તેને એ પરમાણે બાંધી રાખી વધવા દેતાં નથી તેથી ચીનીઓને આગલ ચાલતાં બહુ અડચણ ભોગવવી પડેછે. શરીરનાં પરમાણ પરમાણે પગ ન હોએ આથી ચીનીઓથી બરાબર ચાલી શકાતું નથી, અને રસતામાં ચાલતાં તેને ઠોકરો ખાવી પડેછે. પગ નાહના રાખવાનીજ ચીનીઓ તજવીજ કરેછે એટલુંજ નહી પણ પગનાં (અંગોઠા વગર બીજાં) ચારો આંગલાંને દાબી દાબીને તેમને તલીઆં સાથે વ

જાણનારા રદ કરેચ. વાંદરાને ચોપગુ જાનવર કેહવાએ નહી. તેને ચાર હાતનું જનાવર કેહેતો ચાલે.

પુછડી વગરના વાંદરા ઊભા માણુસની માફક ચાલેછે, તેઓના પગને ટેરાં હોએછે અને હાતપગ માણુસ જેવા લાગેછે. તે સાથે એ વાંદરાઓમાં સમજ વધારેછે અને કેલવીઆ હોએતો સુધરેલા માણુસની માફક કેટલુંએક કાંમ કરેછે. એ વાંદરાઓનો ખોરાક ફલ, કન તથા ફુલની કલીઓછે. તેઓ નાહાના અલસીઆ પણ ખાએછે અને પખશીઓના માલામાંથી ઈંડાં અને પીછ નહી આવેલાં પીલાં પણ ખાએછે. તેઓને કેદ રાખી રાંધેલું ગોશત ખવડાવેચ તો તે પણ ખાએછે. તેઓ દુધ અને પાણી પીએછે અને જો દારૂ આપીઓતો પેહલાં લેતા નથી પણ એક બે વખત ચખાડીઓ તો પછી છાકટાની માફક દારૂની મજાહ લીએછે. પુછડી વગરના વાંદરાની તરણ જાતછે. ચીમપાનજી જેનુ ચીતર હીંઆં આપીઊંચ, ઓરાંગ ઊતાન અને ગીબન.

સઊથી ઊંચો વાંદરો ચીમપાનજીછે અને તે આફ્રીકાનો રેહવાસીછે. સતરમી સદીનો એક સેલર કેહછે કે એક ચીમપાનજી બે માનસને મારી શકે એવોછે અને કોઈ વખતે સીદીઓના પોરીઆંઓને લેઈ જાએચ. જારે એક વાંદરો મરી જાએચ તારે તેના સાથીઓ તેને એક હેક્ષાએદી જગો ઊપર લેઈ જાઈ તેની ઊપર પાતરાં અને દાલી મુકી ઢાંકી નાખેચ. લફ્તનેનત માથીઊસ ૧૭૮૮ માં કેહછે કે ચીમપાનજીઓ નાહાની જુફડીઓ બાધેચ અને તેમાં માદા તથા બચાંને રાખેચ, પોતેતો ખોલ્લી હવામાં લેટેચ. જો એક જણને ગોલીથી મારી નાખીઓ હોએતો બીજા મારનાર ઊપર તુટી પડેચ અને તેને બચવાનો ઊપાએ એજ કે બંદુક નાખી દેવી. વાદરાંઓ સંમો ખાર બંદુક ઊપર કાહડવાના. લફ્તેનેનત સેઅરસને ખબર મલી હતી કે એ જાતનો વાંદરો નવ વરશ વેર વધેચ અને તે ચારથી તે પાંચ ફુટ ઊંચો થાએછેઅને તેને ઘણો જોર હોએછે. "તેઓ ટોલા બંધ થાઈને ફરેછે અને હાતમાં લાકડી રાખેછે અને લાકડીનો ઊપીઓગ પણ સારી રીતે કરેછે. તેઓ હમેશ સાવધ રેહેછે અને કાંઈ નવું જોઓશેં કે તે માણુસ બીમો હોએ તેવી બુમ પાડેછે અને તે આવાજ ચેતવણીનો પણ જારે તેઓ બુમ પાડેછે તારે કુતરાં ભુકતાં હોએ તેમ લાગેછે. ચીમપાનજીને ઈંગલંડમાં રાખીઓ હુતો તે જારે આજારી પડતો હતો તારે પોતાનો વઈદ શું કરતો હતો તેની સમજ રાખતો હતો. વઈદ આવે કે પોતાનો હાત બાહેર કાહાડી તેને નાડ જોવા દીએ અને પોતાનો ચેહરો કુમલાવી નાખે. ચીમપાનજી જારે કુમલી વએનો હોએચ તારે ગરીબ દેખાએચ પણ જારે મોટે થાએચ તારે હઠીલો અને ઘાટકી થાએંચ. એ પોતાના પગથી પણ ચીજ પકડેચ અને કોઈ વખત એક લાકડી ઊપર જેમ પખશી બેશે તેમ લાકડીને પગે ધરી પોતાનુ બદન આગલ પાછલ નાખેછે.

ઓરાંગ ઊતાન નામનો વાંદરો બારનીઓ અને સુમાતરાના ટાપુમાંછે. એ વાંદરાનો એક નમુનો મુમબઈમાં પણ આવીઓહતો અને તેને પાંજરામાં રાખેલો હતો. ઓરાંગ ઊતાન એ નામ મલાઈઓએ આપીઊંચ અને તેનો અરથ "જંગલનો માણુસ" થાએછે. એ વાંદરો ચારથીતે પાંચ ફુટ ઊંચોછે. એના ગાલ આગલ એક ગાંઠ અને એના હાત એટલા લાંબાકે પગને પુગે. ઓરાંગ ઊતાનબી ચીમપાનજીની માફક સીખી શકેચ પણ મીજાજ ઘણો અલાગીઓ અને ચીડ પણ ભારી. એ વાંદરો પોતાના કુતંબ સાથે એકલો જાહુેા ઊપર રેહેછે. બારનીઓના આદમી એ વાંદરાથી ઘણા બીહેછે, કેહેછે કે તે કોઈ વખત એકાએક આવીને ઓરતને પકડી પોતાને ઠામે લેઈ જાએછે." દરએક વાંદરો પોતાનુ કુતંબ જાલવીને રાખેછે અને કુતંબને સારૂં ભારે બલતવારીથી લડેછે. કપટાન હાલ કેહછે કે એક વખત અમોએ એક ગોલીથી વાંદરીને જખમ કીધો, તેને પોતાનો બંચાવ ન કરવે પોતાનાં બચાંને ઊંચકીને એક ઊંચા દરખત ઊપર મુકીઊં અને પોતે દુશમનની આગલ ભએ વગરે ઊભી રહી જોએઆ કીધું કે મારૂં બચુ સલામત નાહશી જાએચ કે નહી. ઓરાંગ ઊતાન અને ચીમપાંનજી સાંપથી બહુ બીહેછે. ઓરાગ ઊતાન એટલો કેલવાએચ કે તે ટેબલ ઊપર બેસી ચમચાએ પોતાનો ખોરાક લીએચ, તમદેલમાં પાણી પીએચ, પોતાનુ બીછાનુ પાંથરેચ, બારણાને કલ્લ દીએચ અને કલ ઊઘાડેચ અને ઘણાએક બીજા કાંમો સારી સમજથી અને બરોબર કરેચ.

ગીબન નામના વાંદરા નાહનાછે પણ ને એ

તાને તાબે કરી લીધો. આ પરમાણે કીધાથી તથા
બીજાં કેટલાક લોકોની તેને કુમક મલીઆથી તેણીએ
આશપાસના ગામડાં માહેલાં બીજાં લોકો, જેઓ તા
બે નેહી થએઆતા તેઓ સાથે લડાઈ શુરૂ કીધી; એ
લડાઈમાં એ ઓરત ફતેહ પામી તેથી તેને એટલોતો
ગુરવ થએઓકે લાગવી તે પોતાને મંગલ નામના દે
વતાંની છોકરી સમજવા લાગી. એ ઓરતે એવા થો
ડાક પરાકરમો પોતાની સાથની બીજી ઓરતોની મા
રફતે કીધા અને પોતાની પરજાના સઘલા મરદોને એ
વો હોકમ કીધો કે તેઓએ ઘરમાં ભરાઈ બેસીને ઘર
ખેરલાનાં સઘલાં કામોજ, જેવાંકે ઊન પીંજવુ, શીવવું
સાધવું, રાંધવું વગેરેનાં કામો કરવાં. તેણીએ પછે
પોતાના દેશને માટે કાએદા બાંધીઆ તેમાં સાફ એવા
કાએદા કીધા કે લડાઈ વગેરે મોહોટાં કામોની સઘલી
ચીંતા અથવા કાલજી માતરે ઓરતોએજ રાખવી, અ
ને ઘરબારના સઘલાં નજીવાં કામોમાં તેઓએ પડવું
નહી પણ તે સઘલાં કામો ઘરમાં રહીને મરદોએ કર
વલી એ રાજની ઓરતોએ એવી એક જુકતી કી
તેઓને પેટે જે છોકરો અવતરે તેના હાત તથા
મરડી ભાંગીને તથા બીજી ઈઊકતીઓ કરીને
ણમાંથીજ નબલા તથા નકામાં કરી નાખવા કે
ઉમરે પુગે તારે તેઓથી કોઈ તેવાં કામો
નહી, અને તેઓ ઘરમાંજ રેહ તથા સઘલાં
રનાં કામો કરવાની તથા લડાઈ કરવાની તક
તોનેજ મલે. એ પરમાણે એક તરફથી છોકરા
ને નબલા કરતી હતીઓ તથા બીજી તરફથી એ
રનો પોતાને ઘેર અવતરેલી છોકરીઓની જમણી
ઓ બાલપણમાંથીજ બાલી અથવા ડજારી ના
ખતી હતીઓ કે જેથી આગલ ચાલતાં જારે તે
લડાએક ઓરતો થાએ તથા લડાઈ કરવા જાએ
રે તેઓને એ ધાઈઓથી કાંઈ અડચણ ન થાએ
લડાએક ઓરતોનું નામ જે "આમે ઝોનસ" કરી
ડે છે, તેએ ઊપરથીજ પડીઊં છે—એ ઓરતોને
થે સરદારી ચેલાવનાર રાણી જારે પોતાના લડાએક
રાકરમો તથા બાહાદુરીથી વખણાઈ ગઈ તારે તેણી
થરમોડાન નદીના મુખ આગલ એક મોહોટું શેહે
બંધાવીઊં, અને એ શેહેરમા એક ઘણોજ રોણક
ર તથા સુંદર મેહલ કરાવીઓ એ ઓરતે સઘલી
શકરી કવાએદ તથા લશકરી કાએદા એવીતો અછી
રીતે લાગુ પાડીઆ હતા તથા સઘલો બંદોબસત એ
વોતો કરેઆ હતો કે જેથી એ રાજને બીજાં આસ
પાસનાં રાજો આવી મલી ગએઆં, તે છેક એટલે દુ
રથી લોકો આવેઆંકે "ટનેઅસ" નદી આગલ રેહે
નાર લોકો પણ આવી એ રાજ સાથે જોડાઈ ગએ
આં. આ પરમાણે શેહેર વસાવેઆ પછે એક લડાએક
પેહેલવાન તરીકે એ ઓરતે પોતાના બીજા ઘણાડા
ગુજારેઆછે—કેટલીએક લડાઈઓ કીધી, જેમાં ઘણી
જ બલતવારીથી તથા બાહાદુરીથી એ ઓરત લડીછે
એ ઓરતની પાછલ તેની જગા ઊપર તેની દીકરી
આવી, એ દીકરી વીશે પણ એવું કેહેછેકે તે પણ પો
તાની માના જેવીજ સઘલી પરકારે શુરી હતી, અને
કેટલીક વાતોમાંતો તે પોતાની માના કરતાં પણ સર
સ ઊતરતી હતી. એ ઓરતે પોતાને અસતક રાજ
આવેઆ પછે એવો હોકમ કીધોકે જેઓને પેટે છોકરી
ઓ અવતરે તેઓને બાલપણમાંથીજ શીકાર કરવા
શીખવવાની તબે પાડવી, અને તેઓને દરરોજ લશક
રી કવાએદ આપવાનો માહાવેરો પાડવો. એ લડાએ
ક અને શુરી ઓરતે લડાઈ કરવાની કંમર બાધીને
"ટનેઅસ" આગલનાં સઘલાં લોકોને પોતાને તાબે કરી
લીધાં એટલુંજ નહી પણ "થરેસ" માહેલા લોકોને પ
ણ પોતાને સવાધીન કરી લીધાં. એટલું કરેઆબાદ
પુશકલ લુટ લઈને તે ઓરત પાછી પોતાંનાં શેહેરમાં
આવી અને તાંહાં કેટલાંક ઘણાંજ રોણકદાર તથા શુ
સોભીત દેહેડાં બંધાવીઆં. એ ઓરતે પોતાનું રાજ
ઘણીજ સારી રીતે ચલાવીઊં—પોતાની રઈઅતનાં
લોકો ઊપર દએઆ અને રેહેમ કરવા માંડી તથા તે
જાતે ઘણી નરમ સવભાવની અને મીલનસાર હતી તે
ઊપરથી તેણીએ પોતાની રઈએતના લોકોનો બહુ
પેઆર મેલવી લીધો હતો. નદીને પેલેપારના લોકો
જે એ ઓરતને આવી નહી મલેઆ હતાં તેઓ સાથે
લડાઈ કરવાને એ ઓરતે માથે લીધુ, અને એક લડા
ઈ કરીને ઘણાક લોકોને પોતાને તાબે કરી લીધા."
"આમેઝોન" ના એક બીજા તોવા વીશે એજ ડાઓ
ડોરસ જણાવેછે કે "એ ઓરતો આફરીકામાં રેહેતી
હતીઓ એ ઓરતો "થરમાડાન" આગલ રેહેના
ર ઓરતો કરતા ઘણીજ અગાઊ થઈ ગઈઆછે
"લીબીઆ" ના પશ્ચમ ભાગો તરફ
વા લાએક જગાઓ હતીઆ, તો

લી હોએછે કે તે એકા એક માનવામાં નથી આવતી. આપણે એવા એક ટોલા વીશે નથી સાંભલતા અને આ પણ કાકેશસ પરવત આગલ એક એવો ટોલો વસતો હતો. અમેરીકામાં પણ એવા એક ટોલાની વસતી આગલ હતી એવું આપણા સાંભલીઆમાં આવીછે છે. તેઓએ પોતાના ટોલાનું નામ એક મોહોટી નદીને આપીછે ને નદી અને સઘલાને "આમેઝોન" ના નામથી મશહુરછે.

જેવી આગલા વખતની "આમેઝોન" ટોલાની અસતરીઓની બાહાદુરી અને હીમત વીશે સાભલી આપણે તાજુબ થઈએછ, તેવીજ તાજુબી અને આપણી આખ સામણે અસતરીઓની હીમત વીશે ખાલી નથી પડી. ઈરોપ ખંડમાં ૭૦૦) વરસની વાત ઊપર જે લડાઈઓ થઈછે તેમાં અસતરીઓએ પોતે જાતે આગેવાની લીધીછે, તલવાર પકડી લડાઈની ખુનરેજીમાં હીમતથી સામેલ થએલી સંભલાઈછે. દીનની જનુનથી, તેઓએ લડાઈના મેદાનમાં પોતાના જીવની છેલી ઘડી સુધી જાંહામરદી બતલાવીછે, અને જાનની આખેરી સુધી હાતમાં શમશેર પકડી રાખી હતી. તેઓએ કીલાની નઘેબાની કીધીછે, તેની ઊપર દુશમેનો તરફથી થએલા હુમલા હટાવેઆછે, અને ઘણીવારફતે મંદી મેળવીછે.

"જોનડીમાંસ્ટ ટેરટે" પોતાનું નાહાનુ પરાત બંચાવવા પોતે ખુદ લડાઈમાં ઊતરી હતી; "મારગરેટ આનજુ" એ પોતાના નબલા માટીને લાંબી મુદત તલક હીમત આપી ટકાવી રાખેઓ હતો ! અને લડાઈ કરી ફેમ જીત મેલવીએ એ તેને સીકવીછે હતું ! તેને તખત ઊપર બેસાડેઓ હતો; બેવાર બંદીખાનામાંથી છોડવેઓ હતો; અને એ સઘલું મરદાનગી ભરેલું કામ તેણીએ બાર વખત ભારી અને સખત લડાઈ કરી પાર પાડીછે હતું. આપણું દેશ હીંદુસથાન એજ મોઆફક હીમત સારૂં વખાણાએથી અસતરીઓથી ખાલી નથી. પણ જો ઓરત જાતની ખરી બાહાદુરી જોવી હોએતો તે તેનાથી થએલી મોહોટી લડાઈઓ અથવા ખુનરેજીમાં નથી નજર આવવાની. ખરીજ પેહેલવાની ખાસીએત ઓરત જાતની જોવી હોએતો તે તેના કોમલ હઈઆંમાં ભરેલીછે, જેનો એક ઘણોજ જાણવા અને ખાતરી કરવા જોગ દાખલો આપણી નજર આગલ પરખેઆત મીસ નાઈટીંગેલે બતલાવેઓછે. આમેઝોન ઓરતો તો માતરે લડાઈજ કરવાને બાહેર પડતી હતી, પણ આ ખરી બાહાદુર અસતરી મીસ નાઈટીંગેલતો એક ખુનરેજી ભરેલી લડાઈમાં રોકાએલી પોતાની સવદેશી આલમની નેગેબાની કરવાને પોતાનો જાન ભારી શંકટ અને ધાસતીમાં નાખેઓ હતો. એ બેની સરખામણી કરતાં આમેઝોન ટોલાની બાહાદુરી મીસનાઈટીંગેલ આગલ ખરેખર કુચ નથી.

---

## અમરીકાના જંગલમાં લાકડાંનુ ઘર.

અમેરીકામાં ઈરોપીઅનો જાઈને પોતાનું સંસથાન કરેચ તે હાલના વખતમાં ઊદીઓગ અને હીમતનો એક અજાએબ નમુનોછે. ઈંગલંડમાંના માનચેસતર અથવા બરમીંગહામના સેહરમાં કોઈ મજુર અથવા કારીગર જેને ઘણા બચાં હોએ તે ઈંગલંડછોડવાનો ઠેહાવ કરેચ. કર કસર કરી તે પોતાની કમાઈમાથી થોડું બંચાવેચ અને જારે તેને એટલું એકઠું કીધું કે અમેરીકા જવાનો ખરચ નીકલે કે પોતાના કુતંબ સાથે ઈંગલંડ છોડેચ. અમેરીકામાં જેવો આવીઓ કે તે મોટાં સેહરો જોવા પોતાનો વખત જોતો નથી પણ આગલ મુસાફરી કરતો જાએચ. અમેરીકામાં મુસાફરી કરવાને સડક તથા આગબોટ તઈઆર તેથી તે જાંહાવેર દુર જવાએચ તેટલો જાએચ. છેવી આગબોટ ઊપરથી નીચે ઊતરીઓ કે તે પોતાની મુસાફરી પગે સરૂ કરેચ. તાહાના જંગલોમાં ભારે દરખત હોએચ તે તરફ રસતો લીએચ અને વસતી પુરાર કીધી કે પછી જાણે પોતીનો મુલક હોએચ તેમ જંગલોમા પોતાની લાએકની જગો સોધી કાહાડવા ગુતાએચ. તેઓ રસતમાથી એક ગાડું વેચાતું લીએચ અને એક ગાએ. એ બે ચીજ લીધી કે પછી કોઈની ગરજ નથી. બાપ, માએ, વડો દીકરો બાર તેર વરશનો અને નાહાના કુર કુરીઆં ગાતાં આગલ ચાલેચ. છેવે સરવાલે નદીના કીનારા ઊપર એક ખુશનમાં જગો પસંદ કીધી કે તેને સાફ કરવા અને જાહાડો કાહાડી નાખવાનુ સરૂ કરેચ. તેઓ જારે જંગલમાં પગ મુકેચ તેની અગાઊ સારાં ગોદરાં અને ગરમ કપડાં તઈઆર રાખેચ તથા કોહાડી અને કાપ



અમેરીકાના જંગલમાં જાનડાનું ઘર

લી હોએછે કે તે એકા એક માનવામાં નથી આવતી.
આપણે એવા એક ટોલા વીશે નથી સાંભલતા આવે
આ પણ કાકેશસ પરવત આગલ એક એવો ટોલો વ
સતો હતો. અમેરીકામાં પણ એવા એક ટોલાની વસ
તી આગલ હતી એવું આપણા સાંભલીઆમાં આવીઊ
છે. તેઓએ પોતાના ટોલાનું નામ એક મોહોટી ન
દીને આપીઊછે જે નદી આજે સઘલાને " આમેઝો
ન" ના નામથી મશહુરછે.

જેવી આગલા વખતની "આમેઝોન" ટોલાની
અસતરીઓની બાહદુરી અને હીમત વીશે સાભલી આ
પણે તાજુબ થઈએછ, તેવીજ તાજુબી આજે આપ
ણી આંખ સામણે અસતરીઓની હીમત વીશે ખાલી
નથી પડી. ઈઊરપ ખંડમાં ૭૦૦)વરસની વાન ઊ
પર જે લડાઈઓ થઈછે તેમાં અસતરીઓએ પોતે જા
તે આગેવાની લીધીછે, તલવાર પકડી લડાઈની ખુનરેજી
માં હીમતથી સામેલ થએલી સંભલાઈછે. દીનની જ
નુનથી, તેઓએ લડાઈના મેદાનમાં પોતાના જીવની
છેલી ઘડી સુધી જાંહામરદી બતલાવીછે, અને જાનની
આખેરી સુધી હાતમાં શમશેર પકડી રાખી હતી. તે
ઓએ કીલાની નઘેબાની કીધીછે, તેની ઊપર દુશમે
નો તરફથી થએલા હુમલા હટાવેઆછે, અને ઘણીવા
રફતે મંદીં મેલવીછે.

" જોનડીમાંલટ શેરટે " પોતાનું નાહાનું પરાં
ત બંચાવવા પોને ખુદ લડાઈમાં ઊતરી હતી; " મા
રગરેટ આનજુ " એ પોતાના નબલા મારીને લાંબી
મુદ્દત તલક હીમત આપી ટકાવી રાખેઓ હતો ! અને
લડાઈ કરી કેમ જીત મેલવીએ એ તેને સીકવીઊ હતું !
તેને તખત ઊપર બેસાડેઓ હતો; બેવાર બંદીખાના
માંથી છોડવેઓ હતો; અને એ સઘલું મરદાનગી ભરે
લું કામ તેણીએ બાર વખત ભારી અને સખત લડા
ઈ કરી પાર પાડીઊ હતું. આપણું દેશ હીંદુસથાન
એજ મોઆફક હીમત સારૂં વખાણાએલી અસતરીઓ
થી ખાલી નથી. પણ જો ઓરત જાતની ખરી
બાહાદુરી જોવી હોએતો તે તેનાથી થએલી મો
હોટી લડાઈઓ અથવા ખુનરેજીમાં નથી નજર આ
વવાની. ખરીજ પેહેલવાની ખાસીએત ઓરત જાતની
જોવી હોએતો તે તેના કોવલ હઈઆંમાં ભરેલીછે, જેનો
એક ઘણોજ જાણવા અને ખાતરી કરવા જોગ દાખ
લો આપણી નજર આગલ પરખેઆત મીસ નાઈટીંગે
લે બતલાવેઓછે. આમેઝોનં ઓરતો તો માતરે લડા
ઈજ કરવાને બાહેર પડતી હતી, પણ આ ખરી બા
હાદુર અસતરી મીસ નાઈટીંગેલતો એક ખુનરેજી ભરે
લી લડાઈમાં રોકાએલી પોતાની સવદેશી આલમની
નેગેબાની કરવાને પોતાનો જાન ભારી શંકટ અને
ધાસતીમાં નાખેઓ હતો. એ બેની સરખામણી કર
તાં આમેઝોન ટોલાની બાહાદુરી મીસનાઈટીંગેલ આ
ગલ ખરેખર કુચ નથી.

---

## અમરીકાના જંગલમાં લાકડાંનુ ઘર.

અમેરીકામાં ઈઊરપીઅનો જાઈને પોતાનું સં
સથાન કરેચ તે હાલના વખતમાં ઊદીઓગ અને હી
મતનો એક અજાએબ નમુનોછે. ઈંગલંડમાંના માન
ચેસતર અથવા બરમીંગહામના સેહરમાં કોઈ મજુર
અથવા કારીગર જેને ઘણા બચાં હોએ તે ઈંગલંડ છો
ડવાનો ઠેહાવ કરેચ. કર કસર કરી તે પોતાની કમા
ઈમાંથી થોડું બંચાવેચ અને જારે તેને એટલું એકઠું
કીધું કે અમેરીકા જવાનો ખરચ નીકલે કે પોતાના કુ
તંબ સાથે ઈગલંડ છોડેચ. અમેરીકામાં જેવો આવી
ઓ કે તે મોટાં સેહરો જોવા પોતાનો વખત ખોતો ન
થી પણ આગલ મુસાફરી કરતો જાએચ. એમરીકા
માં મુસાફરી કરવાને સડક તથા આગબોટ તઈઆર તે
થી તે જાંહાવેર દુર જવાએચ તેટલો જાએચ. છેલી
આગબોટ ઊપરથી નીચે ઊતરીઓ કે તે પોતાની મુ
સાફરી પગે સરૂ કરેચ. નાહાના જંગલોમાં ભારે દર
ખત હોએચ તે તરફ રસતો લીએચ અને વસતી પુસા
ર કીધી કે પછી જાણે પોતીનો મુલક હોએચ તેમ જંગ
લોમા પોતાની લાએકની જગો સોધી કાહાડવા ગુતા
એચ. તેઓ રસતમાથી એક ગાડું વેચાતું લીએચ
અને એક ગાએ. એ બે ચીજ લીધી કે પછી કોઈની
ગરેજ નથી. બાપ, માએ, વડો દીકરો બાર તેર વર
શનો અને નાહાના કુર કુરીઆં ગાતાં આગલ ચાલે
ચ. છેલે સરવાલે નદીના કીનારા ઊપર એક ખુશન
માં જગો પસંદ કીધી કે તેને સાફ કરવાને અને જાહા
ડો કાહાડી નાખવાનુ સરૂ કરેચ. તેઓ જારે જંગ
લમાં પગ મુકેચ તેની અગાઊ સારાં ગોદડાં અને ગ
રમ કપડાં તઈઆર રાખેચ તથા કોહાડી અને કાપ

વાના હથીઆર શાથે રાખેચ. શેકારને સારૂં એક બે બંદુક તઈઆર. જગો પસંદ કીધી કે દરખતને આગ લગાડી, અને જે આગથી બચીશ હાએ તે ઊપર કોહાડીના જોરના જરબ. જગા સાફ થાઈ કે પાસે જાઈને ઘર બાંધવા લાકડાં કાપે. લાકડાંનું ઘર બંધાએ તેની અગાઊ જમીનમાં થોડો અનાજ જે સઊથી નજદીકના સેહરમાંથી લાવીઆ હાએ તે વાવેછે; જમીન એવી સારી કે ઘર બંધાઈ રેહ તેજ વખતે અનાજ ભબરી ઊઠેચ. ઘર બંધાએ તેની અગાઊ સંધા કોઈ દરખતની નીચે સુએ અને આખો દાહાડો સંધા, નાહાનાથી તે મોહોટા વેરરમતાં રમતાં કાંમ કરેછે. રાતના વારાફરતી જાગે અને બાપના માંથા તલે તકીઆની નીચે બંદુક ભરેલી તઈઆર. ઘેર તઈઆર થાએશેં કે તેમાં બીછાના અને સામન લેઈ જાએ અને જે પાક થાએઓ હાએ તેને સીચે. બચાં એવી જગોએ માબાપને કાંમ એવા લાગે કે તેની કીમત થાએ નહી. નાહાનુ નાહાનુ પર સુરણ કાંમ કરેછે. બાપે અટવા વડા દીકરાએ રાંધવાના લાકડાં કાપી મુકીઆ હાએ તે ઘર લાવે અને આણીગમ પેલીગમ ગણતરી વગરના ફેરા ખાએ. નીરાલની ધાસતી નહી, કોઈને કરાં નડે નહી. બચાં જાણે નાહાના પખશીઓ માફક રેહ. માનુ રાંધવાનુ પુરૂં થએશે કે બચાંનુ સીવવા સાધવાનુ તથા બીજું કાંમ લેઈ બેશે. એ જંગલોમાં જંગલી તરકીઓ ઘણી થાએચ તેનો શેકાર કરે અને વખતે તાહાના જંગલી રેહેવાસીઓએ હરણ મારીશેં હાએતો તે વેચી જાએ. બીચારા આખા કુતંબને ઈંગલંડમાં ખોરાક મેલવવાને કેટલી મેહનત પડતી હતી. હીઆંતો હરણનુ ગોસ મહીનામાં બે વખત, તરકી અથવા બીજાં પખશી જોઈએ તો દર રોજ. કાંઈ કોમડી પાલીહાએ તેના ઈંડાં, દુજતી ગાઓનુ દુધ અને અનાજ પોતાનાજ ખેતરનો, ગરીબ બીચારો કારીગર હાલ એક રાજા કરતાં વધારે સુખી થાએઓ. તેની જગો થાઈ કે વલી કોઈ બીજા આવી પાસે રેહ અને વશતી જરા વધી કે સરકારના અમલદારો આવી જગોની સરવે કરે અને જમીન વેચાતી પુશકલ સ[illegible] આપે. આગલ જે ઈંગલંડમા ભાડે કોઠરાંમાં અગવડ[illegible]તો હતો તે અવે બાગ બગીચા વાલો થાએઓ. વ[illegible] વધી કે આપણો નવો મેહુત એક મોટી ઘંટી લાવશ[illegible]. તેને નદીનાં પાણીથી ફરની કરસે કે આખા ગા[illegible]નાજ દલાએ. લાકડાં વેહરવાની કરવતનો એક સાંચો લાવી મુકે; કોઈ બીજા વસવા આવેતો તેઓના લાકડાં જલદીથી વેહરાઈ જાએ અને પોતાને પેહલાં જેટલી અડચણ શાકડાં કાપી ઘરમા બેસતાં કરવાની પડી તેવી પડે નહી. વશતી વધી અને બચા વધીઆંતો એક નીસાલ બંધાઈ અને મેહતાજીને તેડી મંગાવે. આઈતવારને સારૂ કે દવલ જોઈએ તેથી બંધાએ અને એક પાદરી આવે. તેઓનો અનાજ પાકીઓ અને વખરો બંધાએ. પાસેના સેહરમાંથી કોઈ વેચવા સાતવા આવે તેના ઊતારાને સારૂં પોહોચખાનુ (હતેલ) બંધાએ. વશતીના માણસોમાં કજીઓ થાએઓ તેને ચુકવા સારૂં પોત પોતામાં પંચાએત ભરાએ અને પછી અદાલત થાએ પેહલું જાહાડ કપાએશે તેની પછી દસ વરશમા એક નાંહાનુ સેહર તાંહા થાઈ પડેછે. નવા નકસામાં તે સેહરનુ નામ આવેછે. બીજાં સેહરો સાથે રેલરોડ (લોહાડાંની સડકથી) જોડાએછે અને વીજલીનો તારબી લાગુ પડીઓ. છાપાખાનુબી ઊંઘડીશે અને સંધાના મત એક તરેહના નહી હોએ તેથી તેની સામણે બીજું છાપાખાનુ. આવી રીતે અમરીકા તેમાં સુખીઆ કરીને ઈંડીનાઈતેડ ઈસતેતમાં વશતી વધતી જાએચ. વલી કોઈ તે નવા સેહરથી કંટાલે તો આગલ જાઈ જંગલ કાપી બીજુ સેહર ઊભું કરે. પાસે જે ચીતરછે તે સરૂઆતનુ લાકડાંનું ઘરછે.

---

## જાણવા જોગ બાબદો.

**આંસું**—માણસો જુદી જુદી વેલાએ આસું પાડેછે, એ શઘલા આંસું એકજ જાતના હોતા નથી—કોઈ દુખ અથવા ગમથી, અને કોઈ આનંદથી આસું પાડેછે. મારશબક નામનો એક લખનાર જણાવેછે કે બાલક જનમેઆ પછે ચાલીશ દાહાડા સુધી તે આંસું પાડતું નથી, પણ મહીસું પુરૂ થએઆ બાદ તેને આંસું પડેછે. એ દીવશોની અગાઉ ઘર્ણીવાર આપણે બાલકોને રડતાં શાંભલીયું, પણ તે રડવું સઘલું અમસતું, વગર આંસુંનું જાણવું.

---

**કીરમજી કીડા**—કપડા રંગવાના કામમો જે કીરમજ વાપરવામા આવેછે, તે નો પણ એક જાતનાં જીણાં જનવરોછે, તોપણ તે વીશે આગલા વખતના લોકોનો એવો

વીચાર હતો કે એ કીરમજ માતરે એક જાતનો અનાજછે. છેક સતરમી શદી પુરી થઇ તાંહાં સુધી એ વીચાર લોકોમાં પસરેલો રહેઓ હતો, પણ પાછલથી જણાઇઉં કે એ એક જાતના છુણાં જાનવરોછે.

**ઘટતો જવાબ**—જેરલડ નામના એક શખશ જેકે એક કુતરો હતો, જે પોતાના ધણીની સંગાથે જાંહાં તાંહાં જતો હતો; એક દીવસે જેરલડ પોતાના કુતરાને સાથે લઈને ફરવા નીકલેઓ હતો, તેને રસતામાં એક ઓરત મલી જે પેલા કુતરા સાંમુ જોઇ એમ બોલીકે "આ જુઓ કેવો બદસુરત અને બે સીકલ કુતરોછે તે" એ શબદો શાંભલી જેરલદે પેલી અસતરીને જવાબ દીધો "ખરી વાતછે બાઈ પણ હાલ એ કુતરો આપણલોકોને વીશે કેવો વીચાર કરતો હશે તેની મહને શમજ પડતી નથી. જેમ તમારી આંખે એ કુતરો બે સીકલ તથા બદ સુરત દેખાએછે, તેમ જ તમોએ કુતરાની નજરમાં કેહેવાં છો તે જણતું નથી."

**કાગજ ઊપરથી ચીકણો ડાઘ કાહાડી નાખવાની રીત**—કાગલના જે ભાગ ઉપર ચીકણો ડાઘ પડેઓ હોએ તે ભાગને લગાર ગરમ કરવો, અને તાર પછે તે ઉપર "બલાટીંગ પેપર" (સાઈ ચુસવાનું લાલ કાગલ) ના કટકા કરીને સારી પેઠે ડાબવા, તે એટલે સુધી કે પેલો ચીકાસ તે કાગલ શઘલો શોશી લીએ. તાર પછે તે ડાબેલ કાગલ ઉપર બંધે બાજુએ કકડતું "તરપીનટાઇન" તેલ લગાડવું આ પરમાણે બે ચાર વાર કીધાથી તે કાગલ ઉપરનો ચીકાસ નીકલી જશે. છેવટે થોડો શોજો "ઇશપીરીટ વાઈન" તે ડાઘ ઉપર પીછે કરીને લગાડવો જેથી તે ડાઘ એકદમ નાબુદ થએલો જણાશે, તથા તે ઉપર ચીકાસ પણ મુદલ દેખાશે નહી, અથવા તે કાગલ કોઈ રીતે બગડશે પણ નહી, પણ જેવું અસલ કાગલ હતું તેવુંજ માતરે જણાશે.

**ખજુર**—જેમ એશીઆ ખંડનાં કેટલાંક દેશોમાં ચોખાનો મન પતીજ પાક થાએછે, તેજ પરમાને આફરીકા ખંડમા ખજુર થાએછે. ટઇગરીશ નદી આગલથી તે છેક આટલાંનટીક સમુદર સુધી જાંહા જોશો તાં ખજુરી જોએઆમાં આવશે. અરબસથાનના લખો લોકોને એ જાહાડો ઉપરથી દર રોજ ખોરાક મલી આવેછે, એટલુંજ નહી પણ આફરીકાના લોકોને પણ પુશકલ ખોરાક મલેછે. આફરીકાનાં કેટલાંક ઉજાડ જંગલોમાં એ જાહાડો ઉપર ફલ થતાં નથી, તોપણ સોહેરાના જંગલની ઉતર ફરતરા ભાગોમાં એ ખજુરાં ઉપરથી એટલાંતો ખજુર મલી આવેછે કે માણશોના ઉપઓગમાં આવતાં છતાં, ઘરના પાલેલાં જનોવરોને પણ એક ખોરાક દાખલ ખવાડીઆમાં આવેછે. ઇજીપટ અથવા મીશર દેશમાં એ ખજુરીઓ કુદરતી ઉગેછે, અને તે ઉપર એટલાતો ખજુર થાએછે કે તાહાનાં રેહેવાશીઓનો એ એક મુખીઅ ખોરાક ગણાએછે, તથા એ દેશ માહેલાં ભાર બરદારી ઉંટોને પણ એ ખજુરનોજ ખોરાક આપેઆમાં આવેછે. ઇંગલંડ દેશમાં લાંબી મુદત સુધી એ ખજુર ઉમદાઈ ભરેલા તથા સવાદદાર ખોરાક દાખલ ગણાતો હતો, અને તે ઘણો મોંઘો પણ મલતો હતો, પણ હવે તેમ નથી—આગલ જે સુકાઇને કઠણ થઈ ગએલો ખજુર ઇંગલંડમાં કદી ૪ રૂપીએ રતલ મલતો હતો, તે કરતાં શારો અને શોજો ખજુર હવે પછી ૪ આને રતલ મલી આવેછે.

**જુદાં જુદાં લોકોના તરેહવાર ખોરાક**—એક લખનાર આ પરમાણે જણાવેછે કે "કેટલાંક લોકો માતરે ગાએ તથા બેંસનું ગોસજ માતરે ખાધાના કામમા લાવેછે, તેઓ તરકારી તો કદાચજ ખાતા હશે. હીંદુ લોકો માતરે દાલ ભાત અને ઘી ઉપર તથા ભાજી પાલા ઉપરજ પોતાનો આધાર રાખેછે, એઓ મરતા માશ ખાતા નથી, ગીરીનલાંડનાં રેહવાશીઓ મગરનું તેલ તથા બીજાં જે જનાવરો તેઓને મલી આવે તેની ચરબી ઉપર પોતાના ગુજરાણનાં આધાર રાખેછે. આરબ લોકોનો મુખીઅ અને ઘણો ખરો ખોરાક ખજુરછે. મલબારના કોશતા આગલ રેહેનારાઓમાં ધરમ સંબંધી એટલીતો છીટ પેવસ થએલી છેકે તેઓ કોઇપણ જાતના જનાવરોનો ભખશ કરવો એ અધરમી કામ શમજેછે. નીઉ હાલનડના રેહેવાશીઓ મોહોટાંમાં મોહોટું ફલ એક બોરના જેટલા કદનું ખાએછે. ખાધા પીધાની બાબદમાં ઈંગરેજ લોકો પોતાને વધારે ભાગ્યેશવાન ગણેછે—જે જોઇએ તે તેઓ ખાઇ શકેછે, કોઈ પણ જાતનું ગોશ અથવા બીજો ખોરાક ખાવાને તેઓને છીટ અથવા ધરમની મનાઈ નથી. આપીનાઇનશ આગલના ખેડુતો શાહામલુત ફલ ઉપર વધારે રાજી રેહેછે. ચીનાઓ ઉંદર વગેરે હલકા પરાણીઓનો પણ ખોરાક લીએછે. ફરેનચ લોકો દેડકા પસંદ કરેછે. આગલા વખતના લોકો જેઓ ઘણું શવાદીઆ ગણાતા હતા, તેઓ ગધેડાં અને કુતરા પણ ખાતા હતા—ધધેડાને તેઓ બલદના જેવું તથા કુતરાંને ગરધીનાં પીલાં જેવું શમજીને તેઓ ખાતા હતા, તેમજ બીલાડી જો મલી તો તે પણ ખાવાને તેઓ કશા અચકાત ન

હતા. એવી શથલી જાતનો ખોરાક પોતાનાં વાપરવામાં લેતાં છતાં એ લોકો કુકરનું માસ પસંદ કરતા ન હતા, તે એમ કેહેતા હતા કે એ માસ ઘણું ભારેછે તે એકદા એક હજમ નહી થાએ. એ ખોરાક માતરે કારીગરો તથા મજ દુરોને લાએકનોછે, એમ તેઓ ગણુતા હતા. ” આ પરમાણે જુદાં જુદાં માણુશોની ખાધા પીધાની જુદી જુદી રીત ભાતો હોએછે.

**આરારોટની કાંજી બનાવાની રીત**—આપણા લોકો બાલકોને માટે તથા મોહોટાં માણુશોને માટે આરારોટની કાંજી બનાવેછે, તે બનાવવામાં કશો નીઅમ જણાતો નથી—જેમ જેની નજરમાં આવેછે તેમ બનાવેછે, માટે આ ચોકસ નીઅમ અતરે દાખલ કરીએ છઈએ—એક ચમચો ભરીને આરારોટ લેવો, અને તેને બે ચમચા ઠંડાં પાણીમાં સારી પેઠે ડોવવો, તાર પછે તેમાં ઉકાલેલું ગરમ પાણી રેડવું, અને જાંહાં સુધી તે પાણીનો રંગ સફેદાઇ ઉપરથી બદલાઈને કાચના જેવો થાએ તાંહાં સુધી તેને ડોહોવીઆ કરવું; તાર પછે, મરજી પરમાણે જોઇએતો દુધ અથવા પાણી તેમાં રેડવું અને મીઠાસ નાખવો એટલે તે આરારૂટ પીવા લાએક થએઓ. અગરજો એ કાંજીમાં પાણીને ઠેકાણે દુધ ન નાખીઉં હોએતો તે વધારે પોશણ કારક ગણાએછે. આ એક ચમચો આરારૂટ કહેઓછે, તે માતરે નાહાનાં બાલકોને માટેછે પણ જો કોઇ મોહોટાં માણુસને સારૂં કાંજી કરવી હોએતો તે પરમાણે વધતો અરારૂટ વાપરવો.

અગરજો આજારી માણુસને સારૂં આરારૂટની કાંજી કરવી હોએતો તે ઉપર જણાવેઆ પરમાણેજ કરવી પણ તેમાં યોરીતજ અથવા જાએફલ ઘસીને નાખવું, જેથી તે જરા સવાદદાર થાએછે, અને તેમ થએઆથી તે બીમાર માણસને પીવા ગમેછે. કેટલીક વેલાએ આજારી માણુસની કાજીમાં બરાનડીન અથવા વાઇન દારૂ પણ નાખવામાંઆવેછે

ઉપલી રીત ઉપરથી જણાશે કે જેમ આપણાં કેટલાંક લોકો આરારૂટને સુલા ઉપરજ ઉકાલીઆ કરેછે તે રીત નકામીછે.

## ગરબી.

"“પુજું ગણપતીના પાએ, પુજું અંબીકાની પાવડીરે.” એ રાગનીછે.

શેષું પરભુને સદાએ થાએ જેથી શુભ તેટલુંરે,
  કશટ તે જે કેહેવાએ જાએ તેથી તે તેટલુંરે—૧
એક ઉંડી અઘાત વાત વીધાતણી કહુંરે,
  સનેહ સાચે શ્રી જાત માત શુણ જો તમે સહુરે—૨
કશો કરશો ન કરોધ બોધ ધરજો સુબુધીથીરે,
  થાએ ગરંથનો વીરોધ શોધ કરજો વીશુધીથીરે—૩
ખોટો ખેંચીને પખશ લખશ જુહો ન રાખીએરે,
  વાત ખરી પરતીઅખશ ભખશ અરથ ન ભાખીએરે. ૪
કઇક સુગન શોધ કામ ઠામ ઠામે ફરી વલીઆરે,
  સગલાં શેહેરોને ગામ નામ શુધા લખી વલીઆરે—૫
ભમી આખો ભુગોલ ખોલ કીધીછે ખાંતથીરે,
  કીધો બેશી અબોલ તોલ નીશચે નીરાંતથીરે—૬
હીમાચલથી જે હોએ કોએ ઉંચો ગીરી અતીરે,
  નથી જાણીઆમાં જોએ વોએ વાતો કેવી હતીરે—૭
હવે અમથો અતીઅંત તંત તેનો શું તાણીએરે,
  તાણેઓ આજે પરેઅંત અંત એટલેથી આણીએરે—૮
સુરાભરીઓ કે શુધ દુધ દહીનો દરીઓ નથીરે,
  આપણ ઠરીએ અબુધ જીધ કરીએ છીએ કથીરે—૯
જવા હીમાલા પાર આર જુગમાં ન જાણતારે,
  દેશ તીઆંછે તાતાર સાર શોધી ન આંણતારે—૧૦
પાણી પંથેજે જાએ થાએ પડે તે પાપીઆંરે,
  મલી મોટા મુનીરાએ હાએ એવાં મત આપીઆંરે—૧૧
ગપ પુરાં પુરાણ ખાણ ખોદી મથી મથીરે,
  વાત પાડવા પરમાણ જાણજેહ જડતો નથીરે—૧૨
કથા કલપી વીચીતર ચીતર કીધાંછે કાગલેરે,
  નામ પાડીઆં પવીતર મીતર શતરૂની આમલેરે—૧૩
જેણે દીધા અભીઆસ પાસ રાખીને પરીતથીરે,
  શલોક નાંખીઆ પચાસ છાશ પાણીની રીતથીરે—૧૪
જે જે સગલા સીધધાંત પરાંત પરાતે થઆ નહીરે,
  તેમાં જુદાં મતાંત શાંત થઇએ શેના થકીરે—૧૫
ગરંથ ગુથીઆ અનેક રેક તુલીએ તપાસથીરે,
  એવો દીસે ન એક છેક આવીઓ આકાશથીરે—૧૬
બોલીઉં છાંડીને બીક ઠીક લાગો કે શુંકજીઓરે,
  નથી બુધથી અધીક ધીકકારો ન મુકજીઓરે—૧૭
કોઇક જગનો કરતાર સાર નીસચે તે છે સગોરે,
  નીરાકાર કે સાકાર ચાર પગનો કે બે પગોરે—૧૮
તેનો નીરણીઅ ન થાએ ગાએ કલપીને ગરંથમાંરે,
  નહી નકી લખાએ રાએ રીઝે આ પંથમાંરે—૧૯
કરો વીશવોપકાર જાર જુઠું ચોરી તજોરે,
  પરેમ આણી અપાર વાર વારે તેને ભજોરે—૨૦
કરશે રૂડાં તે કાજ કામ કરવાનું આપથેરે,
  લેતાં મુખથી તે નામ શામ સગલાં દુઃખ કાપશેરે—૨૧
આપણ છઈએ અજાણ જાણ અંતરનો એજછેરે,
  નાથ આપે નીરવાણ પરાણ દાતાતો તેજછેરે—૨૨
ગાઇ ગરબી મન હરણ મરણ ચોવીશ સુમારથીરે,
  શુણો ખુલા કરી કરણ વરણ વાંચો વીચારથીરે—૨૩
માનો સતીઅ એક મેવ સેવીઅ તેને રહો સેવતારે,
  આખી દુનીઆંનો દેવ દેવદેવીનો દેવતારે—૨૪

# સ્ત્રીબોધ

પુસ્તક ૨ જું | જુલાઈ ૧૮૫૮ | આંક ૭ મો


## વખાણાએલી ઓરત.

### શુલતાના રીજીઆ બેગમ.

આગલી રાજાઓમાં જે ઘણા હુશીઆર પાદશાહો થાઈ ગીઆચ તેઓના સંધા સારા ગુણો એ ઓરતમા હતા. એ બેગમ કોરાન ખરેખર વાંચી શકતી હતી અને પોતાનો બાપ શમશુદીન અલતમીસના વખતમાં રાજ કારભાર ચલાવવાનો માહવેરો રાખીઓ હતો જારે શમશુદીન ગોઆલીઅરનો કીલો ફતેહ કરવા ગીઆ તારે પોતાની ગાદી પોતાની દીકરીને આપી ગીઓ કે પોતાની ગેરહાજરીએ રાજ કરે કેટલાએક અમીરોએ શમશુદીનને પુછીઊં કે તમારા દીકરાઓમાંથી કોઈને ગાદી સોંપવી જોઈએ તેને બદલે દીકરીને કાએ સોંપોચ. બાપે જવાબ દીધો કે મારા દીકરા આખો દાહાડો દારૂ અને બીજી મોજમા પડીઆચ તે રાજ શું ચલાવવાના; પણ રીજીઆ બેગમ જોકે ઓરતછે તોબી એની અકલ અને હીમત મરદના જેવીછે અને મારા દીકરાઓ જેવા વીસ જણાના કરતાં એક એ ઓરત વધારે સરસછે.

શમશુદીન મરી ગીઆ પછી તેનો દીકરો રૂકનુદીન ફીરોજ તખતે બેઠો પણ તેની ચાલ જેવી બાપના વખતમાં હતી તેના કરતાં વધારે બગડી ગેઈ અને તે નાચનારીઓને, ગવઈઆઓને અને તેઓ કરતા નઠારાઓ સાથે દોસતી પકડી તેઓ ઊપર ખજાનામાંથી ખેરાત કરવા લાગો. રાજ કારોબાર તેની માના હાતમા ગીઓ જેને શમશુદીનના જનાનખાનામાંથી જે કોઈ સાથે નહી બનીઊ તેની ગરદન કપાવા વાળી છે. સરવાલે અમીરોથી એવો નઠારો ગજ એટલ રેહવાએઊં નહી. તેઓએ બલવો કરવા માંડીઓ. પાદશાહ એક ટોલકીની સામણે લશકર લેઈ ગીઓ તેવામા બીજી ટોલકીએ પાદશાહની માઓને મારી નાખી, રીજીઆ બેગમને ગાદી ઊપર બેસાડી તેની સામણે પાદશાહ લડવા આવીઓ પણ તેના લશકરે દગો કીધો અને પાદશાહને બેગમને હવાલે કીધો. તેને બંદીખાને નાખીઓ અને તાહાં તે મરણ પામીઓ

રીજીઆ બેગમ સને ૧૨૩૬ મા દીલ્લીમાં તખતે બેઠી જેવી તેની સલતનત સરૂ થાઈ કે તેને પોતાનો પોશાક બદલી પાદશાહી પોશાક પેહરીઓ અને દરરોજ તખત ઊપર બેસી, ખોલી દરબારે ઈનસાફ કરવાનુ શરૂ કીધું. એના ભાઈના વખતના ઈનસાફનો હનોજ નહી પણ ઈનસાફની દરબાર પણ ભરી નહી હતી. રીજીઆ બેગમે કેટલાએક ધારા પસાર કરાવીઆ તથા પોતાના બાપના વખતના કેટલાએક ધારા મુકરર કીધા તથા ફેરવાવીઆ. એ બેગમ પેહલાં કાંઈ નચીત રેહી નહી. તખત ઊપર માતર ઓરતછે એવું જાણી કેટલાએક નવાબો તથા અમીરોએ બલવો ઊઠાવીઓ હતો અને તેઓ એકસંપ થાઈ દીલ્લી ઊપર ચહડી આવતા હતા. રીજીઆ બેગમે પેહલા એવુ કીધું કે તેઓનો સંપ તુટે અને તેઓ એક બીજાની ધાસતીમાં રેહવા અને અદેખાઈ કરવા લાગા એ સંપ તુટાથી તેઓ છુટા પાડ્યા અને પછી તેઓને બેગમના લશકરે સેહલથી હરાવી ઠેકાણે લાવી મુકીઆ. કેટલાએક નાહાગ, કેટલાએક મારીઆ ગીઆ લાહોરથી તે લકનઓ વેર એકગમ અને શાંતવેરં બીજી ગમ, એઓ વગેરેના લોકોએ બેગમને પોતાને માથે કબુલ રાખી.

બેગમે પોતાના રાજમાં એક હબસી નામે ઈઆકુત હતો તેને અમીરઊલ ઊમરા એટલે અમીરો

ની અંદર વડો કીધો. એથી તે હબસીની અદેખાઈ થવા લાગી. એ હબસી સાથે બેગમ ઘણી વાર વાતો કરતી હતી અને જારે બેગમ ઘોડા ઊપર બેસતી હતી તારે એ હબસી તેને ઊંચકીને બેસાડતો હતો. બેગમની મેહરબાની એટલી બધી કોઈ બીજા ઊપર હતેતો તેનીબી અદેખાઈ થાતે પણ જારે હબસી ઊપર એટલી મોહોબત થાઈ તે અમીરોથી ખમાએઊં નહી. તેઓ દંગો કરવા લાગા. બીતનડાના કીલાના હાકમે બલવો ઊઠાવીઓ અને બેગમ તેની સામણે લશકર લેઈ ગઈ. કીલા આગલ બેગમના લશકરના તુરકી સરદારોએ બલવો ઊઠાવીઓ અને ગડબડમાં હબસીને મારી નાખીઓ તથા બેગમને પકડી કીલાના હાકમને સેવાધીન કીધી. સરદારો દીલહીમાં પાછા વીઆ અને બેગમના એક ભાઈને તખત ઊપર બેસાડીઓ. બેગમ કીલામાં કેદ પડેલી હતી તેને કીલાના હાકમને સમજાવી પોતાની તરફ કરી લીધો અને તેના લશકર સાથે પોતાનું રાજ પાછું લેવા ચાલી. બે સખત લડાઈ થાઈ તેમાં બેગમ હારી અને જારે પોતાના ધણી સાથે નાહાસતી હતી તારે તેને કોઈ જમીનદારે પકડી કતલ કીધી. એ બેગમે સાડા તરણ વરશ રાજ કીધું અને તેના દુશમનોથીબી તેનો કસો વાંક કહડાતો નથી. તેઓ એટલુંજ કેહેચ કે એક હબસીને અમીરોને માંથે કાંએ મુકરર કીધો અને તેને ઘોડા ઊપર બેસાડવા કાંએ ઊંચકવા દીધો?

## દાનચોરીના દાખલા.

ઈંગલંડમાં બાહેરનો માલ જાએચ તેમાં કેટલી જનસો ઊપર જકાત લીએછે. એ જકાત બચાવવા કેટલાએકો ઘણા હીકમતી ઊપાએઓ કરેચ અને જોકે તાંહાંની માંડવીના આદમી ઘણા ચોકસછે તોબી તેઓબી ઠગાએછે.

લંડનમાં અગાઊ ઊંચી એડીના ફરેંચ બુટો (જોડા) પેહરવાની ચાલ હતી. એક બુટ વેચનારો બુટનો મોટો જથો મંગાવતો હતો અને તે એટલે સસતે વેચતો હતો કે સંધા ખપી જતાં હતાં. બીજા બુટના વેપારીઓ અજબ પતા હતા કે આટલાં સસતાં વેચતાં પરવડેચ કેમ? પણ બુટ વાલાનો માતબર થતો ગીઓ અને છેલે પોતાનો ધંધો મુકી પોતાની એકઠી કીધેલી દોલત ઊપર દુર થાએઓ. એ બુટે ચોરીનો માલ હશે એમ કેટલા ધારતા હતા પણ દાનચોરીના નહી હતાં કાંએકે માંડવીમાંથી જકાત ભરીને તે લાવતો હતો. છેલે શરવાલે છુપી બીના જાહેર થાઈ. બુટની એડીમાં ફરેંચ ઘડીઆલો આવતાં હતાં અને તેની ઊપર જે મોટી જકાત હતી તે બુટવાલાને બચતી હતી અને તે સસતે જોડા વેચી નાખતો હતો કે બીજા જોડ આવે અને તેની અંદર ઘડીઆલો છુપાં ચાલી આવે

એક લેડી (ઓરત) ઈંગલંડ અને બેલજીઅમ વચે સફર ઘણી કરેઆ કરતી હતી. માંડવીના અમલદારોને ભારે શક હતો કે એ ઓરત દાનચોરીથી કાંઈબી માલ પસાર કરેચ. તેઓએ ઘણી જપતી રાખી પણ કાંઈ વલીઊ નહી. છેલે તે ઓરત સફર કરવાનુ છોડની હતી તેવામાં એક અમલદારે તેને મોટી લાંચ આપી કે તેની હીકમત જાહેર કરે તારે તેને સંઘુ ખોલી કહેઊં. એ ઓરત એક વેવાએલા કુતરાને પાલી તેની ઊપર બીજા મોટા કુતરાનુ ચામડુ સીવી લેતી હતી અને વચે જે ખાલી જગો હતી તેમાં રેશમી ઊંચું કાપડ ભરતી હતી અને જારે પોતે આવજાવ કરે તારે પોતાની સાથે કુતરો લેઈ જાએ અને તે કુતરો પાલેલો ફરબે જેને "લાપડાગ" એટલે ખોરા ઊપર બેસાડવાનો કુતરો હોએ એવો લાગતો હતો

ફરાંસમાં ચઊદમાં લુઈસના વખતમાં ખુની કુતરાઓની ઊપર ચામડાનુ પર કરી તેમાં ઊંચા ઘડીઆલ તથા બીજી કીમતી ચીજો મેલી છુટા મેલતા હતા. તેઓ દેશની હદ પસાર કરી જતા હતા અને તેઓને સીખવીઊં હતું કે માંડવીના અમલદારનો પોશાક જોએકે જીવ લેઈને નાહાસે. તેઓ ખુની તેથી કોઈ પકડી શકતું નહી હતું અને તેઓ પોતાને ઠામે જતા હતા.

રૂશીઆમાં થોડું એક થાએઊં ખોટી નોટોનો ભારે ફેલાવો થવા માંડીઓ. દેશની અંદર સરકારે ભારે ચોકસી રાખી કે કોઈ નોટ બનાવી શકે નહી બાહેરના ગામની ચીજો આવે તે ઊપરથી તપાસ રાખી એવો હોકમ કીધેલો કે હરએક સખશ દેશમાં આવે તે જે ચીજ તેની હોએ તેનો હીસાબ આપે. કોઈનુ પખસી હોએ તેનીબી નોધ કરાવે. એટલી સં

બાલ છતાં ખોટી નોટો વધી અને તે પકડાતે નહી પણ એક હોનારતથી સંધુ માલુમ પડીઊં. લાકડાની પેનસીલના કેટલાંએક બંડલ ઈંગલંડથી આવીઆં અને તેમાંના એકમાંથી એક પેનસીલ માંડવીમાં તપાસતાં બાહેર પડી. એક અમલદારે તે ઊંચકી અને તુરત ઘડી અને પોતાને કાંમે લગાડી. પેનસીલો તો પસાર થાઈ પણ એક જે અમલદારના હાતમાં રેહી તે તેને વાપરીઆ કીધી. એક દાહાડે તે ઘડતાં બીઓ તો અંદરનુ સીસું મલે નહી. વધારે ગાપચાં કાહાડીઆં પણ કાંઈ મલે નહી. જરા વધારે અને કાંઈ કાગજ જેવું દેખાઊં અને પછીતો અંદરથી ખોટી નોટ જે વીશે આટલી ચોકસાઈ વેરથ બઈ હતી તે પકડાઈ આવી. તે નોટ લંડનમાં બનાવેલી અને તે રૂશીઆમાં ચલાવેલી.

ઈંગલંડમાં કેટલાએક વરસ ઊપર અસલી સામાનો ઘરમાં રાખવાનો શોક પેદા થાએઓ અને લોકો નેધરલાનડસથી અસલી ઘપની ખુરશી, કાચ, ટેબલ, કબાટો મંગાવા લાગા. એક વેપારીએ જોએ ઊંકે આ તક સારીછે. તેને ખુરશી અને કાચની લેસીનના અસતરમાં ચાહ ભરી મોકલાવી, કાંએકે ચાહ ઊપર જકાત ઘણી હતી. એ પરમાણે તેને પોતાના આડતીઆ ઊપર ચાહ મોકલી અને સારૂં નાણુ પેદા કીધું.

મુંબઈમાંથી આગલ એક હીકમત કામે લગાડી હતી, કોણ જાણે હાલ તેમ ચાલેચ કે નહી? ઈંગલંડથી કેટલાએક વેપારીઓ ગાડી મંગાવતા હતા અને ગાડીની બેઠકની નીચે જે ખાનુ હોએચ તેમાં બનાતના તાકા મંગાવતા હતા કે બનાત ઊપરનુ જકાત ભરવું પડે નહી.

---

## દુખ.

આપણ આતશ આગલ હાત લઈ જાઈએચ અને આપણને દુખ લાગેચ. આપણી ચામડીમાં કાટો ભોકાએચ અને આપણને દુખ લાગેચ. આપણી આંગલી છરીથી કપાએચ અને આપણને દુખ લાગેચ. વારૂં, તારે જો પરમેશ્વરે એવું દુખ નહી કીધું હતે તો કેહવું સારૂં? એવું દુખ નહી હતે તો આપણ કેટલા સુખી રેહતે? આવો વીચાર કોઈને કદાચ થાએ પણ આપણે જે દુનીઆમાં છઈએ તાંહા એવા દુખ લાગવાની ભારે જરૂરછે અને જો એમ નહી હતે તો માણસનો શો હાલ થતે. કેટલીએક વખતે એવું બનેચ કે માણસનુ બદન સુન મારી જાએચ પણ તેથી ગુણ થએઆને બદલે ઊલટું નુંકસાન થાએછે. બચાં રોગની સાથે રમત કરવા જાએચ. જો દુખ નહી હતે તો બચાંઓ પોતાના આંગલાં બાલી નાખતે, બલકે આખો હાત બાલતે અને પછી જનમવેર કેટલી અડચણ ભોગવતે? જેમ બચાં કાગજ અથવા સોટીઆં બાલી મજાહ કરેચ તેમ બદનના ભાગો બાલી મજાહ કરતે. છરીથી જરા આંગલુ એક વખત કપાએઊં તો વધારે કપાવાનુ સરૂ થતે. નવા નીશાલીઆના હાતમાં કલમ અને છરી જારે પેહલે જાએછે તારે તે કલમને કેટલી નાહાની કરી નાખેછે? જો દુખ નહી હતે અને કોઈ પોતાને હાતે હર કાંઈ અફાડવા અથવા ઘસવા બેસતેતો તે પોતાનો હાત ભાંજી નાખીઆ વગર રેહતે નહી. જો મેહનત કરવા પડતે અને તેને થાક નહી લાગતેતો એટલી મેહનત કરતે કે સઘલાં બોરાં ખોવાઈ જતે અને પછી મુરદું થાઈ પડતે. કોઈ ખુલીઓ ખાવા બેસતે અને હોજરીને દુખ નહી હતેતો ખાએઆજ કરતે જાંહાંલગ તેનુ માસ ચામડીમાં માતે નહી અને જેમ ઈસપનીતીમાંનો દેડકો બલદના જેવો મોટો થવા ગીઓ અને પેટ ફુટી ગીઊં તેમ ખુલીઆની આખેર આવતે. બચાં સંભાલ નથી લેઈ શકતાં પણ મોટો સમજુ આદમી પણ દુખ વગરે પીડામાં આવી પડવાનો. દાકટર કારપેનતર કેહછે કે ઠંડીની રૂતમાં એક ઢોર ચરાવનાર ચુનાની ભઠી ઊપર સુવા ગીઓ અને તેનો એક પગ કરેલ ઊપર હતો. રાતના કરેહો બલી ચાલી અને તેનો પગ ઘુંટીવેર બલી ગીઓ. સહવારના તેને ઊંઘમાંથી ઊઠાડીઓ અને જેવો તે ઊભો થાએઓ તેવોજ તેનો બલેલો પગ છુટો થાઈ ટુટી પડીઓ. એ ઘણી ભઠીના બાફથી બેશુધ થાઈ બીઓ હોશે અથવા બીજા કારણથી પણ તેને દુખ નહી લાગાના સબબથી પગ ખોએઓ અને એક પખવાડીઆમાં તે મરણ પામીઓ. સર ચારલસ બેલ કેહછે કે એક દરદીનો હાત સુન મારી બીઓ હ

ઊ અને એક વાસણ-જે એકાએક તાપમાં પડી ગી
'તો તેને ઊંચકીને બાહેર કાહાડીશીં અને બરોબર
જગોએ મુકીશીં. તેના હાતની ચામડી સલ્લી બ
લી ગઈ. એ પરમાણે સમજુ આદમી પણ ચુક કરે
છે. દુખ તારે અમસ્થું નથી. માણસનો મોહોટો
બંચાવ દુખછે. દુખ આપણી પાસબાની કરેચ અ
ને તે રાત દીસ, કધી ઊંઘાતો નથી. આપણી જીં
દગાનીની હસતી દુખ ઊપર આધાર રાખેચ. આ
દુનીઆમાં પરમેશવરે કીધુંચ તે કાંઈ વેરથ અથવા
નુકસાનકારક નથી. તેનુ દાહાપણ અપારછે જે મા
ણસને આસતે આસતે માલુમ પડેછે.

---

## ખરતા તારા.

ઘણા જણાએ ખરતા તારા જોએઆ હશે.
કોઈ વખતે એ ખરતા તારા જમીન ઊપર પડેચ અ
ને મોટો આવાજ કરીને, પણ જે સીતારા આપણ જો
ઇએચ તે અને ખરતા તારા એમાં ભારે ભેરછે. કેટ
લાએક વરશ થએઆં મુંબઈ ઈલાકામાં બેલગામ જી
લ્લામાં એક કુનબીએ જોએઊં કે એકાએક આશમાં
ન તરફ આગનો ગોલો થાએઓ અને તે બલતો જ
જમીન ઊપર ખેતરમાં પડીઓ તે એટલો જોરથી પ
ડીઓ હતો કે જમીનની અંદર કેટલા ફુટ દટાઈ ગી
ઓ. તાંહાંનાં સતાવાલાને એ ખબર થએઆથી તેમાંનો
એક કકડો મુંબઈ મોકલીઓ અને તેની તપાસ ડાકત
ર જીરોડે કીધી હતી. એ કકડામાં બે ધાતુ મુખીઅ મા
લુમ પડી, લોહોડું અને નીકલ. પંજાબમા દુરાલા
ના ગામડામા એવોજ એક પથર આવાજ કરતો પ
ડીઓ હતો અને તાહાના લોકો તે પથરને દેવતા સમ
જી તેને સારૂં એક દેહેડું બાંધવાનો ઈરાદો કરતા-હ
તા પણ રંજીતસીંગે જોએઊં કે એ પથર કાંઈ સારી
નીશાણી નથી અને તેવામાં ઈંગરેજી રેસીડેનને તે
પથર માંગીઓ તેથી તેને હવાલે કીધો. રજીતસી
ંગને એટલી દીત હતી કે તે પથરને પોતાના શેહર
માં આવવા નહી દીધો પણ બાહારોબારથી ઈંગરેજી
હદમાં મોકલાવી દીધો. મલાકામાં એક વખત એવો
એક પથર પડીઓ તેથી એક ચીનો બેસુધ થાઈ ની
ચે પડીઓ અને મરણ પામીઓ. સાતમી ડીસેમબ
ર ૧૮૫૫ ની સાંજે એક તારો આવાજ કરી ફાટીને
ખરીઓ તે ઈંગલંડ તથા ફરાનસના લોકોએ જો
એઓ. કેટલે ઠેકાણે વીજલી જેવો લાગો, એ
ક ઠેકાણે નાહાના છોકરા સમજીઆ કે ચં
દર કકડા થાઈ ટુટી પડેચ, અને એક જોતીશી એ
વી ગણતરી કીધી કે તેનુ વજન પચાસ લાખ ટન
હશે. સારાં ભાએગે એ પથર દરીઆમાં પડીઓ.
આસરે પાંચ વરશ ઊપર એક ખરતો તારો સુરજ
જેટલો દેખઈતો મોટો હવામાં ફાટો. ભારે ગગરાટ જે
વો આવાજ થાએઓ અને તેના કકડા હાનોવર દેશ
મા ટુટી પડીઆ. એક રુશીઆન મુસાફરે સાઈબી
રીઆના પાહાડ ઊપર એક પથર ખરતા તારાનો
જોએઓ જે પંદરસો રતલ હતો અને બીજીનાસઆઈરી
સમાં જે પથર પડીઓ હતો તે તેર ટણ † ભારી હતો. એ
સંધા પથરોમાં લોહોડું અને નીકલની ધાતુ તથા ત
ંબુ અને પથર હતા. મકામાં મુશલમાનોને જેઆ
રત કરવાની જગો કાબાઆછે, તે વીશે મુસલમાનો કે
હેછે કે કાબાઆમાંનો એક પથર બેહેશતમાંથી હજરત
ઈબરાહીમ લાવીઓ હતો. હલ એક ઈંગરેજ હા
જી થાઈને મકે ગીઓ હતો તેને તે પથર જોએઓ
અને જે બેઆન કીધુંચ તે ઊપરથી આપણી
ટાપુનો વખણાએલો ડાકતર વીલસન ધારેચ કે
તે પથર ખરતા તારાનો હશે, અલબતા એ પ
ર આસમાન ઊપરથીજ પડેલો અને તે ઊપર
થી તે પથરણી કાહાની ચાલેલી. મુંબઈમા એક
બે ચોમાસુ થાએઆ એક મોટો ગગરાટ થાએઓ હ
તો અને તે વખતે મજગામના એક રેહવાસીએ જણ
વીઊં હતું કે ગગરાટની વખતે તેને આતસનો ગોલો
જમીન ઊપર ઊતરતા જોએઓ.

અવે એ પથર કાહાંથી આવીઆ ? એઓ આ
તશ જેવા કેમ થાએઆ. એક નામીચા વીદવાને આ
ગલ એવો વીચાર આપીઓ હતો કે ચંદરની અંદ
ર બલતા પાહાડછે અને તે પાહાડ ફાટેચ તારે તેમાંના
પથરા ઊંચે ઊડેચ અને તે ઊડીઆથી ધરતીની નજ
દીક આવેચ અને ધરથી ઊપર પડેચ. હાલ એ મ
ત ખરૂં રહીઊં નથી અને પછી વીચાર કરતાં બીજુ
એક અજાએબ કારણ માલુમ પડીઊંચ.

---

† એક ટનની આર ખાંડી.

સુરજની આસપાસ જેમ ધરતી અને ગરેહો ફરેચ. તેમ મોહોટા પથરો પણ ફરતા ફરેચ. એ પતરો ઝુમકલછે અને તેઓનો રસતો અને ધરતીનો રસતો ફેટલી જગોએ મલેચ. જો પથર ધરતીની નજદીક આવી પુગીઓ તો ધરતી તેને ટાણી લીએચ. અને જારે તે હવામાં થાઈને પડેચ તારે હવા સાથે ઘશડાએઆથી લાલ આતશ જેવો થાઈ ફાટી જાએચ.

ફીલસુફોએ ગણતરી કીધીચ કે અગર તોપનો એક ગોલો દર શેકંડે દસ માઈલ દુર જાએ અને તે હવામાં પાર થાએ તો દસ લાખ અંસ ગરમી પેદા થાએ ઈઆને લોહોડું પાણીની માફક ઊકલેચ એટલી ગરમીના કરતાં તરણઘો દરજજે વધારે ગરમી પેદા થાએ. અવે ખરતા તારા જે પડેચ તે એક કલાકમાં ચોપન હજાર માઈલની જડપ રાખેચ તારે તેની ગરમી કેટલી અતીસે હશે?

જોકે ખરતા તારા બારે માસ નજર આવેછે તોબી દસમી આગસટ અને તેરમી નવેમબરે અતી ઘણા દેખાએછે. પારીસમાં એક જોનારે એક કલાકમા ૧૮૦ ખરતા તારા જોએઆ હતા. અમેરીકામાં ૧૮૩૩ ગણેઆ હતા. અવે એ બે દાહાડે વધતા દેખાએચ તેનું કારણ ફીલસુફો જણાવેચ કે બે જુમખા પુમકલ પતરોના સુરજની આસપાસ ફરેચ અને ઊપલે બે દીવસે તેઓ આપણી દુનીઆના રસતાની કીનારી આગલથી પસાર થાએચ. પરમેશવરે પુરથવીનો ફરવાનો વખત એવો કીધોચ કે આપણને જાજી ધાસતી નથી પણ જો વખતમાં ફેર હતે અને ધરતી તથા પતરોના જુમખા એક વખત પાસે આવતે તો દુનીઆ ઊપર મોટા પતરોનો શખત મારો પડીઆથી કોણ જાણે કેવી પીડા થાતે.

## લગન અને તલાક.

આફરીકાના ઊતર કીનારા ઊપર આલજીઅરસ નામનુ દેશછે તે ફરેંચોના અમલમાછે. એ દેશમાં આરબોની વસતીછે અને તેઓ ઊપર ફરેંચો રાજ ચલાવેચ તોબી ઈનસાફમાં આરબ સરદારોને સામેલ કરેચ.— એ નવા અમલમાં ઈનસાફ થાએચ તેની એક બીના નીચે જાહેર કરીએચ.

અદાલતમાં કાજીઓ બેઠેલાછે અને તેઓનો વડો (સરનસીન) એક ફરેંચ બોલી દરબાર ભરી બેઠોચ. એક મકરેજાની અથવા કાસદ એક આરબ ઓરતને વાદી માફક દરબારમાં લાવીઓ. તેની ઊમર અઢારથીને વીસ વરસની હતી, ને ખુબસુરત હતી, તેના ડોળા ચલકતા હતા અને તને સાદો પોશાક પેહરીઓ હતો. એ ઓરત કાંઈ ગભરાએલી નહી હતી પણ તે જે કામે આવી તે સમજતી હોએ એવી દેખાતી હતી અને તેને સવાલ કીધા વગર બોલી.

"હું તમારી આગલ આવીચ કાએકે હીંઆ ફરેંચોમાંજ નાચાઈ અને ઈનસાફછે. તમારે સાઉ લોકો જુદું બોલેચ પણ અમો તમારા કામ જોઈએચ અને તે ઊપરથી તમોને પીછાણીએચ"

સરનસીન બોલીઓ "દીકરી તું એવી રીતે ફરીઆદ ચાહેચકે તારે વીશે મને સારું મત આવીઊં. ધાસતી વગર બોલ અને ખાતરીથી જાણજે કે જે તારાં સારાંને માટે બનશે તેહવું કરેઆમાં આવશે."

"અવે હું ધાશતી વગર બોલશ. હીંઆ ઓરતને ધાશતીની ગરજ નથી. જેટલી હીંઆ હું પંડી છેઊ તેવીજ કોઈ ઠેકાણે નહી હતી,"

"દરૂશતછે દીકરી, તું કોણની ફરીઆદ કરેચ, કોઈ તારી સાથે આડો ચાલીઓચ."

"હું ખરેખરું સંધુ કેહશ, તમોજ મારી કદરને બુજશો અને મને ઈનસાફ બખશશો. મારું નામ ઊરીદા બેનદુની, મારો બાપ બેનીતુજારના તાબાનોછે અને હું મારા બાપની ફરીઆદ કરવા આવીચ કે જે મને એક બદસુરત અને ઘરડો માણસ નામે બેલેસનાન સાથે જુલમથી પરણાવેચ."

"એ તને કેમ સુજ પડીઊં શું તને બેલેસનાને ઘણી રીત † આપવા કહીચ. શું તે બીજા બાપોની માફક પઈસાને સારું પોતાના બચાંને દલદરી કરેચ?"

"નહી, રીનબીત કાંઈ નથી. મારો બાપ બેલેસનાનની દીકરી સાથે પરણવાનો ચાહેઓચ અને બેલેસનાન કેહછેકે મારી દીકરી કયારે આપુ કે તારી દીકરી મને આપેતો હું તેની સાંમળે થાઈ કાંઈકે બુધાને જોઊંચ કે મને કાંઈ થાઈ આવેચ તારે તેની

† આરબોમાં પરણનાર વરરાજ પોતાના સસરાને રીત આપેચ

ઓરત હું કેમ થાઈ શકું અને ઓરતની ફરજ કેમ બજાવી શકું. મેં નાપાડીઆથી મારી ઊપર મારા બાપનો ભારે જુલમ થાએઓછે. મેં લાત મુકીનો માર ખાધો. મને દોરડાંચો બાંધી. જુઓ મારા હાત ઊપર હજુરવેર દોરડાના સર રેહી ગીઆચ. અને જો કોઈએ દોરડાં ટોડી નહી નાખીઆં હતેતો મારૂં શું થતે." આ છેલ્લા બોલો બોલતાં તે લગાર અચકી.

"દીકરી, શરમાના, સાફ ઊઘાડું બોલ. તુંને કોણે મદદ દીધી તે મને જાણવું જોઈએ. જારે તુંને અમારી ઊપર વીસવાસછે તારે તુંને જાણવું જોઈએ કે અમો હરકાંઈ ખરા અને કુદરતી વીચારને માન આપીએચ અને જુઠું તથા ધોંગને ધીકારીએચ. ધાસતી વગર બોલ, તારા મનમાંનું સંધુ જાહેર કર."

ઓરતથી બોલાઈ ગીઊં "હું એને કેહું ?નહી કેહું ?કાએ નહી કેહું ?—મેં દોરડાં નથી ટોડીઆં, મારામાં એટલું જોર નથી ખાબીબ વલીદ ગલબે ટોડીઆ. તે બાહદુર સવારછે."

"તું તેને બેલેસનાન કરતાં વધારે પસંદ કરેચ, નહી વારૂં ?"

ઓરતે દેહવથી જવાબ દીધો. "હા, હું તેને ચાહુંચ, કાંએ નહી તે કેહું ? એમાં ખોટું શુંછે ? હું કોઈ બીજાની સાથે જાઊં તેના કરતાં મરૂં તો બેહતર."

"દીકરી વારૂ, તારા દીલની સફાઈ અને તારૂં સાચું બોલવાનું તારા બે ચોટા હથીઆરછે. હું તારો ઈનસાફ કરસ પણ મને સંધું જાણવું જોઈએ શું વલીદ ગલબે તુંને છોડવી ?"

અવે હું બધું કેહું. જારથી બેન તામના લગન ગીઆં તારથી અમો એક બીજાને ચાહીએચ. એ લગનમા મેં એને ઘોડા ઊપર બેસી બંદુક ફેડતાં જોએઓ અને એની બરોબર કોઈ ઊતરી શકીશે નહી. મારા બાપનો જુલમ થતો હતો તારે એને મને લેઈને નાહસી જવા કહેઊં પણ મેં નાપાડી પણ જારે મને બાધી અને માર મારીઓ, તારે મારેથી ખમાએઊં નહી અને મેં મારી લોંડીને કહેઊં કે જા એણે તેડી લાવ. એ ચીવીઓ, મારા બંધ તોડીઆ અને તાંહાથી વગર વીલમે અને સઊથી ટુંકે રસતે આ દરબારમાં આવી. એ વાત ખરીછે, હું પેગંમબરના દરના સોગંદ લેઈને કેહુંચ "

"હું તારૂં કહેલું માનુચ. તે હીઆં તારી સાથે આવીઓચ ? હીઆંછે ?"

હા, હીઆંછે, પણ મારી સાથે આવવા તેની હીમત ચાલી નહી."

જલદીથી ગલબને બોલાવી મંગાવીઓ, તે ઘણો ખુબસુરત હતો અને તે સવારના પોસાકમાં હતો. અલબતાં ઘરડા બદસુરત કરતાં આવા સખસને ઓરતે પસંદ કીધો હોએ એ સંધાના મગજમાં ઊતરીઊં.

ઓરતે પોતાના આશકને કહેઊં "આગલ આવ મે સંધું કહેઊં. એ બધું જાણેચ." સવાર બોલીઓ "શોબહાન અલા, ઘણું સારૂં થાએઊ કે તેં કહેઊં. મારાથી સંધું નહી બોલાતે."

સરનસીન બોલીઓ. "સાંભલો, હું લંબાન કરવા માંગતો નથી. તું આ ઓરત સાથે પરણશે?"

"હા"

"અને તું આ મરદને તારો ખાવંદ કરશે."

"હા"

"તમો બંધે એકક ઊપર રાજી છેઓ અને ખોદાએ તમારી અંદર જે પેઆર મુકીઓચ તે ખોદાના નામથી હું તમુને જોડુંચ. કાજી આ લગનનુ દસતાવેજ બનાવ."

કાજીને એ ગમીઊં નહી તે બોલીઓ પણ "સીદી કરેલીલ લગન વીશેના બાબમાં કેહુચકે"

"સીદી કરેલીલ શું લખી ગીઓચ તે સંધુ હું જાણુચ. તેના કહેઆ પરમાણે જો હું આ છોકરીને બાપને હસતક કરૂં તો પેલો ઘરડો માણસ જે એના બપાવા જેવોછે તેની સાથે મારી ફુટીને પરણાવે. પણ તેનુ ફલ શું થાએ તે ખબરછે ? બેમાંથી એક, કાંઈ આતો ઘરડો બેલેસનાન આ ગરીબ છોકરીને મારી નાખે ઈઆતો એ પોતાના આશક સાથે નીકલી જાએ અને પછી કેટલી ખરાબી ? સુરજની રોશની જેવું એ ખોલલુંછે."

આવું બોલવું દરબારની અંદરના લોકોના ગેઆનમાં ઊતરવા લાગું, જોકે તેઓને ભારે છીત હતી તોબી.

"અવે જો કેતાબના હોકમ પરમાણે ચાલુંચનો ખરાબી અથવા ગુનાહ નીપજેચ પણ એ હોકમ બેઆનમાંથી કાહાડી નાખુચતો સારૂં થાએચ, તારે એમાંથી કેવો રસતો પકડવો, એ ખોલલુંછે."

કાજી બોલીઓ "પણ સીદી, એ સીવાએ સીદી ખાઆલ બોલાશો કરી ગીઓચકે"

"બંધો એકજ તરેહ કહી સીઆય. જેઓ ધારા બાંધેચ અને જેઓ તે ધારાઓનો બોલાસો કરેચ તેઓ એક ચીજ કેહછે કે ધારા પરમાણે ચાલ વું જોઈએ. પણ આ એઆદ રાખજો કે હરએક ધારો માણસના દીલ પરમાણે નહી હોએતો પછી તે ધારો તોડવાની ગમે એવી સજા હોએ તોબી ધારો ટો ડાવાનો. તમારા ધારા કે જે દરરોજ ટોડાંએચ. ત મારી ચાલ ચલણ, તમારા ગીતો સંધા ઊલટાંછે. જાં હા ધારા અને માણસનું દીલ આડે આવે તાંહા એક નીચે જાએ અને બીજો શવે. હાલ ધારા નીચે પડેઆ ચ તેનું કારણ શું ! ધારો માણસે બનાવીઓચ અને દીલ અલલાએ બનાવીઊંચ. હું ધારૂચ કે મારૂં કહેલું તમુને સમજ પડતું નહી હશે."

"શું નાદર સખુનો અલાઓ તાલાએ પોતે બોલાવીઆ" આવી રીતે આરબ સરદારોએ તારીફ કીધી જોકે તેમાંના અરધાથી વધારે ઊપનું ભાશાણ ચીનાઈ બોલી મારફે સમજીઆ હોએ.

એ સભાએ કાજીને પુછીઊં કે "કેમ તમુને લગ નનો દસ્તાવેજ કરવાનું દરૂસત માલુમ પડીઊં."

કાજી બોલીઓ "અબલાના ઈનસાફના સોગં દ લેઈને કેહુંચકે હું રાજી થાએઓ. એમાંથી સારૂ જ નીપજશે"

સરનસીન બોલીઓ "હીંઆ સંધાઓને એઆ દ રાખવા કેહુંચકે મારી ખુશીછેકે આરબો ચોરી કર વી, જુઠુ બોલવું, ખુન કરવું મુકી દીએ અને પોતે જે ઓરતને ચાહતા હોએ તેઓ સાથે પરણે."

આરબો બોલીઆ "સીદી બુકરારી તમો ઘણુ દરૂસત બોલીઆ."

એક સરદાર બોલીઓ "આ લગન કીધો તે ઘ ણુ શારૂં કીધું. હું એના બાપને ઓલખુંચ. તે એ ટલોતો આલો અને નીચોછે કે એક રૂપાના દીનારને શારૂં પોતાના બચાંની ચામડી કાહાડી વેચશે."

શરનશીને કહેઊકે "કાજી, લગનના દશતાવેજ મા રીત લખવાનું કારણ નથી. જો છોકરીનો બાપ રીત માંગવા આવીઓતો કેહજોકે છોકરીને માર મારીઓ તેના બદલામાં છોકરીની રીત ગેઈ,"

કાજીએ લખત તઈઆર કીધું અને તે લખત એક શરદારે પેલા જોડાંના હાતમાં આપીઊં, જેઓ ખુશી થતાં, દુઆ દેતા ચાલીઆં.

ઊપલો ચુકાદો થાઈ રહુઓ અને થોડેવારેના જરે ખબર આપી કે એક મરદ અને ઓરત દાદ મા હવા આવીઆંચ.

"તેઓને અંદર આવવા દે" શરનશીન બો લીઓ.

દરબાન ગબરાઈને બોલીઓ "બંધેને"

"હા, બંધેને,"

બંધે અંદર આવીઆ. મરદના બાલ પાકે લા હતા, તેના ચેહરા ઊપરં હટીલાઈ દેખાતી હતી અ ને પોતાની સોબતીને મારવા જતો હોએ એવો દેખા એઓ. તેનો પોશાક બરોબર હતો નહી. તેની પા ઘડીનો એક પેજ નીચો આંખ ઊપર આવીઓ ઈતો. ઓરત જુઆન અને ચબરાક હતી, તેનો ચેહરો પ સંદપડે એવો હતો પણ જરા બંધી અથવા નસકલી દેખા તી હતી. બંધે એકકને ગોસાથી જોતાં હતાં અને જેવા ઈન સાફની દર બારમાં આવીઆ કે બંધે મોટે બોલવા મંડી ગીઆ અને ઘોગાટ કરી નાખીઓ. પેહલાં મરદનો આ વાજ સંભલાએઓ.

"હું સીદી કલહાના તોખમનો છેઊં—દરૂદ હોજો તેના રૂહ ઊપર. હું મારાબુત છેઊં, પવીતર, પાક, આબરૂ વાળો અને ઊંચા ખાનદાનનો છેઊં. મા રી તારીફ તમો દરએકને મોહોડેથી સાંભળશો. હું દુની આમાં સંધી વાતે સુખીછેઊં પણ આ રાંડ અભાગણી મને મલીચ અને મને તરેહવાર ખમવું પડીઊંચ."

સર નશીન બોલીઓ "અરે પણ તમો બંધે એકદમ શાથે બોલશો તો મને કેમ શમજ પડવાનું એ કક પછી બોલો."

એ કાંઈ ખાતરમાં ઊતરીઊ નહી, બંધે જણ પાછાં બોલવા મંડી ગીઆં, મરદનો આવાજ હજી મો ટો હતો.

"એ રાંડની બદ ચાલ અને બેરડાઈ દર રોજની એટલીછે કે મારેથી શંધુ કેહવાઈ શકાતું નથી. એને મારી ચોરી કીધી અને જે હાતમાં આવીઊં તે લીખાડાંઓ જે એની આંખમાં શારૂં લાગેચ તેઓ શાથે ખાઈ ગઈ, કોઈબી શારૂ આદમી મારા તંબુમાં આવી શકતું નથી એટલુજ નહી પણ એને મારી ઊ પર હાત પણ ઊંચકીઓચ અને મને મારીઓચ."

શરનશીને પોકાર મુકીઓ " અરે ભલાં આદમીઓ, એકક પછી બોલોની, તમો એકક શાથે બાજતું નથી એતો હું સમજીઓ પણ દરએકની શું ફરીઆદછે તે મને કેમ માલુમ પડે. બાઈ તું મુગી રેહ, તારા માંટીનુ શાંભલીઆ પછી હું તારૂં શાભલશ. "

શરનશીનનુ ભાશાણ કેકટ ગીઊં, બંવે વધારે જોરથી બોલવા લાગાં. બ ધો શમજીઆં હોએ કે એનુ શાભલશે અને પછી મારૂં નથી શાભલવાના, એમ જોરથી બોલવા લાગાં. વારેઘડીએ શરનશીનને બોલવું પડીઊંકે, "હું એક બોલબી કેમ શમજું. અરીત કાઈ ફરીઆદ કરવાંની નથી. જરાવારતો મારૂ શાંભલો અરે મુગા રેહો. પણ દમ ખાઓની. તમો કાઈ હીઆ તમારા તંબુમાં છેઓકે તાંહાં જેમ મરાઓ ચ તેમ હાચા કરવા જાઓચ. ઈનશાફની અદાલતમાં હું તમુને ભુકવા નહી દેવશ " પણ એ સંધું હવામા ઊડી ગીઊં અને બંવેમાથી આગલ જે મરદનો આવાજ મોટો હતો તે જરા નબલો થાએઓ અને ઓરતનો બાહેર નીકલીઓ.

" મને આખી દુનીઆ માન આપેચ, મારી ચાલ ચલનની વખાણ થાએચ અને હવે આ અભાગીઆ સાથે મારેથી વધારેવાર કેમ રેહવાએ અને એતું સંધું કેમ ખમાએ ? દુસત મારી આબરૂની ગીબત કરેચ અને મારી ઊપર નીલાજરાં તોહોમતો ઊલાં કરેચ. જો મને ઘરમા જરાબી મુગી રેહવા દીએ, અરે અલાહ, તો હું એવીછેઊં કે એ મારો સગો થાએ તેથી કાઈબી ભુલી જાઊ. એ ધીકારીઆ જોગ જનાવર મારા કાકાનો દીકરો થાએ પણ એનો દેખાવ ઓવોછે કે સીદી કલહાના તોખમનો લાગતો નથી પણ સેતાન બચોછે. મરો એ ચીકટીઓ ભીખારી. તે દાહાડે રાતના મને કહેઊં કે તે બરોબર રાધીઊં નથી, એવું બાહાનુ કાહાડીને લાકડનો પાટલો છુટો મારીઓ, મટોડીનો કાલલો અને બીજાં વાસણ મારી ઊપર ફેંકીઆ અને ચુલામાનુ સલગેલું લાકડું પણ ઊચકીઊં. મારા દીલ ઊપર હજુર મારના દાઘ છે અને અવડાં હું મારી પીઠ તમુને દેખડાવને પણ હું જાણુચ કે તેમ કરવું મારી આબરૂની ઓરતને લાએક નથી "

એ વખતે નાજર મોટે આવાજે ચુપચુપ બોલીઓ, અને તે એટલો મોહોટો હતો કે તેથી જરા બંધો અચકીઆં શરનશીને એ ચુપ વખત જોઈને જલદીથી બોલીઓ કે " ઓરતને બાહેર કાહાડો, મરદને રેહવા દેઓ. બાઈ થોડોવાર બાહેર જા તારા ધણીનું હું સાભલી તુને પાછી બોલાવશ. આ કજીઆનો નીવેડો લાવવાનો બીજો કશો ઊપાએ નથી. "

હીઆ વાત વધી ઓરતે જગો છોડવા સારૂ ના પાડી અને બારી ધરીને ઊભી રેહી પણ મકરેજાનીએ આવીને તેને મજબુત પકડી, અને જેમ એક બાકડું ઊચકી લેઈ જાએ તેમ બારણાની બાહેર મુકી આવેઓ.

શરનશીને કહેઊં, " અવે બોલ પણ સંધુ ટુકામા. "

" તમોએ આ ઓરતને જોઈ, જોએઊં કે ટલો કકલાટ કીધો તે અને મને કેટલી ગાલ દીધી અવે એવી ઓરત સાથે હું વધારે દાહાડા કેમ રેહવું ? "

" તારે તલાક કાંએ નહી લેતો, આટલા દહાડા વેર બેસી કેમ રહેઓ. "

અમારી પોતાની મરજીથી શાથે નથી રહેઆ. અમારી બ ધેની ખુશીછે કે છુટાં પડીએ "

" તારે બંધેની ખુશીનું કાંએ નહી કીધું ? શું અટચણ હતી ? પઈસાની ? "

" પઈસા ! ના જે એનુંછે તે આપવાને ખુશીછેઊં અને મારો હક જેએ ઓરત ઊપરછે તેબી આપી દેઊં. પઈસો ! સીદી કલાના નામથી મારૂં માગણું હોએ તેને બદલે સામણું આપું જો એ દેવીના બલથી છુટો પડુતો, તંબુના સુખ આગલ પઈસો શું ચીજછે "

" તારે શાની અડચણ "

" સગાવાહાલાની, ખાતુ ખરાબ થાએલાં આવીને અમોને કહેચ કે એમ કરશો તો ખરાબ લાગશે, ખાનદાનનું નામ ઝાંખુ પડશે, દુનીઆની લાજ રાખવી જોઈએ, કેવે નાખે પછી ફરીએ, સગાવાહાલાને કેટલું નીચુ જોવું પડશે અને એવું બીજું બેહદું જાણે કે પોતાની ઓરત સાથે સલાહમા રેહવું હલકુ હોએ અને કજીઆમાં કાંઈ એબ નથી. "

" ઘણી અકલની વાત કીધી. "

"એ કારણસર અમો આ દરબારમાં આવીઆચ અમાગા શુઆવાહાલા અમોને તલાક લેના અટકાવેચ "

. તમો હીઆં આવીઆં તે દરૂસત કીધું. તમો ને આવી દલદરી હાલતમાં રાખવાનું ખોદા મારી પા સે નહી કરાવે. દુખથી પાપ જલદી નીપજેચ, તેથી અમારો ધરમ અમોને ફરમાવેચ કે દુખી આદમીને આશરો આપવો પછી ગમે એવું તેનું દુખ હોએ. ત મો જે ચાહવા આવીઆંચ તે જલદીથી મલશે. બીજા વાદીને અવે આવવા દે."

ઓરત અંદર આવી, જોકે તેની ચીડ થોડી ન રમ પડી હતી તોબી તેની જબાં અગાશિના જેવી ચા લાક હતી.

"તમોએ મને જુલમથી બાહેર કાહાડી. બ જારમાં કાંદાની ગુણ એક જગોએથી ઊંચકી બીજી જગોએ મુકે તેમ તમારો આદમી મને ઊંચકી લેઈ ગી ઓ પણ તેની ફરીઆદ હું કરતી નથી. મને ચીઢ એટલા સારૂં ચહડેચ કે હું ઊતી નહી તે વખતે તમુ ને કોણ જાણે કેટલું ઊંધું ચતું સમજાવીશેં હશે. પણ એને કહીશેંચ તે સંધું જુઠું, બદગોઈ અને નાલેસી કીધીચ. કદાચ એને કહેશેં હશે કે હું તલા ક લેવા રાજી નથી પણ હું સીદી કલાહની કબરના સોગંદ લેઈ કહુંચ કે મારી આખી જીંદગાની રાંડીરાંડ રેહવશ, દરીઆમાં પડી ડુબી મરશ, ઈહુદી સાથે પરણુ સ પણ એની સાથે નહી રેહું."

સરનશીન બોલીઓ "જો મને બોલવા દેતો એવું તુંને કેહવશ કે તું ખુશી થશે અને નરમ પડશે. તું જારે ગેર હાજર હતી તારે તારા વીશે કશું બોલા એશેં તું નહી. તારા તલાક વીશે વાત થાઈ અને અવે તલાક મલશે."

બંધે જણ એકદમ બોલીઆં, "અલહમદુલઅલ લા. અલલા તમારા સગા વાહલા ઊપર રેહમ રાખે. અલલા તમારી ઊમર દરાજ કરે. અલલા તમારી મુરા દ બર લાવે. અલલા તમારો પાસબાન થાએ. અલલા તમારી હોશીઆરી વધારે. અલલા તમારા દુશમનો ને નાબુદ કરે. અલલા તમુને ફતેહ બખશે."

"ઘણી મેહરબાની, ઘણી મેહરબાની, કાજી, ત મોએ બંધેનું સાંભલીશેં હશે તમો અવે એઓને તલાક આપો."

"ઘણું ઠેહતું, તલાકના બાબમાં સીદી ક રેશીલ કેહુચ કે જારે બંધે જણ રાજી થાએ તારે તે ઓને જલદીથી તલાક નહી આપવો ગુનાહ ભરેલુંછે. સીદી ઈબિરાહીમ કેહુચ કે જો કાજી એવી બાબદમા એક દાહાડો સબુર કરેતો તેને દંડવો જોઈએ, અને તે દંડ ઓરતની રીત પરમાણે. સીદી લેખાલ પણ એ મજ કેહેચ અને સીદી—"

"બસ ઘણા થએઆ. હોકમાઓને રેહવા દે ઓ અને તલાક આપો."

કાજી ગુંગણો થાઈ પુછેચ. "ધણી અને ધણી આણી, તમો તલાક લેવા રાજી છેઓ,"

બંધે બોલીઆં "હા, હા"

કાજી વધારે ગંભીર અને ગુંગણો થાઈ બોલી ઓ "હોકમ પરમાણે તમો છુટા થાએઆં."

પેલું સુખી જોડું બોલીશેં "અલહમદુલઅલલા, અલહમદુલઅલલા."

"હું તલાકનું લખત કરૂંચ. સાંજનાં આવ જો."

મરદ બોલીઓ, "અવે એતો થાએશેં આ પણા સગાંવાહાલાં જાણશે તારે અજબ થાશે અને મારી પેઆરી હવે તુંને જાંહાં શેતાન લેઈ જાએ તાહાં જજે અને સીદી કલાહનો જો હું ખરો બામદાનનો હોશેંતો અલલા તારી આંખ કાહાડી લેજો અને તારી જબાં નબલી થાઈ ખરી પડજો કે તુને પુરની સજા મલે."

"જા, તારા સરાપની કોણ દરકાર કરેચ, તું જેવો મારાબુતછે તેમ હુંબી મારાબુત છેશેં અને જેમ તું બદ દુઆ દેશે તેમ હુંબી દેવશ. જો હું સીદી કલાહની તેઆમની હોશેં તો અલલા તારા હાત પગ ભેરવી નાખજો, તારા દાંત ભાગી જજો, તારી જબા કપાઈ જજો, તારા ડોલા ફુટી જજો."

સરનશીન બોલીઓ "તમો બંધેઓ તમારી અકલ ખોઈચ. અલલા તમારા ઘેલાપણા ઊપર ધે આન નથી આપતો અને તમો એક બીજાને બદ દુ આ માગોચ તે કદી પામનાર નથી. તમારી દુશટ ભાશા સાંભલવાને બદલે અલલાને બીજી કામછે. મુગાં મુગાં અને છુટાં જાઓ. તમો એક બીજાને લાએક નથી અલલાએ તમોને જોડીઆ નહી હતાં."

મરદ જતી વખતે "સાત પેહડીલેર તારૂં ન તીઆ નાશ જજો."

તરત જવાબ નીકલીઓ "સાતસો પેહડીલેર તારૂં જજો."

## પુછડી વાલા વાંદરા.

(ભાગ ૧ લો, નાહાની પુછડી વાલા.)

પુછડીવાલા વાંદરા બે જાતના થાએચ એક ટુકી પુછડીવાલા અને બીજા લાંબી પુછડીવાલા. પુછડી વાલા વાંદરાઓને ગાલ આગલ કાંઈ સુજેલું હાએ એવું માલુમ પડેચ અને તેઓને ગાલ આગલ એક કોથલી હાએછે જેમાં તેઓ હરકાંઈ ખોરાક એકતો કરેચ અને પછી જરા જરા કાહાડીને ખાએછે.

ટુકી પુછડીવાલાઓમાં સઊથી જાણવા લાએક વાંદરો આફ્રીકામાં થાએચ અને તાંહાના લોકો તેને ચાકામા કેહેછે. એ વાંદરો ઘણો જોરાવરછે અને જારે ટોલાં થાઈ જાએચ તારે તરસ અથવા ચીતા ઊપર પણ હામલો કરેછે. નર એટલો જોર રાખેચ કે તે બે કુતરાને મારી શકેછે. એ જાતના વાંદરાઓનો ખોરાક અનાજ અને કન છે પણ તેઓ ઈંડાં ખાએછે અને વીછુ ઊપર ઘણો પેઆર રાખેછે. વીછુને પકડતી વખતે વાંદરો એટલી જડપ બતલાવેછે કે વીછુને ડંખ મારવાનો વખત આપતો નથી. જેવી તરાપ વીછુ ઊપર મારી કે તરત ડંખ તોડી નાખી ગપ દઈને મોહોડામાં આખો મુકી દીએચ. એ જાતના વાંદરાને ગામડી રાજાઓની દરબારમાં ઘણી ઊક માઈથી રાખેચ. રાજા જારે જમવા બેસેચ તારે પેહલાં દરએક વાંનીમાંથી થોડું તેને નાખેચ, જો વાંદરાએ તે ખાધુંતો પછી રાજા ખાએચ અને જો તેણે નહી ખાધુંતો તુરત રાજાને શક જાએચ કે ખાણું પકાવવામાં કાંઈ દગો થાએઓય. આફ્રીકાના એક ફરેંચ મુસાફરે એવા એક વાંદરાને પોતાની સાથે રાખીઓ હતો અને તેથી તેને ભારે નફો થાએઓ હતો. જંગલમાં હરકાઈ મેવા ઈઆ મુલીઆં મલે તે વાંદરાને પેહલાં નાખતા હતા અને તે જારે ખાતો હતો તારે બીજાઓ ઘાસતી વગરે ખાતા હતા. એ વાંદરાનું નામ કીસ પાડીઊં હતું અને તેના વીશે એ મુસાફર કેહેછે કે "તે હરકાંઈ ધાસતી વીશે સઊથી અગાઊ ચેતવણી આપતો હતો. કુતરાઓ અમારી ચોકી કરેવાને બદલે ઊંઘાતા હતા એટલો વીસવાસ તેઓને કીસ ઊપર આવીઓ. કીસે જરા અવાજ કીધોકે સંધા કુતરા જાગી ઊઠી જોવા મંડી જાએ. જારે હું એને શેકાર કરતી વખતે લઈ જતો હતો તારે કીસ જાહાડો ઊપર ચહડી ગુંદર ખાતો હતો તથા મધમાખના પોલા સોધતો હતો. જારે આવું ગલીઊં ગલીઊં મલતું ન હતું તારે મુલીઆં સોધતો હતો અને ભાણીઆના ના મુલીઆં ઘણો પસંદ કરતો હતો. એ મુલીઆં મને પણ ખાવા ગમતાં હતાં તેથી કીસ તરેહવાર હીકમત કરતો હતો. જેવાં મુલીઆં નજરે પડીઆંકે તરત દોડી જાઈ, તેની ઊપરની છાલ છોલવાની પણ ઢીલ નહી કરતો અને ગપ દઈને મોહોડામાં મારતો અને હું આવી પુગું તેવામાંતો સંઘુ પેટમાં પસાર થાએલું: કોઈ વખત હું દોડી જાઊં તારે એકદમ મુલીઆં બચડી કચડીને ગાલની કોથરીમાં સાંતી મુકે. તેથી ઘણી વખત હું તેને પકડીને જબરદસતીથી મોહું ચીરી અંદરથી કાહાડી લેતો હતો. આવો જુલમ તથા બેઈનસાફી થતી હતી તોબી કીસ કોઈ દાહાડે ચીરડાએઓ નહી હતો અથવા વેર નહી રાખીઊં હતું. એ મુલીઆં ટોડવાની ચાલ ઘણી હસવા જોગ હતી. કીસ દાંતે મુલીઊં કડતો હતો અને પછી હાતે ખોદતો હતો અને જરા લેકું ઊંચકીઊં કે મુલીઊં નીકલી આવતું હતું. જો એમ નહી વલીઊં તો પોતના મોહોડામાં જેટલું આવે તેટલું પકડીને પછી ચતી ગોલાંટ ખાતો હતો અને તેથી મુલીઊં સપ દઈને નીકલતું. કીસ જારે થાકી જતો હતો તારે તે કુતરાઓને ઘુમ પડાવતો હતો. એક કુતરાંને પકડી તેની ઊપર ચહડી બેસતો અને કલાક બે તરણ સુધી સવારી લેતો હતો. મારાં સંધા કુતરાંઓ એ સવારી ખમતાં હતાં પણ એક કુતરો કીસને માથેનો હતો. જેવો તેની ઊપર કીસ બેઠો કે તે કુતરો તેજ જગો ઊભો રેહ અને જરાબી હીલે નહી. અમો સંધા આગલ ચાલીઆ અને કોઈ વખતે નજરેથી દુર થાઈએ તોબી કુતરો એક ડગ ચાલે નહી. વાંદરાને એખલો રહેવાથી ભારે બીક લાગે તારે નીચે ઊતરે. જેવો નીચે ઊતરીઓ કે બંધો દોડવા માંડે. કુતરો જેમ બને તેમ વાંદરાને પોતાની આગલ રાખે કે પછવાડેથી ચહડી નહી બેસે. એ કુતરા વગર બાકીના સંધા કીસને તાબે રેહતા હતા. કીસ જમતી વખતે પોતાનો મીજાજ ખોતો હતો, જો કોઈ કુતરૂં આગલ આવીઊં કે તેને પોતાના હાતની એક મુકી ચહડાવ

તો હતો, અને કુતરાં પણ મુકી ખાઈને મુગાં મુગા પાછાં જતા હતાં. ”

“કીસને સરપની ભારે બીહીક હતી, તથા બીજા વાંદરાને જોઈ ઘણો બીહતો હતો અને ધ્રુજતો પોતાના ધણીનો આસરો લેવા ભરાતો હતો. બીજા વાંદરાની માફક કીસ નાહાની ચોરીઓ કરતો હતો પણ એકુ ચોરી કીધી કે જંગલમાં નાહાસી જાએ પણ સાંજને છેડે પાછો આવે. એક વખતે આખી રાત બાહેર રહેઓ, મેં તાજા વરેણા તઈઆર રાંધીને કીધા હતા અને મારી રકાબીમાં મુકીને હું ખાવા જતો હતો. એવામાં મેં એક પખશીનો આવાજ સાંભલીઓ કે જેવો કોઈ વખતે મારે કાંને પડીઓ નહી હતો. હું બંદુક લેઈ બાહેર ગીઓ અને પા કલાકમાં પખશી લેઈ પાછો આવી જોઊંચ તો વરેણા અને કીસ બંધે ગેપ થાએલા. એની એક દાહાડો અગાઊ મે મારીઓ હતો. રાતના તે આવશે એવું મેં ધારીઊં પણ રાત ગેઈ અને બે દાહાડા બીજા નીકલી ગીઆ અને કીસનો મલે નહી. કીસ વગર મને ઘણું દુખ લાગું. તે મને રમુજ આપતો હતો તથા ચોકી કરતો હતો. તરીજે દાહડે મારાં માણસો ખબર લાવીઆં કે પાસેના જંગલોમાં જાહાડ ઊપર ભરાઈ બેઠોચ. હું જલદી દોડી ગીઓ અને ખુબ સોધીઓ પણ પાએઓ નહી. છેવે મેં તેનો આવાજ સાંભલીઓ જે ઘણો કાકલુદીનો હતો. મેં તેને જોએઓ અને બોલાવીઓ તોબી આવીઓ નહી. છેલે હું જાહાડ ઊપર ચહડીઓ અને ખુબ મેહનતથી તેને પકડીઓ અને નીચે લાવીઓ પણ કીસ નાહાસી નહી ગએલો ”

માંદરીન નામનો વાંદરો ઘણો બીહામણોછે પણ તેને તરેહવાર રંગ બદન ઊપર હોએચ. કોઈ ભાગ આસમાની, કોઈ ભાગ રાતો હીંગલા જેવો, કોઈ કાલો, કોઈ સુનેરી, એ વાંદરો ગીની નામના દેશમાંછે અને તાંહાના લોકો એથી ભારે બીહેચ. કેહેછે કે એ વાંદરો ઓરતને પકડી જંગલોમાં લેઈ જાએચ. એવા વાંદરાને ઈંગલંડમાં બીરી પીવા અને બીર પીવા સીકવીઓચ પણ એ જાતનો મીજાજ અતીશે અભાગીઓ. જરામાં ચીરડાઈને આંગ ઊપર આવેચ અને એવી વખત હાતમાં હથીઆર રાખીઆ વગર પાસે જવાએ નહી. એવી જાતના વાંદરાઓને બબુન કેહેછે.

# જેપાન.

જેપાન દેશના ટાપુઓ ચીનની પુરવેછે. તાહાના લોકો માતરે ચીનાઓ તથા કોરીઆના રેહવાસીઓ સાથે વેપાર કરેચ અને થોડાં વરસ અગાઊ વલંદા (ડચ) વગરે બીજાઓ સાથે વેપાર નહી કરતા હતા. હાલ અમેરીકનોએ તેઓ સાથે વેપારનુ નાતું ઊંઘાડીઊં અને પછી ઈંગરેજ, ફરેંચ અને રુશીઆન સાથે કોલકરાર થાએઆ. આગલ ખરીસતી પાદરીઓ જેપાનમાં દાખેલ થાએઆ હતા તેઓ વટલાવવા લાગા અને તેઓની સંધી ચાલ વલંદાઓએ જેપાનના રાજાને જણાવી તે દાહાડેથી વલંદા સીવાએ સંધા ઈઊરપીઅનોને દેશમાંથી કાહાડી મુકીઆ અને ફરીથી આવવા નહી દીધા. એટલો બંદોબસત રાખીઓ હતો કે અગર કોઈ જેપાનનો રેહવાસી પોતાનુ દેશ છોડી બાહેર જાએતો તેને પાછો દેશમાં લીએ નહી. એ દેશ ઘણુ ફલવાન અને ખુબસુરતછે અને જેમ આપણે થુવરની વાડ કરીએચ તેમ જેપાનમાં ચાહના જાહાડોની વાડ થાએચ. તાંહાના લોકો જાહાજો માસનો ખોરાક રાખતા નથી અને દેશમાં મેંઢા અને બાએ ઢોર થોડાંછે. ઘોડા ઘણાજ નાહાના ટટુ જેવા અને તે ઊપર અમીરોજ સવારી કરે. તેઓ કોહોલાં તથા કુતરાંને મારતા નથી અને તેઓ તેમને દેવતા જેવા સમજેછે તાહાની ઓરતો બીલાડી પાલી તેઓ સાથે રમેછે.

જેપાનમાં રાજાના મેહલ વગરે સંધા એકજ જાતના ઘર, સંધા લાકડાંના બનાવેલાં અને તેની ઊપર છોંએ કરી ચુનો ધારેલો. પાસે જે ચીતર પાડેલુંછે તે કોઈ અમલદાર ઈઆ વેપારીનુ ઘરછે. એ ઘરની અંદર બીલલાં દેવાલના ભરી લીવેલાં તે અજબ તરેહનાછે. સંધાં બીવલાં કાગજના બનાવેલાં અવે આપણ જો એક ઓરડામા ગીઆ અને અજવડ પડી તો એક બે બીવાં ખેંચી લીજીએ અને તરણ ઓરડા જેવો એક ઓરડો થાએ. વલી આપણે કોઈ સાથે હલુસે વાત કરવી હોએતો એક પાસેનુ બીલુ ખેંચીઊં અને નાહાનો ઓરડો બની ગીઓ. જેપાનમાં કોચ, ખુરશી અથવા તખત મલે નહી. સંધા નીચે ગાલીચા ઊપર બેશેછે મરદ તથા ઓરત, સંધાના હાનમાં વીના અને એક ચોરસ લાકડાની તખતમાં કો

ડીની રકાબીઓમાં ખાણુ આવેછે. જેપાનના લોકો કાંઈ ખુબસુરત નથી. તેઓનો રંગ પીલાસ ઊપર, દોલા બેસી ગએલા અને નાક ઊપર માસ ઘણું. મરદો પોતાની દાહાડી રુપી નાખેછે. તેઓ માથાંની બાજુએ બાલ રાખેછે અને ઊપરની ટાલકી બોરાવી નાખેછે. અને પછી બાજુના બાલ ઊંચા કરી ગાંઠ વાલેછે. ઓરતો ચીનીઓ માફક નાહાના પગની ઓ હોએચ.

## નારવે દેશના કુનબી.


એ દેશ ઈઊરપખંડની ઊતરેછે. તાંહાં તાહાડ બહુ પડેછે અને પરવતપણ ઘણાછે. ઊનાલામાં દાહાડો ઘણો લાંબો, રાત માતરે બે તરણ કલાકની. શીઆલામાં રાત ઘણી લાંબી, દાહાડો એક બે કલાકનો. એ દેશ ઘણો સુખીછે અને જોકે બીજા દેશમાં દોલત, વેપાર અને દમદમામ ઘણોછે તોબી નારવેના ગરીબ આદમી જેવા સુખી અને ભલા બીજા ઈઊરપમાં કોઈજ ઠેકાણે હશે. કુનબીઓ હર કોઇ પરદેસીને આસરો આપેચ તથા બરદાશત લીએચ. ઘર ઘણું ખરૂં ખીણમાં બાંધેચ અને તાંહાં એક નાહાની નદી, જેમાંથી પુશકલ માછલી મલી આવેછે. ઊંચા પરવત ઊપર મોટાં દરખત તેથી ઘર બાંધવા અથવા ચુલામાં બાલવા જેટલુ જોઈએ તેટલું લાકડું. ઘરથી દુર છેક ઊંચે એક બીજું ઘર બાંધેચ જાંહાં ગાએ ઢોર રેહ અને આસપાસ ઘાસ ઘણું તેથી દુર ચરવા નહી જાએ. એ જગો સંધાને કાં મકાજનો. ખુબસુરત ગવલનો તાંહાં ગાએ તથા બકરીનું દુધ દોહેછે તથા તાહાંજ માખણ, પનીર બનાવેછે. તેઓ આસપાસ જંગલોમાં જાઈ "સતરાબેરી" અથવા બીજાં નાહાના ફલ તોડી લાવેછે અને તેના જામ (મુરબો) બનાવેછે. નાહાના છોકરાઓ ગાએ ઢોર ચરાવેછે અને ઘાસ કાપી સુકવેચ અને જારે સંધા કામથી પરવારીઆ હોએ તારે નાચેછે તથા ગીતો ગાએછે. મેહનત અને સંતોશથી એઓ ગોએઆ પખશીની માફક રેહચ. તેઓનું દીલ અમેશા ચંગ.

ઘરની અંદરનો દેખાવ કેવો દીલ પસંદ હોએચ. અંદરથી સફાઈ અને ભોંએ ઊપર સુગંધ દાંખરીઓ કટકે કટકે નાખેલીઓ. સંધા કામે લાગી ગએલાં, કોઈ કાંતવા બેસી ગએલું, કોઈ વણવા. તેઓને જે જોઈએચ તે સંધું પોતે બનાવેચ, તથા સંધી ખોરાકી પોશાકી તઈઆર રાખેચ. કોઈ બજાર ઈઆ દુકાનની ગરજ નહી. દારૂ પણ તેઓ ગાલેછે. જવમાંથી બીર બનાવેચ અને પટેટામાંથી બરાંડી. પાસેના ચીતરમાં માલુમ પડશે કે કેટલાએક કોઈ મોટાં જનાવરના પગ બાંધી વચે લાકડી પોઈ ઊચકી લાવેછે. એઓ બાહેર શેકાર કરવા ગીઆ હતા અને બાલાબીછ મારી લાવીઆછે. તેઓ સાથે કુતરાં પણછે અને એ કુતરાં બાલાબીછની પછવાડેથી હોમલો કરેચ તેથી તે એક જગો બેસી પછી દુશમનનો હોમલો અટકાવા માંડેચ. જેવું બેઠું કે શેકારીઓની ગોલી છુટેલીજછે અને તેમ તે મારીશું જાએચ એ શેકારીઓને પાહાડ ઊપર મેહનત પડી હતી તેથી તેઓ ભારે ભુખા થએઆચ અને જેવા ઘરમાં આવ્યા કે ખાવાનું તઈઆર. રોટી, માખણ, તાજુ ગાને આયેલું ગોશ અને માછલી તઈઆર અને સંધા નાસતો કરવા મંડી જાએ. ઘરમાંની વખારમાં આટો અને અનાજ ભરેલો, પેટીઓ ભરી રોટી અને કેક, મેંડાં, બકરા, ગાએ, હરણ, બાલાબીચની રાનો લટકતી. મીઠું દીધેલું અને આયેલા ગોસનો જથો જુદો મુરબા અને અચારની મોટી બરણીઓ, પનીર મોટા ઢગોઢગ અને માખણના ટપ ભરેલાં. ખાણુ, નીમક, મરી, સાબુ, તંબાકુ, મીનબતીઓ. બીર તથા બરાનડીના પીપો. સંધુ તાંહાંજ બનાવેલું. નારવેના કુણબીઓ અને ખેડુતોની હાલત ઘણા મુનાફેદો પસંદ કરી ગીઆચ. તે સાથે લોકોની ચાલચલવી સારી કે જાણે ગુનાહ તકસીર નહી અને તેમ પોલીસની ગરજ નહી.


## આપણે બંદગી પુરતી નથી કરતા.

બંદગી વીશે એક કાબેલ સખશે નીચે જણાવેલા પરમાણેનો એક ભીસલો આપેઓછે, તે ખરેખર વાજબીછે, અને તે ઊપર સરવે કોઈ બંદગી કરનાર દીલો જાનથી ધેઆન પોહોંચાડશે.

જારે પુંબો સારી પેઠે ચાલુ હોએછે, તારે તેમા



જેપાન દેશમાનુ ઘર



નારવે દેશની ઝુપડી:

થી પાણીની ધાર લાગટ નીકલતી રેહેછે. દરએક ચાર્પાણીએ પોતમાર પાણી પડતું રેહેછે, અને એક વખત ભુંબામાં પાણી ઊપર ચહડીઊં કે તે ઊપરનું ઊપરજ રેહેછે, અને તેઆર પછી ભુંબો દાબવાને ઘણી મેહનત નથી પડતી. પણ ભુંબો જો થોડો વાર ચાલતા બંધ પડેઓતો પાંણી નીચે ઊતરી જાએછે, અને પછી તમને પાણીની જરૂર પડીતો તમને ઘણી વાર સુધી ભુંબો દાબવાની મેહનત પડવાની. તેમજ બંદગી જો લાગટ કરવાની તબે રાખીતો જરા જરામા, અને સાધારણ વાત ઊપરથી તમને બંદગી કરવાની ઊલટ છુટશે, અને તે પરમાણે તમારા મોહોડાંમાથી બંદગીના શબદો પાણીના રેલા મોઆફક નીકલવાના. પણ બંદગીની તબે ખોઈતો પછી બંદગી કરવી તમને ઘણુજ કઠણ કામ થઈ લાગવાનું, તે તમારી ઊપર જાણે એક મોટો બોજો થઈ પડેલો લાગવાનો. એમ સમજજો કે ભુબો અટકેઆથી પાણી છેક નીચે ઊતરી ગીઊછ, તેને અશે પાછું ઊપર ચહડાવવાને તમને ભારી મેહનત કરવી જોઈએ, અરે! મીતરો બંદગીનું પાણી તમે એટલું નીચું ઊતરી પડવા ના દેશો, તે ઊપરનું ઊપર રાખજો, અને તે એક વખત આવીઊં કે તેને ઊપરજ રાખવાને તમને ઘણી મેહનત નથી પડનાર.

---

# ૫૯.

જેઓ ઘડીઆલ રાખતા હશે અથવા જોતા હશે તેઓને ખબર હશે, કલાક મીનીત અને સેકંડ એટલે શું? અને કેટલો વખત એઓ બતલાવેચ. આ પણ જો ટીક ટીક એટલું બોલીઆતો એક સેકંડ થાએઓ એવા સાહાઠ સેકંડની એક મીનીત અને સાહાઠ મીનતનો એક કલાક તથા ચોવીસ કલાકનો એક દીવશ. બારીક વખત નોધવાનું ઘણું અગતનુ છે હાલ દરીઆમા વાંહાણો બે ધડક ચાલીઆ જાએચ અને ખડકની કશી ધાસની રાખતા નથી તેનુ કારણ એછે કે તેઓ ઘણોજ બારીક વખત જાણી શકેચ વાહાણના કપતાનના ઘડીઆલમા જો એક સેકંડની ચુક પડીનો ૪૪૦ વારની ચુક દરીઆમા થાઈ જાએચ અને જો એટવી જગોએ કોઈ ખડક ઈઆ ખરાબો હોએતો પછી વાહાણ તથા માણસોના કેવા હાલ થાએ?

જોતીસો જેવો તારા વરતેચ તેઓ એવા નાહાના વખતને ઘણુ સંભાલેચ, એક સેંકડનો વીસમો ભાગ જો ચુક કીધી હોએતો તેઓની ગણતરી ખોટી પડેચ, એક વખત ઘરે દુરબીનમાં જોએઓ અને એક સેંકડના વીસમાં ભાગ એટલા બારીક વખતમાં કેટલો આસમાન ઊપર ખીસીઓ એ મુકરર કીધું કે પછી જોતીસ આપણને કેહી શકશે કે એ વરે ફલાંને વખતે ફલાને ઠેકાંણે આવચો જોઈએ અને તોહાજો તે વખતે દુરબીન મુકીતો આબાદ દેખાઈ આવવાનો. એટલીતો સારી ગણતરી કે પાચ ઈઆ તેથી વધારે વરશ અગાઊ કેહી શકશે કે ફલાનો ઘરે, ફલાને વરશે, ફલાને દાહાડે, ફલાને કલાકે, ફલાને મીનીટે, અને ફલાને સેંકડે, આસમાનની ફલાની જગો ઊપર આવવાનો.


વખત કેટલો બારીક તપાસીઓચ તેના અગો હીઆં થોડા દાખલા આપીએચ કેમ તપાસીઓ તે હાલ કેહવાને બનતું નથી અને જો તેમ જણાવીઊં તો વાંચનારા સમજી શકનાર નથી.——આપણો આવાજ કેટલો દોડેચ તે સોધી કાહાડીઊંચ, એક સેકંડમાં આવાજ ૧૧૪૨ ફુટ જાએચ. જો એક તોપ ફુટી અને તેનું બલતું આપણે જોએઊં અને પાચ સેકંડે આવાજ આવીઓ તો એમ સમજવુ કે તોપ એક માઈલ દુર ફુટી તેજ પરમાણે વીજલી પડી ગગરાટ થાએચ તેના અવાજ ઊપરથી આપણ કહી શકીએ કે વીજલી નજદીક ઈઆ દુર પડી વીજલીની જડપ જેઓએ જાણવી હોએ તેઓ તારની આફીસમા જાઈ કાંઈ ખબર મોકલવી. એક માઈલ જસા વીજલીને એક સેકંડનો બે લાખમો ભાગ લાગેચ અથવા એક સેકંડમા વીજલી બે લાખ માઈલ જાએચ. એ વીજલીની ચાલ ઊપરથી એક વીદવાને એટલાનો બારીક વખતની ગણતરી રાખી કે એક સેકંડનો નીતોતેર લાખમો ભાગ તેઓ ગણી શકીઆ. આરાગો નામના એક નામીચા વીદવાને એક નાચો એવો બનાવીઓ કે સાધારણ ઘડીઆલમાં માતરે એક ટીક કરીને વાગે તેટલાવારમા નાહાના દસ હજાર ચમકારા વીજલીના એકક પછી થાએ. પુરસીઆના ટોપ ખાતાના એક અમલદારે એક સાચો બનાવીઓ જેમાં એક સેકંડનો ચાલીસ હજારમો ભાગ નાલુમ પ

ૈ એવા ઘડીઆલોથી તેઓએ શું વખત ગણીઓ ? તેઓએ સોધી કાહાડીઊં કે બારૂતને આગ લગાડી અને તે બારૂત ફુટે એ વચે કેટલો વખત લાગે. તેઓએ સોધી કાહાડીઊ કે બંદુકની ગોલી પોતાની જગો ઊપરથી નલીના મોહોડાં આગલ દારૂ ફુટવાથી આવી તેને કેટલોવાર લાગો

એક જરમને એવો સાંચો બનાવીઓ તેથી એક અજાએબ ગણતરી કીધી. અગર આપણા હાત ઈઆ પગ ઊપર કોઈએ ટાંચણી ભોકીતો આપણ જાણીએચ કે જેવી ટાંચણી ભોકાઈ તેવું આપણને માલુમ પડીઊં. ના, તેમ નથી, ટાચણી, ભોકાએઆ છી કેટલેવારે આપણને દુખ લાગેચ. જો પગના અંગોઠાને ભોકીતો, ભોકીઆ પછી એક સેકડનો ત્રીશમો ભાગ વીતેઆ પછી આપણને દુખ લાગેચ.

જે ધણીને ઈશ્વીરપ ખંડની વીદીઆ તથા હુનરનો વધારો બરોબર જાણવો હોએ તેને વીચાર કરવો કે એટલું બારીક કાંમ તેઓએ કેમ સોધી કાહાડીઊં હશે ?

## બુચ.



બુચનુ ઝાડ

ખુચ જે છે તે જાહાડની છાલછે. ખુચનુ જાહાડ સપેન અને ઈઊરપનાં બીજા દખશણ દેશમાં થાએછે. જારે જાહાડ પંદર વરશનુ થાએચ તારે તેની છાલ પાકી થાએછે. એક વખત છાલ કાહાડી કે બીજાં આઠ વરશ વેર નવી છાલ પાકતી નથી અને પછી આઠ આઠ વરશે છાલ કાહાડેછે. દર જાહાડ ઊપરથી આસરે દેંસથી બાર વખત છાલ કાહાડેછે. છાલ કાહાડવાને માટે એક પાતલી પણ ધારદાર છરીથી કાપા મુકેછે અને ચાર બાજુએ છાલ ઊપર કાપ મુકીઆતો પોતાની મેલે છાલ ખરી પડેછે. એ પરમાણે જે લાંબા કટકાઓ મલે તને પાણીમાં ભીજવી રાખી પછી તેને આતશ ઊપર શુકવેછે અને જારે ગરમ હાએચ તારે તેની ઊપર દબાણ કરી છાલ કુદરતી વયેલી હાએચ તેને સીધી કરેચ. એ જાહાડ સપેનમાં ઘણું ઊંચુ થાએછે અને એના રાંનો હાએછે. એ જાહાડ નીચે મુસાફરો તથા કુચ કરનારૂં લશકર આસરો લીએચ. એની નીચે સહવારના તડકુ લાગતું નથી, રાતના ઠાર પડતો નથી.

ખુચના ઊપીઓગો તેના ગુણો પરમાણે થાએછે. ખુચ હલકોછે તેથી કાંમ લાગેછે, ખુચ પોચોછે તેથી કાંમ લાગેછે, ખુચ દબાઈ શકેચ તેથી કાંમ લાગેછે અને ખુચ સુકોછે તેથી કામ લાગેછે.

ખુચ હલકોછે અને તેથી પાણીમાં હરએક ભારી ચીજ સાથે નાખીઆ હાએ તો તે ભારી ચીજને તેરવેછે. તોફાનની અંદર માણસો જીવ બચાવવા જે નાહાની બોટ મુકેચ તેમાં ખુચ વાપરેચ. ખુચનો પોશાક પેહરી લોકો પાણીમાં ફસી બએ વગર પડેચ. બોહીઆંને સારૂં ખુચ વાપરેચ. તોપીઓ હલકી કરવા સારૂં ખુચ કાંમ લાગેચ પણ બાટલીના ઢાંકણ માફક જેવી ખુચની તારીફછે તેવી કસાની નથી. ખુચ બાટલીના મોહોડાંના કરતાં મોટો હાએચ તોબી તે સાંકડાં મોહોડાંમાં બેસતો આવેચ અને મોહોડાની નીચેની જગો પોહાલી તેથી તે નીચેથી મોહાટો પણ રેહેચ જેને આપણાં લોકો ચુકથી ફુલાએલો સમજેચ. એ કારણસર જેવો ખુચ બાટલીમાં બેસેચ તેવું લુગડું ઈઆ બીજું કસું બેસતું નથી. ખુચ પાણી ચુંસતું નથી અને જનાવરો (ઊદાઈ) પણ ખુચને નુકસાન કરતા નથી. બીછાનાની અંદર કોઈ વખત ખુચનો વેહેર વાપરેચ અને એ બીછાનુ વાહાણમાં વધારે સારૂં કે ગરજની વખત દરીઆમાં નાખી તેની ઊપર આસરો લેઈ તરવાને બની આવે. સપેન અને પોરતુગાલના ગામડીઆ મધમાખનો પાલો તથા પખાલો ખુચની બનાવેચ અને રકાબી તથા કેટલો બબર ચીખાનાનો સામાન બનાવેચ. કોઈ જગોએ છાપરાં ઊપર સલેટને ઠેકાણે ખુચ વાપરેચ અને દેવાનઃઓની ઈસપીતાલના ઓરડાની દેવાલ ઊપર અસતર કરેચ કે તે જાઈ પોતાનુ બદન અફાડેતો નુકસાન નહી થાએ. ચીનાઓ જોડામાં ખુચ નાખેચ કે અંદર ભીનાસ લાગે નહી. ખુચને કાપતાં જે કરજો વધેચ તેને બાલીને એક જાતનો કાલો રંગ બનાવેચ. દવા અને કેટલાએક અરકો ખુચને ખાઈ જાએચ તથા બગાડી નાખેચ પણ ખુચ તેઓને નથી બગાડતો.

ખુચનો ખપ એટલોછે કે ઈંગલંડ તથા ફરાનસમાં દર વરશે દરએક ચાલીસ લાખ કીલોગરામ ખુચ આવેચ અને ફરાનસમાં એ સીવાએ પંદર લાખ રૂપીઆનો ખુચ તઈઆર વેચાતો લેચ તે જુદો. ખુચ કાપવા હલ કેટલીએક જાતના સાંચાછે તેમાંનો એક દર રોજ ૧૪૪૦૦ ખુચ કાપી બરોબર બનાવેચ અને તે સાંચાં ઊપર એક છોકરો કાંમે લાગેચ.

## શાઈબીરીઆમાં દેશનીકાલ થએલા.

રૂશીઆમાં રાજની સામણે અનેઆએ કીધા હાએતો મોતની સજા થાએચ પણ એ મોતનાં કરતાં વધારે નઠારી સજા એછે કે સાઈબીરીઆમાં દેસનીકાલ કાહાડે. જેઓને દેશનીકાલ કાહાડેલા હાએચ તેઓ ઊપર આફત એટલી પડેચકે તેનુ બેઆન આપણા પેઆનમાં ઊતરતું નથી. પેહલાં બંદીવાનોને માસકો સેહરમાં લાવેચ અને તાંહાંથી વંજારની માફક બાહેર જાએછે. પેહલાં સેહરમાંથી બાહેર કેટલીએક લાકડાંની જુફડીઆ બાધેલી હાએચ તાંહા લેઈ જાએચ. એ જગોએ તરણ ચોકછે. પેહલા ચોકમાં આવીઆની અગાઊ મરદોના અરધાં માંથાં બોડેછે પણ દાહાડીને હાત લગાડતા નથી. બીજા ચોકમાં સંધાના નામ લખી લીએચ. હીઆં બંદીવાનો ઘણી એકવાર અરજી કરેછે પણ ઘણી વખત તે ઊપર કોઈ પેઆન આપતું નથી. કોઈ અરજ કરે કે મારો

ભાઈ જે બંદીવાનછે તે મારી સાથે ચાલે અને મારી પાસે રેહ પણ નીરદએ ઊપરીઆ ના પાડેછે. કોઈ વખતે તે હા કેહેછે અને તેથી બંદીવાંનો એટલાતો ખુશી થાએચ અને તેઓને એટલેતો સંતોશ મલેછે કે જાણે દીલની ઘણી ઊંચી મુરાદ* પામીઆ હોએ. કોઈ ઓરત આવીને અરજ કરે કે મારો બંદીવાન માટી સાથે હુંબી દેશનીકાલ થાઊંચ મને એની સાથે જવા દેઓ તો એવી અરજ કદાચજ કબુલ કરેચ. બીચારી પોતાના પેઆરાને સારૂં પોતાનુ ઘરબાર અને વતન છોડી પગે લાંબી મુસાફરી કરવા માંગેચ પણ ઘણી વખત તેને નાસીપાસ થવું પડેચ. બંદીવાનોનાં બચ્ચાં પાંચ વરશની અંદર હોએ તેને સરકાર પાલેચ પણ તેમ કરવાનું કારણ એકે જારે બચ્ચાં મોહોટાં થાએ તારે તેની પાસે લશકરી કાંમ બરજોરીથી કરાવે. તરીજા ચોકમાં બંદીવાનોના પગમાં બેડી દોકેચ. એ કાંમ અતીશે ઘાતકીછે. બંધે પગે બે બારી લોહોડાના કરાં અને વચ્ચે બે ફુટ લાંબી સાંકલ પછી કોઈનું દગલુ લાંબુ હોએ તેની દરકાર નહી ગમે એવી તેને અડચણ પડે. એ કડાંને બેડીની માફક તાલાં નથી કે રાતના કાહાડી સુએ પણ એક મજબુત ખીલો મારી બંધ કીધેલાં. એ ખીલો મારતી વખતે હથોડી જે મારેચ તે ઘણી વખત બંદીવાનના પગને લાગેચ પણ તેની દરકાર કોઈને નહી. બેડી એવી મજબુત મારેલી કે જાનસે પછે તોજ નીકલે. અચારની તોલકી કરી તેઓને પોહોચી આગલથી બાંધી લીએચ અને પછી મુસાફરી સરૂ થાએચ તેઓની સાથે સીપાહી જે જાએચ તેઓ બંદુક ભરેલી રાખેચ અને તેઓનો ઊપરી એક મોટો ચાબક હાથમાં રાખેચ અને રસતામાં બંદીવાનો જો એકક પછવાડે બરોબર નહી ચાલીઆતો ચાબક પડેલો છેજ. બંદીવાનો દર રોજ ૭ થી ૮ કોસ મુસાફરી કરેચ. એ બંદીવાનોમાં અમીરો અને ઊંચી પદવી વાલા જેઓ ઊપર સરકાર કશ થાએલી હોએ તેઓની ઊપર વધારે આજાબ પાડેચ. જેઓ મેહલોમાં ઊછરેલા તેઓ ઊઘાડે પગે અને બેડીથી સીકરાઈ ગએલાં, ઠંડા મુલુકમાં રાત દીશ ચાલે. એક વખત બે માતર નાહાના છોકરા, અમીરોના કુતંબનાઓ ઊપર જુલમ ગુજરીઓ હતો. તેઓની બેડી એટલી ભારે હતી કે તેઓ ચાલતાં ચાલતાં પડી જતા હતા અને તેઓના હાતમાં જે કડાં હતાં તેમાંથી નાહાના હાતે કાલાવાલા કરતા હતા કે હલકી બેડી અમોને ઘાલો. એક ઘરડા સરદારને એક ઊંઘાડા ગાડાં ઊપર બેસવા દીધો હતો તે જાણે દરકારે ઘણી મેહરબાની કીધી હતી. તેના હાત અને પગને બેડી ઘાલી બંધે વચે એક સાંકલ રાખી તેની કમર આગલ બીજી સાંકલોએ જડી લીધેલો. તેના ગલામાં લોહોડાંની જંજીર અને તેનુ માથું એવું બોડેલું કે એક કરૂસનો પાટો પડેલો હોએ તેમ. જેઓને ઊરલ પરવતની ખાણ ખોદવા રાખેચ તેઓ અંધારા ગારોની અંદર રાત દાહડો પડી રેહચ. બીચારા રોશની, પરમેશવરની બખશેલી પવીતર રોશની પણ નહી જોએ. એ બંદીવાનોમા મોટા ખાનદાનના હોએચ પણ સંધાઓ જાણે ઈનસાન પણોમાં નહી હોએ તેમ કોઈને તેના નાંમથી નહી હાક મારે. દર એકને નમબર આપેલા તેથી જેને હાક મારવા હોએ અથવા તેને વીસે કેહવું હોએતો તે નમબરને બોલાવે અથવા તે નમબર વીશે વાત કરે. આવી હાલત રૂશીઆના બંદીવાનો જેઓ સાઈબીરીઆમાં દેશનીકાલ થાએલાછે તેઓનીછે.

---

## જાણવા જોગ બાબદો·

**ના પસંદ કામ**—એક જણ કેહેછે કે ગમે એવું કામ (જે નીતીના કાએદાની વીરૂધ નહી હોએ તે) કરવાને હું દલગીર થનાર નથી, પછી ભર તે કામ ગમે એવું હલેકી કે સમનું અથવા ના પસંદ હોએ— બાગર જો મહને ઘોર ખોદુ બનાવે અથવા મહને જલાદનું કામ સોંપે તોપણ હું કમકમનાર નથી, સબબ આ દુનીઆમાંથી મહને કોઈ એવાં માણસો મલી આવશે જેમની ઘોર ખોદવાને હું દલગીર થએઆને બદલે ખુશી થવશ, તથા કોઈ એવાં પણ માણસો મલી આવશે કે જેમને સુલીએ ચહડાવતી વેલા હું કમકમવાને બદલે ગંભીર પણ ખુશ દેખાવશ.

---

**તારા ચાકરને તું હીણીશમાં**—ખરૂ છેકે આપણા ચાકરો આપણા જેટલુ ગનેઆન ધરાવતા નથી, અને એટલા ઉપરથી તેઓ કેટલીક વેળાએ મુરખી, ગફલતીથી, અથવા બે પરવાઈથી આપણો બીગાડ કરેછે, પણ તેવી વેળાએ આપણને ઘટે નહી કે એકદમ તેઓ ઉપર ગુસસે થઈ તેમ

હલકા શબદો બોલવા—તેમને ગાલ દેવી અથવા તેમને ધીકારવા. બરાબર જોઈએ તો એ ચાકરો પણ આપણા એક જાતના મીતરો અથવા બાહુબંધોછે, આપણા બીજા હંમેશના મીતરોમાં અને એ મીતરોમાં અંતર એટલોજ છેકે તેઓ વધારે ભાગીઅવાનછે તથા એ ચાકરો અભાગીઅવાન હોએછે. આપણને આપણાં ચાકરો સાથે એવી કોઇ ચાલ નહી ચલાવવી જોઇએ કે જેથી તેઓને તેમના કમ તાલેનો બલાપો છુટે, પણ એથી વીરૂધ આપણને તેઓ સાથે માએઆ, અને પેઆરથી ચાલવું જોઇએ, જેથી તેઓને કોઇ રીતે પોતાનાં કમ નશીબ વીશે અફશોશ કરવો ન પડે. આપણે પોતે સારી પેઠે જાણીએ છઇએ કે આપણે પોતે ખતાથી ખાલી નથી—આપણે પણ દર રોજ કાંઇ નહી અને કાંઇ પણ ચુક કરીએ છઇએ, એવુંછે તારે આપણાં કરતાં ઓછા ગનેઆન વાલાં માણસોની ચુક અથવા ગફલતી વીશે કાં નહી દર ગુજર કરીએ ! જે કેટલીક બાઇઓને ચાકરો ઉપર જરા જરામાં ગુશશો છુટેછે તેઓને આ ઉપલી હકીકત ધેઆનમાં લેવી લાઇએછે.

—

**ચેતવણી**—જે કોઇ માણસો તમારાં કીધેલા કામોની એકદમ તારીફ કરેતો તમો એમ ધારજો કે તેઓમાં વીચાર શકતીની ખુટછે, અગરજો તે તમારાં કીધેલાં કામોની એકદમ ખોટ ખાંપણો કાહાડવા બેમેતો એમ ધારજો કે તેઓ અદેખા અથવા બે કદરછે.

—

**ઓરડાની હવા સાફ કરવાનો સસતો ઉપાએ**—બે તરણ મોટા કાંદાના બબે ફાડચાં કરીને એક રકાબીમાં મુકી તેને ઓરડાની ભોંએ ઉપર મુકવા. સંધી બીગડેલી હવાને ચુસી લેશે. એ કાંદા દર છ૭ કલાકે બદલવા. ઓરડામાં સુગંધી નાખવાના ઉપાએ કરતાં ઉપલો ઉપાએ જેમ વધારે સસતોછે તેમ વધારે સારો પણછે.

—

**લોહોડાંની પેદાસ**—ઈંગલંડમાં લોહોડુ તથા લોહોડા કામ બનાવવાના કારખાના એટલાંછે કે દર વરશે ૨૩ કરોડ રૂપીઆનો માલ દેશની બાહેર જાએછે અને દેશની અંદર લોહોડું ખપે તે જુદું.

—

**નવું કારખાંનુ**—સકાટલંડમાં તરેહવાર કારખાંનાછે પણ હાલ માછલી બનાવાનુ કારખાનુ નીકલીઉંચ. જેમ ઇડા ઉપર સેવન બેસાડી મરધાં બતકાં કાહાડેચ તેમ સારદીન માછલીની મોટી સંખીઆ પેદા કરેચ.

—

**સીસું**—ઈંગલંડમાં વરશે પંચાવંન હજાર ટન સીસુ ખપેછે અને એક ટનના અઠીસો રૂપીઆ ભાવ ગણીએતો એક કરોડ સાડતીસ લાખ પંચાસ હજાર રૂપીઆનુ સીસુ વરશે કારખાનાઓમાં ખપેછે.

—

**કેલવણી**—ઈંગલંડ અને આએરલંડમાં સરકારની તરફથી કેલવણી ખાતે વરશે એક કરોડ રૂપીઆનો ખરચછે.

—

**મરઘી કે મરઘો**—એક ફરેંચ કેહછે કે મેં તરણ વરશ વેર તપાસ કીધીચ તે ઉપરથી કહી શકુચ કે ઇડાંમાંથી મરઘી અથવા મરઘો નીકલશે. જો ઇડાંને એક છેડે જરા કરચલી હોએતો મરઘો નીકલશે અને જો બંધો છેડા સાફ સુમારા હોએતો મરઘી નીકલવાની.

—

**માણસ**—ખાએચ, પીએચ અને દમલીએચ. એ તરણ ચીજોથી તેના બદનમાં ફેરફ્લું જાએચ. એની ગણતરી કીધીચ કે દર વરશ માણસ તરણ હજાર રતલના વજનની ચીજો પોતાના બદનમાં ઘાલેચ. અલબતાં એટલો બધો ખપ પણ જોઇએ.

—

**લંડનની વસતી**—દર વરશ ચાર હજાર વધેચ. ઇઆને જેટલા મરેચ તેના કરતાં ચારહજાર વધારે પેદા થાએચ. હાલ દુનીઆમાં સઉથી વસતીવાળું શેહર લંડનછે.

—

**લડાઈની** એક મોટી પેહલે વાંપેની મનવાર (વાંહાણ) બાંધવાનો ખરચ ૧૫ લાખ રૂપીઆ થાએછે અને તે માનરે ખોખું અને સાંચાનો ખરચ. મનવારથી ઉતરતી ફરીગેટ બાંધતાં દસ લાખ રૂપીઆ થાએછે અને તેથી ઉતરતી કારવેત બાંધતાં તરણ ઇઆ ચાર લાખ.

—

**સફેદ ડાહાડી**—ખુલુતારક નાંમનો ગરંધકાર કેહછે કે એક ઇઉનાની સખશે પોતાની દાહાડી ઘણી વધારી હતી, તેને બીજાએ તે વીશેનું કારણ પુછીઉં. જવાબ દીધો જે મારી દાહાડી સફેદ થાઇચ અને લાંબી વધારીઆથી તે મારી આંખ આગલ રેહછે અને મને એઆદ દેવડાવેચ કે એવું કાંમ નો કરતો કે સફેદ દાહાડીને એબ લાગે.

—

**કોડીની આરસી**—તરાંબા ઉપર રૂપાનો પોર ચડાવી આરસી અથવા આન કરેચ અને તેની આગલ દીવો રાખીઆથી રોશની વધેલી માલુમ પડેચ. પણ એવી આરસી ઉપર કાટ ચહડેચ તેથી થોડુ થાએઉં ઉંચી કોડી (પાર

સીલેન) ઉપર રૂપાનો થોર ચહડાવી તેની આરસી બનાવેચ. એવી કોડીની આરસી ઉપર કાટ ચહડતો નથી તેથી તેવી આરસીઓ દીવાદાનડી ઉપર વાપરવાની ભલામણ થાઇછે.

**પાલો**—આતલાનતીક માહાસાગરમાં વનસપતી થાએચ તે જાણવાજોગછે. ખારાં પાણી ઉપરના પાલાને ઈંગરેજો સી ઉઈદ કેહેછે. એ પાલામાં જનાવરો ઘર કરેછે અને તે પાલો ઉગેચ તે પોતાનો ખોરાક દરીઆમાંથી લીએચ. ઉપલા માહાસાગરની વચેના ભાગમાં એવા પાલાની દાખલીની જાડાઇ આપણા હાતની છેલી આંગલી જેટલીછે તાબી તે દાંખલીની લંબાઇ ૬૦૦૦ થી ૧૫૯૦ ફુટનીછે. એવી મોટી બેહદ દાંખલીઓ ઉપર જીના જનાવરો વસેચ જે કીડી કરતા સેંકડે દરજજે નાહાનાછે. તારે આપણા પરમેશવરે કેટલા જીવ એકજ દાંખલી ઉપર પેદા કીધાચ તેની ગણતરી કોણ કરે ? આખા પાલા ઉપર તથા દરીઆમાં તે સાહેબે કેટલી બેશુમાર વસતી પેદા કીધીચ.

**પુરાતમ ઈઉનાંન**માં આથીનીઆન લોકો સચાઇ ઘણી પસંદ કરતા હતા તથા જુઠું ધીકારતા હતા. એક વખત નાટકમાં એક જણે સોગંદ ખાધેલા હતા તેને સોગંદ ઇઆદ દેવાડીઆ. તે બોલીઓ "મેં સોગંદ મોહોડેથી ખાધા કાંઇ દીલથી ખાધા નથી." એ વખતે તાંહા સાકરેતીસ હાજર હતો તે તુરત ગોપો કરી ઉઠી જતો રહેઓ. તુરત લોકોમાં ગરબરાટ ચાલી અને નાટક બનાવનારની તપાસ થાઇકે દુનીઆમાં સઉથી પવીતર અને નહી છુટે એવો ગા...આઈ તેને દુર કરાવાનો ગુનાહ કીધો. તેઓ સચાઇ એચ અને ...હતા કે નાટક ઇઆ રમુજમાં પણ જુઠા સો થે સીપાહી જે જ... ને તેઓનો ઊપરી અ... તા હતા.

અને રસતામાં બંદીવાનો જતા, અથવા ખરૂજ જે થાએ નહી ચાલીઆતો ચાબક પડેલો છેજ. એક ફરેંચ ...ર રોજ ૭ થી ૮ કોસ મુસાફરી કરેચ. એ જ દીવાનોમાં અમીરો અને ઊંચી પદવી વાલા જેઓ ઊપર સરકાર ક્પા થાએલી હોએ તેઓની ઊપર વધારે આ જાબ પાડેચ. જેઓ મેહલોમાં ઊધરેલા તેઓ ઊઘાડે પગે અને બેડીથી સીકરાઈ ગએલાં, ઠંડા મુલુકમાં રાત દીશ ચાલે. એક વખત બે ભાંતર નાહાના છોકરા, અમીરોના કુંતબનાઓ ઊપર જુલમ ગુજરીઓ હતો. તેઓની બેડી એટલી ભારે હુતી કે તેઓ ચાલતાં ચાલતાં પડી જતા હતા અને તેઓના હાતમાં જે કડાં હ...

...ડી જાએચ., તેઓની ઉપર દસ દાહાડા સેવન બેસેચ. એવી દીડથી આગલ જેઓ ઠંટાલતા હતા તેને બદલે હાડનો વઇદ બે દાહાડામાં સાફ કરેચ.

**કુવીઅરનો ખોઆબ**—નામીઆ કુવીએર વીશે એવું કેહુછે કે આગર તેને કોઈ જનાવરનો એક, દાત આપીઓ હોએતો તે કેહતો હતો કે ફલાના જનાવરનો દાંતછે અને તે જાનવર આવુંછે અને તેની માલ આવીછે. એવું કેહશે. એક વખતે તેને ખોઆબ આવીઓ કે તેની આગર સેતાન આવીઓચ અને સેતાન તેને કેહેચ કે તુને ખાઇ જાઉં. કુવીએર બોલીઓ, મને ખાઇ જાએ અને પછી તેને બરોબર જોઇને બોલી ઉઠીઓ "સીગડાંછે, ખરીછે, એતો વનસપતી ખાનારો મને અમસથો બીધરાવીઓ."

**લોહોડાંની શડક**—મી૦ સતીફનસન કેહેચ કે ઇંગલંડની સડકો ઉપર જો દર માઇલે ફુકાનીની કસર કીધી તો વરશે આઠ લાખ રૂપીઆ નફો બાફની ગાડી ફેરવનારાઓને થવાનો. ઈંગલંડમાં માલના કરતાં ઉતારૂઓને લેઈ જવું વધારે નફા ભરેલુંછે. એક તરેનને એક માઇલ લેઈ જતા દસ આના ખરચ લાગેચ અને જો સો ઉતારૂ મલીઆ અને દરએક માઇલનુ એક દોહોડીઉં લીધું તો એક રૂપીઓ અને નવ આના મલશે પણ ઈંગલંડમાં બસો ઉતારૂ મલી શકેચ તેથી કેટલો નફો થાવો જોઇએ.

**ગલીચીનો ઊપીઓગ**—લંડન સેહેરમાંની ગટરોની અંદર જે ખરાબીછે તેને ખાતરમા વાપરવાને ઘણી ભલામણ થાએચ અને ગટરની ગલીચીની કીમત પણ ગણેઆમાં આવીચ. દર રોજ એ ગટરોમાં જે ખરાબી થાએચ તેની કીમત જો કામે લાગેતો ૩૭૯૬૦ રૂપીઆ થાએચ અને એ પરમાણે વરશે ૧૩૮૫૫૪૦૦ રૂપીઆનુ ખાતર બારે વાટ થાએચ. ગલીચીને ખાતર બનાવવા ચુનો તથા કોઇ ...રે ખી જરૂરછે.

**આટલુ બધું કામ કેમ થાએ ?**—ઘણી વેલા લોકો આપણે આ પરમાણે બોલતાં શાંભલીએ છઈએ કે "મા ...શું કરૂં, મારી પાશે પુશકલ કામછે, તે શઘલું જાણે ...ણા માજમ થાએ." પણ જો તેઓ લારડ બરલેના મત પર એટલા કરે તો હમો ધારીએ છઈએ કે તેઓ ઉપર પરમાણે કપત ટાઆદ કરેજ નહી. લારડ બરલેનું એવું મત હતું કે આપનેઘણું કરવાનું હોએ તે એકકુ કરી તે ખારેથી વાસ ક...

હતાં અને તેમ માબાપને પણ ધાસતી હતી. એક વખત એક નાહાના છોકરા પાશે એક ફરેંચે માગીઉં કે મારી બીડી સલગાવા દીવો લાવ. છોકરો બીહીને નાહાસી ગીઓ અને રસતામાં ઠોકર લાગી તેથી પડી ગીઓ અને નાક સોહોરાઇ લોહી નીકલીઉં. લોકો સમજીઆ કે દાકણો બચકડું ભરવા ગીઓ પણ છોકરો નાહાસી ગીઓ તેથી બનચીઓ. લોકો પેલા ફરેંચને મારી નાખવા દોડીઆ અને તેનો જાન લેતે પણ પોલીસે તેને બંચાવીઓ તેને એક ગાડીમા બેસાડી ચોકીમાં સંતાડીઓ અને ચોકી આગલ લોકો ટોલાં થાએઆં કે અંદર જાઇ ને મારીએ. ટોલું ઘણી ગરબડ કરવા લાગું. એક જણ બોલીઓ. "હારે એને આપણા બચાં ખાએચ." બીજો બોલીઓ "અડી વરશ થએઆં આપણે એમ ંદુખ દીએચ." તરીજો, "એને એકસો દસ બચાં ખાધાં," ચોથો, "બસો." પાંચમો, "હડીસો છઠો, " "અરેકાચાને કાચાં ખાઇ જાએચ." સાતમો, "સીકઉપર ભુંજેચ." આઠમો, "અરે એતો બચાનો સાસ કરી વેચેચ." પોલીસના આદમીઓએ જોએઉં કે એ ફરેંચને મારી નાખશે તેથી તેનો પોસાક બદલાવી છુપે બારણે બાહેર કાહાડી મુકીઓ. પણ અજાએબ એથી વધારે એછે કે સેહરમાં કોઇનુબી બચું ખોવાએઉં નહી હતું.

---

' ચડયો ચાંદો આકાશ ભલા ભાગયનોરે લોલ,
 ભડકો ઉડયો તે જાણું આગયનોરે લોલ,
મેનાં પોપટ જે બોલે મુખે મીઠડાંરે લોલ,
 દુઃખમાં મેં શતરૂ જેવાં દીઠડાંરે લોલ—૪
બાસે વાડીતો ઝાડી ભયંકારશીરે લોલ,
 આંખયોના પાટા જેવી આરશીરે લોલ,
હુંતો ઉઠી જઇ બેઠી દીવા આગલેરે લોલ,
 કાંઇક પડી તીહાં નજર કાગલેરે લોલ—૫
દીઠો શોધતો સીબોધનુ ચોપાંનીયુરે લોલ,
 વાંચવા તે મારૂ મન માનીયુંરે લોલ,
ગરબી રૂસણુ તોડયાની રૂડા રાગમાંરે લોલ,
 ભાલી રૂપાલી છેલા ભાગમાંરે લોલ—૬
લઇને ગાવા લાગી હું જીભે જે ઘડીરે લોલ,
 તેહાથી ઉઠીને આવેપા તે ઘડીરે લોલ,
હેત આંણી વખાણી વાંણી બોલીઆરે લોલ,
 દીલમાં હરખીને ઘણું ડોલીયારે લોલ—૭
જાણું પનરે ઘડીને પન રાતડીરે લોલ,
 ફુટયો કલેશ ઠરી છાતડીરે લોલ,
ભલે આવીયો આકાશ ચઢી ચંદ તુંરે લોલ,
 આપેછે આનતો આનંદ તુંરે લોલ—૮

# સ્ત્રીબોધ.

પુસ્તક ૨ જું | આગશટ ૧૮૫૮ | આંક ૮ મો.


## વખાણાએલી ઓરત

### મેરી પાટન.

મેરી પાટન નામની એક અમેરીકન જારે ૧૭ વરસની વએની હતી તારે તે એક વાહાણના કપતાન સાથે પરણી. એ કપતાન ઘણો ભલો તથા ચચલ હતો અને તેની ઊમર ૨૫ વરસની અંદર હતી. આ બન્ને વર કનેઆના લગન થએઆ પછે તુરતજ તે કપતાનને એક વાહાણ ઊપર સરદારી લેવાની વરદી થઈ. એ વાહાણ પ્રુથવીની આસપાશ ફરી વલે એટલી લાંબી સફર કરનાર હતુ. આ વરદી લેવાને કપતાન પાટને સાફ ના પાડી, તે બોલીઓકે "હજીતો હું હમણાજ પરણીઓછુ અને માહારી બાએડીને મુકીને આટલે ઊતાવલેથી હું જનાર નથી" તારે તેને એવી દરખાસત થઈ કે અગરજો તે એકલો જવાને અથવા પોતાની બાએડીને એકલી મુકી જવાને ચાહાતો ન હોએ તો તેણે સુખે પોતાની સાથે લઈ જવી. આ વાત કપતાન પાટન તથા તેની ઓરતના મનમાં ઊતરી અને તેઓએ બાર કલાકના અંદર પોતાની સઘલી વાતની તઈઆરી કીધી. સફરમાં કપતાન પાટને જેમ બની આવીઊં તેમ તુરત ખપ આવતી અને વધારે અગતની બાબદો પોતાની ઓરતને સમજાવી દીધી. એ ઓરત પણ જાતે ચંચલ અને હોશીઆર હતી તેથી તેણીએ પણ તુરત તે સઘલુ સમજાવેલું ધેઆનમાં લીધું. વાહાણની ચાલ, આસપાસનો દેખાવ, આકાશનો ઘેરો એ વગેરે બીજી સઘલી જરૂરીઆત નોધો ઊપર ખંત રાખીને તે સારી પેઠે એ ઓરતે શીખી લીધી. ટુંકામા કહીએ તો એ ઓરતે દરેક દરજજે વાહાણ હંકારવાના હુનરની માહીતઆરી મેલવી લીધી. એ સફર સઘલી મલીને ૧૭ મહીને પુરી થઈ. એ સફર કરતા રસતામાં બનાવ એવો બનેઓકે કપતાન પાટન ઘણી મેહેનત તથા કાલજીથી હલાક થઈ પડીઓ, તેને એક જાતનો તાવ આવેઓ તેથી તે છેકજ અશકત થઈ ગએઓ, કેવી રીતે કામ ચલાવવાનું તથા કઈ દશાએ વાહાણ હંકારવાનું તેની તેને કશી ખબર રહી નહી. એ વાહાણમાં એક વડો માલમ હતો તે જાતે ઘણો આલસુ અને બેપરવા હતો, કોણ જાણે શી મતલબઅર તે આ વાંહાણને "સાન ફ્રાનસીસકો" નાં બારાંમા લઈ જવાને બદલે "વાલપરીસો" બંદર ભણી લઈ જવા માંગતો હતો કપતાન પાટન જરા લગાર હોશીઆર હતો તારથીજ તેણે આ માલમને સાફ નાપાડી કહીઊં હતું કે તેણે વાહાણને "વાલપરીસો" બંદરે લઈ જવું નહી પણ "સાનફ્રાનસીસકો" બાતે લઈ જવું, તોપણ એ માલમે કપતાન પાટનના છેક અશકત થઈ જવા પછે તે વાહાણ પોતાની મરજી પરમાણે લઈ જવાની તજવીજ કીધી. આ વેલાએ મેરીપાટને ભારે હીમત તથા દલેરી બતાવી, તેણીએ સાફ નાપાડી તે માલમને કહીઊં કે "મારા ધણીએ પોતાની પુર હોશીઆરીમાં કહીઊંછે કે વાહાણ જો "વાલપરીસો" ખાતે હંકરાશેતો સઘલાં માણસો દગો કરી જતાં રેહેશે અને માલ ધણીઓનો સઘલો સામન લુટાઈ જશે માટે હું એ વાહાણ તે તરફ લઈ જવા દેનાર નથી. માહારા ધણીએ તને કશીવાતની હકુમત આપી નથી અને તું જે જુદી હકુમત ચલાવા નીકલેઓછે તે હું ચાલવા દેનાર નથી." જેમ પેલો કપતાન વધારે માંદો અને અશકત થતો ગએઓ તેમ તેમ પેલા માલમને વધારે શુર છુટતું ગઈઊં, પણ ધનછે મેરીપાટનની હીમત ઊપર કે તેણીએ જેવી

દલેરી શુરૂઆતમો બતાવી તેવીજ રીતે તેણીએ તે કામ પાર ઊતારીઊં. જેવારે કપતાન પાટન છેક નરોસ થઈ પડીઓ તારે પેલા માલમે વાહાણની સરદારી બરજોરીથી પોતાને હાત લીધી તે વેલાએ મેરી પાટને અકલ તથા ધીરજથી તે વાહાણ ઊપરનાં સઘલાં માણસોને પોતાની પાસે બોલાવી તેમને કહીઊં કે " જુઓ આ માહારો ધણી આવી હાલતમાં પડીઓછે, અને આ માલમ પોતાના વીચાર પરમાણે કામ કરવા માંગેછે. પણ મારા ધણીનો હોકમ જુદોજછે, માટે તમો સઘલાને ઘટેછે કે તમારો જે કપતાન હતો તેની ગેર હાજરીએ મહને કપતાન તરીકે કબુલ રાખો અને આ માલમના હોકમોનો ઈનકાર કરો, તથા બીજો માલમ જેછે તે માલમના હુકમો પરમાણે વાહાણનું બીજું કામ ચલાવો. " આ ઓરતના નરમાસ ભરેલા શબદો તથા તેણી રાત દીવસની અંત ભરેલી મેહેન તથી તે વાહાણ ઊપરનાં સઘલાં માણસોને દએઆ આવી અને તેઓ તે ઓરતના કહેઆ પરમાણે તેણીની હકુમત તથા બીજા માલમની સતા હેઠલ કામ કરવાને રાજી થએઆ. તેઓએ જોઈઊં કે એ ઓરત મધીઅ દીવસના અને તેમજ મધીઅ રાતની વખતે પોતાની કેબીનના અંદરથી વારંવાર બાહાર નીકલી જરૂરની તલાસ તથા નોંધ કરતી હતી. તે દરીઆવના ખડકોના નકસા જોતી તથા આસપાસના દેખાવ તપાસતી હતી અને એ સઘલું કરવામાં તે લગાર પણ ભપ્લત ખાતી ન હતી; તેથી ખલાસીઓને પણ એવા ધુંધી સરદારની હકુમત કબુલ રાખવાની વધારે ઈછા થઈ. કેહેછેકે એ ઓરતે પોતાની ધીરજ તથા બુધીથી તે વાહાણને ઘણી સારી હાલતમાં "સાન ફરાનસીસકો" નાં બારાંમાં લઈ ગઈ. એ ઓરતે વાહાણમાં બેસી વાહાણને લગતીજ બાબદો ઊપર માતરે ધીઆન આપીઊંછે એમ નથી, તે વાહાણમાં વઈદક સંબંધી જે પુસતકો હતાં તે તેણીએ સારી પેઠે મન લગાડી વાંચીઆં અને તે પુસતકોની સાહેતાથી પોતાના ધણીને તુરત લાગુ પડે એવી દવા આપતી હતી; તથા પોતાનાં વાહાણનાં જોખમ ભરેલાં બીજાં કામો સાથે તે પોતાના ધણીની ઘણી સારી રીતે માવજત તથા બરદાસત કરતી હતી. કપતાન પાટન "ફરીમેસન" હતો તેના બીજા "ફરીમેસન" ભાઈબંધો જેઓ "સાનફરાનસીસકો" માં રેહેતા હતા તેઓ એની ઊપર ઘણો પેઆર રાખતા હતા; તેઓએ બની આવી તેવી કોશેશો કરી જેમ બનીઊં તેમ ઊતાવલેથી એ બંને વર બાએડીને પાછાં તેઓ જાંહાંથી આવીઆંતાં તાંહાં મોકલી દીધાં. આ જગાએ તેઓ આવી પુગાં તે ઘણીજ માઠી અવસથામાં—વર જુએ તો બેહેરો, બોબરો, સુનો દીવાનો અને બાએડી જુએતો નખાઈ ગએલી પણ હજી પોતાનાં કામમાં હોશીઆર, એવી દલગીરી ભરેલી હાલતમાં તેઓ આવી લાગાં. આ અસતરીની ઊપલી શઘલી હકીકત સાંભલી "નીઊ ઈંગ્લાંડ" ના વીમાવાલાઓએ તુરત તેમને માટે એક હજાર ડાલર મોકલી દીધા; તેમજ તે વાહાણના ધણીઓએ પણ એવીજ કોઈ રીતની બખશેસો તેમને કીધી. તેઓએ જાણીઊં કે અગર જો આ ધઈરીઅવાન ઓરત વાહાણ ઊપર હાત નહીતો બખચીત પેલો વડો માલમ તે વાહાણ કોઈ બીજી જગા ઊપર લઈ જતે અને તેથી વાહાણના ધણીઓને તથા વીમાવાલાઓને બેહદ નુકશાનીમાં લાવી નાખતે.

---

## ચીનો પોતાની બાએડીને સી રીતે પગ તલે રાખેછે !!

ચીના લોકના કુટમ પરીવાર સંબંધી કેટલીક ચાલ ચલણો હસવા જોગછે, તેમ વલી કેટલીક બારી દુખ ધરવા જોગછે, તેમાંથી એકુએ આ જગાએ જણાવીછે. તે એ કારણથી નહી કે તે પરમાણે આપણા સઘલા લોક તેવીજ ચાલ ચલાવેછે તેનું ગેરવાજબી પણું માલુંમ પડી આવે, પણ એવી દુઃખ ધરવા જોગ ચાલ ચલાવનારા આપણા લોકમાં ખરેખરા કેટલાકછે જેઓ એવી થોડીઘણી ચાલ ચલાવેછે તેવી શરમીંદગી ભરેલી ચાલ આપણી કોમમાંથી નીકલી જાએ, તેનો અટકાવ થાએ એ મતલબથી આ ઠેકાણે એ વીશે બોલવું પડીઊછ.

તે ચાલ એછે આપણા કેટલાએક લોક પોતાની બાએડીને ખાસડે ખાસડે અથવા લાત મુકીથી મારીએ કામમાં પોતાની કીરતી સમજેછે. તેઓ એમ બોલેછે કે "જેણે પોતાની બાએડીને પોતાનાં ખાસડાં તલે રાખી ને તે ખરો નર—તેને ખરો મરદ—જેણે એવું નહી કીધું તો તે રાંડીઓ, બાએડીનો ગોલામ—તેનો વાહેઓ——તેના હાતમાં જેવો નકરો ધુઅડ "

ટીકછે કે હું હાએતો,"ચીના જેવો-ખરા મરદ! ખરા
નર અને પોતાની બાએડીને ખાસડા તલે રાખનાર
સુરા માટીઓ જેવા સઘલા થાએ તો આપણા પારસી
ઓમા એક મોટી કીરતી થઈ પડશે" અને કેટલાક
આપ મતલબીઆ હલકાઓના વીચાર પરમાણે આપ
ણા લોકમાં ખરોજ સુધારો થએલો કેહવાશે.

ચીના લોકમાં પોતાની બાએડીને સારી પેઠે મા
રેઆથી તેના ધણીને મોટી કીરતી મલેછે. ચીન દે
શના કેટલાક ભાગોમાંતો બાએડી મારવી એ એક ઈ
શકી બાજ અને બીસનીઓની મોહોટાઈની નીસાન
છે: જે ચીનાએ પોતાની ઓરત ઊપર ખરીજ મો
હોબત રાખીને અથવા ઈનસાન જાત ઊપર ગેરવાજ
બી પણે હાત ઊચકવાનો ડર અને ગુનાહ સમજી પો
તાની બાએડીને નહી મારીતો તે ચીનો કોઈ આલીઓ
ગપાર, કમઅકલ, અને ના મરદ ગણાએછે મોસીઊર
હક નામનો મીશીનરી મુસાફર કેહેછે, કે "મને ચીના
ના એક કુટમ સાથે સારી પેઠે ઓલખાણ પડી હતી.
એક દીવસ તેઓના ઘેરમાં હું ગીઓ, અને જોઊછું
તો આખું ઘેર પર લોકથી ભરાઈ અએલું, અને કુટમ
ના સઘલા માણસ એક જુવાન અસતરીની આસપાસ
ગોલું થઈ ઊભેલા. તે બાએડી બીચારી તેની જીંદ
ગીની આખેરીના વકત ઊપર આવેલી હતી. થોડા
દીવસની વાત ઊપર મેં તેને જોઈ હતી, તારે તે ખુબ
સુરત ઓરત પોતાંની ભર જુવાનીના તોરમાં અને ત
મામ તંદરૂસતીમાં હતી, પણ તે દીવસે જોઊછુંતો તે
બાઈના શરીર ઊપર જખમો, અને મારના જપેરા
એટલાતો પડેલા દેખાતા હતા કે એકાએક તે બાઈ ઓ
લખાઈ પણ નહી શકાઈ હતી. તેની ઊપર એટલો
તો માર પડેઓ હતો કે તેનામા જરા પણ એણીગમ
પેલીગમ હીલવાની અથવા બોલવાની શકતી રેહી ન
હી હતી, પણ તેની આખમાંથી આસુની જે ધાર ચા
લુ થએલી હતી, તથા તેના દીલના જે કમણ ધપકારા
ચાલતા માલુંમ પડતા હતા તે ઊપરથી માનવાને બ
ની આવતું હતું કે તે બીચારીને અતીશએ દુ.ખ થ
તું હતું. આસપાસે ઊભેલા લોકને આ દુખ ઊપજા
વનાર બનાવનું કારણ પુછેઆથી મને ખબર મલી
કે એ બાઈને આવી ભએ ભરેલી અવસથામા લાવના
ર શખસ તે તેનો પોતાનોજ ધણી હતો એ ચંડાલ
શખસ પોને માથે હાત દઈ દલગીરી ભરેલા ચેહરો સા
થે ચુપ થએલો અને અફલાઈ ગએલો પોતાની આંખો
પેલી દુ.ખી બાએડી ઊપર નાખીને ઊભેલો હતો.

મી૦ હકે તેને પુછીઊ કે "સા કારણ સારૂં
આવો ખુની માર તેણે પોતાની બાએડીને મારેઓ હ
તો. તે બાએડીએ શું એવી તકસીર કીધી હતી."

પેલો ભરથાર રડતો અને ડચકાં ખાતો ધીમાં
આવાજથી બોલવા લાગો કે "ઈઆર મારી બાએ
ડીએ કઈ પણ તકસીર કરી નથી. ના કઈજ નહી,
એક બાલલર પણ નહી, તેનાં બદનને એક આંગ
લી લગાડવા જોગ પણ તેણે તકસીર કીધી નથી, અ
મને પરણેઆને બે વરસ થઆં, અને અને સહવાસંપ
જ અને સુખથી રેહેલાં હતાં. પણ આ થોડા દીવ
સ થઆ મારા મગજમાં કઈ ફેરફાર વીચારો ચાલેઆ
જ કરતા હતા, મને એવું લાગું કે લોક મારી મશ
કરી કરેછે કે મેં મારી બાએડીને હજુ કોઈબી દીવસે
મારી નથી, અને એ શરમ નહી છંડાઈઆથી મેં આ
જ સહવાહના મારા મનમાં એક માઠો વીચાર લાવી,
મારી બાએડીને——એટલું બોલતાં તેનું હઈઊં ભ
રાઈ આવીઊં અને હાએ મારી રડવા માંડીઊં, પણ એ
પાછલથી ઊતપન થએલો પસતાવો સઘલો રદ હતો,
કારણ કે બે દીવસ પછી તેની બાએડી પેલા જખમો
ના દુખી મરણ પામી હતી. જારે આવા પેઆરા
ખાવંદ પોતાની બાએડીને એક જંગલી રવઈઆ પર
માણે ચાલવા પોતાની રાંક બાએડીને આવી ઘાતકી
રીતે મારી તારે જેઓ ખરાજ લુચા અને ગરમ મી
જાજવાલા ચીનાઓ હશે તેઓની બાએડીઓ ઊપ
ર કેટલો સેતમ ગુજરતો હશે એનો વીચાર કરતા કેટ
લી દીલગીરી આપણને લાગેછે.

મોસીઊર હક કેહેછે કે ચીના લોકમા બાએડીનો
સંબંધ તેના ભરથારથી ઘણોજ થોડો થાએછે, અને
જે કઈ થોડી ઘણી બરદાસત તે લીએછે તે માતરે
એટલીજ ફરજ ઊપરથી કે તે જો મરી ગઈતો ફરી
ને પરણવા સારૂં નાણું ખરચવું પડે તેનું દુખ તે
ઓને વધારે લાગેછે. એવી બાબદને લગતી ચીના
ના એક કુટમમાં બનેલી બીના નીચે જણાવીછે.

પીકીન શેહેરની ઊતર દીશાએ એક મોહોટું
ગામડુંછે તા મો૦ હકે એક દીવસ એક ભરથાર અને
તેની બાએડીને ભારી જબરદસત જઘડો કરતા જો
આં હતા તેઓ એક બીજાને એવાતો નીલાજરા શબ

દો બોલતાં હતાં કે તે સાંભલી કોઈને પણ લાજ આવીઆ વગર રેહે નહી. સારી પેઠે આલા ગાલી કરેઆ પછી તેઓ એક બીજા ઊપર શરીરને ઘણી ઈજા નહી પોચે એવી નાહાની નાહાની ચીજો ફેંકવા માડી. બેહુનો ગુસો નરમ નહી પડેઓ, અને જેમ વકત વધતો ગીઓ તેમ તેઓનો ગુસો પણ વધતો ગીઓ, અને તે એટલો વધી પડેઓ કે બેહુ જણા ઘેરમાંની સઘલી ચીજો ભાંજ ફોડ કરવા લાગાં. આસપાસના પડોસીઓ વચમાં પડી તેઓને ઘણાબી સમજાવેઆ, પણ તે સઘલું ફોકટ. બાએડી દોડતી ગુસામાં બાવરચી ખાનામાં જઈ જે કાંઈ રાધેલું હતું તે સઘલું ઊરાડી નાખીઊ, અને તે જગા ઊપરનો સઘલો બીજો સામાન એક પછી એક લઈ ઊરાડી ભાંજી નાખતી હતી, તેવામાં તેનો ભરથાર એક મોહોટી લાદી ઊંચકીને બાવરચી ખાના તરફ દોડેઓ. લોક સમજેઆં કે એ લાદી જો બાએડીના દીલ ઊપર પડીતો તે તુરત મરણ પામવાની, તેથી પેલાને ઘણો અટકાવેઓ, પણ કોઈનું નહી માનતાં તે રૂડ મારેઓ પોતાની બાએડી તરફ ગીઓ, પણ પેલી લાદી તેની ઊપર ફેંકવાને ઠેકાણે બાવરચી ખાનામાં લોહાડાંની મોહોટી તેલ ભરવાની ટાકી હતી તે ઊપર ફેંકી, જેથી તે ટાંકીનાં બે ફાડચાં થઈ ગીઆ, અને બાવરચી ખાનામા સઘલું તેલ તેલ થઈ પડીઊ. બાએડીથી એ કરતાં વધારે આફત ભરેલું નુકશાન નહી થઈ શકીઊ તેથી તે ચુપ થઈ ગઈ, અને તેથી હવે સઘલો જઘડો ફેસાદ બંધ થઈ પડેઓ. એક ચીનો એ જગા ઊપર ઊભેલો હતો તેણે ખુશ મશકરીમાં પેલા ચીરડાએલા ભરથારને કેહું કે ઓ મારા બુજરગ ભાઈ તમે બેવકુફી કીધી કે પેલી લાદી ટાંકી ઊપર અફાડી, તેને ઠેકાણે તમારી પોતાની બાએડીના માંથા ઊપરજ અફાડી હતે, તો તમારા ઘેરમાં સઘલું સમાધાન એકદમ થતે, અને ફરીને ગડબડ થતેજ નહી." પેલા ડાહાપણ ભરેલા ભરથારે ઠંડે પેટે જવાબ દીધો કે "હા એવું કરવાનો મારો વીચાર હતો તેમાં મુરખાઈ માલુમ પડી. બસો સપાકા ખરચી આ ટાંકીની બે ફાડ પાછી જડાવી એને દુરસત કરાવી શકશ, પણ બીજી બાએડી લાવવાને એ કરતાં ઘણું વધારે નાણાની જરૂર પડવાની. જેઓ આવી બેહાઈ ભરેલી રીતે પોતાને મોહોડે પોતાના એબ ભરેલા વીચારો જરાપણ આંચકો ખાવે અને દએઆ લાવેઆ વગરે બોલેછે, તેઓની નીતી તથા કુટમના સુખની હાલત ઊપર આપણને અતીશએ અફસોસ કરવો પડેછે., તેટલોજ અફસોસ બલકે તેથી વધારે આપણી ટાપુના કેટલાક આપ મતલબીઆ જેઓ પોતાની બાએડીઓને પોતાને પગતલે રાખવાની, તથા તેઓને ઘેરના ઓરડામાં એક બંદીવાન તરીકે રાખી મેલવાની ભલામણ કરેછે, તથા ઓરત અને મરદો સલુખાઈ ભરેલી રીતે એક બીજા સાથે મલેઆથી બીગાડો થવાની પોતાની જાતી બદમનશની પરમાણે ધાસતી રાખેછે, તેવા લોકની અકલ ઊપર આપણને પેલા જાલમ, અગનેઆની, ચીનાઓ કરતાં વધારે અફસોસ કરવો પડેછે.

---

## દારા પાદશાહા અને એક ગોલાંમનો (વાંચવાજોગ) અહેવાલ.

દારાં પાદશાહ એક વેલા શેકારગાહા બીઆ હતો, તેવામાં તે ઘોડા ઊપરથી પડી ગીઓ, અને તેનો પગ લચકાએઓ. તેઓજ તેને તુરત તેહાંથી ઊગાવીને તેનાં તંબુમાં લાવેઆ. એ વકતે તેનો પગ ઘણોજ કલવા લાગો. મીસર દેશના હકીમો જેઓ તે વકતે મોહોટા ઊલમાંઓમાં ખપતા હતા તેઓએ તેને કશો આરાંમ કરેઆને બદલે વધારે હેરાન કીધો અને દારાને સાત દીવસ અને સાત રાત સુધી જરા ઊંઘ નહી આવી હતી. તેવામાં દરબારના માંણસોને ઈઆદ આવી કે જે બંધવાઓને આપણે લઈ આવેઆ છઈએ તેઓમાં એક "ઈજીનાની" હકીમછે તેને લાવી પાદશાહાનો પગ દેખડાવીએ. તેથી પગમાં બેડી સુધાં, તથા ચીથડેહાલ તેને પાદશાહાની હજુર લાવી ઊભો કીધો. તેણે પાદસાહાનો પગ તપાસી જોઈ તેને સારૂં દવા લખી આપી, અને ખોદાની મેહેરબાનીથી થોડા દીવસમાં તેને આરામ થએઓ. પાદશાહ જેણે પોતાના લંગડાએલા પગની તદન આશા છોડી હતી, તેજ પગે પાછો જોરેમંદ આદમીની પેઠે ચાલતો થએઓ, તેથી પાદશાહે આરામ કરનાર ઊપર પોતાની વફાદારી દેખદાવવા બખશીશ કરવામાં કઈબી બાકી નહી કીધી. જે સાંકલથી બંધવાને બાંધેલો હતો તે પાદશાહે પોતાની હજુરમાં છોડાવી, અને તેટલાજ વ

જર્નની એક સોનાની રકાબીની બખશીશ તે ગોલામ ઊપર કીધી. તારબાદ દારાની વફાદાર ઓરતે સોનાના દીનારથી ભરેલી એક રકાબી બખશેશ તરીકે તે ગોલામને આપી. તે દરએક દીનારની કીમત ૩૧૨ ની હતી. એ રકાબી એટલીતો ભરેલી હતી કે એક બીજો ગોલામ જે પેલા હકીમની પછવાડે માતરે ચાલતો હતો તેથીજ તે તવંગર થઈ ગીઓ હતો. તે હકીમને બીજી એનાએતમાં એક ઘેર રેહવાને મલીઉ, અને પાદશાહાએ પોતાની સંગાથે દરરોજ જમવાને સામેલ થવાની તેને અરજ કીધી. છેવી બખશેસ એવી કીધામાં આવી કે હકીમને ફરમાવીઉ કે પોતાની ઈછામાં આવે તે ચીજ અથવા એનાએત માંગી લે એવી દરખાસત થતાંજ હકીમે તુરત અરજ કીધી કે મીસર દેશના બીજા હકીમો જેઓથી પાદશાહાનો પગ દુરસત નથી થઈ શકેઓ તેઓ બંદીખાનામાં પડેલા હતા, અને જેઓને ચંદ રોજમા સુલીએ ચહડાવવાનો જે હેમકાઈ ભરેલો હુકમ પાદશાહાને નાચે વજીર તરફથી થએલોછે તે હોકમ ફેરવે, અને સઘલા હકીમોને ફરાગત કરી પોત પોતાને મકાને જવાની છુટ મલે. એ અરજ સાભલી પાદશાહ તાજુબ થએઓ, અને કેહવા લાગો કે એ શું બેવકુફી? અને વજીરે મારી રઈએતમાંથી આટલા સંધા આદમીઓનો જીવ લેવાનો ઠરાવ કીધોછે અને તે વલી મહને પુછેઆ વગર. એ તેના દરજા અને અકલથી ઊલટુ બનીઉછે. હોકમ કરો કે વજીર મારી આગળ આવી આ ભર મજલીસમા એ વાતનો ખુલાસો કરે, કે આટલા સઘાનો જાન કેઈ કારણ ઊપરથી લેવાને તેને વાજબી જાણીઉ, અગર એ હોકમ ગેરવાજબી હોએતો તેના જીવની ધાશતી તેને રાખવી પડશે. માણસો તુરત દોડી પોહાચેઆ અને વજીરને સીતાબીથી ખબર કીધી, કે પાદશાહાનો મીજાજ તેની ઊપર બરખીલાફ થઈ પડેઓછે, અને તેથી તુરત દરબારમાં હાજર થઈ પોતાનો બંચાવ કરે.

વજીરે એ સંદેશો ધીરજથી સાંભલેઓ, અને તેજ વકત પાદશાહની હજુર જવા પેલા માણસો સાથે રવાને થએઓ.

પાદશાહની હજુર જેવો તેણે દેખાવ કીધો કે તેજ વખત શાહાને ગુસો આવેઓ અને પોકાર મારી કેહું કે ઓ વજીર આ શું જુલમ તું મારી રઈએત ઊપર ગુજારેછે. આએ વકત તારો જીવ ધાસતીમાં પડેઓછે, વાસતે તારા બચાવમાં તુને બોલવાની હું તક આપુંછું.

વજીરે ફુરનસ બજાવી ખુલે આવાજે દરબારમાં કહી સંભલાવીઉકે ઓ પાદશાહ મેં જે કઈ હુકમ કરેઓછે તે પુખત વીચાર અને લાંબા વકત શુધી ખોલ કરીને કરેઓછે. જે હકીમો હાલ બંદીખાનામાં પડેલાછે, એ હકીમોને "હકીમ" કેહવા વાજબી નથી. મેં ખોલ કીધીછે તે ઊપરથી મને માલુમ પડીઉછે કે એ દગલબાજો અને ઠગારાઓને હાતની તારી રાંક અને નીરદોશ રઈએતમાથી નજદીક અરધો અરધ ભાગ મરણ પામેઓછે. એ નીમ હકીમોએ પોતાની હેમકાઈથી અને ફકત પઈશાજ મેલવવાની લાલચથી જેટલાં માણસોના ખુન કરેઆછે તેટલા માણસો તારી તમામ લડાઈઓમા નથી મારેઆં ગીઆં એ હેમક ખુનીઓને બોલાવી પુછ, ("હકીમ" નો ખેતાબ એઓને આપવો દેવાનાપણુંછે) કે કેઈ જગા ઊપર, અને કોણ હકીમની તરબીએત હેઠલ એઓએ આ વીદઆભેઆશ કીધીછે, અને કીઆ કીઆ કાએદા અને કાનુનોથી એઓ દરદીઓને દવાઈ આપેછે. પાદશાહ મેં બરોબર ખોલ કાહાડીછે તેમાં મારી પકકી ખાતરી થઈ ચુકીછે કે એ ઊંટવઈદો માતરે લોકને ઠગેછે, અને પઈશા કહડાવવાની લાલચથી તેઓ અટકલથી દવા વાપરેછે. જેહર અને અકસીર દવા કેવીછે એઓ વચે ફરક તેઓ મુતલક સમજતા નથી, આને હું આટલું મારા સત ઈઅકીનથી કહી શકુછુ કે એવા ઊંટ વઈદોને તારા શેહરમા રાખી તારી ગરીબ રઈએનની પાસા માવી તું થવા દે એ ઘણુંજ બેઈનસાફી ભરેલુંછે. મેં તેમાના દરએક જણની હેમકાઈના નમુના તઈઆર કરી રાખેઆછે, અને તેઓને સુલીએ ચહડાવતી વકતે હું તે આમ લોક સાંભલે જાહેર રીતે બા પોકારથી વાંચવાનોછુ, કે જેથી રઈએતના આએલ લોકને ખબર પડે કે એ સુલીએ ચહડનારા કોઈ ટી દરજેના "હકીમો" નહી હતા, પણ અભણધા પઈસો ખેંચનારા, ઠગારા અને ટોંગી, ઊંટ વઈદો હતા. અગર તારો હોકમ હોએતો આ જગાએ હું તે હકીકત લાવેલોછું તે જાહેર વાચી સંભલાઉ, અને પછી તે ઊપર તારી આખી મજલીસનો વીચાર લે, અને જો કે એવા માંણસો જીવવા લાએકછે અથવા એઓને

મારેલા બેહતર. તખત ઊપરથી આવાજ નીકલેઓ
કે વગર વકત ખોવે વાંચી સંભલાવે.

પાદશાહ, તારી રઈએતમાંથી એક જવાન શખ
સના પગના ગુઠણ ઊપર દરદ થઈઊં હતું. તે
જગા ઊપર એક ધોરી રગ આવેલી હતી, અને તે ર
ગમાં લોહીનો જમાવ થએઆથી તે સુજી અને લાલ
ફોડા જેવી થઈ આવી હતી. તે કમ નસીબ દરદીએ
આ હેમકોમાંના એક જણને તે દરદની દવા પુછી. તો
જો પાદશાહા જે "હકીમ" માં નામ ખપાવતો હતો તે
ને સાધારણ ફોડે અને સુજેલી ધોરી નેશ એમાં કેટ
લો ફરક થાએછે તે પરખવાની વકુફ નહી હતી. એ
"હેમકે હેમકાને" તે ધોરી નેસને ફોડી નાખી અને
જારે લોહી બંધ નહી થઈ શકીઊ તારે તે દરદીને એ
હકીમ ભારી દમામ અને તુંડીથી કેહવા લાગો કે આ
જગા ઊપર કોઈ કાબેલ શખસ પણ હારી ખાઈ ઊઠી
જતે, પણ તારા સારા બાએગ કે હું તારી હજુર બેઠે
લોછું. તારૂ દરદ ઘણુંજ જબરદસતછે, જો તેમાં કેટલું
હજુ ભરેલુંછે જે નીકલતું હજી બંધ નથી થતું. એ
મ કહી જખમમાં કાકડા ખોશેઆ, અને તે બીચારા
દરદીને બે દીનમાં જાનથી બેજાન કીધો. પાદશાહા,
એ દરદી ફકત લોહી બેહદ ગીઆથીજ મરણ પામેઓ
હતો, અને તેનું ખુન આ "હેમકે હેમકાન" ની તરફ
બે ફેહમીથી થઈઊ હતું.

પાદશાહ બીજા "ઊલુ ઘધે હકીમે" એક જણ
ની ગરદનમાં નાસુરથી મોટો સોરાખ પડેઓ હતો
તેમાં બારીક ચારેલો લાકડાનો વેહર ભરીને જખમ
પુરી નાખવાની તજવીજમાં ૧૦ દીન સુધી બીચારા
દરદીને હેરાન કીધો હતો, અને જારે કઈજ વલીઊ ન
હી તારે ધમકાવીને તે દરદીને કેવા લાગો કે હેરૂછેં તા
રી ઊપર તું કેમ જલદી સારો નથી થતો. તું આ
હું અવડું ખાઈ પી મસત થાએછે, અને એણીગમ પે
લીગમ તુટી પડી મારી દવાથી રૂજ આવેલા જખમને
પાછો ખુલો કરેછે. માટે આ હું એક ફરીને મલમ
પટો કરૂંછું તે તું જાંહાંસુધી જખમ સઘલો પુરાએ
નહી તાંહાંસુધી છોડતો ના. એવું કહી ફરીને બારી
ક વેહર તથા આટો લેસીને સઘલો જખમમાં ચાંપે
ઓ, અને ઊપર મજબુત પાટો બાંધેઓ, તેના મનમાં
એવું કે મજબુત પાટાથી વેહર અને આટો માસ સા
થે મલી જશે. ૧૫ દીવસ પછી તે નાસુર બેવડું વ
ધીઊ અને તેમાંથી લોહીને પરૂંનો એટલો તો રેલો
ચાલુ થએઓકે તેના જાનની ખરાબી આખેરે થઈ
એ ખુન તે ઊલુએ કીધું, એમાં કઈજ શક રેહો નથી.
એટલી દવાઈ સારૂં બીચારા દરદી પાસેથી ૨૦ દીના
રની રકમ વારા ફેર એ નાતરસે ખેંચી લીધી હતી.-

તરીજા હુજતી અને તકોબરી ભરેલાએ એક
જણને ગોલાના મરજથી પેટ કબજ થઈ ગીઊં હતું
તે ખોલવાને જારે સઘલા વઈદો લાચાર થએઆ તા
રે ફકત પોતાની બડાઈ જણાવવા જાણી બુજીને જ
માલ ગોટાનો જોલાબ છુપો કોઈ બીજી દવાને નામે
આપી બીચારા દરદીનો પરાણ પેહલાજ પેટ સાથે રૂ
કાવેઓ હતો; અને વલી તે ગોલી આપવાની આગમ
છ કબુલાત આપી હતી કે તેની દવાથી જો પેટ નહી
આવે તો તે હકીમજ નહી, અને આવેઆ તો બીજા
સઘલા વઈદો કંઈજ જાણતા નથી કે પેટ કેંમ લાવવા
પાદશાહા, એ તકોબરી ભરેલા એ બીમાર સખસના
બેસ આશનાઓ આગલ ગોલાના મરજનો ખુલાસો
કીધો તે સાંભલ, કેવો મુરખાઈઅને હસવા સરીખોછે!
કહું કે આપણા પેટમાં હુકાના જેવી ચીલમ અને નલી
છે, તે નલીની અંદર પાણી ભરાઈ હુકાને ચાલતો અટકા
વેછે, તેને આપણા લોક બે સમજથી ગોલો કેહછે !! ગો
લો એટલે પેટમાંના હુંકાની ચીલમ બંધ થઈ જવી !!
એ હુજતી હકીમ અજુ પોતાની વડાઈ છોડતો નથી.

પાદશાહા, ચોથો "વાઈઊવઈદ," જે સઘલા મ
રજો જુદી જુદી જાતની હવા અથવા વા સમજેછે તે
કમ બખતે એક ગરીબ શખસને,—બસ, બસ, પાદશા
હે તખત ઊપરથી પોકાર મારી કહ્યું અને સઘલી
મજલીસ હેફ અને તુછકાર નાખવા લાગી બસ કર વ
જીર, એ "નીમ હકીમો" (હેમકો) ને તતકાલ મારા
દેશમાંથી તરીપાર કર. શાંસી દીધાથી કઈ વલવાનું
નથી, એઓને કોઈ જુલમગાર રાજમાં એથી વધારે
શીકશા થીઆ વગર નથી રેહેનાર. મારા મેહર ભરે
લાં રાજમાં એઓ આજ સુધી ટકી શકેઆ, પણ જો
એઓમાં આકીન, અને ખોદાનો ડર, દગોઆ, અને
બેહસતની ઊમેદ સએતો એઓએ તુરત પોતાનું ના
તરસ કામ છોડી દઈ કોઈ બીજો ધંધો કરે અગર એ
પરમાણે પેટને ખાતર "હકીમ" નો ખોટો વેશ લઈ
આગલ કેહા પરમાણે જો એવો ખુનીઓનો પેશો કરે
આજ કરશેતો ખચીત એઓ કોઈ બીજા રાજમાં પી

ખાઈ, સુંથાઈ અને રીબીને પોતાનો જાન બરબાદ કરશે. એઓને શંસી દેવાનું મોકુફ કર, અને હું મોજના ફરવા નીકળું તે વકતે એ ઠગારાઓને કોઈ વાહાણમા ભરેલા પરદેશ તરીપાર થઈ જતાં જોવાની ઊમેદ રાખુછું. જા અને તે શેતાબીથી કર, અને આ મમાં ડાનકી ફેરવી ખબર આપ કે આજ પછી બરોબર તરબીએતથી શીકેલા "હકીમો" સીવાએ બીજા કોઈ "હેમક બીન ઊલુઓ" પાખ, પડીકાં, આપવાનો ધંધો નહી કરે; અગર કોઈ પકડાએઆતો તેઓના હાલ હવડાં પકડાએલાના કરતાં વધારે માઠા થસે.

એવી ડાંનકી આપણી ટાપુમાં થવી જોઈએછ, અને ઊપર આપેલો સઘળો ચીતાર આપણી ટાપુમા બેસક થએલોછે, બીચારા ગરીબ દરદીઓ જાંનથી ગએઆછે, અને તેવા "હેમક હેમકાનો" હજુર તેવી રીતે પોતાનો ધંધો ચલાવેઆ જાએછે, એ અફસોસ જેવું છે!

---

## પોરટસમથના પદરખાનાનો ટુંક અહેવાલ.

એક સખસ પોરટસમથ આગલના એક સરકારી પદરખાનામાં જઈ આવેઓ હતો, તે એ પદરખાના વીશે કેટલોક ખોલાસો કરેછે, જે જાણવા જોગ ધારી અતરે પરગટ કરીએ છઈએ. કેહેછે કે એ પદરખાનામા જે બીસકોટ બનાવેઆમાં આવેછે તે લસકરના સેલરો, અને સોજરોને માટે ઘણુ કરીને બનાવેઆમાં આવેછે. એ પદરખાનામાં દાખલ થતા ઘણી મેહનત પડતી નથી, કોઈ પણ તાહાના એક શખસની મારફને સેહેલાઈથી દાખલ થવાની પરવાનગી મલેછે. એ ખોલાસો કરનાર લખેછે કે "જે વેલાએ હું દરવાજામાં પેઠો તેઆરે મેં જોઈઊં કે જે કારણસર હું તાંહાં ગએઓ હતો તેવાજ કારણસર બીજા ઘણાંક માણસો તે જગા ઊપર આવી ભેગાં થએલાં હતા પછી તુરતજ હમો સઘલાંઓને અંદર દાખલ કીધા, અને જે જોવા લાએક હતું તે જોવા માંડીઊં.

પેહેલ વેલા એક ચોક જે ઘણોજ સફાઈદાર તથા સોજો રાખેલો હતો, તથા જેની બાંએ ફરસબંદીની કીધેલી હતી તાંહાં હમોને દાખલ કીધા. એ ચોકની પડોસમાંજ પોરટસમથનો અખાત આવેલોછે, જેમાં ઘણાંક વાહાણો તથા મનવારો જોએઆમાં આવેછે. આસપાસનો ખુશ તથા રલીઆમનો દેખાવ જોનારને આ ઠેકાણેથી નજરે પડેછે, તેથી તેનાં મન ઊપર તરેહવાર અસરો થાએછે. તારબાદ એક બીજો દરવાજો ઊઘડેઓ, અને હમોને અંદર જવાને કહીઊં, અંદર દાખલ થતાં માલમ પડીઊં કે એ જગા સઘલી તરફથી ઘણીજ બંધબસત હતી, તે એવીકે જે જગા ઊપર દમ લેવાને પણ પુરતી સાફ હવા મલતી ન હતી. હમારી મંડલીમાના કેટલાકો એટલાતો ઠોંસવા તથા ખંખારવા પડેઆ કે તેમનાં મોહોડા લાલ થઈ આવેઆં, તથા બીજાઓ ગુંગરાતા દમ લેતા હતા અને એક બીજા સાંમુ જોઈ પોતાની હાલત વીશે હસતા હતા. એ ઓરડામાની હવા સઘલી આટા અથવા મેદાથી ભરાઈ ગએલી હતી, તે એટલે સુધી કે ઓરડાની સઘલી બાજુએ જાંહાં જુઓ તાહાં બારીક મેદો ઊડતો હતો. આ કોઠરીમા જે માણસો, પછે નાહાંનાં કે મોહોટાં, જેઓ કામે લાગેલાં હતા, તે સઘલાંના બાલ, ભવાં, પાપણ વગેરે ભાગોમાં મેદો ભરાઈ ગએલો હતો. તેથી સફેદ બાલના ભુત જેવા બની ગએઆં હતાં. એ દેખાવ હમારી નજરે પડેઓ હતો એટલુંજ નહી, પણ હલુ હલુ હમારો અવતાર પણ તેવોજ થતો હતો. એ જગા ઊપર તીસથી તે ચાલીસ માણસો તેમા છોકરાં તથા મોહોટી ઊમરનાં માણસો જોએઆમાં આવતાં હતા. એઓમાં કેટલાંક માણસો મેદાની તપાસ કરતાં હતાં, કેટલાંએક આટો મસલવામાં ગુતાએલાં, કેટલાએક ખમીર ચહડાવવામા ગુતાએલાં, કેટલાંએક થાપીને બીસકોટ તઈઆર કરવામાં મશગુલ થએલા, તથા વલી કેટલાક માણસો ભઠીઓ ઊપર જઈ બીસકોટને ભુંજવામાં રોકાએલાં હતાં. આ જગા ઊપર આટલાં બધાં માણસો કામે લાગેલાં હતાં, તોપણ તાંહાં ગડબડ ઘણીજ થોડી જોએઆમાં આવતી હતી, સબબ કે તાંહાંનાં માણસો બસ "થોડી વાત અને ઘણું કામ" એવા ઠરાવથી પોતાનું કામ કરતા હતા.

તારબાદ એ કારખાનાના એક બીજા ઓરડામાં હમો દાખલ થએઆ. જાંહાં સાંચાથી કામ ચાલતું હતું. આ જગા ઊપર સાંચાની મદદથી એવી

ગોઠવણ કીધેલી હતી કે એક મોહોટાં વાસણમાં આટો અને પાણી સાથે ભેલાઈને પડતાં હતાં, અને તાંહાં પછી તે સાંચાથીજ તે સઘલું મસલાતું હતું. પછે તેને તોરી તેના તુકડા કરવામાં આવતા હતા, તથા પછે તેને થાપી તેની બીસકીટો થતી હતી, અને છેલે લું છ કાહાડવામાં આવતી હતી. એક તરફથી આ પરમાણે આટો તથા પાણી ભેલાતું તે જોતા હતા, તથા બીજી તરફથી એજ આટા પાણીની તરત બનેલી બીસકીટ નજરે પડતી હતી, જે ગરમ ગરમ ચાખવાને હાજર થએલાં માણસોને ઘણી સવાદ આપતી હતી, પણ તે ચાખનારનાં દાંત ઘણાં મજબુત જોઈએ, એવી જાતની એ બીસકીટો હતી.

જેટલું નજરથી જોવાઈ શકાઈઊં એટલું જોઈ લીધું, તારપછે તાંહાના કારીગરોને કેટલીક ચીજો વીશે પુછી લેવાનું શરૂ કીધું. જે જે સવાલો તેઓને પુછીઆમાં આવેઆ હતા, તે સઘલાનો ઊતર એ કામ કરનારાઓ પાસેથી ઘણાજ ખાતરી ભરેલા મલતા હતા, તેથી હમારો જીવ ઘણોજ ખુશ થઈ ગએઓ હતો. તપાસ કરતાં એવું માલમ પડીઊં કે આ કારખાનામાં ઘણામાં ઘણી ચોવીસ કલાકમાં ૧૫ ટન બીસકીટ બની શકેછે. એ ૧૫ ટન બીસકીટ ૩૨૦૦૦ માણસોને એક દહાડો પુરી પડી શકે એટલીછે. એ ઠેકાણે આઠ ભઠી જારી જોએઆમાં આવી હતી. અને તે સાથે એક નવમી ભઠી જોએઆમાં આવી તે ભઠી કાંઈ હમેશ વાપરવામાં આવતી નહી હતી પણ કદાચ કાંઈ વરદીનું કામ આવેનો એ શલતુ ભઠી પણ સલગાવેઆમાં આવતી હતી. ઘણું કરીને ૮૪ માણસો કામ ઊપર લાગેલાં રેહેછે. એ કારીગરો ઘણું કરીને છોકરા હોએછે તારથી દર અઠવાડીએ છ શીલીંગને (૩ રૂપીઆ) પગારે દાખલ થાએછે, અને તારપછે હલુ હલુ દર અઠવાડીએ અગીઆર શીલીંગ થીતે અઢાર શીલીંગનો (૯ રૂપીઆ) સુધી પગારો મેલવેછે. એ કારીગરો પદવી ચડતાં ચડતાં છેલે ભઠીનું કામ ચલાવવાનું માથે લીએછે, અગરજો એ કામને પુરતા લાએક થાએછે તો તેને દર અઠવાડીએ ૨૭ શીલીંગ (૧૩॥) રૂપીઆ મલેછે.

એ જગા ઊપરથી હમો એક બીજા એટલાના ઓરડામાં દાખલ થએઆ. એ ઓરડામાં દલવાનું કામ ચાલતું હતું. જાંહાં જુઓ તાંહાં ફુલ, કચરો અને આટો. આટો થીઓ કે તેને એક મોહોટી ચાલણીમાં નાંખી તુરત ચાલવા માંડેછે. એ દલવાનું, સાફ કરવાનું તથા ચાલવાનું સઘલું કામ સાંચાથીજ થાએછે, દર કલાકે હડીસો રતલ અનાજ દલવામાં આવેછે, અને તારપછે એ આટાને બે દાહાડા સુધી રાખી મુકેછે, કાંએકે જોરથી દલાએઆને લીધે આટામા ગરમી આવેછે તે ઓછી થાએ. દલનારને જો એક બુશલ ઘઊં આપેઆ હોએતો તેણે તેના ૬૦ રતલ આટો કરી આપવો, અગરજો એટલો આટો નહી ઊતરેઓતો દર રતલે બે શીલીંગ રૂપી દંડ દાખલ તે દલનારને આપવો પડેછે.

આ પરમાણે ઈંગલંડ માહેલાં એક પદરખાનાનો ટુક અહેવાલ જણાવેઆમાં આવેઓછે, તે ઊપરથી આપણને અતરેનાં કેટલાંક પદરખાનાઓ વીશે હલકો વીચાર આવેછે. ઈગલંડના જેવા સુધરેલા પાએઆ ઊપર થોડાંજ કારખાનાં અતરે જોએઆમાં આવશે.

---

## હુલડાઈ.

કેટલાંક માણસો પોતાનું જોર બતલાવવા, તથા પોતે સુરામાં ખપવા માટે કેટલીક વેલા ભારે જોખમો પોતા ઊપર ખેંચી લીએછે, પણ તેવા જોખમો ખેંચી લેતી વેલા તેઓ જરા વીચાર કરતા નથી કે ફલાણું કામ કરવાનું હમો માથે લઈએ છઈએ તે કરવાને હમો શકતીવાન છઈએ કે નહી. એવી રીતે, વગર વીચાર કરવે જેઓ પોતા ઊપર જોખમ ખેંચી લીએછે, તેઓને હુલ્લડ કરી કેહેછે. ખરૂંછે કે કેટલીક અગતની વેલા જોખમનાં કામોમા માંથું ઘાલવું પડેછે, તોપણ તેમ કીધા અગાઊ વીચાર કરવાની તો ભારે જરૂરજછે. કેટલાએક લોક ઊપર જણાવે આ પરમાણેની બડાઈ કરવા માટે નહી, પણ પરોપકારને અરથે તથા લોકોનાં કલેઆણને અરથે પોતા ઊમર જોખમ ખેંચી લીએછે. એવા ધણીઓની નેક અને રૂડી સોચના માટે તેઓને માન ઘટેછે, તોપણ તે ધણીઓને "હુલડ" વીગર આપણથી. બીજું કઈ બોલાઈ નથી શકાવાનું. કોઈ માણસ કુવામાં પં

ડીશીં હોએ તો તેને બાહાર કાહાડી તેનો જીવ બચાવવાની આસપાસ ઊભેલાં સઘલાં માંણસોની ખાએશ હોએછે ખરી, પણ તેટલા માટે એવી કાંઈ જરૂર નથી કે આસપાસ ઊભેલા શખશોમાંથી કોઈએક પણીએ, જો પણ પોતાને તરવાનો હોનર આવડતો ન હોએ તોપણ, કુવામાં કુદી પડી અંદર પડેલાં આદમીને સલામત કાહાડવાની હીમત કરવી. તેમજ એક ઘરને આગ લાગી હોએ અને તે ચોતરફ ફેલાઈ ગઈ હોએ, અને ખુલું માલુમ પડતું હોએ કે બાહારના ધણીને અંદર જવાનો, અથવા અંદરના ધણીને બાહાર આવવાનો કોઈ સલામત મારગ નથી, એવું છતાં પણ જો કોઈ માણસ તે ઘરમાં ગપડાઈ ગએલાં આદમીઓને અથવા કાંઈ માલ મીલકત કાહાડવાને હીમત કરી તે આગના ભડકાંમાં પડેઓતો તે ડાહાપણ ભરેલું કહેવાતું નથી. તેને માતરે આપણે શાવેલો ડાકુઓ કેહી શકશું. ખરૂંછે કે એવી વેળા વખારે હીમત પકડી દુખીઆરાઓને મદદ કરવાની દરએકની ફરજછે, તોપણ જારે ખુલી રીતે માલુમ પડતું હોએ કે જે કાંઈ ઊપાએઓ કામે લગાડીઆમા આવે તે વીઅરથ જવાના, એટલું છતાં પણ અમસથી બે વકુશાઈભરેલી હીમત કરવી, તેને **હીમત** નહી પણ **હુલડાઈ** કેહવામાં આવેછે. વલી કેટલાએકોમાં એવોતો ચાલ પડેલીછે કે પોતામાં જાતી અથવા કુદરતી હીમત ન છતાં દારૂ વીગેરે કેફી વસતુઓ પીને પોતાને હીમત આપીને પછે એવા જોખમોમાં તેઓ જઈ પડેછે, આ બાબદને મળતી એ પણ સરપ હેમકાઈ છે. એક બીના બનેલા દાખલા તરીકે નીચે દાખલ કરીએછ.

કેહછે કે એક વેળા ઈઊરપખંડનાં એક દેશમા એક મોહોટો રીછ ઘણી ખરાબી કરતો હતો, અને તે દેશ માહેલા માણસો તે રીછથી એટલાંતો કંટાલી ગએઆં હતાં કે કઈપણ કલા, હીકમતથી તે જાનવરનો નાશ કરવાને તેઓએ ઠરાવ કરેઓ હતો. તેવામાં એક સેલર તાંહાં આવી લાગો. તેણે એકલાએ તે રીછની સામણે જવા પોતાની હીમત બતલાવી. એ સેલરને સારી પેઠે ખબર હતું કે કેટલાંક તેના કરતાં વધારે જોરાવર અને હીમતવાન માણસોએ એ જાનવરનો નાશ કરવાને વધારે મેહનત લીધી હતી, તોપણ તેઓ એ જાનવરથી આજેજ થએઆં હતાં, એટલું જાણેઆ છતાં પણ તે સેલરે પોતાને હીંમત તથા સુર છુટવા, સારી પેઠે દારૂ પીધો, અને પછે ગાતરે એક ભાલો હાતમાં રાખી પેલા રીછની જગા ઊપર એખલો ગીઓ. એ વેળા તેને આશપાશના માણસોએ ઘણો વારેઓ, અને સમજાવીઊં કે તું એકલાથી, અને માતરે આ એક અધીઆરની મદદથી તે રીછને મારી શકાવાનું નથી, પણ ઓર તું તારા પોતાના જાનને જોખમમાં નાખશે; પણ એ શઘલાં બોલવાની તે સેલર ઊપર કશી અસર થઈ નહી. તેણે બગ ઠરાવજ કીધો કે જે બનતા બને તે ખરી પણ તે રીછના શામું જવું. એ ઠરાવ મુજબ તે ગએઓ. ચાલતાં ચાલતાં તે છેક પેલા રીછની નજદીક આવી લાગો તે વેળાએ પેલું રીછ પણ છેડાઈ ગુશામાં આવી તેની શામે દોડી આવીઊં. રીછને ગુશાભર પોતાની શામે આવતું જોએઆથી પેલો સેલર બીધો. એમ થવાને બે કારણો હતાં, એકતો એકે તેણે હીમત મેલવવા માટે જે દારૂ પીધો હતો તે હવે ઊતરી ગએઓ હતો, તથા બીજું કારણ એકે રીછનો કરોધ ભરેલો ચેહરો જોએઆથી તેને એકાએક એભત પડી, આવી હાલતમાં તે સેલરે પોતાનો ભાલો ટાંકી રાખેઓ, અને તે પણ એવી રીતે કે ઈઆતો તે ભાલાંથી પોતાંનો બચાંવ થાએ કે ઈઆતો તે ભાલાનો પોતેજ ભોગ થઈ પડે. એ પરમાણે ઘભરાટમાં ને ભાલો ટાંકી થંભ ઊભો રહેઓ. તેને થંભ ઊભેલો જોઈ પેલો રીછ પણ તેની શાંમું ઘુરતો થંભ ઊભો રહેઓ. સેલરે તે રીછ ઊપર હોમલો કરવાના ઘણાબી ઊપાએ કીધા પણ તે શઘલા વેઅરથ, સબબ કે તે રીછ વધારે જોરાવર હતો. વારે ઘડીએ તે સેલર પોતાના ભાલાને આણીગમથી તેણીગમ ફેરવે, તથા બુમો પણ પાડે, પણ તે શઘલાંને તે રીછે ધીકાર તરીકે ગણીઊં, અને જાણે તે રીછ પોતાના હમનબરદને એક મગતરાં જેવું શમજીને ભારે દમામ તથા બપકાથી ઊભું રેહઈઊં હોએ એવું જોવામાં આવતું હતું. જેમ જેમ વખત થતો ગએઓ તેમ તેમ પેલા સેલરનાં કાંકણ ધ્રુજવા લાગાં, અને શરીર ઢીલું થવા માંડીઊં. જે હતમાં ભાલો પકડેલો તે હાત પણ એટલોતો ધ્રુજવા લાગો કે ભાલાની નેમ પણ એક ઠેકાણે રેહતી નહી. અતીઆર સુધી પોતે જે નેમ તાંકી ઊભો હતો તે પણ હવુ હવુ ખીસતી ગઈ, અ

ને તેનું આખું શરીર ધ્રુજવા લાગ્યું. આટલું સઘલું થએઆ છતાં પણ તેના મનમાંનો આ બેવકુફી ભરેલો ખેઆલ ગએઓ નહી કે "આ હું મરદાનગી બતલાઊંછું." તેણે વીચાર કીધો કે જો હું હમણા પાછો જઈશતો માહારા સોબતીઓ, તથા જેઓએ પરથમ મહને વારીઓ હતો, તેઓ મહને હસસે, તથા માહારી ઠેકડી કરશે, તેથી તે હજી પણ તાંહાંજ થડીને ઊભો રહેઓ. આણી તરફથી પેલો રીછ વધારે ચીરડાઈ તથા ગુસામાં આવી તે સેલરની ઊપર ધસારો કરવા લાગો. રીછનાં મોહોટાં કદમ અને તેની ભએ ભરેલી સીકલ વધારેવાર જોએઆથી પેલા સેલરના મન માહેલા શઘલા વીચારો એકદમ નાબુદ થએઆ, અને તેણે છેલો વીચાર એજ કીધો કે હવેતો પાછલે પગે નાહાસવું બેહતરછે, ઠેકડી અથવા મશકરી જે થવાની હશે તેનો થએઆ વગર રેહેનારજ નથી. એવો વીચાર કરી તેણે એકદમ નાહાસવા માંડીઊં. પેલા સેલરને આ પરમાણે નાહાસતાં જોએઆથી પેલા રીછને વધારે હીમત આવી અને તે પણ તેની પાછલ વધારે જોરથી દોડીઊં. અલબતાં એ જનાવરને દોડવાનો માહાવેરો વધારે તથા, તેની જડપ મોહોટી તેથી તે જલદી પેલા સેલરની લગભગ આવી લાગો. આ વેલાએ તે સેલરે જોઈઊં કે હવે કશો ઊપાએ નથી. હાતમાં જે ભાલો હતો તે કંટાલીને નાખી દીધો, અને ધુમ દોડવા માંડીઊં. પેલો ભાલો જમીન ઊપર પડેઆથી તે રીછનું ધેઆન તે ઊપર લાગું, તેથી તે ઊભો રહેઓ અને તે ભાલા સાથે લડવા લાગો, તેણે તે ભાલાના તુકડે તુકડા કરી નાખેઆ, અને પાછો પેલા સેલરનો દુંબાલો પકડેઓ. વલી તે રીછ છેક લગભગ આવી લાગો, તારે પેલા સેલરે પોતાને હાતનું એક મોજું નાંખી દીધું તે એવીજ મતલબથી કે જેમ ભાલો નાખી દીધાથી રીછ ઊભો રહેઓ હતો તેમ એથી પણ ઊભો રેહેશે, અને એ વીચાર જે પેલા સેલરે કીધો તે કાંઈ ખોટો નહી હતો. વલી તે મોજાં સાથે કેટલોક વાર સુધી રીછે સખત ખેઆઓ, અને તે મોજાના ચીરીઆં કરી નાખી પાછો પેલાની પાછલ લાગો, પણ એજ રીતે તેણે તે રીછને દુરનો દુર રાખવાની ફગાઈ કરેઆ કીધી. તરીજી વાર બીજા હાતનું મોજું નાંખીઊં, છેલે પોતાનાં માથાં ઊપરની ટોપી ઊરાડી નાખીઅને એ પરમાણે કીધાથીજ તે સેલર પેલા રીછની ચુંગાલથી મોકલો થએઓ. અગર જો એ સેલરને એવી બુધી ન સુજી હોત, અથવા પેલી પડતી ચીજોની રીછે કશી દરકાર ન કરી હોતતો ખચીત તે સેલર પોતાની બુલડાઈનાં ફલ ચાખત. આ પરમાણે તે સેલરે પરથમ જે હુલડાઈ કરી તે મારે તેને પાછલથી ઘણું પસતાવું પડીઊં. તેણે માન મેલવવાની તથા સુરામાં ખપવાની જે જુઠી હીમત કરી હતી તેના બદલામાં તેની પાછલથી ઘણી હશી થઈ તથા તેના મીતરો અને આસપાસનાઓ તેની ઠેકડી કરવા લાગાં.

---

## આસતરેલીઆનાં જંગલીઓમાં બાએડી પસંદ કરવાની ભએનકાર રીત.

અનુભવ ઊપરથી એવું માલુંમ પડીશેંછે કે કોઈબી દેશમાં સુધારો વધ્તો જાએછે તેમ તાના લોકમાં પરણવાની રસમોમાં પણ ફેર પડતો જાએછે. પરણવાની અથવા બાએડી મેલવવાની ચાલ દેશ દેશોની જુદી જુદી છે, પણ આસતરેલીઆ દેશના જંગલી લોકની એ વીશે જેવી ધીકારવા લાએક ચાલછે તેટલી કોઈ બીજા જંગલીઓની નથી. એ દેશનાં એક ટોલીવાલા જંગલીઓ બીજી ટોલીવાલાને પોતાની છોકરીઓ સાથે પરણવા દેછે પણ જે રીતે મરદ પોતાને મનગમતી બાએડી પારકી ટોલીમાંથી પસંદ કરી લાવેછે તે ખચીત ખુની અને હેરત ઊપજાવા જોગછે. જારે એક જંગલી પોતાની ભર જુઆનીમાં આવેઓ, અને તે પરણવાની ઊમરે પોંહોચેઓ એ વીશે તેના ઊપર કેટલીક કીરીઆ થઈ ચુકીકે, તે જંગલી પોતાની બાએડી પસંદ કરવાનો ઠેરાવ કરેછે કોઈ ટોલીમાંની છોકરી તેને પસંદ પડી તે ટોલીની પછવાડેનો પછવાડે છુપો અને બરાનો ફરવા માંડેછે. એ લોકમાં પોતાની બાએડીઓ પાસે કઠણ કામો નથી કરાવતા, પણ સાધારણ હલકાં કામો જેવાકે મેવો વીણવા તથા ફુવો તોડવાને જંગલોમાં તેઓને મોકલેછે; તેથી પેલો મરદ પોતાની માશુકને પકડવાની તાલમેલ સોધતોજ પેલીઓની પછવાડે ફરતોજ રેહેછે; એવી રીતે કોઈ વાર દીવસોના દીવસ સુધી કોઈ કોઈ મરદોને રખડવું પડેછે. પણ તક મલી અને જો પેલી છોકરી તેની સુ



આસટ્રેલીઆનો એક જંગલી બીજા જંગલી ટોળાવાળાની એક છોકરી પરણવા સારૂ ચોરી
લાવીઓ તેની તપાસ

ગાળામાં આવી શકે એવો દાવ આવેઓતો પેલો છુપો મરદ તુરત તે ઊપર હુમલો કરેછે, અને અચુક નેમથી એક ભાલો એવોતો તેની ઊપર મારેછે કે તેના જખમથી પેલી છોકરી તુરત બે સુધ થઈ જમીન ઊપર તુટી પડેછે. આસપાસની બીજી બાએડીઓ તે જગા ઊપરથી ચીચાડી પાડી બીહીને નાહસી જાએછે, અને પેલો મરદ આવી પેલી જખમી બે સુધ છોકરીને પોતાને ઘેર ભારી કીરતી અને દમામ ભરેલી રીતે ઊંચકી લઈ જાએછે.

એ છોકરી બીચારી જારે પોતાની સુધમાં આવેછે તારે આસપાસ જુએછે તો કોઈ નવોજ દેખાવ તેની નજરે પડેછે. તેના કોઈ નહી મલે સગા અથવા ઓળખીતાં, કે તેને દીલાસો દે, તે બીચારી કોઈ નવીજ જાતવાલા, જુદીજ ચાલ ચલાણવાલા લોકમા આવી પડેલી, તેથી તે એખવી, અને ના વાકેફ ઘણા દીવસ સુધી જુરેઆ અને રડેઆ કરેછે, અને આમને આનતે એ નવી જાતના લોક સાથે તેનો મેલાપ થતો જાએછે, અને જે મરદ તેને આવી ખુની રીતે પકડી લાવેઓ તેની સાથે તેને હલુ હલુ ઓલખ થતી જાએછે."

જે જંગલી અને ઘાતકી ચાલ પેલા મરદે પોતાની બાએડી પસંદ કરતી વકતે દેખાડી હતી તેવી ચાલ ફરીને તે પોતાની અવે ખરેખર થએલી બાએડીની તરફ નથી દેખાડતો. તે હવે પછી તેની સારી પેઠે બરદાસત કરેછે, અને સઘલાં કઠણ અને અતીશએ શરીર મેહનત ભરેલાં કામ પોતે કરેછે, અને બાએડીને માતરે હલકાં સાધારણ કાંમો સોપેછે."

જે ટોલીમાંથી છોકરી ચોરાઈ તે ટોલીવાલાઓને એ વાતની ખબર પડતાં તેઓમા અને મરદની ટોલીવાલાઓમાં દુશમની પેદા થાએછે, અને જે મરદ આવી જબરદસ્તીથી છોકરી ચોરી લઈ ગીઓ તેની ઊપર શકત સજા કરવાની તઈઆરી તેના દુશમનો કરેછે એ સજા અથવા કીરીઆનો દેખાવ જોવા અને વાંચવા લાએકછે.

જે ચીતાર આપેઓછે તે એવી તરેની સજાનો દેખાવછે. એ દેખાવ એક તરેની "નેજાબાજી" અથવા મરદાનગી બતલાવાનોછે, જેમા પેલો મરદ પોતાની હીમત, અને બદનની કુઅતથી સઘવાની ખાતરી કરી આપેછે કે જે જવાન પેલી છોકરી લાવેઓછે તે જવાન કઈ જેવો તેવો નથી પણ તેની માશુકને લાએકનોજ હીમતે મરદાનછે. એ લડાઈમા મરદની બાહાદુરી, ચાલાકી, અને દાવપેચની કસરતની સારી પેઠે પરીકશા થાએછે, અને કોઈજ વકતે એવી તપાસમાં તેવાઓનો જાન પણ જાએછે.

બેહુ ટોલીવાલા એક ઠેરવેલે દીવસે એક ખોલી જગા ઊપર મલેછે. તેઓ સઘલા પોતાના બદનને લાલ રંગથી રંગેછે, અને જાણે સઘલા ભારી લડાઈ કરવા જતા હોએ એવી તઈઆરી કરેછે. જેવા બન્ને ટોલી વાલા એક બીજાની નજરે પડેઆ કે બધે તરફથી ભારી બુમ અને શોહોરના પોકાર અને ચીચાડી ઊપર ચીચાડીઓ નીકલેછે, ગાલો ગલોચી અને તુંદાઈના ભરેલા સખુનો, બડબડતા અને દાત કચકચાવતા કાહાડેછે, પોતાના ભાલા હવામા જોરથી ફેંકેછે, તથા પોતાના શરીરને એણીગમથી પેલીગમ મરડી મોડી અને તરેવાર આકારમાં ફેરવી અને પટકીને એક બીજાને એવું જણાવા માંગેછે કે અમારા જેવુ કુઊઅત અને કસરત તમારી ટોલીવાલાઓમાં નથી, અને તમારી દરકાર કોણ કરેછે, અને કોણ તમારીથી બીહેછે.

એ પરમાણે બુમ બરાડા પાડી જરા જરા નરમ પડતા જાએછે, અને પછી સઘલા જાણ સાથે લેલાઈ જઈ પેલા મરદની પરીકશા કરવાની સઘલી ગોઠવણ કરવાની તઈઆરી કરેછે. એ વકતે એક ટોલીવાલા બીજી ટોલી વાલાના હથીઆરો, ભાલા, તીર, એવી ચીજોની તપાસ કરેછે કે કેહી તરફ વાલાના અથીઆરો વધારે સરસછે, વલી કેટલાકો પોતાના શરીરની કસરત કરી એક બીજાને દેખાડેછે કે તેઓના જેવા જોરાવર બીજા કોઈ નથી. એવી રીતે તેઓનો મેલાપ થાએછે તેવામાં તેઓના સરદાર તરફથી એક નેશાન થતાં સઘલા એક બાજુએ થઈ જાએછે, અને તેઓમાંથી પેલો બાહાદુર મરદ એખલો બાહેર નીકલી આવેછે. તેના ચેહરા ઊપરથી એવું માલુમ પડેછે કે તેને તે વકતની કઈબી દેહશત નથી લાગતી, પોતાની હાત ચાલાકી અને જોરમા પુરાંમુસતકીન અને મગરૂર રહેલો દેખાએછે, અને પોતાની હીમત અને શકતી વીશે જે કોઈ સાંમણે આવે તેઓની ખાતર નેશા કરવાને તે તઈઆર અને તલવલી રહેલો દેખાએછે.

છોકરીની બાજુવાલાઓમાથી બે તરણ જણા દરે

ક શખસ બારથી વધારેભાલા લઈ તેની સાંમણે બાહેર આવેછે. પેલા મરદથી ૨૫ વાર દુર તેઓ ઊભા રે હેછે. એ વકતે સઘલા તમામ ચુપ થઈ જાએછે, અને અવે લડાઈ કરનારા તરફ તેઓ આતુર નજરથી જુ એછે. જેવા પેલા શખસોએ ભાલા ઊચકેઆકે પેલો મરદ એકલો પોતાનો બંચાવ કરવાને તઈઆર રેહેછે, અને એકપછી એક આબાદ નેમ ટાકીને ભાલા ફેકવા નો મારો ચાલેછે તેમાંથી પેલો મરદ એકુએ ભાલાને પોતાના બદનને લાગવા દેતો નથી, એવી સફાઈથી તે એક અથીઆરે કરીને પેલા ભાલાઓને એક એક ફટ કે આસપાસ ઊરાડી દીએછે. એ હોમલાની વકતે પે લા મરદના મોહોડા ઊપર કઈબી ધાસતી અથવા ઈન તેજારી દેખાતી નથી. જે વકતે ભાલાનો મારો ચાલે છે અને તે ભાલાઓને પેલો મરદ બાજુએ ઊરાડી દી એછે તે વકતે આસપાસ જોવા બેઠેલા જંગલીઓમાં ફીકર અને તાજુબીથી ભેલાએલો ઘુર ઘુરતો આવાજ એક છેડેથી તે બીજે છેડે સુધી ચાલેઓ જાએછે, જારે જેટલા ભાલા મારવા જોઈએ એટલા ભાલા મરાઈ ચુ કા અને પેલો મરદ વગર ઘાહેલ થવે પાર પડેઓ કે સઘલા જંગલીઓમાં પાછો એક મોહોટો પોકાર ઊઠે છે, અને જેમ આગલ ગડબડ થઈ હતી તેવી પાછી હો, હો, અને બુમ બરાડા નીકલવા માડેછે.

એ કીરીઆ થઈ ચુકા પછી છેકરીની તરફવા લી ટોલીમાંથી કેટલાક સાંમણે આવેઆ હોએ તેટલા દરએક એક જણ સાથે પેલા મરદને ડાંગથી લડાઈ ક રવી પડેછે. આ પરીકશામા કોઈબી હુનર અથવા ચા લાકીની તપાસ નથી થતી, માતરે કોણનું માથું શકત છે તેટલુંજ માલુંમ પડેછે. એક બીજા ઊપર વારા ફ રથી ડાંગ મારેછે તે હા સુધી કે બેમાંથી એક ઘુગરી ખાઈ તુટી પડે તાંહાં સુધી. તેઓના માંથા ઊપર જ ટાઈ ગએલા બાલની ઊદણ આ વકતે તેઓને ઘણી કાંમ લાગેછે. એ પરીકશામાં બોલી એછે કે પેલા મરદે એમ નહી બોલવું કે "અને બસ કર અથવા સબુર ક ર," પણ જાંહાંસુધી સાંમો શખસ પોતેજ રાજીથી હ રે નહી તાંહાં સુધી તેણે ગુગુગુ ખમેઆ કરવું એ કી રીઆ થઈ રેહા પછી, બેહુ ટોલીવાલા પેલા મરદની તારીફ કરેછે, અને તેની હીમત અને કશીઆત વીશે મોહોટા આવાજથી સાબાસી આપેછે, અને એકાદ બે દીવસ સુધી બેહુ ટોલીવાલા તે ઠેકાણે સાથે રહી મોજ મજા, મેજબાની, અને નાંચ રંગ કરેછે, અને તે દીવ સથી બેહુ ટોલીવાલાની દુશમેની બંધ થઈ સુલેહ થા એછે.

---

## અચરતી ઊપજાવનાર પખશી પકડનારા.

ઈસકાટલંડ દેશના પાહાડી કીનારા ઊપર ત થા તેની ઊતર તરફના ટાપુઓમાં મોટી લએ ભરેલી રીતે પખશીઓ પકડવાનો ધંધો ચાલેછે તેનો ચીતાર આ ઠેકાણે દેખડાવેઓછે. એ ધંધો પારધીઓની ફાણી જંગલોમાં જાલ પસારીને પખશીઓ પકડવાનો છે એટલુંજ નહી પણ બીકટ જગા ઊપર જાંહાં કો ઈ સાધારણ હીમતવાલાથી પણ જવાઈ નહી શકાએ એવી અડચણ ભરેલી જગા ઊપર જાનને ધાસતીમાં નાખી કેટલાક લોક એવો ધંધો કરેછે. પખશીઓ તે ઓના ખુદરતી ગનેઆનથી સમજેછે કે એવી જગા ઊપર માલા બાંધવા કે જાંહાં માણસથી અવાઈ નહી શકાએ, તો તેવી બીકટ જગા ઊપર પણ માણસ પો તાની હીમત, અને હીકમત લગાડી જએઆ વીગર રેહીઊ નથી.

પાહાડોની ટોંક જે દરીઆ કીનારા આગલ આવી હોએછે, તેવી ઊભી ટોંકોમાં પાણીના જાગુક અ ફડાવાથી મોહોટ મોહોટા ખાડા અથવા બો પડેછે. તે વી જગામાં પખશીઓ પોતાના માલા બાંધેછે, અને ઈડાં મુકેછે. ચીતારમાં દેખડાવેઆ મુજબ પાહાડ ની એક ટોક ઊંડા દરીઆવમા નીકલી આવીછે, અને તેમાં એક બો પડેલોછે. એ બોમાં એક જાત ના કઈ હજારો પખશીઓ વસેલાંછે, અને તે પરમાણે તાંહાંથી તેટલાં ઈડાં અને પખશીઓના બચ્ચાં મલી આવેછે. પણ તે જગા ઊપર જવાનો કેથી માર ગ નથી. પાણી અતીશએ ઊંડુંછે અને ખડકની એટલની પગતી એટલી ઊંચીછે કે કોઈ વાહાણમાં બે શી તાંહાં ગીઓનો તેનાથી પણ તે ઊપર ચહડાઈ ન થી શકાવાનું અથવા પાણીના મોજાનો અવાજ પણ તેટલી ઊંચાઈ ઊપર સંભવાતો નથી. એવી કદંગી અને ધાસતી ભરેલી જગા ઊપર જુઓ એક હીમત વાન શખસે જવાની છાતી ચલાવીછે, અને તે જગા ઊપર જઈ કેવો પોતાના જાનને જોખમમાં નાખે એછે; તેનું બએઆન નીચે આપીઊછે.



અચરતી ઉપજાવનાર પખસી પકડનારનો લએ
લગેલો કુદકો

ખડકની ઊંચાઈ સઘલી મલી નજદીક ૧૦૦૦ થીતે ૧૫૦૦) ફુટની ધારેઆમાં આવેછે. એટલી ઊંચાણ ઊપર મથાલે એક ખુંટા સાથે દોરડું મજબુત બાંધી તે પકડી એટલે નીચે ઊતરેઓ. જારે છેક ખો આગલ આવેઓ તારે તેણે પોતાના બદનને હીંચકવા લાગો. જેમ જેમ ઝોંકા વધતા ગીઆ તેમ તેમ તે ખોની નજદીક જવા લાગો, અને જોઈઊં કે અવે બરોબર ઊતરી શકાશે એવી તેની ખાતરી થતાં એક ઝોંકો એવો લીધો કે આબાદ જઈ પેલા ખોની પગતી ઊપર ઊતરી પડેઓ. આ વકત એક માંઠો બનાવ બનેઓ. તે એવી રીતે, પખશી પકડનારા દોરડાને હંમેશ પોતાના બદન સાથે બાંધેલું રાખેછે, પણ તે પરમાંણે કરતાં આ શખસે ગફલતી ખાધી હતી. જેવો ખોની પગતી ઊપર ઊતરેઓ કે તેનું મન ઈંડાં અને પખશીઓ પકડવા ઊપર એટલું તો ગુંતાઈ ગીઊ કે હાતમાં જે દોરડું પકડેલું હતું તે છુટી ગીઊં તેથી લાચાર થઈ ગીઓ; અવે તેને તે દોરડું પાછું હાતમાં લાવવાને કોઈ તેની પાસે ઊપાએ નહી રેહો હતો. પાંણી એટલું ઊડું હતું અને ખડક એટલો ઊંચો હતો કે એકાએક કોઈથી હીમત કરી અંદર પડી પણ નહી શકાએ; ખડક ઊપર મથાલે જવાનો મારગતો હતોજ નહી, તેની સાથ કોઈ સોબતી પણ નહી કે તેને મદદ થાએ. જે વાહાણ પાડેલું દેખાએછે તે કઈ તે વકત તાંહાં નહી હતું. એવી એખલી લાચાર અવસથામાં તે બીચારાને તાંહાં બંદીવાન થઈ રેહેવું પડીઊં. તેણે વીચાર કીધો કે "આ જગા ઊપર મહીનાના મહીના થઈ જાસે તોએપણ કોઈ આવનાર નથી, અને કોઈને ખબર પણ નથી પડવાની કે હું આવી કપોરી જગા ઊપર કેદ થીઓછું. વાસત અવે જાનની સલામતીની ઊમેદ રાખવી ફોકટ છે. જે બને તે ખરી, એક કુદકો હીંઆંથી એવો મારૂં કે પેલા દોરડાનો છેડો હાતમા આવે, અગર દોરડું પકડાઈઊં તો તેમ, નહીતો ખેર, પાણીમાં મરવું બેહતરછે નહીકે ખડક ઊપર પડી રહીને." એવો વીચાર કરી એક લાગી જબરદસ્ત કુદકો મારવાનો ઠેરાવ કીધો. દરીઆનો મોજો ભારી હતો પણ તે એટલોનો ઊડાંણમા કે તેનો કઈ અવાજ પણ નહી આવતો હતો એવી હાલતમાં તેણે તમામ પોતાની હીમત એકઠી કીધી, પખસી અને ઈંડા લેવાનો વીચાર તજલો એક કોરે રાખેઓ, બાહે ઊંચે ચહડાવી, હાત લાંબા અને કમાનરોકી કીધા, ખડકની છેક અંદરની કોરે ગીઓ, અને તાંહાંથી એક પહુકડી મુકી અને જારે છેક કોર આગલ આવી પોંહાચી એવીતો એક મોહાટી અને ભારી છલાંગ મારીકે તેના જાનની આખેરી જે છેક અણી ઊપર આવેલી હતી તે પાછી દુર થઈ, તેના આવરદા લાંબા તેથી દોરડું તેના હાતમાં પકડાઈઊ, અને તે ઊપર તુરત તે ચહડી સલામત પાછો ખડકને મથાલે પોંહાંચેઓ. ૧૫૦૦ ફુટના ઊંડા મોહોતના ખાડામાંથી એક પલવારની હીમતથી એ છુટેઓ

---

## એને શું કહીએ?

ઈસપેન સાથની લડાઈમાંથી જનરલ મુરનું લશકર જારે પાછું હટતું હતું, તારે તે લશકર માહેલો એક ઈંગરેજી અમલદાર ઘણી થાક ચહડેઆથી પાછલ પડી ગએઓ હતો. તેને રસતાની બાજુનાં એક ખેતરમાં એક મોહોટું જાહાડ નજરે પડીઊં, જાંહાં જઈ લગાર વીસામો લેવાનો વીચાર કરી એ અમલદાર તે તરફ ગએઓ. તે જાહાડ પાસે જતાં એક સોવજરની ઓરતને જમીન ઊપર પડેલી, તથા તેણીના પાસામાં એક છોકરૂં સુતેલું એ પરમાંણે તેને નજરે પડીઊં. એ દેખાવ જોઈ તે લાચાર બાઈને પોતાથી બનતી મદદ કરવાના ઠરાવથી એ અમલદાર છેક તેની પડોસમા ગએઓ પણ મદદ શાની કરે! મદદ કરવા જેવું કશું હતું નહી, તેણીએ પોતાનાં નાહાંના બાલકના શરીર ઊપર પોતાનો હાત નાખેલો હતો, એટલુંજ માતરે હતું, તેણીએ પોતાનો પરાણ કોણ જાણે કીઆરનો છોડીઓ હતો. આ મામલો જોઈ તે અમલદાર તે ઓરત પાસે બેઠો, તેણીની નાડ જોઈતો નાડી બંધ પડેલી, અને શરીર ઠંડુગાર થઈ ગએલું. એટલું છતા પણ તે અમલદારે ચાહીઊં કે તેને બંચાવાને કોઈ પણ એવાજ કરૂં, એમ વીચારી પાસેજ એક હોજ નજરે પડી તાંહા જઈ, પોતાની ટોપી ભરી પાણી લાવીઓ, અને તે તેણીનાં હાત મોહાડાં ઊપર સારી પેઠે છાંટીઊં, પણ અફસોસ તે સઘળું વીઅરથ ગઈઊં, તે બીચારી મુઈજ તે હવે કીઆંથી ઊઠે. ઘણા ઊપા

એ કરેઆ છતાં પણ કાંઈ વલીઊં નહી. તારે અંતે લાચાર થઈ તે અમલદારે તે બાઈનાં જીવની આશા છોડી. તારપછે થોડોવાર આસાએસ લઈ તાંહાંથી પોતાને મકાને જવાના વીચારે ઊઠીઓ. ઊઠતી વેલાએ તેણે જોઈઊં કે આ બાલક જે તેની માનાં પાસાંમાં પડેલુંછે, તેનો હવે કોઈ વાલી નથી, માટે તેને એક રૂમાલમાં બાંધી પોતાની સાથે લઈ ગએઓ. ઘણી રંજ અને શકતીની લાંબી મંજલ કાપેઆબાદ તે પોતાનાં લશકરમાં જઈ મલેઓ. કેહેછે કે આ લાચાર છોકરાને તેણે ઘણીજ માવજતથી ઊધારેઓ, તેણે પોતાના લશકર માહેલાં માણસોમાથી એક જણની ઓરતને તે બચું સવાધીન કીધું કે તેને તે ધવરાવે. આ પરમાણે માતરે તેનું બાલપણમાંજ તેણે જતન કીધું એટલુંજ નહી, પણ તેણે આ મજબુત ઠરાવ કરેઓતો કે પોતાનાં મરણ પછે, તે છોકરાનેજ પોતાના વારસ તરીકે મુકરર કરે.

---

## માંબાપો જરા જુઓ.

સુનાબાઈ નામની એક છોકરી જાંહાં વેર ૧૪ વરશની વએની થઈતાંહાં વેર તેનાં માંબાપોએ તેને શઘલી પરકારના લાડમાં ઊધારી હતી. કેહેછે કે બાલકોને બચપણથી જે સઘલી નઠારી ટેવ પડેછે, અને જેથી તેઓ આગલ ચાલતાં ઘણા હેરાન થાએછે, તે સઘલા ગુણોએ આ છોકરીમાં નાહાનપણમાંથી મજબુત જડ ઘાલી હતી. અગરજો ભોગ ચોઘડીએ કોઈ બાહારનું માણસ ઘરમા આવીઊં અને તેણે આ છોકરી વીશે માંબાપોને કહીઊં કે હવે એ બચું મોહોટું થાએછે, અને બે વાત અકલ આવે એવી કહો, અને લાડ વગેરે લડાવાનું છોડી દઓ, તો તેથી તે માંબાપોને ભૂરે કંચલો છુટતો, તેઓ ચીરડાઈ સાજ કેહેતાંકે બાપા દાહાડે આવીઊં ડાહીઊં થશે, તમો એ બચાં સામું ના જુઓ. અને એ વગેરે બોલીને તે છોકરીને વધારે લાડ કરાવતાં, બનાવ એવો બનેઓકે એ છોકરી એક દાહાડે એકાએક માંદી પડી, આવેલા એ માંબાપોનાતો હોશ કોશ ઊંડી ગએઆ, ઘરમાં સઘલાં રંજીદા થઈ ગએઆં અને ડાકટરો ઊપર ડાકટર છુટા. દુખતું જોર દન ઊપર દન વધતું ગઈઊં, અને ડાકટરો તે છોકરીની આશા મુકતા ગએઆ. આ વેલાએ એલાં માંબાપોની ઊપર કેટલું દુખ આવી પડીઊં હશે, અને તેઓ કેટલાં દરદમંદ થએઆં હશે તેનો વીચાર વાચનારેજ કરવો. એકાએક શુનાબાઈ પોતાના નબલા અને જીણા સાદે બોલી "માં જરા મારી સહીઓને તેડાવો." એ માગણી તુરત કબુલ રાખી સુનાબાઈની એચાર અતલગની સહીઓ હતી અને જેઓ પાડ પડોસમાંજ રેહેતી હતીઓ તેમને તુરત તેડાવી મંગાવી. તેમને જોતાંજ શુનાબાઈ ઘણાજ ધીરા નબલા અને હલકા અવાજે બોલવા લાગી "બેહેનો હવે મારીતો આખર આવેલી માલમ પડેછે, હું આ ખાટલેથી પાછી ઊઠીશ એવી આશાતો નથી, પણ બેહેનો બે સખુનો કેહેવા માંગું છું તે સાંભલો, આપણ સઘલી બેહેનીઓએ ઈશવર વીશે કેટલી ગફલતી બતલાવીછે વારૂં? કોઈ દાહાડે પણ આપણે ઈશવર સમરણ અથવા ઈશવર ભકતી કરી છે વારૂં? આપણે આપણા વખતનો કેટલો ખધો અમુલીક કાલ નકામો, આલસાઈમાં, મોજમજેગમાં, ખાધા પીધામાં, અને છેલું પારકાંઓની નીંદા કરવામાં ગાલીઓ છે વારૂં? જે વેલાએ આપણ નવરાં પરવારતાં બેઠાં છઈએ તે વેલાએ કોઈ દાહાડે પણ આપણે ઈશવરને ઈઆદ કીધો નથી, પણ કોઈની તારીમારી, અને કુથલામાં વખત ખોએઓછે. મહને આપણી ચાલ વીશે જે આ ગનેઆન થઈઊંછે તે ઘણું મોડું થઈઊંછે, વખત રહેઓ નથી કે હું માહારી ના લાએક અને માઠી ચાલનો પસતાવો કરી લઊં, વાસતે બેહેનો હવે મારી વાત પડતી મેલો, તમને હજી અવકાશછે, જો ચાહાશોતો તમારાથી પશચાતાપ થઈ શકશે, માટે હવે ઊતાવલેથી તમારી આગલી ચાલનો પશચાતાપ કરી તેવું ફરીથી નહી કરવાની તજવીજ કરો એટલે તમને મરણ સમએ માહારી પેઠે દુખી અને ખીન થવાની ગરજ પડશે નહી." આટલું બોલતાં શુનાબાઈનો જીવ ફરી આવેઓ, અને તેણીથી આગલ કશું વધારે બોલાઈઊં નહી. થોડોવાર સુધી તે મુગી પડી રહી, અને તેટલોવાર તેની સહીઓ, બે રીતના ઘબરાટ ભરેલા વીચારમાં પડીઓ. તેઓને એક ગમગીની ભરેલો વીચાર એ આવેઓ કે તેમની સહી હવે ઊતાવલેથી જતી રેહેવાની, અને બીજો ગંભીર વીચાર, સુનાબાઈની નસીઅતનો, થએઓ. વલી થોડાવારમાં સુનાબાઈએ હીમત ધરી બે સુખન બોલવાનું શરૂ કીધું આ ફરી

થી બોલતી વેલાએ તેણીએ પોતાના બાપને પોતાની જોડે બોલાવીઓ, અને પોતાની સહીઓનાં દેખતાંજ બોલી "બાપા આજ જે હું મોતને બીછાને પડી પસ્ચાતાપ કરૂંછું તેનું કારણ તમો પોતેછો. તમોએ મહુને બાલપણમાંથી કોઈ સારો મારગ બતલાવવાની કોશેસ કીધી નથી, અને કુમારગ તજાવી શુમારગે ચલાવાની મેહનત લીધી નથી. તમોએ કોઈ કાલે મહને ઈશવર વીશે એક શબદ કહેઓ નથી, કે કોઈ કાલે તમે એવી ઈ તેજારી રાખી નથી કે માહારી છોકરી હંમેશગીનું ખરૂં શુખ ભોગવવાને શકતીમાન થાશે. બંદગી કરવી એટલે શું અને નહી કરવી એટલે શું, પુણ એટલે શું, અને પાપ એટલે શું, આ દુનીઆમા અવતાર શા સારૂં ધરેઓછે અને મરણ પછે શી અવસથા થવાની એ કશા ઊપર એ મારા બાપા તમોએ કધી ધેઆન આપીઊં નથી. હુંતો આ મરવા શુતીછું, મરણ પછે કોણ જાણે માહારી શી અવસથા થસે તે કેહવાતું નથી " એટલું બોલતા તેનો દમ છેક ભરાઈ આવેઓ, તેણીએ કાંઈ વધારે બોલવાની તજવીજ કીધી પણ કાંઈ બોલાઈઊં નહી કેહછે કે તારપછે બે દાહાડાવેર તે આ પરમાણે નસોત્ર હાલતમા પડી રહી, અને પછે મરણ પામી આ હા ! જે વેલાએ શુનાબાઈએ પોતાના બાપને ઊપર કહેલા શબદો કહેઆ તારે તે બીચારાને એ શબદો કેહવા વાગાં હશે ! કેહવતછે કે દુખ ઊપર ડાહામ, તેમ એ બીચાગને આવી વેલાએ એ શબદો કારી જખમ જેવા લાગા હશે આ ઊપરથીજ માબાપોએ જોઈ લેવું જોઈએછે કે તેઓ પોતાના બચાંને ઊછેલતાં રાખેછે, અને કશી પરકારે તેમનાં પેલી દુનીઆના સુખ તરફ ધેઆન પોહોંચાડતાં નથી એ કેટલું અઘટીતછે

---

## લાંબી અને સુખાકારી ભરેલી જીંદગી કેમ ભોગવાએ ?

આ ફાની દુનીઆમાં કોઈ ચીજ એવી નથી કે જે વગર ભરૂસાની હોએ, ખરૂં છે કે કેટલીક વેલાએ લોકો બોલેછે કે " આ વાત વગર ભરૂસાનીછે " તોપણ તેવી વાતોબી ભરૂસા ભરેલી બની શકેછે વગર ભરૂસાની અને ખરેખર વગર ભરૂસાની એકજ ચીજછે, જે આપણો જીવછે એ ચીજ શીછે, અને તે કેહવીછે, તથા તે કેવી રીતે આપણામાં આવેછે અને કેહવી રીતે તે આપણમાથી ગુમ થઈ જાએછે, તે વીશે કોઈથી પણ ચોકસાઈ ભરેલી રીતે કેહવાઈ શકાતું નથી, પણ આટલુ તો ખાતરીથી કેહવાઈ શકાએછે કે " એ ચીજ વગર ભરૂસાનીછે. " એને જાલવી રાખવા માટે, અને જો વધારે ખુલાસાથી બોલીએતો, માણસો પોતાનો જાન બંચાવવા માટે તથા લાંબી હઈઆતી ભોગવવા માટે તરેહવાર ઊપાએઓ અને જુકતીઓ કામે લગાડેછે. કોઈબી માણસને આ દુનીઆ છોડી મરણ પામવાને ગમતું નથી. તોપણ લાંબી હઈઆતી ભોગવવાના જે જેહેલા ઊપાએઓછે તે ઊપર આપણાં લોકોનું પુરૂં ધેઆન હજી સુધી દોરાઊં નથી લુઈ કોરનેરો, અને એવાજ બીજા શુખસોના બેહદ દાખલા આપણી નજર સામનેછે, જેઓ ઊપરથી સાફ માલમ પડેછે કે પરમેસવરે જે સેહેજ સાધારણ કાએદા આપણા લોકોને માટે બાધી આપેલાછે, તેઓને વલગી રહીને જો તે પરમાણે ચાલીઆતો ખચીત તેથી આપણી હઈઆતી ટુકી થતી નથી. એ સાધારણ કાએદાઓમાં મુખીઅ કાએદો એછે કે હરેક વાતની તબે પાડવી, અને તે તબે એવી નહી પાડવી કે તે નુકશાન ભરેલી હોએ—અગરજો માણસો અંદાજો અથવા મીતાહારપણું આ શબદનો પુરો અરથ સમજી એ શબદ શી મતલબનોછે તેનો ઘટતો ઊપઓગ, એક ચીજમા અથવા એક ઠેકાણે નહી, પણ પોતાની આખી જીદેગાનીમાં કરેઆ જાએ તો ખચીત તે માણસોને કશી ફરીઆદ કરવાનું કારણ નથી. હરેક વાતમા પછે ખાવા પીવામા, બોલવા ચાલવામા, વાતચીત કરવામાં, ફરવા હરવામાં, અને સુવામાં, જો માણસે અંદાજે પકડેઓ અને મધીઅમ પણે ચાલેઆતો પછે સારૂ છે અગરજો એથી ઊલટું કીધુતો તેનું પરીણામ પણ તેવુંજ ઊલટુ થવાનુ. લુઈ કોરનેરોએ ખાધા પીધામા વણો અંદાજો રાખેઓ હતો, અને તે કાએદા સર પોતાનાં શરીરની માવજત કરતો હતો, તેથી તેણે એક ઘણી સારી અને લાંબી જીદગી ભોગવી હતી, અને તે પણ સુખચેનમા તથા આરામમા ગુજારી હતી, અને નહી કે ખાટલે પડીને દાહાડા કાહાડેઆ હતા

વલી ડાકટર અરવીન નામના એક તબીબે માનસીક દરદો વીશે એક પુસતક લખીઊંછે તેમા એક ઠે,

કાણે લખેછે કે " ગએ અટવાડીએ હું એક ઘરડા
શખસને મલેઓ હતો. એ પુરૂશની મન શક
તી તથા તેની આરોગીઅતા ઘણી સારી હતી. કેહેછે
કે આ પુરૂશે લાંબી મુદત સુધી તરેહવાર વીઘનો તથા
સંસારી અડચણો ભોગવતાં છતા પોતાંની તંદુરસતી
એવીતો સારી રાખી હતી કે જેનું વરણ થઈ શકતું
નથી. એ ધણીએ દર રોજ ચોકસ વખત ફરવા હર
વાની કસરત કરવાને માટે મુકરર કરેલો હતો, અને
એ તખે જે તેણે પાડી હતી તે ઊપર તે દર રોજ અમ
લ કરતો હતો, એથી કરીનેજ તેની તંદુરસતી સારી
રહેલી હતી. એ ઘરડા શખસના બીજા ઘણા દોસતો
તથા હરીફો હતા, જેઓ એની સાથે વીદીઆ સંબંધી
બાબદોમાં ઘણી લાંબી લાંબી તકરારો ચલાવતા હતા,
તે સઘલા આજે મરણ પામેઆછે, અને આ ધણી તેમ
ની પાછલ ઘણીજ લાંબી મુદત સુધી જીવી શકેઓછે.
જે ધણીઓ મરણ પામેઆછે, તેઓ જો પણ આ પુરૂ
શ કરતાં થોડાં વરસની વએના હતા, તોપણ તેઓએ
પોતાની જીંદગાનીનો વખત ઘણોજ બેપરવાઈથી ગા
લેઓ હતો, તેઓએ *અંદાજો* એટલે શું અને તખે તે
કેહવી હોએછે, તે ઊપર કશું ધ્રેઆન પોંહાંચાડીઊંતું
નહી. પણ તેથી વીરૂધ આ શખસે પોતાનો વખત
વધારે સારી રીતે ગુજારેઓ હતો, તેથી તે હાલ આ
વી પુખત વએમાં પણ એક નોજવાનની પેઠે તંદુરૂ
સત રહેલોછે. " આવા બીજા ઘણા દાખલા મલી
આવશે, આતો સેહેજ એશારા તરીકે દાખલ કરેલાછે.
જેઓને આ દુનીઆમાં લાંબી અને સુખાકારી ભરે
લી જીંદગાંની ગુજારવી હોએ તેઓએ ઊપલી બીના
સારી પેઠે ધીઆનમાં લેવી.

---

## હું કહું તેમ કરો, પણ હું કરૂં તેમ ના કરો.

" દીલેટસન " નામનો એક મોહોટો પાદરી
કેહેછે કે " બાલકોને મોહોડે સારી શીખામણો દઈને
તેમના દેખતાં જો કાંઈ આડી ચાલ ચલાવી તો તેથી
બાલકોને બાવાંની અસારતથી સંવરગનો મારગ બ
તાવવો, અને તેઓને પાંખથી પકડીને નરકમાં લેઈ
જઈ નાખવાની બરાબરછે. " ખરી વાતછે કે ઘણાઓ
ને એવી ટેવ હોએછે કે મોહોડે મોહોટી મોહોટી વા
તો બોલવી અને પરસંગ આવે તારે પોતે તેવું કર
વું નહી. કોઈને અમસથું કેહેવું કે તમો ચોરી ના
કરતા—જુઠું માં બોલતા—ઘણો દારૂ ના પીતા—ર
સતે ચાલતાં કોઈ સાથે ના લડતા—તથા કોઈ સાથે
વાત ચીત કરતી વેલાએ સભીઅતા રાખી તેમની સા
થે વાત કરજો, એવું એક તરફથી કોઈને સીકામણ ત
રીકે કેહેવું, અને પછે જો તે કેહેનારજ પોતે ચોરી ક
રે, જુઠું બોલે, દારૂ પી મસત થઈ રસતે રસતે રજડે,
અને રસતે ચાલતાં લોકો સાથે છેડતી શોધી કજીઓ
કરે, તથા કોઈ સાથે વાત ચીત કરવામાં સભીઅતા
અને સદાચરણ એક કોરે મેલી જેમ ગમે તેમ લાંબરા
મ કરે, તો પછે તેવા ધણી અથવા ધણીઓના બોલ
વા ઊપર તે બીજાઓ કેટલો આધાર રાખે. ' એવા
દાખલા ઘણીવાર નીશાલના મેહેતાજીઓ વીશે સાંભલ
વામાં આવેઆછે, કે તેઓ બાલકોને જે સારી શીખા
મન દેછે પણ પોતે તે પરમાણે નથી ચાલતા, તારે બા
લકના મન ઊપર એવીજ અસર થાએછે કે સીખામ
ણો માતરે બોલવા સારૂછે, તે પરમાણે ચાલવાની ક
ઈ જરૂર નથી. જુઓ આપણા મેહેતાજી પોતે કેવું
સુભાખીત બોલેછે, પણ તેમ પોતે કરતા નથી. કેર
લાકતો સાફ બોલેછે " જેમ હું કરૂં તેમ તમો ના
કરો, પણ જેમ હું કહું તેમ તમો કરો. " એવું બો
લનારાઓ ઊપર સાંમાં ધણીઓ ઘણો થોડોજ વીશ
વાસ રાખેછે.

---

## જાણવા જોગ બાબદો.

**હાંસાનો ઊપાઓ**—ઘણીવેલાએ માણસોને આ હાસા
જેવો દરદથી પણ બહુ હલાકી ભોગવવી પડેછે, માટે એક
જાણાએ અભ્માસ કરી એનો ઉપાઓ બનલાવીઓછે તે આ
રો આને સેઓછે, તે ઉપર અમલ કરવાથી ફાએદો થશે એ
વી આશાછે. હાંસો થએઆની અગાઉ કેટલીએક વેલાને
ગલું સુજી આવેછે, અથવા હાસા સુધી ગલું સુજેછે, એવી
વેલાએ તુરત પીરૂવીઅન બારક(જેમાંથી કુઈનીન નીકલેછે તે)
નું એક છોડું લઈ તેનો એક કટકો મોહોડામાં નાખી ચગ
લીઆ કરવું એથી તુરત હાંસો નરમ પડશે. એ પરમાણે જો
બે ચાર વાર બેચાર કટકા વગોલીઆતો એકદમ એ દુખ દૂર
થવાનું અગરજો દુખ દરે થએઆબાદ જો પાછું જોર કરોતે

તુરત એજ એલાજ  સરદ હવાગા વમનારાઓનેતો જરૂર છે કે એ વસતુનો એક કકડો પોતાની સાથેજ રાખી મુકે, અને જેવી જરૂર માલમ પડેકે તુરત તેનો ઉપયોગ કરે.

**મગરો**—મગરો નદી તથા તળાવોમા રહેછે અને તેથી અ દર કોઈ જાએ તેને દુખ દીએય તોપણ એક બાબદના મગરો ઘણા ઉપીઆગીછે તેઓ સઘી ખરાબી દુર કરી નાખેય અને પાણી સાફ રાખેય નાહાના જાનવરો તેઓ ખાઈ જાએય

**શરકો**—માતેલી બાએડીઓને સરકો થેડો લેવો સારોછે પણ જો માસ ઘટાડવા વધારે સરકો પીવાએઓ હોએ તો તેથી તેઓને ખાણુ હજમ કરવાની શકતી કમ થાએછે અને ગુણને બદલે અવગુણ થાએછે

**વકીલ**—એક વેલાએ લારડ બરોહને ખુશ મીજાજમા આવીને વકીલો વીશે એવુ કહી શ ભળાવીઉ હતુ કે "વકીલો આપણા શતરૂઓના હાંતમાથી આપણી મીલકત બચાવેછે પણ પોતે તેના માલેક થઈ બેશેછે"

**દેવાલ ઊપરના કાગળો**—હાલ એવા કાગળો ચોટાડવાની તેવ ગામડીઓમા ફેલાઈય અને તેથી ઓરડો બારે મોસેમ પણ એક તપાસની બારે જરૂરછે એ કાગળો ઉપરનો ર ગ જલકતો કરવાને માટે સોમલ વાપરેછે અને તેથી કોઈ દરદી એવા સોમલવાલા કાગળના ઓરડામા સુતો હોએ તો તેની તંદુરોસતી ઘણી બગડેય એક કાગળ ચોટાડનાર વીશે કહેય કે તે કાગળ ચોતાડતા અધવચ કામમા આજારી પડલો હતો અને તેના સાથીએ કામ પુરુ થાએઆ પછી તેના અગત મરીન જાગે ર ગ લીઓ હોએય તારે તેઓ ઘણા આજારી પડતા હતા

**દાંતનાં દરદનો એલાજ**—જેઓને દાતના દુખથી પીડા ભોગવવી પડતી હોએ તેઓને માટે એક જણે અનુભવ ઉપરથી આ ઉમદા અને ઘણીજ અકસીર દવા ફરમાવીછે તે કેહેછે કે "મહને દાતનુ દુખ ઘણુ હતુ અને તેથી હુ ઘણો કાએર થએલો હતો, તેવામા એક મીતરે એવી સલાહ આપી કે મેં ઉના તાહાડા પાણીના કગરા ભરવા, તે પરમાણે મેં પેહેલા ગરમ પાણીના કગરા કીધા અને પછે તુરતજ તાહાડા પાણીના કગરા કીધા જેથી માહારા દુખમા ઘટાડો થએલ મહને માલમ પડીઓ એ પરમાણે બે ચાર વાર કીધાથી માહારુ દુખ દુર થઈ ગઈઉછે" આસવખતે જેઓ જોરે ડાકટરોને આપવાના પુશક્લ પઈસા હોએ તેઓને આ એલાજ પસંદ નથી આવવાનો, પણ જેઓ સમજુ હશે તેઓ ડાકટર જોડે ગએઆ આગાઉ એકાદ બે વાર આ એલાજ ઉપર અમલ કરી જોશે

**મધમાખની વસતી**—જારે તેઓનુ ટોલુ ને ટોલુ ઉઠેછે તારે તેમા ૧૦૦૦૦) દશ હજારથી તે ૨૦૦૦૦) વીશ હજાર સુધી માખો એકટી થએલી હોએછે, પણ પોલામા ૩૦૦૦૦) તીસ હજારથીતે ૪૦૦૦૦) ચાલીસ હજાર પરાણી વશેછે પોલાના એક ચોરસ ફુટમા ૯૦૦૦) નવ હજાર સુરાખ હોએછે મધમાખની રાણી ૫૦) અથવા ૬૦) દીવસ લાગટ ઈંડા મુકિઆ કરેછે, અને દર રોજ ૫૦૦) ઇંડા મુકેછે એક એક ઇંડા ઉપર તરણ દીવસ સુધી સેવણ બેસી તેમાથી બચા કાહાડેછે એક આખી મોસમમા એક મધમાખની રાણી ૧૦૦૦૦૦) એક લાખ ઈંડા મુકેછે ૫૦૦૦) પાચ હજાર માખને તોલી હોએતો તેઓ સઘલી વજનમા એક રતલ થાએછે

**ગવરનરનો કાએદો ગવરનરને નડીઓ**—એક લખનાર જણાવેછે કે તા૦ ૭ મી મેને દીવસે માલટાના ગવરનરના મેહેલ આગલ એક શીપાઈ પેહેરો ભરતો હતો, તેવામા એક સારો પોશાક પેહેરેલુ માણસ પોતાના મોહોડામા એક સલગાવેલી "ચીરૂટ" લઈને ગવરનરના મેહેલમા જતો હતો, એવામા તાંહા ઉભેલા સીપાઈએ તુરત તેને ઉભો રાખી કહુકે તેણે મોહોડામાથી "ચીરૂટ" નાખી દઈને પછે મેહેલમા દાખલ થવુ, સબબ ગવરનરથી તેને એવો તાકીદનો હોક મરેઓછે કે કોઈને સલગેલી બીડી અથવા ચીરૂટે મેહેલમા દાખલ થવા દેવો નહી એ સાભલી તે સાદા પોશાક વાલુ માણસ બોલીઉ કે ઓ સીપાઈ હુ પોતે ગવરનરછુ, તો પણ તે સીપાઈએ તેની કશી દરકાર કીધી નહી અને તેના મોહોડામાથી "ચીરૂટ" નાખી દેવાડીઆ સીવાએ તેને મેહેલમા દાખલ થવા દીધોજ નહી એમ થએઆથી તે પોહોરેગીરને મલતા દર રોજના રોકડમા ફેરફાર થએઓ, અને "ટાઉન મેજરની" તરફથી નવુ હોકમનામુ નીકલીઉ તેમા જે મનાઈ ચીરૂટ વીશે થઈ હતી તેની પાછી છુટ આપી

**કેટલુ જાણવું જોઈએ?**—કેટલાક માણસો જેઓ ગણેછે થોડુ અને બોલેછે ઘણુ અથવા થોડુ જાણતાછતા ઘણુ જાણવાનો ડોળ રાખેછે, તેઓએ ઉપલો એક સારો સવાલ

પ્રટીના ઘોર સુણ જોરથી જોવલી,
  મસીદમા બાગ સુલલા પેદારે,
સનાન કરી સુદરી જલ ભરી જાયછે,
  નાહાયછે કઈક નદીને કીનારે  મલી માત—૪
જો તુ દીવો જઈ જોત જાખી થઈ,
  ચોરને ધુડ સતાઈ પેલ,
પદમ પરફુલીત થયા પતીત થૈ પોયણી,
  ભગ ઠગો જઈ નદી ઘાટ બેઠા  મલી માત—૫
ખેડુ ખેતી કરે સોની સોનુ ઘડે,
  લોહ લોહાર કસાર કાસુ,
નાર મરનારને રાગતાણી રૂવે,
  આખીઅમા એક નહી હોય આસુ  મલીમાત—૬
ઉઠી નરનારીઓ ઉઘડી બારીઓ,
  દેખયે જૈપારીઓ જૈવનોવે,
જો વરે મારગુ જાયછે વાટમા,
  ઘાટમા ધોબીજન વસતર ધોવે  મલી માત—૭
ધીર સુર વીરતે ધનુર વીધા ધરે,
  રાજદરબાર વાજીતર વાજે,
નોકી બદલાયછે ચોક છટાયછે,
  રાય જઈ બાગ મધીયે બીરાજે  મલી માત—૮
કુલવતી નારી સતાન સભાનતી,
  મધુર મુખ બોલતી બોલ ઉઠી,
બાળને મારતી ધણીને ધમકાવતી,
  કુઅડ રડા કરે કનેશ રૂઠી  મલી માત—૯
હોય ધનવત ધીમત ધોઈ દતને,
  સનાન કરી સરસ સુગધી સુધ,
આલસુ એ દીને અકલના આધલા,
  અફીણીયા એ સમે ખુબ ઉંઘે  મલી માત—૧૦
આ સમે ઉઠી અભેપાસ જે આદર,
  આઠ દશ માસમા અરથ સાધે,
વન તણા પવણને સેવતા આ સમે,
  થાય આરોગીય તન વરસ આયે  મલી માત—૧૧
વીસરી રાયતે વાત પણ સાભરે,
  આ સમે ઉઠી જો યાદ કરીય,
કહીણુ જે દલપતરામનુ કામછે,
  કાવીય કેરાસતે તુરત તરીય,
મલી માતને તાત પરભાતમા પુતરને,
  સુણ કરે વાત નઈ રાત વીતી—૧૨

## ભરત ચિત્ર શીખવાની ગરબી.

અલબેલીરે અમે માત જોવાને જઈએ ॥ એ રાગડે

આવો આવોરે શીખીએ આજ, ભરતજ ભરવાને ॥
લાવો લાવોરે સગનો સાજ ચીત ચીતરવાને ॥ ટેક
ચીતર ચીતરવાને, ભરતજ ભરવા, માત પીતા મન હરવારે,
જગ કરતાના કરતબને કાંઈ કાંઈ ઉતેજન કરવ ॥ ભરત૦૧
પોપટ ચીતરો ને, પાજરૂ ચીતરો, ચીતરો ગાયો ચરવારે ॥
કુલ ઝાડેતો કુડા ચીતરોને, ચીતરો આંબે મરવા ॥ ભરત૦૨
ચતુર મનુશયના, ચેહેરા ચીતરો, સજનને સાભરવારે ॥
ચીતરો મડપ ચોરી મધયે, વરવહુ બેઠા વરવા ॥ ભરત૦૩
ભણતર ભણતી કુવરી ચીતરો, શીખતી પાઠ સુધરવારે ॥
પનઘટની પણીયારી ચીતરો હોય જતી જળ ભરવા ॥ ભરત૦૪
નીરમલ જલની નદીયો ચીતરોને, ચીતરો ગીરીવર ગરવારે ॥
નાટકશાલામા નટ ચીતરોને, ચીતરો નર નતી નરવા ॥ ભરત૦૫
પરવતના પાયામાથી જે, ઝરણા લાગે ઝરવારે ॥
તે ચીતરીને હીમગીરી ચીતરો, કડકથી જલ ઠરવા ॥ ભરત૦૬
શીતલ વાયુ વાય શીયાળેને, લાગે પાન વીખરવારે ॥
વૈશાખે વનવેલી ફુલેને, જલ વરસે બાદરવા ॥ ભરત૦૭
ચીતરોને સજની મોતની મુરતી, દુસટ કરમથી ડરવારે ॥
ભાવે પ્રભુના ભજનીક ચીતરો, અવસર અંત ઉગરવા ॥ ભરત૦૮
રતન સહીત રતનાગર ચીતરોને, ચીતરો નાવ ઉતરવાર ॥
સુત ધવરાવતી સુદરી ચીતરો, પ્રીતે પુતર ઉછરવા ॥ ભરત૦૯
ઝમરૂખ ચીતરોને, હાડી ચીતરો, બોઈ જ જામ પાથરવારે ॥
ખુબ સુરતની છબીયો ચીતરો, રગમેહેલમા ધરવા ॥ ભરત૦૧૦
વીધ વીધના કાંઈ વાશન ચીતરો, ઘરમા ઘણુ વાપરવારે ॥
ગાડી બગીને ચારટ ચીતરો, આજ સવારે ફરવા ॥ ભરત૦૧૧
ચીતર થકી ચીત ચીંતા ટલવા, શોક સકલ પર હરવારે ॥
દલપતરામ કેહે દુનીયામા, સુખથી દીવસ નીસરવા ॥
ભરતજ ભરવાન૦૧૨

## અશુમતે બાહરૂપ.

ઉપલા નામનુ ગઅેઆ વરશમા ભરૂચ ગવ ધર્મેશાન શાદનુ એક પુસતક બ દે બોદાની તરફથી ( તેને મ ાઉછે, તેની પોહોચ કબુલ કરતાગા જણાના માગીએ છઈએ કે આ પુસતક જે તમામ કવીતામા રચેલુ છે તે ઘણી સારાન તથા ચોકસાઈથી રચેલુ છે પારા એના કવીતા બનાવવાના બ ખોટા નામ રાખનાર પારસી કવીઓના ઘણા અનુભવ ને દેખો માલમ પડેછે હમો માહીએ છઈએ કે આ વ્યાની પેતાની કોશેશ જારી રાખી એક પછે એક એવા ઘણ એક કાવીઅ રૂપી પુસતકો બનાવે આપણી ભાષામા કવીતની ઘણી અછત માલમ પડેછે, તે આ પરમાણેની ટીઓ ધ! ચાલુ કોશેસ જારી રાખેઆથી ભગશે એવી આશાછે કદા એઓને ભનમાળ કરીએ છઈએ કે હવે તેઓએ બા( કાન નીતી સબધી વીશઅેઓ ઉપર તથા ઈશવરી બાબ.ા ઉપર પોતાનો કલમ ચલાવવી

# સ્ત્રીબોધ.

પુસતક ૨ જું | સપટેમબર ૧૮૫૮ | આંક ૯ મો.


## લાચેકીવાલી ઓરત.

### ફ્રેડરીક ધી ગરેટ પાદશાહાની રાણી એલીજેબેથ કીરીસટીઆના.

આ ઊપર જણાવેલી ઓરત એક માહા પરાક્રમી રાજા સાથે પરણેલી હતી, અને જો કે રાણીની પદવી રાખતી હતી તોએપણ કાઈ કારણસર પાદશાહ અને રાણીને કોઈપણ દીવશે માટીબઈઅર પર માણે નહી મેં જોએઆં હતાં એ બાબદ સાબલી સરવેને તાજુબી ઊતપન થાએછે. રાણીનો પેઆર પોતાના ધણી ઊપર અતીશએ હતો, અને તેજ પરમાણે પાદશાહા તેને પણ ચાહાતો હતો, તોએપણ કોણ જાણે કીહા કારણ ઊપરથી એ બંધેનો મેલાપ નહી થાઓ હતો એ આજની ઘડીસુધી નથી જણાઈઊ તરેહવાર અટકલો તથા વીચારો ગર થકરતાઓ જણાવેછે પણ તે શઘલી માતરે અટકલોછે ખરૂ કોઈ જણાવી નથી શકીઊ. આટલું માતરે જણાએવુ છે કે પાદશાહા જારે નાહાનો હતો તારે તેની ખુશીની વીરૂધ તેને પરણાવેઓ હતો તેથી કદાચને તે બાએડી તેને ના પસંદ થઈ પડી હોએ, એ કદાચ માનવા જોગછે.

ફ્રેડરીકનો બાપ આકલા સવભાવનો હતો, અને તે એટલો કે જારે ગુસામા આવે તારે પોતાના દીકરા ફ્રેડરીકને ઘણોજ મારતો, બંદીખાને મોકલાવતો, અને જો એટલું કીધાથી તે છોકરો નરમ નહી થઓ તો એવું કેહેછે કે એકાદી વેલા તેનો જીવ પણ તેણે લીધો હોત. ફ્રેડરીકની પોતાની મરજી ઈંગલંડ દેશના બીજા જારજની છોકરી અમેલીઆ સાથે પરણવાની હતી, પણ તેના બાપના ગુસા આગલ તેનું કઈ ચાલતું નો હતું. બાપની એવી મરજી કે તેનો છોકરો એલીજબેથ કીરીસમીઆના બરનસવીકના અમીરની છોકરી સાથે પરણે, અને એ પરમાણે પોતાની આપખુદીથી જબરદસતી કરી ફ્રેડરીકને તેની સાથે પરણાવેઓ હતો. ફ્રેડરીક આખેરે તાએબે થઓ હતો, જો કે તેણે પોતાની નારાજી ખોલી રીતે બતલાવી હતી.

કેહેછે કે એલીજબેથની સાસુ ફ્રેડરીકની માએ એકવારતો ટેબલ ઊપર મોહોટે સઘલા સાંભલે તે પરમાણે એવું કેહું હતું કે મારો દીકરો જેની સાથે પરણવાનોછે તે બઈરીતો "પુરી મુરખજછે, જે કઈ તમે તેને પુછો તેના જવાબમા હા, અને ના, એટલાજ બેબોલ, તેને બોલતા આવડેછે, અને તે વલી અમસધું વગર કારણે હશી બોલેછે તેથી સાંભા માંણસને કંટાલો છુટેઆ વગર રેહેતોજ નથી. એ વાત ઊપરથી ફ્રેડરીક પોતાની બેહનને કેહેવા લાગો કે જો કે મને એ મુતલક પસંદતો નથીજ પડતી, તોએપણ માએ જેટલી એને ધીકારેછે તેટલા ધીકારથી હું એની ઊપર નથી જોતો. એનો ચેહેરો, ધરમ એ કોઈબી રીતે બેડોલ નથી. હુ મારા બાપને ખાસુખા દેખાડવા માગુછું કે હું એની સાથે પરણવાને નથી ચાહાતો, અને તેજ કારણથી હું એ ઓરતને ધીકારથી જોઊછું, પણ જો ખરૂં મારૂં મત પુછો તો એજછે કે એ ઓરત કઈ ઘણી બેડોલ નથી. હું નથી પરણવા માંગતો તેનું કારણ માતરે એટલુંજ કે એના કરતાં બીજી મને વધારે પેઆરી નજર આવેછે. પણ જારે બાપે જબરદસતીજ કરીને મને તેની સાથે પરણાવાનો ઠરાવ કરેઓછે તારે હું નાચાર છું, એણે સારી કેલવણી નથી લીધી એ વાત ખરીછે, પણ અવે તમે એને સુધારશો એવી હું ઊમેદ રાખુંછું."

અને પાદરીઓ તથા સાધુ લોક સાથે વાત ચીત કરવાને
વધારે ઈછા રાખતી હતી. કેટલાંક નીતી બાબદો
વીશે લખાએલાં પુસતકોનો ફરેંચ જબાનમાં તેણીએ
તરજુમો કીધો હતો; જરમન ભાશામાંથી ખંદબી, અ
ને ભકતીમાન રેહેવા વીશેના પુસતકોનો પણ તરજુમો
કરી તેણીએ છપાવી પરગટ કરેઓ હતો, અને દરએ
ક પુસતકની એક એક નકલ ભેટ દાખેલ પોતાના ધ
ણી ઊપર મોકલાવેઆ કરતી હતી. એ પુસતકો તેનો
ખાવીંદ સંઘલા માંન સાથે કબુલ રાખતો હતો, અ
ને તેના અવેજમા પોતે લડાઈની બાબદ વીશે લખેલાં
પુસતકોની નકલ ભેટ દાખલ પોતાની રાણી ઊપર મો
કલતો હતો

એલીજેબેથને વરસ દાહાડે ૪૦૦૦૦) ચાલી
સ હજાર ડાલર એટલે એક લાખ રૂપીઆનું સાલી
આનું મલતું, જેમાથી તે ૨૪૦૦૦ ચોવીસ હજાર
ડાલર ૬૦૦૦૦ સાઠ હજાર રૂપીઆ ધરમ, ખેરાતમાં
ખરચતી હતી. એ ધરમ ખેરાત તેનો એવો તો છુપો
થતો હતો કે કોઈને ખબર નહી પડતી હતી, અને
લોકને જાહેર નહી પડે એટલા સારૂ તે પોતાનો દે
ખાવ એવો રાખતી હતી કે કેટલાક લોક તેને લોભી
અને નીચી બોલે તો તે ચુપકીદીથી બામુખા સાંભલ
તી હતી એક વેલા રાણીને પોતાને સારૂં એક ઊં
ચી મોતીની માલા ખરીદ કરવાને એક જણે તેને
અરજ કીધી, તેને રાણીએ જવાબ દીધો કે જા એ
માલા મારી સાંમેથી ખીસાડી નાખ, હું એ માલા ખ
રીદ કરી એક જણને તાલેવન કરૂં તેના કરતાં હજા
રો ગરીબોને એટલો પઈસો વેંહેંચી આપું તો તે
કેટલું બેહતર. પોતાના ઘેરનો ખરચ ઘણીજ કસરથી
ચલાવતી હતી, એક દીવશે એક ફરેંચ બોલેઓ કે અ
રે આજે રાણીના ઘેરમા ખુશાલી જેવું દેખાએછે કાં
એક દાદર આગલનુ એક જુનું ખખ થઈ ગએલું શા
નુસ બતીથી સલગેલુંછે. આસતે આસતે ફરેડરીક તે
ની મોલાકાત વરસમાં એકજ વકત લેવા માંડી, તેબી
રાણીની વરસગાઠને દાહાડે કંઈ જુજ વકત તુવીક
તોએપણ પોતાની રાણીની સુખાકારી વીશે તે હંમે
શ ચીંતા ભરેઓ રેહેતો હતો. એક વેલા રાણી એકા
એક આજારી થઈ પડી, તેથી તુરત પોતે પોતાને હા
તે ડાકટર શીપર કાગલ લખી મોકલીઊં, તેમા એમ
લખી જણાવીઊં હતું. "સાહેબ મેં દલગીરીથી સાં
ભલીઊંછે કે રાણી ઘણીજ આજારીછે; અને તેની
બીમારી વધી પડી ધાસતી ભરેલી થઈ પડે એવીછે
તેથી તેનો તુરત ઊપાએ કરવા વગર વખત ખોવે ત
મે પોતે, તથા બરલીન સેહરના બે બીજા પરખેઆત
હકીમો જેઓની ઊપર તમારો પુરો વીશવાસ હોએ
તેઓની મસલત લઈ રાણીને તંદરોસતીમા લાવવાના
ઊપાએઓ જલદી કરવા. આટલુ ખુબ ઈઆદ રાખ
જો કે જે માણસ, આખા રાજને જરૂરનુંછે, જે માણસ
ગરીબોને જરૂરનુંછે, અને જે માણસ મને પોતાને જરૂ
રનુ છે તે આજારી પડીઊંછે, અને તેનો જીવ ધાશતી
માં આવી પડેઓછે "

ફરેડરીકે મરતી વકતે પોતાના વશીઅત નામા
માં ૧૦૦૦૦ દસ હજાર ડાલર પોતાની રાણીના સા
લીઆનામાં વધારો કરી અપાવેઓ હતો. ફરેડરીક
પોતે બીજી વસીઅત નામામા આટલું વધારે લખી
ગીઓ હતો કે મારી આખી પાદશાહીના વખતમાં એ
ક જરા પણ મને દીલગીર કરવાનું એકબી કારણ
એલીજબેથે મને નથી દેખડાવીઊં, અને તેની નેકી
અને ધરમાતુ પણાથી, મારી તરફ તેની તાએબેદારી,
તથા તેનાં ખરા એકીન અને દીલોજાનથી એ બાએ
ડીની તારીફ મારાથી થઈ નથી શકતી.

એલીજબેથ પોતાના ધણીના મરણ પછી
૧૧ વરસે પોતે મરણ પામી. મરતી વેલા તેનું
આકીન એક ખોદા ઊપર અને પોતાના બચાવનાર
ઊપર મુસતકીન હતું; અને તેના મોહોડામાથીં આસ
પાસ ઊભેલાઓને સારૂં છેલી ઘડી સુધી સુખ અને
દીલાસાના સખુનો નીકલેઆ હતા

---

## કાવ્ય.

ખરૂં છે કે જેમ કેટલીક ચીજો આપણે હમેશ
જોએઆ કરીએ છઈએ તેમ આપણને તેઓ વીશે ક
દી કશો વીચાર થતો પણ નથી. સુરીઅ, ચંદર,
તારા, પાણી, હવા વીગેરે અતી અગતીઅના પદારથો
આપણે દર રોજ જોઈએ છઈએ એટલુજ નહી પણ
આપણ લુગરાઓની પેઠે તેઓનો બે ઘડક ઊપઈઓ
ગ કરેઆ જઈએ છઈએ, તો પણ તેઓ શા
પદારથછે, અને તેઓ કેટલા અગતીઅનાછે એ ઊપર

કોઈ દાહાડો પણ કોઈએ પેઆન પોહોચાડીશે નહી હશે. એ દાખલા પડતા મુકી આ બીનાને મથાલે ટાંકેલો પદારથ તપાશીએ છઈએ તો માલમ પડેછે કે એ જેટલો ઊપઓગી પદારથછે એવા ઊપઓગી પદારથ બીજા થોડાજ હશે, તોપણ એ વીશે કોઈએ વીચાર કીધો હાએ, અથવા એ પદારથ માણસોને કેટલો ઊપઓગીછે, એ ખેઆલ ભાગ્યેજ કોઈનાં મનમાં આ આવેઓ હશે. એક લખનાર ખાતરી ભરેલી રીતે સાબેત કરી આપવાની તજવીજ કરેછે કે કાચથી લોકોને અતી ઘણા ફાએદા થએલાછે, તે કેહેછે કે જો કાચ જેવી કોઈ વસતુ હોત નહીતો દુરબીન અને બારીક બીન જેવાં માહા ઊપઓગી ઈનતરો, જેનું સુખ આજ આપણે ભોગવીએ છઈએ તે આપણાં જોવામાં આવત નહી. એ ઈઅનતરોથી કેવી આશચરીઅ કારક શોધ આજ સુધી થઈછે, તથા એજ ઈઅનતરોથી આગલ બીજી કેવી સોધો થશે તે કાંઈ કેહવાઈ શકાતું નથી, એ સઘલાનો આધાર માતરે કાચ ઊપરછે. વલી એક બીજો લખનાર કાચનો સોના સાથે મુકાબેલો કરેછે, તે કેહેછે કે સોનું એવો પદારથ છે કે જેનાં લોભમાં પડી લોકો એક બીજા સાથે લડી મરેછે, પણ તેથી વીરૂધ કાચ એવો પદારથછે કે જે લોકોને દુખમાં મદદ કરેછે—જેઓને બરાબર દેખાતું નથી તેઓ એના ચશમાં પેહેરેછે, જેથી કરી તેઓને રોશણીનો ચરાગ હંમેશાં ઝક ઝકતો રેહેછે. સબી પાડવાનો સાચો અને એવાંજ બીજાં માહા ઊપઓગી ઈંઅંતરો જેઓ કાચ વગર સંપુરણ કેહેવાતાં નથી, તે ઈઅંતરો કાચ વગર કેહવા નીર ઊપઈઓગી થઈ પડત તે કેહવાઈ શકાતુ નથી. આ પરમાણે કાચ વીશે માતરે બે ગરંથકારોનાજ વીચાર આપેઆ છે. હજી બીજા ગરંથકારોએ કાચ વીશે જુદા જુદા વીચાર આપેઆછે, તે સઘલા અતરે દાખલ કરવાની કશી અગત નથી સઘલા એક આવાજે એટલુંજ જણાવેછે કે એ પદારથ લોકોનાં સુખને માટે અગતીઅનો જાણી પરમેશ્વરે તે પદારથ બનાવવાની મણુંશીઓના શકતી મુકીછે.

એ પદારથનાં બલે કરીને જેવી આશચરીઅ કારક શોધો થઈછે, તેવીજ આશચરીઅ કારક રીતે એ પદારથની પોતાની પણ શોધ થઈછે. કેહેછેકે એક વખતે એક વાહાણ પુશકલ સાજી ખાર ભરીને એક દેશથી હંકારી જતું હતું, તેવામાં એકાએક નોશાન લાગાથી તેને એક નજદીકનાં મુકામ આગલ લંગર કરવાની જરૂર પડી. માણસો તુરત કીનારે ઊતરી પડીઆં, અને પોતાને માટે કાંઈ ખોરાક પકાવવાની તજવીજ કરી, કીનારા ઊપર સાજી ખારના મોહોટા કકડા ગોઠવી તેનો ચુલો બનાવીઓ, અને ખોરાક તઈઆર કીધો. ભોજન લીધા બાદ તેઓને સલગાવેલો ચુલો ઠંડો પાડતાં એક પાર દરશક અને ઘણીજ શોભાઈતી વસતુ નજરે પડી; એ વસતુ કાચનો એક દડો હતો. ખલાશીઓએ વસતુ જોઈ ઘણા ચકીત થઈ ગએઆ. એ વસતુ એકાએક ચુલાની અંદર શી રીતે આવી એ વીશે તેઓમાં કેટલોક વાર સુધી રક ઝક ચાલી, પછી અંતે તેઓ તે શેહેરમાં વઈ ગએઆ, જાંહાના કેટલાક સમજુ લોકોએ ખલાસીઓથી સાંભલી લીધેલી હકીકત ઊપરથી એવું શોધી કાહાડીઊં કે સાજી ખાર અને કીનારેની રેતી એ બંધે મલીને આ પદારથ બનીઓછે. એવો ચોકસ વીચાર કીધા બાદ તેઓએ સાજીખાર અને રેતી આ બંધે પદારથોની મેલવણી કરી એ અખતરો તપાસવાની તજવીજ કરી, અને તેમાં તેઓ ફલદરૂપ થએઆ. તેઓએ જોઈઊં કે સાજી ખાર તથા રેતી અથવા ચકમકની ભુકી આ બે પદારથોને કોઈ ચોકસ પરમાંણમાં ભેલીઆ હોએ તો તેથી કાચ જેવી એક પાર દરસક વસતુ બનેછે. અલબતા હાલ આપણને એ પદારથ રાત દાહાડો નજરે પડેછે તેથી એ વીશે આપણને જાજી આતુરતા થતી નથી, તો પણ જે વેલાએ એ એકાએક ઊપલાં વાહાણના ખલાશીઓની નજરે પડીઓ તે વેલાએ તેઓને તો ખચીત અતીશએ આશચરીઅ લાગું હશે.

## એક ઓરતની વખાણવા લાએક ધીરજ.

કેલવાએલી અને સીખેલી ઓરતની કેટલી જરૂરછે, અને તેવી કેલવાએલી ઓરતોના ખાવીંદો કેવી રીતનાં સુખ ભોગવેછે તેનો એક દાખલો આ નીચેની વાત ઊપરથી માલમ પડશે.

વર બાએડીનુ એક જોડું ઘણાંજ સુખ ચેનમાં એક બીજાં સાથે ખુશમાં પોતાના દાહાડા કાહડતું હ

તું. એ બંધે વર બાએડી ઘણાંજ ગરીબ, મીલનસાર અને ભકતીમાન હતાં, તેઓ ઊપર ઈશ્વરની રેહેમ થએઆથી બાએડીને પેટે ફરજંદ થેવા લાગા. એક પછે એક એવા બે છોકરા અવતરેઆ. એ બંધે છોકરા ઘણા સારા ખુબશુરત અને ઘટમ વાલા હતા પાંચ વરસની વએ પુગા તાહાં સુધી તેઓ સઘલા ખુશી ભરેલી હાલતમાં રહેઆં. મા બાપે જાણીઊં કે તેમના છોકરા મોહોટા થતા જાએછે, તેમને તઘલી પરકારની સારી કેલવણી આપવી જોઈએ. એમ ધારીને તેમને પોતાના જેવાં ભકતીમાન બનાવાની કોશેશો કરવા માંડી. છોકરા નવ દસ વરસની વએના થએઆ એટલામાં ઘણા ચબરાક તથા નીતીવાન થએઆ. આ વેલાએ માંબાપ બાલકો ભણી, અને બાલકો મા બાપ ભણી ઘણાજ ખુશીથી જોતા હતાં, એવામા આ સમાનના ચકરની વલાણમાં તેઓ ઝપડાઈ ગીઆ એક દીવસે બાપ પોતાના રબેતા પરમાણે ચાકરી ઊપર ગએઓ, મા પોતાનું ઘરનું કામકાજ કરેછે, એટલામા એક છોકરો માંદો પડીઓ, તેની જતન મા કરેછે, એટલાજવારમાં બીજો છોકરો પણ આજારી પડેઓ. એ બંધે ભાઈઓની માંદગી જાઝો વાર રહી નહી, એક કલાક થએઓ નહી એટલાવારમાં તે બન્ને છોકરાઓએ પોતાનો પરાણ પોતાના પેદા કરનારને હવાલે કીધો. આ વેળા પેલી બીચારી એકલી પડેલી માની કેહેવી હાલત થઈ હશે તે વાંચનારને સમજાવા કરતાં ધેઆનમા વધારે આવી સકશે તે ઓરતે એકદમ પોતાના બન્ને છોકરાને આ પરમાણે મરણ પામેલા જોએઆથી તેહીનું હઈડુ ભરાઈ આવીઊં, અને તે એકદમ હઈડુ છોડી મેલી રડવા લાગી. કેટલોકવાર સુધી એકલી રડીઆ કીધી, ન મલે પાસે કોઈ પડોસી કે જે તેને દીલાસો આપે, અંતે કેટલોક વાર પછે તેણીએ રડવું બંધ કીધું, અને વીચારવા લાગી કે હવે રડવાથી કશો ફાએદો નથી, બનાવ જે બનવાનો હતો તે બનીઓ, અને ઈશ્વરની મરજી થઈ તેથી તે બાલકો મરણ પામીઆં હવે એઓ પાછલ રડાકુટ તથા કલાપીત કરવાની કશી જરૂર નથી. એવો ડાહાપન ભરેલો વીચાર કરી તે ઓરત તુરત હોશીઆર થઈ, તેણીએ વીચાર કીધો કે માહરો ખાવીંદ બાહારનાં કામકાજની ખટપટમા પડેલ સાંજરે આવશે તારે તે આવો ગજબનાક બનાવ જોઈ એકદમ ઘાબરો પડશે, માટે માહારે તેને કોઈ રીતનો દીલાસો આપવાની તઈઆરી કરી રાખવી જોઈએ, એવા વીચારથી તેણીએ એક કલપેના શોધી કાહાડી અને તે કલપના આબાદ લાગુ પડી મરણ પામેલા બંધે છોકરાને એક બીછાના ઊપર મુકી તેમના ઊપર એક ચાદર નાખી તે ઓરત પોતાના ધણીની રાહા જોતી બેઠી. શાજ પડી, ધણી ઘેરે આવેઓ, આવતાજ તેણે હમેશના રબેતા પરમાણે છોકરાઓની ખબર પુછી. ઓરતે જવાબ દીધો કે "એક ઠેકાણે ગીઆછે જે વીશે કઈ ફીકર નહી કરવી કાકે તાહા તેઓની બરદાસત ઘણીજ માવજતથી થશે." એમ કહી ધણીને માટે તુરત ચા તઈઆર કીધી, અને બન્ને જણા ચા પીવા બેઠાં. ચા પીતા પીતા બાએડીએ વાત છેડી, તે બોલી "પેઆરા ખાવીંદ હું તમને એક વાત પુછુંછું તેનો વીચાર કરીને ઊતર આપજો. એક માહારા દોસતે મહને બે માણક રાખવાને આપેઆ હતા, આપતી વેલા તેણે કાંઈ મહને કેહુંતુ નહી કે હું પાછા લેઈસ, તે માણકો મોહોટી ખુશીથી મેં રાખીઆ હતા, અને તેમની જતન મારા જીવ કરતા વધતી હું કરતી હતી, વારંવાર મહને દેહેસત લાગતી હતી કે રખે તેઓ ખોવાઈ જાએ, અથવા રખે તેમને કોઈ ચોરી જાએ, પણ માહારી સંભાલ એવીનો હતી કે તેઓ કેટલુંક સુધી જલવાઈ શકાએઆ, પણ અફસોસ આજે તે દોસત તે માણકો પાછાં માગેછે, તેથી માહારો જીવ ઊદાસ થઈ ગએઓ છે, અને જારનું તે મે સાંભલીઊં છે તારનુ મહને કશુ સુજ પડતું નથી, માટે માહારા પેઆરા ખાવીંદ હું એ વાત વીશે તારો વીચાર પુછુંછું. શું તુ એવી સલાહ આપેછે કે તે માણકો હું તેને પાછાં આપુ? અગર તું એવી સલાહ આપનાર હોએ તો તે બોલી આ અગાઊ સારી પેઠે લાબો વીચાર કરજે, કે જે માણકો મે આટલી બધી સંભાલથી કેટલાં વરસ થએઆં મારી જોડ રાખેઆછે તે એકાએક મારીથી કેમ પાછાં આપી શકાશે, અને તે પાછા આપતાં મહને કેટલું દુખ સોસવું પડશે." એટલું બોલી તે ઓરત મુંગી રેહી પેલો ખાવીંદ પણ વીચારમા પડીઓ કે જવાબ તે શો દઊં, અગરજો હું તે પાછાં આપવા કહુંછું તો ઓરતનો જીવ ઘણો કચવાએછે, અને તેણીની હાલની બોલી ઊપરથી સાફ માલુમ પડેછે કે

તે માણકો પાછાં આપતાં તેણીને ઘણું દુખ લાગેછે, અગરજો હું તેણીને રાજી રાખવા સલાહ આપું કે ના તે તારી જોડે રવા દે અને પાછાં ના આપ, તો તે એક જાતની લુચાઈ કેહેવાએછે. -શું કોઈએ પોતાનો માલ આપણને રાખવા આપેઓ તે આપણો થએઓ કે ? ના એવું કદી બને નહી, કાંઈ ચાતા નહી જે ખરેખરી સલાહ આપવીછે તે હું માહારી બાએડીને આપું, અલબતાં પેહેલાં તેણીને લગાર દુખ લાગશે, પણ પાછલથી તેણીને સંતોસ થશે કે મેં કશું અણઘટતું કરીઉં નથી, જેનો માલ તેને પાછો આપેઓછે. આ પરમાણે પેહેલાં સારી પેઠે પોતાના મનમા વીચાર કરેઆ પછે તે મરદે પોતાની ઓરતને પોતાનો વીચાર ખુલી રીતે કહી જણાવેઓ, અને તાકીદ કરી કહીઉં કે "ઓ પેઆરી નેકબખત ઓરત, તારા મનમાં એકાએક એવો વીચાર કેમ આવેઓ કે આવી દેખઈતી વાતમાં તે મારી સલાહ માગી, મારાં મનમાં એવો કદી વીચાર હતો નહી કે આવી રીતે તારી દેઆનતમાં લગાર પણ ફરક પડશે, હું હમેશા એમજ ધારૂંછું કે તું જેવી નીતીમાન અને તું જેવી ભકતીમાન બીજી થોડીજ ઓરતો હસે, એટલું છતા બે માણક સરખી નજીવી (પછે કીમતે ગમે એવી મોઘી હોએતો શું થઈઉં) ચીજ ઉપર તારી નજર ફરી અને પારકાનો માલ પાછો આપતાં તને આટલી દલગીરી ઉપજી, ઓ મારી પેઆરી ઓરત, જલદી અને તુરત તારે પોતે જઈને જેના હોએ તેને તે માણકો હવાલે કરવાં જોઈએછે, એટલુંજ નહી, પણ તેની જોડે માફ માગવી જોઈએછે કે તે અણઘટતી રીતે રાખી મુકવાની તેં તજવીજ કરી હતી." પોતાના ખાવીંદને મોહાડેના આ સખુનો સાંભલાંજ તુરત તે તેનો હાત પકડી જે ઓરડામાં પેલા છોકરા રાખેલા હતા, તાંહ લઈ ગઈ, અને તેમના ઉપરથી પેલી ચાદર ઉચકી નાખી બોલી " ઓ પેઆરા ખાવીંદ જે બે માણકો વીશે મેં તારી સલાહ લીધી તે બંધે માણકો આ પડેલાંછે એ માણકો ઈશ્વરે રાખવા આપેઆ હતાં અને આજે એક દમ તેજ ઈશવરે પાછા લીધાછે." બાપ પોતાના બંધે છોકરાઓને મરણ પામેલા જોઈ એવોતો ગભરાટમાં પડીઓ કે તેનાથી એક શબદ પણ બોલાઓ નહી. તે એકદમ જાર બેજાર રડવા લાગીઓ. તો પણ આ વેલાએ પેલી નેકજાદ ઓરતને પણ કાંઈ થોડું દુખ થતું ન હતું તોપણ તેણીએ હીમત ધરી તુરત પોતાના ખાવીદને પારીઓ, અને બોલી કે " ઓ પેઆરા ખાવીદ તુંએજ હાલ મને નસીઅત કરી કે કોઈનો માલ રાખી મુકવાની આપણને કશી સતા નથી, માટે જેનો હોએ તેનો સીતાબીથી પાછો આપવો જોઈએ, એટલું છતાં તું હાલ આટલો શોક ભરેલો કેમ થએઓ ? એ બાલકો ઈશવરે આપણને રાખવાને આપેઆં હતાં, જે આપણે અતીશએ જાલવણી કરી રાખીઆ હતાં, પણ હવે તે પાછાં લેવાની તેની મરજી થઈ તો હવે તે આપવાને શા માટે આપણને આટલી દીલગીરી ઉપજવી જોઈએ ? વાસતે ઓ મારા પેઆરા ખાવીદ ઉઠ હવે આપણે તે ઈશવરનેજ ઈઆદ કરીએ અને એમ બોલીએ કે તુંએ જે ચીજ આપી હતી તે તુંએ પાછી લીધીછે એમાં અમે કઈ પણ અટકાવ નથી કરતા. આવા ધીરજના અને દીલાસો આપનાર શબદો સાંભલીઆથી પેલા મરદનાં દીલમાં એવી તો મજબુત અસર થઈ કે તુરત તેણે પોતાનું રૂદન બંધ કીધું અને તે બાલકોની લાસને દફનાવવાની તઈઆરીનાં કામમાં ધીરજ ભરેલા દીલથી તે કામે લાગીઓ, અને તે થંડા દીલથી બરોબર બજાવીઉં.

ખરેખર મોહતની એવા બાએડીઓ પોતે પોતાને તથા પોતાના ધણીને આવી રીતે દેલાશા આપે તથા તેમની ગમીમાં આટલો ઘટાડો કરી શકે એવી બાએડી આપણા સઘલાઓની હોએ તો કેવું સારૂં !

---

## બચ્ચાંની માવજત.

આપણા કેટલાએક લોકોને જેવારે કોઈ ફરજંદ થએલાં નહી હોએછે તેવારે કેટલાક લોકો રાત દીન એટલીતો ઈનતેજારીથી એકાદ બે ફરજંદોના મોહોડાં જોવાની ઈછા રાખેછે, કે જેટલી ઈનતેજારી તેઓ કોઈ કાલે પણ બીજી કોઈ બાબદો વીશે રાખતા નહી હસે. એટલુ છતાં પણ પાછલથી એક જુદોજ દેખાવ નજરે પડેછે, રાત દીન ઈનતેજારી બાંધવતાં માં બાપોને જારે ફરજંદ પાએછે તારે તેઓ એકદમ બેદરકાર થઈ ગએલા માલમ પડેછે. બાલકનો જન

મ થએઓકે માંબાપો જાણેછે કે તેઓ હવે પાર પડીઆં અને ઈશવરથી તેઓની મુરાદ બર આવી. આ વેલાએ હરશ તથા આનંદમા આવી માંબાપો તે બાલકની ઘટતી અને જોઈતી માવજત કરતાં નથી. પણ પોતાની ટુક સમજ પરમાણે બે વકુફી ભરેલા ઘેલા વર્તણૂં કરેછે. બાલકને જરા અડચણ થએલી માલમ પડીતો તુરત ડાકટર હાજર થએલોજછે પછે તે બાલકની હાલત જોઈલેઓ. છ માસની મુદતમાતો એ છામા ઓછી બારવાર ડાકટરની દવાઈ લીએછે. ડાકટરનીજ દવાઈ કરી મા બાપો ધરાતાં નથી પણ કેટલાકોનો વલી નીમ હકીમો તથા ધુતારાઓની જાલમા ફશી પડેછે, અને તેથી બાલકોના મરણની સંખીઆનો બેધડક વધારો થઈ પડેછે

ઈંગલંડ અને વેલશમા કાહાડેલી શતા ભરેલી ગણતરી ઊપરથી એવું માલમ પડેછે કે પાચ વરશની વએ પુગાની અગાઊ સે કડે ૫૦) બાલકો મરણ પામેછે. આ પરમાણેની ગણતરી હાત લાગાથી તે વીશેની તલાસ કરતાં એવું માલમ પડીઊંછે કે એ બાલકોનાં જે મરણ થાએછે તે તેમના મા બાપોની બે પરવાઈથી થાએછે. આ પરમાણે સેંકડે ૫૦) બાલકો મરણ પામેછે, તેમજ બાકી જે ૫૦) જીવેછે તેઓ પણ અસુંખી રેહેછે, તેમની તંદુરૂશતી સદા બીગડેલી રેહેછે એટલુ જ નહી પણ તેમનાં મનની હાલતમા પણ ઘણો ફેરફાર થાએછે, તેઓનો મીજાજ બગડી જાએછે, તથા તેઓ હઠીલાં અને હલકડ માલમ પડેછે એ સઘલો જે બીગાડ થાએછે તેનો મુખીઅ આધાર બચાના મા બાપો, અથવા તેમની તરબીઅત કરવાનું કામ જેઓને સોંપેલું હોએછે, તેમના ઊપર રેહેછે ખરૂંછેકે મા બાપો અથવા વાલીઓ જાણી જોઈને બાલકોને દુખી કરતાં નથી, તોપણ તેમના અગનીઆન પણાથીજ તે કુવલી વએના બાલકો હેરાન થાએછે એવી અડચણોનો અટકાવ કરવા માટે એક લખનાર શુચના તરીકે કેટલોક ખોલાસો કરેછે તે આપણાં લોકોને માટે જરૂરનો જાણી અતરે દાખલ કરીએ છઈએ

બાલકોને ધવાડનારી અથવા પોતાની માના દુધ શીવાએ બીજાં કોઈ પાશ ધવડાવવું ન જોઈએછે.

જેમ બને તેમ બાલકોને થોડા હીચકા નાખવા જોઈએછે ઘણી હીચ ઘાલવાની ટેવનો સુવાવડમાંથીજ અટકાવ કરવો જોઈએછે

બાલકને સુવાડતી વેલાએ તેમનું જમનું પાસું જોહારીને લાગે એવી રીતે લગાર વાંકું સુવાડવું.

બાલકોને માટે શઊથી સરસ ખોરાક એછે જે, બીસકીટનો ભુકો કરી તેને પાણીમાં હરધો કલાક સુધી ઊકાલવું, અને તારપછે તે પાતી વેલાએ તેમાં લગાર ખાડ અથવા બતાશો નાંખવો.

મીઠાસ, બાલકોના હકમાં ઘણો અગુણકારો છે, માટે જેમ બને તેમ મીઠાસની અસરે બાલકને જવા દેવું નહી

નવાડતી વેલા જેમ કેટલાંક માણસો બાલકોને મરડી ગોલી, તથા તેલ ઘી વગેરે ચીકણા પદારથો લગાડી, પછે તે ચીકાસ ઢીલાડવાને ઘણા ગરમ પાણીથી બાલકોને નહવારેછે, તેને બદલે દરરોજ સવારમાં બાલકને એક નાહાની તરામરી ભરી ફુકાં અથવા સુમરાઆ પાણીએ નહવાડીઆં હોએતો તે ઘણું બેહેતર છે.

બાલકોને રાતના મીત આવે અને તેમની માને અથવા બાપને ગત પડી કંટાલો ન આવે એટલા માટે કેટલાક લોકો બચાને દારૂ વગેરે કેફી વસતુ લગાર આપેછે, પણ તેમ કરનારાઓએ સારી પેઠે ઈઆદ રાખવું કે એક ટીપું દારૂ બાલકને એક જેહેરના કતરા બરાબરછે, માટે એવી ચીજો બાલકોને કધી દેખાડવી જ નહી.

બાલકને ઘણું કરીને ૯ માસ થએઆ પછે છોડવવું, આ વેલાએ તેની ઊપર ઘણી સંભાલ રાખી તેને માતરે એકજ ગાએનાં દુધનો ખોરાક આપવો અથવા એ દુધમાં બીશકીટનો ભુકો નાખી તેને હરધો કલાક ચુલા ઊપર ઊકાલવું અને પછે તે કાળ્જી બાલકને આપવી. પણ જાંહાસુધી બાલક એક વરસની ઊમરે વવે નહી તાંહાંસુધી એ ખોરાક ઘણોજ થોડો અને અંદાજાસર આપવો. સવા વરસ પુરૂં થાએ એટલે જરા તેના ખોરાકમાં ફેર બદલી કરવી, તે એવી રીતે કે કોઈ કદાચ બાલકને લગાર ગોશ આપવુ અથવા શેરવો આપવો. બનેતો બાફેલુ અથવા ભુંજેલું ગોશ આપવુ. તેમજ બને તાંહા સુધી ચીકીનનો ખોરાક બાલકને આપવો નહી, જોઈએ તો નાહનીં સરખી મુરગી પકાવી તેનો ખોરાક આપવો.

જો બાલકની તંદુરૂસતી સારી હોએ નહી અને તે માંદું હોએ, અથવા તેને દાંત આવતા હોએતો. એ

વાં વેલાએ બાલકને ચાલતાં શીખવવું નહી જોઈએછે.


બને તેમ કરી બચાંને ખોરાક અંદાજાસર આપવો, તેમાં દાંત આવતી વેલાએતો જેમ બને તેમ થોડો ખોરાક આપવો.

આ ટુક ચેતવણી ઊપર જો માતાઓ ધેઆન આપશેતો આશાછેકે હાલ જેવો ખીડાએલાં અથવા હંમેશ માંદાં બાલકો આપણે જોઈએ છઈએ તેમાં કોઈ જાણવા લાએક સુધારો થશે. બાલકોની તંદુરૂસતીનો મુખીઅ આધાર તેમની માતા ઊપર રેહેછે, માટે જરૂર કરી આ વાત માતાઓએ મન પર લેવી.

---

## પીકીન શેહરમાં રેહેનાર એક માંદરીન.

પાસેનો ચીતાર જોવાથી માલમ પડશે કે એ મોટી ઊમદા હવેલીનો ચીતારછે. એ ઘરમા એક માંદરીન હાતમાં એક વીણા લઈને ખુરસી ઊપર બેઠેલો દેખાએછે, અને પાસે એક ચાનું પેઆલું હાજર થએલુંછે. પેઆલાં ઊપર હાત નાખેલોછે અને તે ગોએ આ રકાબીમાં રેડી પીવાની તઈઆરીમાં હોએ એવું દેખાએછે. જેમ આ માંદરીન અને એનાજેવા બીજા ઊંચા હોદા ધરાવનાર મોટા અમલદારો મોજ મજામાં પોતાના દાહાડા કાહાડેછે, તેમજ એઓને ઊંચા હોદા મેલવવાને કાંઈ થોડી મેહેનત કરવી પડતી નથી. કેહેછેકે એઓ માહેલા ઘણાખરા ગરીબ કુલમાંથી ઊતપન થએલા હોએછે, તોપણ તેઓ હલુ હલુ નાહાના નાહાના હોદા ધરાવતાં પછે આગલ ચાલતાં કોઈ મોહોટા શરકારી હોદા ઊપર લાગુ પડેછે. જેવારે સરકારી ખાતાંમાં કોઈ તેવી સારી જગા ખાલી પડી એટલે એ હોદ્દામાં ઓછા બસો ઊમેદવારો બાહાર પડેછે, જેઓની પરીક્શા લઈ સઊથી સરસને પસંદ કીધામાં આવેછે. એ ઊમેદવારોની પરીક્શા લેવાનું મકાન પણ કાંઈ જેવું તેવું નથી. પીકીન શેહેર મધે એક મોહોટી ઈમારત એ કારણસર તઈઆર કરી રાખેલીછે, એ મકાનના ઊમેદવારોની પરીક્શાને માટે જુદા જુદા ઓરડા કીધેલા હોએછે, જે દરએક ઓરડામાં એક એક ઊમેદવારને છુટો છુટો બેસાડીઆમાં આવેછે કે જે જગા ઊપર તેને કોઈ બીજા ધણીની મદદ મલી શકે નહી. એ ઓરડામાં ઊમેદવારોને બેસાડીઆ પછે તેમની પરીકશા ચાલેછે, એ પરમાણે લાગટ તરણ દહાડા સુધી તેમની પરીક્શાનું કામ ચાલુ રેહેછે. તારબાદ તે ઊમેદવારોના લખેલાં કાગલો તપાસવામાં આવેછે, અને જેનું કામ પસંદ પડે તે ધણીનું નામ, જે તેણે કેહેવતમા લખેલું હોએ, તે લેફટેનંટ ગવરનરની આફીસની દેવાલ ઊપર વલગાડીઆમાં આવેછે. અને તારપછે ધામધુમ સાથે એ પશાર થએલા ઊમેદવારને તે હોદો આપેઆમાં આવેછે. અલબતાં બસોથી તરણસો ઊમેદવારોની વચમાં જે એક ઊમેદવાર પશાર થાએ તેને વધારે માંન અને કીરતી ઘટેછે. પાસેના ચીતારમાં જે માંદરીન હાલ આરામ ભોગવતો બેઠેલો માલમ પડેછે, તે માંદરીન જોપણ એક ગરીબ કુટુંબનો પુરૂશછે, તોપણ પોતાના જાતી બલ તથા ચંચલાઈથી ઊપર જણાવેઆ પરમાણેની કઠણ પરીકશામા પસાર થએઓ હશે તારેજ તેને ઊંચો હોદો મલીઓ હશે, અને તે તેનું સુખ ભોગવતો હશે. એ માંદરીનની સામે તેની ખુબસુરત બાએડી પણ એક મોહોટો વીણો લેઈને બેઠેલીછે. તેહેનાં શરીરમાં એક લાંબો જભોછે, જે છેક તેણીના નાહનકડા પગ સુધી આવેલોછે. ચીનાઓમાં ઓરતની ખુબ સુરતી ટુંકા પગ ઊપર વધારે આધાર રાખેછે. એ ઓરતની જમની બાજુએ એક નાહાનું પણ ફરબે બચું તેની દાઈ સંગાથે રમતું માલમ પડેછે. જેમ આપણાં કેટલાએક લોકોમાં બાલકોની તરબીઅત પાછલ તેમનાં માંબાપો જોઈતી અને ઘટતી સંભાલ રાખતાં નથી, તેમ માંદરીનોમાં નથી, તેઓતો પોતાંના બાલકોને બાલપણ માહેથી જોઈતી કેલવણી આપવાની પોતા ઊપર એક મોહોટી ફરજ સમજેછે. જેમ માંબપો બાલકોને કેલવણી આપવા પાછલ મેહેનત લીએછે, તેમજ તેમનાં બાલકોમાં બાલપણથીજ નીની ગુણોની એવીતો અસર થાએછે કે માંબાપોનાં હુકમ પરમાણે ચાલવું, અને માંબાપો ઊપર પેઆર રાખવો એ તેઓ પોતાની પેહેલી ફરજ સમજેછે. કાંઈ આ પરમાણે બાલકો પોતાનાં માંબાપો ઊપરજ હેત રાખી તેમનાં હુકમો પરમાણે ચાલવાની તજવીજ કરેછે એટલુંજ નહી, પણ તેઓ પોતાના લીકશકો સાથે પણ તેજવીજ રીતે ચાલેછે, અને હંમેશાં તેમના ઊસ્તાદોને માન આપી મરીઆદાથી ચાલેછે. ચીઓલે નામનો એક શખસ જે લાંબી મુદત હથી ચી



પીકીન શેહેરમા રેહનાર માદરીનનુ ઘર

વાં વેલાએ બાલકને ચાલતાં શીખવવું નહી જોઈએછે.

બને તેમ કરી બચ્ચાંને ખોરાક અંદાજાસર આપવો, તેમાં દાંત આવતી વેલાએતો જેમ બને તેમ થોડો ખોરાક આપવો.

આ ટુંક ચેતવણી ઊપર જો માતાઓ પેઆન આપશેતો આશાછેકે હાલ જેવો પીડાએલાં અથવા હંમેશ માંદાં બાલકો આપણે જોઈએ છઈએ તેમાં કોઈ જાણવા લાએક સુધારો થશે. બાલકોની તંદુરૂસતીનો મુખીઅ આધાર તેમની માતા ઊપર રેહેછે, માટે જરૂર કરી આ વાત માતાઓએ મન પર લેવી.

---

## પીકીન શેહેરમાં રેહેનાર એક માંદરીન.

પાસેનો ચીતાર જોવાથી માલમ પડશે કે એ કોઈ ઊમદા હવેલીનો ચીતારછે. એ ઘરમાં એક માંદરીન હાતમાં એક વીણો લઈને ખુરસી ઊપર બેઠેલો દેખાએછે, અને પાસે એક ચાનું પેઆલું હાજર થએલુંછે. પેઆલાં ઊપર હાત નાખેલોછે અને તે એએ આ રકાબીમાં રેડી પીવાની તઈઆરીમાં હોએ એવું દેખાએછે. જેમ આ માંદરીન અને એનાજેવા બીજા ઊંચા હોદા ધરાવનાર મોટા અમલદારો મોજ મજામાં પોતાના દહાડા કાહાડેછે, તેમજ એઓને ઊંચા હોદા મેલવવાને કાંઈ થોડી મેહેનત કરવી પડતી નથી. કેહેછેકે એઓ માહેલા ઘણાખરા ગરીબ કુલમાંથી ઊતપન થએલા હોએછે, તોપણ તેઓ હલુ હલુ નાહાના નાહાના હોદા ધરાવતાં પછે આગલ ચાલતાં કોઈ મોહોટા સરકારી હોદા ઊપર લાગુ પડેછે. જેવારે સરકારી ખાતાંમાં કોઈ તેવી સારી જગા ખાલી પડી એટલે ઓછામાં ઓછા બસો ઊમેદવારો બાહાર પડેછે, જેઓની પરીકશા લઈ સઊથી સરસને પસંદ કીધામાં આવેછે. એ ઊમેદવારોની પરીકશા લેવાનું મકાન પણ કાંઈ જેવું તેવું નથી. પીકીન શેહેર મધે એક મોહોટી ઈમારત એ કારણસર તઈઆર કરી રાખેલીછે, એ મકાનના ઊમેદવારોની પરીકશાને માટે જુદા જુદા ઓરડા કીધેલા હોએછે, જે દરએક ઓરડામાં એક એક ઊમેદવારને છુટો છુટો બેસાડીઆમાં આવેછે કે જે જગા ઊપર તેને કોઈ બીજા ધણીની મદદ મલી શકે નહી. એ ઓરડામાં ઊમેદવારોને બેસાડીઆ પછે તેમની પરીકશા ચાલેછે, એ પરમાણે લાગટ તરણ દહાડા સુધી તેમની પરીકશાનું કામ ચાલુ રેહેછે. તારબાદ તે ઊમેદવારોના લખેલાં કાગલો તપાસવામાં આવેછે, અને જેનું કાગલ પસંદ પડે તે ધણીનું નામ, જે તેણે કેહેવતમાં લખેલું હોએ, તે લેફટેનંટ ગવરનરની આફીસની દેવાલ ઊપર વલગાડીઆમાં આવેછે. અને તારપછે ધામધુમ સાથે એ પશાર થએલા ઊમેદવારને તે હોદો આપેઆમાં આવેછે. અલબતાં બસોથી તરણસો ઊમેદવારોની વચમાં જે એક ઊમેદવાર પશાર થાએ તેને વધારે માંન અને કીરતી ઘટેછે. પાસેના ચીતારમાં જે માંદરીન હાલ આરામ ભોગવતો બેઠેલો માલમ પડેછે; તે માંદરીન જોપણ એક ગરીબ કુટુંબનો પુરૂશછે, તોપણ પોતાના જાતી બલ તથા ચંચલાઈથી ઊપર જણાવેઆ પરમાણેની કઠણ પરીકશામાં પશાર થએઓ હશે તારેજ તેને ઊંચો હોદો મલીઓ હશે, અને તે તેનું સુખ ભોગવતો હશે. એ માંદરીનની સામે તેની ખુબસુરત બાએડી પણ એક મોહોટો વીણો લેઈને બેઠેલીછે. તેણીનાં શરીરમાં એક લાંબો ઝભોછે, જે છેક તેણીના નાહાનકડા પગ સુધી આવેલોછે. ચીનાઓમાં ઓરતની ખુબ સુરતી ટુંકા પગ ઊપર વધારે આધાર રાખેછે. એ ઓરતની જમની બાજુએ એક નાહાનું પણ ફરખે બચ્ચું તેની દાઈ સંગાથે રમતું માલમ પડેછે. જેમ આપણાં કેટલાંએક લોકોમાં બાલકોની તરબીઅત પાછલ તેમનાં માંબાપો જોઈતી અને ઘટતી સંભાલ રાખતાં નથી, તેમ માંદરીનોમાં નથી, તેઓતો પોતાંના બાલકોને બાલપણ માહેથી જોઈતી કેલવણી આપવાની પોતા ઊપર એક મોહોટી ફરજ સમજેછે. જેમ માંબાપો બાલકોને કેલવણી આપવા પાછલ મેહેનત લીએછે, તેમ જ તેમનાં બાલકોમાં બાલપણથીજ નીની ગુણોની એવીતો અસર થાએછે કે માં બાપોનાં હુકમ પરમાણે ચાલવું, અને માંબાપો ઊપર પેઆર રાખવો એ તેઓ પોતાની પેહેલી ફરજ સમજેછે. કાંઈ આ પરમાણે બાલકો પોતાનાં માંબાપો ઊપરજ હેત રાખી તેમનાં હુકમો પરમાણે ચાલવાની તજવીજ કરેછે એટલુંજ નહી, પણ તેઓ પોતાના સીકશકો સાથ પણ તેજવીજ રીતે ચાલેછે, અને હંમેશાં તેમના હુકમને માન આપી મરીઆદાથી ચાલેછે. મીo, લે. નામનો એક શખશ જે લાંબી મુદત સુધી ચી

ન દેશમાં રહેઓ હતો તે જણાવેછે કે "એ
ક વેલાએ હું અને માહારો એક મીતર એકાએક
એક મકાન ઊપર જઈ લાગીઆ, જે મકાન માહેલા એ
ક ઓરડામાં પેશતાં કેટલાંક જુવાન બાલકોને બેસીને
તેમનો અભીઆશ કરતાં હમોએ જોએઆં. તેઓ
માહેથી એક જણને હમોએ કાંઈ પરશનો કીધા પણ
કોઈએ હમોને જરા જવાબ દીધો નહી. અલબતાં જ
વાબ નહી દેવામાં તેઓએ કાંઈ હટીલાઈ દેખાડીતી
નહી અથવા હમોને અપમાન આપવાની મતલબથી
જવાબ નહી દીધા હોએ એમ નહી હતું. છોકરાઓ
ને મજબુત હોકમ તેમના શીકશકો તરફથી એ હતો
કે તેઓએ પોત પોતાનું કાંમ કરતી વેલા પોતાના પા
ઠ ઊપર જેટલું ચીત આપવું તેટલું કોઈનાં આસપા
સનાં બોલવાં ઊપર આપવું નહી, તે ઊપરથી તે છો
કરાંઓએ હમારા સવાલના કસા જવાબ દીધાતા નહી.
એટલાવારમાં તે નીશાલીઆઓનો શીકશક આવી લા
ગો, જે હમોને એક જુદા ઓરડામાં લઈ ગએઓ, જે
ઓરડામાં તે હંમેશાં જોવા આવનારાઓની મુલાકા
ત લેતો હતો. એ ઓરડામાં અમને બેસાડી તુરત
ચા મંગાવાનો હોકમ કીધો."

માંદરીનોનાં બાલકોમાં બાલપણથી પેદેલા ની
તી ગુણો વીશેનો એક બીજો દાખલો ઊપલાજ ધણી
ની તરફથી જણાવેઆમાં આવેઓછે તે પણ અગતીઅ
નો ધારી અતરે દાખલ કરીએ છઈએ. એ અને
એવાજ બીજા દાખલા ઊપરથી ઊઘાડી રીતે માલ
મ પડી આવેછે કે ચીનાઓ પોતાનાં બાવડોની ફેલ
વણી પાછલ જેટલું ધેઆન પોંહોંચાડેછે એટલું આપ
ણાં લોકોમાં નથી. મી૦ લે જણાવેછે કે "મેં વારે
ઘડીએ છોકરાઓને તેમના આજારી બાપોને ઈસપી
તાલમાં લાવેલા જોએઆછે, પોતાના બાપ અથવા
માંને ઈસપીતાલમાં લાવેઆ પછે, તે બીમારની હકી
કત, જે છોકરાની તરફથી જણાવેઆમાં આવે તે એ
વાતો નરમ અને દએઆ ભરેલા બોલેથી જણાવેઆ
માં આવે કે જેથી સાંભલનારને તાજુબી સાથે અચર
તી લાગીઆ વીના રેહે નહી." વલી એક મોચી
વીશે મી૦ લે જણાવેછે કે "જેવારે હું સાંકાપુરમાં
હતો તે વેલાએ એક મોચીએ માહરૂં કાંઈ કામ કરી
ઊં હતું, તેજ મોચી એક વેલા મકાઊમાં મારી પા
સે કાંઈ કામ લેવાને આવેઓ હતો, તારે મેં તેને પુ
છીઊં કે "સાંકાપુરમાં તારો આવો મજેનો રોજગાર
ચાલતો હતો તે મુકીને તું આ જગા ઊપર શા મા
ટે આવેઓછે, કે જાંહાં તને જાજું કામ મલી શક
તું નથી." તે મોચીએ જવાબ દીધો કે "સાહેબ મા
હારી માં ઘરડી થઈછે, અને જેની મરજી એવી થ
ઈછે કે મેં તેણીની આગલજ રેહેવું. અલબતાં મ
હને માહારા ધંધા કરતાં મારી માં વધારે વાહાલીછે,
તેથી હુંએ તેણીની ઈછા પરમાણે અતરે આવી વ
સવાનો ઠરાવ કીધોછે. આ જગા ઊપર પણ રોજ
ગાર કરી પેટ ભરીશું." આ પરમાણેનો તેનો ઊતર
સાંભલીઆથી મહને ખચીત ઘણીજ તાજુબી લાગી
હતી." આટલો અહેવાલ આપીનેજ મી૦ લે આ બા
બદ બંધ કરતો નથી, પણ એક ભાઈ ભાઈના પેઆ
ર વીશેનો પણ એક આશચરીઅકારક દાખલો આપે
છે. કેહેછે કે એક વેલાએ એવું બનીઊં કે એક શ
ખશ રાજની સાંમે કાંઈ અપરાધ કરી નાસી ગએગો
હતો, જે જઈને એક બીજા મીતરના ઘરમાં ભરાઈ
બેઠો હતો, સતાવાલાઓની તરફથી ખોલ કરતાં તે બં
ધવો પકડાઈ આવેગો, તેથી એ બંધવાને તથા જેનાં
ઘરમાં સંતાઈ બેઠો હતો તે બંધે જણાઓને દરબાર
માં લાવેઆ. બંધવાની તપાસ એક ઠેકાણે રહી પ
ણ જે ધણીએ જાણી બુજીને તે બંધવાને સંતાડી
રાખીઓ હતો તેની તપાસ પેહેલી શુરૂ થઈ. આ
તપાસની વેલાએ એક જાણવા જોગ બીના એ બની
કે જેની તપાસ થતી હતી તેનો એક નાહાનો ભાઈ
દરબારમાં આવી બોહોંસ કરવા લાગીઓ કે "બંધવા
ને કાંઈ માહારા ભાઈએ સંતાડી રાખીઓતો નહી,
પણ મેં સંતાડીઓ હતો." આ પરમાણે બંધે ભાઈ
ઓ વચે જઘડો ઊઠીઓ, વડો ભાઈ બોલવા લાગો
કે મેં સંતાડીઓતો ને નાહાનો ભાઈ કેહેવા લાગો કે
મેં સંતાડીઓતો. પણ ઈનસાફ કરનારે આડી અ
વડી તપાસ ઊપરથી ખરો ધણી વડો ભાઈછે એવું
શોધી કાહાડીઊં. અને પછે પેલા નાહાના ભાઈને
આ પરમાણે જુઠું બોલી તે અપરાધ પોતા ઊપર ખેં
ચી લેવાનું કારણ પુછીઊં, તારે તેણે ઘણી ગંભીરા
ઈથી જવાબ દીધો જે, "મારી માં મરણ પામીછે, તે
ની હજી કેટલી કીરીઆ કરવાની અધુરીછે, તથા
માહારી એક બેહેનછે, જે હજી કુમારીછે, એ સઘલા
નો બોજો વડા ભાઈ ઊપર પડેલોછે. અને તે સઘલું

કરવાને એજ શામરથીઅવાનછે, મજ થકી કાંઈ એ બોજો ઉંચલાઈ શકાવાનો નથી, માટે વડા ભાઈ કરતાં હુંજ જો મરૂંતો તે બેહતર ગણાએ,એમ ધારીને હું એ આ પરમાણે એ અપરાધ પોતા ઊપર ખેંચી લેવાની ઈછકતી કરી હતી. વાશતે હજી પણ હું ત મને વીનંતી કરી કહુંછુંકે બંધવાને સંતાડી રાખવાનો અનીઆએ મજપર લાગુ પાડી માહારા વડા ભાઈને મોકલો કરવો, કે જેથી તેને આશરે પડે લાંઓ ઊપર વધારે દુખ પડે નહી." ખરેખર આ દાખલાથી પતથર સરખી છાતી વાલાને દએઆ ઊપજેઆ વીના રેહે નહી, તો પછે ઈનસાફ કરનાર, જેનાં દીલમાં હંમેશાં દએઆ હોએછે તેને કેટલું વધારે લાગવું જોઈએ. તુરત નીઆએધીશે એ અહેવાલ સરકારમાં જાહેર કરી તે બંધે ભાઈઓને અપરાધથી મોકલા કરી માંગી બખશી. આ પરમાણે જોઈએછેતો પરસપર મમતાથી આવી પડેલાં સંકટનું નીવારણ થઈછે.

---

## માણસની તંદરોશતી ઊપર ચાંદની અસર.

ડાકટર મીડ નામે એક પરખેઆત થએલા વઈદે પોતે અનુભવથી જોએલા, તથા બીજા વઈદોના જોવામાં આવેલા માણસની તંદરોસતી ઊપર ચાંદથી થતી અસર વીશેના ઘણા દાખલા આપેઆછે. જે વેલા ઈંગલંડ દેશમાં "આન" રાણી રાજ કરતી હતી, અને જે વકતે તે ફરેંચ લોક સાથે લડાઈમાં રોકાએલી હતી, તે વકતે ડાકટર મીડ લડાઈમાંથી ઘાહેલ થઇ આવેલાઓની દવાઈ કરવાને એક ઈસપીતાલ ઊપર ઊપરી પણું ચલાવતો હતો. એ વકતે ઈસપીતાલમાં આવતા ઘણા સેલરો ઊપર તેણે એ અસર પોતાની ખાતરી થાએ એવી રીતે તપાસી જોઈ હતી. ડાકટર મીડ-કેરને કેહેછે કે ૨૦) વરસના એક દરદીને દર મારચ અને સપટેંમબર મહીનામાં મેશ અને તોલાઉરાશીનો સુરીઅ થાએ તે દીવશે ઊતપન થતું હતું. એ દાકટરને પોતાને ચાંદરાતને દીવશેજ એકાએક નાખમાંથી અતીશએ લોહી નીકલતું હતું. તેજ દીવસે અને વકતે તેણે,તથા તેના એક મીતર ડાકટર ગરેમોરીએ હવાની હાલત તે પાસી જોઈ હતી તેમાં એવું માલુંમ પડીઉં હતું કે "બેરામીટર" ઘણો ઊતરી પડેઓ હતો., તેજ દીવસે એ બંધે ડાકટરનો એક દોસત એકાએક ફેફસાં ઊપર જોશ થઈ આવેઆથી તે મરણ પામેઓ હતો. તેજ દીવસે અને વકતે ઈસપીતાલમાં બીજા ૬) દરદીઓને કોઈને નાખમાંથી—કોઈને કાનમાંથી કોઈને શરીરના બીજા ભાગમાંથી લોહી ફુટી નીકલીઉં હતું, અને એ સઘલાનું કારણ તપાસ અને સોધ ઊપરથી એવું જાણાઈઉં હતું કે ચાંદની અસર પુરથવીની હવા ઊપર થઈ હતી, અને હવામાં અસર થએઆથી માણસની તંદરોસતી ઊપર અસર થઈ હતી. એ મત ડાકટર મીડે બાંધીઉંછે તે ઘણોજ વીચાર કરીને કરીઉંછે તેથી એ વીચાર ભરોશા રાખવા જોગછે. ડાકટર ફરાનસીસ બાલફોર જેના તબીબપણા હેઠલ હીંદુસથાનમાના બંગાલ પરાંતમાંનું કેટલુંક ગામડી લસકર હતું. એ સીપાઈ લોકમાં ઘણો ખરો ચાલતો મરજ તાવ અને લોહી વીકાર હતો. એઓમાંથી ઘણા દરદીઓ પુનમથી તે પાછી નવી ચાંદરાત થાએ તાંહાં સુધીમાં સારી હાલતમાં રેહેતા હતા, પણ ચાંદરાત નજદીક આવા લાગી તાંહાંથી તે પુનમ સુધી તાવ અને લોહી વીકારનો મરજ તેવડો ચોવડો વધી પડેઓ હતો. સહીએડ કુટરા વીશે એ ડાકટરનું મત પકુ થઈ ચુકુંછે કે હીંદુસથાનમાં ચાંદરાત અને પુનમ એ બે વકતમાં સહીએડ ઘણા જોર પકડેછે અને તેની સા[illegible] તાવ હોતો ઘણીજ ધાસતી ભરેલી વધી [illegible] પડેછે. ડાકટર મીડનું તથા ડાકટર બાલફરનું [illegible] મત, વખાણાએલા ડાકટર ફાર બસે વાંચવા અને [illegible] વીચાર કરવા જોગ પોતાની ચોપડીમાં લખી જણા[illegible]વીઉંછે.

---

## ચીનાઓનો [illegible] શીખાંમણની વાત.

આ દુનીઆની સ[illegible] ચીજોમાં માણસને વધારે પેઆરી તથા વધારે અગતની [illegible] તેઓની તંદુરસતીછે. એ તંદુરૂસતીનો સઘલી પર[illegible] સંભાલ કરવાની માણસોની આએન ફરજછે, તોપણ [illegible] બાબદ વીશે ઘણાં લોકો,નફટરાં માલમ પડેછે, પણ તેઓએ

ઈઆદ રાખવું કે તંદુરૂસતીનો બરાબર સંભાલ ન રાખેઆથી તેઓને એક વાતની ઘણી અડચણ નડવાની—તેઓને પોતાના કીરતારને એ વીશે જવાબ દેવો પડવાનો; માટે જેઓએ હજી સુધી એ બાબદ ઊપર લખશ આપીઊં નહી હોએ તેઓએ હાલ તુરતતો આ નીચેની ચીના લોકોની શીખામણ ઊપર ધેઆન પોહોંચાડવું. તંદુરસ્તી સારી રાખવા સારૂં તું નીતી મારગે ચાલજે, તારા સવભાવને તથા બીજાં હવશોને તારે તાબે રાખજે; તને જે કાંઈ બદ વીચારો આવે તેનો અટકાવ કરતો રેહેજે, ઘણો અને ખુબ મસાલેદાર ખોરાકથી દુર રેહેજે; ખાતી વેલાએ હલુ હલુ અને ચાવી ચાવીને ખાજે, ખાતી વેલાએ સંભાલ રાખજે, છેક ગલાં સુધી આવે તાંહાંવેર ખાતો નહીં; વખતસર મુઆફકસર હંમેશ ખોરાક લેતો રેહેજે; અપવાસ કરવાની ચાલ સારી નથી, એ પરમાણે અપવાસ કરવાથી તારી તંદુરૂસતીને ખલલ પુગશે, બપોરની વેલાએ એક ખાસું મજેવું ભોજન લેજે, પણ તે ભોજનમાં જેમ બને તેમ સાદા ખોરાક ઊપર આપ કરજે; ખારૂં કીધેલું ગોશ જાજું કરીને ખાતો નહી, જેઓ એવું ગોશ વારંવાર ખાએછે તેઓનાં શરીરનો રંગ ફીકો પડી જાએછે, નાડી ઢીમી પડેછે, તથા તેમનો મીજાજ બગડી જાએછે. રાતનાં પણ વખતસર જમતો રેહેજે, પણ બપોરનાં જેવું સારી પેઠે જમતોનાં, રાતનો ખોરાક હલકો અને થોડો રાખજે; એકદમ ઘણું પકાવેલું અથવા એકદમ કાચું ગોશ ખાતોનાં; રાતનાં જમેઆ પછે ઓછામાં ઓછા બે કલાક ગાલી નાખેઆ સીવાએ સુતોનાં; જમતી વેલાએ સાથે એક ચાનું પેઆલું રાખજે, જમી રહીને સારી પેઠે ચાએ કરીને કોગલા કરજે, તારી ખુશી પડે તો દારૂ (વાઈન) પીજે, પણ તે કેટલો, જુલમતો નાહાનાં બે ગલાસ; માણસોને તેમની તંદુરૂસતીનો સંભાલ કરવા માટે જે સઘલી શીખામણો દઈએ તે કરતાં આ શીખામણ બસછે, કે તેઓએ પોતાની સઘલી મોજ ભોગોમાં અને ખાવા પીવામાં અંદાજો રાખવો, જો એઓમાં અંદાજો નહી રાખીઓતો તેથી તંદુરસતી બગડવાની. તે સાથે એકદમ ઘણું લાંબે સુધી ફરવું નહી; એકજ હાલતમાં ઘણો વાર સુધી ઊભું રેહેવું નહી, તથા જરૂરનાં વખત કરતાં વધારેવાર પડી રેહેવું નહી. ગરમીના દાહાડામાં જાજો પવન ખાવો નહી, અને તેમજ થંડીના દાહાડામાં જાજેવાર ગરમ કપડાં પેહેરી રાખવાં નહી. જેવો સહવારના પોહોરમાં તું બીછાના ઊપરથી ઊઠે તેવોજ તારા હાતની હથેલીએ કરીને તારી છાતી જરાવાર મસલજે, તથા થંડા પવનના જપાટામાં બેસતોનાં."

ચીનાઓની આ સીકામણો અવબતાં ધેઆન પોહોંચાડવા જોગછે.

---

## મકાઈ ડોસાં.

મકાઈ ડોસી નામની એક ઘરડી બાઈને તાંહાં એકજપુરી જીલાઈ નામની તેની છોકરી હતી તે પરણેલી હતી, પણ તેનો માટી કોઈ લુચો મલેલો હતો તેથી બીચારી જીલાઈ તેના બલાપામા આજારીને આજારી ચાલેઆ કરતી હતી. તેની તબીઅત બીગડેઆથી તે લેવાતી ગઈ, અને આસતે આસતે તેની આંખ સાંમે તરેવાર દેખાવો નજર આવવા લાગા, જેથી તે બીહીવા, અને ચમકવા લાગી મકાઈ ડોસી એવુ સમજી કે જીલાઈને તેની સાસુએ કંઈ કરી મુકીઊછે તેથી આવા આલા તે છોકરીની સાંમણે થાએછે, તેથી દવા દારૂ કરવાને ઠેકાણે દોરા, દીવેટ, ચાંટી, ઊતાર એવા ઊપાએ કરવાને પોતાની પાસે જે થોડીએક પુજી હતી તે ખરચવા માંડી. પણ પછવાડેથી મકાઈની ખાતરી થઈ હતી કે એ સઘલો ખરચ કીધેલો પાંણીમા ગીઓ હતો, અને જીલાઈનું સારૂં થવાનો ઊપાએ તેને શકતી આવે એવી દવા ખવાડેઆથીજ થઓ હતો.

ઊપર લખેલી વાતનો ખોલાસો નીચે લખેઆં પરમાણેછે, તે સઘલી બાઈઓએ ધેઆન આપીને વાંચવો. આ વાતની સઘલાને ખબરછે કે જારે આપણે આપણી આંખ ઢાંકીને આપણી આંગલી આંખની અને નાખની વચમાં દાબીએછ તારે આપણને લાલ ચલકતું ગોલ ચકડું દાબેલી આંખે દેખાએછે. જો આપણી આંગલી દાબેલી થમ રાખીતો તે ચકડું દેખાઈ બે માલુમ થઈ જાવાનું, પણ આંગલીને જરા જરા ધીમી ધીમી હીલવેઆ કીધીતો તે ચકડું ઘણો વાર સુધી દેખાઆ કરવાનું. બીજી વાત એછે કે

જો તદન અંધારી જગા ઊપર ઊભા રેહી આંખ ઊઘાડી રાખી આંગલીથી દાબી હોએતો તે અંધારી જગા ઊપર આપણને રોશનીનો ચલકાટ દેખાશે. એજ વખતે જો એક દીવો તાંહાં લાવેઆતો તે દીવો પોતાની ખુદ રોશનીના કરતાં વધારે ચલકાટ ભરેલો બલનો નજર પડશે. તરીજી વાત એછે કે જો આંગલી વધારે જોરથી આંખ આગલ દાબીતો તે દીવો નજર આગલથી ગેબ થઈ ઓરડામાં પાછું અંધારું થઈ જવાનું. ઊપર કહેલી તરણ વાતો કુદરતી કાએદાછે, અને એ બનાવો બનવાનું કારણ માતરે આંખની ઊપર આંગલી દાબેઆથી ઊપજેછે. એ બનાવો ઘણાજ સેહેલાછે, તોએપણ મકાઈ ડોસીની છોકરીને જે જે ચાલા અને બીહામણા દેખાવો નજરે પડતા હતા તેનું કારણ એજ કાએદા થઈ પડેઆ હતા એ વાત તેઓને ખબર નહી હતી. જીલાઈની આંખઊપર લોહીનો જોર થતો હતો તેથી તેની આંખ કુદરતી દબાતી હતી, અને તેવામાં તાવ આવેઓ હતો અને નબલી થઈ પડી હતી તેથી તરેવાર દેખાવ તેની પોતાનીજ કમ અકલથી વીચારેલા તેની આંખ સાંમણે આવી ઊભા રેહેતા હતા.

જારે સરીરની હાલત બીગડેલી હોએછે તે વખતે આંખે દેખાતાં રોશનીના ચકરડાં ઘણાજ ભએનકાર દેખાવના નજરે પડેછે જારે બદ હજમી થઈ હોએ અને તેની સાથે માંથું દુખતું હોએ તે વખતે આંખ ઊપર લોહીના જોરથી દબાણ પેદા થાએછે, અને તેથી લાલ—ભુરુ—અને તરેવાર રંગબેરંગીન રોશનીના ચકડાં દેખાવા માંડેછે. દીવો મોટી મસાલ જેવો બલતો અને લાલ લોહી જેવો દેખાએછે. જીલાઈને જારે એવું દેખાઈશે તારે તે બીચારી અણસમજુએ પોતાની માં મકાઈ ડોસીને કહુંકે માં મારી આંખ સાંમે મસાલ બલેછે તે મારાથી જોવાઈ નથી સકાતી. મકાઈ ડોસી એવું સાંભલીને ઘણીજ બીધી, કે એ મસાલ થઈ કોઈ રાંણુ ડાકંણ આવીને મારી છોકરીને બીહીવડાવેછે. તેથી મારી જીલાઈને ખરેખર બાહેરનીજ અસરછે, અને ડાકટરે કહું તેમ એ કંઈ રોગ નથી, માટે દવાઇ એક કોરે મેલી એ ડાકંણને કાંહાડવાના ઊપાએ કરવાનો ખોટો વીચાર તેણીએ કીધો હતો.

જારે તાવનો જોર વધારે થઈ પડેછે અને તેથી બેસુધી અથવા બકલતી પેદા થઈતો આંખ ઊપર અને તેને લગતી આસપાસની સઘલી નસો ઊપર પણ ઘણુંજ વધી પડેઆથી તેની અસર ભેજા ઊપર જઈ પોંહોચેછે. તેથી વીચાર કરવાની શકતી ઘટી જાએછે, અને બેવકુફાઈ ભરેલા દેખાવો આપણી નજર સાંમણે આવેછે. જે દેખાઆથી નબલી છાતીવાલા અને કંસમજુ લોક બીહેછે, બુમ પાડેછે, અને તેમાંથી બીજા હજાર વહેમ નીકલી આવેછે. તાવની વખતે લોહી ભારી જોરથી દોડેછે, તેથી નબલી જગા ઊપરની નસો ઊપર લોહીના જલદી ફરવાની અસર તરત દેખાઈ આવેછે. આંખની નસો ખેંચાએઆથી આંખ લાલ થઈ આવેછે, ધમ થઈ જાએછે, એકી ટગરે તે એકને એક ઠેકાણે જોઆ કરેછે. જીલાઈનો હાલ જારે આવો થઈ પડેઓ હતો તારે મકાઈ ડોસી બીહીને પોતાની છોકરી પાસે ઊભી પણ નહી રેહેતી હતી, કાંએકે તે એમ સમજતી હતી કે તેના દીલમેની ડાકણ રખેને નીકલીને મકાઈના દીલમાં આવી ભરાઈ જાએ.

## જીલાઈની હાલતનો ખુલાશો.

જીલાઈના જેવીજ નબલી હાલતમાં અને આજારી એક ઈંગરેજની બાએડી હતી, જેની આંખ આગલ પણ તરેવાર દેખાવ નજરે પડતા હતા. દેખાવ નજરે પડતા હતા એટલુંજ નહી પણ કાને તરેવાર અવાજ પણ સંભલાતા હતા. પણ તે બાઈ હુશીઆર અને સમજુ હતી તેથી એવા દેખાવોની તથા આવાજોની કંઈ દરકાર કરતી નહી હતી. એ બાઈએ જોએલા કેટલાએક દેખાવો નીચે લખી જણાવેઆછ, તે વાંચેઆથી ખાતરી થશે કે એવા દેખાવોથી કોઈને પણ બીહવાની અને વેહમ લાવવાની કંઈપણ જરૂર નથી.

કેહેછે કે ઈસવી સન ૧૮૩૦ ના ડીસેમબર મહીનાની તા૦ ૧૬ મી ને દીને સાંજના ૪॥ કલાકને અંમલે તે બાઈ ઓરડામાં સગડી આગલ બેઠેલી હતી. તેનો માટી બાહેર ગએલો હતો. બાઈના કાનમાં તેના માટીનો એકાએક એક અવાજ આવેઓ,—" આવ,—મેરી આવ,—મારી આવલ આવ." તે બાઈ સમજી કે મારો માટી આવેઓ હશે અને બારણું ઊઘડાવવા માંગતો હશે તેથી તાંહાં જ

ઈ જુએછે, તો કોઈ મળે નહી પાછી આવી બેઠી
ફરીને અવાજ આવેઓ, તેણે ઓરડાના બારણાં તુ
રત ઊગાડી મેલેઆં, અને જુએછે તો કોઈ દેખાઈ ઊ
નહી. તરીજી વાર અવાજ આવેઓ "મારી આ
ગેવ આવ, ચાલ જલદી આવી જા" બાઈએ પાછો
જવાબ વાલેઓ "તું કાહાછે ? હું જાણતી નથી કે તું
કાંહાંછે." માટીનો પાછો ઊતર નહી સાંભલેઓ તારે
તેના મનમાં જરા વીચાર આવેઓ અને માલ ઊપ
ર જતી રેહી થોડો વાર રહી તેનો માટી આવેઓ.
તેને પુછીઊ તારે તે બોલેઓ કે તે કંઈ તાંહા હતોજ
નહી, અને તેણે હાક પણ નહી મારેઓ હતો, તેથી
પેલી બાઈની ખાતરી થઈ હતી કે તેને માતરે ખોટો
આવાજ સંભલાઓ હતો. તે બાઈને નામ નીસાન
સાથે કોઈ હાક મારતું હોએ એવું ઘણીવાર તે બાઈ
ના સાંભલેઆમાં આવીઊં હતું, અને ઘણીવાર તે ઠ
ગાઈ પણ હતી.

### બીજો દેખાવ.

એજ બાઈ ઊપર એવોજ એક બીજો બનાવ
બનેઓ હતો તે વધારે દેહેશત ભરેલો હતો. ડીસે
મબર મહીનાની ૨૦ તારીખે સાંજના ૪ વાગે તે મા
લ ઊપરથી નીચે આવીને જુએછે તો પોતાના મા
ટીને તેણે આતસ તરફ પીઠ કરીને ઊભેલો જોઓ
એ ઘણી માતરે અરધોજ કલાક આગવનો ફરવા
ગએલો હતો તેથી તે તાજુબ થઈ તેને પુછવા લાગી કે
"પેઆરા આજે આટલા વારમા જલદી કેમ પાછા
આવેઆ." પેલા આતશ આગલ ઊભેલા દેખાવે પા
છો ઊતર નહી વાલેઓ પણ ગંભીર દેખાવથી જાણે
વીચારમાં પુર ગરક થઈ ગએલો હોએ એવી નજર
થી તેણે પેલી બાઈ તરફ જોઆ કીધું. બઈરીએ
જાણીઊં કે મારો માંટી કંઈ વીચારમાજ ઊભોછ તે
થી તેને વધારે પુછવાનું મેલી દઈ પોતે જઈ આત
સ આગલ એક મોહટી અઢેલવાની ખુરશી હતી તે ઊ
પર બેઠી એ ખુરશીથી બે ફુટ દૂર પેલો આકાર
હજુર વીચારમાંજ ઊભેલો દેખાઓ થોડો વાર વા
ટ જોઈ બઈરીએ ફરીને પુછીઊ કે "પેઆરા તમે બો
લતા કેમ નહી?" તેજ વખતે પેલો દેખાવ બઈરીની
છેક અડોઅડ થઈ ચાલી ગીઓ, અને ઓરડાની
બારી તરફ ચાલેઓ. ચાલતી વખતે પાછું ફરીને
ફમ આંખથી તે જોઆજ કરતો હતો જારે એ દે
ખાવ ચાલેઓ હતો તારે પેલી બાઈ ઘણીજ તાજુબ
થતી હતી કે તેના પગલાનો આવાજ મુતલક સંભલા
તોજ નહી હતો, અને જો કે તે દેખાવ છેક તેના બ
દન સાથે અથડીને ગીઓ હતો તોઓપણ તેના કપડા
ને કંઈપણ આંચકો નહી લાગો હતો, અને હવા જ
રા પણ હીલી નહી હતી. જારે એવો દેખાવ તેણે
જોઓ તારે તેને ખબર પડી કે તે કંઈ તેનો ખરો
માટી નહી હતો, પણ માતરે એક ખોટો દેખાવ જે તે
ને જોવાની તબે પડી ગઈ હતી તેના મગજથી એવું
દેખાઈઊ હતું. એ દેખાવ પાંચ અથવા છ મી
નીટ સુધી લાગટ દેખાઆ કીધો હતો, અને વલી એ
વો સાફ દેખાતો હતો કે જાણે ખરૂંજ માંણસ હોએ,
કાંઅકે જારે આતશ આગલ ઊભેલો હતો તારે તેના
ઓથાથી તેની પેલી તરફ મુકેલી ચીજો દેખાતી ન
હી હતી

### તરીજો દેખાવ.

એજ સાલમા ૪ થી જાનેવારીની રાતરે મા
ટી તથા બાએડી રાતના ઓરડામાં બેસીને વાત કર
તા હતાં, તે વખતે માટી લોહાડના સલીઆથી આત
સને ઊસકતો હતો. બાઈ બોલી કે આપણી "કી
ટી" બીલાડી હજુર આપણા ઓરડામાંજ બેસી રેહી
છે માંટીએ પુછીઊં કાહાછે ? જવાબ દીધો કે "જુ
ઓની પેલી, તમારીજ પાસે બેઠેલીછે." ફરીને માટી
એ પુછીઊ કે "કેહી તરફ ?" બાઈ બોલી, "તમે
બેઠાછેઓ તે ખુરશીની અને કોલસાની ટોપલીની વચ
માં." માટી પાસે જે સીક હતી તે તેણે ટોપલી તરફ
અમસથી અફાડી, તેવામા બાઈ બોલી ઊઠીકે "ખબ
રદાર, ખબરદાર, બીલાડીને તે સીક લોકાસે" માટી
એ તરીજી વાર પુછીઊં કે "બીલાડી કાહાછે તે મને
હજુર દેખાઈ નથી, તમે ઊઠીને દેખડાવો"
બાએડીએ જવાબ દીધો કે "અરે પેલી શું, તમા
રા પગની પાસે સલીઆની આગલ આવીછે." તે બી
લાડી મને જુએછે, એ ખચીત આપણી કીટીછે.
"કીટી, કીટી આવ ! કીટી આવ." તેના ઘેરમા એક
બીલાડી હતી પણ તે બેસવાના ઓરડામાં કદાચજ
આવતી હતી. આ વખતે પેલી બાઈના તથા તેના
માંટીના વીચારમાં એવું નહી આવેલું હતું કે આ ન
ઘરો ખોટો દેખાવ નજરે પડતો હતો. આખેરે મા
ટી થાકીને બોલેઓ કે "પેઆરી તમે ઊઠો, અને ને

ને પકડો." બાઈ ઊઠી, અને જેમ જેમ તેની આગલ જતી ગઈ તેમ તેમ તે બીલાડી આગલ જતી હતી. થોડું સુધી તો તેની પછવાડે ચાલી પછી માંટીને કહ્યું કે "લેઓ એતો ખુરશીની તલે ભરાઈ ગઈ. માંટીએ કહ્યું કે એ ખોટો દેખાવ હશે, પણ બઈરીએ ખાહોસ કીધી કે નહી એ બીલાડી ખરીજછે. માટીએ જલદીથી ખુરશી ઊચકી દેખડાવી અને જુએ છે તો તાંહાં કાંઈબી જનાવર નહી હતું. એક નાહાનો કુતરો તે છેક સગડી આગલ બેઠેલો હતો, અને જો કદાચ બીલાડી ઓરડામાં આવેલી હતે તો તે કુતરો એવો નહી હતો કે સુખે સુખે બેસી રેહે. અવે બાઈની ખાતરી થઈ કે એ ખોટો દેખાવજ હતો, તોએપણ પોતાની પુરી ખાતરી કરવા ઘાંટ વગાડી દસીને બોલાવી પેલી બેહુ બીલાડીની તપાસ કરાવી, અને તે ઊપરથી એવું માલુંમ પડીઊં કે તે બેહુ બીલાડીઓ તો રખેવાલના ઘેરમાં ઘણો વાર આગલથી સુતેલી હતી.

## ચોથો દેખાવ.

ઊપર લખેલો બનાવ બનેઆ પછી એક મહીને ફરીથી એક નવો દેખાવ નજરે પડેઓ હતો. એક દીવસે ગાડીમાં બેસીને ઘણે લાંબે સુધી ફરવા ગઈ હતી તાંહાંથી પાછી આવી તે વખતે ઘણી થાકી ગએલી હતી, તેથી રાતના અગીઆર કલાકે બીછાના ઊપર જવાનો વખત આવેઓ. તે વખતે એક આરસીની ચાંભે બેસી પોતાના બાલને બરાબર ગોઠવતી હતી. તેની ઊપર હુંગે ગલબો ઘણોજ કીધો હતો ને [illegible] મતી [illegible] જારે તેના આંગલાં બાલ [illegible] ચાલતાં હતાં તે વખતે [illegible] ગી જે ઈસકાટલંડ [illegible] જોઓ, તેથી [illegible] ાતાં નહી હ [illegible] દેખાઓ [illegible] તેમાં જારે તેનો માટી નથી, [illegible] હતો તે વખતમાં એ ને [illegible] પાસેથી ચાલી જતો ર તેણીએ કીધો હતો. જારે તાવનો જોર વધારે હદ બીછાના ઊપર પોતાની પાસેના તકીઆ ઊપર હુંગની અંદર જાણે દમ લેતો હોએ તથા કોર વારનો હોએ એવો આવાજ સેનો તે સાંભલતી હતી.

## છઠો દેખાવ.

એક વેલા પોતાના માટીની ગેર હાજરીમાં પોતાના પડોસી સાથે ફરવા ગઈ હતી, તે વખતે જાણે તેનો માંટી તેના ઘોડા પાસે પોતાનો ઘોડો ચલાવી વાત કરતો હોએ એવો બોલલો અને સાફ આવાજ એ બાઈના કાન ઊપર આવતો હતો; અને વધારે અજાએબ જેવું એ હતું કે જારે પેલો પડોસી બોલતો હતો તેજ વખતે તેનો માંટીબી જાણે વચમાં ટાપસી પુરતો હોએ અથવા કોંઈ વાત વીશે પોતાનો વીચાર આપતો હોએ એવું સંભલાતું હતું.

એવા બીજા દેખાવો એ બાઈએ ઘણીવાર જોઆ હતા, પણ તે સંઘલાનું બએઆન કરવાની જરૂર નથી. ઊપર લખેલી બાબદ ખરેખરી* બનેલીછે અને તેહમાં એક બોલ ણપ વધારીને લખેઆ નથી. જે બાઈ ઊપર એ બનાવો બનેઆ હતા, તે પોતે તથા તેનો માંટી ઘણાંજ આબરૂવાલા અને મોહોટા ખાનદાનના માંણસો હતાં, અને એ બાબદનો એહવાલ તેના માટીએ પોતે લખીને "સર ડેવીડ બ્રુસ્ટર" નામના વખણાએલા વીદવાન ઊપર મોકલેઆ હતો, તેમાંથી એ ઊતારી લીધાછે. *. એ વાંચી સઘલી બાઈડી અને બીજા માંણસોને આએ બાબદ સારી પઠે ધેઆનમાં લેવી જોઈએછ, કે તનદરોસતી બીગડે આથી, તથા સરીરની હાલત નબલી પડી ગીઆથી આપણી જોવાની, સાંભલવાની, સવાદની, અને એ વીગરે બીજી શકતીઓમાં કેટલો ફેરફાર થઈ પડેછે. જો એ પરમાણેની સમજ આપણી બાએડીઓમાં આવી તો તેથી હજારો વેહેમો દુર થઈ જવાના, અને મકાઈ ડોસીની જેમ બીક્ષાઈ વીશે ખાતરી થઈ તેમ બીજાઓની યગાથી કેટલાં કુટંબો સુખથી રેહી પોતાની જીંદગી ગુજારી શકવાના.

ઊપર લખેલા દેખાવો નજરે પડેઆ હતા તે વખતે તે બાઈની તંદરોસની બીગડેલી હતી, પેહેલા તરણ દેખાવની વખતે તે બાઈનું સરીર ભારી ઘેસાના મરજથી નબલું થઈ ગએલું હતું. બીજી વખતે તેને બદહજમી ચાલુ થઈ હતી તેની સાથે એ બાઈને એક ખુદરતી ગુણ એવો હતો કે કઈબી બાબદ વી

શી પુછપરેછ, અને સોધ ઘણીં કરતી હતી. એક બીના બનીતો નેજ ઊપર આખો દીવસ વીચાર કરેઆ કરતી હતીં, જેથી તેના મનની અસર તેના સરીર ઊપર થયા વીના રેહેતી નહી હતી. વાસતે માંણસને લાગેકછે કે એકની એક વાત ઊપરજ મન રાખીને વીચાર કરેઆ નહી કરવું જોઈએ.

---

## ગાએનની તાજુબી ભરેલી અસર.

જેમ બીજી કેટલીએક તાજુબી ભરેલી બાબદોથી માણસોનાં મન ઊપર તરેહવાર અસરો થાએછે તેમજં ગાએનથી પણ માણસનાં મન ઊપર જાણવા જોગ અસર થાએછે એવું માલમ પડેલુંછે. ૨૮ ૧ રસની વએની એક ઓરત વીશે એવું જણાવેઆમાં આવીઊંછે કે એ ઓરત પોતાની એટલી મોહોટી ઊમર સુધી કથી બાહેર ફરવાને ગઈતી નહી, પણ ઈસવી ૧૮૩૪ નાં સાલમાં એક દીવસે તે ઓરત એક મજલસમાં ગઈ હતી જાંહાં ગાએન અને નાચ ચાલતો હતો. આ દેખાવ તે ઓરતની નજરે પેહેલ વેહેલો પડેઆથી તેણીને અતીશએ આનંદ થએઓ હતો. પણ એ દેખાવથી તથા ગાએનથી તેણીનાં મન ઊપર એક ઘણીજ ખરાબ અસર થાઈ હતી—તેણીનાં મનમાં તે ગાએને એટલીતો મજબુત અસર કીધી કે તેણીને કશું સુજ પડતું ન હતું; તે ખાતી, પીતી, બેસતી, ઊઠતી, બોલતી, ચાલતી અથવા ફરતી, તે સઘલી વેલા તેણીનાં મનમાં ગાએન રમીઆ કરતું હતું. અગરજો તે અમથી બેસતી અથવા કાંઈ કામ માં મશગુલ થતીતો તોહા પણ તેની સામું જાણે ગાએન ચાલતું હોએ અને તે ગાએઆ પોતે સાંભળતી હોએ એ પરમાણે તેણીને દેખાવ દેખાતો હતો. ગાએનં સાંભલી આવેઆ પછે હુંગનું નામતો તે તદન વીસરીજ ગઈ હતી, હુંગાવું એટલે શું, અને સુવાનો વખત કઉઓ એ પણ તેણીને કશું જણાતું ન હતું. તેણીનાં મન ઊપર આવી અસર થએઆથી તેણીનાં શરીરમાં પણ બીમાડો થએવો માલમ પડેઆથી તુરત વઈદોની મદદ મેલવવાની જરૂર પડી. વઈદોએ તેણીને સાજી કરવાને નાના પરકારના ઊપાએ કરેઆ પણ તે સઘલા વીઅરથ ગએઆ અને છ માસ સુધી એવીને એવીજ અવસથામા હેરાંન રહી તે અસતરીએ પોતાનો પરાણ પોતાના પેદા કરનારને સવાધીન કીધો. કેહેછે કે છેક મરતી ઘડી સુધી પણ એ અસતરીના મનમાંથી ગાએનનો વીચાર અને તેની તાબ ખીસીતી નહી.

એ બીનાને મલતોજ એક બીજો દાખલો જણાવેઆમાં આવેઓછે કે એક ઘરડો શખશ એક વેલા બીજાં દેશમાં એક ગાએન સાંભલી આવેઓ હતો, તેની અસર તેના ઊપર એટલીતો થઈ હતી કે દરરોજ સાંજ પડતી એટલે તેને બેકરારી છુટતી, અને કોઈબી રીતે પોતે સાંભલી આવેલું ગાએન પોતે પાછું સાંભલે એવા વીઅરથ ઊપાએઓ કરતો હતો. તે પોતે સારી પેઠે સમજતો હતો કે જે ગાએન તે સેંકડો માઈલની વેગલાઈએ સાંભલી આવેલો તે તેને આ જગા ઊપર સંભલાવાનું નથી એટલું છતાં તેનાં મનમાં તેનો તેજ ખેઆલ આવેઆ કરતો હતો. તેણે તરેહવાર ઊપાએ કરી એ ખેઆલ દુર કરવાની કોશેસ કરી પણ તેમા તે ફાવેઓ નહી. છેરે તેણે દરરોજ સાંજ પડતાજ મોહોટે સાદે વાંચવાનું શુરૂ કરવા માડીઊ કે ને અવાજનાં ગોંગાટમાં તેનું મન મોકલું થાએ અને તેનાં મનમાંનો વીચાર ખીસે તોપણ તેનું કાંઈ વલીઊં નહી, વાંચવા બેસે અને સઘલું મન પોતે સાંભલેલાં ગાએનમાં, તેથી વાચવાને બદલે ગાએન ગાવા મંડી જાએ. આ પરમાંણે તે બાપડા ઘરડાની અવસથા થઈ પડી હતી. એવા બીજા દાખલા પણ જણાવેઆમાં આવેઆછે જે ઊપરથી સીધ થઈ શકેછે કે ગાએનની પણ માણસો ઊપર તાજુબી ભરેલી અસરો થાએછે.

---

## લોકો કેટલા ટકા ચહડાવેછે.

વાત ચીત કરવામાં અને સાધારણ બોલવામા માણસોએ એક એવી ચાલ અખતીઆર કીધેલીછે કે જેથી કરી કેટલીએક વેલાએ ખરી અને કાંઈ નહી પણ બનેલી વાતો માંનવાને કેટલાએક લોકોને વેહેમ પડેછે. આવી રીતે ટકા ચહડાવીને બોલવાની રીત કોઈ એક જાતના અથવા એક વરણનાં માણસોમા નથી જણાતી પણ તમામ આદમ જાતોમાં એ રીત રેવાજ પામેલીછે. જો બરાબર જોઈએતો ટકા ચહડાવીને બોલવું એ ગોએઆ એક રીતે જુઠું બોલીઆ બરાબર છે, તોપણ કેટલાએક ખરાંનાખાટ લોકો પણ, એવી

રેવાજ પામેલી ટકા ચહડાવીને બોલવાની રીતથી મોકલા નથી. કેટલાએક જેઓ રાત દીવસ લોકોને જુઠું ન બોલવા વીશે બલામણો કરેછે, તથા બીજા કેટલાએક જેઓ હંમેશાં સચાઈનો વધારો કરી જુઠાણાને તરક કરવાના ઊદીઅમમા પડેલાછે તેઓમાં પણ આ ટકા ચહડાવીને બોલવાની રીત ફેલાએલી માલમ પડેછે.

જુઓ આ એઠલ ટાંકેલા થોડાએક દાખલા. એઓ ઊપરથી વીચારવાને બની આવેછે કે માણસો ટકા ચહડાવતી વેલા લગાર પણ તપાસતાં નથી કે આવી રીતે બોલાએલું કેટલે દરજને કબુલ રાખીઆમાં આવશે. તોપણ માણશોમાં એવી ટકા ચહડાવેલી બોલી બોલવાની, અને સાભલવાની જે હવે પડી ગઈછે, તે ઊપરથી એ એક સાધારણ રીત દાખલ થઈ ગએલીછે, અને તે ઊપર કદાચજ કોઈનું ધેઆન ગઈઊં હશે.

" અરે ઈઆર મેં તેને પકડવાની ઘણી તજવીજ કરી પણ કાંઈ વલીઊ નહી તે વીજલીની કાંની દોડી ગએઓ. " જારે સરતના ઘોડા વીજલીની બરાબર દોડી સકતા નથી તારે માણસ વીજલીની બરાબર દોડી શકેછે એ બોલવું કેટલું માહાલછે તે આપોઆપ ધેઆનમાં આવશે.

" અરે તેણે મહને એટલો તો વાર ખોટી કીધો કે વાટ જોતાં જોતાં માહારો દમ આખર થએઓ." એવી રીતે જો માતર વાટ જોતા જોતાંમાજ માણસોના દમ આખર થતા હોતેતો ખચીત આજે માણસોની વસતીમા ઘણો ઘટાડો થઈ પડતે.

" પેલી મોહોટી મંડલી મલી હતી તારે હું તાંહા ગએઓ હતો, પણ તાકાત શીકે મારીથી અંદર જવાએ, એટલુંતો સોક મલેલું અને એટલીતો ભીડ કે એક કીડી ચાલી શકે એટલી પણ ખાલી જગા હતી નહી " અલબતાં એક કીડી નહી પણ સેંકડો કીડી ચાલી શકે એટલીતો જગા હશે તોપણ ટકા ચહડાવીને બોલવાની રીતનો એક નમુનો !

"અરે તમો પીરોજશાનું આંગ જોઈને એમ શું, બોલોચ, હજી એનાથ કરતાં તો છીલાઈની શુનાં બેંસ જેવી ઢાંગી હતી, આપરા બારણામાંતો તે માએ નહી " ખરી વાતછે એવાં દોઢા માણસોને વાસતે ઘરના બારણા લોકોને ભાજી નાખવાં પડેછે !

" જો તમો જાણો હવે પછે મહને કાવશજાને ઘેર જવા કેહેતા નાહો, એના ઘરમાં જવાની ગલીમાં ગુઠણ સમાનો કાદવછે તાંહાં હવે પછે હું કદી જનાર નથી. " હોએ ગુઠણ સમાનો નહી પણ કંમરપુર કાદવ હશે ! જે ગલીમા ગુઠણસમાનો કાદવ તે ગલી માહેલાં નીચી બાંધનીનાં ઘરોની તો કંબખતી.

" વલી શોલાને કાંહાં મોકલોચ, બીજા કોઈને મોકલોની એને કોટમાંથી આવતાં જારે સાત દહાડા લાગા તારે કોટમાં જઈને પાછો આવતાં તો બે મહીના લાગશે. " ખરોજ કોઈ આલસુ ચાલનાર ! એક માઈલ ચાલવાને માણસને સાત દાહાડા લાગા હોએ; અથવા બે માઈલ ચાલવાને બે મહીના લાગતા હોએ તો એં હસાબે મુંબઈથી વેલાત જવાને કદાચ જમાના જોઈએ

" અરે એને કાંઈ થવાનું નથી. એ પીલતન જેવોછે " જો એમજ હોએતો ઠીકછે, તેના શરીરના કોઈ ભાગ ઊપર કોઈ અથીઆર ફેરવી જોઈએ પછે જો તેથી તેને કશી અડચણ ન થાએ તો ખચીત જાણવું કે તે ખરો પીલતન.

" અરે જારે, એ હીરો શું હું તને આપું મહને કોઈ આખી દુનીઆ આપેતો હું એ કોઈને આપુ નહી એ તું જાણેછે ? " સારૂંછે કે આખી દુનીઆ તો રહી પણ તેનો એક તરીજો ભાગ આપવાની પણ કોઈમાં શકતી નથી. એટલીબી શકતી જો કોઈનામા હોતતો એ બોલવું લગાર વજનદાર ગણાત.

" બશ ઈઆર તમો તે વાત બોલોના, મે તેને પચાસ વખત નાં કહીઊં હશે કે તું એ રસતે ના જતો, પણ તેના મનમાં તે વાત ઊતરી નહી. " ભાએગે પાચ વખતબી તેને કહીઊં હોએ, તોપણ ટકા ચહડાવીને બોલવાની રીતના સતરમાં કાએદા પરમાણે પાચના પચાસ સેહેલાઈથી થઈ જાએછે.

" આજ આખી રાત હુંગ કોણને આવીછે, એક પલવાર પણ ડોલા વીચીઆ નથી, આખી રાત ઊઘાડે ડોલે તગર તગર જોએઆ કીધુંછે. " હોએ આખી રાતમાં કદાચ એકાદ બે કલાક હુંગ ન આવીતો પછે તે એકાદ બે કલાકની આખી રાત થઈ.

" અરે મેં પેલા પારસીને જોએઆ તે તાડ જેવો લાંબો હતો. " જો એ વાત ખરી હોએ અને તાડ જેવાં ઊચાં માણસો દુનીઆંની સપાટી ઊપર હોએતો તેવાં માણસોને માટે રેહેવાના વગર માલનાં પણ તરણ માલ જેટલાં ઊંચાં ઘરો બાંધવાં જોઈએ !

"એના પેગનો જોડો મુંડાવા માટે તો સુપરાંનું મરપાણું આપવું જોઈએછે" સુપરાંના મરપાનાના જોડા પેહેરનાર માણસો કેહુવાં હશે તે જોવાને ઘણા સોકો ઈનતેજાર હશે.

"વારૂં એ વાત કોણુ નહી જાણતું હતું, એક છ મહીનાનું બચું પણ એ વાત જાણતું હતું." જો છ મહીનાનાં બચા એવી કેટલીક વાતો જાણી શકતા હોએતો તેબી તવારીખમાં નોંધી રાખવા જોગ એક બીનાછે.

"માએ નવાજવીને સંગરાહ મુકાવીતી તારે. છેક સહવારથી તે સાંજ સુધી કાંશીએ કાંશીએ લોહી વેહુઆંતા" સવારથી-સાંજ સુધી કાશીએ કાંશીએ લોહી વેહેવા છતાં જો નવાજવણી શલામત રહેઆં હોએ તો વઈદક શાસતરમા એક જાણુવા લાએક ફેરફાર થઈ જાએ।

એ ગપને એવા બીજા ઘણા દાખલા મલી આવશે, કે માણસો હરેક વાતનો મુકાબેલો કરતી વેલા સચાઈનો કેટલો નાંશ કરેછે. ખરૂંછે કે કેટલીક વેલાએ પોતાનું બોલેલું વધારે વજનદાર કરવાને માણસોને દાખલા આપવા પડેછે, પણ તેવા દાખલા આપતી વેલાએ લગાર વીચાર કરવો જોઈએછે કે મુકાબેલો કરવાને જે દાખલા આપીએ છઈએ તે લાગુ પડેછે કે નહી અગર જો એવી રીતનાં બોલવાને જેમ કેટલા ચોકો ભાશાંનો અલંકાર સમજેછે, તેમજ જો ગણીએ તો પછે ભાશાના અલંકારને બાહાને ગપીદાસોને ધુમગપ મારવાનો મારગ મોકલો થઈ પડવાનો. ભાશાના અલંકાર-એવા નહી જોઈએકે જેથી કરી સતીઅતાનો નાશ થતો હોએ.

સેવટે અમો જણાવા માગીએ છઈએકે આવી રીતે ટકા ચહડાવામાં પુરૂશોના કરતાં અસતરીઓએ વધારે દરજે અખતીઆર કરેલોછે કેટલાએક પુરૂશોમાં તો એવા ટકા ચડાવી બોલવાની ચાલ એક સાધારણું રીત થઈ પડેલીછે, તોપણ તેઓ જાણી બુજીને વાત વધારી પાડવાની મતલબથી એવા ટકા ચદાવતા નથી, પણ કેટલીક ઓરતો નો આગલથી ગોઠવણો કરી મુકી શી રીતે બોલવુ અને કેમ ટકા ચહડાવવા કે જેથી સાભલનારના મનમા તરત વાત બેસી જાએ તેની સઘલી તઈઆરી અગાઊથી કરી મુકેછે આશા છેકે આવી ચેતવણીથી ટકા ચહડાવીને બોલનારાઓ પોતાની ચુક જોશે

## જાણવા જોગ બાબદો.

**સુ વાણી**—એક લખનાર જણાવે છેકે સુ વાણીમા એક ઘણો ઉતમ ગુણછે, તે એકે સારી વાણી બોલનારને કાંઈ ખરચ પડતો નથી, તોપણ એવી વાણી સાભલનારને અતી શએ આનંદ ઉપજેછે, જે આનંદ લખો રૂપીઆ ખરચતા મલી શકતો નથી. બીજું એવી વાણી બોલીઆથી દુશમની દુર થાએછે, કજીઆનુ મોહોડું કાળુ થાએછે અને વેરી-મીતર થઈ પડેછે. આ પરમાણે સુવાણીના ગુણછે. એ વાણીનો બીજો ગુણ એવોછે કે બોલનારના મોહોડામા હમેશાં મીઠાસ રેહેછે. અને તેવા ધણીનુ બોલેલુ સાભલવાને સઊ કોઈ રાજી હોએછે.

**મેંઢાની મસતી**—એક જણ જણાવેછે કે એક વેલાએ એક ભરવાડ લીવરપુલ માહેલી એક સાકડી ગલીમાથી ઘણા એક મેંઢા હાકી લઈ જતો હતો, તેવામા સામેથી એક માણુસ આવતું હતું એ માણુસને જોઈ પેહેલાતો તે સઘલા મેંઢા થંભ ઉભા રહેઆ, પણ તેવામા એક મસતાના મેંઢાએ પેહેલ કાહાડીને તે પેલા માણુસના માથા ઉપરથી કુદકો મારીને પેરે પાર ચાલતો થએઓ. પોતા માહેલા એક જણને આવો મારગ પકડેલો જોઈ વાર ફરતી સઘલા મેંઢાઓ પેલા માણુસને ઓલગી ચાલતા થએઆ. ખરેખર મેંઢાઓએ પણ એક જબરી હીમત ચલાવી. આ બીના વીશે ખબર આપનાર જણાવેછે કે અગર જો તે મેંઢાઓ જરા મરડાઈને બાજુથી ચાલી જતે તો જવાતે એવી જગા હતી, તે પણ તેમની ખુશી એવીજ થઈ કે માણુસ કુદાવીનેજ જવુ તેથી તેઓએ તેમ કીધું.

**એક ભગતે** એકવાર પોતાના ચેલાઓને નશીઅત કીધી કે "ચેલાઓ યાદ રાખીને તમારા મરણની એક દાહાડો અગાઉ ખચીત ઈશવર ભકતી કરજો" એ ઉપદેશ સાભલી ચેલા ઘભરાટમા પડી પુછવા લાગા કે "ગુરૂજી અમો કેવારે મરનાર છઈએ તે અમો જાણતા નથી તો પછી અમારા મરણનો આગલો દાહાડો અમો કેમ સમજીએ?" ભગતે ધીરજથી ઉતર વાલાઓ "ખરીવાતછે ભાઈઓ, આપણને આપણા મરણ વીશે કશુ ખબર નથી, કદાચ આજ પણ મોહોત કાલેજ આવી ઉભુ રેહે, માટે ચાલો આજેજ ઈશવર ભકતી કરવા મંડો. અગર જો કાલે મોત ન આવીઉંતો પરમદાહાડે આવશે એમ સમજી તુરત પાછા

કાલે બંદગીમાં મશગુલ થજો; અને એમ હમેશ કરતા રેહે જો એટલે તમો મરણની એક દાહાડો અગાઉ ઈશવર ભકતી કરી શકશો ”

**રાણીની રેહેમ**—કેહેછે કે નામદાર રાણી વીકટોરીઆ રાજ ઉપર કાએમ થએઆ પછે એક શખસને ફાંસીદેવાનું પેહેલ વેહેલું હોકમ નામુ એ નામદારની સહી લેવાને મોકલીઉ હતું તે વેલાએ એકદમ એ રાણી રડી પડીહતી, જે ઉપરથી તુરત લારડ મેલબોરને જણાવીઉ કે “ એ દાદખાં તું શા મારે રડેછે, દએઆ કરવાની તારા હાતમાં છુટછે. ” જે સાભલતાજ રાણીએ તે શખસની ફાસીની શીકશા ફેરવી દેશનીકાલ કરવાનો હોકમ દીવો.

---

**વેહેમ**—હાલ આપણા લોકોમાથી કેટલેક દરજજે વેહેમ નાબુદ થએલો જોવામા આવેછે. આજ દસ વરસની પેહેલા આપણાં લોકો જેટલાં વેહેમી હતાં એટલાં થોડાંજ લોકો હશે, તોપણ હાલ સુધારાએ પગલાંભરવા માંડીઆંછે, તેથી, હાલના ચાલુ દેખાવ ઉપરથી અટકલવાને બની આવેછેકે આપણો ટોલો જલદીથી સુધરાઈના તુકતા ઉપર આવવાને પાછાત પડનાર નથી. ખરૂછે કે સઘલા જમાનામા તે જમાનાના દોર પરમાણે માણસો તરેહવાર રીતના વેહેમમા ગીરફતાર થએલા રેહેછે, પણ જેમ જેમ તેમની નજર ઉઘડતી જાએછે તેમ તેમ તેઓ તેવા અણઘટતા વેહેમોનો તીઆગ કરતા જાએછે. આગલા વખતમા આગસટસ સીજર જેવો પણ વેહેમથી ખાલી નહી હતો, તેને એવો વેહેમ હતો કે “ સીલ ” નામનાં જનાવરનાં ચામડા ઉપર જો આકાશમાથી વીજલી પડે તો તેથી તેને મુદલ નુકશાન થનાર નથી. તથા તેને બીજો એ વેહેમ હતો કે જો સહવારના પોહોરમાં ઉઠતા વાર ડાબા પગનો જોડો જમના પગમાં પેહેરીઓ હોએ તો ખચીત તે દાહાડામાં કોઈ મોહોટી આફત તેના ઉપર આવી પડવાની.

---

**હઈઆતીનો હસાબ**—૧૦૦૦ બાલકો જેઓને તેમની માતાજ ધવરાવતી હોએ તો તેઓ માહેથી આસરે ૩૦૦) ને મરણ પામવાની વકીછે, પણ એટલાંજ બાલકોને જો પારકી આસતરીઓ અથવા આએઆઓ ધવરાવેતો (૫૦૦) બાલકોને મરણ પામવાની વકીછે.

ઉચા હોદા પર, અને સુખી હાલતમાં જેઓ દાહાડા કાહાડેછે તેઓના કરતા હલકે પાએના અને કંગાલામા દાહાડા કાહાડનાર માણસો વેહેલા મરણ પામેછે.

જીવતાં જનમેલાં બાલકોમાથી ચોથો ભાગ અગીઆર મહીનાની ઉમરે પુગા અગાઉ, તરીજો ભાગ ૨૩ મહીનાની ઉમરે પુગા અગાઉ, હરથો ભાગ આઠ વરસની ઉમરે પુગા અગાઉ, અને પોણોભાગ ૫૧ વરસની ઉમરે પુગા અગાઉ મરણ પામેછે, તથા ૧૨૦૦ માણશો માહેથી માતરે એકજ માણસ એકસો વરસની ઉમરે પુગી શકેછે.

ઈંગલંડ દેશમાં અને વેલસમાં ઇસવી ૧૮૦૩ માં ગંણતરી કીધી હતી તે ઉપરથી એવું માલમ પડીઉં હતું કે સરા સરી ૪૦) માણસે ૧) માણસ મરણ પામતું હતું, તથા દર તીસ માણસે એકનો જનમ થતો હતો.

---

**સુરીઆ ઊપર વસતીછે?** ડાકટર એલીઆટ નામના એક વીદવાન શખશે પોતાનુ એવું મત જણાવીઉંતું કે સુરીઅ ઉપર વસતી કરવા લાએક મકાનછે, તે ઉપરથી એ ડાકટરને લોકોએ દીવાનો ઠરાવેઓ હતો. ખરી વાતછે કે કેટલીક વેલાએ ખરી બાબદો કાહાણી કીસાના કરતા વધારે તાજુબી ઉપજાવેછે, એટલું છુતા પણ વખતે એવી કોઈ અચરતી ભરેલી વાતો બોલનારાઓને દેવાના ઠરાવવામા આવેછે. કેહેછે કે ડાકટર એલીઅટના જણાવેઆ પછે દસ વરસમાં સર ઉવીઅમ હરશલે પણ એવુજ મત જાહેર કીધું હતું! તથા તાર પછે સર જાન હરસલ, એમ આરગો અને સર ડેવીડ બુરૂઅસતર, એવા નામાકીત જોતીષીએ પણ એ મત કબુલ રાખીઉ હતું અલબતાં આ પુરૂથવી ઉપરના પરાણીઓ સુરીઅ વીશે હીમતથી જે આટલુ બોલેછે, તે માતરે ગણતરી તથા હસાબ ઉપરથી જણાવેછે. ખાતરીથી કશુ કેહેવાઈ શકાતુ નથી, તોપણ સર ડેવીડ બુરૂઅસતરતો એવુ જણાવેછે કે અગરજો સુરીઅ અને બીજા ગરેહો તથા સેતારા ઉપર હાલ વસવા લાએક જગા નહી હશે તોપણ તે જગા વસવા લાએક થવાની.

---

**રેશમ**—આ વસતુ હાલ જાંહાં જોઈએ ત્યાંએ ત્યાં પુશકલ મલી આવેછે પણ પેહેલા એ વસતુ સોનાની કીમત ધરાવતી હતી. એ વસતુ પેહેલ વેહેલી ૫ દરમા અફરીકામા ઈંગલંડ મધે મોકલવામા આવી હતી. ઇલીજાબેથ રાણીને નજરાણા દાખલ એક જોડ રેસમી કપડાંની ભેટ કીધામા આવી હતી ૧૬૮૫ ના સાલથી એ વસતુના કાપડ બનાવવાના કારખાના ઈંગલંડ મધે ઇસથાપવામાં આવેઆંછે. હાલ એ વસતુનો ચો તરફ અતીશે ખપ મા ગ પડેઓછે ઇસવી ૧૮૫૦ ના સાલમા ઈંગ

બંડ મધે ૫૬૦૦૦૦૦ રતલ કાચું રેશમ મોકલીઆમા આવીઉં હતું, અને એ સઘલાં કાચાં રેસમનું પછે કાપડ વણવામાં આવીઉં હતું.

**લડાઈ**—પાપથી જે તરેહવાર દુખો આદમજાતને ન ડેછે, તે સઘલાં દુખોમાં લડાઈનું દુખ મોહોટું ગણાએછે. લડાઈ જે ઘણીખરી થાએછે તે લોભ અથવા વેર લેવાની મતલબથી થાએછે.

---

**ઓરતની વફાદારી**—એક કુલવાન અસતરીનો ભરથાર કોઈ દગામા શામેલ હોએઆને લીધે તેને પકડીને દરબારમાં હાજર કરવાનો હતો, એવામાં તે કોયે સંતાઈ બેઠો હતો, તે ઉપરથી તેની ઓરતને પુછીઆમાં આવીઉં કે તેણીનો ભરથાર કહી જગા ઉપર અને કોણે સંટાડી મુકીઓછે તે સેતાબીથી જાહેર કરવું, તારે આ કુલવંત તથા બાહાદુર ઓરતે સાફ ઉઘાડી રીતે કહીઉ કે " મેં પોતે માહારા ખાવીંદને સંટાડી રાખીઓછે. " આવો જવાબ સાભલીઆથી તુરત તેણીને નીઆએધીશ જોડે પકડી લાવેઆ, તે વેલાએ નીઆએધીશે જણાવીઉ કે " અગરજો તુ, તારો ખાવીંદ કહી જગા ઉપરછે તે બતલાવી આપશે તોજ તારો જીવ બચશે, નહી તર તારી ઉપર આ ઠેકાણે તરેહવાર આપદા પાડીઆમાં આવશે, માટે જો તું તારો જીવ બચાવાને, તથા રીબી રીબીને મરવાથી મોકલી થવા માહાતી હોએતો તારા ધણીનો પતો લગાડી આપ. " તારે તે બોલી " શું બસ એટલું કીધાથી થઈઉં. ? માહારો ધણી મેં કીઆં સંતાડી મુકીઓછે, તે જો હું જણાઉંતો પછે આગલ કશી અડચણતો નહી ? નીઆએધીશ બોલીઓ, " બસ, જો એટલું જણાવી ઉતો થઈ ચુકું, જા હુ તને વીશવાસ આપીને કહુંછુ કે તેં તેમે કીઆં સંટાડીઓછે એટલું કેહેશેતો આગલ કશી અડચણ પડનાર નથી. " તારે તે ઓરત બોલીકે " જો સાહેબ એવુજ છેતો હું તમને કહુ છું કે હું એ મારા ખાવીંદને માહારા અંતઃકરણમાં સંટાડી રાખીઓછે, એજ જગા ઉપરથી તે તમને મલી શકશે. " નેક ઓરતો પોતાના ખાવીંદો ઉપર હાવો પેઆર રાખેછે.

---

**હજામની એકીનદારી**—ફરાનસમાં એક વેલાએ એક હજામ એક વેપારીની દાહાડી બોરવા ગએઓ હતો. એ હજામે પેહેલાં તે વેપારીના બાલ સમારીઆ અને પછે અસતારો કાહાડી તેની દાદી બોરવા જતો હતો, એટલા વારમાં તેને કાઈ ફાંટો આવીઆથી તે એકદમ પેલા વેપારીને પડતો મુકી પોતાને ઘેર જતો રહેઓ. કેટલેક વાર સુધી બેઠો રહેઆબાદ તે વેપારીએ તે હજામને પાછો તેડાવી આવી બે પરવાઈ બતવાનું કારણ પુછીઉં, તારે તે હજામે ઘણાં કચવાએલાં મનથી જવાબ દીધો કે " સાહેબ તેમ કરવાની મને ફરજ પડી, સબબ કે તમારી ટેબલ ઉપર નાણાનો એક ટગલો પડેલો મારી નજરે પડીઓ, અને જેથી કરી મહને માહરી તથા માહારાં કુટુંમની દલીદર હાલત તુરત ઇઆદ આવી તે વેલાએ માહારાં મનમાં એવો વીચાર આવેઓ કે એ અસતારાએ કરી તમારૂં ગલું કાપી નાખી એ નાણા ઉંચકી નાશી જાઉં, પણ ઇશવર કુરપાથી અને તમારા બખને જોરે મહેને એવુજ સુજ પડીઉં કે હું તુરત એ ખેઆલથી વેગલો થવાને આહીથી જતો રહેઓ. " વેપારી આ જવાબ સાભલી ઘણો અજબ થએઓ, અને આવી રીતનાં એક સંકટમાથી પોતે બંચી ગએઓ, તેથી ઇશવરનો પાડમાનીઓ, અને પેલા હજામનાં કુટુંબની ખબર કહડાવીતો એવુ માલુમ પડીઉ કે ખરેખર તે ઘણાજ સંકટમાં તથા પઈસા ટકાની વેહેલા ભોગવતું હતું, તે ઉપરથી તે ભલા વેપારીએ તેઓનું આબરૂથી ગુજરાન ચાલે એટલા માટે એક હજાર લીવરનું સાલીઆનુ બાંધી આપીઉં. આ પરમાણે જોઇએ છેતો એક હજામ જેવાએ પણ પોતાના બદ વીચાર દાબવાની કોશેસ કીધી, અને જેમાં તે ફાવીઆથી તે એવો તો શુખી થએઓ કે જેવો સુખી તે વેપારીને મારી નાખી તેની દોલત લીધાથી કદી થતે નહી.

---

**એક આંખનો ચશમો પેહેરવો નાં**—કેટલાએકો જેમની આંખો ચુંચી હોએછે, અને જેઓને બરાબર દેખાતું નથી તેઓ, તથા કેટલાક જુઆંનીઆઓ શોખને ખાતર આંખે " આઇગલાસ " પેહેરેછે. પણ તેવા ધણીઓએ સારી પેઠે જાણવું જોઇએછે કે એક આંખે " આઇગલાસ " પેહેરવાથી તેમની આંખને અતીઘણું નુકશાન થવાનુ. એક ચંચલ અને મોહોટા અનુભવ વાલો આંખનો વઈદ કેહેછે, મેં જમની આંખે આંધલા થએલા એક ઘરહસથને જોઓ હતો, એ ઘરહસથ જારે નાહાનો વએનો હતો તારે તે જમણી આંખે " અમસથો આઇગલાસ " પેહેરતો હતો, જે એ પેહેરવાની તેને ટેબે પડી ગએઆથી તેણે થોડા વકત ઉપર તે આંખ તેણે ખોઈ હતી. એવાજ બીજા પણ ઘણુ દાખલા મારા જોવામાં આવેઆછે, કે જેઓ એક આંખે આઇગલાસ પેહેરતા હતા તેઓ સઘલા બુઢાપામાં તે આંખે તદન આં

ઘલા થઈ ગીઆછે. આ પરમાણે એક આંખે " આઇગલાસ " પેહેરવાથી ખરાબી એ થાએછે કે એ આંખનું જે ટાંમઠે તે થવનું એક આંખે થાએછે; અને તેથી કરીને તે આંખનું તેજ નરમ પડી જાએછે. હવે જારે એ ધણી કોઇ ચસમો લીએ તારે એક બીજી અડચણ પડેછે તે એકે ચસમાનો એક કામ જે એક આંખે બરાબર આવેછે તે બીજી આંખે બરાબર આવતો નથી, તેથી તેની આંખે આવતો કોઇ બરાબર ચસમો તેને મલી પણ આવતો નથી " આવું એક આંખના વઇદનું મતછે, હવે એ ઉપર વાંચનારે ગમેતો ધ્યાન પોહોંચાડવું. એક આંખે " આઇગલાસ " પેહેરવાથી થતાં નુકશાનનું કારણ પણ એ તબીબે બરાબર બતાવીઉ છે.

---

**મેહેનતનું ફલ**—એક વેલાએ વીએના શેહેરમાં બીજો જોસફ મેહેનશાહ સહવારનાંપોહોરમાં ફરવા નીકલીઓ હતો, એ વેલાએ તેનાં શરીર ઉપર એક સાધારણ આદમીના જેવાં લુગડાં હતા, તેણે એક કાફી વાલાની દુકાને જઇ એક પેઆલી કાફી માગી પણ તે કાફી વાલાના ચાકરોએ પોતાની આલસાઇથી તેને તુરત કાફી આપી નહી અને કહીઉં કે હજીતો કાફીનો વખત થાએછે, માટે પછી વખતે આવજો એટલે તને કાફી મલશે. એ ઉપરથી એશાનશાહ તાંહાંથી ચાલતો થએઓ અને એક બીજા કાફી વાલાની દુકાને ગએઓ; એ કાફી વાલો જાતે ગરીબ અને મેહેનતુ હતો, તેની પાસે સાનશાહે કાફી માગી, તારે તેણે ઘણી નમનતાઇ તથા ધીરજથી કહીઉં કે " સાહેબ જરા થોભો હજી કાફી તઇઆર થઈ નથી પણ પાંચ મીનીટમા તઇઆર થશે. " અલબત તે કાઇ જાણતો ન હતો કે આ શાનશાહછે કે કોણછે, તે તોતો ધારીઉં કે આ એક ઘરાક આવીઉ છે, પછે તે ગમે તે હોએ. તે કાફી તઇઆર કરેછે તેટલા એ શાનશાહ તે કાફી બનાવનારનાં ઘરમા સઘલે ફરવા લાગો, ફરતાં ફરતાં પેલા કાફી બનાવનારની છોકરી તેને નજરે પડી તેની સાથે કેટલોક વાર સુધી સાનશાહે વાત ચીત કીધી. તારબાદ તેના બાપને સાનસાહે ભલામણ કીધી કે " આ તમારી છોકરી હવે મોહોટી સમજણની થએલી માલુમ પડેછે તારે હવે તમો એને કોએ પરણાવો. એ છોકરી ઘણી સારી લાગેછે તેથી એ સુખી થશે. " એ ઉપરથી તેના બાપે જવાબ દીધોકે " ખરી વાતછે કોઇ પણ એને પરણવાને પુરતા પઇસા નથી અગર જો એક હેજાર કરાઉંન માહરી પાસે હોતે તો હું એને તુરત પરણાઉં, એને મનગમતો એક ધણી પણ તઇઆરછે, પણ થોડી નાણાનીછે; પણ સાહેબ એ વાત રહી તમારી કાફી તઇઆરછે. " એટલું બોલી તે, કાફીનું પીઆલું મુકી તાંહાંથી ચાલતો થએઓ. તીઆરે શાનસાહે ખડીઓ કલમ અને કાગલ માંગીઆં કે જે પેલી છોકરી તુરત લઇ આવી. અને તે ઉપર શાનશાહે પોતાના સરાફ ઉપર છ હજાર લીવરનો હોકમ આપીઓ, કે આ ચીઠી લાવનારને છ હજાર લીવર આપે. જે નાણું મલીઆથી તેઓ અતીશએ ખુશી થએઆં.

---

### ગરબી.

કુવા કાઠે કેવડો ચાયા જોગ—એ રાગનીછે.

---

કહે કામનીઓ કોપરે ગીત ગાઇએ
 હૈએ હરખ ઘણો હોપરે ગીત ગાઇએ—૧
ચાલો ચાલો દેખી ચોકરે ગીત ગાઇએ
 લાખો લેખાં મલે લોકરે ગીત ગાઇએ—૨
ફરી કુદડીનો ફેરરે ગીત ગાઇએ
 ઘમકે ઘુઘરીનો ઘેરરે ગીત ગાઇએ—૩
ધરી ધમકમાં ચાપીકરે ગીત ગાઇએ
 ઠમક ઠમક ચરણ ઠીકરે ગીત ગાઇએ—૪
ચળક ચળક થાય ચુડીરે ગીત ગાઇએ
 રંગે રાતી દીસે રૂડીરે ગીત ગાઇએ—૫
તાળી પાડીને રૂપાળીરે ગીત ગાઇએ
 એમ ગવાલી રંગટાળીરે ગીત ગાઇએ—૬
જીવ જોડી તાન તોડીરે ગીત ગાઇએ
 માન માનનીનુ મોડીરે ગીત ગાઇએ—૭
સારો સજીને પોશાકરે ગીત ગાઇએ
 દીસે દીસે નહી દાગરે ગીત ગાઇએ—૮
બોલી છંદ બંદ બોલરે ગીત ગાઇએ:
 તેમાં તત્વતા અતોલરે ગીત ગાઇએ—૯
ઉંડા અર્થમાં અઘાતરે ગીત ગાઇએ
 વળી વીવેકની વાતરે ગીત ગાઇએ—૧૦
ભગવાનને ભજાયરે ગીત ગાઇએ
 સર્વ સદગુણ શીખાયરે ગીત ગાઇએ—૧૧
દાપે કુડને કુટેવરે ગીત ગાઇએ
 રીજે દંપતનો દેવરે ગીત ગાઇએ—૧૨

---

# સ્ત્રીબોધ.

પુસતક ૨ જું    અકટોબર ૧૮૫૮    આંક ૧૦ મો.


## લાએકી વાલી ઓરત.

### લેડી લુસી.

વાંચનાર બાણું'આ ઊપલું નામ જો પણ એક ઓરત જાતનુ છે તો પણ તેણી વીશે આ હેઠલ જે હકીકત લખીછે તે છેક તેણીની બચગીના વખતનીછે. લુસી જેવારે નાહાનું બાલક હતું તારથીજ તે ઘણી હોશીઆર અને ચંચલ માલમ પડતી હતી, જેથી કરી તેની આસપાસનાઓ તેણીના ઊપર અતીશએ પેઆર અને મમતા રાખતાં હતાં. કેહછેકે ઈંગલંડની રાણી મેરીએ જે વેલાએ પોતાના બાપ બીજા જેમસ રાજાને તેના જુલમાત તથા શેતમને લીધે દેશનીકાલ કરાવીઓ હતો તારે એ જેમસ રાજાએ પોતાના બીજા કેટલાક મલતીઆઓની સાથે એક થઈ ઈંગલંડ ઊપર કેટલાક હુલા કરીઆ હતા, જેમાં તે સઘલી વખત નીશફલ થએઆ કીધો હતો. એ મસલતીઆઓમાં લુસીનો બાપ લારડ પરેસટન સામેલ હતો, તે ઊપરથી તેની તપાસ કરી ઈગલંડની રાણીએ તેને જબે કરવાનો હોકમ કરીઓ હતો. લારડ પરેસટનને જબે કરવાની થોડા દાહાડા અગાઊ તેની લુસી છોકરી પોતાની આએઆની સાથે પોતાના બાપને મલવા ગઈ હતી. આ વેલાએ છોકરીની ઊમર ઘણી નાહાની હતી તોપણ તેણીએ બંદીખાનાના આગલના તથા જબે કરવાની જગા આગલના તરેહવાર દેખાવો તથા તાંહાના ચોકી પેહરા જોઈ પોતાની આએઆને કેટલાક સવાલો કીધા હતા, અને તે સઘલું સારી પેઠે સમજવાને ઘણી આતુરતા બતલાવતી હતી. આ છોકરી આ વેલાએ જો પણ પોતાના બાપની છેલી મુલાકાત લેવા જતી હતી, તો પણ તેણીને માલુમ ન હતું કે ઊતાવલેથી તેણીના બાપને જબે કરીઆમા આવનારછે. એ છોકરી જેવી બંદીખાનામાં દાખલ થઈ અને જેવો પોતાના બાપને જોએઆ તેવીજ તે તેને તોટે વલગી પડી અને તેને બે સુમાર ચુમીઓ લઈ તેને સારી પેઠે મલી. લારડ પરેસટન ઊપર પણ આ વેલાએ થોડી અસર થઈતી નહી. તે જાણતો હતો હતો કે ઊતાવલેથી તે આ દુનીઆ છોડી જનારછે અને તેથી આ નવ વરસની વએની નાહાની છોકરી ન બાપી થઈ પડશે, જેણીની જોઈતી બરદાસત બરાબર થઈ શકવાની નથી; એવો વીચાર તેના મનમાં આવીઆથી તે પોક મુકી રડવા લાગો. પોતાના બાપનો આવો ગમગીન દેખાવ જોઈ તે છોકરી પણ રડવા લાગી અને પોતાના બાપને પુછ્વા લાગી કે " બાપા તમો શામારે રડોછો? ચાલો બાપા, આ અંધારી અને ગલીચ કોથરી મુકી દઓ અને ચાલો આપણ આપણે ઘેરે જઈએ અને તાંહાં આપણે આપણા ઊમદા દીવાનખાનામા બેસીએ " છોકરીને મોહાડેના આવા શબદો સાંભલી લારડ પરેસટન બોલવા લાગો કે " સાભલ છોકરી, મહને જે આટલી બધી દલગીરી ઊપજેછે તેનુ કારણ એછે જે માહારા દાહાડા ગણાઈ ચુકાછે, હવે ગાબા દાહાડા વેર તું મહને જીવતો જોઈ શકનાર નથી, માહારીથી હવે તારી સાથે કદી ઘેર પણ અવાઈ શકાવાનું નથી, સબબ કે હુ રાજની સામે એક બઅકાર અનીઆએમાં પકડાએલોછું અને તેથી મહને જબે કરી મારી નાખવાનો હોકમ સરકારથી થએઓ છે આ જગા છોડાવી તું મહને ઘેરે તેડી જવા માગેછે, પણ સાભલ, ઓ પેઆરી બેટી કે જે દીવસે મહને જબે કરીઆમાં આવનારછે તેની એક કલાક આગાઊ પણ માહારીથી આ ગલીચ અને અધારી કોઠ

ડી છોડવાઈ શકાવાની નથી. લુસી જો પણ વએ ઘણી નાહાની હતી તોપણ પોતાના બાપની એવી અવસથા થનારછે એ સાંભલીઆથી તે એટલીતો રડવા અને કલપાન કરવા લાગી કે જેથી કરી તેણીએ પોતાના બાપને ઘણોજ ઈનતેજાર અને બેચેન કીધો. બાપ ઘબરાઈ બોલવા લાગો "પેઆરી બેટી ધીરજ પકડ આટલી નાહીમત કેમ થાએછે, હજી માહારે વધારે બોલવાનુંછે, આ વખતે જે વાન થશે તે થશે અવે પછે કાંઈ આપણાથી પાછું મલાઈ સકાવાનું નથી." જો પણ બાપે બીજે ઘણે પરકારે છોકરીને સમજાવી પણ તેણીએ પોતાની હટ છોડી નહી, તે બોલી કે "ગમે તે થાવો પણ હું તમને મરવા દેનાર નથી. હું તમારે તોટે એવીતો મજબુત વલગી રહીશ કે કોઈથી તમારી ગરદન કપવાઈ શકાવાની નથી, અને તે સાથે જે કોઈ તમને ગરદન મારવા આવશે તેને હું ઘણા કાલાવાલા કરી સમજાવીશ એટલેતે સમજી જશે અને તમને જવા દેશે." છોકરીનું આવું થોડા વીચારનું બોલવું સાંભલી લારડ પરેસટને તેને સમજાવીઊં કે તેનું કશું વલવાનું નથી અને રાણીની તરફથી જે હોકમ થએઓછે તે હોકમ ઊપર અમલ થવાનો, તે બોલીઓ કે મે રાણીની સાંમે એક બઅંકાર કાવતરાંમાં સામેલગરી કરી જેમસ પાદશાહને પાછો તખ ઊપર બેસાડવાની મેં મેહેનત કરી હતી. એ જેમશ પાદશાહ પણ હાલની રાણી મેરીનો બાપ થાએછે તો પણ તેની ચાલ દેશના લોકોને નાપસંદ પડીઆથી તે ઓઓ તેને ગાદી ઊપરથી ઊથાડી મેલી તેની જગા ઊપર તેની છોકરી તથા જમાઈને ગાદી ઊપર બેસાડીઆંછે, એઓ હવે પોતાને હાતથી રાજ ગાદી જવા નહી દેવાને માટે જોઈતી સઘલી સંભાલમા રહેલાંછે, એટલું છતાં પણ મે જેમસ પાદશાહને છુપી મદદ કરી તેની છોકરી તથા જમાઈને ગાદી ઊપરથી ઊથાડી મેલી તેને પાછો રાજા બનાવાની ખાનગી રીતે કોશેસ કીધી, જે વાત પાછલથી માલુમ પડી આવી અને તેનું પરીણામ એવું થઈઊં કે મેં મારા દેશના કાએદાથી વીરૂધ ચાલી, ઊથાડી મેલેલા પાદશાને છુપી મદદ કીધી માટે માહારી ગરદન મરાવવી; એવો માહારો હલછે, માટે પેઆરી બેટી તું હવે માહારી ખટપટથી વેગલી રે, માહરો આ અપરાધ બરાબર જોઈએનો કાંઈ જેવો તેવો નથી માટે હવે તે વીશેની માફી માગવાની કોઈની તાકાત ચાલવાની નથી

બાપ દીકરી વચે જે વાત ચીત થઈ તે પાસે ઊભેલી આએઆએ સઘલી સાંભલી હતી તેથી તે બોલી કે "મેં રાણી વીશે ઘણુ સારું સાંભલીઊંછે, લોકો બોલે છેકે તે ઘણી માએઆવંત અને દએઆલુછે, તેથી કદાચ જો તમ સાહેબ વીસે કોઈ તમારા મીતરો મેહેનત કરી માફી મેલવવાની તજવીજ કરશો તો તે નકામી નથી જવાની." એ ઊપરથી લારડ પરેસટન બોલીઓ કે "વફાદાર આએઆ, તું જાણતી નથી કે એ અપરાધ ઘણો મોહોટોછે, એવા અપરાધની માફી અપાવા જો કોઈ વચે પડેતો તેની ઊપર પણ સંદે જાએ કે એ પણ એમાનોજ હશે, તેથી એવી બાબદોમાં મરતાં કોઈ વચે પડે નહી." એટલું સાંભલતાં નાહની લુસી તુરત બોલી ઊઠી "કે બાપા મહને રાણી પાસે જવા દેવો, હું, જઈને તમારી વતી માફ માગું, મહને જવા દેવો, રાણી કાંઈ છેક એવી નીરદઆલુ નહી હશે કે જે માહરી કલપાન અને કાલાવાલા ઊપર ધેઆન નહી આપશે. મહને ખચીત લાગેછે કે તે મને જોઈને દએઆ આવીઆ વીના રેહેનાર નથી." વલી બાપે કેટલું બધું તેણીને સમજાવીઊં કે એમ ગમે એટલું થશે પણ રાણી ઊપર તેની કશી અસર થનાર નથી, તોપણ છોકરીએ બાથ લીધી કે કાંઈ પ્રણ રીત કરીને તે રાણી પાસે જવાની અને પોતાના બાપને માટે માફી માગવાની. લાંબો વાર સુધી બાપ દીકરી વચે ભાંજગડ ચાલીઆબાદ અંતે એવું ઠરીઊં કે લેડી કલેરડનની મારફતે એ છોકરીએ રાણી મેરી પાસે પોતાના બાપની તરફની અરજી લઈને જવું. એ પરમાણે ભાંજગડ થએઆ બાદ તે બંને બાપ દીકરા છુટાં પડીઆં. બીજે દાહડે મોહોટી સહવારમાં લુસી તઈઆર થઈ રહી અને ઊતાવલેથી જ રાણીનાં ઘરમાં લેડી કલેરડન પાસે ગઈ, તાંહાં જઈ એ છોકરીએ પોત અને પોતાના બાપ વચે થએલી સઘલી વાત તેણીને કહી સંભલાવી અને પછે પોતાના બાપની તરફની અરજી તેણીને દેખાડી.

લેડી કલેરડનને લારડ પરેસટન સાથે સારી દોસતી હતી, અને તેથી તે લુસીને ઘણી ચાહતી હતી, તોપણ તેણીએ આ વેલા ખુલી રીતે લુસીને જણાવીઊં કે એ ખટલાની વચે તે પડવાને બીલકુલ ચાહાતી નથી, * ખબક તેના પોતાના વર ઊપર મો આગલથીજ શક

આવેલો છેકે તે જેમશ પાદશાહની તરફેણમાંછે, અને તેવામાં વલી જો એ ભલામણ લઈજાએ તો તેથી તે શક વધારે મજબુત થાએ; અને તે સાથે તેણીએ પણ લુસીને ઘણી વારી અને સમજાવીને કહીઊં કે રાણી પાસે જવાથી તેનું કશું વલનાર નથી, અને તે કરતાં રાણી પાસે જવા લાએક ઊમરની તે થઈ નથી તેથી તે રાણીને જોતાંજ ઘાબરી પડી જવાની અને જેટલું કાંઈ બોલવા ધારેછે એટલું બોલાઈ શકાવાનું નથી. તોપણ આ છોકરી જે ભર ઊલટમાં આવેલી અને જેણીએ મજબુત ઠરાવજ કરેલો કે કોઈપણ પરકારે રાણી પાસે જવું તેથી તેણીએ લેડી કલેરડનનાં બોલવા ઊપર કશુ ધેઆન આપીઊં નહી, અને એવીજ ઈછા દેખાડવી કે કોઈપણ રીતે રાણીની મુલાકાત કરાવી આપવી. તેથી લાચારીએ લેડી કલેરડને એ છેલી અરજ કબુલ રાખી, અને તે તેને રાણીના ફરવાના એક ઓરડામાં લઈ ગઈ, અને થોડોકવાર સુધી તાંહાં તેને બેસાડી અને જે કેટલાંક ચીતરો તે ઓરડામાં ટાંગેલાં હતા તે દેખાડીઆં, એ ચીતરોમાં જેમસ પાદશાહનું પણચીતર હતું, એ ચીતર પણ લુસીએ જોઈઊં હતું, તે ચીતરો જુએછે એટલામાં રાણી તે ઓરડામાં આવી લાગી. જેને જોતાંજ લેડી કલેરડન તુરત ખસી ગઈ અને લુસીને કહીઊં કે લે આ રાણી આવેછે, તારે ગમે તેમ વાત કર. લુસીએ જેવી રાણીને જોઈ તેવીજ તે ખરેખર ઘાભરી પડી તોપણ તેણીએ પોતાની ધીરજ છોડી નહી, તે ગુપ ચુપ ઊભી રહી અને જેવી રાણી તેની પડોસમાં આવી તેવીજ તે તુરત ગુડણ મડીએ બેસી ગઈ અને કાલાવાલા કરી પોતાના બાપની અરજી રાણીના હાતમાં આપી. આ વેલાએ તે નાહની છોકરીની બેહદ ખુબસુરતી,- તેણીનો ખુશનુમા પણ ગમગીન થએલો ચેહેરો, તેણીની ગરીબાઈ ભરેલી બોલી, અને છેવું તેણીનાં બેહદ રડવાંથી રાણીના મનમાં દએઆ ઊપજવા લાગી; તેથી તેણીએ ધીરે સવભાવે અને પેઆર ભરેલા શબદોથી તે છોકરી સાથ વાત કીધી અને જે અરજી તે આપતી હતી તે તેણીએ હાતમાં લીધી, પણ ને અરજીમાં જેવું લારડ પરેસટનનું નામ વાંચીઊં કે તુરત તેણીએ તે અરજી હાતમાંથી નાંખી દીધી અને આગલ ચાલવા માંડીઊં, પણ લુસીએ આ વેલા બાદશાહી મરતબો કેવોછે તેની દરકાર કરીઆ વગર એકદમ બુમ પાડી અને તે રાણીનો પોશાગ ધરી રહી અને અતીશએ રડીને બસ એટલુંજ બોલીઆ કીધી કે " **માહારા બાપને છોડવે, માહારા પેઆરામાં પેઆરા બાપને તું છોડવ, ઓ મેહેરબાંન રાણી.** "

લુસીએ અગાઊથી તો તરેહવાર વીચારો કીધા હતા કે હું રાણી સાથે આવી રીતી બોલીશ, રાણીને ફલાણી રીતે શમજાવીસ, પણ તે સઘલું આ વેલાના ઘભરાટમાં તે ભુલી ગઈ, અને તેને ગ્રાહોડેથી માત્રે "**માહારા બાપને છોડવ ઓ મેહેરબાંન રાંણી**" એજ શબદો વારંવાર નીકલીઆ કરતા હતા. આ દએઆ ભરેલા દેખાવથી રાણીને ખચીત દએઆ ઊપજતી હતી તોપણ, લારડ પરેસટન જેણે રાજ ઊંધું વાલી જેમશને પાછો લાવવાની તજવીજ કરી હતી, જેથી કરી તે ધણીને મરણની શીકશા જે અતી અગતીઅની થઈ પડી હતી, તે ફેરવાને અથવા તેમાં ઘટાડો કરવાને તે રાજી ન હતી, તેથી- તેણીએ ધીરે અવાજે પણ મજબુતી ભરેલા ઠરાવથી લુસીને જણાવીઊં કે તેણીની અરજ ઊપર કધીબી ધેઆન પોહોંચાડીઆમાં આવનાર નથી. વલી આ વેલાએ પણ લુસીએ પોતાની સમજ પરમાણે રાણી સાથે કેટલીક તકરાર કીધી અને તેમા એક ઠેકાણે બોલી કે " ઓ દએઆલુ રાણી તું જો મારા બાપને માફ કરવા ચાહે તો તે બની શકશે, અને તે સાથે પરમેશવરની તરફથી પણ માનવી જાતોને હોકમ છેકે સઘલાં ઊપર દએઆ મએઆ રાખવી જોઈએ." નાહાની છોકરીને મોહોડેના આ શબદો સાંભલી રાણી બોલી " છોકરી, તું જેવી નાહની છોકરીની શીખાંમણની મને જરૂર નથી. માહારી ફરજ શીછે તે હું પોતે સારી પેઠે સમજુંછું. ઈનસાફ કરતી વેલા મહને વગર તરફદારીએ અથવા વગર ખુશામદે ઈનસાફ કરવો જોઈએ, ખરૂંછે કે કેટલીક વેલાએ એવા ઈનસાફ કરતાં તું જેવી ભકતીમાન છોડીનાં દીલ દુખાએછે, અને તેથી મહને પણ કાંઈ થોડું દુખ થતું નથી, તોપણ ઈનશાફને ખાતર મારે તેવી ચીજો ઊપર ધીઆન આપવું જોઈતું નથી. વાસતે જા હવે તું છાનીમાની તારે ઘેર બેસ." આ છેલા શબદોથી છોકરીની ધીરજ તુટી ગઈ, તેણીએ સઘલી આશા મુકી અને લાચાર થઈ એક ચીતે રાણીના મોહોડાં સામું જોએઆ કીધું,

અને થોડા વારમાં એકદમ, પાસે જે જેમશ પાદશાહ (રાણીના બાપ) નું ચીતર હતું તે ઊપર નજર ફેરવી, ઘણા દલગીરી ભરેલા ચેહેરાએ તે જોએઆ કીધું. એ દેખાવ જોએઆથી રાણીને લગાર તાજુબી ઊપજી તેથી તેણીએ લુશીને પુછીઊં કે આ પરમાણે તે જેમસના ચીતર ભણી શામારે આવા ચેહેરાથી જુવે છે? તારે લુશીએ જવાબ દીધો કે "હું એટલા મારેજ એને જોઊછું કે માહરા બાપે તારા બાપ ઊપર ઘણો પેઆર રાખી તેની દીલોજાનથી ચાકરી બજાવી, અને તું માહારાં બાપને એકદમ ગરદન મરાવેછે, એથી મારાં મનમાં બલાપો છુટેછે."

ખરેખર અતીઆર સુધી વીઅરથ ગએલી મેહેનતનો હવેજ બદલો મલીઓ. છોકરીને મોહાડેના આ ઘણાજ અસર ભરેલા તથા દીલમા લાગે એવા શબદોથી રાણીની સુધ ઊઘડી, અને તેણીનાં મનમાં પણ પોતાના બાપ વીશે હવે લગાર વીચાર આવેઓ કે જે બાપના રાજમાં તેણીએ સઘલી પરકારનું સુખ અને અમન ચમન ભોગવેલાં તે બાપ આજ પારકા અને અલાહેદા લોકોને આશરે પડી ભટકતો ફરેછે, એ ખેઆલ તેણીનાં મનમાં આવીઆથી ઘણીજ અજાએબી ભરેલી અસર તેણીને થઈ. તે પોતાનો અને આ નાહાની છોકરીનો મુકાબેલો કરી બોલવા લાગી કે "અફસોસ આ છોકરીમાં અને મહારામાં અતીશે તફાવત પડીઓ—એ રૂડી, ભકતીમાન અને પોતાના બાપની સેવા બજાવનાર, અને હું ભુંડી પોતાના પેઆરા બાપને ધીકારનાર માલમ પડી." એવા તરેહવાર વીચારમાં રાણી થોડોવાર ગરક થઈ રહી, અને પછે પોતાનું મન ઠેકાણે લાવી તે બોલી "જા છોડી તું હવે ચીંતા રાખીશમા તુંએ પોતાના સદા ચરણ તથા ખરી ભકતીથી પોતાના બાપને જીવતદાન બખશાવીઊંછે, જા હવે તું નચીતાઈથી તારે ઘેરે જા તારા બાપને માફી મલીછે."

આ પરમાણે જોઈએછે તો લારડ પરેસટનને જે માફી મલી, અને તે જે મોતથી બનચીઓ, તે કાંઈ નહી પણ માતરે લુસી જેવી એક સદગુણી અને ખરી ભકતીમાન છોકરીના પરતાપથી થઈઊં.

---

## પાપ છુપું રેહેનાર નથી.

જેમ અતરે કેટલાએક લુચા અને વાટપાડા તથા ચોર લોકોનો તોટો નથી તેમજ ઈંગલંડ જેવાં સુધરેલાં દેશમાં પણ એવાઓની ખુટ નથી. થામસ ઊવીન નામે એક ઘણાજ પરસીધ ચોરે એક દીવસે એક કાપડીઆના ઘર ઊપર રાતની વેલાએ છાપો મારીઓ તેણે તે કાપડીઆના ઘરમાં પેસતાંજ, તેને તથા તેની બાએડીને એકદમ મારી નાખીઆં, ને પછે આસરે ૨૫૦૦૦) રૂપીઆની કીમતનો કેટલોએક અવેજ લઈને તે તાંહાંથી નીકલી ગએઓ. એ ચોરીનો પટો હાત લાગે નહી એટલા માટે એ ચોર પોતાની બાએડી તથા ચાર છોકરાને લઈને તુરત સવાર પડતાંમાજ વરજીનીઆ શેહેર તરફ નીકલી ગએઓ.

આણીગમ બીજે દીવસે સવારમાં પેલો કાપડીઓ તથા તેની બાએડી હમેશના રાબેતા પરમાણે માલુમ પડીઆં નહી અથવા તેમના ઘરના બારણા ઊઘડીઆં નહી તે ઊપરથી પાડપડોસીઓ લગાર ઘભરાટમાં પડીઆં અને તેઓએ તુરત તે વીશેની સતાવાલાઓને ચેતવણી કરી, તે ઊપરથી સરકારનાં માંણસોએ આવીને તે કાપડીઆનાં ઘરનાં બારણાં ભાંગી અંદર જોએછે તો તે બંધે વર બાએડી લોહીમાં ગરક થએલાં કોઈએ મારી નાંખેલાં માલમ પડીઆં તથા ઘરમાંહેલી કેટલીએક પેટીઓ ફોડેલી નજર પડી. આ બનાવ ઊપરથી એક ગરીબ ભીખારી ઊપર સંદેહ આવીઆથી તેને પકડી લઈ ગએઆ, અને જોપણ એ બંધવા ઊપર કોઈ રીતે ચોકસ સાબેતી થઈ નહી તોપણ કેટલીએક ઊલટ પુલટ તપાસ ઊપરથી એ બીચારો ગરીબ ફકીર નકામો ફસી પડીઓ, જેથી કરી એ ધણીને પેલા કાપડીઆના ઘર આગલ ફાંસી દઈ મારી નાખવાની સજા મલી.

બીજી તરફ જોઈએ છઈએ તો થામસવીન પોતે લુચાઈથી મેલવેલા પઈસાથી પારકાં દેશમાં સારી પેઠે મોજ મારવા લાગો અને તેણે તે પઈસા વડે બીજા ઘણા પઈસા પેલવીઆ; એવી અવસથામાં તે વરજીનીઆ શેહેરમાં છેક વીશ વરશ વેર રહેઆ બાદ તેને એકવાર પાછું ઈંગલંડ મધે આવવાનું મન થઈઊં; એ ધણી પોતાના વીચાર પરમાણે લંડન મધે આવી પુગો, અને એક દીવસે એક સોનીની દુકાન ઊ

પર ઊભેલો હતો એટલામાં, એક માણસ સરકારનાં માણસોનાં હાતમાંથી નાશી ગઈઊ હતું તેને પકડવા ગીરણુમ પાડતાં કેટલાંક લોકો તેની તરફ દોડતાં આ વીઆં. એ ઊપરથી વીનને મોહોટી ધાસતી પેઠી; તે સમજીઓ કે " પકડો, પકડો " કરી જે બુમ પાડી ઓમાં આવેછે તે મારે મારેજ હશે, ખચીત વીસ વરસ પછે પણ કોઈએ મને ઓલખી કાહાડીઓછે ખરો, તેથી તે પણ દોડી નાહાસવા લાગો, પણ રસતામાં તે ઘાબરો પડી જઈ જે માણસો દોડતાં હતાં તેમના હાતમાં અચણુચ આવી જઈ બોલવા લાગો " હા હુંજ તે છું, હા હુંજ તે છું. " તે ઊપરથી માણસો પુછવા લાગાં કે તું કોણછે, તારે તેણે જવાબ દીધો કે હું વીન છું જેણે ૨૦) વરસની વાત ઊપર એક કાપડીઆનાં ઘરમાં ચોરી કરી તેને તથા તેની બાએડીને મારી નાખીઆં હતાં, અને તે ખુનના અપરાધને માટે બીચારા એક ગરીબ ફકીરને ફાંસી દીધામાં આવીઓ હતો. " આ વગર પુછવેની મુખ જુબાની, જે વીનના પાપે બોલાવી, તે ઊપરથી પેલાં માણસોએ તુરત તેને ચોકીમાં લઈ જઈ નીઆએધીશની શાપું ઊભો કીધો, અને તપાસ કીધા ઊપરથી સાબેત થઈઊં કે પેલા કાપડીઆનું તથા તેની બાએડીનું ખુન કરનાર તો એજ માહા કરપીણ અને સુધાન ચોર હતો, તે ઊપરથી તુરત તેને પણ તે કાપડીઆના ઘરની સામું સુલીએ ચઢાવાનો હોકમ કીધો.

આ પરમાણે આપણે જોઈએ છઈએ તો પાપ છુપું રેહેતું નથી, આજે બે દાહાડે, ચાર દાહાડે અથવા ચાર વરસે પણ તે ઊઘાડું પડીઆ વીનાં રેહેતું નથી.—કોણ જાણતું હતું કે વીસ વરસની ચોરી આવી રીતે પકડાઈ આવશે, પણ ખોદાની લાકડીને અવાજ નથી, માણસે કીધેલાં પાપની શીકશા તેને જરૂર થવી જોઈએછે એવું પરમેશવરે ઠરાવેલુંછે. માણસ પાપ કરી કદાચ છટકી જવા માગશેતો તે થોડા દાહાડાવેર બનશે પણ તે ઊપરથી કાંઈ એમ સાબેત થતું નથી કે પાપ કરીને માણસ તેની સજાએ પુગા વીના રેહેશે. થામસ વીનની સાથે તેનાં આવાં માહાપાતકી કરમો કરવામા તેની બાએડી તથા તેનાં છોકરાં સામેલ હતાં, તેમને પણ તેમના પાપે મુકીઆં નથી.. વીનની આવી અવસથા થએલી જેવારે તેની બાએડીએ સાંભલી એટલે તુરત તે બેકરાર થઈ અને સેહેજ દાહાડા માંદગી ભોગવી તે પણ દુખી દીલ સાથે મરણ પામી. એના બે છોકરાઓએ પણ વરજીનીઆમાં કોઈ મોહોટી ચોરી કીધા ઊપરથી તેમને પણ તે શેહેરમાં ફાંશી દીધામા આવીઆ અને તેથી તેના કુટુબમાં બાકી રહેલાં કેટલાંએક માણસો પછે ખાખા વરખાં અને દરીદર થઈ ગએઆં.

---

## થામસ કુક નામનો બખીલ.

આ ચોપાનીઆના આગલા એક અંકમાં ઈઊરપખંડનાં કેટલાએક બખીલનો અહેવાલ વાંચીઆમાં આવીઓ હશે; હાલ વલી હમો કુક નામના એક બખીલનો અહેવાલ અતરે દાખલ કરીએ છઈએ. કેહેછે કે એ બખીલ ઈસવી ૧૮૧૧ ના સાલમા મરણ પામીઓછે. એ ધણી પોતાનાં મરણની થોડાક દાહાડા અગાઊ એક દીવસે મારો પડીઓ હતો, તેથી તે મોહોટી રાતના છેક બે વાગે એક વઈદને ઘેરે ગએઓ અને તેને ઊથાડી પોતાની હકીકત કહી, વઈદે તેની હકીકત સાંભલી લઈ તેને દવા આપવાનો હોકમ કીધો. તે ઊપરથી કુકે તે દવાના પઈસા કેટલા થશે તે પુછીઊં, વઈદે કહીઊં કે દવાનો માતરે ૧ રૂપીઓ થશે. એ એક રૂપીઓ શબદ સાંભલતા જ કુક ઘબરાઈ ગએઓ, તે બોલીઓકે "હું તો ધારતો હતો કે એકુ બે આનામાં પતશે પણ તમોતો રૂપીઓ કહાછો તે બહુ થઈ ગઈઊં, અને તે કરતાં હાલ તો જરા મને દુખ ઓછું થએલું માલમ પડેછે માટે હવે દવા લેવાની હું કશી અગતીઅ જોતો નથી, અગરજો ઘર ગએઆ પછે જરૂર માલુમ પડશેતો હું માણસ મોકલી મંગાવી લઈશ. માફ કરજો રાત પડી તમને ઘણી તસદી પડીછે." એટલું બોલી તાંહાંથી ચાલતો થએઓ. વલી પાછલથી એ બખીલે એક નવી જુકતી શોધી કાહાડી તે એવી રીતે કે કેટલાક તેવાં સારાં માણસોના ઘર આગલ જઈને જાણે ફેર આવીઆ હોએ ને પડી ગએઆ હોએ એ પરમાણે કરીને તે પડી જતો, જેથી લોકો દયેઆ કરી તેને ઊંચકી પોતાનાં ઘરમા લઈ જતા. એ વેલાએ લોકો દયેઆને ખાતર જે તેની માવજત કરતાં તેથી તે તેમનો અતીશએ પાડ માનતો અને જાણે ઘણોજ

ઓશીઅણ થએઆ હોએ એ પરમાણે ડોલ દેખાડતો. જો આ વેલાએ તે લગાર પાણી માગતો ને તેને જો કોઈ દારૂ દેખાડતું તો તે લેવાને પેહેલાંતો ઘણી આનાંકાની કરતો, અને ગોએઆ તે પીવા ગમતો ન હોએ એવી રીતનું મોહોડું કરતો, પણ જારે તેઓ ઘણા બચ્છદ થતા તારે તે લાગલું ગટ કરી જતો. દારૂ પી વલી તે પાનારને દુવા દેતો અને પછે તે દારૂની હદથી જાદા તારીફ કરતો અને તે દારૂ વેચનારનું નામ પુછતો તે એવી મતલબથી કે જાણે તાંહાંથી મંગાવાનો હોએ. જારે આ પરમાણે તેને દારૂ પસંદ પડેલો પેલા માણસો જુએ એટલે તેઓ તેને એક ગલાસ બીજો આપે, જે લેતી વેલા પણ તે પેહેલાંની પેઠે અતીશએ આનાકાની કરે પણ સઘલું મન તો તે માનું તેમાજ, જરા વધારે ઓસહો થઈ કે તે ગલાંમાં ઊતરી ગએલોજછે. આ પરમાણે એકાદ બે ગલાસ ચહડાવીઆ બાદ તે હોશીઆર થઈ તાંહાંથી રજા લીએ અને જતી વેલા તે ઘર ધણીને તથા તેનાં બાલ બોપાલોને દુવા દેતો જાએ. વલી થોડા દાહાડા રહીને તે પાછો તે તરફ ફેરી મારે પણ હવેતો અગાઊ કરતાં કોઈ વધારે ભપકાથી જાએ, અને તે વખત પણ તપાસે કે ઘણો ખરો જમવા ખાવાનો વખત હોએ તારેજ જાએ. ઘરમાં દાખલ થઈ ઘર ધણીનો ઊપકાર માની બોલે કે "સાહેબ હુંતો આ રસનેથી જતો હતો, પણ તેવામાં મહને તમારૂં ઘર દેખાઈઊં તેથી મને અતરે આવવું પડીઊં કે જઈને તમારાં દરશણ કરૂં. થોડા દાહાડાની વાત ઊપર જારે હું બીમારીથી રસતા ઊપર પડીઓ હતો તારે તમ સાહેબે માહારી ઘણી સારી બરદાસત કરી હતી તથા, તે વેલાએ માહારી ઊપર મોહોટી મેહેરબાની. કીધી હતી, માટે સેહેજ તમને સલામ કરવા આવીઓછું." એવૂ સાંભલતાં ઘર ધણી બોલે કે " કાંઈ ચીનતા નહી સાહેબ બોલવાની કશી જરૂર નથી. હું તમને અતરે જોઈને બહુજ મધન થએઓછું ચાલો સાથે જમીએ. " એ વેલાએ પણ જીવતો ઘણો તલપે પણ અમમધું નામને ખાતર નાપાડી લગાર ભારી થાએ પણ જરા વધારે ઓહાંસ થતાં તુરત ઊતરી પડે. આ પરમાણે દાખલ થઈ જમવા બેસે, જમી રહી તે ઘર ધણીને તથા તેની ધણીઆનીને ઘણાં આદરમાનથી નમે. ને પછે જતી વેલા તેમને તેમનાં છોકરાં બચ્ચાંનું નામ પુછી લીએ. આ પરમાણે તે નામ પુછે તે ઊપરથી પેલાં માણસો એમ સમજે કે મી૦ કુક ઘણો દોલતમંદછે તેથી કદાચ તે અમારો ઊપકાર સંભારીને છોકરાને માટે કોઈ નજરાનાં મોકલનાર હશે, માટે છોકરાનાં નામ પુછી લીએછે, અથવા તો તે પોતાનાં વસીઅત નામામાં એ છોકરાંઓના નામ લખી પોતાની દોલતનો કોઈ બાગ આપી જશે, એવા તરેહવાર ખેઆલમાં રહી તેઓ પોતાની જુજ કમાઈ પરમાણે વારંવાર ખરચ કરી પેલા કંજુસ કુકને માટે તરેહવાર, નજરાના જેવાં કે તરકી, હાંસ, બટક વગેરે ખાવાના પદારથો, તથા બહું પસંદ પડેલો દારૂ તેને માટે મોકલે. આવી કાવતરાં ભરેલી તથા લોભાવનારી હીકમત તે કાંઈ માતરે એક બે ઠેકાણેજ કરતો ન હતો, પણ એવી હીકમત તે ઘણી જગા ઊપર કરતો હતો, તેથી એવું બનીઊતું કે સેહેજ વખતમાં તેને તાંહાં ઊપર જણાવેઆ પરમાણેના ખાવાના તરેહવાર પદારથો એટલાતો થઈ પડતા કે જેથી કરી તેઓ માહેલા તેવા કોઈ હલકા પદારથો પોતાના તથા પોતાનાં કુટુંબના ખાવાને માટે રાખતો ને બાકીનાં સારા ઊંચા પદારથો બજારમાં મોકલી વેચાવી નાખતો. કોઈ પાડપડોસીને બોલાવી સાથે બેસી જમવાના, તથા એકુ નાહાની સરખી મેજવાની આપવાનાતો તેણે સોગણજ લીધેલા. કોઈ વેલાએ તો એ કંજુસ એટલા સુધી કંજુસાઈ બતલાવતો કે જો પોતા પાસે પાંચ સાત મરઘી વધી પડી હોએ તો તે માહેલી એકાદ બે મુરદાલ મરઘી બજારમાં મોકલી તેને બદલે રતલ બે રતલ ગોસ મંગાવતો. બીજું જે જગા ઊપર તે રેહેતો હતો તેના ઘરની પડોસમાની ખાલી જગા ઊપર એક નાહાની સરખી વાડી હતી તે તેણે સઘલી ખણાવી નાખી અને તાંહા ફુલોની જગા ઊપર તરકારી વાવી, કે ફુલો ઊગે તે કરતાં તરકારી પાએ તો તે તેના ખાધામાં આવે.

કંજુસ કુકે જે કેટલાએક માણસોને ખોટી આશા આપી ઠગીઆં હતાં તેઓમાં મી૦ કીંગ નાંમનો એક કાબદી પણ બીચારો ભોલાઈથી ફસી પડીઓ હતો એ ધણીએ પોતાના ચડના વખતમાં કુક ઊપર ઘણો ઊપકાર કરેઓ હતો, પણ કંજુસ કુક ઊપર તેની કશી અસર થઈતી નહી, સબબ કે એક વેલા તે બીચારો કેટલીએક અડચણોથી નુકશાનીમાં આવીઓ

તારે તેણે પોતાનાં બીજા કેટલાએક મીતરોની જેમ મદદ
માંગી તેમ કુકની પણ મદદ માંગી, તેણે જાંણીઊં કે
બીજા મીતરો કરતાં કુક ઊપર મારો વધારે હકછે, અને
તે સાથે બીજા મીતરો કરતાં કુક વધારે તાલેવંતછે
તેથી તે જેટલું માહારૂં કામ કરશે એટલું બીજા કોઈથી
થવાનું નથી, એમ ધારો તે બીચારો કુક પાસે ગએો,
પણ કુક જે જાતે કંજુસ અને જે એક હરધી જીવે ખાઈ
નહી શકે તે બીચારા દુખમાં પડેલા કીંગને બે હજાર
રૂપીઆની મદદ કરે એ વાત કદી બને નહી, તેણે
સાફ ઊઘાડી રીતે મી૦ કીંગને ચોખો જવાબ દીધો
કે " ના બાવા એ વાત કાંઈ બને નહી, બે હજાર રૂ
પીઆ આપવામો મારીથી બીજા મીતરોની પેઠે સા
મેલ થવાશે નહી. " એ પરમાણે કુકે બીજા કેટલાએ
ક લોકોને ઠગીઆ હતા. અંતે જારે તે મરવા પડી
રેઓ તારે તેણે વઈદને તેડાં મોકલીઆં, પણ કેટલાએ
ક વઈદો તેની ચાલથી વાકેફ થઈ રહેલા તેઓ મુદલ
અઓઆજે નહી, પણ એક પરખેઆત વઈદ તેને તાં
હાં ગએઓ હતો જેની દવા લેવાને કુકને જરૂરની
ફરજ માલુમ પડી. બેચાર દાહાડા ગએઆ પછે એ
ક વેલા તે વઈદને કુકે ઘણા કાલાવાલા કરી પુછીઊં કે હજી
હું બીજા કેટલા દાહાડા જીવી શકશ તે મેહેરબાંની કરી
ને કેહેવું તે ઊપરથી વઈદે જે પોતાની નજરમાં
આવીઊં તે પરમાણે તેણે કહીઊં જે તે ઘણાતો બી
જા પાંચ સાત દાહાડા જીવસે. એ શબદો સાંભલતાં
જ કુક એકદમ પલંગ ઊપરથી જબકી ઊઠીઓ અ
ને પેલા વઈદને કેટલાક અપમાન ભરેલા શબદો બો
લીને કેહવા લાગો કે "તું મહને ઘણો લુચો અને ઠ
ગારો વઈદ માલુમ પડેછે, તું સારી પેઠે જાણેછે કે હું
ઘણાંતો પાંચ સાત દાહાડા જીવીશ એવી અવસથામાં
છું તારે શા માટે તું માહારા હરામના પઈસા લઈ
દવા આપેછે ? તું દરરોજ આવી એકાદ પડીકું અને
કેટલુક કુવાર મંગાવી આપેછે, અને તેના પઈસા લી
એછે, જારે હું પાંચ સાત દાહાડામાં મરવાનો તારે
સા માટે મહને અમસતો ખરચ કરી નાહક તારી દ
વા લેવી જોઈએ ? વાસતે જા આ વખતેજ તું અહીં
થી, તારો રસતો લે, અને ફરી માહારે બારણે આવી
સ નહી."

આ કુકની કંજુસાઈનું બએઆન કરનાર એક
બીજો દાખલો આપી એ બીના બંધ કરેછે; કહેછે કે
એક દીવસે થોડુંક કોરૂં કપડું લઈ તે એક દરજીની
દુકાને પોતાનું એક પાટલુંન વેતરાવા ગએઓ, દર
જીએ તે વેતરી આપવા કબુલ કીધું પણ કુકે કપડું
દરજીને ધીરવાને નામુનાસબ ધારીઊં અને તુરત હા
તમાનું હાતમો તે વેતરવા કહીઊં. દરજીએ જોઈ
ઊં પા કલાકનું કામછે ને હરથો પાવલો મલશે તેથી
તે પણ કબુલ કીધું, પણ તે વેતરાઈ રેહેઆ પછે તુર
ત કુકે બે પેનસ (ચાર ફદીઆ) દરજીને આપીઆ, જે
લેવાને દરજીએ નાપાડી, તે બોલીઓ કે આટલી બધી
મેહેનતનાં શુ માતરે ચારજ ફદીઆં ? ઓછામાં ઓછો એ
ટલાં કામનો તો રૂ૦ા પડે." તારે કુકે તેને ધીરજથી જવા
બ દીધો કે " ભાઈ હું કાંઈ તારે પગે પડવા આવીગો
તો ? મેં તુંને પુછીઊં કે તું આટલું વેતરી આપશે
તારે તેં હા કહીઊં, અને તે કામ કરવાની મોહોટી
ખુશી બતલાવી તેથી મેં તુંને આપીઊં, કાંઈ જબર
દસતી કરીને કામ આપીઊં નથી, " એટલું બોલી તાં
હાંથી ચાલતો થએઓ.

આ પરમાણે અતીશએ કંજુસાઈ કરીને તથા લોકો
નું હરામ ખાઈને કુકે પોતાની પાછલ એક મોહોટી દો
લત એકઠી કીધેલી રાખી હતી, અલબતાં તેણે એ
દોલતનો ઊપગોગ બીજા કેટલાએક કનજુશોની પેઠે
નકામો અથવા આડે મારગે કીધો નથી, એટલુંજ તે
ને માનછે, બાકી બીજી વાતે તો તેને એક સાધારણ
માણસ તરીકે પણ કશું માન ઘટતું નથી. તેણે સઘલા
મલીને ૯૩૫૦૦) રૂપીઆ જુદી જુદી ઈસપીટાલોના
ફંડમાં, તથા દશ હજાર રૂપીઆ આંધલાં પાંગલાં મા
ણસોની પરવરસી કરવાના ફંડમાં મરતી વખતે આ
પીઆ હતા.

## મુસાફરી.

કેટલાએક લોકો એક દેશથી બીજે દેશ સેહેજ
કારણસર અથવા વેપાર ધંધાને કાજે મુસાફરી કરી,
આવેછે. કેટલાએકો ટુકી અને થોડા દાહાડાની મંજ
લની મુસાફરી કરેછે. વલી કેટલાએકો લાંબી અને
ઘણા દાહાડાની મંજલની મુસાફરી કરેછે. સઘલા મુ
સાફરો આ એક વાત ધેઆનમાં રાખેછે કે જેબી કોઈ
પારકા દેશમાં જવુ તે દેશમાના લોકો સાથે સારી ચા

ક્ષ ચલાવી તેમનો પેઆર મેલ્વી, તેમની સાથે હસી
મલીને ચાલવું, એવું કરવાની તેઓ એક મોહોટી ફ
રજ સમજેછે, તેઓ જાણેછે કે જો એવો મારગ અખ
તીઆર નહી કરીઓ તો તે પારકાં દેશમાં કેથે થાગ
લાગવાનો નથી અને હેરાનગતી ભોગવવી પડસે, તે
ઓ બીએછે કે રખે અમારી ખરાબ ચાલ અથવા
અનીતીની અમારાં દેશના લોકને અથવા અમારાં
ખેશને અથવા અમારા મુરબીને ખબર પડે એ પર
માણે સઘલી પરકારે લાંબો વીચાર પોંહાંચાડી કેટ
લાએક મુસાફરો પારકાં દેશોમાં જઈ તાંહાંનાં લોકોનો
પેઆર મેલવી તથા ધારેલું કામ, સરનજામ ઊતારી
સોરખ મોહાડે પોતાના દેશ, ખેસ અને મુરબીની
હજુર પાછા આવી ઊભા રેહેછે. એવે જેઆરે
માણસો માતરે પોતાના જેવાં માણસોનાજ ડરથી
આ પરમાણે બીને ચાલેછે, તારે તેઓને પરમેશ
વરથી કેટલુ વધારે ડરવું જોઈએ. જેમ માણસો
એક દેશથી બીજે દેશ મુસાફરી કરેછે, તેમજ આ
પણ તમામ માનવી જાતો પરમેશવરને તાંહાંથી આ
દુનીઆમાં મુસાફર તરીકે આવેલા છઈએ. જેમ
એક મુસાફર સોરખ મોહાડે પાછો પોતાના ખેસ
મુરબીને જઈ મલવાની મતલબથી પારકાં દેશોમાં સ
દાચરણથી ચાલેછે તેમજ આપણ સઘલાંને પણ પો
તાના મોહોટા અને બુજરગ મુરબીની દરગાહમાં સ
રૂખ મોહાડે જવાને માટે જોઈતી સઘલી પરકારની
તજવીજ કરવી જોઈએછે. માનવી કરતાં પરમેશ
વરનો મરતબો મોહોટોછે, તેજ પરમાણે માનવી કર
તાં પરમેશવરનો ડર વતો રાખવો જરૂરછે, પણ અફ
સોસ કેટલાએકોના મનમાં એવો ખેઆલ મુદલ છેજ
નહીં, તેઓ એમજ સમજેછે કે આ દુનીઆમાં તેઓ
એ જે અવતાર લીધોછે, તે માતરે ખાવા પીવા અ
ને મોજ મજામાં દાહાડ કાહાડવાને લીધોછે—તેઓ
એમ સમજેછે કે પરમેશવરે તેમને જે દોલત આપીછે
તે માતરે ખેઆલી ખુશાલીમાં ઊડાવી મુકવાને આ
પીછે—અને છેતું તેઓ એવુંજ ધારેછે કે પરમેશવરે
તેનને આ દુનીઆમાં અમન ચમન ભોગવવાને તથા
સુખમાં દાહાડા કાહાડવાને મોકલીઆછે, માટે તેઓ ક
શી પરકારની અગવડ અથવા અડચણ ખમી શકતા
નથી; તેઓ પોતાને જોઈતી હરેક ચીજને માટે વાંકા
વલી મેહેનત કરનાર નથી; પણ પરમેશવરની બ
ખશેસથી તેમને જે નાણું અથવા દોલત ગરીબોની પે
રવરસી કરવાને મલેલીછે તે એકને ઠેકાણે બેવડી ખ
રચી પોતાને જોઈતી અને પોતાના હવસોને બાવતી
વસતુ મેલવેછે. પણ એવા ધણીઓએ આ વાત ચો
કસ ઈઆદ રાખવી કે જેમ એક મુસાફર કોઈ ચોકસ
કારણસર પોતાનું વતન છોડી બીજે દેશ જાએછે, તે
મજ પરમેશવરે આપણ માણવી જાતને જે આ પ્રુથ
વી ઊપર એક મુસાફર તરીકે મોકલીઆંછે તે કાંઈ ચો
કસ કારણસરજ મોકલીઆંછે, અને નહી કે જેમ તે
ઓ ધારેછે તેમ માતરે ખાવા પીવા, અને ખેઆલી
ખુશાલીમાં તથા મોજ જોગમાં દાહાડા કાહાડવા. જે
મ સખી દીલનાં માણસો એક મુસાફરને પોતાને દેશ
એકલો આવેલો જોઈ તેની ઘટતી બરદાસત કરેછે, ત
થા એ પારકાં દેશમાં તે બીચારા મુસાફરને કશી પર
કારની આપદા ન પડે મારે તેને જોઈતી સઘલી મ
દદ કરેછે, તેમજ આપણ આ દુનીઆના તમામ મુસા
ફરોએ એક બીજા સાથે ચાલવું જોઈએછે. ખુ
દાની કુદરતનો કાંઈ પાર નથી. અહંકારી અ
ને પઈસા ઊપર મગરૂર રહેલા શખસે સારી પેઠે
ધેઆનમાં રાખવું કે જો તે કીરતાર ચાહાશેતો એક
ઘડીના વચમાં તેને તેની તકુંબરીનો બદલો આપી શ
કશે; પણ ના, તે અજીમ કુદરતનો સાહેબ ઘણાં મો
હોટાં મનનોછે, માણવી તરફથી ઘણીબી બેઅદબી થા
એછે તોપણ તેવા બેઅદબને તે માફી બખશેછે, તે
થી કરીનેજ એવા તકુબરી વાલા લોકો સુખમાં દાહા
ડા કાહાડેછે. પણ તેવા દાહાડા હંમેસ જશે એવી
આશા તેઓએ રાખવી નહી. કાલની વાત ખબર
નથી—આસમાનનાં ફરતાં ચકરમાં કાંઇ કાંઈ માણ
ના પુતો ફસી પડીઆછે તો એવા મુફીબર અહંકારી
લોકો તે શા હસાબમાં. વાસતે ઓ પેઆરી બેહેનો
આ સેહેજ ઈસારો ધેઆન ઊપર લેઓ, અને આ
દુનીઆના અંદર જે તમારા બીજા બાઈબંધો તમા
રા કરતાં નબલા, અશકત, અને લાચાર હોએ તેમ
ને તમારીથી બનતી સઘલી પરકારની મદદ કરો. પ
ઈસો આજે છે ને કાલે નથી, અને તે કરતાં જો પ
ઈસો જાવેદાન સુધી ટકી રહેઓ તોપણ તે તમારી
સાથે આવનાર નથી—તમોતો જેવા નાગા માને પેટ
થી જનમીઆં હતાં તેવાંજ નાગાં તમો પાછા તે કીર
તારની હજુરમા જનારછો—તમારી સાથે માતરે ત

મોંઘી કરણી આવશે. વાસ્તે આ પાંચ દાહાડાની ફાની દુનીઆમા જે ભલાઈ થાએ તેટલી કરી લીઓ—એજ ભલાઈ અને એજ નેકી જેટલી કાંમ આવશે તે સ્વું બીજું કશું કામ આવનાર નથી.

---

## નજરબંદી ખરી !



વાંચનાર પેઆરી બાનુંઓ લગાર નજર ફેરવી આ ચીતર જુઓ. એ જોતાજ તમને એવો ખીઆલ આવશે કે એ ચીતરમા જેમ દેખાએછે તેમ માણસ ઊપર માણસ જે અલંગ છલંગ ઊભાછે, તે કધી બની શકે એવું નથી, પણ નજરબંદીથી અથવા જાદુના જોરથી એ બનીઊંછે. પણ જો જરા ધીરજ રાખી લાંબો વીચાર કરી એની ખરી ખુબી સમજવાની તજવીજ કરશો તો તેમાં તગો નીશ્ફલ થનાર નથી. બાણુંઓ તમને નમનતાઈ ભરેલી વીનનતી એજછે કે એવા હરેક દેખાવ અથવા અખતરા તમો જુઓ એટલે તેની પુરતી સમજણ મેલવવાની કોશેસ કરો, જો વેહલી સમજ ન પડે તો જરા ધીરજ પકડજો, પણ તુરત ઊતાવલા થઈ જાદુ અથવા નજરબંદી એવા શબદો તેને આપી દેતાં ના. ખરેખર, હંમેશ આપણી ઘણી ખરી ભોલી ઓરતો, જાદુ અને નજરબંદી જેવી વસતુઓ, જેઓની હસતી મુદલ છે નહી તેને ખરી માની વેહમાએઆ કરેછે. એક વાર નહી પણ ઘણીવાર અને ભર મજલસોમાં જાદુ અથવા નજરબંદી જેવું કાંઈ નથી એવું ખુલી રીતે બા પોકારથી જાહેર કીધામાં આવીઊંછે, એટલું છતાં ભોલી ઓરતો તથા કેટલાક મુરખ મરદો એવી ચીજો ઊપર વીશવાસ રાખી નાહક ખુવાર થાએછે, એ કાંઈ થોડું દલગીરી ભરેલુ નથી. રસતા ઊપર અને મોહોલાઓમાં કેટલાક ગારોડીઓ હાત ચાલાકીના ઘણા તરેહવાર ખેલો કરી બતલાવેછે, તે સઘલા ખેલો જો પણ કુદરતી કાએદાથી બનેછે, તોપણ જોનારી ભોલી ઓરતો ઊપર અને બીજા અણજાણ લોકો ઊપર તેવા ખેલોથી એક ઘણીજ જુદી તરેહની અસર થાએછે—તેઓ એમજ સમજેછે કે એ કામ જે પેલા ગારૂડીઓ કરેછે તે જાદુની અથવા નજરબંદીની મદદથી કરેછે હવે જો તેમને એવો સવાલ કીધો હોએ કે નજર બંદી એટલે શું ? શું ગારૂડીઓ જોનારાંઓની નજર કશાથી બાધેછે ? તો ખચીત તે સવાલનો જવાબ તેઓથી આપી શકાતો નથી. અલબતતાં આટલું તો ખરૂંજછે કે ગારૂડીઓ એક રીતે જોનારાઓની નજર બાંધેછે, પણ તે કેવી રીતે બાંધે છે એ સમજાવાનું ઘણું કઠણ નથી. જોનારાં ઠગાએઆં, અને ગારૂડીઓની હીકમત પકડી શકીઆં નહી એટલે ખરેખર તેમની નજર બંધાઈ, અગરજો માણસો પોતે ઠગાએછે તેને નજર બંદીનું નાન આપતાં હોએ તો તે વાત ખોટી નથી, પણ કેટલાંએકોતો એ નજરબંદી શબદ બોલી, જાદુ જેવો અરથ ઊથાડવા માગેછે, તે ખોટુંછે ગએ વરસે મુંબઈનાં મેદાનમા રોમાની નામના એક ચાલાક કસરત કરનારે કેટલાએક અચરતી ભરેલા ખેલો કરી બતલાવેઆછે, જે જોવાને ઘણીવાર પારસી ઓરતોને તક મલી હતી, અને ઘાગ્વા કરતા વધતી ઓરતોએ તે ખેલો જોએઆછે. તેમજ વલી આ વરસે પણ બે ઈનપેનીસ લોકોએ તેજ જગા ઊપર ઘણા અચરતી ભરેલા અને ખરેખર નવાઈ જેવા ખેલો કરી બતલાવીઆછે. તારે, શું એ સરવા ઊપરથી એમજ મત બાંધીએ કે એ ખેલો જાદુથી અથવા નજરબંદીથી કીધાછે ? ના, પેઆરી બાણુંઓ તેમ નથી. એ ખેલો કરવાના, એ ખેલાડીઓની ઝડપ તેમની કળા, તેમની હાત ચાલાકી અને છેલું તેમના નાના દાહાડાનાં અભીઆસથી ત

મો નવાઈ જેવી અને ખરેખર તાજુબી ઊપજાવનાર ચીજો જુઓછો. ઊપલાં ચીતરમાં તમો જોશો કે કેટલાં એક માણસો જથાબંધ એકએકની પડોસમાં ઊભાંછે. તેઓમા ચાર. માણસો એકએકને અડોઅડ સીધાં ઊભેલાંછે, તે ચાર જણાઓની ખાધ ઊપર વલી બીજા બે શખસો ઊભેલાછે, તેમજ તે બંધેની ખાધ ઊપર એક જુદોજ ધણી ઊભેરોછે એ ધણીની ખાંધ ઊપર ચહડવાને નીશરની મુકી એક ચોથો ધણી ઊપર ચહડીઓછે. આ પરમાંણે એક એકની ઊપર માણશો ઊભાંછે એ દેખાવ કાઈ થોડો તાજુબી ભરેલો નથી, તોપણ એવા દેખાવ જોઈ આપણને એવું નહી ધારવું જોઈએ કે તે જાદુથી બનીઊંછે. વધારે તાજુબી ભરેલું એછે કે છેલા ઊભેલા ધણીએ વલી એક બીજા માણસને કંમરબંધ પકડી સીધોને સીધો ધરી રાખીઓછે, અને વલી પોને એક પગે ઊભોછે. એજ ચીતરના જમના હાત બાજુ જોશો તો વચે એક બીજું માણસ આલંગ છલંગ અધર દેખાઓછે એની સમજ એવીછે કે, એક પગે ઊભેલા માણસે પોતાના હાતમા જે માણસ પકડેલુંછે તે માણસને તેણે એથે નાખી દીધોછે, પણ તે નાખવામા રીશ્ત એવીછે કે જેઓ એથે ઊભેલાછે તેઓએ તેને ઝીલી લીએછે. ખરેખર માતર ચીતર જોએચાથીજ આ દેખાવ વીશે આપણને તાજુબી ઊપજેછે, તો જેવારે એ ખેલ નાટકશાલામા થએઓ હશે તારે નજરે જોનારાઓ ઊપર એ ખેલની કેવી અસર થઈ હશે, તે કહેવાઈ શકાતી નથી. ઊપલા ચીતરને મલતાજ બીજા ઘણા દેખાવો જોવામા આવેછે, એટલુંજ નહી પણ એ કરતા વધારે તાજુબી ઊપજાવનાર કસરતો કીધામાં આવેછે, ઊપલું ચીતર જોઈ તમો ઘબરાઈ જશો કે બીચારાં સઊથી હેઠે ઊભેલા માણસને ઘણું દુખ પડતું હશે, પણ તેમ નથી, ભાર. સઘલાને સરખોજ લાગેછે જેમ ઊપરનાં માણસને ભાર હલકોછે તેમ તે વધારે જોખમ ભરેલી હાલતમાછે, એવી કસરતો કરતી વેલાએ દરએક જણ એવી રીતના ભાગો વેહચી લીએછે કે જેવી કરી નેલા ઊપર એક સરખી મેહેનત આવી પડેછે.

---

## સર ફીલીપ સીડની.

આ સુરા સરદારનુ નામ આજ સરવ લોકોમા ઘણું મશહુર થઈ ગએલુંછે એ શખસ જેવો સુરો લડાએક હતો તેવોજ તે રેહેમ નજરનો માએઆલુ પણ હતો, તે સાતે એ ધણીમાં એવો એક ગુણ હતો કે એકીનદારી તથા વગર તરફદારીએ તે પોતાનું કામ બજાવતો હતો, અને એવા બનાવ ઘણીવાર બનીઆછે કે તેની આવી અપખશપાત તથા એકીનદારચાવને માટે તેના ઊપર તેના કેટલાએક વગવાલા મીતરો પણ વારંવાર ગુસે થતા હતા એ ધણી ઈસવી ૧૫૫૪ નાં સાલમાં ઈંગલંડ મધે જનમીઓ હતો એ ધણીની કાબેલીઅત બાલપણથીજ ઘણી દેખાઈ હતી તે ઊપરથી પચીસ વરસની વએ તો તે ઈલીજાબેથ રાણીનો એક વીસવાસુ તથા એકીનદાર, મસલતીઓ થઈ પડીઓ હતો. એજ રાણીની તરફથી તે આસતરીઆના સાનશાહ પાસે એક એલચી દાખલ ગએઓ હતો. રાણીને એ ધણીની તરફથી જે જે સલાહ અથવા મસલત મલતી હતી તે ખચીત ઘણીજ વખાણવા લાએક મલતી હતી. કેહેછે કે આંન્જુના ડીઊક ઊપર ઈલીજાબેથ રાણીનો ઘણો પેઆર હતો, તેથી તેણીએ તેની સાથે પરણવાની સઘલી ગોઠવણો કરી હતી. આંન્જુના ડીઊકની ઊમર રાણીના કરતા પચીસ વરસ નાહાની હતી અને તેનો ચેહેરો જોપણ ઘણો સોહામનો ન હતો, તોપણ તેની ખુશ ચાલ તથા તેનાં રલીઆમણાં બોલવા ઊપરથી તેહની સાથે પરણવાને રાણીની ઈછા થઈ હતી. પોતે તે ડીઊક સાથ પરણવાની સઘલી ખાનગી ગોઠવણો કરેઆ બાદ રાણીએ પોતાના પરધાનોને લગનની કીરીઆ કરવાનો બંદોબસ્ત કરવાને તથા લગનનો દાહાડો મુકરર કરવાને ફરમાવીઊં. આ વેલાએ તે રાણીના તવલા મંતરીઓએ વીચાર કીધો કે રાણી જે પોતે પરણવા માંગેછે તે ઠરાવ વાજબી દીસતો નથી, સબબ તેણીએ જે વર પસંદ કરેઓછે તે ઊમરે ઘણો નાહાનો છે, તેથી તેઓએ રાણીને પોતાનો વીચાર ફેરવવાની સલાહ આપી, તેના કેહેછે કે સર ફીલીપ સીડનીએ હીમતથી એક ઘણુંજ અપખશપાત બાલાખુ કરી રંમ લાવીઊં અને તેમાં ઘણીએક તરાંહની વાજબી તકરારો દાખલ કરીને રાણીને પોતાનો વીચાર ફેરવવાની

મર્જખુન ભલામણ કરી. અલબતાં તે વખતનાં થોડાજ પરધાન મંતરીઓએ સર ફીલીપના જેવી હીમતથી રાણીના વીચારોની સાંમાં પોતાનાં મત આપીઆં હશે. સર ફીલીપનાં એ ભાશણથી ઈલીઝાબેઠ રાંણી ઊપર એક ઘણીજ તાજુબી ભરેલી અસર થઈ, જેમ જેમ દાહાડા નીકલતા જાએ અને પોતે કબુલેલો વખત નજદીક આવતો જાએ તેમ તેમ એ રાણી ગમગીન અને ઊદાસ થતી ગઈ તે એટલે સુધી કે કેટલાએક દાહાડાં સુધી એ રાણીને કરારે ઢુંગ પણ આવીતી નહી. એવી ઘભરાટ ભરેલી હાલતમાં રાણીએ પણ સર ફીલીપનાં બોલવા ઊપર લગાર ધેઆન પોંહાંચાડીઊં. જેથી તેણીને પણ એવુંજ માલુમ પડીઊં કે આંજુના ડીઊક સાથ પરણવાની જે ગોઠવણ મેં કરી છે તે નામુનાસબછે, તે ઊપરથી તેણીએ પણ પોતાનો વીચાર ફેરવીઓ અને તે ડીઊકની માંગની બાહાલ રાખીઆમાં આવી નહી.

સર ફીલીપની બાહાદુરી તથા હીમતના બીજા ઘેણાં દાખલા આપવામાં આવેઆછે. કેહછે કે એક વેળા ઈંગ્રેઝપખાંડના લોકોમાં આ શુરા શરદાર વીશે એવુંતો સારૂં મત બેઠું હતું કે તેને પોલંડની ગાદી મલવાની પણ વકી હતી, અને ઘણીખરી એજ સરદારને તે રાજ ગાદી મલી હોત, પણ ઈલીઝાબેથ રાણીને લીધે તે વાત બંધ પડી હતી. એ ધણીએ પોતાની જીંદગાનીના સુખના દાહાડા ઊપર જેવી રીતે ગરીબ દરદીઓની દાદ લીધી હતી તેવીજ દાદ તેણે પોતાનાં મરણની છેક છેલી ઘડીએ પણ લીધી હતી. એ ધણી ઈસ્વી ૧૫૮૬ માં ઝટ્ફનની લડાઈમાં મારીઓ ગએઓ હતો. જારે તે લડાઈમાં ઘણો જખમી થએઓ હતો તારે તેની તરસ છીપાવા માટે થોડું પાણી મંગાવીઆમાં આવીઊં હતું, એ પાણી જેવું તે પીતો હતો તેવી તેની નજર, પોતાના જેવાંજ દુખમાં પડેલા એક સીપાઈ ઊપર પડી, જે સીપાઈ પેલાં પાણી તરફ ઘણા પેઆરથી જોતો માલમ પડીઓ, તેથી સર ફીલીપે તે પાણી પોતાના હોટને લગાડીઆ વીના તુરત પેલા સીપાઈને આપી દેવડાવીઊં, અને બોલીઓ કે "માહારાં કરતાં એ બીચારાને આ પાણીની વધારે જરૂરછે " સર ફીલીપ જાતે લડાએક સરદાર હતો, તોપણ તેણે પોતાની ફુરસને કવીતાનાં અને સારી ઈબારતના કેટલાંએક પુસતકો બનાવેઆંછે, અને ટુકામાં કહીએતો એ ધણીએ પોતાની જીંદગીના દાહાડા સઘલી પરકારના પરોપકારમાં ગાલીઆ હતા.

## દેખાવ ઊપર ભુલવું નહી.

લોકોમાં દેખાવ ઊપરથી પરીકશા કરવાની એક ઘણી માઠી ચાલ દાખલ થએલી માલુમ પડેછે. અગરજો એક ગંભીર, શીઆનું અને ખરૂ લાએકીવાલું માણસ બાહારના દેખાવમાં લગાર અધુરૂં હોએછે તો તુરત લોકો તે ઊપરથીજ તેની પરીકશા કરેછે, અને તેનામાં કેટલા રામછે તે તરત વરતી કાહાડેછે, પણ તેવી રીતે દેખાવ ઊપરથી પરીકશા કરનારાઓને નમનતાઈ ભરેલી અરજ કરેછે કે તેઓએ એ રીત ઊપર અમલ કરવો નહી—એક માણસ બાહારના દેખાવે ઘણો તરમતરાક, ચાપલુસીખોર, બોલકણો હોશીઆર, અને એશકો દેખાશે તોપણ તેવાં માણસનાં ભીતરમાં ગુણ કેહવાછે તેની તપાસ કીધા વના એકદમ તેના બાહરના દેખાવ ઊપરથી તેની કાબેલીઅત, લાએકી, આબરૂ, ગનેઆન, અને નીતી સંબંધી ગુણ વીશે મત બાંધવું નહી. દેખાવમાં ઘણું ગરીબ, બોલવામા થંડું, વાત કરવામાં નમાલું, અને હલકાં તથા બાજે વખતે ફાટેલાં લુગડાં પેહેરેલું આદમી જેવું લાએકીવાલું, પરતીશટીર અને ગનેઆની હોએછે તેવું કોઈ બીજું બાહારના દેખાવે ભપકાવાલું અને ઊછાછલા સવભાવનું હોતું નથી. એક ગામડીઆના છોકરાની સાધારણ વાતથી કોઈ અણજાણું નથી કે એક દીવસે તે છોકરો જનાવરોનો સંગરહ જોવાને ગએઓ હતો તે વેલાએ તેણે બાહારના દેખાવ ઊપરથી વાઘ અને ઊંટ વચે મુકાબલો કીધો હતો, વાઘને જોઈને તે ઘણો ખુશી થએઓ હતો તથા ઊંટને ધીકારવા લાગો હતો, પણ તે નાંદાન છોકરાને પાછલથી સમજાવેઆગો આવીઊં હતું કે એકતો માતરે બાહારના દેખાવમાજ ખુબસુરત અને ભભુકવાલું છે, પણ ખરૂં કામનું અને લાએકી ધરાવનાર જાનવરતો તે છેકે જેને તે ધીકારતો હતો, તેમજ આકસફોરડની એક નાંમીચી મદરેસાના એક નાદાન વીદીઆરથીએ પોરસન નામના એક કાબેલ શીકશા ગુરૂના બાહારના દેખાવ ઊપરથી પરીકશા ક

રી હતી, જેથી તેને પાછલથી ઘણી શરમીદગી સાથે પોતાની ગાડી છોડી જવી પડી હતી. એક વેલા આ વીદીઆરથી ડાકની ગાડીમાં બેસી એક ઠેકાણેથી બીજે ઠેકાણે જતો હતો, તે વેલાએ એ ગાડીમાં કેટલીએક ઓરતો તથા ઉપલો કાએલ શીકશા ગુરૂ પણ સાથે હતો. આ વેલા એ વીદીઆરથીએ પેલી ઓરત આગળ તરેહવાર ગપાટા મારવા માંડીઆ અને તરેહવાર વાતો કરી પેલી ઓરતોને રમુજ આપવા લાગો, અને વલી પોતાની બડાઈ દેખાડવાને માટે પોતે જે જે વાતો બોલે તેની સાબેતી આપવાને કેટલાએક ઊંચા ગરંથની શાહાદત આપે અને જનાવે કે તે સંઘલા ગરંથો હું વાંચી ગએલો છું અને તેમાની એ વાતોછે, અલબતાં પેલી ઓરતો જાજી ભણેલી નહી તેથી એ ગપીદાસનું બોલવું તેઓ કબુલ કરતી હતીઓ, પણ પાસેજ એક ખુણામાં શીકશા ગુરૂ પોરશન ઉંઘથી ઝોકા ખાતો હતો, તેણે પેહલાંનો થોડોવાર, પેલા ચાપલુસીખોર વીદીઆરથીની ચાપલુસી સાભલી લીધી પણ પછે હનુ રહીને તેને પુછીઊં, " સાહેબ અમણાંજ તમોએ ફલાની વાત કીધી તે વાત તમો કહોછો કે ફલાણી ચોપડીમાંછે, તો મેહેરબાની કરી તે વાત આ ચોપડીમાંથી મહને દેખડાવો. " એ સવાલ સાંભલી વીદીઆરથી વધારે જોશમાં આવીઓ, તેના મનમા કે આ કોઈ ભોતછે, અને તેને શું આવડતું હશે, હું હમના એને પણ ઊલથાપ બતલાવીશ, પણ એવું અભીમાન રાખતી વેલાએ તેણે જરા પણ વીચાર કીધો નહી કે આ દેખાવે ભોત જેવોછે તે એક પંડીટછે. શીકશાગુરૂએ આપેલી ચોપડી લઈ થોડોક વાર સુધી પાના ઊથલાવીઆં પણ પેલી કહેવી વાત તેમાંથી નીકલી નહી તારે તેણે મનમાં વીચાર કીધોકે હવે તો રકાસ થાએછે અને આ ઓરતોની સાસું ફુલસું ઘણું જાએછે, તે ઊપરથી એક તાલ કરી એક બીજી જ ચોપડીનું નામ અડાવી દીધું અને બોલીઓકે " ના સાહેબ હું લગાર ચુકીઓ, એ વાતતો ફલાની ચોપડીમાંછે. " એવું બોલતી વેળાએ તેણે વીચાર કીધો કે એ ચોપડી એકાએક મલી આવવી મુશકેલછે, તેથી વાત ભરમમાં રેહેશે ને હું ફાવી જઈશ, પણ આ લોગમ પોરશન જેવો ખંતી શીકશાગુરૂ હતો, જેની પાસે બોગ ચોપડીએ તે ચોપડી પણ મલી આવી, ને આપીને તે બોલીઓ " હઓ સાહેબ મેહેરબાની કરીને તે વાત આમાથી બતલાવી આપો. " બતલાવે કાંહાંથી પોતેતો જુઠું અડાવી દીધેલું તેથી તેને અંતીશ શરમ લાગવા માંડી, તેનો આવો જરદ ચેહેરો જોઈ પેલી ઓરતો માહોમાહે હશવા લાગી, તારે, તે વીદીઆરથી ઘાભરો પડીઓ અને વલી એક જુદી જ ચોપડીનુ નામ દીધું કે " હવે મહને પકી ઈઆદ આવી એ વાત તો ફલાની ચોપડીમાંછે. " આ વેલા એ પણ તે વીદીઆરથીના મનમાં એવોજ વીચાર હતો કે તે ચોપડી મલી શકનાર નથી, પણ શીકશાગુ પોરશન પાસેથી તો તે ચોપડી પણ નીકલી આવી તે આરે વીદીઆરથી અચીત ઘભરાએઓ અને તુરત બુમ પાડી ઊઠીઓ કે " રાખ ગાડીવાન રાખ, આ જગા ઊપર એક માણશ પોતાના ગજવામાં એક આખું પુસતકખાનું ભરી લાવેઓછે, માટે મહને ઊતરી જવા દે. " આ પરમાણે જોઈએછે તો એ જુવાન, વીદીઆરથીએ માતર દેખાવ ઊપરથી શીકશાગુરૂ પોરશનને ઓલખીઓ નહી, અગર જો તેણે પેહેલાંજ ઓલખીઓ હોત.તો તે આટલી પોતાની બડાઈ કરત નહી, અને તેથી આટલી પોતાની ફજેતી કરત નહી. વલી આ નીચે દાખલ કરેલી એક વાત, ઊપરથી પણ માલુમ પડશે કે માણસો દેખાવ ઊપરથી કેટલો ભુલાવો ખાએછે.

કેહેછે કે પારીસ મધે સોલમા લુઈના રાજમાં બીજો જોસફ સાનશાહ પોતાનો વેશ બદલીને હંમેશાં ફરવા નીકલતો હતો. એક દીવશ બરી બામદાદના એ હાલે તે એક કાફી વાલાની દુકાને ગએઓ અને એક પીઆલું કાફી માગી. આ વેલાએ તેનો પોશાગ સાધારણ હતો, અને તે દેખાવ ઊપરથી શાનશાહ નહી પણ એક સાધારણ આદમી હશે એવું દેખાતું હતું, તે ઊપરથી તે કાફી વાલાના ચાકરે એ તેને ના પાડી કે " હજી તો સવારનું પોહોર પડી ઊંછે, એટલા વારમાં કાફી કાંહાંથી મલે જા, ફરીને આવ " આ પરમાણેનો તોછડાઈ ભરેલો જવાબ સાંભલી, શાહનશાહ પણ પોતાના મન સાથ વીચાર કરવા લાગો કે આ ચાકર જેવાએએ જે મહને આવો જવાબ દીધોછે તે મહને સાનશાહ સમજીને દીધો નથી, પણ કોઈ સાધારણ આદમી જાણી આવો તોછડો જવાબ દીધોછે. ખરેખર એ અને એવાજ બીજા દાખલાઓ ઊપરથી સાબેત થાએછે કે માણસો દે


ખાવ ઊપરથી ઘણાં ઠગાએછે. તેઓ ખરા ખોટાની અથવા સારાં નરસાંની પરીકશા કરતાં નથી, એ ખચીત દલગીરી ભરેલુંછે. વધારે દલગીરી ભરેલું એછે કે.એવી રીતે કોઈએક વરણ અથવા એક દેશના લોકો દેખાવ.ઊપર ભુલી ઠગાતાં નથી, પણ સઘલી વરણનાં અને સઘલાં દેશના લોકો એ પરમાણે ઠગાએછે.

---

## બચ્ચાં સાથે બચ્ચું થવું.

બાલકોને તરબીએત આપવાની બાબદમાં એક કરતાં વધારેવાર અને એક કરતાં વધારે ઠેકાણે લખએલું વાંચનારી બાનુંઓના જોવાનાં આવીઊં હશે. તોપણ એ બીના ઊપર હજુ માતાઓનું પુરૂં ધેઆન પુગું નથી એવું અનુભવ ઊપરથી માલમ પડેછે. માટે કદાચ જો એ વીશએ ઊપર હજુ વધારે લખેઆમાં આવીઊં હોએ તો તે તદન નકામુ થઈ પડનાર નથી. આપણ લોકોમાં આ એક સાધારણ કેહેવત થઈ પડીછે કે " બચ્ચાં સાથે બચ્ચું થવું " એ કેહેવત એવી મતલબ ધરાવેછે કે બચ્ચાંને કેળવણી આપતી વેલા જેમ બને તેમ ધીરા અને થંડા સવભાવે તેમને શીખામણ દેવી. બચ્ચાંને હરેક વાતનો ઊપદેશ કરતી વેલા, બચ્ચાંનાં જેવાંજ થવાની તથા બચ્ચાં એક મેક સાથે બોલે તેવીજ રીતે બોલવાની જરૂરછે. હાલ બચ્ચાંને તરબીઅત આપવાને માતરે બે ઊપાએ લોકોએ કામે લગાડેલા માલુમ પડેછે, તેમા એક એકે બચ્ચાંને મારેછે અથવા ધમકી આપેછે, અને બીજી રીત એછે કે તેમને ઈનામ અથવા બખશેસની લાલચ દેખાડેછે. પણ બચ્ચાંની તરબીઅતને માટે એક જુદો ઊપાએ કામે લગાડવો જોઈએછે, તે ઊપાએ એછે કે ધીરો અને થંડો સવભાવ, અને તે સાથે માએોઆ ભરેલા નરમ શબદો. માબાપો જોઈએતો બચ્ચાંને મુકી, તમાચા, ધમકા અને નેતર મારે; માબાપો જોઈએતો બચ્ચાંને કઠણ શબદોથી તથા ગુસા ભરેલા દેખાવથી શીખામણ દીએ, તોપણ તેની બચ્ચાંને કશી અસર થનાર નથી, ઘણે મારે અથવા ઘણે બોલે બચ્ચું ઢોખ થાએછે એ કેહેવતથી આપણા લોકો અણજાણાં નથી, માટે એવા ઊપાએને ઠેકાણે જો ધીરા સવભાવથી બચ્ચાંને સારી પેઠે સમજ પડે એવી રીતે તેમને બે સખુન કહેઆ હોએ તો તેથી એક ઘણીજ તાજુબી ભરેલી અસર બચ્ચાંના મન ઊપર થાએછે. કેટલાએક એમ સમજેછે કે બચ્ચું નાહાનું અને અનસમજુ હોએ તેવી વેલાએ કદાચ એવી રીતની તરબીઅત અસર ભરેલી ગણાશે, પણ તે બચ્ચું લગાર મોહોટું થઈઊં અને સમજતું થઈઊં એટલે ઘેવાનરમ શબદોની અસર તેના ઊપર મુદલ થનાર નથી. તો તે વાત મનજુર રાખી શકાતી નથી, જાંહાંવેર બાલક પોતાનાં માંબાપના આશરા હેઠલછે, તાંહાંવેર પછે તે ગમે એતલી ઊમરે પુગું હોએ, તો પણ તેના ઊપર માબાપોનો સઘલી પરકારનો અખતીઆરછે, પણ તે અખતીઆર માબાપો જો ઊપર જણાવેઆ પરમાણેની રીતે ચલાવે નહી તો પછે તેમા વાંક બાલકનો નથી.

બીજું બાલકોની તરબીઅતનો મુખીઅ આધાર બાપ કરતાં મા ઊપર વધારેછે. બાલક જેટલોવાર પોતાની માના અસતરગા રેહેછે એટલોવાર તેને પોતાના બાપ પાસ રેહેવાનો અવકાશ મલતો નથી, માટે જો માતા ચાહે કે પોતાનાં બાલકને સારી કેલવણી આપી હોશીઆર અને ચંચલ તથા રૂડી બુધીનું કરે તો તે સેહેલાઈથી બની શકેછે, અલબતાં એવી રીતે કરવાને માતાને લગાર અડચણ તથા અઘરૂં લાગશે તોપણ તેણીની પોતાનાં બચ્ચાં તરફની એક જરૂરની જે ફરજછે તે અદા કીધેલી કેહેવાશે. બાલકને બાલપણથીજ નકલ કરવાની ખાસીઅત હોએછે, તેથી જેવારે હરેક ચીજ (પછે સારી કીંવા માઠી) તેની નજરે પડેછે એટલે તુરત તે પરમાણે કરવાને તે બચ્ચું કોશેશ કરેછે, તેમજ હરેક માઠો અથવા સારો શબદ તેને કાને પડેછે એટલે તુરત તે શબદ ગોખી પાકે કરવાને ચુકતું નથી. અગર જો માતાઓ બાલકોની આ ઊમદા ખાસીઅતનો લાભ લઈ તેમને સઘલી પરકારે સુમારગ અને સુવાણીનું ગનેઆન આપવા માંગે તો ખચીત બેહદ ફાએદો થએઆ વીના રેહે નહી. હાલતો ચોમેર એવુંજ જોએઆમાં આવેછે કે હરેક વાતના કુથલા કરવામા અથવા હરેક કઢંગા શબદો બોલવામાં ઓરતો પોતે ઘણી આગેવાનછે, તો પછે તેઓ પોતાનાં બાલકોને તેથી ઊલતો ઊપદેશ શી રીતે કરી શકે. આટલી વાતનો ચોકસ થઈ ચુકીછે કે જાંહાંવેર ઓરતો પોતાની ઓલી, પોતાના ચાલુ રે



પીરૂ દેશમા સોનાંની ખાણ ખોદનારની ઝુંપડી

માહારા શેઠને ખુશી કરૂં, અથવા નથી માહારામાં એટ
લું કુવત કે જેમ બીજા મોહોટા કુતરા માહારા ધણી
ને જંગલી જનાવરોથી બનચાવી શકેછે તેમ હું તેને
બચાવી શકું; માહારે મનસે હુંતો એટલા સુધી એક
નકામું જાનવર થઈ પડીશું છું કે ડુકર વટીક કામ આ
વી સકેછે એટલું પણ હું કામ આવી શકતું નથી. તા
રે હવે માહારો ધણી જે મજ ઊપર આટલી બધી મા
એઆ રાખેછે, અને માહારા વીશે જે આટલો બધો
ખરચ કરેછે તેનો બદલો તે હું શી રીતે વાલી શકું?"
એટલું બોલીને પોતાની મુડી નીચી ઘાલી શોક ભરેલું
મુગું બેસી રહીશું.

પોતાના દીકરાને મોહોડેના આવા શબ્દુનો સાં
ભલી તે કુતરાની માએ તેને જવાબ વાલીઓ કે "બે
ટા તું કેહેછે એ સઘલું ખરૂંછે, અલબતાં તારામાં બી
જાં તેં જણાવેલાં જેવાં જનાવરોના જેટલી સકતી અ
થવા તેમના જેટલા ગુણ નથી તોપણ જો તું અંતકર
ણથી અને મન લગાડીને તારા શેઠને ઊપઓગી થવા
નો નીશ્ચએ કેરશેતો અલબતાં તું કોઈ પણ રીતે કા
મનો થશે જાંહાંવેર તારામા નીમખ હલાલી અને
એકીનદારીછે તાંહાંવેર તું નીર ઊપઓગી અથવા ન
કામું જાનવર નથી એવું તેં ચોકસ ઈઆદ રાખવું.
જાંહાંવેર અને જેટલી તારીથી બને એટલી કોશેશ ક
રીને તું તારા શેઠને ઊપઓગી થવાની તજવીજ કર
એટલે તું બેશક તારા શેઠને અગતીઅનો થઈ પડવાનો."

આ પરમાણે તે કુતરાને દીલાશો મલીઆથી
તે અતીશએ ખુશી થઈ ગએઓ, અને જેવો તેનો ધ
ણી ઘેર આવેઓ એટલે તે તેની સામુ દોડી ગએઓ
અને તેના હાત પગ ચુસવા લાગો તથા ઓણી ગમથી
પેલી ગમ કુદકા મારી તરેહવાર ગમત કરી પોતાના
ધણીને ખુશી કરવા લાગો. ધણી તે કુતરાના એવા
ચાલા જોઈ ખુશી થઈ બોલીઓ કે "શાબાશ કુતરા,
તું ખરોજ પરમાણીકછે." એમ બોલી તે તેને પસવા
રવા તથા કુદાવા લાગો. એટલું થએઆબાદ એ કુત
રો પોતાના શેઠનો એક રોજીંદો સાથી થઈ પડીઓ,
તે હમેશ પોતાના શેઠ સંગાથે હર કોઈ ફરવા અથવા
બાહાર જવા લાગો, અને વાટમા ચાલતાં તે તરેહવાર
ગમતો કરીને પોતાના શેઠને હંમેશાં ખુશી કરીઆ ક
રતો હતો. આ પરમાણે વાટમાં ચાલતાં તે તરેહવાર
ચાલા કરતો હતો, તોપણ તે કોઈબી રીતે પોતાના ધ
ણીને કંટાલો આવે એવી ચાલ ચલાવતો નો હતો
તે જેવારે પોતાના ધણીની પડોસમાં જતો અથવા તે
નાં દીલ ઊપર લાડથી કુદતો તે વેલા તે સારી પેઠે સ
ભાલ રાખતો કે તેના પગ ખરડેલા ન હોએ કે જેથી
તેના શેઠનાં કપડાં ખરડાએ. વલી તે પોતાના શેઠ
નાં કેટલાંક નાહાનાં નાહાનાં કામો કરવાની પણ ખટ
પટમાં પડવા લાગો, ચલીઆં વારંવાર ઓરડામા આ
વી અનાજ વગેરે ઊંચકી જતાં હતાં તેને, તથા કોઈ
પારકાં મરઘાં આવી ઘર માહેલાં મરઘાનાં દાના ખા
ઈ જતાં તો તેમનો એ કુતરો સારી પેઠે અટકાવ કર
તો. અગરજો પોતાના ધણીની વાડીમાં કોઈ અણ
જાણીશું માણસ દાખલ થતું તો તુરત પોતાથી પડા
તી એટલી બુમ પાડી તુરત બીજા મોહોટા કુતરાને ચે
તવણી આપતો અગરજો પોતાનો ધણી પોતાના
માણસો સાથે કોઈ કામ કરવા ગુતાતો અને તેવી વે
લાએ જો તે પોતાના કપડાં ઊતારી એક મેરે મુકતો
તો એ નાહાનો કુતરો ગુપચુપ જઈને તે કપડાં સાચ
વવા તેની પડોસમાં બેસતો અને કોઈને તેને હાત લ
ગાડવા દેતો ન હતો. આવી તેની ચાલ જોએઆથી
તેના ધણીનો હવુ હવુ તેના ઊપર વીશવાસ પુરતો બે
સતો ગએઓ.

એક વેલા એ કુતરાનો ધણી ઘણો બીમાર થ
એઓ હતો અને તેથી તે બાહાર નીકલતો ન હતો,
તારે એ કુતરાએ એવી ચાલ પકડી કે તેના ઓરડા
ના બારણાં આગલ તે આખો દાહાડોને રાત બેસી
રેહેતો, તે એટલે સુધી કે જમવા ખાવા પણ તે તે જ
ગા છોડતો ન હતો. એમ કરતાં તેનો ધણી લગા
ર હોશીઆર થએઓ અને તેનામા ઊઠી બેસવાની
શકતી આવી એટલે તે તુરત દોડતો ઓરડામાં પેઠો
અને જઈને પોતાના શેઠની આશપાસ એવી રીતે ત
ફરી વલીઓકે જોનારાઓને એવુંજ લાગું કે એ કુત
રો પોતાના બીમાર ધણીની ઘણાજ પીઆરથી મુલા
કાત લીએછે. એક દાહાડે એવું બનીશું કે એ કુત
રાનો ધણી બપોરનું ખાનું લઈને આરામ કરવાને,
જરા એક ઓરડામા સુતો હતો, જે વેલાએ એ કુત
રો પણ તેની પડોસમાજ બેસી પોતાના ધણીની ચો
કી કરતો હતો. એવાએક ભીતમાથી કેટલુંક મટોડું
તથા કાકરા ખરી પડવા લાગા, અને ઓરડાની દે
વાલ હીલતી કુતરાને માલુમ પડી, તે ઊપરથી એ

કુતરાએ જાણીઊં કે એ ઘરનો ઓરડો ઘણો જુનોછે અને આ પરમાણે દેવાલ હાલેછે તેથી કદાચ તે પડશે તો આ માહારા ધણીને કચરી નાખશે માટે હું એને સુનાગરૂ કરૂં, એવા ખીઆલથી તેણે ખુબ જોરથી ભસવા માંડીઊં, પણ ધણી ભર હુંગમાં પડેલો તે જાગીઓ નહી તારે તે કુતરાએ તેના પલંગ ઊપર કુદકો મારી તેની એક આંગલી લગાર કરડી કે જેથી તે ઘભરાઈને જાગી ઊઠીઓ, અને ઊઠતાંજ તેને તુરત જ જણાઈ આવીઊં કે એ ઓરડામાં કાંઈ હરકત જેવું લાગે છે, જેથી તે તુરત બાહાર નીકલી પડીઓ, અને બીચારો તે કુતરો બાહાર નીકલેછે તેટલાં તે ઓરડો તુટી પડીઓ, જેથી કરી તેનાં શરીરને થોડુંક નુકશાન થઈઊં, પણ તે ઊપર પેલા ધણીએ પાછલથી એટલી તો માવજત લીધી કે થોડાજ દાહાડામા તે કુતરો પાછો સાજો થઈ ગએઓ. આ છેલા બનાવ ઊપરથી પેલા ધણીને કુતરા ઊપર એટલીતો માએઆ અને રેહેમ વધી કે જેટલી માએઆ તે ધણી ઘરમાનાં કોઈ બીજાં માણસો ઊપર કરતો ન હતો.

**સારાંઊશ** આ વાતમાથી એવું એક તાતપરીઅ અથવા મતલબ નીકલેછેકે હલકામાં હલકું અને નીચામાં નીચું માણસ પણ મોહોટામાં મોહોટાં માણસને કોઈ પણ રીતે કામ લાગી મદદ કરી શકેછે. હલકા અથવા ઊતરતાં માણસોથી જારે પોતાના કોઈ ભલું ચાહાનારનો બદલો વાલી શકાએ નહી તારે તેઓએ નાહીમત થવું જોઈતું નથી, પણ આ નાહાના કુતરાનો દાખલો પકડી જેમ બને તેમ પોતાના દેણદારનું દેવું અદા કરવાને બનતી કોશેશ કરવી, અને મન લગાડી તેની સેવા કરવી એટલે તેનું દેવું પોતાની મેલે અદા થાએછે.

---

## જાણવા જોગ ખાબરો.

**ડાકટર જાનસોન** વીશે એવું જણાવીઆમા આવી ઉછે કે એ ઘણી સચાઈનો એવોતો સાખી હતો કે તે કદી જુઠું બોલતો ન હતો એટલુંજ નહી, પણ તે પોતાના મીતરોને પણ વારેવાર એજ ઉપદેશ કરતો હતો. એક દાહાડે એક કુલવાંન ઓરતે આ ડાકતરને પુછીઉં કે "મોહોટા લોકોની ટેબલ ઉપર બીજા ઘણા જણાઓને ઇજન કીધામા આવેછે અને તારા જેવા ડાકતરને કોઇ નોતરતું નથી એનું કારણ શું?" અલબતાં એ સવાલનો ખાતરી ભરેલો જવાબ જે ડાકટર જાનસને વાલીઓ હતો તે બેશક વાજબી હતો, ડાકટરે જવાબ દીધો "બાઇ તું જે કારણ પુછેછે તે હું તો કાંઇ જાણતો નથી પણ કદાચ એવું લગે કે મોહોટા બડે સાહેબોને ખુશામદ તથા તાડપર મઢાવનાર લોકોની જરૂર હોએછે જે હાજત મન સરખાથી પુરી પાડી શકાએ નહી, તો પછે મન સરખાઓને નોતરા દેવાની જરૂર શી? બીજુ બડે સાહેબો આગલ જઇ બેઠાતો તેઓ આગલ કાંઇપણ ગામ ગપાટા મારવા જોઇએ, કંઇપણ વાત પછે બની હોએ ઇચ્યા નહી, તોપણ બાલતુંજ કાંઇ અડાવી દઇ બડેસાહેબોનો જીવ રાજી રાખવાની પેરવી કરવી જોઇએ, જે સઘલું માહારાથી બની શકે નહી. માહારોતો એજ સવભાવ કે જે વાત કરવી તે બનેલી હોએ અને કરવા જોગ હોએ તે કરવી, પછે જોઇએતો તેવી વાત બડે સાહેબોને પસંદ પડો ઇચ્યા ના પડો."

---

**માતાની શીખામણ ઊપર બાલકનું ભોલું મત**—એક વેલાએ એક ઓરત પરવારતી બેઠી હતી તારે તેણીએ વીચાર દીધો કે બીજી પરવારતી ઓરતોની પેઠે આ નવરાશનો વેલ લોકોનાં કુથલા કરવામા રોકું તે કરતા બેહેતર એકે બાલકોને પાસે બોલાવી બે રૂડા વચનો તેમને કાને નાખુ. એવા વીચારથી એક છોકરાને પાસે બોલાવી મા બોલી કે "જો બા ખોટાથીડરીને ચાલીએ, જુઠું બોલીએ નહી, મોહોડાંમાથી ખરાબ સુખન બોલીએ નહી અથવા સોગન ખાઇએ નહી, એવી પરમેસવરની આગીનીઆ છે, જે એથી ઉલટા ચાલશે તેને સવરગ મલનાર નથી." એટલુ સાભલતાંજ બાલકે ભોલાઇમાં જવાબ દીધો "એમ છે માજી, તારે શું માહારા બાપને સવરગ મલશે નહી, કાએકે તે તારા કહેઆ પરમાંણે તો ઇશવરની આગીનીઆથી ઉલટો ચાલી તુંને હમેસા ગાલો દીએછે, તથા કેટલીએક વેલાએ કોઇ પારકું માણસ આવેછે તારે તે પોતે ઘરમાં છતાં જુઠું કહેવાડેછે કે ઘરમા નથી."

---

**કામમાં ઢીલ**—જે કામ આજે થાએ તે કાલ ઉપર રાખવું નહી એવી એક કેહેવત જે આપણા લોકોમાં ચાલેછે તે જો પણ ઘણી વાજબી અને ફાએદા ભરેલીછે, તોપ

ણુ ભાગ્યેગે સેંકડે દસ જણા એ કેહેવત ઉપર અમલ કરતાં હશે. શીકંદર બાદશાહને એવો સવાલ પુછવામાં આવ્યો કે તેણે ઘણી ટુક મુદતનાં અંદર આટલી બધી ફતેહ થી રીતે મેલવી? તારે તેણે જવાબ દીધો કે " જે કામ આજે થઈ શકતું હોએ તે આજેજ કરવું અને તેને કદી કાલ ઉપર રાખવું નહી એવો પકો ઠરાવ કરીને હું માહારાં કામ ઉપર લાગો હતો તેથી જેટલું બનતું ગઈઉં તેટલું દરરોજ કરતો ગએઓ તેથી કરી થોડા વખતમાં ઘણું કામ થએલું માલમ પડેછે. " બોનાપારટ, સીજર અને એવાજ બીજા નામાંકીત પુરૂશો વીશે પણ એવું જણાવીઆમાં આવીઉંછે કે તેઓ પણ એજ કેહેવત ઉપર અમલ કરતા હતા જેથી તેઓ પોતે ધારવીઆ કરતા વધારે કામો ટુક મુદતમો કરી શકતા.

---

**શુકશમ દરશક ઈંઅંતરની** મારફતે જે તરેહવાર આજાએબી ભરેલી શોધો કીધામાં આવીછે, તે મલતી એવી શોધ કીધામાં આવીછે કે પાણીનાં માતરે એક ટીપામા ૩૦૦૦૦ જીહીણાં જનાવરો જોવામાં આવેછે. આ પરમાણે જોતાં દર માણુસ, પછે તે ગમે એટલો ફાંકો રાખે કે તે જનાવરોનો ખોરાક લેનાર નથી, તોપણ તે દરરોજ લખો જીહીણાં જનાવરોનો ઉપર જણાવેઆ પરમાણે ભખશ કરેછે.

---

**એક સમએ એક ઔરત** પોતાની એક સહીને કેહેવા લાગી કે " હું અને માહારો વર એ બએ જણાં એક સરખાજ મીજાજનાં છઇએ, તથા જે કાંઈ કરવાની એકની મરજી થાએછે, તેજ કરવાની તુરત બીજાની મરજી થાએછે એટલું છતાં અમો બએ જણાં હંમેશાં એક એક સાથ વડીઆ કેમ કરીએ છઇએ તેની મહને સમજ પડતી નથી, જેએક દાખલા તરીકે હું કહુંછું કે માહારો વર એમ કેહેછે કે ઘરનો ધણી હું, હું જે ઘરમાં કરૂં તે ખરૂં, અને તેમજ હું પણ કહુંછું કે ઘરની ધણીઆની હું અને હું જે ઘરમાં કરૂં તે ખરૂં. " એનો જવાબ તેની શહીએ કાંઇ બરાબર વાલીઓ નથી તો પણ આશાછે કે આ ચોપાનીઉં વાંચનાર બાઇઓને એનો જવાબ દીઓછે તેની સમજ પડી હશે.

---

**માએ અવે હું ચોકરાં નહી પેહેરૂં**—આપણાં લોકોની બાણુંઓમાં ચોકરાં પેહેરવાની રેવ એટલી તો ફેલાઇ ગઈછે કે ચોકરાં પેહેરનારીઓ પોતાનો આખો કાન બરાઇ જાએ એટલાં ચોકરાં પેહેરેછે તોપણ તેમનો છેવં ધરાતો નથી, પણ તેવી બાઈઓને જણાવવાની રજા લીધામાં આવેછે કે આગલા વખતમાં ઇઆહુદીઓ તથા આરબ અને કેટલીએક બીજી ગનેઆતના લોકોમાં એ ચોકરાં પેહેરવાની ચાલ હતી. એ લોકો પોતાના ગોલામોના કાન વીંધાવતા તે એવી મતલબથી કે તે ગોલામછે એવી રીને ઓલખાઈ આવે. તારબાદ પાછલથી તે વીંધેલા કાનોમાં કડી પેહેરાવવાની ચાલ નીકલી તે એટલાં મારે કે તે વીંધેલા કાન જાવેદાન તુલક રેહે, અને તેથી તે વીંધેલા કાનવાલું આદમી એક ગોલામ દાખલ પેહેડી દર પેહેડી ઓલખાએઆ કરે. તારપછે એ કડી નીકલી જઈ હાલ જમાને કેટલેએક ઠેકાણે ચોકરા થઇ પડીઆછે, અને ચોકરાં પેહેરનારીઓ તો એમજ સમજેછે કે આભુશણ દાખલ ચોકરાં પેહેરીએ છઇએ. પણ તેવી બાઈઓ જારે ઉપલી હકીકત જાણશે તારે સમજશે કે ચોકરાં અથવા કડી જે કાનમાં પેહેરીઆમાં આવેછે તે અભુશણ દાખલ ઉતપન થએઆ નથી પણ ગુલામગરીની નીશાની દાખલ ઉતપન થએઆંછે. પછે હાલ ગમે એવી રીતે લોકો તેનો અરથ લીએ.

---

**મેકશી મીસીઅન** શાનશાહ પાસે એક દીવસે રશતામાં એક ફકીરે કાઈ ભીખશા માંગી, જે ઉપરથી તે શાનશાહે તેને થોડાક પઈસા આપીઆ, તે થોડા પઈસા લઈ પેલો ફકીર બોલીઓ " સાહેબ એક બાદશાહ દાખલ તમોએ જે ભીખશા આપીછે તે બહુ થોડીછે. " બાદશાહે જવાબ દીધો " ખરી વાતછે, પણ જો એજ પરમાણે બીજાં સઘલાં માતબર લોકો જો તને થોડા થોડા પઈસા આપે તો તેથી શું થાએ તે તને ખબરછે! તેથી એવું થાએ કે તું મારા, અને તેવાં બીજાં દોલતમંદ લોકો કરતાં વધારે પઈસાદાર થઇ જાએ. "

---

**આમેરીકા મધે** એક ખેડુતને તાંહાં એક સીદી ચાકર હતો, જેને તે ખેડુત ઘણોજ ચાહાતો હતો. એ ચાકરનું કામ એ હતું કે જારે તેનો શેઠ જમવા બેશે એટલે તેની આગલ ઉભો રહી તેની હાજતો પુરી પાડવી. એ ખેડુતમાં એવી ચાલ હતી કે તે જમતી વેલા, તથા બીજી કેટલીક નજીરી વાતોમાં તે વારેવાર પરમેશવરનું નામ બોલીઆ કરતો હતો. એક સમએ એવો બનાવ બનેઓ કે તે ખેડુતે કોઇ નજીવાં કારણસર બેચાર વાર એકદમ ખોદાનું નામ અમસથું લએઆ કીધું જે વેલાએ પેલો સીદી ચાકર

આગલ હાજર હતો, તે આવી રીતે ઇશવરના નામનો ખોટો ઉપીઓગ સાભળતાજ મોહોડું કચવાવી નીચે મોહોડે ઉભો રહેઓ જે ઉપરથી પેલા ખેડુતે તેને પોતાનુ મોહોડું કચવાવાનુ કારણ પુછીઉ, જેનો જવાબ સીદીએ હીમતથી વાલીઓકે " સાહેબ તમો આજેજ નહી પણ હમેશા ઇશવરનું નામ અજસથુ લએઆ કરોછો એ ઠીક દીસતુ નથી," પછેતો જેમ મરછ. ચાકર જેવાને મોહોડેથી આવા ભકતીમાન વચનો સાભનેઆથી પેલા ખેડુતને એટલીતો અસર થઇ કે તેણે તે દાહાડા પછે કધી ઇશવરનુ નામ નકામુ વાપરીઉ નહી

આપણા લોકોમા પણ એવા ઘણા માણસો મલી આવશે, જેઓ નજીવી બાબદોમા હમેશા ઇશવરનું નામ વાપરે છે એવા લોકોને પણ જો કોઇ ઉપલા સીદી જેવો નીરદોષ ઉપદેશક મલી આવેતો ઠીક થાએ.

---

**વાંચવા લાએક શવાલ જવાબ**—જુનામા જુનું આાજ કોણ મલી આવશે ? કોઇ નહી, પણ એક ઇશવર, એજ હમેશ અને સદા મલી આવનારછે.

સુદરમા સુદર કઇ ચીજછે વારૂ ? આપણે વસીએ છઇએ તે જગત, એના કરતા શુંદર બીજું કાઇ નથી, સબબ એ ઇશવરની પોતાની પેદા કીધેલીછે.

મોહોટામા મોહોટું શું મલી આવશે વારૂ ? આપણી દુનીઆ, સબબ કે એ એટલીતો મોહોટીછે કે દરરોજ હજારો પરાણી તથા બીજી હજારો વસતુ ઉતપન થાએછે, તે સઘના એમા સમાઇ જાએછે, અને વલી જારે જોઇએ તારે જગા ખાલીને ખાલીજ.

માણસ સદા કઇ ચીજ રાખી શકેછે ? આશા સબબ કે માણુસ પોતાનું સઘળું અને તમામ વીત ખોઇ બેસતા છતા હરેક બાબદની ફકત આશા રાખી શકેછે.

ઉમદામા ઉમદા કહી ચીજછે ? નેકી, કાએકે આ દુનીઆમા અને તેમજ પેલી દુનીઆમા નેકી જેવો બીજો ઉમદા ગુણ કોઇ ગણાતો નથી,

ઘણી જલદી અથવા રોડ શામાછે ? વીજલીમા વારૂં ? ના, એના કરતા પણ આપણા વીચારોમા વધારે જલદીછે, શા માટે કે એક પલના અંદર લાખો માઇલ વેગલાઇ ઉપરની ચીજ વીશે તે વીચાર કરી શકેછે.

સઉથી જોરાવ કઇ ચીજછે ? ગરજ સઉથી મોહોટીછે, ગરજ આગલ માણસો લાઇલાજ થઇ જાએછે. ગરજથી માણસો સકટ અને જમોની સામે છાવ નાખતા જાએછે

સઉથી સેહેલી ચીજ શીછે ? કોઇ પારકાને શીખામણ દેવી ઘણી સેહેલીછે, એના કરતા વધારે સેહેલું કામ આ દુનીઆમાતો ખચીત નથી

સઉથી મુશકેલ ચીજ શીછે વારૂં ? માણુસ પોતે પોતાને જુએ એ સઉથી મુશકેલ ચીજછે

---

**મોટા બાવાની શીખામણ**—દીકરા તુ જારે કોઇ મજલસમા, અથવા કોઇ આગલ કાઇ બોલવા માગે તારે પેહેલા જરા વીચાર કરજે, વીચાર કીધા બાદ શી બાબદ બોલવીછે, અને તે કોણ વીશેછે, અને તે કોણ આગલ બોલવીછે, તે ઉપર ખુબ બારીકીથી નેગાહ પોહોચાડજે. જો આટલી ટુક શીખામણો ઉપર તુ ધેઆન નહી પોહોચાડીઉ તો ઇઆદ રાખજે કે કોઇ દાહાડો તું પોતા ઉપર મોહોટી બલા ખેંચી લેશે.

---

**બંદગીમાં ખલલ નહી જોઈએ**—જો આપણો એક મીતર પરદેશ ગએઓ હોએ, અને તેના ઉપર લાબા દાહાડા સુધી આપણે કાઇ કાગલ પતર લખીઉ ન હોએ, અને પછે રહી રહીને જો તેને કોઇ દાહાડે ઇઆદ કરી એકાદ કાગલ લખવા બેઠા, તો તે બનતું નથી—કાગલ લખતા લખતા તરેહવાર વીચાર ઉતપન થાએછે, પેહેલાતો લખવી વાત ભારે પડેછે કે રહી રહીને તે કીએ મોહોડે કાગલ લખુ. તેજ પરમાણે જો બંદગી કરવામા ઢીલ કીધી અને વચમા દાહાડા પાડીઆ તો પછે તેનુ પાકું બંધાણ થઇ શકતુ નથી.

---

**વગર પઇશાની દવા**—ગઉટના મરજ વાલાએ પરેજી ઘણી કરવી, કેરી વરાલમા પાણી, અને પોસણ કરનાર ખોરાકમા લુ જેલુ ગોશ, જો એ પરમાણે કરી કીધીતો ગઉટ પોતાની મેલે દફે થવાનો.

**દાહાડનાં દુખવાલાંને** ચોહેતો ઉપાએ એકે જે દાહાડ અથવા દાત કલતો અથવા દુખાતો હોએ તે જો બનેતો પારી નાખવુ, એટલે પેહેલા જરાવાર લગાર દુખ ખમવું પડશે પણ પડીઆ પછે કાઇ લાગવાનુ નથી.

**જેને પગે આંટન** ઘણા પરતા હોએ તેણે એશાકો અને ઉડાવ જોરાને ઠેકાણે બેકા પંજાનો લગાર ઢીલો અને રમતો જોડો પેહેરવો. આ ઉપાએ ઉપર બે અથવા તરણ આંગલના અને છણી ચાયતા પંજાની સપાટ પેહેરનાર ઓર તનું ધેઆન પુગવું જોઇએછે.

**જેને બરાબર ભુખ** લાગતી ન હોએ તેણે જમવાની અગાઉ ખુલી હવામા પગે ચાલીને લગાર ફરી આવવું, એટલે આપોઆપ સારી ભુખ છુટશે.

**જેને ખાધેલું જરતું** ન હોએ તેણે ખાધા પછે ઉપર જણાવેઆ પરમાણેજ ખુલી હવામા લગાર ફરી આવવુ એટલે ખાધેલું જરી જશે, જો એથી ખાધેલું જરે નહીતો બીજો મેહેતો ઉપાએ એછે કે ખાધાનું ઓછા કરવુ, આખા દાહાડામા માતરે એક અથવા બેજવાર માફકસર અને તરદુદથી પકાવેલું જમવુ

---

**ડાયોજીનીસ** કેહેછે કે "તમારા દોસતદારોમા ખુશામદીઆ અથવા તાડ ઉપર ચહડનારને તમો ઘણો બઅકાર તથા જોખમ ભરેલો સમજજો, તેમજ જે ઘણી તમારી આંગલ આવી કોઇ બીજાની નીંદા કરતો હોએ તેને ફાડી ખાનાર જનાવર જાણજો," એ બપેના આવા ગુણ સાભલી કોણ એઓને પોતાની પાસે ઉભા રાખનાર વારૂ? જેઓ એવા બએઅકાર અને ફાડી ખાનારને પોતાના મીતર સમજી પેતાની જોડે રાખેછે તેઓ હાતે કરી પોતાના પગમા કોહાડી મારેછે એમ સમજવું.

---

**લારડ બેકન**—જણાવેછે કે જેમ ઉમદા ફુલનો પખશીઓ નાશ કરી નાખેછે તેમજ બદગોઇ અથવા નીંદાથી સારા અને બકતીમાન લોકોની ખરાબી થાએછે

---

**વરાલ ઈઆંતરનું બલ**—આગલા વખતમા એક રતલ રૂ માથી માતરે ૧૦૮ વાર દોરો વણી શકાતો હતો, પણ પાછલથી વણવાના કામમાં વરાલ ઇઆતરનો ઉપીઓગ કીધાથી એક રતલ રૂ માથી ૧૬૭ માઇલ લાબો દોરો વણી શકાએછે

---

**૬૬ વરસની ઊમરે પોહોચેલા શખશે પોતાને માટે કરેલા ઠરાવો**—કોઇપણ માણસ શંગાથે કઇપણ બાબદસર ગુસસે થવું નહી, કારણ કે ગુસસો જે છે તે બેવકુબીની નીશાનીછે એટલુ જ નહી પણ તેથી આપણે થોહોક વાર સુધી ઘેલા થએલા જેવા થઈ જઇએછે, અને એ ગુસસાના જોરમા આપણે કોઇ બીજાને નુકશાન કરવા જતા આપણ પોતા ઉપરજ દુખ ખેચી આણીએ છઇએ. આપણ વારે ઘડીએ લોકો ઉપર ગુસસે થઇ કાઇ બીગાડ કરીએ છઇએ જેને માટે પાછલથી આપણે પસતાવો કરી બીજા ઉપર જેટલા ગુસસે થએઆ હોઇએ છઇએ તે કરતાં પોતા ઉપર વધારે ગુસસો ભરાઇએ છેઇએ.

૨—કોઇબી વેલાએ પાજી થવું નહી અથવા સંતોશ છોડવો નહી, કારણ કે એથી કરી આપણી હલકાઈ અને આપણુ નાહાનુ મન માલમ પડી આવેછે.

૩—સઘળા માણસો સંગાથે નમનતાઇથી ચાલવુ. તથા જેઓ આપણી સામા શતરૂ દાખલ વરતવા આવે તેને શાત અને ધીરા સવભાવથી દુર કરવા, જો તેઓ સાથે બરોબરી કીધીતો તેમના કરોધમા વધારો થઇ પડવાનો.

૪—જારે આપણી કાંઈ ચુક આપણને માલમ પડે તારે તે સુધારવાને માટે વીચાર કરવા કરતાં તુરત તે સુધારવાને બને તેટલી મેહેનત કરવી, અને એટલોતો મજબુત ઠરાવ કરવો કે જાંહાવેર તે ચુક સુધરે નહી, તથા ફરીથી એવી કોઈ ચુક થશે નહી, એવી ખાતરી થએ તાહા સુધી તેની તેજ ચુક સુધારવાની કોશેસ જારી રાખવી.

૫—આ ઉપલા ઠરાવો દરરોજ સાહવારનાં પોહોરમ એબાદત કીધાની અગાઉ હું વાચતો હતો, અને એ ઠરાવોની સરતે ચાલવાને હું હરદમ કોશેસ કરતો હતો.

---

**ઓરતોમાં એક સાધારણ ખુબી**—લેડઈઆરડના મનો એક નામીચો મુસાફર એવુ કહી ગએોછે કે સઘળા દેશોની ઓરતો સાહલેસ, માએઆળુ અને એહેસાનમંદ હોએછે. હેનમારક જેવુ દેશ કે જાંહાના લોકો પારકાઓની કશી બરદાસત લેતા નથી તાહા હુ ભટકેઓ છઉ. લેપલેંડ, ફીનલેંડ, તથા તારતરી જેવાં જંગલી દેશોમા મેં મુસાફરી કીધીછે અને એ મારી મુસાફરીમા જારે હું ભુખો અને તરસીઓ હોઉં અથવા ગરમીની તથા ઠંડીની અસરમા હોઉં તેઆરે ઓરતો મારી હમેશ સારી પેઠે બરદાસ લેતી હતી. અને વળી બીજું શુ કે તેઓ એવીતો માએઆ અને સાલસાઇથી મેહેરબાની કરતી હતી કે, જો હું પાણી પીઉંતો તે પાણી મને મીઠું મધ જેવુ લાગે, અને જો ભુખો હોઉ તો સઉથી જાડો રોટલો મને સારી પેઠે સવાદ આપે.

---

## ભણવાના ઊપદેશનો ગરબો.

"મારી માત બહુચરારે લોલ" એ રાગનીછે.

ભણો ભલી ભાતથીરે લોલ ॥
રૂડે રલીઆતથીરે લોલ ॥
સખી સઘાતથીરે લોલ ॥ ભણો ભલી ભાતથીરે લોલ ॥૧॥

ભણીઆથી ભલુ થયેરે લોલ ॥
મુરખતા મટી જાયેરે લોલ ॥
હઇઆમાં ભરી હયેરે લોલ ॥ ભણો ॥ ૨ ॥
શીખામણ સાભળીરે લોલ ॥
કુટેવ જાયે ટળીરે લોલ ॥
વીવેક વધે વળીરે લોલ ॥ ભણો ॥ ૩ ॥
ભાવેથી ભણો ગણોરે લોલ ॥
તેથીના તમો તણોરે લોલ ॥
સુધારો થશે ઘણોરે લોલ ॥ ભણો ॥ ૪ ॥
ભણીઆ વીના ભામનીરે લોલ ॥
ગધી જેવી ગામનીરે લોલ ॥
કહો શા કામનીરે લોલ ॥ ભણો ॥ ૫ ॥
કહુ વળી કાનમારે લોલ ॥
અવગુણ અગનાનમારે લોલ ॥
સમજો સાનમાંરે લોલ ॥ ભણો ॥ ૬ ॥
મુરખ મન મેલમારે લોલ ॥
ફરે ફંદ ફેલમાંરે લોલ ॥
જુઓ જાઇ જેલમારે લોલ ॥ ભણો ॥ ૭ ॥
ભરે ભણવા જાયેરે લો__ ॥
કુપંથ નથી કશેરે લોલ ॥
થતાં સુખીઓ થયેરે લોલ ॥ ભણો ॥ ૮ ॥
વીદીઆગુણ વ્યાપયેરે લોલ ॥
કુટીલતા કાપયેરે લોલ ॥
અધીક સુખો આપયેરે લોલ ॥ ભણો ॥ ૯ ॥
એવું જાણી આપથીરે લોલ ॥
પાછા ફરો પાપથીરે લોલ ॥
ઉદીઓગ અમાપથીરે લોલ ॥ ભણો ॥ ૧૦ ॥
ધરમ મનમાં ધરોરે લોલ ॥
કરમ શુધ જે કરોરે લોલ ॥
પરમ પદ પરવરોરે લોલ ॥ ભણો ॥ ૧૧ ॥
ભજો ભગવાનનેરે લોલ ॥
તજો અભીમાનનેરે લોલ ॥
શજો શુભ ગનાનનેરે લોલ ॥ ભણો ॥ ૧૨ ॥
ભણી ભરતારમાંરે લોલ ॥
પીઆરી રહે પીઆરમાંરે લોલ ॥
સુખે સંસારમાંરે લોલ ॥ ભણો ॥ ૧૩ ॥
લડાઇ લડે નહી રે લોલ ॥
કુભણદ કહી કહીરે લોલ ॥
મોંઘી મીજાને ચહીરે લોલ ॥ ભણો ॥ ૧૪ ॥
ચોખ્ખી નીત ચીતથીરે લોલ ॥
રહે સતી રીતથીરે લોલ ॥
પરણુ ભજે પરીતથીરે લોલ ॥ ભણો ॥ ૧૫ ॥
છકે નહી છંદમાંરે લોલ ॥
ઓપે આનંદમારે લોલ ॥
ફસે નહી ફંદમારે લોલ ॥ ભણો ॥ ૧૬ ॥
સદા સંતોશથીરે લોલ ॥
રહે નહી રોશથીરે લોલ ॥
ડરે દીલ દોશથીરે લોલ ॥ ભણે ॥ ૧૭॥
સાસરીઉં શોભાવશેરે લોલ ॥
એવા ગુણ આવશેરે લોલ ॥
ભરતારને ભાવશે રે લોલ ॥ ભણો ॥ ૧૮॥
ભલી હોય જો ભણીરે લોલ ॥
તારીફ ઘણી તે તણીરે લોલ ॥
ગુથે ગરંથમાં ગણીરે લોલ ॥ ભણો ૧૯॥
ઘણો જસ જામશેરે લોલ ॥
વીપતથી વીરામશેરે લોલ ॥
પુરા સુખ પાંમશેરે લોલ ॥ ભણો ॥ ૨૦॥
સીધે પંથ સંચરેરે લોલ ॥
દુરાચારથી ડરેરે લોલ ॥
સાસુની શેવા કરેરે લોલ ॥ ભણો ॥ ૨૧॥
વધે લાજ લોકમાંરે લોલ ॥
મ્હાલે વાત ચોકમાંરે લોલ ॥
થતા જન થોકમાંરે લોલ ॥ ભણે ॥ ૨૨॥
લેખણ ખડીઓ લઇરે લોલ ॥
નીશાળે નીત જઇરે લોલ ॥
થશે ધીર તીઆ થઇરે લોલ ॥ ભણો ॥ ૨૩॥
મેહેતાજીનું માનથીરે લોલ ॥
કથન શુણી, કાનથીરે લોલ ॥
ધીરે એક ધીઆનથીરે લોલ ॥ ભણો ॥ ૨૪॥
રમાપતી † રીઝશેરે લોલ ॥
ખોટામતી ખીજશેરે લોલ ॥
કહી થાકી જશેરે લોલ ॥ ભણો ॥ ૨૫॥
ગોરી સહુ ગાંમનીરે લોલ ॥
સુણો કાવીઅ કામનીરે લોલ ॥
દલપતરામનીરે લોલ ॥ ભણો ॥ ૨૬॥

† દુનીઆની દોલતનો પતી એટલે પીઆ.

# સ્ત્રીબોધ.

પુસતક ૨ જું    નવેંબર ૧૮૫૮    આંક ૧૧ મો.

## લાચોકીવાલી ઓરેત.

"શદગુણી બઈરી કોહાને મલે? શદગુણી બઈરીની કીંમત માણેકના કરતાં પણ વધારેછે.

હીઊબરટ નામે એક જુવાન પુરૂશ હતો. તે મજબુત અને ખુબશુરત હતો, પણ જુવાની અને મજબુતી શીવાએ તેની પાશે બીજી કાંઈ પુંજી હતી નહીં. તેહેના બાપની પાશેથી વારશામાં મલેલી મીલકત એટલીતો થોડી કીંમતની હતી કે શારી મોશમમાં પણ તેહેની ઊપજમાંથી બે ગાએનો ખરચ ભાએગે ચાલી શકે, અને દરરોજ તેહેને મજુરી કરવી પડતી. ખરે જો શાચે શાચું કહીએતો તે જુજ કીંમતની મીલકત ઊપર શેંકડો રૂપીઆનું કરજ કાહાડેલું હતું, અને હીઊબરટ જાણતો હતો કે માહારો માગનાર જે પડોશમા રેહેછે તેહેને જો વેઆજ હું બરાબર વખતશર ભરીશ નહીં તો માહારી દાહાજ તે જાણવાનો નથી. પણ આ વીચારથી તેહેના મનમાં કોઈ દીવશ પણ ઘણો ખેદ થએો નહીં હતો, કેમકે તેહેને હંમેશ કાંઈ કામ મલતું હતું, અને તે ઊદીઓગી અને ભલો કામ કરનારછે એમ શઉ જાણતા હતા તેથી તેહેને મજુરી પણ શારી મલતી.

એ પરમાણે કશી તરેહની ફીકર મનમાં નહીં રાખનાં તે દાહાડા કાહાડતો હતો, હેવામાં એક રોજ પેલા માગનારના ખેતરમાં બીજી છોકરીઓની શાથે જોહાના નામની એક છોકરી ઘાશના પુળા બાધતી હતી તેહેને તેણે જોઈ. તે છોકરી બીજા ગામની હતી અને તાંહા માતર ચોડા દીવશ થઆજ કાંઈ કમાવવાને આવી હતી તેથી હીઊબરટે તેહેને આજલ કદી જોઈ હતી નહીં

તે છોકરીને જોતાંજ પેલા ભલા જુવાનનું દાતરડું અટકીઊં, અને પેલી છોકરી કેહેવી હોશીઆરીથી પોતાનું કામ કરતી હતી તે તે તાજુબીથી અને ખુશીથી જોવા લાગો. ગામ માહેલી બીજી છોકરીઓનું કામ જોવાને તેણે કોઈ દાહાડો પોતાનું કામ અટકાવીઊં નહીં હતું; પણ હમણા તેહેને એમ લાગું કે પેલી બીજી છોકરીઓ તેહેને જોઈને હશેછે, તોપણ તે હશનારીઓમાં પેલી જોહાનાનો આવાજ શંભલાતો નથી હેવું જોઈને ખુશીથી તે પાછો પોતાને કામે વલગેઓ.

એ પરમાણે કેટલાએક દાહાડા નીકલી ગઆ, અને શઘલા ગામના લોક કેહેવા લાગા કે જોહાનાએ હીઊબરટને પરણવાનું વચન આપીઊંછે; અને કદાચ તેઓની વાત ખોટી નહીં હોએ, કેમકે તે બે જણાં એક દીવશ ઘણીવાર શુધી વાત કરતાં જોવામાં આવેઆં હતાં. તેઓની વાત નીચે પરમાણે થઈ હતી.

જોહાના—વારૂ તો હવે માહારે પાછાં માહારી મા પાશે જવું જોઈએ.

હીઊબરટ—(નીચું મોહોડું કરીને) હીંઆ કેમ નહીં રેહે.

જોહાના—(ડોકું ધુણાવીને) માહારી મુદત પુરી થઈ, હીંઆં હવે વધારે કામ નથી, અને શીઆલાને માટે માહારે કાંઈ જગા શોધી કાહાડવી જોઈએ.

હીઊબરટ—અરે તેમાં શું? હું કહું છઊં કે તું માહારી શાથે રેહે.

જોહાના—(તાજુબ થઈને) તમે ચાકર રાખોછો એ વાતની મહને ખબર નહીં હતી.

હીઊબરટે જવાબ દીધો, અરે ના ના, હું માહારે તાંહાં ચાકર રાખતો પણ નથી; પણ—આ બોલતાં તેહેની જીભે આચકો ખાધો—તું જાણેછેજ કે, શુ

ઊ કોઈને બઈરી જોઈએ. કેમ, આવ જોહાના, હવે તું શું કેહછે?

પણ જોહાનાએ કાંઈ જવાબ વાલેઓ નહીં, અને નીચું ડોકું કરીને પોતાના પોશાકના બંધની શાથે રમત કરેઆ કરી.

જે બારે વાત કેહવાની તેતો કહી ચુકેઓ એમ શમજીને હીંમત પકડીને હીઊબરટ બોલેઓ, ખરે હું દોલતમંદતો નથી, પણ પેઆરી જોહાના તું જોતી નથી કે હું કેહવો જોરાવર અને બાહાદુર છઊં, અને તાહારે માટે, હા, તાહારે માટે, હાલના કરતાં તરણ ગણું કામ કરી શકું એવો છઊં. ઓ, ખરાબ મોશમમાં પણ શુખે રોટલો ખાવા જેટલું આપણે પેદા કરી શકીશું.

**જોહાના**—હીઊબરટને નહીં પણ પોતાના મનને કેહછે, હા એતો ખરી વાતછે, કેમકે હું પણ કાંઈ કામ કરી શકું છઊં.

હીઊબરટે—ખુશી ભરેલા ચેહેરાથી કહ્યું, તારે તું મારી સાથે પરણશે કેમ? આમ જો, તું જાણતી નથી કે આ વાત માહારે કેહવે શારે બાએગે બનીછે, કેમકે મેં તને પેહલવેલી જોઈ તારથીજ માહારી પરીતી તાહારી ઊપર ચોહોંટીછે.

જોહાનાએ શાચવટથી કહ્યું, વારૂ, અને તેમજ માહારી પણ તમારી ઊપર ચોહોંટીછે, કેમકે તમે જાણતા નથી કે ખેતરમાં તમે માહારી તરફ જોઆ કરતા હતા તે હું જોતી હતી? હા, હા, હીઊબરટ, હું તમારી સાથે પરીણશ અને હું ધારૂં છઊં કે હું તમારી શારી બઈરી થઈશ.

વારૂ, એ પરમાણે ઠરાવ થઆ પછી થોડાએક દાહાડામાં ગામમાં લગન થઆં. ઘણાએક લોકે પોતાનાં માથાં ધુણાવીને કહ્યું કે એમાંથી કાંઈ શારૂં ફલ નીકલવાનું નથી કેમકે જોહાના પાશે તેણે કપડાં પેહરાંછે તે શીવાએ બીજું કાંઈ નથી. પણ એ બાબતની પેલાં જુવાન ધણી ધણીઆણીએ કાંઈ દરકાર કરી નહીં; કેમકે તેઓ એક બીજાની ઊપર પરીતી રાખતાં હતા, તે બંને જણાં મજબુત અને તનદુરૂશત હતાં, અને કઠણ મજુરી કરવાને કદી ડરતાં નહીં, તેથી તેઓ એમ કેહતાં કે ઈશવર હમને મદદ કરશે.

અને તે મુજબ ઈશવરે તેઓને ઘણા દાહાડા શુધી મદદ કરી. તેઓને બે છોકરાં થઆં, એક છોકરો અને એક છોકરી. અને એ પરમાણે તેઓનાં શુખમાં અને તેઓની ફીકરમાં વધારો થઓ, પણ પેલાં ધણી ધણીઆણી માતર પોતાનાં શુખનોજ વીચાર કરીને વધારે હોંશ અને ઊમંગથી કામ કરવા લાગ્યાં.

આ લગન બાબત હીઊબરટને કોઈ દાહાડો પશતાવો કરવો પડેઓ નહીં કેમકે જોહાનાએ પોતાનું વચન પાલીઊં. તે શારી બાહાદુર ધણીઆણી થઈ નીકલી. તે હંમેશ માઆલુ અને મેહનતુ રેહતી અને પોતાથી જેટલું બની આવે તેટલું પોતાના ધણીઅને છોકરાંઓને માટે કરતી.

પણ દુખની વાત હવે આવી, ખેતરોમાં અનાજ ઘણું થોડું પાકીઊં અને મોહોંગવારીનો વખત આવેઓ તેથી હીઊબરટ અને જોહાનાને બહુ દુખ પડીઊં; પણ તે શઘલું તેઓએ છાનામાના શબુરી રાખીને શહન કરીઊં. આખરે હીઊબરટ માંદો પડેઓ તેથી કેટલાએક દીવશ શુધી તે કામ કરી શકેઓ નહીં. પણ જોહાના પોતાની હીંમત હારી નહીં, તેણેતો ઊલટું વધારે કામ કરવાની તજવીજ કરી. પણ હવે જોહાનાના દુશમનનો વખત આવેઓ. તેહેનો એકજ દુશમન હતો. તે તેહેના ધણીના માગનારનો નોકર હતો. તેણે તેહેને કોઈ ભલી બાએડી શાંભલે નહીં એવી નાલાએક વાત કહી હતી તે જોહાનાએ તેહેનો ધીકાર કરીને નાકબુલ કરી હતી તે ઊપરથી પેલા નોકરને દુખ લાગીઊં હતું અને તે તેહેનો દુશમન થઈ પડેઓ હતો. તેણે જોહાનાનો ધણી માંદો પડેઓ એટલે જોહાનાને કામ આપવું બંધ કરીઊં અને આગલની દુશટ નાલાએક વાત ફરીથી કાહાડી તે ઊપરથી ધીકાર ભરેલી રીતે પોતાના દુશમન તરફ જોઈને જોહાના તરત પોતાને ગામ ગઈ અને તાંહાં કાંઈ કામ શોધી કાહાડીઊં. પણ તે પોતાના ઝુંપડાથી ઘણું દુર હતું તેથી વખતશર કામપર જવાને શારૂ તેહેને પોતાની હંમેશની ઊંગમાંથી બે કલાક જલદી ઊઠીને દર રોજ જવું પડતું. એમ કરવાથી તેહેના કુટુંબને ભુખે મરતું તો તેણે બચાવીઊં, પણ પોતાના ધણીનાં કરજનું વેઆજ આપી શકાએ એટલું તેહેને મલીઊં નહી. પણ તેણે વીચાર કીધો કે રૂપીઆ માગનારો કાંઈ શખત દીલનો નથી કે હાવા શમેમાં વેઆજને શારૂ તાકીદ કરશે; કદાપી તે વેઆજ બીલકુલ મુકી પણ દેશે. પણ આ વીચાર તેહેનો ખો

ટો પડેઓ. ભરણાનો દાહાડો આવેઓ એટલે પેલા ચાકરે આવીને તેહેનો કહ્યું કે રૂપીઆ લાવ. તારે પેલી બાઈએ કહ્યું કે ભાઈ જરા ધીરજ રાખ. તે ઊપરથી ચાકરે જવાબ દીધો કે, "મેં ઘણા દાહાડા શુધી ધીરજ રાખી, અને હવે માહારા હુકમ મુજબ તું નહીં કરશે તો ખચીત હું તાહારી ગાએ વેચીશ."

એ શાંભલીને જોહાના ગભરાઈ અને તેણે કહ્યું કે, "એટલા થોડા રૂપીઆ શારૂ શેઠજી હમારી ઊપર જુલમગાર થશે નહીં; હું તેમની પાશે જઈશ."

પેલા ચાકરે હશીને કહ્યું, જા તાહારે જવું હોએતો; અને જો શું થાએછે તે; પણ જો, હવે શેઠજી કાંઈ તાહારા માગનાર નથી, તે લેહેણાનો હવાલો મેં લીધોછે; માટે તપાશ, વેઆજ તો શું પણ મુદલ રૂપીઆ શુધાં તાહારે દાહાડા આઠમાં આપવા જોઈશે!"

જોહાના હીંમત હારી. તે પેલા ધણીને પગે પડી અને કાલાવાલા કરીને કેહેવા લાગી કે હમારી ઊપર દઆ કરો.

તેણે જવાબ દીધો, "તેં કોઈ દાહાડો માહારી ઊપર મેહેરબાની કરીછે? તું મેહેરબાની કર અને હું પણ મેહેરબાની કરીશ. જો વીચાર કર. તાહારૂં નશીબ તાહારા હાથમાંછે. તું ચાહાશે તેમ થશે. હું તહને કહું છઊં કે હું તાહારૂં ઘર, તાહારી જમીન અને તાહારી શરવે વશતુ વેચી શકું છઊં; અને તે વેચતાં પણ ફક્ત હડધું કરજ વલી રેહેશે. તાહારા ધણીને તુરંગમાં જવું પડશે, અને તાહારે અને તાહારાં છોકરાંઓને ભીખ માગવી પડશે. પણ જો—જો હું શું કેહેવા માગું છઊં તે તું શમજેછે—તેમ જો તું કરશે તો વેઆજ માફ થશે, અને મુદલ નાણાં તાહારે દાહાડે ફરે તારે આપજે. કેમ ?"

જોહાના થોડીએકવાર શુધી હોશ ઊડી ગઆ, અને તે ધ્રુજતી ધ્રુજતી ઊભી; પણ પછી પોતાના શતાવનારની ઊપર ધીકાર ભરેલી નજરથી જોઈને તે તાંહાંથી ચાલતી થઈ; પણ જારે તે ખુલ્લાં ખેતરોમાં આવી તારે તેહેનાથી રડી દીધા વના રેહેવાઊં નહીં. તે શલાહ કોહાને પુછવા જાએ? તેહેને પુરો ભરોશો હતો કે પેલો નીચ માણસ પોતાના કહેઆ મુજબ કરશે. પછી તેણે ઘેર જઈને આ શરવે હકીકત પોતાના ભલા ભરથારને કેહેવાનો ઠરાવ કરેઓ. તે પરમાણે તેણે ઘેરે જઈને શઘલી વાત પોતાના ભરથારને કહી.

તે શાંભલીને હીરીબરટે કહ્યું, "ઈશવર આપણને શાહે થશે; આપણે તેહેના હાથમાં છઈએ."

તેઓ એમ ધારતાં હતાં કે પેલા ચાકરે માતર ધમકી દીધીછે. પણ તે કાંઈ ખોટી ધમકી નહીં હતી. તેણે કહ્યું હતું તે મુજબ બીચારા હીરીબરટને તુરંગમાં મોકલેઓ, અને તેહેની ધણીઆણી અને છોકરાં નાવારશાં અને રખડતાં થઈ ગઆં.

પેલો ચાકર ફીંગલાઓ. તે મનમાં વીચારવા લાગો કે, "હવે થોડા દાહાડા જશે એટલે તે બાઈ માહારા હાથમાં આવશે!"

પણ જોહાનાનું દીલ કેહેવુંછે એ તેહેના જાણવામાં આવીઊં નહીં હતું. એ વાત ખરીછે કે થોડાએક દીવશ શુધી તે ઘણી દીલગીરીમાં હતી, પણ ધણીની ઊપર પેઆર કરનારી દરએક બાએડીના દીલમાં એક ભારે શકતી રહેલીછે તેહેનો જોશ થઈને એક બાહાદુરીનું કાંમ કરવાનો જોહાનાના મનમાં વીચાર આવેઓ. તેણે પોતાના અરોશીપરોશીઓ પાશે તથા પેલા શેઠ નાણાં માગનાર તેહેની પાશે અને ઓલખીતા પાલખીતા શઊ કોઈની પાશે મદદ માગી, પણ દાહાડા હવા ખરાબ આવેલા કે કોઈએ કાંઈ આશરો આપેઓ નહીં. તારે તેણે વીચાર કરેઓ કે જે શખશને કાને માહારો આવાજ માતર પડશે તો તે મહને શાહે થઆ વના રેહેશે નહીં હવા શખશની પાશે હું જાઊં. હવો વીચાર કરીને તેણે પોતાનાં છોકરાંને પોતાની માને હવાલે કરેઆં, અને તેહેની માએ જારે પુછીઊં કે બેહેન તું કાંહાં જાએછે તારે તેણે જવાબ દીધોકે, "મા હું રાજા પાશે જાઊં છઊં, તે આ દુનીઆમાં ઈશવરને ઠેકાણેછે, અને ઈશવર મેહેરબાન અને દઆલુછે."

આ વાત શાંભલીને તે ડોશી ગભરાઈ અને તેહેને શમજાવવા લાગી કે તું નો જા; પણ જોહાનાએ તેહેનું કેહેવું માનીઊં નહીં, અને કહ્યુંકે, રશતો ઘણો લાંબોછે, માહારે એક ઠેકાણેથી બીજે ઠેકાંણે ભીખ માંગતાં જવું પડશે અને ઘણું દુખ ભોગવવું પડશે એ, હું શારી પઠે જાણું છઊં; પણ તે શરવે હું માહારા ધણીને માટે ખમીશ, અને જે માણશ વગર તકશીરે તુરંગમાં પડેલોછે તેહેનો હું વીચાર કરીશ તારે માહારૂં દુખ મહને જણાવવાનું નથી." તે શાંભલીને તેહેની માએ કહ્યું, "વારૂ તારે, માહારી છોકરી જા,

હુ જોઊં છઊં કે પેઆર તહને મોકલેછે, અને પેઆર તાહારૂં દુખ ઓછું કરશે. હું આશીરવાદ દેઊં છઊં કે તાહારી ધારણા પાર પડે !" પછી જોહાના વગર પઈસે, પણ ઊમંગ તથા પેઆર ભરેલા દીલથી ઈશવરપર ભરોશા રાખીને બાહાર પડી.

કેટલાએક દીવશ ગઆ પછી આખરે રાજધાનીમાં રાજાના રેહેવાના મોહોટા મેહેલ આગલ તે આવી પોહોંચી; અને શીપાઈ પોહોરેદાર લોકોને જોઈને જરા પણ ડરેઆ વના હીંમતથી પુછીઊં કે રાજા શાહેબ કાંહાંછે.

" રાજા શાહેબ હીંઆં નથી, અને હીંઆં હોએ તોપણ તેહેની શાથે તાહારે વાત કરવી કાંઈ શેહેલ નથી " હેવો તેહેને જવાબ મલેઓ.

જોહાના બોલી, "કાંઈ ફીકર નહીં તે કાંહાં મલસે તે જરા મેહેરબાંની કરીને કોહો એટલે થઊં." તાંહાંથી જે ખબર મલી તે પરમાણે તે રાજા શાહેબની વાડીએ ગઈ. પણ તાંહાંથી તે બીચારીને હડશેલા મારીને બાહાર કાહાડી, કેમકે મોહોટા માણશની હજુરમાં ધશેઆ જવું એ કાંઈ શેહેલ નથી.

તારે તેણે ઘણા કાલાવાલા અને અરજ કરી અને હાથ જોડીને પગે પડી, પણ કાંઈ વલીઊં નહીં. પછી એક ઘરડા ચોબદારને દઆ આવી તેણે તેહેને કહું કે " તું જા અને બાગમાં એક ઠેકાણે બેશી રેહે, કદાચ થોડીવારમાં રાજા શાહેબ તાંહાં ફરવા આવશે; પણ મેં તહને શલાહ આપીછે એમ તું કોઈને કહીશ નહીં.

તે પરમાણે તે જઈને તાંહાં બેઠી; પણ રાત પડી તાંહાંશુધી કોઈ ફરવા આવીઊં નહીં તારે ઘેર ગઈ અને બીજે દાહાડે શહવારમાં પાછી આવીને બેઠી. એમ તેણે કેટલાએક દીવશ કીધું પણ રાજા શાહેબ કાંઈ તેહેના દીઠામાં આવેઆ નહીં. કોઈ કોઈ વાર તાંહાં એક ઘરડો માણશ મોહોટો ડગલો પેહેરીને આવતો અને પથાર કરીને પાછો મેહેલમાં જતો. જોહાનાએ પણ કોઈ કોઈ વાર અંદર જવાની વેતરણ કરી, પણ તેહેને કોઈએ અંદર જવા દીધી નહીં અને પેલો દઆવંત ઘરડો ચોબદાર પણ પાછો તેહેના દીઠામાં આવેઓ નહીં.

જોહાના ઘણું રડી, પણ તેણે પોતાની ધારેલી વાત પરથી હાથ ઊઠાવેઓ નહીં. એકવાર રાજા શાહેબને ચકચકીત પોશાક પેહેરેલા તેણે દીઠા, પણ તે ઘણા દુર હતા અને ગાડીમાં બેશીને કેયાં ચાલતા થઆ. તે પાછા બાગમા ફરવા આવેઆ નહીં તેથી પેલી બીચારીએ વીચાર કીધો કે "મોહોટો ડગલો પેહેરીને જે શખશ પથાર કરેછે તેહને હું માહારી વાત કહું. તે પણ એ મેહેલમાં રેહેછે, અને જો તે માહારી ઊપર દઆ લાવે, તો કદાપી રાજાની શાથે મહને મેલવે."

એ પરમાણે હીંમત કરીને તે ફરતો હતો તાંહાં તે જઈ પોંહોંચી અને તેહેની શામાં જઈને ઊભી રહી અને વીચાર કરેઓ કે હવે એ મહને પુછશે કે શું કામછે?

તેમજ બનીઊં. પેલા શખશે ઘણી માઆલુ નજરથી જોઈને તેહેને પુછીઊં કે શું કામછે?

તારે હાથ જોડીને અને ઘણી આરજુમંદીથી જોહાનાએ કહું કે શાહેબ તમેં મેહેલમાં રોહોછો, માટે તમેં ચાહાશોતો મહને રાજા શાહેબની મુલાકાત કરાવશો.

પેલા શખશે જવાબ દીધો, "રાજા શાહેબની મુલાકાત! તાહારે રાજાનું શું કામછે?"

જોહાનાએ કહું; "જુઓ શાહેબ તે આ દુનીઆમાં ઈશવરની જગેપરછે માટે ખચીત તે દઆલુ અને મેહેરબાન હોશે."

પેલો ધણી પોતાના મનમા કેહેછે, "આ ઘણી અજબ શરખી વાતછે!" પછી મોહોટેથી, "બાઈ તાહારે શું જોઈએછે, તે મહને શાંભલવાદે."

પછી જોહાનાએ શરવે હકીકત ખરેખરી બનેલી તેહેવી શાદી રીતે કહી શંભલાવી. તે તેણે ખુબ ધેઆન રાખીને શાંભલી.

પછી તેણે કહું, "તારે શું તું તાહારા ધણીને ચાહેછે?"

જવાબ "હું પોતાના જાનકરતાં તેહેને વધારે ચાહું છઊં."

તે શાંભલીને પેલા શખશના દીલપર ખુબ અશર થઈ અને તે બોલેઓ, આ હા હા! શું બાહાદુર બઈરીછે! શુલેમાન પાદશાહે જે " બઈરીની કીંમત માણેકના કરનાં વધારેછે " હેવું લખેલુંછે તેહેવીજ આ બઈરીછે! બાઈ જરા ઊભી રેહે."

એમ કહીને તે ચાલતો થઓ અને થોડીએક વાર રહીને એક ચાકર બંધ કરેલો લખોટો લેઈને

આવેઓ તેણે જોહાનાનું નામ પુછીને તે લખોટો તેહના હાથમાં આપેઓ અને કહ્યું કે, તું ઘેર જાએ તાંહાં શુધી એ ખોલતી નહીં, અને તાહારા ધણીનો છુટકારો થશે.

"હેં ! છુટકારો થશે ! તારે જે ભલા માણશે માહારી વાત રાજા શાહેબને કહી તેહનો ઊપકાર માનેઆ વગર હું હીંઆંથી જવાની નહીં."

**ચાકર** "કહો ભલો માણશ ?"

**જોહાના** "જે ભલો માણશ બાગમાં પશાર કરતો હતો અને જેહને મેં માહારી હકીકત કહી તે."

**ચાકર** (હશીને) "તેજ રાજા શાહેબ હતા. જા બાઈ તેહને તાહારા ઊપકારની ગરજ નથી."

**જોહાના** (પગેપડીને) "તારે ઓ ઈશ્વર તું તેહનું ભલું કરજે, જેહેવી આજ તેણે મહને શુખી કરી છે તેહવા શુખી તેહને તું નીરંતર રાખજે. બાઈ તમે જઈને રાજા શાહેબને કેહેજો કે હમે જીવીશું તાંહાંશુધી હમે તેહના હકમાં દુવા માગીશું."

પછી પેલા કીમતી લખોટાને પોતાની છાતીપર રાખીને શાત દાહાડો ચાલીને તે પોતાને ઘેર આવી, અને પોતાનાં છોકરાંઓને ફોટે વલગાડવાની પણ વાર નહીં લગાડતાં પેલો લખોટો ફોડીને તેઓને કહ્યું કે "તમારા બાપનો જલદીથી છુટકો થશે !" તે લખોટો ફોડતાં પેહેલવેહલી એક ચીઠી માંહે નજરે પડી તેમાં લખેલું હતું કે "શદગુણી બઈરી કોહાને મલે ! શદગુણી બઈરીની કીંમત માણેકના કરતાં પણ વધારેછે." તે તેણે વાંચી અને કહ્યું કે રાજા શાહેબે આ લખીઊંછે! એમ કહીને તે કાગલને તેણે માથે ચહડાવેઓ. પણ હેમાં બીજું શું હતું ? શો શો ડાલરની પાંચ નોટો હતી. તે લઈને તે પોતાના ધણીનું કરજ ફેડવા ગઈ, અને પછી પોતાનાં છોકરાંઓને લઈને તુરંગ તરફ દોડી. તુરંગના દરવાજા ખુલેઆ. હીઊબરટ આવીને તેહની કોટે વલગેઓ. તેઓની આંખોમાંથી આંશુની ધાર ચાલી અને તે વખત તેઓના દીલમાં શું હરખ થઓ કે તેહનું બયાન થઈ શકે નહી. શખત દીલનો જેલર અને દાહાડીવાલો દરવાન તેઓનાં મન પણ આ શુખનો દેખાવ જોઈને પીગલી ગઆં.

જોહાનાને શું શું દુખો ખમવા પડેઆં અને તે શરવે તેણે કેહેવાં બાહાદુરીથી ખમેઆં એ શાંભલીને હીઊબરટ બેહદ તાજુબ થઓ. તેણે પોતાની બાહાદુર પતીવરતા બઈરીને છાતી શાથે દાબી અને ઈશ્વરે તેહને હાવી બેમુલ માણેક શરખી બઈરી આપેલી માટે તેનો હજાર તરેહ ઊપકાર માનેઓ. રાજાની કરેલી શખાવતથી તેઓનો શંશાર આગલ શારો ચાલેઓ; પણ શઊથી વધારે શુખી જોહાના થઈ, કેમકે જારે જારે તે વીચાર કરે કે મેં આટલું આટલું વેઠીઊં છે તે માહારો ભરથાર કદી ભુલનાર નથી તારે તેહના શુખનો કાંઈ પારજ નહીં.

પેલા માગનારના ચાકરે પછી મોહો બતાવીઊં નહીં; પણ જોહાનાનો કાંઈ તેહની ઊપર દ્વેશ થઓ નહીં કેમકે તેહના જુલમ વડે તે શુખી થઈ. અને શુખી લોક કેમ દ્વેશ કરે?

---

## હવાનું વજન.

આપણે જે હવામાં રહીએ છઈએ તે હવાને શું વજનછે? એ વાતતો ઘણી અજાએબ શરખી લાગેછે. આપણેતો કાંઈ તેહનો ભાર જણાતો નથી. તોપણ તે વજનવાલી ચીજછે, એ વાતતો ખરીછે. હવાનું વજન દરએક ચોરશ ઈંચપર આશરે ૧૫ રતલનુંછે. આ ચમતકારીક વાત કેમ માલમ પડી તેહનો થોડોએક હેવાલ નીચે આપેલોછે.

ગાલીલેઓ નામનો એક મોહોટો ફીલશુફ ફલારેનશ શેહેરમાં રેહેતો હતો, તેહવામાં રાજાએ એક ઊંડો કુવો ખોદાવેઓ અને તેહમાંથી બુંબો મુકીને જારે પાણી કાહાડવા માડીઊં તારે માલમ પડીઊં કે તેહમાંથી પાણી ઊંચું ચહડીને બાહાર આવતું નથી. તેવારે રાજાએ પેલા ફીલશુફને બોલાવીને પુછીઊં કે આ પાણી ઊંચું ચહડતું નથી તેહનો શબબશુંછે ? ગાલીલેઓએ અજમાએશ કરીને તપાશીઊં તો પાણી બુંબામાં આશરે બતરીશ ફીટ ઊંચું ચહડીઊં અને તેથી વધારે ઊંચું ચહડાવવાને શારૂ જેટલી મેહેનત કરી તે પાણીમાં ગઈ. તે ઊપરથી તેણે હેવો શીધાંત કરેઓ કે હાલમાં ફીલશુફો વીચારેછે કે પાણી ઊંચું ચહડવાનું કારણ બુંબામાં ઊંચો નીચો કરવાનો દાંડો ગણેલોછે તે છે એ વીચાર ખોટોછે; અને કુવામાં પાણીની શપાટી ઊપર હવાથી જે દબાણ થાએછે તેથી કરીને બુંબાની નલીમાં પાણી ઊંચું ચહડેછે અને દાંડાએ

ઊંચો નીચો થઈને હવાને કાહાડી લાખેથી ખાલી થએલી નલી ભરાઈ જાએછે. આ બાબત ગાલીલેઓ અને તેહેનો નીશાલીઓ ટારીશેલાઈ નામનો હતો તેઓની વચે માંહોમાંહે ઘણી તકરાર થઈ અને હવા વજનદાર વશતુછે એ વાત નીશચે થઈ. ટારીશેલાઈએ નકી કરીઊં કે એક નલી હવાથી ખાલી કરી હોએ અને તેહેને એક છેડેથી બંધ કરીને બીજો છેડો પાણીમાં મેહેલેઓ હોએ તો તે પાણીની શપાટી ઊપર બાહારની હવાનું દબાણ થએથી પાણી પેલી ખાલી નલીમાં પેશીને બતરીશ ફીટ શુધી ઊંચું ચહડશે. પણ બતરીશ ફીટનાં હથીઆરથી આખતરા કરવાને ઘણી અઘવડ પડે માટે પારો જે પાણી કરતાં ચઊદ ગણો વધારે ભારેછે તે પાણીને ઠેકાણે કામમાં લાવવાનો તેણે વીચાર કરેઓ. પછી શન ૧૬૪૩ ના વરશમાં ચાલીશ ઈંચ લાંબી અને પા ઈંચ છેદવાલી એક કાચની નલી તેણે લીધી. તેહેના એક છેડાનું છેદ પુરી નાખીને તેહમાં તેણે પારો ભરેઓ. પછી એક વાશણમાં પારો ભરીને તેહેની ઊપર થોડુંએક પાણી ભરીઊં, અને તેહમાં પેલા ખુલા છેદ પર આંગલી મુકીને નલીને ઊંધી કરીને આંગલીથી દાબેલો નલીનો છેડો પાણીમાં થઈને છેક પારાની શપાટીની નીચે ગઓ હેવી રીતે તે નલી દાખલ કરીને પોતાની આંગલી ખશેડી લીધી. એટલે નલી માંહેલો પારો નીચે ઊતરેઓ, અને પેલા વાશણમાં ભરેલા પારાની શપાટીથી આશરે તરીશ ઈંચ ઊંચો રહો. પછી નલીને જરા એક ઊંચકી અને તેહેનો ખુલો છેડો પાણીના તલીઆની બરાબર થઓ કે તરત સઘલો પારો નલીમાંથી નીચે ઊતરી પડેઓ અને તેમજ ઝડપથી પાણી ખાલી થએલી નલીમાં ચહડી ગઊં; અને તે નલી લાંબી હોત તો આશરે બતરીશ ફીટ શુધી ઊંચું ચહડત. એ ઊપરથી ટારીશેલાઈના ધેઆનમાં શાફ આવીઊં કે તે પારાને અને પાણીને નલીમાં ટેકવી રાખનાર હવાનું દબાણછે. એ આધાર ઊપરથી હવાનું દબાણ જોવાની નલી જેહેને અંગરેજીમાં "બરામેટર" કેહેછે તે બનીછે. તે નલી ઊપરથી હવામાં શું શુ ફેરફાર થશે તે માલમ પડી શકેછે. તોફાન અથવા વરશાદ અથવા ગડગડાટ થવાના હોએછે તો તે આ નલીથી કેટલીએક વાર આગલ માલમ પડેછે. હમારી હોંશીલી વાંચનારીઓને માટે એ નલીનું બેઆન આગલકરીશું.

## વાંદરાની અક્કલ.

લંકાના ટાપુની દખશણ તરફના છેડાનું નોમ ઘદરાં-હેડ કરીનેછે. તાંહાંથી બે મુશાફર પગે ચાલીને કાંનડી શેહેર જે તે ટાપુના વચલા ભાગમાંછે તાંહાં જતા હતા. તે બંને ભાઈઓ હતા. તે થોડેએક આએવા એટલે નાહાનો ભાઈ અટકેઓ અને ચોપાશ જોઈને કેહેવા લાગો, 'ભાઈ મેં હમણાં કાંઈ બુમ શાંભલી, કોઈને વાગેગું હોએ એમ જણાએછે. ચાલ આપણે જઈને જોઈએ કે શું હોશે.' એ પરમાણે તે બોલી રહો એટલે એક નરમ દુખ ભરેલો અવાજ તેઓના કાનપર પડેઓ. તે આવાજ જમણા હાથ તરફ કાંઈ નાલીએરીની ઝાડી હતી તાંહાંથી આવેલો જણાઓ.

પછી બંને ભાઈઓ જલદીથી પણ હોશીઆરીથી આગલ ચાલેઆ અને આશપાશ તપાશીને જોતાં કાંઈ નજરે પડેથી મોહોટા ભાઈએ હશીને કહ્યું, 'ભાઈ જો, આણી તરફ આવીને જો.' પછી નાહાનો ભાઈ તેણી તરફ ફરેઓ એટલે મોહોટા ભાઈએ એક વાંદરો તેહેને દેખાડેઓ. તે એક મેવાના ઝાડ પરથી પડી ગઓ હતો અને તેથી તેહેને ઘણું વાગું હતું.

તેંહેને જોઈને 'અરે બચારા જીવ' એમ કહીને નાહાના ભાઈએ તેહેને જમીન પરથી ઊપાડી લીધો, અને પોતાના રૂમાલમાંથી એક ચીરો ઊતારીને તે જાનવરને વાગેલું તે ઠેકાણે પાટો બાંધેઓ; અને પછી તેહેને પોતાના હાથમાં રાખીને રશતે ચાલવા માંડું. એટલે મોહોટા ભાઈએ તેહેને કહ્યું 'ભાઈ, શું આ નીચ જાનવરને તું કાનડી લઈ જવાનો ઈરાદો રાખેછે?'

તેહેનો જવાબ નાહાના ભાઈએ દીધો, 'મોહોટા ભાઈ, આ ગરીબ લાચાર જીવને હેના જખમથી હું મરી જવા દઈશ? ના, ના; હેને આરામ થાશે તાંહાં શુધી હું હેને માહારી શોબતમાં રાખીશ અને શારો થઆ પછી હેની નજરમાં આવે તારે પાછો જંગલમાં પોતાને ઘેર જાએ.'

બંને ભાઈઓ પછી રશતે પડેઆ, અને ચાલતાં ચાલતાં મોહોટો ભાઈ નાહાના ભાઈની તેહેના શોબતી વીશે કોઈ કોઈવાર મશકરી કરતો હતો. એ પરમાણે બે દાહાડા શુધી ચાલેઆ અને હડથી મંજલે આવી પોહોંચેઆ, પણ ગરમી ઘણી પડેથી તથા રશતાની

બાજુ ઊપર ઝરા વેહેતા હતા તે શુકાઈ ગયા તેથી તેઓને પાણીની તરફથી ઘણું દુખ પડવા માડીઊં. તેઓની તાકાત ઓછી થતી ગઈ, અને તેઓને એમ લાગીઊં કે હવે આગલ ચાલી શકાશે નહીં. અને ચોથે દાહાડે શહવારને પોહોર કાંનડી શેહેરથી આશરે તીશ માઈલપર એક તાડના ઝાડ તલે બંને ભાઈઓં બેઠા. તેઓ ઘણા થાકી ગયા હતા અને તરશથી તેઓનાં ગલાં શુકાતાં હતાં.

તાંહાં મોહોટો ભાઈ દુખ ભરેલા અવાજથી બોલેઓ, "ભાઈ આપણે શું હીંઆજ મરવાના?"

નાહાના ભાઈએ આશમાન તરફ પોતાની આંખો ઊંચી કરીને જવાબ દીધો, 'મોહોટા ભાઈ, ઈશવર પર ભરોશો રાખો.'

આ પરમાણે બોલચાલ થઈ એટલે પેલો વાદરો તેહની બાજુએ શુતો હતો તે ઊઠીને રશતા પર કાંઈ શોધતો હોએ એમ જોતો જોતો દોડવા લાગો. પછી નાહાના ભાઈએ કહું કે, 'કોઈ ચમતકારીક વાત જણાએછે, એણે શું દીઠું હશે?' એમ કહીને હીંમત પકડીને ઊઠેઓ અને તે વાંદરાની પાછળ જઈ પોંહોંચેઓ.

તાંહાં તે પોંહોંચેઓ તારે તેહની ખુશી ભરેલી આંખે શુ દીઠું? તાંહાં કેટલાએક ખુબશુરત છોડવા દીઠા. તેહનાં ફુલ જામના જેહવાં થાએછે. તે છ તશુ લાંબાં અને દોહોડ તશુ ઘેરાવમાં હોએછે. તે ફુલને એક ઢાંકણું હોએછે, તે હવાના ફેરફાર મુજબ ખુલેછે અને બંધ થાએછે, અને તેહનાં છોડવામાંથી નીકલેલું નીરમલ પાણી ભરાઈ રેહેછે. તે ફુલને (મંકી કપ એટલે) વાંદરાનું જામ કરીને કેહેછે કેમકે વાંદરા હેવા છોડવાઓ પાશે જઈને ફુલમાંથી પાણી પીએછે.

ને ફુલમાંથી પાણી પીને બંને ભાઈ આશુદા થયા. એ વાત જારે તેઓએ પોતાના દોશતોને કહી તારે તે ઘણા તાજુબ થયા. "ઓ પરભુ તાહારા કામ કેહેવાં અગણીતછે! અને તે શરવે કામોમા તેં કેહેવી ચતુરાઈ બતાવીછે!"

## ઈશવરનો ગલો.

આગલ એક આબરૂદાર અને માતબર માણશ હતો બેનીડીકટ એટલે આશીરવાદ પામેલો હતું તેહનુ નામ હતું. આ નામને તે લાએક હતો, કેમકે ઈશવરે તેહને શરવે શારી ચીજો બખશી હતી, અને જેઓ તેહને ઓલખતા હતા તે શઘલા તેહને આશીરવાદ દેતા હતા. તે હંમેશ બીજા લોકોને પણ ખુશ કરીને ગરીબ અને લાચાર લોકોને શુખી કરવાની કોશીશ કરતો હતો. તેહની રીત આ પરમાણે હતી. જારે તે પોતાના દોશતોની શાથે એકુ દાહાડો ખુશીમાં ગુજારે તારે તે પોતાના ઓરડામાં જઈને આ પરમાણે વીચાર કરે કે "ઘણા લોક હોવાછે કે તેઓએ હાવો ખુશીમાં દીવશ નથી ગુજારો, માટે જેટલા દોશતોને મીજમાન તરીકે બોલાવેઆ હતા તેટલા બીજા બોલાવેઆ હોતતો કેહેવું થાત?" એમ વીચાર કરીને જેટલો ખરચ તેહને તે મીજમાનીમાં થઓ હોએ તેટલા રૂપીઆ તે ઊંચા કાહાડીને એક પેટી જેહનું નામ તેણે ઈશવરનો ગલો પાડીઊં હતું તે પેટીમાં મુકે. એજ પરમાણે જો કેથાં આગ લાગી હોએ તો એ તાંહાં જાએ અને જે લોકોનું નુકશાન થઊં હોએ તેઓને અછી તરેહથી મદદ કરે, અને પાછો ઘેર આવે તારે પોતાના ઓરડામાં જઈને વીચાર કરે કે, "હીંઆંતો શઘળું શહી શલામતછે." એમ વીચાર કરીને તુરત તે ઈશવરના ગલામાં કાંઈ નાણું લાખે. તોફાનથી અથવા શુકમાણું પડેથી અથવા કોઈપણ આફતથી કાંઈ નુકશાન થઊં હેવી વાત જારે તેહના શાંભલવામાં આવે તારે તે ઈશવરના ગલામાં કાંઈ નાણું લાખે. વલી તેહને કાંઈ દારૂ લેવો હોએ અથવા કાંઈ કીમતી શામાન લેવો હોએ તો તે શોડો લે, અને પોતાના ઓરડામાં જઈને કેહે કે "એટલો બીજો શામાન તું લઈને તાહારો ભંડાર ભરપુર કરી શકત" એમ કહીને તે ઈશવરના ગલામાં તેટલા રૂપીઆ નાખે. વલી કોઈ આજારી માણશને જોઈએતો તે પોતાના શરશમાં શરશ દારૂમાંથી તેહને આપે. હેવો દાતાર ધણી જારે મરવા પડેઓ તારે ગરીબ લાચાર લોકો, વીધવાઓ, અને મા બાપ વગરનાં છોકરાં દલગીર થઈને રડીને કેહેવા લાગેઆં કે "જારે બેનીડીકટ હમારી પાશેથી જશે એટલે દેવલોક થશે તાંરે હમારી ઊપર દયા કોણ લાવશે? તેહની હયાતી શુધી હમને કાંઈ વશતુની વેહેવા પડી નથી, પણ હવે હમારૂં શું થશે?" પણ બેની ડીકટે જવાબ દીધો કે, શારો ઘરનો ધણી બાહાર જાએછે તારે પોતાનાં છોકરાઓને કંઈપણ વશતુની વેહલા પડે હેવું રેહેવા દેતા

નથી. ઈશ્વરનો ગલોછે તે લો. તેહમાં જેછે તે ગરીબ લાચાર લોકોનું, વીધવાઓનુ, તથા મા બાપ વગરનાં છોકરાંઓનુંછે. તે વેંહેંચી લો, અને તેહનો શારી રીતે ડાહાપણથી ઊપીઓગ કરો. " એ પરમાણે ઈશ્વરનો ગલો શેંકડો વરશ થયાં કાએમ રહાછે; તેથી ગરીબ લાચાર લોકોને મદદ મલેછે અને પેલા દાતાર ધણીનું નામ ઈઆદ કરીને લોકો તેને દુઆ દેછે. આ પણા માતબર લોકો જેઓની ઊપર ઈશવરે મેહેરબાની કરીછે તેઓની નઈઅત જો હાવી હોએતો કેહેવું શારૂં થાએ!

## શુખી બઈરી.

આ દુનીઆમાં હરેક જાતની બઈરીઓછે. કેટલીએક શારીછે, કેટલીએક માઠીછે; કેટલીએક મેહેનતુછે, કેટલીએક આલશુછે; કેટલીએક શુખીછે, અને કેટલીએક દુખીછે.

હવે શુખી થવાને માટે દોલતની કાંઈ જરૂર નથી. શુખ કોઈથી વેગલું નથી. રોશની અને હવાના જેહવું શુખ શશતું અને મફત મલી શકેછે. માટે હમારી વાંચનારીઓને હમે ભલામણ કરીએ છઈએ કે તેઓ નીચેની વીગત વાંચીને જેટલું શુખ મેલવાએ તેટલું મેલવવાને કોશીશ કરે.

આ દુનીઆમાં જીંદગીની હરેક હાલતમાં શુખ અથવા દુખ વધારવાનાં જરૂરીઆત શાધન રહેલાંછે. કોઈપણ બઈરીને શુખી થવાને ઘણી એક વાતની જરૂરછે; તેહમાં પેહેલો દરજ્જો ખુશ મીજાજનોછે અને બીજો ધણીની ઊપર પેઆર અથવા મમતા હેનોછે.

મીજાજ પોતાની લગામમાં કેમ રાખવો એ વાત જે બઈરી શુખીછે તે જાણેછે. મીજાજ શારો નહીં હોએ તો ઘરમાં સલાહ અને શુખ વધી શકે નહીં. માટે શારા મીજાજનો ફીરશતો જે બઈરીની શાથે હંમેશ રેહેછે તે બઈરી શુખીછે. બઈરીને માટે શારામાં શારૂં જરીઆન, હીરા માણેક કરતાં પણ વધારે મુલદાર, બઈરીની શણીથી શરશ પુંજી, નરમ મીજાજછે.

શારા શબાવથી લોકો શુખી થાએછે. શંતોશીનન શદા પોહોચે હેવું ધનછે, અને એ ધન ઈશ્વરે જે બઈરીને આપેલુંછે તે બઈરી ખરેખરી શુખીછે. એટલા માટે કેહેનારાઓ કેહેવત કહીછે કે, "શંતોશી જીવ શદા શુખી."

જે શુખી બઈરીછે તે જેમ ખુશ મીજાજી હોએછે, તેમજ તે પોતાનો મીજાજ ઠેકાણે રાખવાને કોશીશ કરેછે, અને હલકી નજીવી વાતોથી તે પર અશર થઈ શકતી નથી. કોઈપણ વાતમાં ખુબી મેલવવી હોએતો કોશીસ કરવી પડેછે; કોશીશ વના કાંઈપણ કામની વશતુ બની આવતી નથી. માણશને ઈશ્વરે તરેહ તરેહની શકતી આપેલીછે, પણ જાંહાં શુધી કોશીશ કરીને તે શકતીને માણશ શુધારે નહીં તાંહાંશુધી તે શકતી પોતાનું કામ બરાબર બજાવી શકે નહીં. માણશને ગાઅન શક્તી આપેલીછે તે જાંહાંશુધી કોઈ શારા ઊશતાદ પાશે તાલીમ લઈને કોઈ માણશ શુધારે નહીં તાંહાંશુધી તે ગાઈ શકે નહીં. તેજ મીશાલે મીજાજની પણ વાતછે. જાંહાંશુધી તેહને પોતાના અખતીઆરમાં રાખવાની તે મેહેનત કરે નહીં તાંહાંશુધી મીજાજ અખતીઆરમાં રેહે નહીં. માટે હર વખતે આપણું માથું તપી જાએ તારે ગુશો કરી ઊઠવું નહીં, પણ ઊપલી વાતનો વીચાર કરીને આપણા મીજાજને ખાઈ જવો. એમ ઘણીએક વાર કરેથી પછી ટેવ પડી જાએછે એટલે કોઈની જોડે બીગાડ થતો નથી.

ઘરના શંશારી ખટલામાં નહીં ગમતી વાત ઘણીવાર બનેછે. શંશારના દરીઆમાં તોફાન એકાએક ઊઠીને ઘરના વાંહાણને હેરાન કરેછે, પણ જે બઈરી શુખીછે તે તેહવે વખતે ધીરજ રાખેછે અને તે દુખમાંથી પાછી પોતાના ખુશ મીજાજ શાથે બાહાર નીકલેછે અને પોતાના શારા મીજાજથી દુખ ગણીં એમ શમજીને ને મીજાજને ઓર વધારે શારો કરવાને ને કોશીશ કરેછે.*

## શેતરંજની રમત.

બઈરીઓ જારે પોતાના ઘર ધંધામાંથી પરવારેછે અને બીજું કાંઈ કામ હોતું નથી તારે તેઓ પોતાની બેહેનપણીઓમાં બેશીને નકામું ચઊદું કરીને પોતાનો અમુલ વખત ગુમાવેછે. ફલાણીએ આમ કરીઊં, ઢીકણીએ આમ કરીઊં એવી હેવી એક બી

જાંની વાતો તેઓ કરેછે અને તેથી કરીને કેટલીએક વાર મોહોટો કંકાશ પેદા થાએછે. એટલાજ માટે જોડનારાએ કેહેવત જોડીછે કે,

"ચાર મલે ચોટલા
તો ભાંગી ઊઠે ઓટલા"


પણ હેમાં તે બઈરીઓનોજ વાંક કાહાડવો એ મુનાશબ નથી. માણશના મનની હેવી ખાશીએતછે કે નકામું બેશી રેહેવાએ નહીં; કાંઈ નહીંતો કાંઈ પણ કામ જોઈએ. માટે જારે ઘરનું કામ થઈ રેહે, તારે કાંઈ શારી વાતચીત અથવા રમત આવડતી નહીં હોએ, તો પછી કાંઈ માઠી વાત ચીત અથવા રમતપર તેઓનું ધેઆન જાએ હેમાં શું અજબ શરખુંછે? વાશતે શેતરંજ જેહેવી નાદર અને અકલમંદીની રમત કેમ રમાએછે તે વીશે આ ઠેકાણે હમે થોડોએક ખુલાશો કરવા માગીએ છઈએ; અને જે બઈરીઓને પોતાના શંશારી ખટલાનું કામ કાજ કરેઆ પછી ખોટું ટાહેલું કરવાને પરવાર મલતો હોએ તેઓને હમે ભલામણ કરીએ છઈએ કે તેહેવું નુકશાનકારક ટાહેલું છોડી દઈને હાવી નીરદોશી અને ફાએદેમંદ રમતપર ધેઆન પોહોંચાડે.

ઘરમાં બેશીને રમવાની ઘણીએક રમતોછે, પણ તે શઊમાં શરદારીનો દરજો શેતરંજનોછે. એ રમત ઘણી ઊમદા અને અકલમંદીનીછે, માટે હેને મોહોટા મોહોટા માણશોએ, બાદશાહોએ, લશકરી શરદારોએ અને ફીલશુફોએ પશંદ કરેલીછે. એ રમત કેઆરે શોધી કાહાડી તે કાંઈ બરાબર માલમ પડતું નથી; તોપણ એ ઘણી જુનીછે. કેટલાએક લખનારા એમ કેહેછે કે, એ રમત અશલ હીંદુઓએ કાહાડી; કેટલાએક કેહેછે કે, ચીનાઓએ; કેટલાએક કેહેછેકે, ઈરાનીઓએ; અને કેટલાએક કેહેછે કે, ઈજીપ્તનીઓએ. એ પરમાણે વીચારમાં ફેરફારછે તોપણ હીંદુશથાનમાં અને તેહેની આશપાશના દેશોમાં એ રમત ઓછામાં ઓછા બે હજાર વરશ થયાં ચાલેછે એમાંતો કશો શક નથી. ઈરાની લોકે એ રમત ઈશપેન દેશમાં દાખલ કરી; તાહાંથી તે ફરાંશમાં ગઈ; અને વીલીઅમ-ધી-કાંકરરના રાજમાં ઈંગલંડમાં દાખલ થઈ; અને તારથી તે આજ શુધી રમાતી આવીછે.

જે વશતુથી એ રમત રમાએછે તેહને મોહોરાં કેહેછે. એ રમત બે જણ રમેછે માટે તે મોહોરાં બે રંગનાં હોએછે. દરએક રંગનાં શોલ શોલ મોહોરાં હોએછે. તેહેમાં ૧ રાજા, ૧ વજીર, ૨ ઊંટ, ૨ ઘોડી, ૨ હાથી અને ૮ પેઆદાં અથવા શીપાઈ, એ પરમાણે હોએછે. એ મોહોરાંનો આકાર ઘણું કરીને નીચે પરમાણે હોએછે.




એ મોહોરાં જે ઊપર માંડેછે તેહને માંચો કેહેછે. એ માંચાનાં ૬૪ ઘર હોએછે. તેહેનો આકાર નીચે બતાવેઓછે. એ આકારમાં જે આંકડા માંડેલા છે તે કાંઈ બાજીના માંચા ઊપર હોતા નથી પણ હીંઆંતો એ અમથા શમજણ આપવાને માંડેલાછે.



હાવા આકારનો માંચો માંડીને બંને રમનારા શામ શામા બેશેછે અને મોહોરાંઓને તેહેની ઊપર હરેકના દરજા પરમાણે ગોઠવેછે. તે ગોઠવવાની રીત શમજવાને શારૂ ધારો કે શફેદ અને રાતાં મોહોરાં આપણી પાશેછે. તારે જમણા હાથ તરફનું ૬૪ મા નંબરનું ઘરછે તેહેમાં એક શફેદ હાથી માંડો; અને બીજો શફેદ હાથી ડાબા હાથ તરફનું ૫૭ મા નંબરનું ઘરછે તેહેમાં માંડો. હાથીઓની પાશેનાં ૬૩ અને ૫૮ મા ઘરોમાં શફેદ ઘોડીઓ માંડો; અને ઘોડીઓની પાશેનાં ૬૨ અને ૫૯ મા નંબરનાં ઘરોમાં શફેદ ઊંટો માંડો. પછી બે ઘર બાકી રહેઆં, તેઓમાં ૬૧ મા નંબરનાં ઘરમાં રાજાને બેશાડો; અને ૬૦ મા નંબરનાં ઘરમાં વજીરને. એ પરમાણે એક હાર પુરી થઓ પછી તેહેની આગલની હારમાં જે આઠ ઘરોછે તેહેમાં શફેદ રંગનાં આઠે પેઆદાં માંડો.

એજ પરમાણે રાતા રંગનાં મોહોરાં પણ ગોઠવવાં, એટલે ૧ લા અને ૮ મા નંબરનાં ઘરોમાં બે હાથી, ૨ જા અને ૭ મા નંબરનાં ઘરોમાં બે ઘોડીઓ, ૩ જા અને ૬ ઠા નંબરનાં ઘરોમાં બે ઊંટો, ૪ થા નંબરનાં ઘરમાં વજીર અને ૫ માં નંબરનાં ઘરમાં રાજા. પણ હીંદુઓની રીત પરમાણે બંને રાજા શામ શામા આવતા નથી. રાજા અને વજીર શામ શામા આવેછે એટલે દર એક રમનાર પોતાના રાજાને જમણા હાથ તરફ બેશાડેછે. એ પરમાણે શઘલી હાર ગોઠવેઆ પછી તેહની આગલની હારમાં રાતા રંગનાં આઠે પેઆદાં ગોઠવવાં.

એ પરમાણે મોહોરાં ગોઠવતાં વચલી ચાર હાર ઘરોની બાકી રેહેછે. અને એ ખાલી જગા રમવાનીછે.

મોહોરાંઓની ચાલ.

શેતરંજની રમતની એક ખુબી એછેકે દરએક જાતનાં મોહોરાંની મુકરર કરેલી ચાલછે તે મુજબજ તે ચાલી શકેછે. કેટલાંએક શીધાં ચાલેછે, કેટલાંએક આડાં ચાલેછે, અને કેટલાંએક બંને રીતે ચાલી શકેછે.

**પેઆદું** શીધું આગલ એકજ ઘર એકી વખતે ચાલેછે. પણ શામા રંગનું મોહોરૂં હોએ તેહને વાંકું વલીને મારેછે. પેહેલ વેહેલાં ચાલતી વખતે રમનારની મરજી પરમાણે તે પેઆદાંને એક અથવા બે ઘર ચલાવે. પેઆદું ચાલીઊં કે ચાલીઊં, તે પાછું હટી સકતું નથી; પણ છેક શામી બાજુપર જઈ પોંહચેતો જે મોહોરાં તે રંગનાં રમતમાં મુઆં હોએ તેહમાંથી રમનારને પશંદ પડે તે મોહોરૂં જીવતું થાએછે, અને તે પેલાં પેઆદાંને ઠેકાણે બેશેછે. તે પેઆદું પછી નકામું થાએછે, અને તેહને બદલે કાંઈ મોહોરૂં જીવતું નહીં કરીઊં તોપણ તે નકામું થાએછે.

**ઘોડી** હડી ઘર ચાલેછે. એ આગલ પાછલ અને આજુ બાજુએ ચારે તરફ ચાલેછે. હડી ઘર એટલે બે ઘર શીધાં અને એક ઘર વાંકું એ પરમાણે બણાએછે. તેહેનો દાખલો ૩૬ મા નંબરનાં ઘરમાં ઘોડી હોએ તે તાંહાંથી ૧૯, ૨૧, ૨૬, ૩૦, ૪૨, ૪૬, ૫૧, અને ૫૩ એ નંબરોમાંના કોઈ પણ નંબરને ઘેર ચાલી શકેછે. હાવી કુદકારા મારવાની ચાલને લીધે ઘોડી રમતની શરૂઆતમાં ઘણી કામની થઈ પડેછે, કેમકે તે એકાએક દુશ્મનની હારમાં ધશાવકો કરી શકેછે, અને કોઈ મોહોરૂં મારવા આવેતો તે પાછી પણ હટી શકેછે. અને જે ઘરપર કોઈ શામાં મોહોરાંનું જોર નહીં હોએ હેવા ઘરપર રહીને જો તે શામા ધણીના રાજાને શેહ આપેછે, તો તેહેની શેહ બીજાં કોઈ મોહોરાંથી ચુકવાતી નથી. તે રાજાનેજ તાંહાંથી ખશવું પડેછે; અને રાજા ખશેઓ એટલે પછી તેહનીથી કીશો થઈ શકતો નથી.

**ઊંટ** આડુંજ ચાલેછે. આગલ અથવા પાછલ જેટલાં ઘર અશલ રંગનાં ખાલી હોએછે તેટલાં ઘર તે ચાલી શકેછે. રશતો ખુલો હોએ તો ગમે એટલે દુરથી શામાવાલાનું મોહોરૂં ઊંટ મારી શકેછે. તેહેનો દાખલો. ૨૯ મા નંબરનાં ઘરથી તે, ૨, ૮, ૫૬ અને ૫૭ એ નંબરોમાંથી કોઈપણ નંબરને ઘેર ચાલી શકેછે.

**હાથી** પાટેપાટ ચાલી શકેછે એટલે આગલ પાછલ અને આજુ બાજુએ જેટલાં ઘર ખુલાં હોએ તેટલાં ઘર ચાલી શકેછે. એ મોહોરૂં રમતની શરૂઆતમાં ઘણું ઊપીઓગી ગણાતું નથી, પણ પાછલથી ઘણું જ કામનું થઈ પડેછે; કેમકે એખલો રાજા અને હાથી એ બે મોહોરાં રહી ગઆં હોએછે, તો હાથી શામા રાજાને શેહ આપીને માત કરી શકેછે, પણ તેમ બીજાં મોહોરાંથી થઈ શકતું નથી.

**વજીર** એ શઘળી શરશ મોહોરૂંછે. એ હાથી અને ઊંટ બંનેની ચાલ ચાલી શકેછે, માટે હેનું જોર બેહદછે. હેની ચાલનાં જેટલાં ઘર ખાલી હોએછે તેટલાં બધાં ઘર એ ચાલી શકેછે. હેનો દાખલો જો ઘરો ખાલી હોએ, તો ૩૭ માં નંબરનાંઘરથી ૧, ૫, ૧૬, ૩૩, ૪૦, ૫૮, ૬૧, ૬૪ અથવા એ ચાલોને બીજે ઘેર વજીર ચાલી શકેછે. માટે રમતાં હોશીઆરી રાખવી જોઈએ કે આપણી કાંઈ ગફલત થઈને વજીરને શામો રમનાર મારી લે નહીં.

**રાજા** એકજ ઘર ચાલેછે, પણ તે બધી તરફ ચાલી શકેછે. શેહ લાગેઆ પેહેલાં તે એક વાર દાબા હાથ તરફ અથવા જમણા હાથ તરફ બે ઘર ચાલેછે. હેનું નામ કીલો કરવોછે. હીંદુઓની રમવાની રીત પરમાણે કીલો થતો નથી, પણ રાજા એકવાર શેહ લાગેઆ પેહેલાં હડી ઘર ચાલી શકેછે. શેહમાં નહીં આવતો હોએતો તે બીજા રંગનાં કોઈપણ મોહોરાંને મારી શકેછે. શેહ લાગેઆ પછી જો તે શેહ કોઈ રીતે છોડવાએ નહીં તો બાજી માત થઈ, એટલે જેહેના રાજાને શેહ લાગી તે હારેઓ એમ શમજવું.

## ભુતની વાત.

એક શખશને ભુતનો અનુભવ થઓછે તે પોતાની હકીકત નીચે પરમાણે લખેછે.

આશરે પચીશ વરશપર હું ઈશકાટલંડ દેશના એક ભાગમાં એક શખશને ઘેર રાતરે જમવા ગએો હતો. તાંહાંથી જમીને હમે શઉ ઊઠેઆ અને ઘેર જવા નીકલેઆ તારે આશરે તરણ માઈલ શુધી ચાલીને એક બઈરીને તેહને ઘેર પોંહોંચાડવા માહારે જવું પડીઊં. તે મોશમ શીઆલાની હતી. રાત અંધારી હતી, અને કાંઈ વાદલાં હતાં નહીં તેથી આશમાનમાં તારા ઝલક ઝલક થઈ રહેઆ હતા. જમીનપર ઝાંકલ પડેલું હતું અને થોડું થોડું બરફ પણ પથરાએલું હતું. માહારી શાથે જે બાઈ હતી તે ઘણી ભલી અને માન આપવા લાએક હતી, અને તેહની શાથે ઘણી અકલમંદ પણ હતી; અને પોતાના અનુભવમાં આવેલી વાત બરાબર ભભકથી બીજાને શમજાવી શકતી હતી. તેણે ભુતની જે વાતો તે રાતરે કહી તે ઘણીજ શારી હતી. તેહવી શારી મેં આગલ કદી શાંભલીતી નહીં, અને તેણે કહી પણ નહીં હશે. ઘણું કરીને શઘલી દુનીઆના લોક ભુત પરેતની વાતો માનેછે તેહનું કારણ શું હશે એ બાબત ચાલતાં ચાલતાં હમને વાતચીત થઈ; પણ તે બાઈ ભુતને ખરેખાત માનેછે કે નહીં એ વાત હું નીશચે કરી શકો નહીં, કેમકે તે હવી હોશીઆરીથી અને ગંભીરાઈથી બોલતી હતી કે જાણે તે વખતે રાતરે કોઈ ભુત તાંહાં ભમતા હોએ તે શાંભલીને ખુશ થશે અને દેખા દેશે હેવો તેહને ડર હોએ. તે વખતમાં હું મોહોટી ઈશકુલમાં જતો હતો અને તરક શાશતર શીખતો હતો તેથી હું તકરાર કરવામાં ઘણો હોશીઆર હતો, અને હું કશી વાત કોઈની કહેલી એકાએક માનતો નહીં. માટે તેણે મહને ગંભીરાઈથી કહું કે, ભાઈ હેવી વાતોમાં જીદ અને આડાઈ કરીએ નહીં, કોણ જાણે આપણાં જાણેઆમાં અથવા દીઠામાં નહીં હોએ તો શું થશે. જગત ઘણું મોહોટુંછે અને ફીલશુફોને નહીં માલમ હેવી ઘણીએક ચીજો આશમાનમાં અને જમીનપર હોશે. એ વાતની મહને હું ઘેર પોંહોંચેઓ તાર પેહલાં અજમાએશ થઈ, અને માહારા શમજવામાં આવીઊં કે તે બાઈએ જે વાત કહી તે ખરી કહી, અને ભુતો વીશે માણશો જે બોલેછે તે વધારે ચોકસ થઈને બોલવું જોઈએ.

હું ખાતર જમાથી કહી શકું છઊં કે તે બાઈને પોહોંચાડીને હું માહારા ઘર તરફ વલેઓ તારે માહારા મનમાં જરા પણ વેહેમ હતો નહીં; પણ તે વખત હેવો હતો કે વેહેમના વીચાર પેદા થઆ વના રેહે નહીં. રશતામાં કોઈ મલે નહીં. પાછલી રાતનો એક વાગેલો હતો. હું ચાલતો હતો તે માહારો પગલાંનો અવાજ અને રશતાની બાજુપર એક ઝરણ પાણીનું નીકલતું હતું તે શીવાએ બીજો કાંઈ અવાજ તાંહાં શાંભલવામાં આવતો નહીં હતો. એક નાહાની શરખી ટેકરી ઊતરીને હું નીચે આવેઓ હતો, અને તેણી મેરની જરા વધારે અંધારી જગે તરફ જતો હતો, એટલામાં મહને હેવું ભાશીઊં કે માહારી આગલ થોડુંએક દુર ઝાડી આગલ કાંઈ ચાલેછે. થોડીએક વાર શુધીતો મેં તે વાત ધેઆનમાં લીધી નહીં, પણ પછી વીચાર થએો કે રખેને કોઈ લુટવાને તો આવેઓ નહીં હોએ. પણ વલી મેં વીચાર કીધો કે માહારી પાશે છે શું કે મહને લુટશે. એમ વીચાર કરીને હું આગલ હીંમતથી ચાલેઓ કે વારૂ જોઊંતો ખરો કે એ શું ચીજછે. હું જેમ આગલ ચાલેઓ તેમ મહને દેખાઊં કે એ કાંઈ માણશ નથી પણ મોહોટો કાલો કુતરોછે અને ધીમે ધીમે રશતાપર ચાલેછે. એથીતો માહારા મનમાં ગભરાટ વધારે થએો કેમકે ગામના બધા કુતરા મેં જોઆ હતા, પણ હાવો કુતરોતો મેં તેઓમાં જોઓ નહીં હતો. વલી કુતરો એટલી રાતરે એખલો તાંહાં કોહાંથી હોએ? વલી વીચાર આવેઓ કે કોઈ માણશ લુટવાનો વગ જોઈને નીચો વલી વલીને છેક અંધારી જગોમાં જાએછે. તો પણ હું આગલ ચાલેઓ. હું ઝડપથી તો નહીં ચાલેઓ કેમકે મેં મનમાં વીચાર કરેઓ કે જરા પાછલ રહું તો નાહાશવાની જરૂર પડે તો નાહાશી શકાએ, તો પણ જાણે મનમાં જરા ડર નહીં હોએ એ પરમાણે હું પગમાં જોર રાખીને ચાલેઓ અને માહારી નજર તે કાલી વશતુ પરજ રાખી મેહેલી. તે વશતુ પેલી ટેકરીની નીચે આવીને લાગલી રશતાની વચોવચ આવીને બેઠી. તે જોઈને હું અટકેઓ. મનમાં મેં વીચાર કરેઓ કે એ માણશ હોએ કે જાનવર, પણ માહરો બચાવ કરવાને માહારી પાશે કાંઈજ નથી,

માહારી લાકડી શુધાં નથી. હવે કરવું કેમ ?. અંધારી રાત તેથી એ માણશ છે કે જાનવર તે હું નકી કરી શકેઓ નહીં. મેં વીચારીઊં કે કાંઈ અવાજ કરશે તો શમજાશે, પણ હું કબુલ કરૂં છઊં કે માહારૂં કાલજી ધબક ધબક થતું હતું તે શીવાએ બીજો કાંઈજ અવાજ શંભલાએઓ નહીં. એ વખતે માહારા મનમાં વીચાર આવેઓ કે રખેને પેલી બાઈની કહેલી વાત હમણા ખરી પડે, અને મેં જીદ કરી પણ એ ખરેખાત ભુતજ હોએ. જે પકી દલીલોથી ભુતનાં ખોટાપણા વીશે માહારી ખાતરી થઈ હતી તે દલીલો શરવે માહારા મનમાંથી ખશી ગઈ—હજાર તરેહના અંદેશા માહારા મનમાં આવેઆ, પણ હવે કરવું કેમ ? એ વશતુ આગલ જવું કે એ રશતો મુકીને બીજે રશતે નાહાશીને ઘેર પોંહાંચી જવું ! મેં ઠરાવ કરેઓ કે નાહશી જવું તો નહીં. બીહીકણ અને નામરદો હોએ તે નાહાશી જાએ. જે બનવાનું હોએ તે બને. એ આ દુનીઆની ચીજ હોએ કે બીજી દુનીઆની ચીજ હોએ, પણ હું હેને પકડીને માહારી ખાતરી કરીશકે એ છે શું અને હેનું જોર કેટલું છે. જો એ આ દુનીઆની કાંઈ ચીજ હશે તો હું કાંઈ ડરતો નથી. હું જુવાન અને જોરાવર છઊં અને લડીશ નહીતો પછી દોડી જવાનું માહારા પગમાં જોર છે. એમ હીમત કરીને હું આગલ ચાલેઓતો ખરો પણ તે ચીજ વીશેક વાર દુર રહી એટલે માહારા હાંજાં નરમ થઆં. પણ તેમાં કાંઈ તાજુબ જેહવું નહીં! કેમકે માહારી આગલ માણશ અથવા કુતરૂં અથવા હેવી બીજી કાંઈપણ જીવવાલી વશતુ જેહવું હતું નહીં. એક અજબ શરખું, કાલું, શંકુના આકારનું, આશરે તરણ ફીટ ઊંચું અને શફેદ કપડું હોડેલું હેવું કાંઈ દીઠામાં આવીઊં. તે વલી શાફ હાલતું ચાલતું પણ જણાઊં. માહારા મનમાં ધાશતીતો પેઠી, પણ જેમ જેમ માહારા મનમાં આવતું ગઊં કે એ ચીજ આ દુનીઆની નથી તેમ તેમ તે ચોકશ જોવાનો માહારો પકો ઠરાવ થઓ. તે વખતનો મહને વીચાર આવે છે તારે હજી પણ મહને ધુજારી આવેછે, પણ તેવારે મહને શું થઊં તે કેહેવાને હું શરમાતો નથી. તેહને પકડવાને લાંબા હાથ કરીને જેહવો હું આગલ ચાલેઓ તેહવું માહારૂં માથું ફરવા લાગીઊં અને માહારી આંખે અંધારાં આવેઆં. વેહમી ડરને લીધે હું ધુજવા લાગેઓ. માહારો પગ જમીનને લાગેલોછે કે નહીં એ બરાબર જણાએ નહીં. તોપણ તે અજાણી વશતુ એક બે ડગલાં દુર રહી એટલો હું આગલ વધીઓ, અને કાંઈપણ બોલેઆ વના દાંત પીશીને અને બીધેલો પણ ખરો તેથી હલકી ચીશ પાડીને તે ચીજને મેં ઝડપથી ઝાલી. તારે તે ચીજ બોલી, "શેઠ માહારી ઊપર દઆ કરો ! શું થઊં ? હું ઘરડી ડોશી છઊં. મહને કેહેશો કે ફલાણે ઠેકાણે જવાનો રશતો આજ કે નહીં ?"

માહારા જનમમાં પેહેલવેલું ભુત મેં જોઊં તે એ, અને છેલું પણ એજ. એ ડોશી ભુત પણ નહીં અને ડાકેણ પણ નહીં, પણ એક ભીખ માગનારી હતી. તેણે માહારાં પગલાં શાંભલેલાં તેથી રશતો પુછવાને આવીને માહારા મારગની વચોવચ આવીને બેઠી હતી. જારે મહને શુધી આવી તારે માહારે કપાલેથી મેં પશીનો લુછી નાખેઓ અને તેહેને કહું કે, "ડોશી તું છે તેમની તેમજ જરા બેશી રેહેજે, માહારે કાંઈ જોવુંછે." એમ કહીને વીચાર કરવા લાગો કે એ ડોશીનો આકાર શંકુના જેહેવો મહને કેમ જણાઓ હતો ? પછી મહને માલમ પડીઊં કે તે ડોશીએ માથે શફેદ કપડું હોડીઊં હતું તેહનો રંગ બરફની શાથે મલી ગએથી તે કાંઈ જુદું દેખી શકાતું હતું નહીં, અને તેહનો કાલો પોશાકજ કેડથી તે પગ શુધીનો રશતાની ઊપર શંકુની પઠે ઊભેલો દેખાતો હતો. પછી તે રાતરે મેં ઠરાવ કરેઓ કે જાંહાં શુધી હું ખરેખાત નજરે જોઊં નહીં તાંહાંશુધી ભુતની વાત માહારે શાચી માનવી નહીં, અને તારપછી મેં આજદીન શુધી એકુ ભુત દીઠો નથી.

---


## ધુમકેતુ અથવા પુંછડીઆ તારા.




ધુમકેતુ ઘણા હલકા દરાલના જેહવા પદારથો છે. તેઓ ગરેહની માફક શુરજની આસપાશ ફરેછે. તેઓનો મારગ ઘણો લંબગોલછે એટલે શુરજ તે મારગની બરાબર વચે રેહેનો નથી પણ એક બાજુ તર




તા ૧૧મા સપેટંબર



તા ૨૫મી સપટેંબર



તા ૨૬મી સપટેંબર



તે ૨ જી અકટોબર



તા ૨૭મી સપટેંબર



તા ૩૦ની સપટેંબર



તા ૯મી અકટોબર

ફ પાશે રેહેછે. ધુમકેતુના ઘણું કરીને બે ભાગ હોએછે—અંગ અથવા ગોલ તારાનો ભાગ અને પુંછડી. તારો ઘણો ચલકારવાલો અપારદરશક જડ પદારથછે. પણ તે કોઈ કોઈવાર હેવો પાતલો હોએછે કે તેહમાંથી પેલી બાજુપરના આશમાનના તારા દેખી શકાએછે. પુંછડી વલી તે કરતાં પાતલી અને ચલકતી વરાલછે. તે વરાલ તારાની આશપાશ લપેટાઈને એક બાજુપર લંબાએલી હોએછે. જેણી તરફ ધુમકેતુનો મારગછે તેથી ઊલટી તરફ પુંછડી લંબાએલી હોએછે.

આગલા જમાનામાં જારે લોકો ઘણા ભણેલા અને શમજુ નહીં હતા તારે આશમાનમાં ધુમકેતુ નજર પડેથી તેઓમાં મોહોટો ગભરાટ પેદા થતો હતો. તેઓ એમ બીહીતા હતા કે હવે કાંઈ લડાઈ અથવા રોગ અથવા દુકાલ પડશે અને દુનીઆમાં ઘણુ નુકશાન થશે. પણ વીદીઆનો ફેલાવો થઆથી હાવી બેહુદી વેહેમની વાતો ઘણે ઠેકાણેથી જતી રહીછે, અને હીંદુશથાન ચીન વગેરે દેશોમાંથી પણ ધીમે ધીમે તેજ ઈલાજથી નીકલી જશે હેવી ઊંમેદછે.

કેટલાએક ધુમકેતુઓ શુરજની આશપાશ ફરી આવીને પાછા નજરે પડેલાછે. અને તેઓને ફરતાં કેટલી મુદત લાગેછે તેહેનો હીશાબ કાહાડવામાં આવેલોછે. તેહમાં એકનો હીશાબ હાલી નામના જોશીએ પેહેલવેલો કરેલો માટે તેહેનું નામ હાલીનો ધુમકેતુ પડેલુંછે. તે ધુમકેતુને શુરજની આશપાશ ફરતાં આશરે પોણોશો વરશ લાગેછે. તે છેલો શને ૧૮૩૪ ની આખરે દેખાઓ હતો. એક બીજોછે તે ૧૨૦૭ દાહાડામાં એટલે ૩ વરશ અને ૪ મહીનામાં ફરી રેહેછે, અને એક તરીજોછે તે ૬ વરશ અને ૯ મહીનામાં ફરી રેહેછે. આ તરીજો ધુમકેતુ શન ૧૮૩૨ માં આપણી જમીનના રશતામાં થઈને ગઓ હતો. એ જો એક મહીનો રહીને તે ઠેકાણેથી ગઓ હોતતો આપણી જમીનની તેહની શાથે નજદીકની મુલાકાત થાત.

શને ૧૬૮૦ ના વરશમાં એક ધુમકેતુ દીઠામાં આવેઓ હતો. તેહેની પુંછડી એટલીતો લાંબી હતી કે આપણી જમીનથી છેક શુરજ શુધી પોંહાંચે અને વલી બીજા કોઈ ધુમકેતુને પુંછડી નહીં હોએ તો તેહને આપવાને શારૂ કેટલાએક લાખ માઈલની પુંછડી બાકી રેહે. હેવા મોહોટા મોહોટા ધુમકેતુઓની જોડે શરખાવતાં હાલ થોડાએક દીવશપર જે દેખાઓ હતો તેતો માતર એક બચું. એની પુંછડી માતર એક કરોડ અને પચાશ લાખ માઈલ લાંબી હતી. એ તારો દુરબીનથી કેહેવો કેહેવો દેખાઓછે તેહેના નમુના પાશેના સફા ઊપર આપેલાછે.

## એકની અનેક અથવા કીડીનો કુંજર.

એક મુંબઈ શરખા શેહેરમાં ગોકલદાશ કરીને નગરશેઠ હતા. તેહની દીવાલી નામની એક શાણી બઈરી હતી. તેહેની નાતીલી બે બાએડીઓ એક દીવશ તેહેને મલવાને આવી. તેઓનાં નામ જમના અને મણીકોર હતાં. તેઓની વાત ચીત નીચે પરમાણે થઈ.

**જમના**—દીવાલી બેહેન ઘાંચી ફલીઆંની પાછલી શેરીને નાકે કાલે રાતે મોહોટી આગ લાગી હતી તેહેની કાંઈ ખબર પડી?

**દી૦વાલી**—નારે બેહેન કાંઈજ નહી.

**જ૦**—અરે શું કોહોછે બેહેન! આખા ગામમાં વાત ચાલીછે ને! શાંજના આશરે શાત કલાકે આગ લાગી અને નવ કલાકે હોલવાઈ પણ શાહાડા નવ શુધી મહને કાંઈ ખબર પડી નહીં. મહને ખબર પડતાંજ માહારૂં મન તો આવીને તરત તમને કેહેવાનું થઊં પણ માહારા ધણીએ કહ્યું કે હવે આટલી રાતે કાંહાં જાએછે. દીવાલી બેહેનતો શુતાં હશે.

**દી૦**—કોહોના ઘરમાં આગ લાગી હતી?

**મ૦**—લાકડાંની વખારની પાંશે પરમાનંદદાશના ઘરમાં?

**દી૦**—હેં! પરમાનંદદાશ માહારી બેહેનપણી પારવતી બેહેનના વર તેહેના ઘરમાં? શું તે ઘર છેક બલી ગઊં? તેહેમાં કાંઈ માણશ બલી મુઆં?

**જ૦**—ઘર છેક બલી ગઊં નથી પણ અરોશી પરોશીએ તરત સારી મદત નહીં કરી હોતતો તે બેશક બલી ગઊં હોત, અને માણશ બલી મરવાને પુછોછો તે માંહે હોએજ શું કરવાને કે બલી મરે. જુઓ બેહુન તે શઘલાં ભાવી માણશ ગણાએછે. ચાકરડી બાકરડી શઊને લઈને મંદીરે ગઆં હતાં, અને રાંડ ચાકરડીએ રશોઈખાનામાં જાણે હોલી શલગાવવી હોએ તેમ ચુલામાં લાકડાં ભરાં હતાં. વારૂ બેહેન હુંનો ધા

રૂંચ કે એ પરમાણે ઘર વીહીલું મુકીને જવું, એ કાંઈ શારૂં નહીં. કોણ જાણે પાશની વખારમાં કેટલાં લાકડાં બલી ગઆં હોશે ? અને એમનું એમ રહું હોત તો આખી શેરી નહીં બલી જાત ?

મo—નારે બેહેન તમારી ભુલછે. ચાકરડી કાંઈ મંદીરે ગઈ નોહોતી. તેતો ઊપર કાંઈ લેવા ગઈ હતી અને તે જારે નીચે આવી તારે તેણે શઘલું બલતું દીઠું, અને ધુમાડાથી તે છેક ગુંઝલાઈ ગઈ. મેં તો શાં બલીઊં કે તે મરી ગઈ, પછી ખરી વાતતો ઈશવર જાણે.

જo—અરે નારે બેહેન હું જાણુંચ કે ઘરમાં તો કોઈ પણ નો હોતું. માહારા વરે બારણાં ઠોકેઆં, પણં કોઈએ માંહેથી જવાબ દીધો નહીં અને તે ઘેર ચાલેઆ આવેઆ, પણ મહને એ વાત ગમી નહીં, કેમકે તાંહાં જરા ઊભા હોતતો આપણે બધી વાત તો નકી જણાત. વારૂ ઠીક થઊં એ લોકને નશીઅત પોંહોંચી હવે એમ ઘર વીહીલું મુકીને મંદીરે જવાની લત તેઓ મુકશે.

દીo—મહને જરા એ વાતતો તાજુબ શરખી લાગેછે. પારવતી બેહેનનાં ઘરનાં આડે દાહાડે મંદીરે જતાં નથી અને કાલે કાંઈ પણ વાર તેહેવાર કે ઓછવનો દાહાડો નહીં હતો. વલી પારવતી બેહેન ઘણાં શમજુછે અને ચાકરડીને એટલાં બધાં લાકડાં ચુલામાં મેહેલવા દે નહીં.

જo—અરે બેહેન મંદીરે નહીં તો કોઈને મલવા ગઆં હોશે, અને શેઠાણી બાહાર ગઆંછે હેવું જોઈને ચાકરડી પણ રવડવા ગઈ હોએ.

દીo—આપણે જે વાતની પાકી ખબર નથી તે બાબત કોઈની ઊપર ખાલી વેહેમ લાવવો એ ઠીક નહીં. જીવીએ ઘણાં વરશ થઆં પારવતી બેહેનના ઘરમાં કામ કરેલુંછે, અને હવે કાંઈ નઠારી વાત તેહેની બાબત કોઈ બોલેતો તે બીચારીને ઘણું માઠું લાગે. કોણ જાણે કદાચ તે આગ લાગી તેહેમાં તે બીચારીનો બીલકુલ વાંક નહીં પણ હોએ.

જo—વારૂ બેહેન તેમ તો તેમ.

એ પરમાંણે જમના અને મણીકોર એકની અનેક કરી રહાં પછી તેઓ પોતાને ઘેર ચાલતાં થઆં. અને દીવાલીએ પોતાની બેહેનપણીનું ઘર બલીઊં હેવી ખબર શાંભલેલી તેથી તે જલદી પારવતીને ઘેર જે થાએ તે મદત કરવાને ગઈ. તાંહાં જઈને જુએ છે તો જાણે કાંઈજ થઊં નહીં હોએ એ પરમાણે ઘરનો આગલો બાગ બધો શલામતછે અને લાકડાંની વખારમાં વેચાણનું કામ બરાબર હંમેશની પઠી ચાલે છે. પછી બારણાં ઠોકેઆં તો ઘરડી ચાકરડી જીવી તરત આવીને બારણાં ઊઘાડીને તેહને માંહે લઈ ગઈ અને દીવાનખાનામાં બેશાડી. તાંહાં જુએછે તો શરવે વશતુ બરાબર ગોઠવેલી માલમ પડી. વલી જતાં જતાં ચુલો જોઆ તો તાંહાં પણ કાંઈ ગડબડ દીઠી નહીં, રશોઈખાનામાં શઘલું જેમનું તેમ દીઠું. તારે તેણે મનમાં વીચાર કરો કે આ લોકોએ કેહેવું જલદીથી પાછું શરવે ઠીકઠાક કરી દીધુંછે. એટલામાં તેહેની બેહેનપણી પારવતી આવી પોંહોંચી. તેહને દીવાલીએ પુછીઊં કેમ બેહેન તમને મોહોટી વીપતી આવી પડી?

પાo—"શું વીપતી ? નારે બેહેન કાંઈ નહીં."

દીo—"નો શું લોકો હેવા નઠારાછે કે હેવી ગપ ચલાવી કે તમે કાલે રાતે મંદીરે ગઆં હતાં અને તમારા ઘરને આગ લાગી તેથી ઘણું નુકશાન થઊં ?"

પાo—"ઓ હો. હવે હું શમજી તમે શું કેહેછો તે હું કાંઈ મંદીરે ગઈ નોહોતી, પણ માહારો જરા વાંક ખરો. કેટલાએક રદી કાગલો મેં ચુલાની પાછલ નાખેઆ હતા તે જરા શલગી ઊઠેઆ અને તેહેનું બલતું ધુમાડીઆંમાં ગઊં તેથી તે પણ શલગીઊં."

દીo—"તારે બેહેન ઘરમાં તમે એખલાંજ હતાં કે ? તમે ઘણાં ગભરાઆં હશોની ?"

પાo—"નારે હું ઘરમાં એખલી નહીં હતી. જીવી હું ધારૂંચ કે રશોઈખાનામાં હતી."

દીo—"તારે બડકું ધુમાડીઆંની બાહાર નહીં નીકલીઊં ?"

પાo—"ના જરા નહીં ?

દીo—"વારૂ કાંઈ અંગારા ઊડીને પાશની લાકડાંની વખારમાં પડેઆ ?"

પાo—"બેહેન ભગવાંને દઆ કરી કે કાંઈ હેવું નહીં બનીઊં. નહીં તો રાતરે પવન ઘણો હતો અને વખારમાં લાકડાં પણ ઘણાં ભરેલાં હતાં તેથી બેહેન કોણ જાણે શું નુકશાન થઈ જાત."

દીo—"બેહેન મેં આટલી બધી વાત પુછી તેહેશું કાંઈ દુખ નહીં લગાડશો, કેમકે ગાંમમાં અથવા ચાલીને માહારો જીવ રહો નહીં."

પા૦—" શું, અશ્વા ? હેવી નજીવી વાતો કરે વાનો કોહોને વીચાર આવેઓ ? હું તો ધારતી હતી કે એ કોઈને માલમ ઓ પડશે નહીં."

દી૦—" હું તો તમને મદત કરવાને આવી છ ઊં. મેં જાણીઊં કે બીચારી જીવી તો ગુંગલાઈને અધમુઈ થઈ ગઈ હશે. વારૂ તમે આગ હોલવી કેમ ?"

પા૦—" અરે હેમાં શું પુછોછો ? મેં પાંણી છાંટીને હોલવી નાખી ?"

દી૦—"તારે અડોશી પડોશીઓને કોઈને ત મારા ઘરમાં આવવું પડીઊં નહીં?"

પા૦—ના. ના. કાંઈ ધુમાડો દીઠો એટલે કેટલાએ કોએ બારણાં ઠોકેઆં ખરાં, પણ હમે ઊઘાડેઆં નહીં કેમકે અમથી તેઓને મેહેનત આપીને એકની અનેક કરવાની કાંઈ જરૂર નહીં. બીચારી જીવીએ જરા ધુ માડો ખાધો તેથી તેહને કાંઈ ઊધરેશ થઈ એટલુંજ."

દી૦—"વારૂ બેહેન તારે વાત નો ઓમછે. લો કોએ નહીં બનેઆંતું બનીઊં કરી બેશાડીઊં. જરા કાગલ બલેઆ અને ધુમાડીઊં શચગીઊં, તેહને મો હોટી આગ કરી બેશાડી. અને જીવી જરા ગુંગલા ઈ તેટલા પરથી ગુંગલાઈને મોઈ હેવી વાત ચલાવી. હેવી લોકોની વાતછે. એમ તેઓ એકની અનેક કરી બેશાડેછે." એ પરમાણે વાતચીત કરીને પાન શોપારી, એલચી, લવેંગ લઈને દીવાલી શેઠાણી પોતાને ઘેર ગઆં.

---

## પરચુરણ બાબતો.

**રાખશશી રથ**—ફરાંશ દેશમાં શઉથી મોહોટામાં મોહોટી ગાડી દાવેલા નાંમના એક નાહાના કશબામાંછે. તે શાવાશતે કરવામાં આવી એ વાત જાણવા જેહેવીછે. તે કશબામાં રેશમ કાંતવાનો એક શચોછે. તેહેનો ધણી તેપ ર આશરે હેંશી બાઐડીઓને કામે લગાડેછે, તેમાંની ઘણી એક બાઐડીઓ આશપાશના ગામડાઓની હોએછે. તે દ ર રવીવારે પોતાના કુટુંબોને મલવા જાએછે, અને એક દી વશ તેઓની શાથે રેહછે. તેઓ આગલ શનીવારે શાંહાને કામપરથી છુટે તારે તરણથી તે બાર માઈલ શુધી પગે આ લીને પોત પોતાને ઘેર જતી અને બીજે દાહાડે શાંહાંજે તેટલુંજ ચાલીને પાછી આવતી, તેથી આખો દીવશ કામ કરે તે કરતાં પણ વધારે થાકી જતી. માટે તે અડચણ દુર કરવાને પેલા કારખાનાના ધણીએ આ ગાડી કરાવીછે. તે હેમાં શાઠ જણી બેશી શકે હેવી બે હાર બેઠક એક ઉપર એક એ રીતે બનાવીછે. જારે પેલો શચો દર શનીવારે શાં હાંજે બંધ થાએછે તારે તે ગાડીને ચાર મજબુત ઘોડા જો ડેછે અને તેહેમાં બેશાડીને પેલી કામ કરનારી બાઐડીઓ ને પોતુ પોતાને ગામ લઈ જાએછે અને રવીવારે શાંહાજે તેજ પરમાણે તે બાઐડીઓને એકઠી કરીને પાછી લઈ આવેછે.

---

**હવાની અજાએબ શરખી અશર**—કાલીફોરનીઆ ના એક કાગલમાં આ પરમાણે બીના લખી મોકલીછે. અ તરેની હવાથી કેટલાએક લોકના રૂપ રંગ કેહેવાં બદલાઈ જાએછે તેહેનો એક તરેહવાર દાખલો હાલમાં બનોછે, આજથી ચાર વરશપર એક માણશ પુરવ તરફથી અતરે આવેઓ અને ખાણ ખોદવાના કામમાં લાગેઓ. તારપ છી થોડી મુદતમાં તેહેના બાલ જે ભુરા હતા તે ખરી પડ વા માંડેઆ. તે થોડા દાહાડામાં શઘલા ખરી પડેઆ. તે હેના શરીરપર એક પણ બાલ રહો નહીં. પણ બાલ ખરી પડેઆ તે દરમીઆનમાં પેલા માણશની તંદુરશતી ઘણી શા રી હતી, પણ પછી તે માણશનું રૂપ જલદીથી બદલાવવા લા ગીઉં. તે અશલ લાંબો અને પાતલો હતો, પણ પછી તે મોહોટો કદાવર થવા લાગેઓ. તે જારે આ દેશમાં આવે ઓ તારે તેહેનુ વજન આશરે ૧૬૦ રતલનું હતું, પણ ખાણ આગલ કામ કરવા ગઆ પછીઆશરે શાત મહીનામાં તેહેનું વજન ૩૦૦ રતલ કરતાં વધીઉં. પણ જેમ શરવે વશતુની આખર આવેછે તેમ આ પુરશના કદમાં વધારો થવાની પ ણ આખર આવી. તારપછી તેહેના બાલ ઉગવા લાગેઆ. પણ અજાએબ શરખી વાત એછે કે આગલા ભુરા બાલને ઠેકાણે હમણાં તેહેના બાલ કાલા બંમર જેહેવાછે. આ પર માણે જે ઘણીનાં રંગ રૂપ બદલાઆં તે પોતાની પેઆરી બાઐડીને પોતાના દેશમાં મુકીને આવેઓ હતો. તેથી આ શરે તરણ વરશ અતરે રહા પછી તેણે તેહેને તેડાવી, અને તે બાઐડી પોતાના ઘણા દીવશના વીજોગી ભરથારને મલ વાને આવી. જારે આગબોટ બંદરમાં આવી તારે પેલે મોહોટા કદનો અને કાલા બાલવાલો માણશ તેહેને લેવાને ગઓ પણ તેણે કહું કે તું કાંઈ માહારો ભરથાર નથી. પે લા મરદે ઘણી રીતે શમજાવી પણ તે બાઈ કાંઈ માને નહીં. પછી બે મહીના શુધી તે બાઐડી અતરે રહી અને પોતા ના ધણીની ખોલ કરી. પણ તે કાંઈ જડેઓ નહીં તેથી મે

રી ગઓ હશે એમ શમજીને નાઉમેદ અને દલગીર થઈને તે પાછી પોતાને દેશ ગઇ. પેલો રંગ રૂપ બદલાએલો ધણી અતરેછે અને ઘણો અફશોશ કરેછે કે આ હવાથી માહારૂં રૂપ હેવું ફરી ગઉં કે માહારી ધણીઆણી પણ મહને ઓલખી શકી નહીં. હાલ તેહેનું માંશ ઓછું થાએ અથવા તેહેના બાલનો રંગ બદલાએ હેવું કાંઈ બાશતું નથી.

---

"**બચાંઓને હમેશ સાચી વાત કેહેવી**—આં દેશના લેકોમાં એક મોહોટી ખરાબ ચલણ એછે કે બચાંઓને સમજાવવા સારૂ કે તેઓને ડરાવવા સારૂ કંઈ કંઈ ખોટી વાતો તેઓને કેહેછે. જેઓ એ રીતે ચાલેછે તેઓ મોહોટા મુરખછે, ને ભારે પાપ કરેછે. બચાઓમાં એક આદત એછે કે જે વાતો તેઓને કેહેવાએ તે વાતો તેઓ એકદમ માની લીએ. હવે એ આદત શારીછે, ને એને હમેસ સાચી વાતોથીજ વપરાવવી જોઈએ. જુઠી વાતોની અસર એના પર પડવી ન જોઈએ. બચાંઓને જુઠી વાતોથી સમજાવવા તથા ડરાવાથી જુઠાણાનો ફેલાવ થઇ જાએછે. તેઓ જારે ઉછરેછે તારે નાહાનપણાની ખોટી અસરને લીધે તેઓમાં જુઠું બોલવાની આદત જલદી પડી જાએછે. માટે તેઓ સાથે હમેસ સાચુંજ બોલો, ને તેઓ પણ સાચું બોલવાને સીખસે." ખા૦ ૧૬

---

**મફત શલાહ**—હરેક માણસે બનેતો પોતાનું કરજ આપવું જોઈએ. હરેક માણસે બને તો પોતાના પહોશીને શાહે થવું જોઈએ. હરેક માણસે બને તો પોતાનાં લગન કરવાં જોઈએ. હરેક માણસે બનેતો પોતાનાં ઘરાકને પથ્ય પડતું કામ કરવું જોઈએ. હરેક બાઈરીએ બને તો પોતાના ધણીને ખુશી કરવો જોઈએ. હરેક બાઈરીએ બને તો કોઈ કોઈવાર પોતાની જબાન બંધ રાખવી જોઈએ. હરેક વકીલે બને તો કોઈ કોઈવાર શાચું બોલવું જોઈએ. હરેક માણસે બનેતો પોત પોતાના કામમાં ધ્યાન રાખવું જોઈએ અને બીજાના કામમાં હાથ નહીં ઘાલવો જોઈએ.

---

**મે માહારૂં બધું ખોઈઉંછે**—એક વેપારી પોતાને ઘેર સાહાંજને વખતે આવેઓ તારે તેહેનો ચેહેરો જોઈને તેહેની બાઈરીએ પુછું કે તમને આજ શું થઉંછે ? તેણે જવાબ આએપો કે હું પુરો ભીખારી થઈ ગએોછઉં, કેમકે મેં માહારૂં બધું ખોઈઉંછે. તેહેની બાઈરીએ કહું કે, બધું ખોઈઉંછે એમ કેમ બોલોછો, શું હું તમારી શાથે નથી ? તેહેનો વડો છોકરો તેટલામાં બોલી ઉઠેઓ કે, બાવા, હું તમારી શાથે છઉં. તેહેની નાહાની છોકરીનો અવાજ પણ એમ રીતે નીકલેઓ કે, બાવા, હું પણ તમારી શાથે છઉં. એક બીજાએ કહું કે, તમારી તંદોરોશતી શલામતછે; કામ કરવાને તમારા બેહુ હાથ, જોવાને તમારી બેહું ઓંખો અને શાંભલવાને તમારા બેહુ કાનો શલામતછે. તે વેપારીની માએ કહું કે, દીકરા ખોદાએતાલાના વાએદા આપણી પાશે કાએમછે. ખોદા પોતે આપણી શાથેછ, બેહેશત આપણે શારૂ રહેલુંછે. એ પરમાણે આપણે વાશતે બાકી રહેલાં ઘણાંછે. તો એમ ન કેહેકે મેં માહારૂં બધું ખોઈઉંછે. તે વેપારીએ આ શાંભલીને ખોદાના શુકર કીધા, ને પોતાના જીવમાં શંતોશ પામેઓ. મેં માહારા શુના રૂપાના પઈશા ખોઆ તો શું મુજકો માહારી પાશે એથી શરશ ધન દોલત બાકી રહેલુંછે. માહારો જીવ, તંદોરોશતી, માહારા હાથપગ, માહારી પેઆરી મા, માહારી બઈરી, માહારાં છોકરાં, ને એ બધાં ઉપરાંત માહારો ખોદા ને તેહેના આપેલા વાએદા માહારી શાથેછે, માટે એ કેહેવું મહને મુનાશબ નહીં કે મેં માહારૂં બધું ખોઈઉંછે. બા૦ ૧૧૫

---

**ઊંમેદ**—ઉમેદનો ચેહેરો ખુશનુમાછે. બદશલુકીપર ઉંમેદ મોહોટું દીલ રાખીને ધીકારની નજરથી જુએછે, અને દાહાડાની માઠી ચાલને ગોઆ હીંમતથી એમ કેહેછે કે "આવ તાહારીથી શું થાએછે."

---

**અમેરીકા અને વીલાતની મુકાબલો**—અમેરીકા અને વીલાત (ઈંગલંડ) એ બે દેશોમાં કેટલી કેટલી આગબોટો છે તેહેનો અડશટો કાહાડેઆ ઉપરથી હેવું માલમ પડેછે કે ઈંગલંડમાં શઉ મલીને ૧૬૭૦ આગબોટો જુમલે ૬૬૬૩૭૦ ટનનીછે, અને અમેરીકામાં માતર શતાવન આગબોટો ૯૪૭૮૫ ટનનીછે. વીલાતની આગબોટોમાથી દેશ પરદેશના મેલજ લાવવા લઈ જવાને ૧૨૧ આગબોટો કામે લાગેલીછે, અને અમેરીકાની એ કામમાં ફક્ત બાવીશજછે. કીનારા પર ફરનારી અને વેપારીઓની ચાકરીમાં વીલાતમાં ૧૫૪૮ આગનોટોછે, અને અમેરીકામાં ફક્ત શાડતરીશજછે.

---

**નાહાની ચીજોનું કુવત**—નાહાની ચીજોથી ભારી કામો કોઈ કોઈ વેલા થાએછે. એદરીઅન નામે એક નામીઓ શખસ હતો તેનો જીવ એક મછરથી ગઓ. રૂમીઓનો એક અમીરનું મરવું એક નાહાના બાલથી થઉ. ઈઉનાની

લોકોના એક પંકાએલા શામેરનું મોત દરાખના એક બીજથી આવું. એક સેનશાહનો પરાણ એક નાહાનાં ફુલથી ગંએો. એક રાહદારી પર ચણા જેટલો કાંકરો પડાથી તેના જીવનો ઘાત થએો. તારે નાહાની ચીજો, ને વાતો ને કામો ધીકારવાં નહી. બા૦ ૩૫

---

**પાદશાહ અને ખાબ જોનારા**—પાંચમો મારલશ પાદશાહ એક દહાડો શીકાર કરવા ગએો હતો તે ભુલો પડેઓ તારે આરામ અને આશાએશને માટે રશતાપરની એક ધરમ શલામાં ગએો. તાંહાં એક બીછાના પર તેણે ચાર માણશ દીઠાં. તેઓના ચેહેરા ઉપરથીજ તેહેની શમજમાં આવીઉં કે એ કોઈ ભલા આદમી નથી. અને ખરી વાત પણ તેમજ હતી. તેઓ ચોર હતા. પાદશાહ નાશતો કરવા બેઠો અને એક કોલીઓ ગળે ઉતરેઓ નથી એટલામાં પેલા ચારમાંથી એકે આવીને કહું કે, 'મેં ખાબમાં દીઠું કે મહને બેશતો આવે હેવો ઝભો તમારી પાશેછે તે આપો.' એમ કહીને તેણે તે ઝભો લઈ લીધો. એટલે બીજાએ આવીને કહું કે, "મેં ખાબમાં દીઠું કે મહને બેશતો આવે હેવો ડગલો તમારી પાશેછે તે આપો." એમ કહીને તેણે તે ડગલો લીધો. એમંજ તરીજાએ આવીને ટોપી લીધી, અને ચોથાએ આવીને પાદશાહુની કોટમાં શુનાની શાંકલીએ લટકાવેલી એક શીશોટી હતી તે લેવા ગએો. તારે પાદશાહે કહું, "ભાઈ ધીમો પડ આ શીશોટી શું કામનીછે તે હું તહને પેહેલાંથી શીખવુ" એમ કહીને તેણે તે મોહોડે અરકાડીને જોરથી વગાડી એટલે તેહેનો નાદ શાંભલીને તેહેના શીપાઈઓ આવી પોંહોંચેઆ કે તરત પાદશાહે હુકમ કરેઓ કે, "આ હરામ ખોરોને જે ચીજ જોઈએછે તહેનું તેઓને ખાબ આવેછે. પણ હવે માહારો વારો આવેઓછે. મેં ખાબમાં હેવું જોઉંછે કે એ કમબખતો શુલીને લાએકછે." માટે માહારા ખાબ પરમાણે તરત અમલ કરો. એમ ફરમાવતાંજ ચારે હરામખોરોને ધરમશાલાની શામે શુલીએ મહડાવેઆ કે તેહેવા બીજાઓને નશીહત પોંહોંચે.

---

**વરતમાન પતરોની શંખીઆ**—અમેરીકાના યુનાઈટેડ ઈસટેટસમાં ૩૩૧૪ જુદાં જુદાં વરતમાન પતરો છપાએછે. તેની ઉતરમાં કાનેડા નામે મુલકછે તેમાં ૫૦; ઈંગલંડમાં ૨૭૨; ઈસકાટલંડમાં ૬૬; આએરલંડમાં ૧૧૩; જરમાનીમાં ૧૫૦૦; ફરાંસમાં ૬૦૦; ઈસપેનમાં ૩૦ અથવા ૪૦; ઈસતમબોલમાં ૧૩; ને આખા રૂસીઆમાં ૧૦૦. આ એ હીસાબપરથી માલુમ પડેછે કે અમેરીકામાં સહુથી વધારે વરતમાન પતરો છપાએછે. આપણા હીંદુસથાનમાં કેટલા છપાએછે તેની ગણતી હજી કોઈએ કાહાડી નથી; પણ હમારો કીઆસ પરમાણે ૫૦ કે ૬૦ થી વધારે નથી. હીંદુસથાનની વસતી ૧૮ થીતે ૨૦ કરોડ માણસનીછે, ને આવી બોહોલી વસતીમાં પાંચ હજાર વરતમાન પતરો છપાતાં હોએ તો તે ઘણાં નથી. પણ હમારા દેશીઓમાં વાંચવાનો અભીઆસ હજી બહુ નથી પડો, ને તેને લીધે હાલમાં જેટલાં છપાએછે તેટલાંને પણ ખપાવવાં મુશકેલ પડેછે." બા૦ ૩૧

---

**વેમાનમાંથી નકશ**—માશીઅર નાદર કરીને એક ફરેંચમેનછે. તે શાંચાથી શુરજના કીરણ વડે તશવીર પાડેછે. તે શખશ એક અજાએબ જેહેવો અખતરો કરનારછે. તે હેવો કે બલુનમાં બેશીને પોતાના શાંચા શાથે હવામાં ઉડવું અને પછી હવામાં ઉંચા ગઓ પછી પારીશ શેહેર અને તેહેની આશપાશની જગા કેહેવી દેખાએછે તેનો નકશ શાંચાથી પાડવો.

---

**પુંછડીઓ તારો**—હમણા થોડા દાહાડાપર પુંછડીઓ તારો દેખાઓ તારે મીશર દેશમાં ઘણો ગભરાટ થઓ હતો. કેટલાએક દાહાડા શુધી શધળો રોજગાર ધંધો બંધ પડો હતો અને લોકો હેવું ધારતા હતા કે કાંઈ મોહોટી આફત આવી પડનારછે. અતરે પણ ભોલા લોક બીહીતા હતા કે રખેને એ તારો કેથાં પડીને કાંઈ મોહોટું નુકશાન કરશે.

---

**વીજલીનો તાર**—ટારીશ અને તેહેરાન એ બે શેહેરોની વચે વીજલીનો તાર શલાવવાનો ઈરાનના શાહે હુકમ કરોછે.

---

**વીલાતના મેલ**—મીશર દેશમાં રેલવે બંધાએછે તે આશરે દશ માઈલ બાકીછે. તે પુરો થઈને કામ ચાલવા માડેથી હીંદુશથાન અને ચીનના મેલનો ખરચ દર વરશે ૨૦૦૦૦૦ બે લાખ રૂપીઆ ઓછો થશે. હાલ મેલનો ખરચ દર વરશે ૧૦૪૦૯૪૦૦ એક કરોડ ચાર લાખ નવ હજારને ચારશે રૂપીઆછે.

---

**માકડનો ઊપાએ**—ગરમ ફટકીનાં પાણી આગલે માકડ ટકી શકતા નથી. બે રતલ ફટકી લઈને વાટીને ભુકો કરો અને ઉકલતા પાણીમાં પીગલાવીને જે ઠેકાણામાં માકડ ભરાઈ રેહેતા હોએ તાંહાં એક કુંચડાએ કરીને ગરમ ફટકીનું પાણી ફેરવો.

**કાજીનો ઈનશાફ**—એક માણસ એક પડોશીની પાશે પોતાનો અવેજ મુકીને ગામ ગઓ. તાંહાંથી પાછો આવ્યો તારે પેલો પડોશી અવેજની વાત ઈનકાર ગઓ. તે ઉપરથી તેહેને કાજી પાશે લઈ ગઆ. તારે કાજીએ પુછીઉં 'બાઈ તેં તાહારો અવેજ તાહારા પડોશીને કહે કેકાણે આપો?' તેણે જવાબ દીધો કે, 'એક ઝાડ તડે.' તારે કાજીએ કહું કે 'આ માહારી મોહોર લઈને તે ઝાડને શમન કર. જા તે ઝાડને તું માહારી મોહોર દેખાડજે અને હીંઆં આવવાનું કેહેજે એટલે તે આવશે.' પેલો માણસ તાજુબથઈને તે ઝાડ પાશે ગઓ પછી થોડીએક વારે કાજીએ તેહેના પડોશીને પુછીઉં, 'કેમ પેલો માણસ ઘણીવાર થઈ ગઓછે, તે તાંહાં પોંહોચેઓ હશે કે નહીં?' તેહેનો જવાબ પેલા પડોશીએ દીધો કે, 'ના શાહેબ હજુ નહીં પોહોચેઓ હોએ, તે ઝાડ ઘણું દુરછે.' તારપછી કેટલીએક વારે પેલો ધણી પાછો આવ્યો અને કાજીને કેહેવા લાગો કે, 'તે ઝાડ કાંઈ શાહેબ તમારો હુકમ માનતું નથી. તે માહારી શાથે હીંઆં આવતું નથી.' તારે કાજીએ કહું કે, 'તે ઝાડ હીંઆં આવીને શાહેદી પુરી ગઉં, જા તાહારૂં લેહેણું ખરૂંછે.'

---

**દુનીઆ ફાની**—બાગમાં શઉથી ખુશનુમા ફુલ ઘણું કરીને શઉથી જલદી કરમાઈ જાએછે. એ એક નીશાણીછે કે આ દુનીઆની કોઈ પણ વશતુ અંવીચલ રેહે હેવી નથી, પણ શરવે વશતુ થોડીવાર રહીને નાશ પામેછે.

---

**અશલના વખતમાં હવાની તલાઈ**—કેટલાએક જણા ધારેછે કે હવાની તલાઈઓ હમણાંજ બનાવીછે, પણ એ ભુલછે. તરણશે ચારશે વરશ ઉપર પણ હેવી તલાઈઓ બનતી હતી એમ એક તશવીર શને ૧૫૧૧ માં લખાએલી એક કીતાબમાં આપેલીછે તે ઉપરથી માલમ પડેછે. તેહેમાં શીપાઈઓ લડાઈ થઆ પછી આરામ લેતા ચીતરેલાછે, અને તેહેમાં ધમણથી હવા કેમ ભરતા તે પણ ચીતરેલુંછે. હવા આ કામમાં લાવવી એ વાત રૂમી લોકોના જાણેઆમા પણ હતી. તેઓમાનો એક શખશ કેટલાએક મીજમાનોને બોલાવીને તેઓને પવન ભરેલા મોહોટા કોથલા અથવા તલાઈઓ પર બેશાડતો, અને પછી પેલાઓને ખબર નહીં પડે હેવી રીતે ધીમેથી કલાથી ફેરવીને પવન બાહાર નીકલી જવા દેતો એટલે મીજમાન લોક નીચે પડતા તે જોઈને તે ખુશી થતો. થોડાએક વરશની વાત પર ડાકટર આરનાટે નમ… માણશોને માટે પાણીની તલાઈની ભલામણ કરી. તે હેવી તલાઈ હાલ બનેછે. તે એમકે રબરના કપડાની મોહોટી કોથલીઓ કરેછે, અને તેહેમાં રૂ, ઉન અથવા હેવી બીજી ચીજ ભરવાને બદલે પાણી ભરેછે. પછી તે ઉપર એક નરમ ઘુજની પાથરીને ચાદર પાથરેછે તે ઉપર જે માણશ શુવેછે તે જાણે પાણીમાં તરતો હોએ એ પરમાણે જણાએછે. પાણીની તલાઈ પણ અશલના જમાનામાં લોકોના જાણેઆમાં હતી કેમકે પલુટારક નામના લખનારે શીકંદર પાદશાહનો એહવાલ લખોછે તેહેમાં એમ લખીઉંછે કે બાબીલન શેહેરના લોક ગરમીના દાહાડામાં ચાંમડામાં પાણી ભરીને તે ઉપર શુતા હતા.

---

**કશર**—કશર એક મોહોટો શદગુણછે એટલુંજ નહીં પણ બીજા શદગુણોને પેદા કરનારછે. કશર માણશને કેટલાએક ગુનાહ કરતાં અને દુખ ભોગવવાથી બચાવેછે. જે માણશ પોતાની પેદાશ કરતાં ઓછો ખરચ કરેછે તે વાજબી, દઆલુ, ધરમી અને સવતંતર થઈ શકેછે. જે માણશ પોતાની પેદાશ કરતાં વધારે ખરચ કરેછે તે જરૂર દેગો, નીચ, બેઈમાન અને ધીકારવા જોગ થાએછે, કશરીઓ શુખી હોએછે, અને ઉડાઉ માણશ કરજમાં બુડેલો હોએછે, અને તેહેને શુખે રોટલો મલવો પણ કઠણ પડેછે.

---

**વાતચીત**—ચાલાકીથી બોલવા કરતાં ડાહાપણથી બોલવું એ શારૂંછે, અને ઘણા બોલ શારી રીતે ગોઠવીને બોલવા તેહેના કરતાં શામા ધણીને ખુશ લાગે હેવી રીતે બોલવું એ શારૂંછે. જે બાબત વાત કરવાનીછે તે બાહાર પાડતા પેહેલાં લાંબી લાબી વાત કરી હોએ તો તેથી કંટાલો ઉપજેછે, અને બીલકુલ કાંઈજ વાત નહીં કરી હોએતો શારૂં નથી દેખાતું.

---

## શરબી.

એક વાણીઓ અને તેની વહુ પોતાના ડોસા ડોસીને કાંઈ ખાવા કે ખરચી આપતાં નથી અને તરેહ તરેહના વેહેમથી એક જોશીને હમેશ જમાડેછે ને દખણા આપેછે તેથી એ ડોસો ડોસી તે જોશી ઉપર ઘણા દાઝે બલેછે માટે તેગના કેહેવા ઉપરથી એક કવીએ એ જોશી ઉપર નીચે લખેલી ગરબી બનાવીછે માટે સઘળા જોશીઓએ દીલમાં દુખાઉં નહી.

"મા પાવેતે ગઢથી ઉતરાં, માકાળીરે" એ રાગનીછે.

તમે એકે નૈં નહી આપશો, નૈ જોશીને,
તે સોપો પૈદા પાંચ, ડોસા ડોશીને,
ફરી દેવ ન હાલો થાપશો, નૈ જોશીને,
ને આવે અંતર આંચ, ડોસા ડોશીને,—૧
તમે જુગતી કરી ન જમાડશો, નૈ જોશીને,
આપો ભોજન બહુભાત, ડોસા ડોસીને,
દૈ રાજ રૂડાં ન રમાડશો, નૈ જોશીને,
સમજી આપો સુખ સાત, ડોસા ડોસીને,—૨
તમે પગે ન લાગો પરીતથી, નૈ જોશીને,
નીત પુજો આંણી પરેમ, ડોસા ડોસીને,
થીદ માળા ગુંથો ચીતથી, નૈ જોસીને,
જુવો જીવનુ જીવન જેમ, ડોસા ડોશીને,—૩
કદી આદર ભાવ ન આપવો, નૈ જોશીને,
મન ગમતાં દૈયે માન, ડોસા ડોસીને,
વળી ફાળા રણમાં કાપવો, નૈ જોશીને,
ભજીએ જાણી ભગવાંન, ડોસા ડોસીને,—૪
બે ઘડીએ નહી બોલાવીએ, નૈ જોશીને,
વળી કહીએ વાહાલાં વેણ, ડોસા ડોસીને,
લહી લાકડી એક લગાવીએ, નૈ જોશીને,
નહી નીરખો તાણી નેણ, ડોસા ડોસીને,—૫
કદી પાણી પણ નહી પાઈએ, નૈ જોશીને,
આપો ઘડપણ આરામ, ડોસા ડોસીને,
પુછવું નહી ભાઈ કે બાઈએ, નૈ જોશીને,
નૈ પુછો જે કાંઈ કામ, ડોસા ડોસીને,—૬
નહી મોટા મેવા મેલીએ, નૈ જોશીને,
અમને અરપણ કરીએ એહ, ડોસા ડોસીને,
કયાંઈ હાલા કુવામાં ઠેલીએ, નૈ જોશીને,
દેખાડો નવલો નેહ, ડોસા ડોસીને,—૭
સુખ આપો બેઠી ડાટીએ, નૈ જોશીને,
ઉપકારી માનો આપ, ડોસા ડોસીને,
ચીત ચતુર થઈ નવ ચાટીએ, નૈ જોશીને,
પુજવાથી જશે પાપ, ડોસા ડોસીને,—૮
ઘણુ ઘરમાં પણ નહી ઘાલીએ, નૈ જોશીને,
દુખ દૈએ નહી દીન એક, ડોસા ડોસીને,
ત્રાગે માને નહી ઝાલીએ, નૈ જોશીને,
તરછોડી છોડ ન છેક, ડોસા ડોસીને,—૯
પળ પુછે મુરખ માનવી, નૈ જોશીને,
નહી પુછે વાત વીચાર, ડોસા ડોસીને,
મળશે ડાકપણ કે દાનવી, નૈ જોશીને,
સમજુ શેવે ગણીસાર, ડોસા ડોસીને,—૧૦
નહી ભજીએ તજીએ ઉરથી, નૈ જોશીને,
સજીએ ગમતા શણગાર, ડોસા ડોસીને,
ડગ લેજો દેજો દુરથી, નૈ જોશીને,
સહુ સમજો સુખ દાતાર, ડોસા ડોસીને,—૧૧
પગે લંપટ નારી લાગશે, નૈ જોશીને,
બેસારી ચોક બજાર, ડોસા ડોસીને,
જોતાં ગરબી દુખ જાગશે, નૈ જોશીને,
હોય હૈડે હરખ હજાર, ડોસા ડોસીને,—૧૨

## પરમેશવરની શેવા વીશેની ગરબી.

"આવો આવો શીવશંકર ભોળા" એ રાગનીછે.

સેવો સખી સાહેબ સુખદાતા,
જેવો જાણી તેજ પીતા માતા, સેવો શખી, ટેક.
જગત ધીર થાપેલું જેણે,
અધીક સુખ આપેલું એણે,
તેણે તારા તાપ હરયા તાતા, સેવો સખી,—૧
અચળ પદ એજ ધણી આપે,
થાકેલાંને થીરતામાં થાપે,
કાપે સહુ સંકટ દૈઘાતા, સેવો સખી,—૨
જગતમાં જીવવુંછે થોડું,
જરૂર જવુ વેહેલુ મોડું,
જોડુ તજી જાય જોયાં ખાતા, સેવો સખી,—૩
ગયા કૈંક જોશીને જાણ્યા,
રહેયા નહી રાજાકે રાણા,
શાણાને અજાણ્યા જોયા જાતા, સેવો સખી,—૪
જેને મન ગમતા રથ મેના,
ઉતમ અધીકાર હતા એના,
તેના જસ ગુણીજન નરગાતા, સેવો સખી,—૫
જેને ધતી છતરવડે છાયા,
કમળ થકી કોમળ સુભકાયા,
આયામાં જીવ બહુ જોડાતા, સેવો સખી,—૬
જમે નીત મનગમતા મેવા,

દીસે જાણી દેશપતી જેવા,
એવા ગયા અગણીત અપડાતા, સેવો સખી,—૭
હતા રજપુત સુરા પુરા,
આહન કરે સતરૂ ચુરા ચુરા,
ભુરા હાસે હોમમાં હોમાતા, સેવો સખી,—૮
શરીરે સાજાને તાજા,
રાજેશરી રાજાના રાજા,
જાજા જેની ફોઅ ન તજી જાતા, સેવો સખી,—૯
સાહેબી સોતા સાહેબ જાદા,
આવે નહીં નજરે એકાદા,
સાદા થૈ કબરમાં સમાતા, સેવો સખી,—૧૦
જેણે ભગવાનં ભજી લીધા,
તેણે જસના ડંકા દીધા,
લીધા લાભને ગઆ પંકાતા, સેવો સખી,—૧૧
મનોહર શીક્ષા જે માને,
પુરા જસ પામે તે બાહાને,
પાને દલપત લખે પરખીઆતા, સેવો સખી,—૧૨

---

## પુસતકની પોંહોંચ.

"પારશી અસતરીઓને વાશતે ગનેઆન માલા" હેવા નામની એક ચોપડી હાલમાં દફતર આશકારા છાપખાનામાં છપાઈને બાહાર પડીછે. તેહેની એક નકલ હમારી ઉપર મોકલવામાં આવીછે તેહેની પોંહોંચ હમે મોહોટા માન શાથે કબુલ કરીએ છઈએ. એ ચોપડીનો દેખાવ ઘણો ખુબશુરતછે. તેહેની ઉપરનું શુનેરી ચીતરામણ ઘણુંજ ઉમદા છે, અને પુઠાં પેર એક પારશીની બઈરી પગમાં શપાટ પેહેરીને બેઠેલીછે. તેહેના પગ પર એક ચોપડી ખુલી પડીછે, અને તેહના ડાબા હાથની એક આંગલી તે ચોપડીપર રહી ગએલીછે, અને જમણા હાથમાં તેણે એક મશાલ પકડેલીછે, તેથી એમ જણાએછે કે પોતાની જાતની બીજી બઈરીઓને અગનેઆનનાં અંધારામાં ગનેઆનનું અજવાલું પાડેછે. આ ચોપડીમાં શઉ મલીને છેંતાલીશ અગતની બાબતો પર લખેલુંછે, તેહેમાં ફકત નવ કે દશ બાબતોજ હેવીછે કે જે પારશી શીવાએ બીજી જાતની ઓરતને લાગુ નહીં પડે. બાકીની શરવે બાબતો પારશીની તેમજ હીંદુઓની બઈરીઓને પણ જાણવા જોગછે. વાશતે હમે ભલામણ કરીએ છઈએ કે, નામ ઉપરથી ભુલાવો નહીં ખાતાં, શોકીન હીંદુની બઈરીઓ પણ એ ચોપડી મેલવીને વાંચે. એ ચોપડીમાં દીબાચા તરીક જે વાત લખીછે તે નીચે ટાંકીછે.

"વાંચનારી બાઈઓને અરજ."

"આ નાથલી ચોપડી મધે અતરેના કેટલાએક જાણીતા અને કાબેલ ગુજરાતી લખનારાઓની કલમથી લખાએલી તમારે લાએકની બાબદોનો સંગરહ કીધોછે, તે વાંચવા તથા તે ઉપર શારી રીતે ધેઆન આપવાની તમોને અરજ કરીઆમાં આવેછે. તમો અબલાઓ મરદોનાં સુખ દુખની ભાગીઆણુ થાવોછો. તમારા વગર મરદનું ઘેર ઉજડછે. તમારા પરકાશથી તે ઘેરમાં રોશનાઈ થાએછે. તમારી ચાલાકી અને કોશેશથી તેમાં ખુશી અને સંતોશનો વધારો થાએછે. તમારી સારી ચાલ ચલણથી તેમાં ગમતની ઉતપતતી વધેછે. ચાલાક મેહનતુ, અને પેઆર ભરેલી ઓરત જે પુરસનાં કબીલામાં રાજ કરતી હોએ, તેહેવા પુરસને બીજા દોસતોની થોડીજ મદદની અગત રેહેછે. તમારી ઉપર તમારા મરદોનાં સુખનો ખરેખરો આધારછે. તે સુખ તમારી તરફથી સેહેલી રીતે મેલવી સકાએ, તે વીશે સંઘલા મરદોએ પોતાની તરફથી બને તેટલી તજવીજ કરવી જોઈએછે, તમોને બાલપણથી લખવા વાંચવાની કેલવણી આપવાનાં કામમાં, સંસાર નીતી શીખાડવામાં, ઘેરનો કારોબાર ચલાવવાની માહીતગારીમાં અને એ વગરે અસતરીને છાજતા સંઘલા એલમોમાં પુરવીન કરવાની જરૂરછે. એ મતલબને મલતુ આ નાથલુ પુસતક રચવામાં આવીછે. તે એક ભરથારે પોતાની બાએડીને, ભાઈએ પોતાની બેહેનને, બાપે પોતાની બેટીને ભેટ આપવા લાએક કરવામાં મને તાંહાંસુધી કશી કશુર રાખીઆમાં આવી નથી. એ ચોપડીમાં પરગટ કરેલી બાબદો ધેઆનથી વાંચીઆથી, તમારો સંસાર કેમ ચલાવવો, તમારા ભરથાર તથા બચાંઓ તરફ તમારી ફરજ પરમાણે કેમ ચાલવું—કેવી ગુનાહ ભરેલી રસમોથી દુર રેહેવું તથા તમારાં બચાંઓની તરબીએત કેવી રીતે કરવી તે સંઘલુ તમુને માલમ પડશે."

"ઓ બાઈઓ, અમો પરવરદેગાર પાશે એવી દુઆ માંગીએછે કે જે કાંઈ બાબદો તમો આ ચોપડીમાં વાંચો, તે તમારા મંન ઉપર પુરતી રીતે અસર કરે, અને તે પરમાણે ચાલવાને તમોને તે સાહેબ અકલ અને ઉલટ આપે, અને હેવો દીવશ ઉતાવલેથી આવે કે આ દેશની ઓરતો હવણાં કરતાં વધારે ચહડતા દરજાની થાએ, અને વધારે દાનાઈ અને મરતબો ધરાવે હેવી અમારી દુઆ તમુને આમીન હોજો."

# સ્ત્રીબોધ.

પુસતક ૨ જું | ડીસેમબર ૧૮૫૮ | આંક ૧૨ મો.


## લાએકીવાળી ઓરત.

### બરીજટ રાઆન.

એક વસંત રૂતુની સહવારમાં કીનારાપર પીળું નીશાણ ચહડીઊં તેથી હાબારટ શેહેરના લોકોને ખબર પડી કે બંદરમાં કાંઈ મોહોટું વાહાણ આવેછે. સરવે લોકોનાં મનમાં ઘણી ખુશાલી પેદા થઈ. તે શેહેરના લોક કેટલાએક વીલાતથી આપતીના મારેઆ નીકળીને તાંહાં નવી વસતી કરવા તથા કેટલાએક ધન મેલવવાને પોતાનાં બઈરાં છોકરાંઓને પાછળ મેહેલીને આવેલા હતા. તે સરવેના જીવ પોતાના વતન તરફ લાગેલા હતા અને તાંહાંના સમાચાર શું આવેછે તે જોવાને રાહા જોતા ઊભા હતા.

તે વાહાણ વીલાતથી પાંચ મહીના થઆ નીકળીઊં આવતું હતું. તે વાહાણમાં ઘણાએક ઊતારૂ હતા. તેહમાં એક ઘણી ખુબસુરત અને એક ઘણી બદસુરત હેવી બે બઈરીઓ હતી. તેઓનાં નામ ડોરા કાલાન અને બરીજેટ રાઆન હતાં. બરીજેટ રાઆન બદ સુરતતો ખરી પણ ગુણે ઘણીજ સારી અને ભલી હતી. તેહનો એક થોડાએક મહીનાનો છોકરો હતો તે પર તે ઘણોજ પેઆર કરતી હતી; પણ તેથી તે બીજા કોઈપર ધેઆન નહીં લગાડતી એમ પણ નહીં. તે હસમુખી હતી, સઊની સાથે બોલતી ચાલતી, સઊ કોઈને જોઈતી મદત કરતી, માંદા લોકોની પાસે તે પોતાનું કામ ઊંચું મેહેલીને બેસતી અને તેઓને દીલાસો દેતી, અને જેહેના મનમાં કાંઈપણ દુખ થાએ તેહેનું તે સમાધાન કરતી. માટે વાહાણમાં સઊ કોઈ જે કાંઈ વાત પુછવી હોએ તે તેહેને પુછતું. પણ એ સઊ કરતાં ડોરા કાલાનને તો તે જાણે પરા

ણ આધારજ થઈ પડી. તેહેને ઘડી પણ રાઆન વના ચાલે નહીં. ડોરા કાલાન જારે વાહાણ પર ચહડી તારે જરા આજારી હતી અને તેહેની સાથે તેહેને દાહાડા હતા. તેણે વાહાણમાં થોડા દાહાડા પછી જણીઊં અને તેહેને એક છોકરો અવતરેઓ. તે વેળાએ તેહેની પાસે કોણ બેસતું? બરીજેટ રાઆન બેસતી. જારે નવું અવતરેલું બાળક ભુખ લાગેથી માથું ઊંચકીને રડતું તારે તેહેને છાતીએ વળગાડીને કોણ ધવડાવતું? બરીજેટ રાઆન ધવડાવતી. એ પરમાણે પોતાનું કામ અને પોતાના છોકરાની સંભાળ કરતી તેમજ તે ડોરા કાલાન અને તેહેનાં બાળકની પણ સંભાળ કરતી.

એક વખત ડોરા બોલી, "બેહેન બરીજેટ રાઆન જે ઠેકાણે જવાને આપણે નીકળીઆં છઈએ તે ઠેકાણે હું નહીં પોંહોંચવાની, અને તેથી કરીને જે તાંહાં માહારી રાહા જોએછે તેહેને મોહોટી દલગીરી પેદા થશે. આ તેહેનો છેલો કાગલ આવેલોછે. તે દર રાતરે ઈશવરને ઈઆદ કરેઆ પછી અને દર સહવારમાં અજવાળું થતાં વારનેજ એ કાગળ હું વાંચું છઊં. તે શખસ આપણાં વાહાણની રાહા જોતો હશે, અને સઊથી પેહેલો તે વાહાણ પર આપણને લેવાને આવશે."

**હસમુખી બરીજેટ**—"ઈશવર કરે ને એ મુલાકાત જલદી થાએ! બેહેન તારે આ છોકરાને જોઈને તે ઘણો મગન નહીં થશે? હં, થશેજ, અને તે વખતે માહારે તાંહાં હોવું જોઈએ કે તે ખુશી ભરેલી મુલાકાત હું જોઊં."

**ડોરા**—"હા, બેહેન તુંતો ખરીજતો. પણ તે થવાનું નહીં; તેહેને મળાવવાનું નહીં."

**બરીજેટ**—જા બેહેન તુંતો હેવી ગાંડી ગાંડી વાતો કરેછે! હવો છોકરવાદી નહીં કરીએ.

આ પરમાણે વાતચીત થઈ રહ્યા પછી પેલી સુવાવડી બાઈરી પાછી પોતાના ઢોલીઆપર પડી અને આંખ મીચી, પણ તેહેની છાતી ઘણી ઊંચકાવવા લાગી તેથી માલમ પડીઊં કે તેહેના જીવને ગભરામણુ થાએછે. થોડીએક વાર રહીને તે પથારીમાંથી જરા પાછી ઊઠી અને પોતાની બેહેનપણી બરીજેટની કોટે વળગીને બોલી, ઓ બેહેન મેં જાણીઊં. હતું કે આ દરીઆમાં મહને દુખ અને દલગીરી વના બીજું કાંઈ જોવામાં નહીં આવશે, પણ મહને તું સરખી બેહેનપણી મળી એ ઘણું સારૂં થઊં. માહારી મા ઘેરછે તે માહારા પર જેહેવી મેહેરબાની રાખેછે તેહેવી જ તું પણ રાખેછે. બરીજેટ બેહેન તે માહારી મા અને પેલા પણ તહને દુઆ દેશે ઓ ભગવાન મહને જીવાડ કે આ બાઈનો માહારી ઊપર કેટલો પાડ થઓછે તે સરવે વાત હું માહારા ધણીને કહું ! " એમ બોલીને તેણે હુસકાં ભરવા માંડેઆં.

**બરીજેટ**—(છાતી ભરાઈઆવેથી હુસકાં ભરીને) "બેહેન ડોરા ! અરે બેહેન ડોરા ! એમ ગાંડી, શું થાએછે! શું આપણે નાદાન થઈને રડવા માંડીએ, પછી આ છોકરા શું કરશે ? ધીરજ પકડ બેહેન, તાહારે આ છોકરાની સંભાળ કરવી જોઈએ. "

**ડો૦**—બેહેન હેની સંભાળ તુંજ કરજે. ઓ તું મહને વચન આપ કે હું હેને મુકીશ નહી. હું જાણું છઊં એ છોકરો તહને ચાહાશે અને તાહારી પાસે ખુશીથી રેહેશે અને બીજાં કોઈ પાસે જશે નહીં. જો જારે હેની માની ઊપર દરીઆ ફરીવળે તારે તું હેને તાહારી છાતીએ વળગવા દેજે. બરીજેટ બેહેન તું મહને હેવું વચન આપે તાંહાંસુધી હું તહને છોડનાર નથી. તું કહે કે એ છોકરાને તું તાહારા પેટના છોકરા માફક ગણીશ. "

**બરીજેટ**—(દીલો જાનથી) " ઈશવર શાખ શીછે, હું કબુલ કરૂં છ કે હેને હું માહારા પેટના છોકરા માફક ગણીશ. હું હેને વીહીલો મુંકુ તો ઈશવર મહને દુખી કરે ! પણ બેહેન તું જીવશે અને એ છોકરાને લીધે આ માહારો છોકરો પણ તહને મા કહીને બોલાવશે. હવે તાહારો છોકરો તે માહારો થઓ. અને માહારો હું તહને આપી દઊં છઊં. "

આ જવાબ સાંભળીને તે બાઈને જરા હસવું આવીઊં. પછી તેણે પોતાના હાથ પોતાની છાતીપર મુકીને ઈશવરની પરારથના કરવા માંડી. થોડીવારમાં તેહેના ચેહેરાનો રંગ બદલાઈ ગઓ. તે બોલતી બંધ થઈ, પણ તેણે હેસાન માનતીહોએ તે માફક પોતાની આંખ ઊઘાડીને બરીજેટની તરફ જોઊં, અને પોતાના છોકરાને ખુશીથી તેહેના ખોળામાં રમતો જોઈને તેહેનો આતમા આ નાશવંત જગત છોડીને બેહેશતમાં વાસ કરવાને ગઓ.

બીજી રીતે આસમાનમાં તારા ઝળકી રહાછે હવે સમે નેહેને એક ઝોળીમાં ઘાલીને દરીઆમાં પધરાવી તે વખતે કપતાને છેલી ઈબાદત કરી. એ ગંભીર સમે કોઈનાં હુસકાંનો સાદ ધીમો ધીમો સંભળાઓ. તે સાદ બરીજેટનો હનો. તે વાંહાંણના તુતકપર પેલાં બે બચાંઓને હાથમાં લઈને ઈબાદત સાંભળવા બેઠી હતી. ઈબાદતનું કામ પુરૂં થઈરહ્યું અને ડોરાનું મુડદું પાણીમાં છેક નીચે પોહોંચીઊં કે બરીજેટ મોહોટેથી પોકાર મારીને રડવા લાગી.

" ઓ માહારી પેઆરી કાલાન ! ઓ માહારી પેઆરી કાલાન ! તું મહને મુકીને કેમ ગઈ ? અરે હું તહને માહારા પરાણ કરતાં વધારે ચાહાતી હતી, તું મહને છોડીને કેમ ગઈ રે ઓ કાલાન ! વારૂ પણ ઈશવર બોલાવે તેહેને કોણ રાખી શકેછે ? જાંહાં સઘળુ સુખ ભરેલુંછે તાંહાં ફીરશતાઓમાં તાહારો વાસ થજો ! તાહારો સભાવ કેહેવો મીઠો હતો, તું માહારી ઊપર કેહેવી મેહેરબાન હતી, તું મહને કેહેવી ચાહાતી હતી, એ વાત હું જીવીશ તાંહાંસુધી કદી ભુલનાર નથી. ડેરા ! ઓ માહારી બેહેન ડોરા ! તું જારે તાહારી કબરમાંથી પાછી ઊઠે તારે હમે જે હમણાં તાહારા વીજોગથી દુખી થઆં છઈએ અને કલપાંત કરીએ છઈએ તે કેઆરે તહને ખુશીથી પાછાં મલીએ અને ભેટીએ."

એ પરમાણે કલપાંત કરી રહ્યા પછી તુતકપર આણીમેર તેણીમેર ફરીને છોકરાંઓને પોતાની સોડમાં લઈને તે સુતી. એ જોઈને વાંહાંણપરના સરવે માણસોનાં મનમાં ઘણી અસર થઈ. પછી જોગેજોગે એકાએક હવા બદલાઈ ગઈ અને થોડીવારમાં તોફાન થશે હેવું દેખાઊં. વાદળ એકદમ ચહડી આવીઊં અને સઘલું અંધકાર થઈ ગઊં. કપતાન અને ખલાસીઓએ પોત પોતાનુ કાંમ બરાબર કરીઊં. તેઓએ તે કરવામાં કાંઈ કસર રાખી નહીં પણ તેઓની મેહેનત ફોકટ ગઈ. દરીઆના મોજા, વાંહાણમાં આ

વેઆ. તે વાહાણ મજબુત હતું તેથી થોડીએકવાર તો તેહને કાંઈ હલસો આવેઓ નહીં; પણ તોફાનના જોર આગલ કાંઈ ચાલીઉં નહીં, અને અંતે પાછલી રાતરે એક ટાપુ સાથે અથડાઈને તે વાહાણના કકડે કકડા થઈ ગએઆ અને ઘણાંખરાં માણસો ડુબી મુઆં.

પછી સહવારનો પોહોર થઓ તારે કપતાન થોડાએક ખલાસીઓને લઈને બરીજેટને ખોળતો હતો. એટેલામાં તે બે છોકરાંઓને હાથમાં લઈને એક પાટીઆંને વળગી રહેલી નજરે પડી. તે જોઈને કપતાને પોકાર મારીને કહ્યું "શાબાસ બાઈ શાબાસ ! ધન છે તહુંને ! ગભરાતી નહીં. ધીરજ રાખજે આપણું વાહાણ ભાગું તે ખબર કીનારાપર થઈછે અને તાંહાંથી આપણો જીવ બચાવવાંને સારૂ હોડીઓ આવેછે !" એ વાત સાંભળી એટલામાં એક પાણીનો ખળકો આવેઓ તે તે બાઈને છોકરાંઓ સાથે વસર ડી લઈ ગઓ. હાવે સઉ માણસનું મન એમ થાઓછે કે જે થાએ તે થાઓ, આપણે આપણો જીવ સમાલીએ. હેવું છતાં પણ બરીજેટની બાહાદુરીનો દાખલો જોઈને સઉના મનપર હેવી અસર થઈ હતી કે હુનો જાન બચાવવો એ વાતપર સઉનું ધેઆન પોહોંચીઉં; અને જેઓને પોતાનો જાન બચવાની ઊંમેદ નહીં હતી તેઓએ પણ બુમ પાડીને કહું કે "હુનો જાન બચાવો, હેનો જાન બચાવો." એટલામાં મછવા કીનારા પરથી નીકળેઆ હતા તે જલદીથી આવી પોહોંચેઆ અને બરીજેટ તથા બે છોકરાંઓને ઊપાડી લીધાં. પેલી બાઈ મરવા જેહવી થઈ ગઈ હતી તેહને કીનારે લઈ આવેઆ અને ઓસડવેસડ કરવા માડેઆં, પણ કાંઈ ગુણ જણાઓ નહીં. તેહનામાં જરા પણ ગતી રહી નોહોતી તો પણ તે પેલાં છોકરાંઓને પાસેથી મુકતી નહીં હતી. તે "મીચેલ કાલાન" "મીચેલ કાવાન" એમ બોલેઆ કરતી હતી. તે નામ લઈ કરીને એક પાસે ઊભો હતો તેણે બુમ પાડી એટલે એક શખસે આવીને કહું કે "તેતો માહારૂં નામછે, તમારે માહારૂં શું કામ છે !" તે ઉપરથી તેહને તે બાઈ પાસે લઈ ગઆ, તારે તેણે આંખ ઊઘાડીને કહું કે તહમે હીંઆં આવેઆછો ? ઈસવરની સતુતી કરો. મીચેલ કાવાન આ તમારૂં બાળક, ડોરાનું બાળક, લો હુને !" એટલું બોલતાંજ નીરગત થઈને જમીનપર પડી.

આ વાત આખા ગામમાં ચાલી. પછી સઘળા લોકોએ ઊઘરાણું કરીને એક પુંજી એકઠી કરીને તે બાઈ સારી થઈ તારે તેહુને ભેટ કરી. તેથી તે જીવી તાંહાંસુધી સુખે તેહનું ગુજરાન ચાલીઉં. કેહેછે કે તે જાંહાં રેહેતી હતી તાંહાં દર વરસે મીચેલ કાલાન પોતાની બાએડીની બેહેનપણીને અને પોતાના છોકરાને બચાવનારીને મળવાને ઘણે દુરથી આવતો હતો.

---

## માહારાણી વીકટોરીઆનું જાહેર નામું.

તારીખ ૧ લી નવેંબર સન ૧૮૫૮ એ હીંદુસથાનની તવારીખમાં નોંધી રાખવા લાએક દીવસછે. નામદાર ઈસટ ઈંડીઆ કંપનીએ ગઆં બસેંહ વરસમાં મેળવેલું હીંદુસથાનનું મોહોટું રાજ માહારાણી વીકટોરીઆએ પોતાના હાથમાં લીધું અને પોતાને નામે ચલાવવાનો ઠરાવ કરેઓ, એ બાબતનું જાહેરનામું ઊપલે દીવસે આખા હીંદુસથાનમાં મોહોટા દબદબા સાથે વાંચી સંભળાવવામાં આવીઉં. તે દીવસે એ વધામણીની ખુશાલીમાં અતરે ચારે મેર ઝળાં ઝળાં થઈ રહાં હતાં. લોકોનાં ટોળે ટોળાં રોશની અને આતશબાજી જોવાને બાહારકોટ અને માંહે કોટ જતાં હતાં. ઘણા લોકો એ દાહાડાની રોનક જોઈને એ પરમાણે બોલેઆ કે હાવી રોશની હમે હમારા જનમારામાં કદી જોઈ નથી. જેમ મુંબઈમા તેમજ મુંબઈ ઈલાકાનાં સરવે મોહોટ મોહોટાં શેહેરોમાં આનંદ વરતી રહો હતો. અમદાવાદ શેહેર જેહની હાલ ચહડતી દશાછે તેહમાં જાહેરનામું વંચાઆ પછી તાંહાંના કવી દલપતરામ ડાહાભાઈએ માહારાણી વીકટોરીઆનું રાજ થઉં તે વીશે જે મનોરંજક કવીતા વાંચી સંભળાવી હતી તે હમે હમારી શોકીન વાંચનારીઓને માટે બુધી પરકાશમાંથી આ ઠેકાણે દાખલ કરીએ છઈએ.

### વીકટોરીઆ મહા રાણીજીના છંદ.

#### હરીગીત.

હે દેવના પણ દેવ તું, તતખેવ દીલમાં ધર દઓઆ ॥
જે રાણીજીના રાજથી, થીર થઈ અમે સુખીઆ થઆ ॥
તું આપ નીતીએ નવીન વધતું, તેજ તેના તાજમાં ॥
સુખમાં સદા વીકટોરીઆને, રાખ પરલુ આ રાજમાં ૧॥

વડી પરેમવાળી દીલ દઆળી, ખુધી શાળી ખાઈછે ॥
ભરપુર ખુબ ભરાઈ જેના, ચીત વીશે ચતુરાઈછે ॥
નહીં દેશમાં લવલેશ દીસે, કસુર જેના કાજમાં ॥
સુખમાં સદા વીકટોરીઆને, રાખ પરભુ આ રાજમાં ૨॥
જે દુશટતામાં પુશટ તેના, શતરૂછે સંસારમાં ॥
જે કુશત્ર જનને કરે ફરતા ફરે, ભરશટ વીચારમાં ॥
સંહાર તેનો સદીઅતું, કરનાર ઈશવર આજમાં ॥
સુખમાં સદા વીકટોરીઆને, રાખ પરભુ આ રાજમાં ૩॥
અતી રીધી સીધી અખુટ તુજ, ભંડારમાંથી આપજે ॥
મનના મનોરથ પુરીને, વળી કશટ સઘળાં કાપજે ॥
કરતાર આપો કુશલ એના, સકલ રાજ સમાજમાં ॥
સુખમાં સદા વીકટોરીઆને, રાખ પરભુ આ રાજમાં ૪॥
દીન દીન વીશેશ પરતાપ વધતો, ચંદરનો શુદીમાં ચડે ॥
તેમજ રહે મહા રાણીનું, અતી તેજ ચડતું તુંજ વડે ॥
રીપુ કુલને નીરમુલ કરજે, છોડ જેવા છાજમાં ॥
સુખમાં સદા વીકટોરીઆને, રાખ પરભુ આ રાજમાં ૫॥
બહુ વરશ સુધી અચળ એનું, રાજ અમ ઊપર હજો ॥
વળી વંસનો વીસતાર જન સુખકાર, જગ મધીએ થજો ॥
ઈશવર પરતાપે અમલ જામો, દેશ બેટ ઘણાજમાં ॥
સુખમાં સદા વીકટોરીઆને, રાખ પરભુ આ રાજમાં ૬॥
તું ઊઠ ઈશવર આવી વખતે, અરજ ઊરમાં ધારજે ॥
છળ કપટ ખળનાં જપટછે તે, ચપટ કરી બેસાડજે ॥
એ વેરીઓના વાસને, વીખેરી નાંખો વાજમાં ॥
સુખમાં સદા વીકટોરીઆને, રાખ પરભુ આ રાજમાં ૭॥
નીરદોશ તેનો નીઆએ નીશચળ થઈ, જગતમાં જામજો ॥
પરતી દીવસ વાર હજાર જેઅ જેઅકાર, વાણી પામજો ॥
કરીએ અમે ઊંચે સવરે ગુણ ગાન, તેના ગાજમાં ॥
સુખમાં સદા વીકટોરીઆને, રાખ પરભુ આ રાજમાં ૮॥
ધરી પરેમ પરભુની પરારથના કરી, મુખથી એવું માગજો ॥
જએ પતે જગમાં રાણીજીની, શતરુનું ખળ ભાગજો ॥
શુભ સનેહથી ગાજો તમે સહુ, સજન ગામો ગામના ॥
છે છંદ સુંદર નવ નવીન, રચેલ દલપતરામના ॥ ૯॥

---

## દુનીઆ પરના જુદા જુદા ધરમ.

૧. જુદા જુદા દેશના લોકોના ધરમ બાબતના વીચારો જુદા જુદાછે.

૨. આફરીકા દેશમાંના ઘણાએક હબશીઓનો જે ધરમછે તેહને ફેટીશી ધરમ કેહેછે. નદી, દેવતા, ઝાડ, પવન વગેરે જગત માહેલા બીજા જે પદારથોમાં સારા માઠા ગુણ રહેલાછે અને તેઓના સમજેઆમાં આવતા નથી તે પદારથોને તેઓ દેવ કરીને માનેછે, અને તેઓની પુજા કરેછે.

૩. હીંદુસથાન મધે મુખીઅ ધરમ બરામણી ધરમછે. એ ધરમવાળા એક મુખીઅ દેવ સીવાએ બીજા તેતરીસ કરોડ હલકા દેવોને માનેછે. દેવતાઓની તેઓ મંદીરોમાં અને દેહેરાંઓમાં પુજા કરેછે, અને જાતરા પુણાતરા કરવાથી ઘણુ પુન લાગેછે અને ઈશવર રાજી થાએછે એમ સમજેછે. હીંદુ લોકો એક જાતના નથી. તેઓમાં અસલ વેદ શાસતરને માનતા હતા તારે માતર ચાર જાતો હતી, અને એક જાતના લોક બીજી જાતના લોક સાથે ખાતા પીતા હતા; પણ હમણાંતો સેંકડો બલકે હજારો જાતોમાં તેઓ વેંહેંચાઈ ગએલાછે અને તેઓ એક બીજાનું ખાઈ શકતા પણ નથી.

૪. ચીન, બરમા અને જાપાન એ દેશોમાં મુખીઅ ધરમ બુધનોછે. એ ધરમમાં અનાદી ઈશવર માનેલો નથી. એ ધરમવાળા બુધના જુદા જુદા અવતારોને માનેછે અને તેહનો છેલો અવતાર ગઊતમ તેહની મુરતીને તેઓ પોતાના અપાસરાઓમાં પુજેછે. એ ધરમ ઘણો વેહેમ ભરેલોછે ખરો, તોપણ ધરમ દાન અને સારાં કામ કરવાનું હેમાં ફરમાવેલુંછે. આખી દુનીઆના સઘળા ધરમોનો વીચાર કરતાં આ ધરમ પાળનારા લોક ઘણાછે, તોપણ તેઓ જમીનના થોડાએક ભાગમાં સમાએલાછે.

૫. જે લોકો સજીવ અથવા નીરજીવ પદારથોને દેવ સમજીને પુજેછે તેઓને મુરતી પુજક કેહેછે. જગતમાં એક નીરાકાર દેવને માનનારા કરતાં મુરતી પુજકો ઘણાછે.

૬. અરબસથાન, ઈરાન, તુરકસથાન અને ઊતર આફરીકામાં ઈસલામી એટલે મહંમદનો ધરમ ચાલેછે. એ ધરમ એમ શીખવેછે કે ઈશવર એકછે અને મહંમદ તે તેહનો છેલો અને સઊથી મોહોટો પેગમબરછે. નીમાજ, રોજા, હજ અને મોહોટી ખેરાતો કરવાનું એ ધરમમાં ફરમાવેલુંછે.

૭. ખરીસતી ધરમ તુરકસથાન સીવાએ આ

ખા ઈઊરપ ખંડમાં અને ઊતર તથા દખશણ અમેરીકામાં ચાલેછે. એ ધરમનાં મુખીઅ રૂપ તરણછે—ગરીક ચરચ, રોમન કાથલીક ધરમ અને પરાટેસટંટ ધરમ. ગરીક ચરચવાળો ધરમ ગરીસ દેશ, રૂશીઆ અને ઈરાનના કેટલાએક ભાગોમાં ચાલેછે. તે ધરમના ચલાવનારા જુદી જુદી પાએરીના પાદરીઓછે. એ ધરમમાં પાદરીઓને લગન કરવામાં કાંઈ મને કરી નથી. એ ધરમ કરીઆ કરમાંતર ભરેલોછે.

૮. રોમન કાથલીક ધરમ ઈટલી, ઈસપેન, પોરતુગાલ, ફરાંસ, બેલજીઅમ અને જરમની, પુરૂશીઆ, આસટરીઆ, તથા સુવીટજરલંડના કેટલાએ ભાગોમાં ચાલેછે, અને તેમજ મેકસીકોમાં તથા દખશણ અમેરીકાના ઘણાખરા ભાગોમાં પણ ચાલેછે. આએરલંડમાં પણ એ ધરમનું જોર ઘણુંછે. એ ધરમ ચલાવનારા જુદી જુદી પાએરીના પાદરીઓછે. તેઓમાંના મુખીઅ પાદરીઓને બીશપ અને આરચબીશપ કેહેછે, પણ તે સઘળા કરતાં મોહોટો અને સઊને માથે પોપ નામનો એક માહારાજછે. તે રોમ શેહેરમાં રેહેછે. એ ધરમમાં પાદરીઓને લગન કરવાની છુટ નથી.

૯. પરાટેસટંટ ધરમ અથવા જેહેને સુધરેલો ધરમ પણ કેહેછે તેહમાં જુદા જુદા પંથછે. એ ધરમનું જોર ઈંગલંડ, ઈસકાટલંડ, ડેનમારક, સુવીડન, નારવે તથા જરમની, પુરૂશીઆ અને સુવીટજરલંડના કેટલાએક ભાગોમાં અને અમેરીકાના ઈઊનાઈટેડ ઈસટેટસમાં ચાલેછે. એ ધરમના તરણ મુખીઅ પંથોનાં નામ લીઊથરન, એપીસકોપેલીઅન અને પરેસબીટેરીઅન પંથછે. એ ધરમને સુધરેલો કેહેવાનું કારણ એ છે કે સોળમી સદીમાં લીઊથર નામના માહાપુરૂશે પોપગુરૂની નાલાએક ચાલ ઘણું દુખ સહીને લોકોને બતાવી આપી અને તેઓને તે ગુરૂના ફાંસામાંથી છુટા કરીને એ ધરમ સમજાવેઓ માટે હેને સુધરેલો ધરમ કેહેછે.

૧૦. અસલ ઈઆહુદી લોકોની ઓલાદનાં માણસો હાલ જુદા જુદા દેશોમાં તેહમાં મુખીઅ કરીને ઈંગલંડ, હાલંડ, જરમની અને પુરૂશીઆ એ દેશોમાં વસેલાંછે. તેઓ હજુ પોતાના બુજરગોનો ધરમ અને તેઓની કરીઆઓ પાળેછે. તેઓના ધરમને ઈઆહુદી ધરમ કેહેછે.

જુદા જુદા ધરમ પાલનારાઓની સંખીઆની એ પરમાંણે કાહાડેલીછે.

| | |
|---|---|
| ખરીસતી ધરમ પાળનારા .. .. .. .. | ૨૬૦૦૦૦૦૦૦ |
| ઈઆહુદી .. .. .. .. .. .. .. .. .. .. | ૫૦૦૦૦૦૦ |
| ઈસલામી .. .. .. .. .. .. .. .. .. .. | ૧૦૦૦૦૦૦૦૦ |
| ભરામણી. .. .. .. .. .. .. .. .. .. .. | ૧૦૦૦૦૦૦૦૦ |
| બુધનો. . .. .. .. .. .. .. .. .. .. .. | ૪૦૦૦૦૦૦૦૦ |
| બીજા સરવે. .. .. .. .. .. .. .. .. .. | ૧૦૦૦૦૦૦૦૦ |
| | ૯૬૫૦૦૦૦૦૦ |

## માણસનું સુખ.

સુખી એ બોલ મુકાબલાનોછે. જારે આપણે કહીએછકે ફલાણો માણસ સુખીછે તારે આપણો અરથ એટલોજછે કે બીજા માણસો કરતાં અથવા તે માણસ આગળ કોઈવાર જે હાલતમાં હતો તે કરતાં હમણાં સારી હાલતમાંછે. તનદુરૂસત અને પઈસાદાર શખસને આપણે સુખી કહીએ છઈએ તેહેનો અરથ શું? તેહેનો અરથ એજકે બીજા માણસોની સાથે સરખાવતાં તે સારી હાલતમાંછે.

હવે સુખી હાલત કહી? એ બાબતનો ખરેખરો વીચાર કરતાં એમ જણાએછે કે જે હાલતમાં દુખના કરતાં સુખ વધારે રહેલું હોએ તે સુખી હાલત; અને કોઈ માણસ કેટલું સુખ ભોગવેછે તે આ વધારા ઊપર આધાર રાખેછે. તારે માણસનું સુખ એ સામાં રહેલું છે અને સામાં રહેલું નથી હેનો આપણે વીચાર કરીએ.

તો જુઓ કે મોજ શોક અને એશ આરામ કોઈપણ જાતના અને ગમે એટલા કીધા તો તેહમાં કાંઈ સુખ રહેલું નથી. તમે પુછશો કે વાનીવાર વસતુઓ ખાવા પીવામાં, રાગ, તાન, નાચરંગ વગેરે તરેહ તરેહના ખેલ તમાશા અને ખુબસુરત ચીજો જોવામાં, શું સુખ રહેલું નથી? તો હમે તમને કહીએછ કે, ના, હેવી ચીજોમાં સુખ રહેલું નથી, અને હમે એમ કહીએ છઈએ તેહનાં કારણો નીચે પરમાણેછે.

૧ લું—ઊપર લખેલી રીતોથી થતી ખુશી હર વખત થોડી વારજ રેહેછે. તે ખુશી કાએમ રેહેતી નથી. વળી તે ખુશીને મેળવવા સારૂ આગળથી કેટલી તઈઆરી કરવી પડેછે અને કેટલી ઈનતેજારી રા

ખીને બેસી રેહેવું પડેછે તેહેનો બીલકુલ વીચાર નહીં કરીએ, તોપણ એ ખુશી જારે હાંસલ થાએછે તારે કેટલી થોડી વાર સુધી આપણા મનમાં રેહેછે એટલે દાહાડાના આખા ચોવીસ કલાકમાંથી કેટલા થોડા કલાક સુધી રેહેછે એ વાતનો વીચાર કરેથી આપણે ઘણું અજબ જેહેવું લાગશે.

૨ જું—એ ખુશીઓ વારેવારે ભોગવેથી તેઓની લેહેજત ઓછી થાએછે. જે ઈંદરીઓવડે ઉપલી ખુશીઓ આપણે ભોગવીએ છઈએ તે ઈંદરીઓનો હેવો ગુણછે કે જેમ જેમ તેઓ એકની એક રીતે વધારે વપરાએ તેમ તેમ તેઓ ઘસાઈને મંદ થઈ જાએ, અને કોઈપણ ઈલાજથી પાછી અસલના જેહેવી તેજ થાએ નહીં. એટલાજ માટે સઉ કોઈના અનુભવમાં આ વાત આવેલીછે કે કાંઈ ખુબીદાર વસતુ પેહેલ વેહેલી જોએથી, સાંભળેથી અથવા ખાધે પીધેથી જે ખુશી પેદા થાએછે તેટલીજ ખુશી તે વસતુ વારેવારે જોએ સાંભળે અથવા ખાધે પીધે થતી નથી એટલે જેમ જેમ તે રોજની થાએછે તેમ તેમ તેહેની લેહેજત ઓછી થાએછે.

૩ જું—મોહોટી અને માહાભારત ખુશી મેળવવાની આતુરતાને લીધે બીજી ખુશીઓ ઉપરથી આપણું દીલ ઉઠી જાએછે; અને તેહેવી મોહોટી ખુશીઓ આપણને કોઈજવાર મએસર થાએછે માટે આપણો ઘણોખરો વખત તે કારણથી ખાલી દુખ ભરેલો થઈ પડેછે.

એ ઉપરથી જણાએછે કે માણસનું સુખ મોજ શોક અને એશ આરામમાં રહેલું નથી. કેટલાએક લોક એમ કેહેછે કે મેહેનત મજુરી ફીકર ચંતા કામ ધંધો અને હેવી અડચણો માણસને નહીં હોવામાં તેહેનું સુખ રહેલુંછે. તેઓને હમે કહીએ છઈએ કે એનો મોહોટી ભુલછે; કેમકે હેવી હાલતમાં કાંઈ સુખ હોતું નથી, પણ તેવી ઉલટી ઉદાસી, ખોટા વીચાર અને બુરાઈ પેદા થાએછે.

• તેહેનો દાખલો જોવો હોએતો સેહેજછે. જે લોકો કામ ધંધો કરનારાછે તેઓને જે દાહાડે કાંઈ કામ ધંધો હોતો નથી તે દાહાડે તેઓ સુખી હોવાને બદલે ઉલટા ઉદાસી રેહેછે, અને તેઓને તે દાહાડે કાંઈ ગમતું નથી અને તેઓ જારે બીજે દાહાડે પોતાને કામે લાગેછે તારેજ તેઓને ચેહેન પડેછે.

કેટલાએક લોક કેહેછે કે મોહોટાઈ, દરજાો અને મરતબો હેમાં સુખ રહેલુંછે. જો એ વાત ખરી હોએ કે સરવે મોહોટાઈથી સુખ મળતું હોએ, તો જેટલા આપણે મોહોટા થઈએ એટલે જેટલા લોક આપણા કરતાં હલકા હોએ તે પરમાણમાં આપણે વધારે સુખી થવું જોઈએ. પણ ખરી વાતતો એમછે કે જે ધણીઓની સાથે આપણે આપણી હાલતનો મુકાબલો કરીએ છઈએ તે ધણીઓના કરતાં જો આપણે મોહોટા નથી તો પછી આપણી મોહોટાઈ ગમે એટલી છતાં પણ આપણા મનમાં સંતોશ થતો નથી. જોઈએ તો ભરવાડ પોતાના કુતરા કરતાં મોહોટા દરજાનો છે, પણ તે ઉપરથી કાંઈ ભરવાડને સુખ થતું નથી; ખેતી કરનાર ભરવાડ કરતાં મોહોટોછે, પણ તે ઉપરથી કાંઈ ખેતીવાળાને સુખ થતું નથી; જમીનદાર ખેતી કરનાર કરતાં મોહોટોછે, પણ તે ઉપરથી કાંઈ જમીનદારને સુખ થતું નથી; અને સઉથી મોહોટો દેશનો રાજાછે, પણ તે મોહોટાઈથી કાંઈ રાજાને સુખ થતું નથી. જાંહાં મુકાબલો નથી તાંહાં મોહોટાઈનો કોઈ વીચાર પણ કરતું નથી.

પણ જો તેજ ભરવાડ પોતાના ગામના બીજા ભરવાડો કરતાં મજબુત અને વધારે કામ કરી શકતો હોએ; અને પેલો ખેતીવાળો ગામના બીજા ખેતીવાળાઓ કરતાં વધારે પઈસાદાર હોએ અને તેહેની પાસે વધારે ઢોર અને ખેતીનાં ઓજારો હોએ; અને પેલા જમીનદારની તે દેશના બીજા અમીર ઉમરાવોના કરતાં ઘરબાર માલ મીલકતની તરફથી હાલત વધારે સારી હોએ; અને પેલા રાજાની પાસે બીજા દેશના રાજાઓની સાથે સરખાવતાં વધારે મુલક તથા વધારે લશકરનું જોર તથા વધારે વજન હોએ અને રઈઅત વધારે નીમકહલાલ અને વફાદાર હોએ; તો એ વાતોમાં ભરવાડ, ખેતીવાળો, જમીનદાર અને રાજાઓને પોતાના દીલમાં પોતાની મોહોટાઈ વડે સુખ લાગેછે.

## ભુગોળ વીદીઆ.

જે જમીનપર આપણે વસીએ છઈએ તે જમીનનું બયાન ભુગોળ વીદીઆમાં કરેલુંછે. તે સઉ કોઈને જાણવાની જરૂરછે માટે તે વીદીઆનો થોડોએક



તીબેટના માહાગુરૂ ગરાંડ લામા

ખુલાસો આ ચોપાનીઆમાં રફતે રફતે કરવાનો હમારો વીચારછે.

૧. આપણી જમીન એક નકર ગોળોછે. તેહેનો ઘેરાવો આશરે ચોવીસ હજાર માઈલનોછે. જમીન એક ગરેહછે અને બીજા ગરેહોની માફક સુરજની આસપાસ ફરેછે.

૨. જેટલો જમીનનો ભાગ સુકોછે તેહના કરતાં દરીઆ તળે આવેલો ભાગ ઘણોછે.

૩. દરીઓ હરેક ઠેકાણે એક સરખો સપાટ અને મોહોટાં મેદાનના જેહવો દેખાએછે.

૪. સુકી જમીન દરીઆની સપાટીથી ઊંચી હોએછે. તે એક સરખી હોતી નથી, કેથાં ઊંચી કેથાં નીચી અને કેથાં સપાટ હોએછે. જે ભાગ ઘણો ઊંચો હોએછે તેહને ટેકરી અથવા ડુંગર કેહેછે.

૫. વાદળાંમાંથી વરસાદને રૂપે જે પાણી પડેછે તે જમીનના પોલા ભાગોમાં એકઠું થઈને તાંહાંથી વેહેતું વેહેતું નદીઓને રૂપે દરીઆમાં જાએછે. કેટલેએક ઠેકાણે તે એકઠું થઆ પછી આગળ વેહેતું નથી તેહને તળાવ અથવા સરોવર કેહેછે.

૬. જમીનનો આકાર નારંગીના જેહવો ગોળછે. તે બરાબર કાગળપર પડી શકે નહીં માટે તેહનો નકશો પાડેછે તેહમાં બે ગોળ આકાર એક બીજાને લાગેલા પાડેછે. તેહમાંનો દરએક જમીનનો હડધો ભાગ દેખાડેછે. તેહમાંનો જમણી બાજુપરનો જે હોએછે તેહને પુરવનો હડધો ભાગ અને ડાબી બાજુપરનાને પશચીમનો હડધો ભાગ કેહેછે. એ આકાર પુસતક ૧ લાને પાને ૧૭૬ મે બતાવેલોછે.

૭. કોઈપણ નકશો સાંમો મુકેઆ પછી તેહની જમણા હાથ તરફની જે બાજુ તે પુરવ દીશા જાણવી; ડાબા હાથ તરફનીને પશચીમ દીશા જાણવી; ઊપરની તરફનીને ઊતર દીશા અને નીચેની તરફનીને દખશણ દીશા જાણવી. દરએક હડધા ભાગની ઊપરનું વચનું બીંદુ તેહને ઊતર ધ્રુરૂ અને નીચેનાં વચલાં બીંદુને દખશણ ધ્રુરૂ કેહેછે.

૮. પુરવ તરફના ભાગમાં ઈઊરપ, એશીઆ અને આફરીકા એ તણ ખંડો આવેલાછે. તેહમાં ઘણાએક અગતના ટાપુઓ આવેલાછે તે સઊમાં આસટરેલીઆ ટાપુ મોહોટોછે.

૯. પશચીમ તરફના ભાગમાં અમેરીકા ખંડ તથા કેટલાએક ટાપુઓ આવેલાછે. અમેરીકા ખંડના ઊતર અમેરીકા અને દખશણ અમેરીકા હેવા બે ભાગ કરેલાછે.

૧૦. નકશો જોતાં ઊંચી નીચી જમીન શોધી કાહાડવાની રીત ઘણી સેહેલીછે. નદી કેણીમેર વેહેછે તે ઊપરથી જમીન ઊંચી નીચી કહી શકાએછે. હંમેશ નીચાણ હોએ તેણીગમ નદી વેહેછે.

---

## માહાગુરૂ ગરાંડ લામા.

તીબેટ તારતરી અને વચલા એશીઆ ખંડના બીજા ભાગોમાં માંગોલીઅન જાતના લોકો વસેછે તેઓમાં લોકને દેખાડવાનો એટલે નાહાવા ધોવાનો અને હાથ પગ ધોવાનો ધરમ ઘણો ચાલેછે. તેઓના ગોર અથવા પાદરીને લામા કેહેછે તે ઊપરથી તેઓના ધરમનું નામ લામઈ ધરમ પડેલુંછે. બુધ ધરમની માફક એ ધરમમાં પણ એક અનાદી અને નીરંતર રેહે હવો ઈશવર માનેલો નથી. તેઓ ૧૦૮ મુરતીઓને માનેછે અને હેવું કેહેછે કે આગળ માણસો હતાં પણ પોતાની પવીતરાઈના સબબથી આ દુનીઆની શરૂઆત પેહેલાં દેવતાને દરજજે ચહડેલા હેવા માહાપુરૂશોની એ મુરતીઓછે. તેઓના મુખીઅ દેવતું નામ શ્રીમુનીછે. તેહની બાબત તેઓ એમ કેહેછે કે તે શ્રીમુનીએ ઈસવી સન ચાલુ થતાં પેહેલાં એક હજાર વરસપર આ જગતમાં છેલો અવતાર લઈને લામઈ ધરમ થાપેઓ. અને પોતાની પાછળ ધરમનું કામ ચલાવવાને એક વકીલ મુકરર કરેઓ. તેહેનું નામ ગરાંડ લામા. તેહેની પુજા હાલ લામઈ ધરમ માનનારા કરેછે.

એ ધરમવાળા એમ સમજેછે કે જારે ગરાંડ લામા કુદરતી કાએદા પરમાણે મરી જાએછે તારે તેહેનો જીવ તરત બીજાં બોળીઆંમાં પેસેછે, તે વાત તેહના હાથ નીચેના પાદરીઓને જણાએછે પણ બીજા લોકો જો તે વીશે તપાસ કરે તો તેઓને મોહોટું પાપ લાગે એમ તેઓ ગણેછે. ખરેખરું જોતાંતો આ ધરમ બીજા કેટલાએક ધરમોની માફક પાદરીઓનું પેટ ભરવાને સારૂ અને પાદરીઓના હાથમાં લોકોની ઊપર કાબુ રાખવાને સારૂ કાહાડેલો હોએ એમ જણાએછે.

તીબેટ દેશમાં ધરમના કામમાં અને રાજદરબા
રી કામમાં પણ સઊથી ઊંચો દરજ્જો ગરાંડ લામા
નોછે. લાસા નામની તે દેશની રાજધાનીછે તેહની
પાસે બે મોહોટા મોહોટા મઠછે તેહમાં ગરાંડ લામાવા
ગપરતી રેહેછે. તેહની આસપાસ સઘળી તરફ પાદ
રીઓ ફરતા રેહેછે, અને જે મઠમાં તે રેહેતો હોએ તે
મઠમાં રાતરે કોઈ ઓરતને રેહેવા દેતા નથી. કદા
ચ તેહની પાકીજગી પર કોઈનું ગુમાન નહીં જાએ
એટલા સારૂ એ પરમાણે કરતા હોશે. તે દેશમાહેલા
અને રશીઆમાંથી પણ ઘણાએક લોકો ઘણે દુરથી તે
હેનાં દરશણ કરવાને આવેછે અને તેહનો આશીરવાદ
પામેછે. તે એક મોહોટું તખત બનાવેલુંછે તે ઊપર
બેસીને દરશણ આપેછે. તારતરીના લોકો પણ તેહને
તેજ પરમાણે માનેછે અને દુરથી દરશણને સારૂ આ
વેછે. શાહજાદાઓ પણ આવીને તેહને રઈઅતની મા
ફક નમેછે. ગરાંડ લામા રંક અને રાવને એક સર
ખા લેખેછે. તે કોઈને સલામ કરતો નથી; નમસકાર
કરતો નથી; તે પોતાનું માથું ઊઘાડતો નથી, અને
કોઈને ઊઠીને આદરમાન આપતો નથી. તેહને પુજ
નારા લોકોનાં માંથા ઊપર તે પોતાનો હાથ માતર
મુકેછે એટલે તેઓ એમ સમજેછેકે હવે હમારાં પાપ સ
રવે કપાઈ ગયાં. ને લોકો એમ માનેછે કે એજ ઈશ
વરછે અને સઊનાં મનની વાત એ જાણેછે અને તે
ને કોઈને કાંઈ પણ પુછવાની જરૂર નથી. તે કોઈ કો
ઈ વખતે પોતાના સેવકોને એક જાતના પેંડા વેંહેંચે
છે, તેહને તારતાર લોકો ઘણાંએક વેહેમ ભરેલાં કામો
માં વાપરેછે. કેટલાએક લોકો એમ કેહેછે કે તેહના ન
રકના પેંડા કરીને વેંહેંચેછે અને તે તેહના માનના
રા સુનાની દાબડીઓમાં રાખી મુકેછે અને ખાવાનાં
પકવાનોમાં તેઓને પરસાદી કરવાને નાખેછે પણ એ
વાત ખોટી માલમ પડેછે. એકવાર આગલા જમાનોમાં
ની હકુમત હાલના કરતાં વધારે હતી. તે મોહોટા મો
ટ પાદશાહોને ગાદી પરથી ઊઠાડી મુકતો એટલો તેહને
ઈખતીઆર હતો. પણ હાલમાં રાજનીતીની રીતે તે
ચીનના શેહનશાહને તાબેછે અને ધરમ ગુરૂ પરમાણે
હને ગણીએતો તે રીતે જોતાં ચીનનો શેહનશાહ હેને
તાબેછે. તેહની રાજધાનીમાં માનદારીન નામના બે
ચીના સરદારો રાખેલાછે અને તેઓના હાથ નીચે
૧૦૦૦ ચીનાઓનું લશકરછે. પીકીન શેહેરમાં નાહા
નો લામા કરીને તેહનો એક મોકલેલોછે. તેહને શેહન
શાહે એક મેહેલ બંધાવી આપેલોછે તેહમાં તે રેહેછેઅ
ને તેહનો ખરચ સરવે શેહનશાહ પુરો પાડેછે.

ગરાંડ લામા જારે મરણ પામેછે તારે તેહનો
જીવ કાંહાં નવો અવતાર લેછે એ વાત જાણવાની જ
રૂર પડેછે. એ વાત ઠરાવવાનું કામ બીજા લામાઓ
નુંછે અને તેઓ જે ઠરાવ કરે તે સરવે લોકોએ કબુલ
રાખવો જોઈએ. તે લામાના પુજનારાઓના બે પક્ષ
એટલે ભાગછે. તેઓને પીળી ટોપી અને રાતી ટોપી
કેહેછે. દરેક પક્ષની ઊપર ત્રણ ત્રણ લામા હોએ
છે. એ સરવે લામાઓમાં ગરાંડ લામા ને મોહોટો કે
હેવાએછે. તેઓના હાથ નીચે જુદા જુદા દરજજા
ના બીજા ઘણા પાદરીઓછે. તેઓ શીખવવાના કા
મની ઊપર ઊપરીપણું કરેછે અને તેઓમાંના કેટલા
એક પરણેલા વનાનાછે. એકલા લાસા શેહેરમાંજ
આસરે ત્રણ હજાર મઠોછે.

આ પાસે જે ચીત્ર પાડેલુંછે તે ગરાંડ લામાનું
છે. એણે કારચોબી સાટીનનો પોશાક પેહેરેલોછે અ
ને માથે પટાદાર ઊંચી ટોપી પેહેરેલીછે. હેના જમણા
હાથમાં એક ગોળ દાબડા જરખું ચકરછે તે હાથ હલા
વેથી પોતાના આંસ ઊપર ફરેછે. એ દાબડામાં લા
માનાં મંતર ભરેલાંછે અને હીંદુ લોક તથા મુસલમાન
લોક બંદગી કરતાં માળા અથવા તસબી હાથમાં ઝા
લીને મણકા ફેરવેછે અને સમજેછે કે જેમ માળા વધા
રે ફેરવાએ તેમ વધારે પુન તેમજ લામાં પણ આ ચ
કર ફેરવેછે અને સમજેછે કે જેમ વધારે ફેરવાએ તેમ
વધારે પુન. એ ગોઠવણ હેવી કરેલીછે કે ઘણીવાર ઈ
બાદત થાએ અને ઘણું પુન લાગે પણ હાથ પાકી જા
એ નહીં. બીજા હાથમાં અંબેમાતના ભરામણી જેહવું
ત્રીશુળ રાખેછે તેહવું એક ત્રીશુળ લામાએ લીધેલુંછે.

---

## પવનની કહેલી વાતો.

### વાત ૧.

વાંચનારી બાઈઓ જારે કોઈ અંધારી રાતરે
પવન ઘણો ફુંકતો હશે તારે તમારા મનમાં એમ જ
ણાએછે કે એ કાંઈ વાત કેહેછે? હા મહને તો એમ લાગેછે
અને જે વાત પવને મહને કહીછે તેમાંની કેટલીએક
હું તમને કહુંછઉં સાંભળો. તેણે કહ્યું,

" આજ રાતરે મેં ઘણું નઠારૂં કામ કરૂં છે. હું મશો ગુસામાં આવીને આંડો થઈ ગઓ હતો. આખો દીવસ આફ્રીકાનાં જંગલમાં માહારા જોરથી રેતીનાં વાદળાં થઈને ઊડતાં હતાં ત્યાંથી હું ભુમધીઅ સમુદર ઓળંગીને આવતો હતો. તે રસતામાં એક મોહોટું વાહાણ મળીઊં. તે છેક બારાની નજદીક આવી પોંહોચેલું હતું અને એક જુવાન શખસ એક બાજુ પર અઢેલીને ઊભો હતો. તે ઘણો મગન દેખાતો હતો. તે પોતાના મનમાં એમ વીચાર કરતો હતો કે માહારી પેઆરી માશુકને હવે હું થોડા દાહાડામાં મળીશ અને તેહની જોડે લગન કરીશ તે વાહાણમાના ઘણાએક ખલાસીઓ ખુશીથી વીચાર કરતા હતા કે હવે આપણે આપણાં પેઆરાં બાએડી છોકરાંને મળીશું. આ હાહા! તેઓ મળેઆ હોત તો કેહવો આનંદ તેઓને થાત ! પણ એક ખડકની પાસે વાહાણ આવી પોહોંચીઊં. મેં માહરા ગુસાના જોરમાં વગર વીચારે તે વાહાણના સઢનાં ચીથડે ચીથડાં કરી નાખેઆં. કેટલાંએક વાદળાં આસમાનમાં હતાં તેઓને હડસેલીને ચંદરની ઊપર લાવેઓ તેથી તેહનું અજવાળું બંધ થઊં, અને અંધારૂં થતામાંજ મેં વાહાણને પાછળથી હડસેલીઊં. તે તરત ખડકને લાગું અને તેહના ચુરેચુરા થઈ ગઆ. તે માહેલા કેટલાએક ખલાસીઓ હોડકાંમા બેસી ગઆ અને તેઓનો જાન બચત, પણ માહારા હુકમથી દરીઆએ મોજા ફેંકીઆ અને તે સઘળા દરીઆમાં રાગશરણ થઈ ગઆ. હવે હું અતીશે પસતાઊં છઊં, પણ માહારા પસતાવાથી હવે તે બીચારા કાંઈ પાછા સજીવન થાએ નહીં."

એમ કહીને ઘણું રડેઓ અને પછી બંધ થઈ ગઓ.

---

વાત ૨.

થોડાએક દાહાડા પર એક રાતરે એક નબળીબાઆં તુટાં ઘરની આસપાસ હું લપાટી મારતો હતો, અને બારીમાં એક ઝીણું કાણું હતું તેહમાથી હું પેસીને એક નાહાની સરખી ઓરડીમાં ગઓ. તેહમાં ફક્ત એકજ જઈફ માણસ બેઠેલો હતો તેહની પાસે તાપવાને એક સગડી હતી. હું તે ઓરડીમાં ઘુસેઓ કે તે માણસ ધ્રુજવા લાગેઓ અને તેહના દાત કકડવા લાગેઆ. તેણે ઊઠીને પોતાની પાસે જે ફાટાં તુટાં કપડાં હતાં તે પોતાને દીને લપેટેઆં. તે બારણું ઢાંકવા ઊઠેઓ તારે તેહની આંખ ઘણી બીહામણી લાગી, પણ જારે તેણે પાછા બેસીને એક લોહોડાંની પેટીનું ઢાંકણું ઊઘાડીઊં તારે તે કરતાં વધારે બીહામણી દેખાઈ. તે માણસ મોહોટો બખીલ હતો, તેહને સઊ કોઈ ધીકારતા હતા અને તેહની પાસે કોઈ ઊભું રેહેતું નહીં હતું. તેણે પોતાની અગણીત દોલત પર નજર કરી. હું તે ઘરડા માણસને સારી પઠી ઓળખતો હતો અને જાણતો હતો કે ધનથી હેનું દીલ સખત પથર જેહવું થઈ ગએલું છે; એ ધનને જ પુજેછે અને બીજા કોઈ દેવની બંદગી એ કરતો નથી. તેણે પેટીમાંથી ઢગલે ઢગલા ધન કાહાડીને બાહારે ગણી જોઊં અને વારેવારે તે ઊપર એકી નજર જોઆ કીધું. પણ તે ઘણો ઘરડો થએલો હતો અને નબળો થએલો હતો અને દોલત સાચવતાં સાચવતાં તેહનું શરીર છેક ઘસાઈ ગએલું હતું તેથી પેલી અશરફીઓની થેલીઓ ગણતો ગણતો તે તે ઊપર નમી પડેઓ અને તેહના ડોળા ચહડી ગઆ અને તેહનો પરાણ નીકળી ગઓ. તેહનું મુડદું જોઈને હું હસેઓ અને પછી જરા પરાણપોક મુકીને દોડતો તેહના વારસને ઘેર ગઓ.

---

## તરસ લાગવાનાં કારણો.

"ભુખના કરતાં તરસ મારવી ઘણી કઠણ લાગેછે. આપણા બદનના લોહીનો મોહોટો ભાગ પાણીછે. જેમ જેમ લોહી આપણા શરીરના દરએક ભાગમાં ફરતું જાએછે, તેમ તેમ તે ઓછું થતું જાએછે. તેજ પરમાણે પાણીનો કેટલોક ભાગ શરીરમાંથી પસીનાના આકારમાં તથા થુંક, આસુ અને બીજી રીતે બાહેર નીકળી જાએછે એ પરમાણે પાણી બાહેર નીકળી ગઆથી લોહીમાંથી પાણીનો ભાગ ઘણો ઓછો થઈ જાએછે, જેથી લોહી જાડું થઈ ફરવાને અઈઓગ થઈ પડેછે. માટે પાણી પાછું તેમા જવું જોઈએ એટલા ઊપરથી આપણને તે પીવાની હોસ છુટે છે જેને આપણે તરસ કરી કેહીએછીએ. પાણી પીવા પછી પાછું તે લોહીમા જઈ મળેછે, અને તેને પાછુ

પાતળું કરવા ઈલાજ કરી દેછે. આપણને ગરમીના દાહાડામાં વધારે તરસ લાગેછે, તેનું કારણ એક એ દાહાડા ઊપર આપણા લોહીમાંનું પાણી પરસેવાના આકારમા ઘણું નીકળી જાએછે; થંડીના દાહાડા ઊપર પસીનો ઘણોજ થોડો પડેછે, જેથી લોહીમાંનું પાણી ઘણું ઓછું નથી થતું, અને એટલા ઊપરથી એ દીવસોમાં તરસ ઘણી નથી લાગતી. ખારા પદારથો જેવા કે ખારૂં ગોશ, ખારી માછલી, ખારો ગરલ, એવી એવી ચીજો ખાધાથી તરસ વધેછે, તેના કારણો બે છે, એક એજે કોઈબી જાતનો ખાર વધારે શરીરમાં ગયાથી તે લોહીમાં પેવસ થાએછે, જેથી લોહી વધારે જાડું થઈ પડેછે, તેને પાછું પાતળું કરવાને પાણી પીવાની જરૂર પડેછે. બીજું કારણ એજે ખારી જીનસ ખાધાથી થુંક ઘણી છુટેછે, જેથી વળી આપણા શરીરમાંના લોહીનું પાણી ઘણી થુંક છુટાથી ઓછું થાએછે, અને તેથી તરસ લાગેછે. એજ પરમાણે સવાદ ઈનદરીઓને ઊતેજન આપનાર કોઈબી વસતુ ખાધી, પછી તે મીઠી હોએ અથવા તીખી—ખાટી, અથવા તુરી, તો તે સઘળાથી આપણને પાણીની તરસ છુટવાની. તાવ આવેછે તે વકતે પાણીની જે તરસ છુટેછે તેનું કારણ એછે કે તાવથી થુંક છુટતી બંધ થઈ પડેછે, જેથી જીભ અને આખું મોહોડું સુકાઈ જાએછે, જે ભીનવવાને આપણને પાણી પીવાની જરૂર છે. હકીમો એવી વેળા આપણને પાણીમાં કોઈ જાતની ખાટી વસતુ નાખી આપેછે તેનું કારણ માતરે એટલુંજ કે ખટાસથી થુંક પાછી આગળની મોઆફક છુટે, અને તરસ નરમ રેહે.

કોઈ માણસ જારે ગુસામાં આવેછે તેઆરે તેનો ઝોક ભુખ મરી જાએછે, તોએપણ તેની તરસ નથી મરતી, તે વધારે જલદ થાએછે, ગુસો—ધાસતી—દીલગીરી—ચીંતા—ફીકર—આતુરતા એ સઘળા મનનાં જુસા જલદ થઈ પડેઆથી તરસ વધેછે. ”

શા૦ પ૦ ૪૨૩

## શેખસાદીની એક હીકાએત.

એક પાદશાહાજાદાની વાત મે સાંભળીછે કે તે પાતળો અને બદશીકલ હતો અને તેહેના બીજા ભાઈઓ કદાવર અને ખુબસુરત હતા. એક દાહાડે પાદશાહે તેહેની ઊપર હલકી નજર કરીને કાંઈ વાત કહી તે પરથી તેણે ખુબ વીચાર પોહોંચાડીને અકલમંદીનો જવાબ આપેઓ કે, "પાદશાહ તમે વીચાર કરો કે અકલમંદ પાતળો સારો કે નાદાન કદાવર ? હેતું કાંઈ નથી કે જે ચીજ કદે મોહોટી તે કીંમતે પણ મોહોટી હોએ. વળી એક અરબી ઘોડો અગર ઘરડો હોએ તો પણ દસ ગધેડાંઓ કરતાં બેહતરછે એમ એક અકલમંદ પાતળા માણસે એક જાડા એહમકને એક વખત કહું હતું તે તમે સાંભળીઊં નથી ?" આ બોલવું સાંભળીને પાદશાહને હસવું આવીઊં અને કચેરીમાં બેઠેલા અમીર ઊમરાવ પણ ખુશી થઆ, તે જોઈને બીજા ભાઈઓને પગથીતે માથા શુધી ઝાળ લાગી. કહેલુંછે કે જાંહાંશુધી કોઈ માણસને બોલતાં સાંભળો નથી તાંહાંસુધી તેહેમાં શું એબછે અથવા શું હુનરછે એ માલુમ પડતું નથી. પછી થોડી મુદતમાં તે પાદશાહના મુલક પર કોઈ દુશમનનું મોહોટું લશકર આવી ચહડીઊં. તેહેને મારી હટાવવાને પાદશાહનું લશકર તઈઆર થઊં. લડાઈના મેદાનમાં બંને તરફના લડવઈઆ સામ સામા થઆ તેહેમાં પેલો પાદશાહજાદો હતો, તે બાહાર પડીને મોહોટે અવાજે બોલેઓ કે હું હેવો નથી કે લડાઈને દીવશે પુઠ દેખાડું. એમ કહેતાંને વાર તે સામા લશકર પર તુટી પડેઓ અને દુશમનના કેટલાએક સરદારોને તેણે મારેઆ અને કેટલાએકોને જખમી કરેઆ. તે જોઈને દુશમનનાં બાકી રહેલાં માણસો નાહાસી ગયાં. પછી પાદશાહ જાદાએ આવીને પાદશાહને પગે પડીને કહું, " પાદશાહ લડાઈની વેળાએ પાતળો ઘોડો કામ આવેછે પણ જાડો બળદીઓ કાંઈ કામ આવતો નથી." એમ કહેછે કે દુશમનનું લશકર તો ઘણું હતું અને પાદશાહનું થોડું અને તે પણ મેદાન મુકીને નાહાસી જવાની તઈઆરીમાં હતું, તેહેવામાં પાદશાહજાદાએ તીર ચહડાવીને પોકાર મારીને કહું "એ જવાંમરદો, હીમત પકડો અને ચોળી કાંચળી નહીં પેહેરો." તે સાંભળીને સીપાઈઓ પોતાના ઈરાદાથી શરમાઆ અને એકદીલ થઈને દુશમન પર હુમલો કરીને તેઓએ ફતેહ મેળવી. એ વાત થઆ પછી પાદશાહ તે છોકરા પર ઘણો મેહેરબાન થઓ અને દરરોજ તેહેની ઊપર મેહેરબાની વધારે કરવા લાગેઓ. તે જોઈને બીજા ભાઈઓ અદેખાઆ અને તેહેના

ખોરાકમાં ઝેહેર ઘાલીઊં.' તે વાત તેહેની બેહેનને ખબર પડેથી તેણે કાંઈ ઈશારત કરી તે પેલો છોકરો ચેતી ગઓ, અને ખોરાક આગળ લાવીને ધરેઓ તારે હાથ ખસેડી લઈને તે બોલેઓ કે, 'એ વાત સુશકે લછે કે સુનરમંદને મારીને તેહેની જગો પર આવીને બેહુતર બેસે.' પછી એ વાતની પાદશાહને ખબર થઈ તારે તેણે બીજાં બાઈઓને નાક કાન કાપીને દેશ બાહાર કાહાડી મુકેઆ.

### ઊપરલી હીકાએતનું હાસલ.

૧. રૂપ નહીં પણ માહેલું જવાહેર એટલે ગુણ જોવા જોઈએ.

૨. જાડાથી ડરવું નહીં, પાતળો જોઈને લડવું નહીં.

૩. મુશકેલી દેખીને હીંમત હારવી નહીં.

૪. ખાડો ખોદે તે પડે હેવુંછે, માટે અદેખાઈ કરીને બીજાને તોડી પાડીને આપણે ઊંચા થવાની વેતરણ કરવી નહીં.

---

## હાથીનું હેત અને નીમકહલાલી.

હાથીને જારે બરાબર હોશીઆરીથી કેળવેછે તારે તે ઘણોજ નરમ, તાબેદાર અને વાહાલો થઈ પડેછે, તે પોતાના માહાવતને હેવો ચાહેછે કે તેહેની આગળ તે લાડ કરેછે અને બને એટલી તેહેને ખુશી કરવાની વેતરણ કરેછે. તેહેનો પેઆર કેટલીએક વાર ઘણો મજબુત બંધાઈ જાએછે. એ વીશે એક હેવી વાત કેહેછે કે એક હાથીએ કાંઈ ખીજવાઈને પોતાના માહાવતનો જાન લીધો તારપછી તે દલગીરીમાનો દલગીરીમાં મરી ગઓ. પણ આ સભાવ અસલથી નથી હોતો. હેનો કુદરતી સભાવ તો હેવોછે કે તે માણસને દેખીને ઊલટો આઘો જાએ. હવે પાળેઆ પછી હાથી ઊપર કહેલા સભાવનો કેમ થાએછે એ કાંઈ ખચીત કહી શકાતું નથી, કેટલાએક એમ ધારેછે કે બીહીકને લીધે તે તાબેદાર થાએછે અને પછી માહાવતને ચાહેછે; પણ હમારા વીચારમાં એમ આવેછે કે જારે જારે તે હુકમ પરમાણે ચાલેછે તારે તારે તેહેને સારૂં સારૂં ખવાડેથી અને હુકમ પરમાણે નથી ચાલતો તારે તેહેને કાંઈ કાંઈ નસીહત કરેથી તેહેને તાબેદારીની ટેવ પડી જાએછે અને તે માહાવતની સાથે સહવાસથી હળી જાએછે.

એક કીતાબમાં લખેલુંછે કે એક હાથી એક બાળક છોકરાંને એટલોતો ચાહતો હતો કે તે જારે પોતાની આગળનું આગળ નહીં હોએ તારે તેહેને ચેન પડતું નહીં. માટે તે છોકરાંની દાઈ તે છોકરાંને ઘોડીઆંમાં સુવાડીને તે ઘોડીઊં લઈ જઈને પેલા હાથીના પગ વચે મુકતી. એ પરમાણે તે છોકરાંની તેહેને એટલીતો માઆ લાગી કે તેહેના વના તે કાંઈ ખોરાક ખાએ નહીં. જારે તે છોકરૂં ઊંઘતું તારે તે તેહેની ઊપરથી માખી ઊરાડતો, અને જારે તે છોકરૂં રડતું તારે તે ઝોળીને હીંચકા લાખીને તેહેને પાછું ઊંઘાડી દેતો.

નીચે કેટલાએક દાખલા હાથીની નીમકહલાલીનાછે, અને કેટલાએક ઈનસાનીઅતની. ઊંચી પદવીનો દાવો કરેછે તેઓને તે શરમ પોંહોંચાડેછે. એક હાથી અજમીર શેહેરમાં હતો. તે બજારમાંથી જારે જારે જતો તારે એક ભાજીવાળી તેહેને કાંઈ કાંઈ ભાજી પાલો ખવાડતી. એકવાર એમ બનીઊં કે તે ખીજવાઈને દોડવા લાગો. તે જોઈને રસતા માહેલા બધા લોક ગભરાઈને નાહાસી ગઆ, તેહેમાં પેલી ભાજીવાળી પણ નાહાસી ગઈ, પણ ઊતાવળમાં નાહાસતાં તેહેનું બાળક છોકરૂં શાક ભાજીના રેપલા આગળ રહી ગઈ. હાથી તાંહાંસુધી ધસેઓ આવેઓ. પણ તે ઠેકાણેથી રોજ ખાવાનું મળેછે એ ઈઆદ આવેથી તેહેનો મીજાજ તરત ઠેકાણે આવેઓ અને પેલાં બાળક છોકરાંને ધીમે રહીને પોતાની સુંડ વડે ઊંચકીને એક પાસેનાં ઘરના ઓટલા પર સુવાડીઊં. એક બીજી વાત હેવીછે કે પાંડીચરીમાં એક સીપાઈ હતો. તે જારે જારે દારૂ પીતો તારે તારે તે જરા જરા એક હાથીને ચખાડતો. તે ઊપરથી તેઓમાં મોહોટી દોસતી બંધાઈ. પછી એક દીવસ તે સીપાઈએ વધારે પીધું હતું તેથી તેહેને કેદ કરવાનો હુકમ થઓ અને તેહેને પકડવાને બીજા સીપાઈઓ તેહેની પાછળ લાગા. પણ તે નાહાસીને પેલા હાથીની તળે જઈને સુઈ ગઓ. પેલા બીજા સીપાઈઓએ ઘણું પણ કરીઊં પણ હાથી તેઓને પાસે જવા દેજ નહીં. બીજે દાહાડે જારે ભાન આવીઊં તારે તે સીપાઈ ગભરાઓ કે આ હાથીની તળે હું છઊં અને રખેને એ માહારી

ઊપર બેસીને મહને છુંદી નાખશે. તે વાત હાથી સમજી ગયો અને પોતાની સુંડ વડે ધીરજ આપીને તેહેને કહ્યું કે જરા બીહીતો નહીં હવે તું તાહારે ઘેર જા.

## વખત કેમ ગુજારવો.

"હવે વખત જે એવો મુલવાન, તથા ટુંકો, તથા અનીશચેછે, તે આપણે શી રીતે આ દુનીઆમાં કાહાડવો જોઈએ? આ સવાલ ભારીછે, ને એનો ઊતર ઘણી ચોકશાઈથી આપવો જોઈએ. હમને આ બીના ઊપર વીસતારીને લખવાનું હાલ બની આવતું નથી; પણ સારમાં એટલુંજ કહીએ છઈએ કે જે આપણો કીરતાર, તથા પાળનાર, તથા ધણીછે તેની ઓળખ પામવામાં; તેના ઊપર વીશવાસ, ભરોસો, પરીતી, તથા આશા રાખવામાં; તેનું ભજન તથા અસતુતી કરવામાં; તેના ઊપકાર તથા આગનાઓ માનવામાં; તેને માન તથા મહીમા આપવામાં; તેનો અધીકાર કબુલ કરીને નીત તેના આધાર હેઠલ રેહેવામાં; અને બધાં સુખ તેનાથી તથા તેની ઈછા પરમાણે શોધવામાં, તથા બધાં દુખોનું નીવારણ તેનાથી તેની ઈછા પરમાણે માગવામાં, આપણે પોતાનો વખત કાહાડવો જોઈએ. વળી આ દુનીઆમાં જેમ પોતાપર તેમ સઘળો માણસોપર હેત કરવામાં; જેમ પોતાનું તેમ સઘળાઓનું ભલું શોધવામાં; જેમ પોતાનો તેમ બીજાઓનો બોજ ઊઠાવવામાં; જેમ પોતાનું તેમ પારકાઓનું માન રાખવામાં; હર કોઈનાં સુખ દુખના ભાગીઆ થવામાં; અને જે અવસથામાં, કે જે લોકોમાં, કે જે જગામાં ઈશવરે આપણને મુકા હોએ તે અવસથામાં ને લોકોમાં ને જગામાં સંતોશ, સબર, સલુકાઈ, સાચાઈ, તથા સફાઈથી ચાલવામાં આપણો મુલવાન વખત ગુજારવો જોઈએ. જારે એવાં એવાં કામ કરવામાં આપણે ગુંથાએલા રહીએ, ને ઈશવરના મહીમાને અરથે એ કામો કરીએ, તારે સમજવું કે આપણો વખત બરાબર વપરાઓછે." . બા૦ ૧૨૮

## મોતી પરવાળાંનો હાર.

કીસી—મા, માહારી નાહાની પેટીમાં કેટલા પઈસા એકઠા થઆ હોશે, કેહે વારૂ જોઈં.

ગુલાબ—(કીસીની મા) તે માહારીથી કેમ કેહેવાએ. મેં કાંઈ ગણેઆ નથી, પણ આસરે ચાર પાંચ રૂપીઆ થઆ હોશે.

કી૦—ના, મા, વધારે. હું નીશાળેથી આજ બપોરે આવી પછી જમીને કાકીની સાથે વાત કરવા બેઠી અને કેટલાએક ગરબા અને ધોળ ગાઈ બતાવેઆં તેથી ખુશી થઈને કાકીએ મહને એક રૂપીઓ આપેઓ તે મેં પેટીમાં મુકેઓ તારે ગણી જોઆ તો સઘળી મળીને છ રૂપીઆમાં પાંચ આના ઓછાછે.

ગુ૦—હેં! તારે તો બેહેન તાહારી પાસે પઈસા સારા સરખા એકઠા થઆ. હવે તાહારા મેહેતાજી કેહેતા હતા તે સરવે ચોપડીઓ લઈ શકાશે અને તેહેનો તું સારી પઠે પાઠ કરશે તો પછી આવતી પરીખશામાં તાહારી બેહનપણી જીવકોરને મળીશે તેમજ તહને પણ કાંઈ સારૂં ઈનામ મળશે.

કી૦—'તે વાત ખરી મા, પણ—' એટલું બોલીને કીસી અટકી ગઈ.

ગુ૦—'પણ' પછી શું કેહેતી હતી બેહેન?'

કી૦—'તેંજ મહને કહેલુંછેની કે એ રૂપીઆનું તો હું મહને ગમે તે લઊં.'

ગુ૦—'હા બેહેન; માહારી અને તાહારા બાપની બંનેની હવી મરજીછે કે પઈસાની કદર તહને શીખવીએ, અને એ વાત તું બરાબર શીખે એટલા માટે તહને મોહાસાળાંમાંથી અને બીજે ઠેકાણેથી પણ જે કાંઈ મળે તે તાહારી મરજી પરમાણે વાપરવાનું મેં તહને કહેલુંછે. પણ મેં વીચારીઊં કે તાહારી મરજી પણ મેહેતાજીએ કહેલી ચોપડીઓ લેવાનીજછે માટે હું એમ બોલી.'

કી૦—'ઠીક, મા; અને માહારી પણ મરજી કાલ સુધી તે લેવાની હતી.'

ગુ૦—'તારે શું બેહેન આજ તાહારી મરજી ફરીછે?'

કી૦—'માહારે તે ચોપડીઓતો જોઈએછે પણ—'

ગુ૦—'કીસી, બેહેન શું બોલતી રહી ગઈ તું? બીજી વાર 'પણ' બોલ બોલી.'

કી૦—'મા, તું માહારી મજાક કરેછે, તું મહને હસી કાહાડેછે, તું મહને ગાંડી છોકરી ગણેછે, પણ—'

ગુ૦—'બેહેન તાહારે શું કેહેવુંછે તે મહને કહી

દે હું જોઉં તો ખરી કે તું જે વારે વારે પણ પણ કે હેછે તેહેનો અરથ શું?'

કી૦—'મા તે ચોપડીઓ મહને જોઈએછે તો ખરી, પણ તે બીજી વેળા લઈશું તો ચાલશે, કેમ વારૂ?'

ગુ૦—'વારૂ ઠીકછે, પછી?'

કી૦—'કાલે મેં કાંઈ ઘણીજ સારી વસતુ દીઠી છે. તે પર માહારૂં મન લોભાણું છે.'

ગુ૦—'હું! તે શું વસતુછે તેતો મહને કેહે બેહેન.'

કી૦—'કહું મા સાંભળ. કાલે હું માહારી સખી મટુને તાંહાં રમવાને ગઈ હતી, તાંહા મેં તે વસતુ દીઠી અને માહારૂં મન હેવું થઉં કે હમણાની હમણાં એ હું લઉં. તે મોતીપરવાળાંનો એક હારછે. તેહેને સુનાની કડીછે અને મીનાનું એક પદક છે તેથી તે ઘણોજ ફુટડો દેખાએછે. તેહેની કીંમત છ રૂપીઆજ છે અને સોહોટા ભાઈને હમણાં વેપારમાં ખોઈ નહો થએછે તેથી તેણે આવતી કાલે મહને પાંચ આના આપવાના કહાછે. તે મહને આપશે એટલે છ રૂપીઆ પુરે પુરા થઈ રેહેશે. મટુ કેહેછે કે જે દુકાનદાર પાસેથી મેં એ હાર લીધો તેહેની પાસે બીજો હેવોજ એક વેચવાનોછે. પણ મ. તું મહને ખરેખરી વાત કેહેજે. તું કેહેશે કે લે તો હું તે લઈશ અને ના લેતીતો હું તે નહીં લઉં.'

ગુ૦—'માહારી બચુડી, મેં તહને આગળ કહેલું છે તેમજ હમણાં પણ કહું છઉં કે માહારી પુરી મરજી છે કે તાહારા પઈસાને તું તહને ગમે તેમ વાપર. મોતીપરવાળાંનો હાર લેવામાં આખા છ રૂપીઆ ખરચી નાખવા એ વાત ડાહાપણ ભરેલી મહને જણાએ નહીં તોપણ એ કામમાં તાહારા મનમાં સારૂં લાગે તેમ કર હેવી માહારી ખુશીછે.'

કી૦—'પણ મા તાહારૂં મોહો ચહડેલુ દેખાએછે.'

ગુ૦—'બેહેન માહારૂં મોહો કેહેવું દેખાએછે એ કાંઈ માહારા હાથમાં, નથી. હું ધારતી હતીકે માહારી કીલી ડાહાઈ દીકરીછે, પણ માહારી ભુલ થઈ એમ મહને જણાએછે.'

કી૦—'પણ મા તે હાર કેહેવો રૂપાળો, કેહેવો ફુટડોછે તે કાંઈ તું જાણેછે?'

ગુ૦—'બેહેન તે વાત ખરી; તે હાર ઘણો રૂપાળો અને ફુટડો હશે એ બાબત મહને જરા વેહેમ નાથી. પણ હું એમ ધારૂં છઉં કે તાહારા જેવડી છોકરીને તે હારની કાંઈ જરૂર નથી. જરૂર જાણત તો મેંજ તાહારે મારે એક કેઆરનો લીધો હોત.'

કી૦—(ઊદાસીન થઈને) 'ના મા તારે તું કેહેછે તો હું તે નહીં લઉં.'

ગુ૦—'હું કાંઈ તહને ના કેહેતી નથી. હું તો કહું છઉં કે તાહારી ખુશીમાં આવે તેમ કર. પણ બેહેન ઊતાવળી નો થા. થોડા દાહાડા ધીરજ રાખીને વીચાર કર કે મેહેતાજીની કહેલી ચોપડીઓ લીધેથી કે પેલો રૂપાળો હાર લીધેથી તહને વધારે ગુણ થશે. પછી તાહારી નજરમાં આવે તેમ કરજે.'

કી૦—'વારૂ ઠીકછે, તું કેહેછે તેમ હું કરીશ. હું જાણું છઉં કે તું મહને જે કેહેછે તે માહારા લાભની જ વાતો કેહેછે. મારે હું તહને વચન આપું છઉં કે તરણ દીવસ સુધી એ બાબતનો પાકો વીચાર કરીને પછી જે કરવું ઘટશે તે કરીશ.'

આ પરમાણે વાત કરીને કીલી માળે પોતાની ઓરડીમાં જઈને પોતાની ચોપડીઓ ઊપર નજર કરીને કેહેછે, 'મેહેતાજી કેહેછે તે ચોપડીઓની ખરેખર મહને જરૂરછે. ઘણા દાહાડા થઆ તે લેવાનો મેં વીચાર કરેઓછે, અને માનું બોલવું મહને જરા કડવું લાગીઉં તોપણ હવે મહને સમજ પડેછે કે તેણે જે મહને કહીઉં તે ખરૂં કહીઉં છે.'

તે દાહાડે તેહેની સખી મટુની વરસગાંઠ હતી અને તેહેને મટુએ જમવાનું કેહેવડાવીઉં હતું તેથી શીગરામમાં બેસીને તાંહાં જતાં આખા રસતા ઊપર કીલીએ વીચાર કરેઓકે હવે માહારે તે હારની વાત મનમાં પણ આણવી નહીં. પણ ભોગજોગે તે દાહાડે તેજ હાર મટુએ પેહેરેલો હતો તે દેખીને કીલીનો વીચાર ભાગી પડેઓ, અને પાછું તેહેનું મન હાર લેવાનું થઉં.

તે સઉ જમવા બેઠાં હતાં તાંહાં એક બાએડી સામી બેઠી હતી તેણે કહું, 'આહાહા! મટુ બેહેન, આ હાર તહને કેહેવો ખુબેછે! શું કહું વાત હું? એક તો તાહારૂં મોહાડું જાતેજ ફુટડું અને તેહેમાં વળી આ હાર ઘાલેઓછે તે કેહેવી શોભા આપેછે!'

આ વખાણ સાંભળીને બીચારી કીલીનો મન સુબો બદલાઓ. તે પોતાના મનમાં વીચાર કરવા લાગી, 'હું નો મટુના કરતાં પણ ગોરી અને રૂપાળી છઉં, તારે મેં હાવો હાર ઘાલેઓ હોએતો કેહેવો ખુલે!'

મટુની બીજી બેહેન પણીઓએ પણ તે હારનાં ઘણાં વખાણ કરેઆં. એકેતો કહ્યું કે, 'શું કરૂં બેહેન માહારી પાસે ચાર રૂપીઆજછે, નહીંતો હું પણ એકલેત.'

મ૦—'કીલી તાહારી પાસે કેટલા રૂપીઆછે?'

કી૦—'બરાબર છ રૂપીઆ.'

'તારેતો તું એક લે બેહેન,' એમ કેટલીએક છોકરીઓએ કહ્યું.

મ૦—'કીલી કાલે હું તે દુકાન તહને દેખાડીશ. આપણે ફરવા જઈએ તારે મહને કેહેજે, તાંહાં રસતા માંજછે.'

કી૦—'ઠીક બેહેન, પણ હજુ મેં હારનો ઠરાવ કરેઓ નથી.'

મ૦—'તાહારી માએ કદાસ ના કહી હશે?'

કી૦—'ના, ના, માએતો કહ્યુંછે કે તાહારે જોઈએ તે કરજે.'

મ૦—'તારે તો તું હાર લેશેજ.'

કીલી જવાબ દેતાં અચકાઈ.

મ૦—શું કંજુસ છોકરી જણાએછે.

કી૦—'વારૂ કાલે હું તહને પાછી મળીશ બેહેન, એમ કહીને તે પોતાને ઘેર ચાલતી થઈ.

ઘેર ગઓ પછી તેહેની મા કાંઈ કામમાં હતી તેથી તેહેની સાથે કાંઈ વાતચીત કરેઆ વના કીલી તે રાતરે સુઈ ગઈ. તે બીજે દાહાડે સહવારે ઊઠીને ફરવા જવાને તઈઆર થઓ પછી વીચાર કરેછે. 'હું રૂપીઆ સાથે લઈ જાઊં કે નહીં? લઈ જવામાં તો કાંઈ અડચણ નથી. નહીં લઈ જઈશ તો મટુ કેહેશે કે પઈશા છે નહીં અને ખોટી ખોટી વાતો કહી. માટે લઈતો જાઊં', પણ તરણ દાહાડા પુરા થઓ વના હું ખરચનાર નથી.' એમ વીચાર કરીને પેટી ઊઘાડી અને તેહમાંથી છ રૂપીઆ લઈને બાહાર ગઈ. તાંહાં મટુ મળી તે બોલી, 'કેમ શું કરીઊં હારનું?'

કી૦—'બેહેન આજ તો હું નથી લેવાની.'

મ૦—'કેમ? તો તાહારી પાસે રૂપીઆ નહીં હોશે.'

કી૦—'ના, છે. જો આ રહેઆ રૂપીઆ,' એમ કહીને કોથળીમાંથી કાહાડી બતાવેઆ.

મ૦—'વારૂ તારે તું હમણાજ તે હાર કેમ લેતી નથી? ચાલ હમણાંજ લઈ લે. ઓ પેલી રહી દુકાન.'

કી૦—'મેં હજુ પાકો વીચાર કરેઓ નથી. માહારે કેટલીએક ચોપડીઓ લેવીછે.

મ૦—'શું હજુ બીજી ચોપડીઓ! તું તે કેટલી વાંચવાનીછે? બીજી છોકરીઓના કરતાં તો તાહારી પાસે ઘણીછે.'

કી૦—'પણ બેહેન બાળમીત્ર અને ઈસપનીતી અને નાના ફડનવીસની વાત અને બીજી સારી સારી ચોપડીઓ માહારે લેવીછે તે.'

મ૦—'પણ તે ચોપડીઓ પછી મળશે ને આ હાર કાંઈ પછી મળશે નહીં. કોણ જાણે કદાપી વેચાઈ પણ ગઓ હોએ. ચાલ આપણે જોઈ આવીએ'

કીલીનું મન લલચાઊં. તેણે વીચાર કરેઓ કે હાર જોઈ આવવામાં કાંઈ નુકસાન નથી.' પછી તે બંને છોકરીઓ તે દુકાને ગઈ અને જોએછે તો તે હાર અનામતછે અને તે દુકાન માહેલા બીજા બધા સામાન કરતાં ખુબસુરત દેખાએછે.

મ૦—બેહેન કાલે રાતરે ચંદાગવરીએ તાહારી માને શું કહીઊં તે તું જાણેછે? તેણે કહીઊં કે મા હારા કરતાં તહને મોતીપરવાળાંનો હાર વધારે ખુલશે'

આ સાંભળીને કીલીમાં જે ડાહાપણ હતું તે જતું રહીઊં. તેણે તરણ દાહાડા વીચાર કરવાનું વચન આપીઊં હતું તે ભુલી ગઈ. તેણે દેખી દેખીને હારજ દીઠો. 'મહને ગમે તે લેવાની માએ રજા આપીછે' એમ વીચારીને તરત તે દોડતી દોડતી દુકાને જઈને રૂપીઆ આપીને હાર એક સારા રાતા કાગળમાં લપેટીને લઈ આવી. પછી તેહેની શી અત થઈ તે આવતા આંકમાં છાપીશું.

---

## પ્રભાતીઊં.

ભકતી કરજો ભાવે કરીને,
પ્રભુને શરણે રેહેશોરે.
૧ ઇશ્વર નામ નીરંતર લઈને,
મનનાં દુખડાં કાપોજી;
જેથી તમને તારણ મળશે,
ઇશ્વર શશીષ આપોરે.—ભકતી૦ ૧
૨ જારે જીવ તમારો જાશે,
પ્રભુને શરણે રેહેશોજી,
જો ઇશ્વરનું નામ ન લીધું,
નરક નીવાસી હોશોજી.—ભકતી૦ ૨

૩ જેણે ઇશ્વની સત્તા માની,
સમજી કરી નર નારીજી;
જેણે પ્રભુની કરૂપા ધરી,
સમજીને ઇશ્વર તારીજી.—ભકતી૦ ૩
૪ આ સંસારમાં જીવન થોડું,
ન રોહો તમે સઉ વેહેમેજી;
જેમ બને તેમ સતુતી કરજો,
કાલ ભમેછે રેમેજી.—ભકતી૦ ૪
૫ પ્રભુએ જેવી વાડી બનાવી,
કારમી માયા રોપીજી;
પુસપને ખરતાં વાર ન લાગે,
અમર કાયા નહીં સોંપીજી.—ભકતી૦ ૫
૬ ધનમાલ પુસકલ ભરીઆ હશે તો,
મેહેલી મુકીને જાશોજી;
અંતે એમાંનું કંઇ નહીં મલવાનું,
દુઃખના માર તને ખાશોજી.—ભકતી૦ ૬
૭ દ્રવ્ય હશે તે કામ ન આવશે,
પ્રભુનું નામ છે કુડુંજી,
પરેમે કરીને તમે ભજન કરો સઉ,
ઇશ્વર નામ છે રૂડુંજી.—ભકતી૦ ૭
૮ અંતાવસથા જારે આવશે,
સગું કોઇ નવ થાશેજી;
દ્રવ્ય હશે તે લુટી લેવાશે,
રેહેશે પ્રભુ નામ પાસેજી.—ભકતી૦ ૮
૯ જેને કોટી સગાં હોએછે,
તે પણ નહીં બચવાનોજી;
જમાયના હાતમાંથી નહીં છુટે,
અતીઅંત માર ખાવાનો જી—ભકતી૦ ૯
૧૦ સગાં વાહાલાં સઉ વીદાય કરીને,
પોત પોતાને ઘેર જાશેજી;
પછી તમારી જેવી કરણી હોશે,
પ્રભુ આગલ દંડાશોજી.—ભકતી૦ ૧૦
૧૧ રૂડું કરમ તમે કીધુંજ નહીં,
ને કુડા કરમે પસતાશોજી;
ત્રાતાના પુણ્યથી તારણ થાશે,
નરકના વાસથકી બચશોજી.—ભકતી૦ ૧૧
૧૨ પ્રભુની ભીતરાઇ કરીને,
પરસપર સંપથી રેહેજોજી;
જેમ બને તેમ સતુતી કરજો,
પ્રભુને શરણે રેહેશોજી.—ભકતી૦ ૧૨
૧૩ આ કેહેવું સરવેને હીતછે,
સમજો તમો નર નારીજી;
અંતકરણથી મેલને કાહાડી,
પ્રભુની સતુતી જો ગાશોજી.—ભકતી૦ ૧૩
૧૪ અસારરૂપી સંસાર સઘલો,
સાર નામ છે પ્રભુનુંજી;
સારથકી તમો પાર પડીને,
સવરગનીવાસી હોશોજી.
ભકતી કરજો ભાવે કરીને,
પ્રભુને શરણે રેહેશોરે.—૧૫ ગ્નાન દીપક.

---

## પરચુરણ બાબતો.

**વીલાતની સરકારનું કરજ**—પારલેમેંટનો એક આંકડો છપાઓછે તે ઉપરથી એમ જણાએછે કે સન ૧૮૫૭ ના મારચ મહીનાની ૩૧ મી તારીખે વીલાતની સરકારનું કરજ રૂ૭૮૦૧૧૯૦૦૦૦) નું હતું અને તેહેનું વેઆજ દર વરસે રૂ૨૩૪૧૦૦૦૦૦) થતું હતું, અને સન ૧૮૫૮ ના મારચ મહીનાની ૩૧ મી તારીખે રૂ૭૭૯૨૨૫૦૦૦૦) નું હતું અને તેહેનું વેઆજ દર વરસે રૂ૨૩૩૮૩૦૦૦૦) નું થતું હતું.

**બરફનો ખપ**—પારીસ શેહેરમાં કાહવા ખાનાઓમાં તથા મીઠાઇવાળાઓને તાંહાં કેટલું બરફ ખપેછે હેનો અડસટો કાહાડેથી માલમ પડેછે કે ૧૬૦૦૦૦૦૦ રતલ બરફ દર વરસે ખપેછે.

**ચાંદી**—સન ૧૮૫૮ ના જાનેવારી મહીનાથી તે જુન મહીના સુધીમાં લંડન શેહેર મધેથી બાહાર દેશાવરો ખાતે ચાંદી રૂ૧૧૦૩૭૨૦૦૦) ની ગઇ. સન ૧૮૫૭ માં તેજ મુદતમાં સઉ મળીને રૂ૧૨૯૦૬૩૯૦૦) ની ગઇ હતી. સન ૧૮૫૮ માં હીંદુસથાન અને ચીન ખાતે ચાંદી થોડી મહકી, પણ ઇઉરપખંડના દેશો ખાતે વધારે મહકી.

**દાહાજેઆનો ઊપાએ**—કોઅેલો દાહાજેલે ઠેકાણે ભરવો. સઉથી સરસ અને સસતો ઇલાજ.

**ચીનની વસતી**—ચીનનાં શેહનશાહના હુકમથી કાહાડેલા હીસાબ ઉપરથી માલમ પડેછે કે ચીનની વસતી એ

ઝપ ઝપ લીધું કામ પાછું શુર આણીરે,
પેરથી જીવે સહુ વીચાર સાર નાણીરે. . . . પર

,અલંકાર પ્રવેશ

---

**આળસ**—જે કામ અંતે આપણને કરેઆ વના છુટકો નથી એમ આપણે શમજીએ છઇએ તે કામ કરવામાં પણ ઢીલ કરવી એ મુરખાઇ સઘળા માણસોમાં થોડી ઘણી રહેલીછે.

એ વાત ખરીછે કે હાલના વખતનો વીચાર માણસના મનમાં વધારે રેહેછે અને જે નજદીક દેખાએછે તે મનની ઉપર ઘણી અસર કરેછે. માટે જારે કાંઇ પણ તસદી વાળુ અથવા જાએ ભરેલું કામ કરવાનું હોએછે તારે આપણા મનમાં એમ વીચાર આવેછે કે એ કામ હમણાં નહીં કરીએ અને આગળ કરીશું તો તસદી નહીં પડશે અને હમણાનું હમણાજ એ કામ કરવાની કાંઇ જરૂર નથી આગળ થઇ રેહેશે. એ વીચાર આળસનું મુલછે, અને એથી ઘણાં માઠાં પરીણામો નીપજેછે.

---

**લંડન શેહેરમાં ધરમખાતાંઓની સંખીઆ**—લંડન શેહેરમાં ઓછામાં ઓછાં ૪૯૧ જુદાં જુદાં ધરમખાતાંઓછે, ને આ ધરમ ખાતાંઓનો ખરચ વરશ દાહાડે આશરે રૂ૨૦૦૦૦૦૦૦) બે કરોડ રૂપીઆનોછે. એ ઉપરથી હમારા વાંચનારાઓએ જોઇ લેવું કે ઇંગલંડના લોક કેવા માઆલુ તથા પરમારથીછે. બા૦ ૫૬

---

"**ઈઆદ રાખવા લાએક વાતો**—જે કામો શારા હેતુઓથી આપણે કરતા નથી તે કામો શારાં ન કેહેવાએ. જો આપણે કોઇ નાહાના અપરાધ કીધા, ને તેઓ વીશે દુખી નથી થઆ, તો બીજા સમે મોહોટા અપરાધો કરવાને કંઇ આચકો નહીં ખાઇશું. મગરૂરીથી માણસ પોતાની હલકાઇ તથા બેવકુફી બહુ દેખાડેછે. જે કંઇ કામ આપણે કરીએ, પછી તે ગમે તેવું નાહાનું હોવો, તેને વીચારી તથા અકલ વાપરીને નથી કરતા તો આપણે કોઇ પણ કામ શારી રીતે કદી કરી શકનાર નથી. આલસાઇ માણસને નકીમો તથા નકારો તથા નાલાએક કરેછે. ખુસામતથી ગુસા કરતાં જીઆદા ખરાબી થાએછે. જેઓ આપણને સામે સામી વાત કેહેછે તેઓનો ઉપકાર બહુ માનવો જોઇએ. જેઓ લોકોની આબરૂ ઉપર એબ લગાડેછે તેઓ નથી શારાં દીલના, કે સારી સમજના. કોઇ વીશે કંઇ ખરાબ શાંભલું તો તેની પુરવારી થઆ વીના માનવું દરકાર નથી. કોઇની મજાખ આપણે કરવી નહીં, ને કોઇને કંઇ હલકી કે ખરાબ વાત કેહેવી નહીં. કોઇ પણ વાતનું વચન આપવા આગાંઉ વીચારીને જોવું જોઇએ કે એ વીશે વચન આપવું શારૂંછે, ને એ વચન મારેથી પુરૂં પડાશે. જુઠું બોલવાની આદત સહુથી બુરીછે એ એથી દેખાએછે કે જેઓ જુઠાછે તેઓ બીજાઓની જુડાઇ સહી શકતા નથી. કોઇએક ચીજનો કોઇએ લોભ કીધો તો તે પોતાના કીરતાર ઉપર એવો બટો મુકેછે કે એ ચીજ મારે વાસતે શારીછે તોપણ તેણે મને તે આપી નહીં. જેવું આપણે ચાહીએ કે બીજાઓ આપણી તરફ કરે તેવું બીજાઓની તરફ આપણે કરવું જોઇએ." — બા૦ ૭૬

**મુરખને તેનો મુરખાઈ પરમાણેનો જવાબ મલે**—એક સખસે પોતાના મીતરને પુછું કે જો એ વાત ખરીછે કે મોત પછી બીજી દુનીઆમાં આપણે જીવશું, તો એ વીષેનું ચોકશ ગનાન આપણને કેમ નથી અપાઉં ? તેના મીતરે તેને જવાબ આએપો કે, આએ દુનીઆમાં તું રેહેવા આએવો તે અગાઉ એ વીસેનું ચોક્સ ગનાન કેમ તેં મેલવું ન હતું ? એ જવાબ સાંભલીને પેલા સખસે કબુલ કીધું કે હું મુરખ છેઉં કે આવો સવાલ મેં તને કીધો. ઘણા લોકો એ પરમાણે વગર વીચારે સવાલો કરેછે, તે એવા સવાલોના જવાબ ઉપલી રીત પરમાણે આપવા બેહતરછે. મુરખને તેની મુરખાઇને મલતી વાતો કહીએ તો તે વાતો તેની સમજમા આવશે. બા૦ ૯૬

---

**એક ચાલાક છોકરો**—એક છોકરાને તેહેનો બાપ ભણાવવાને સારૂ એક ગુરૂની પાસે લઇ ગઓ અને ગુરૂને સોંપેઓ. તારે ગુરૂએ કહ્યું, 'છોકરા તું હીંઆ રહીને ભણજે. પણ હું તો ગરીબ છઉં, જે આપું તે ખાવું પડશે. મેં હેવો ધારો બાંધેલોછે કે છોકરાઓને નહીં ભાવે એવી વસતુ તેઓને ખવાડવી કે થોડું ખાઇને તેઓ જલદી ભણતાં શીખે.' તે ઉપરથી પેલા છોકરાએ તરત જવાબ દીધો 'ઠીકછે માહારાજ, પણ બદામી હલવા સીવાએ બીજું શરવે મહને ભાવેછે. તે હલવોતો માહારે ગળે પણ નહીં ઉતરે.'

---

**સરસ હકીમ**—ઉંમેદથી હીંમત થાએછે, પણ નાઉંમેદીના જેહેવું આ દુનીઆમાં બીજું દુખ નથી. માટે જે પણી જીવને હીંમત આપે તે સરસ હકીમ.

---

**સુલેમાન પાદશાહનો ઈનસાફ**—બે બઇરીઓ એ

ક બાળક છોકરા બાબત લડતી લડતી સુલેમાન પાદશાહ પાસે ગઈ અને કેહેવા લાગીકે આ છોકરો માહારોછે તે મહને અપાવો. પાદશાહ વીચાર કરવા લાગો કે એક છોકરાની કાંઈ બે મા હોએ નહીં જેતે એક જણી હેની માછે અને બીજી ખોટો દાવો કરેછે. પછી જલાદને બોલાવીને હુકમ કરો.કે આ છોકરાના કાપીને બરાબર બે ભાગ કરીને પેલી બાઈઓને વેહેંચી આપ. તે સાંભળીને જે ખોટો દાવો કરનારી હતી તે છાની રહી પણ જે ખરેખરી તેહેની મા હતી તે બુમ પાડીને બોલી, 'ના માહારાજ ના એ છોકરાને મારશો નહીં આ બીજી બાઈ માગેછે તો તેહેને આપો.' તે સાંભળીને બાદશાહે કહ્યું કે જે બોલેછે તે બાઈના મનમા છોકરો મરી જશે એમ જેઇને દુખ થઉં માટે એજ હેની માછે. બીજી અદેખી ખોટો દાવો કરનારી બઈરીછે તેહને કાહાડી મુકો. આ ઇનસાફ જેઇને સઘળું દરબાર અચરત પામીઉં.

---

**લોકાચાર**—આપણું ગજું કેટલુંછે તેહેનો વીચાર કરીને લોકાચાર પરમાણે ચાલવું. લોકાચાર પરમાણે ચાલતા આપણી ઉપજ કરતાં ખરચ વધારે થાએ હેવુ હોએતો મુરખાઇ કરીને તેમ ચાલવું નહીં.

---

**વખાણું**—એક બાઈ ચહડે ને એક બાઈ ઉતરે. તે શું ?

---

**શું કરવું ?**—તું સારૂં કરીને ખુશીથી બેસ પછી અદેખા લોકો ગમે તેમ તાહારૂં માઠું બોલે તો તેઓને બોલવા દે. તેઓના બોલવા ઉપર કાંઈ વીચાર ના કર.

---

**ગેટાંની ખાસીઅત**—ગેટાંની ખાસીઅતનો એક અજાએબ જેહેવો દાખલો બનેલોછે. એક ભરવાડનો છોકરો વીલાએતમા એક ગલીમાથી ગેટાઓને લેઇ જતો હતો તેહેવામાં સામાથી એક માણસનું આવવું થઉ. તે જેઇને થોડીએક વારતો તેં સઘળાં ગેટાં અટકીને ઉભાં થઇ ગયાં, પણ પછી સરવેના કરતાં એક વધારે હીંમતવાન હતું તે પેલા સામા આવનાર માણસનાં માથાં પરથી કુદીને ગઉ. તે જેઇને બીજાં પણ તેમજ કુદીને ગયાં. એમ કુદીને જવામાં તેઓને ઘણી મેહેનત પડી અને જરા મરડાઇને એક ગેરથી જાતતો ઘણું સેહેલ પડત, પણ તેમ તેઓએ નહીં કરીઉં. આ વાતતો જાનવરનીછે પણ હીંઆંનાંતો માણસની પણ એજ રીતછે.

---

**મા બાપની ખોડ**—ઘણો પેઆર કરીને છોકરાઓને લાડ લડાવીને બેહેકાવવાં એ એક મા બાપોની ચુકછે તેમજ તેઓની ઉપર ઘણી સખતી કરવી અને ઘણો ધાક અને જાબતો રાખવો એ પણ તેઓની ચુકછે. એ બે ચુકોમાં મોહોટી કહીછે એ બરાબર કહી શકાતું નથી. ઘણુ લાડ લડાવેથી છોકરાં માથે ચહડી જાએછે અને ઘણો ધાક રાખતાં તેઓ નીદોર થઇ જાએછે. માટે એ બેમાથી વચલો રસતો પકડવો એ ઠીકછે.

---

**ઉધરસનો ઇલાજ**—બેદાના, જેઠીમધ, એળચી અને શાકેર એ ચાર વસતુ પઇસા પઇસા ભાર લઇને પાણીમાં ખુબ ઉકાળવી પછી તે ઉકાળો એક પેઆલામાં કપડે વતી ગાળીને તે પાણી પી જવું. એ એક દાહાડીઆંનું ઓસડ છે માટે ગરીબ લોકોને ઘણું કામનુંછે.

---

## જગતમાં જીવેઓ કોણ?

(છપો.)

જુગમાં જીવેઓ તેહ, જેણે પરદુખજ કાપેઆં,
જુગમાં જીવેઓ તેહ, જેણે દાન અભેપદ આપેઆં;
જુગમા જીવેઓ તેહ, બેઆત ચાલી દસ દીશે,
જુગમાં જીવેઓ તેહ, કુળ તારીઉં લઘુ વેશે,
જુગમા તે નર જીવીઓ, જસ વીમળ ગુણ જાણીઓ,
સામળ કેહે જીવેઓ સપુત જે, પર કાજે દે પૂરાણીઓ.

---

## રાગ હાલરડાંનોછે.

માતા બાલકને બેશાડી પરેમે પારણે
ઉજલા વશતર ધરાવી ઠીક બનાવીકાઠ
બાલપણામાથી અભીઆસ કરાવા કારણે
આપે અખશરનો સોભાગીઅ વતી શુભપાઠ ॥ માતા ॥ ૧
ગુણવંતી મન હરખે નીરખી ગોરા ગાલને
રૂડે બાળકનો હશી હશી હાલરડાં ગાએ
અવો લોલો લો હાલીઅ ખમા લાડકડા મારા લાલને
દુખડા લેઉં તારાં એમ કહી કહી અરથી થાએ ॥ માતા ॥ ૨
મારો મોપોછે છોટો કાલે મોટો થશે
એવા દીવસ મને દેખાડે દીનો નાથ
બાઇ મારો સઉથી ભલીભાતે ભણવા ગણવા જશે
લેઇને લેખણ ખડીઓ પાટી પુસતક સાથ ॥ માતા ૩ ॥

બેઠી ઢાલીને સાંગામાંથી ચોહાંમણી
ખેંચે રેસંમ સેરી ખુબ લડાવે લાડ
દેખી કાંતી કુવરની અતી રૂડી રલીઆંમણી
મનમાં પુરણ માંને પરમેશવરનો પાડ ॥ માતા ૪ ॥
આપી ચાલણગાડી ચતુરા સીખવે ચાલવા
ચટક ચટક ચાલે પગ કંકુ વરણા લાલ
થેઈ થેઈ રાખીને આપે આંગલીઓ ઝાલવા
ચુંબન લેઈ ચાંપે છાતીમાં આંણી વાહાલ ॥ માતા ૫ ॥
નીરમલ જલ ઝાઝું લેઈ નવડાવે નીરાંતથી
રૂડાં રંગ ભરાં દેખાડે ચીતર વીચીતર
આપે મેવાને મીઠાઈ ખાવા ખાંતથી
વલી કાંઈ મન રંજન આપે નાંહાંના વાજીંતર ॥ માતા ૬ ॥
આપે મોર ચકોર ચરકલી હાથી દાંતની
ઘુઘરો ઘણુણ બજાવી રાખે છાનુ બાલ
હાથી ઘોડાને પુતલીઓ ભાંત ભાંતની
માગે ચાંદો તો પાંણીનો પુરે થાલ ॥ માતા ૭ ॥
આપે ભંમરડી ચકરડી કોમ્મલ ફેરવે
દેખી સરસ રમકડાં બાળક રાજી થાય
ચતુરાં ચપટી બજાવે કર આંગલીને રેરવે
હરખ પમાડી તાલી પાડી ગરબી ગાય ॥ માતા ૮ ॥
સીખવે ભાષા સુધ ઝટાડે બોલીતો તજી
સીખવે કાકા કાકી મામા મામી નાંમ
ગણતાં એકથકી સો સુધી સીખવેછે વલી
હસતી રમતી ને પછી કરતી વસ્તુ કાંમ ॥ માતા ૯ ॥
સીખવી કકાના અખશર પદ જુદાં પાડીઆં
સીખવે પંદર તીથી ને પુરા સાતે વાર
સીખવે બારે મહીના ખટરતુને પખવાડીઆં
સીખવે નખશતરો સતા વીસ રાસી બાર ॥ માતા ૧૦ ॥
નહી સીખે તોપણ માતા તેને મારે નહીં
બીજાં બાળક લાવી સરખા સરખી જોડ
તેની સાથ રમાડે પરેમ વતી પાસે રહી
વધતું કોણ ભણે એમ કહી કરાવે હોડ ॥ માતા ૧૧ ॥
કુંવરજી ઘણ જીવો કુલનો દીવો તું થસે
નવજુગ નાંમ રહે એવાં કાંઈ કરજે કાંમ
તારાં જનમ ચરીતર ગણીને ગાયો ગુંથસે
જન મનરંજન કવીતા રચીને દલપતરાંમ ॥ માતા ૧૨ ॥

## દીકરીના જનમ થયાની ગરબી

મને રસતે જાતા રોકીરે છેલ છબીલા છોગાળા
એ રાગતીછે.

મળી માત પીતા સુખ ભોલેરે, દેવ ભલે દીધી દીકરી,
ઘર રાંક રતનને તોલેરે, દેવ—૧
ઉપજાવે આનંદ એવીરે, દેવ
જાંણો ગુંછ વનવેલીરે, દેવ—૨
સાચવસું સારી રીતેરે, દેવ
પાળણ કરી પુરણ પરીતેરે, દેવ—૩
નેણાં હરખેછે નરખીરે, દેવ
શોભે સુરકુંવરી સરખીરે, દેવ—૪
ધન ધન અવતાર અમારોરે, દેવ
પરી પુંરણ પાડતમારોરે, દેવ—૫
ધન ધન ઘડીને ધન દાહાડોરે, દેવ
ઉજળો અવશર દેખાડીઓરે, દેવ ભલે દીધી દીકરી—૬
મોતીડે મેહુલા વુઠારે, દેવ
તરીભોવન પતી અમને તરુઠારે, દેવ—૭
સોનાના સુરજ ઉગીઆરે, દેવ
મનનાજ મનોરથ પુગીઆરે, દેવ—૮
દીલ લેખી લાખ દીવાલીરે, દેવ
મન ભાવતીનું સુખ ભાલીરે, દેવ—૯
રંગે રૂડી રૂપાલીરે, દેવ
દેખાશે ડાપણ વાલીરે, દેવ ભલે દીધી દીકરી—૧૦
ભણતર ભણશે ભાવી ભાતેરે, દેવ ભલે.
સદગુણી સખીઓ સંઘાતેરે, દેવભલે—૧૧
કીરતી કવી સુખ કેહેવાશેરે, દેવ ભલે.
ગણી ગણી દલપત ગુંણ ગાશેરે, દેવ ભલે દીધી દીકરી—૧૨

## પુસતકની પોંહોંચ.

'ઇરાન દેશના રેહેનારા ગરીબ જરથોસતીઓની હાલત સુધારવા સારૂ સથાપેલાં ધરમખાતાંની ઉપજ તીપજનો એહેવાલ' એ નામનું એક પુસતક હાલ દફતર આશકારા છાપખાનામાંથી છપાઈને બાહાર પડીઉંછે તેહેની એક નકલ તે ખાતાની કમીટીની તરફથી હમને મળીછે તેહેની પોંહોંચ મોટાં માન તથા ઉપકાર સાથે હમે કબુલ કરીએ છઈએ.